ચોથી શ્રેણી

પુસ્તક ૪૩

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૩૦, ૧૯૩૮ શાકે
થી
તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર
૧, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક ૪૩) **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**

| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭ ફાલ્ગુન ૩૦, ૧૦૩૮ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 14 |
| અતારાંકિત પ્રશ્નો | 15 | 150 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬) | 151 | 153 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 154 | 157 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | 158 | 183 |
| **તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર ૧, ૧૯૩૯ શાકે (પ્રથમ બેઠક)** | | |
| બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭ | 184 | 193 |
| ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭ | 194 | 207 |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૭ | 208 | 213 |
| ગુજરાત મેરીટાઇમ બોર્ડ(સુધારા) વિધેયક, ૨૦૧૭ | 214 | 217 |
| ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭ | 218 | 222 |
| **તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર ૧, ૧૯૩૯ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | 223 | 235 |
| અતારાંકિત પ્રશ્નો | 236 | 329 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 330 | 536 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | 537 | 551 |
| સભ્યશ્રીનું સસ્પેન્શન રદ કરવા અંગેનો પ્રસ્તાવ | 552 | 552 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | 553 | 566 |

# તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭
ફાલ્ગુન ૩૦, ૧૯૩૮ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૩૧૨૪૬ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૯૫ |
| ૨ | પારડી | ૫૩ |
| ૩ | ધરમપુર | ૬૩ |
| ૪ | ઉમરગામ | ૫૨ |
| ૫ | કપરાડા | ૯૮ |
| ૬ | વાપી | ૨૩ |
| | કુલ | ૩૮૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો ઘર વિહોણી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ઘર વિહોણી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૦૭ |
| ૨ | પારડી | ૦૦ |
| ૩ | ધરમપુર | ૦૩ |
| ૪ | ઉમરગામ | ૦૪ |
| ૫ | કપરાડા | ૧૩ |
| ૬ | વાપી | ૦૦ |
| | કુલ | ૨૭ |

(૩) ઉક્ત પંચાયતોના પંચાયત ઘરનાં બાંધકામ માટે સરકાર કોઇ અનુદાન આપે છે કે કેમ, અને

(૩) હા

(૪) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે?

(૪) રૂ.૨૬૬.૦૦ લાખ

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારશ્રીને અભિનંદન આપવા છે કે અમારા ટ્રાયબલ વિસ્તારની અંદર વલસાડ જિલ્લાના ચાર ટ્રાયબલ વિસ્તારમાં ૧૯૦૦૦ જેટલા સભાસદો હતા અને દમણ ગંગા સુગર ફેકટરીનો પ્રશ્ન કેટલાક કારણોસર મુશ્કેલીમાં હતો. એમાં એન.સી.ડી.સી. કેન્દ્ર સરકાર દ્વારા અને માનનીય વડાપ્રધાન દ્વારા સીધી સૂચનાના કારણે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી, નાણામંત્રી, સહકાર મંત્રી અને અમારા આદિજાતિ કલ્યાણ મંત્રીનો પણ આ પ્રસંગે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું અને ૧૧૧ કરોડ રૂપિયાની સેકશન લેટરથી મંજૂરી મળી છે. બીજું, આજે વિશ્વ વન દિવસ છે એટલે આપણે સૌ જાણીએ છીએ કે માનવીની અંદર પર્યાવરણ અને વન ઉછેર ખૂબ મહત્વની બાબત છે અને દેશની અંદર નહિ રાષ્ટ્રની અંદર..(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારે પ્રશ્ન નથી પૂછવાનો..

શ્રી રમણલાલ ના. પાટકર : પૂછવાનો છે સાહેબ. ૩૩% વૃક્ષારોપણ કરવું એ આપણા સૌની જવાબદારી છે અને એટલા માટે સરકારશ્રીને અને..(અંતરાય)

અધ્યક્ષશ્રી : સરકારશ્રી અને બધું બરાબર છે, આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી રમણલાલ ના. પાટકર : સાહેબ, મારો પ્રશ્ન છે કે વલસાડ જિલ્લાની અંદર અત્યારે ટોટલ સરકારશ્રી દ્વારા ૬૧૧ જેટલી યોજનાઓ ચાલે છે. આ યોજનાઓ ગામતળે એનું અમલીકરણ કરવું હોય ત્યારે ગ્રામ પંચાયતની ખૂબ જ જરૂરિયત રહેતી હોય છે એવા સંજોગોની અંદર વલસાડ જિલ્લાની અંદર કેટલી ગ્રામ પંચાયત નથી તો એ અત્યારે સરપંચશ્રીઓ ક્યાં બેસીને

પંચાયત ચલાવે છે? બીજું, વલસાડ જિલ્લાની અંદર નવી કેટલી મંજૂર કરવામાં આવી છે અને એના માટે કેટલા પૈસા મંજૂર કરવામાં આવ્યા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં ૨૭ વલસાડ જિલ્લાની અંદર તાલુકા પંચાયતોના મકાનોને તકલીફ હતી. એ ૨૭ પૈકી ૬ ગ્રામ પંચાયતો પ્રાથમિક શાળામાં બેસે છે અને ૧૪ પંચાયતો કોમ્યુનિટી હોલમાં બેસે છે, ૨ દૂધ મંડળીના મકાનમાં બેસે છે, ૧ આંગણવાડી અને ૧ પાણી પુરવઠાની ઓફિસમાં બેસે છે પણ હું માનનીય સભ્યશ્રીને જણાવતા આનંદ આપું છું કે ૨૭ ગ્રામ પંચાયતો મકાનવિહોણી હતી. એમાં સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો ત્યારે ૧૯ ગ્રામ પંચાયતોના૧૪ લાખ રૂપિયાના ખર્ચે ભવનો મંજૂર કરવામાં આવ્યા છે અને પ્રશ્ન પૂછ્યા પછી માનનીય અધ્યક્ષશ્રી, ૮ ગ્રામ પંચાયતોને પણ મંજૂરી આપી દીધી છે, ૨૭-૨૭ ને ગ્રામ પંચાયત ભવનની ૩ કરોડ ૭૮ લાખના ખર્ચે વલસાડ જિલ્લાની અંદર મંજૂરી આપી દીધી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ સમગ્ર ગુજરાતમાં ઘરવિહોણી ગ્રામ પંચાયતોની જે યોજના છે એ ખૂબ જ સારામાં સારી યોજના છે અને એ યોજના પંચાયત ઘરવિહોણી અને જર્જરિત ગ્રામ પંચાયતોને આ નવી ગ્રામ પંચાયત ઘર બનાવવાની યોજનાના અમલીકરણની શરતો શું છે? એ મારે જાણવું છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ યોજના રાજ્ય સરકારે મૂકી અને બજેટમાં મંજૂરી મળ્યા પછી આખા રાજ્યની અંદર પંચાયતવિહોણી ગ્રામ પંચાયતો ૩૫૯ આખા રાજ્યની આવી, આમાં નિયમમાં એ છે કે પહેલા જ્યાં ના હોય ત્યાં મંજૂરી આપવી. ત્યાર પછી એવો નિર્ણય કર્યો કે ૨૦ વર્ષ પહેલા જે મકાન પંચાયત ભવન બનેલું હોય અને એમાં અમે જિલ્લામાં કમિટી બનાવી છે ડી.ડી.ઓ., આર.એન્ડ બી. પંચાયતના અધિકારી અને ડેપ્યુટી ડી.ડી.ઓ. આ લોકો સરવે કરે કે આ જર્જરિત ગ્રામ પંચાયત છે, આ ગ્રામ પંચાયતને રિપેર કરવાથી ચાલે એમ છે, આ ગ્રામ પંચાયતનું ભવન નવું બનાવવું પડે એમ છે તો આ નિર્ણય કરવા માટે કમિટી બનાવી છે અને કાર્યપાલક ઇજનેર આનો નિર્ણય કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર ઘણી બાબતો છે એમાં સ્પષ્ટીકરણ પણ કર્યુ છે. જૂની ગ્રામ પંચાયતને તાત્કાલિક ડી.ડી.ઓ. એને તોડીને જાહેર હરાજીથી વેચવાનું અને જલદી નિકાલ થાય આ બધી બાબતો આની અંદર સાંકળી લીધી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની અંદર સૌથી વધારે ૯૮ ગ્રામ પંચાયતો આવેલી છે તે પૈકી સૌથી વધારે બાકી પણ કપરાડા તાલુકામાં ૧૩ છે. તો જે મંજૂર કરી છે એમાં કપરાડા તાલુકાની કેટલી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, કપરાડા તાલુકાની અંદર જે ૧૩ ગ્રામ પંચાયતો મંજૂર કરી છે પણ એમાંથી પહેલી વખત અમે એવો નિર્ણય કર્યો છે અને ૧૩માંથી ૬ ગ્રામ પંચાયતો વિભાજન થવાના કારણે, વિભાજનનો જ્યારે અમે ગ્રામ પંચાયતને ઓર્ડર આપીએ છીએ ત્યારે સાથે જ પંચાયત ભવનનો ઓર્ડર પહેલી વખત આ રાજ્ય સરકાર આપી રહી છે. જીતુભાઇને એ જણાવવું છે કે, તમારી ૬ એ ૬ જે અલગ કરી છે એને પણ પંચાયત ભવન માટે મંજૂરી આપી દીધી છે.

રાજકોટ જિલ્લામાં એ.પી.એલ.૨ના લાભાર્થીઓ

* ૩૧૦૯૩ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય અન્ન નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન એ.પી.એલ.૨ના લાભાર્થી માટે માસવાર ઘઉં અને ચોખાનો કેટલા કી.ગ્રા. જથ્થો ફાળવવામાં આવ્યો?

જવાબ

રાજ્યમાં તા.૦૧/૦૪/૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના)ની અમલવારી શરૂ કરવામાં આવેલ છે. સદર કાયદા અંતર્ગત લાભાર્થી તરીકે અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબોની એમ બે જ કેટેગરી છે. આ લાભાર્થી કુટુંબોને સદર કાયદા મુજબ ભાવ અને પ્રમાણથી વિતરણ કરવા ઘઉં તથા ચોખાની ફાળવણી કરવામાં આવે છે. એ.પી.એલ.-૨ કેટેગરીના કુટુંબોને ઘઉં તથા ચોખાનો જથ્થો ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ના અમલ માટે રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન માસવાર ઘઉં અને ચોખાના નીચે મુજબના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે.

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | માસનું નામ | ઘઉં | ચોખા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ-૧૬ | ૫૫૩૩ | ૧૦૨૬ | ૬૫૫૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | મે-૨૦૧૬ | ૫૫૦૩ | ૧૦૨૨ | ૬૫૨૫ |
| ૩ | જૂન-૧૬ | ૫૪૮૮ | ૧૦૧૮ | ૬૫૦૬ |
| ૪ | જુલાઇ-૧૬ | ૫૩૭૨ | ૯૯૬ | ૬૩૬૮ |
| ૫ | ઓગસ્ટ-૧૬ | ૫૨૭૫ | ૯૭૯ | ૬૨૫૪ |
| ૬ | સપ્ટેમ્બર-૧૬ | ૫૩૭૯ | ૯૯૮ | ૬૩૭૭ |
| ૭ | ઓક્ટોબર-૧૬ | ૪૭૬૩ | ૨૦૪૨ | ૬૮૦૫ |
| ૮ | નવેમ્બર-૧૬ | ૪૭૧૯ | ૨૦૨૨ | ૬૭૪૧ |
| ૯ | ડીસેમ્બર-૧૬ | ૪૬૯૬ | ૨૦૧૩ | ૬૭૦૯ |
| ૧૦ | જાન્યુઆરી-૧૭ | ૪૬૯૪ | ૨૦૧૧ | ૬૭૦૫ |
| | કુલ | ૫૧૪૨૨ | ૧૪૧૨૭ | ૬૫૫૪૯ |

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩, એ કોંગ્રેસની યુ.પી.એ.ની સરકાર અમલમાં લાવી હતી. જસદણ અને વિંછીયા વિસ્તારને ગત વર્ષે પણ સરકારે દુષ્કાળ જાહેર કર્યો અને આ વર્ષે પણ વિંછીયા વિસ્તારની ચાર ટકા આનાવારી જાહેર કરેલી છે. મારો પ્રશ્ન એ છે કે, આ વિસ્તારમાં તમામ ખેડૂતોના પાકો નિષ્ફળ ગયા છે, કોઇને અનાજ કે ધાન પાક્યું નથી પણ અગાઉ જે એ.પી.એલ.-૨માં જે કાર્ડ ધરાવે છે અને એનું ખાસ અગ્રતા કુટુંબમાં જેનું નામ હોય છતાં પણ જાન્યુઆરી પછી આ પરિવારોને ખાસ અગ્રતા કુટુંબમાં નામ હોવા છતાં એને ઘઉં-ચોખા મળતા નથી. તો હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આવા પરિવારોને ઘઉં-ચોખા આપવા માંગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો જ્યારથી અમલમાં આવ્યો ત્યારથી બે પ્રકારના કુટુંબો છે, અગ્રતા ધરાવતા કુટુંબ અને અંત્યોદય પરિવાર અને એ.પી.એલ.-૨ની જ્યાં સુધી વાત છે ત્યારે પહેલાં પણ એમને અનાજ આપવામાં આવતું ન હતું. કારણ કે, એમની આવક એક લાખ રૂપિયાથી વધારે હોય છે. જ્યારે નવા કાયદા એન.એફ.એસ.એ.માં સમાવવાની વાત આવી ત્યારે એ.પી.એલ.-૨ના એવા ગ્રાહકો કે જે ખરેખર એન.એફ.એસ.એ.માં સમાવવાના હક્કદાર હતા એમનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે અને રાજકોટ જિલ્લાની અંદર એ.પી.એલ.-૨ના આવા ગ્રાહકો કે જેને જરૂરિયાત નથી એમને એમાંથી બાકાત કર્યા ત્યારે કોઇ પણ જાતનો એમણે વાંધો પણ ઉઠાવ્યો નથી એટલે એવા અરજદારોને એમાંથી બાકાત કરી અને જે જરૂરિયાતવાળા છે એને એન.એફ.એસ.એ.ની અંદર સમાવેશ કરવામાં આવ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, આ જે યોજના છે એ યોજના હેઠળ ૩ કરોડ, ૮૨ લાખ લોકોને લાભ આપવાનું હતું. ખાસ કરીને રાજકોટમાં ૨૦૦-૩૦૦ મેટ્રિક ટન અનાજ જે ઓછું મળ્યું છે એટલે રાજ્ય સરકારની આપણી જે જરૂરિયાત છે એ કેટલી હતી અને કેન્દ્ર સરકારે આપણને કેટલું આપ્યું ? એના કારણે રાજકોટ જિલ્લામાં અસર થાય છે. તો રાજ્ય સરકારને જે પૂરેપૂરું આપવાનું હતું એ કેટલું હતું, કેન્દ્ર સરકારે આપણને એમાંથી આપ્યું કેટલું, કેટલું ઓછુ આપ્યું અને ઓછું આપ્યું તો એના કારણો શું છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ યોજના અમલમાં આવી ત્યારે ૩ કરોડ, ૮૨ લાખની જન સંખ્યા સમાવવાનો કેન્દ્ર સરકારે આપણે લક્ષ્યાંક આપ્યો હતો. એટલે એપ્રિલ,૨૦૧૬થી આ યોજનાની જ્યારે અમલવારી કરી ત્યારે ૩ કરોડ, ૨૬ લાખની જન સંખ્યાનો સમાવેશ થતો હતો પછી રાબેતા મુજબ તાલુકા મથકોએ એની સમિતિ બનાવી અને જે કાર્ડ ધારકો આમાંથી રહી જતા હતા એમનો અરજીમાં સમાવેશ કરી તાલુકા કક્ષાએ ચકાસણી થઇ. આજની તારીખે, જ્યારે હું આ જવાબ આપી રહ્યો છું ત્યારે આખા ગુજરાતની અંદર ૩ કરોડ, ૮૨ લાખ જન સંખ્યાનો આમાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે અને એટલો જ અનાજનો જથ્થો આજની તારીખે આપણને ફાળવે છે. રાજકોટ જિલ્લાની અંદર એ.પી.એલ.-૨ના ગ્રાહકો કે જે ખરેખર ઘઉં-ચોખા એમને મળતા નહતા એટલે આ એન.એફ.એસ.એ. યોજનામાં સમાવેશ થયો નથી. બાકી અંત્યોદય હોય, બી.પી.એલ.ના કાર્ડધારકોમાં રાજકોટ જિલ્લામાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે. અને ઘઉં અને ચોખા જે કેન્દ્ર સરકાર તરફથી મળે છે આજની તારીખે એ રાજકોટ જિલ્લાને આપણે ફાળવણી કરીએ છીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ યોજના શરૂ કરવામાં આવી ત્યારે જે કુટુંબો બી.પી.એલ. યાદીમાં હતા અને સરકાર દ્વારા જે યાદી આપવામાં આવી એ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાછળથી બી.પી.એલ. નથી એવા લોકોની પણ રેશનીંગના દુકાનદાર દ્વારા અરજીઓ લઇને એમના ફોર્મ ભરાવવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યની અંદર મોટાભાગના ફોર્મ ભરાયેલા હોવા છતાં પાંચ-પાંચ, છ-છ મહિનાઓથી હજી સુધી એ નામોને દાખલ કરવામાં આવ્યા નથી અથવા એમને આ જથ્થો આપવામાં આવતો નથી. આ વાત હું વિગતોને આધારે કહું છું તો આપણે ફોર્મ ભરીને આપી દીધા છે, અહીંયા વાત કરીએ છીએ કે આ કુટુંબોને આપવામાં આવે છે. હકીકતમાં આ લોકોનો હજી સુધી સમાવેશ કરવામાં આવ્યો નથી તો રાજ્યના તમામ જિલ્લાઓની અંદર સમયમર્યાદાની અંદર જે અરજીઓ

આવી છે એ મેળવવાપાત્ર અધિકાર ધરાવે છે એ તમામ કુટુંબોનો તાત્કાલીક અસરથી સમાવેશ કરી અને આ જથ્થો આપણે આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પણ કીધું કે આ યોજનાની જયારે અમલવારી થઇ ત્યારે એન.એફ.એસ.એ. ની અંદર એપ્રિલ–૨૦૧૬ થી આ કાર્ડધારકોનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ પ્રશ્ન રાજકોટ જિલ્લા પુરતો છે પરંતુ આખા રાજયની જનરલ માહિતી આપું તો તાલુકા મથકે મામલતદારશ્રીની અધ્યક્ષતામાં આની કમિટિ બનાવવામાં આવી અને જે ગ્રાહકો આમાં રહી ગયા હતા એના ફોર્મે ભરી અને એની ચકાસણી કરી અને આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાનો પ્રશ્ન છે, રાજકોટ જિલ્લાની માહિતી આપું તો અંત્યોદયમાં એપ્રિલમાં ૧૯૯૬૯ કાર્ડ હતા એમાં વધારો કરીને ૨૩૪૫૭ થયા છે. એ રીતે એ.પી.એલ.–૧માં ૧૭૦૦૦માંથી ૧૮૮૪૫ થયા છે. એ રીતે ઉત્તરોત્તર અંત્યોદય અને એ.પી.એલ. બી.પી.એલ.માં વધારો કર્યો છે. એ.પી.એલ.–૨નો જયાં સુધી પ્રશ્ન છે એને ઘઉં, ચોખા મળવાનો પ્રશ્ન નથી કારણ કે એમની આવક લાખ રૂપિયાથી વધારે હોય છે એટલે અંત્યોદયની અગ્રતા ધરાવતા બે કુટુંબો અને આજની તારીખે પણ મામલતદારશ્રીની અધ્યક્ષતામાં અને જિલ્લા લેવલે કયાંય ફરિયાદ હોય તો કલેકટરશ્રીની અધ્યક્ષતામાં આની કમિટિ બનાવી છે એમાં અરજી થાય છે અને જેમ માન્યતા મુજબ એના ક્રાઇટેરીયામાં આવતા હોય અને આજની તારીખે પણ આ યોજનામાં સમાવવાની કામગીરી ચાલુ છે.

મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં ખેડૂતોના ૭/૧૨ના કોમ્પ્યુટરાઇઝ રેકોર્ડમાં ભૂલો

* ૩૧૩૯૦ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં ખેડૂતોના ૭/૧૨ના કોમ્પ્યુટરાઇઝ રેકોર્ડમાં ભૂલો હોવાનું ધ્યાને આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત તાલુકાવાર કેટલા ગામોના કેટલા ખેડૂતોના રેકર્ડની ભૂલો સુધારવામાં આવી, | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચે મુજબના ગામોમા તેની સામે જણાવેલ ખેડૂતોના રેકર્ડમાં ભૂલો સુધારવામાં આવી છે |

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | રેકર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૬૬ | ૧૫૯ |
| ૨ | ખેડા | ૧૮૩ | ૧૫૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે અન્વયે કેટલા ગામોની બાકી ભૂલો સુધારવાની બાકી છે, અને | (૩) તે અન્વયે નીચે મુજબના ગામોની બાકી ભૂલો સુધારવાની બાકી છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | રેકર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૨૧ | ૩૯ |
| ૨ | ખેડા | ૧૦ | ૩૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) તે કેટલા સમયમાં સુધારવામાં આવશે? | (૪) ખૂટતા પૂરાવા મંગાવવા પત્રથી જાણ કરેલ છે. જે રજૂ થયેથી ભૂલો સુધારવામાં આવશે |

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ઇ–ધરાની અંદર સરકાર ભૂલો કરે છે કોમ્પ્યુટરાઇઝ ડેટાની અંદર એનુ પહેલું ઉદાહરણ આ જવાબમાં જ છે. મારા મત વિસ્તારમાં મહેમદાવાદ અને ખેડાના ગામો, ખેડા તાલુકો મારો છે એમાં ૧૮૩ ગામ બતાવ્યા છે એમાં ૩૯ ગામ છે. ત્યાંથી શરૂઆત થાય છે. ઇ–ધારાની અંદર આઉટસોર્સીંગથી જે કોમ્પ્યુટર ઓપરેટરો ભરવામાં આવ્યા છે તેમણે ઘણીબધી ભુલો ખેડૂતના ૭/૧૨ની અંદર કરી છે અને એનો માર ખેડૂતોને પડતો હોય છે અને ખેડૂતોને અવારનવાર એ ભુલો સુધારવા માટે ધક્કા ખાવા પડતા હોય છે અને ખેડૂતોને કોઇ વચેટીયો માણસ ન મળે અથવા બીજું કંઇ ન થાય ત્યાં સુધી ખેડૂતોને ધક્કા ખાવા પડતા હોય છે ત્યારે મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખેડા જિલ્લાના અન્ય તાલુકામાં આવી ભુલોની વિગત સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે કેમ? જો આવી હોય તો એ ભુલો સુધારવા માટે સરકારશ્રીએ શું પગલાં લીધાં? બીજો મારો પ્રશ્ન છે આવી ભુલો કરનાર જવાબદાર વિરુદ્ધ સરકારશ્રીએ શું અસરકારક પગલાં લીધાં? અને મારો ત્રીજો પ્રશ્ન છે કે ઇ–ધરાની અંદર જે ભરતી, આઉટસોર્સીંગ કર્યું છે એ લોકો અજ્ઞાન અને મહેસૂલ વિભાગના જ્ઞાની ન હોવાને કારણે કાયમી મહેસૂલના કર્મચારીઓ સરકારશ્રી ભરવા માંગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આખું વિશ્વ ટેકનોલોજી ઉપર ચાલી રહ્યું છે અને ટેકનોલોજીનો એક ભાગ છે કોમ્પ્યુટર. આપણો બધો જ વ્યવહાર આ ટેકનોલોજી અને કોમ્પ્યુટર ઉપર ચાલે છે. માનનીય નરેન્દ્રભાઇ અને

## તારાંકિત પ્રશ્નો

માનનીય આનંદીબેનને હું આ જવાબ દ્વારા અભિનંદન આપું છું. ૨૦૦૨–૦૪માં એમની દીર્ઘદ્રષ્ટિને કારણે કે ૨૧ મી સદીમાં તમામ વિભાગો, સેકટરો, વર્ગોનો વ્યવહાર જયારે કોમ્પ્યુટર દ્વારા ચાલવાનો છે ત્યારે ગુજરાતનો ખેડૂત પણ એમાંથી બાકાત નથી, એટલા માટે ૨૦૦૨ થી ૨૦૦૪ માં ઝુંબેશ શરૂ કરવામાં આવી અને કામ પૂર્ણ કરવામાં આવ્યું. સ્પષ્ટ કામ, સુરક્ષિત અને ઓનલાઇન બધા જોઇ શકે તેવો આનો હેતુ છે. આ એક પ્રકારનું ભગીરથ કામ છે. સભ્યશ્રીને જણાવું કે ક્ષતિ થઇ હશે, પણ અમે સુધારણા કરી છે. એના માટે તંત્ર છે. આમાં અમે ૧૮૦૦૦ થી વધુ ગામોમાં કામ કર્યુ અને ૪૫ લાખથી વધુ ખાતેદારો, ૧ કરોડ ૨૦ લાખથી વધુ સરવે નંબરો જેમાં ખેડૂત વિશ્વના કોઇપણ જગ્યાએ રહેતો હોય તો એને ૭/૧૨, ૮–અ, ૬ નંબર લેવા હોય તો તે પોતાના ઘરે બેઠા બેઠા લઇ શકે છે. આમાં કોઇપણ પ્રકારની છેડછાડ ન થઇ શકે તે પ્રકારનું આયોજન કર્યુ છે. સભ્યશ્રીએ વાત કરી છે એમાં જવાબમાં સુધારા થયા છે એ ગામોની સંખ્યા છે. જયાં જ્યાં પણ ઘ્યાન ઉપર આવે છે તેમ તરત જ સુધારા કરીએ છીએ. આમ પણ વ્યવસ્થા છે કે ૧૫ દિવસે અમારા આઉટ સોર્સિંગના હોય કે રેગ્યુલર હોય તેવા બધા જ કર્મચારી, અધિકારી દ્વારા મોનીટરિંગ કરીએ છીએ. કલેક્ટરશ્રી કરે છે. અમારા સચિવશ્રી કરે છે. અને ૩ મહિને મારી કક્ષાએ પણ મોનીટરિંગ કરીએ છીએ, એટલે મેં સી.કે.રાઉલજીના બીન સરકારી પ્રસ્તાવમાં કહ્યું હતું કે કયાંય પણ નામ કે ક્ષેત્રફળ હવે તો અમે ૭/૧૨ માં પહેલીવાર દેશમા તમને જાણીને નવાઇ લાગશે કે નકશા પણ મૂકીએ છીએ. આ સગવડતા છે, કોમ્પ્યૂટરાઇઝ્ડ સિસ્ટમ છે, એટલે ક્ષતિ સુધારવા માટે અમે તંત્ર ગોઠવ્યું છે. અમે કામ કરી રહ્યા છીએ. કોઇ પણના ઘ્યાને આવે તો અમે સુધારીએ છીએ. છેલ્લે એવું પૂછ્યું કે જિલ્લામાં અન્ય તાલુકામાં પણ આ વિધિ કરી રહ્યા છીએ. જયાં જ્યાં અમને અરજી કરીને, ફોન કરીને કે રૂબરુ આવીને અમારા ઘ્યાને મૂકે તો અમે કામગીરી પૂર્ણ કરીએ છીએ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડા અને મહેમદાવાદ તાલુકાનો પ્રશ્નનની સાથે સાથે આ ગૃહમાં સંકલ્પ લાવ્યો હતો, ત્યારે ગંભીર પ્રકારનો પ્રશ્ન છે. આજે ગંભીરતાપૂર્વક મહેસૂલ મંત્રીશ્રીને કહીશ કે એમના પ્રશ્નના જવાબમાં જણાવ્યા મુજબ ૨૦૦૩ થી ૨૦૦૪ જે મૂળ રેકોર્ડના આધારે કોમ્પ્યૂટરાઇઝ્ડ ડેટા ફીટ કર્યો તે વખતે માનનીય મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માગું છું કે જવાબદાર તલાટી કે સર્કલની હાજરી વગર આ ડેટા ફીટ કર્યા છે. ૭/૧૨ સરવે નંબર હોય, કબજેદાર હોય કે પાણી પત્રકમાં નામ હોય, પણ આજે કોઇ જગ્યાએ પાણી પત્રક થતું નથી. આ ડેટાના અનુસંધાનમાં વાત કરું છું કે શરૂઆતમાં ડેટા ફીટ કર્યા તે વખતથી ભૂલો છે. એક એક તાલુકામાં ૨–૨ હજારથી ૩–૩ હજાર જેટલી ભૂલો છે. આ ભૂલો સુધારવા માટે શું તકલીફ પડે છે. એ અરજદારને ખબર છે એના અનુસંધાનમાં કહ્યું છે કે ખૂટતા પુરાવા મંગાવવાથી, પત્રથી જાણ કરેલ છે, જે રજૂ થયેથી ભૂલો સુધારવામાં આવશે. મારો કહેવાનો આશય સ્પષ્ટ છે કે જે ડેટા ફીટ કર્યા એમાં જ રેવન્યુ કે જે અધિકારી હતા, એની જ પોતાની ભૂલ છે. આ અરજદાર પાસેથી ડેટા મંગાવ્યા વગર, ખૂટતી માહિતી મંગાવ્યા વગર મૂળ રેકોર્ડને સુસંગત છે કે નહિ તે જોઇ આ ભૂલો સુધારવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એટલી જ ગંભીરતાથી જવાબ આપી રહ્યો છું. હાઉસ માટે અને બધાને માટે અમારી જવાબદારી છે તે અમે કરી રહ્યા છીએ. જે તે વખતે ૨૦૦૨ થી ૨૦૦૪ સુધીમાં આખી કાર્યવાહી થઇ છે, એમાં પણ માની લો કે કોઇ ભૂલ થઇ હોય તો તે ખેડૂતો પાસેથી મંગાવીએ છીએ એવું નહિ, પણ અમારી પાસે ડેટા હોય તો તેનો ઉપયોગ કરીએ છીએ. ગૃહને જણાવતા આનંદ થાય છે કે આખા રાજ્યમાં સવાલ બે જિલ્લાનો છે. સી.કે. રાઉલજીએ જનરલ વાત કરી છે, ત્યારે કહું કે આટલું મોટું કામ દેશમાં કોઇએ નથી કર્યુ. આપણે જ કર્યુ છે.માનનીય અધ્યક્ષશ્રી, ક્ષતિ કેટલી છે તો ૧ કરોડ ૨૦ લાખમાંથી આજે ઓન રેકર્ડ ઉપર બોલું છું કે માત્ર ૧ ટકો જ ક્ષતિ છે. તે પણ સુધારવા માટે અમે બંધાયેલા છીએ. જેમ જેમ કાર્યવાહી આગળ ચાલે છે તેમ તેમ સુધારી લઇશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માંગુ છું અને આપણે ગૃહમાં ગમે તે પ્રકારની વાતો કરીએ કે કોમ્પ્યુટરથી ખેડૂતોને આમ થયું તેમ થયું. વાસ્તવિકતા છે અને આપણા બધાની આ ચિંતા છે. કોલમ નં.૪ માં લખ્યું છે કે કેટલા સમયમાં સુધારવા માગો છો? તો તેમાં લખ્યું છે કે ખૂટતા પુરાવા મંગાવવા પત્રથી જાણ કરેલ છે. જે રજૂ થયેથી ભૂલો સુધારવામાં આવશે. અત્યારે હાલ ગામડાંઓની પરિસ્થિતિ જોવા જઇએ તો જે ભૂલ અધિકારી તરફથી કરવામાં આવી હોય, જે કોમ્પ્યુટર ચલાવતો હોય તેનાથી થઇ હોય. જેનાથી ખેડૂતને કોઇ લેવાદેવા નથી. જે ભૂલો થાય છે તે ત્યાં બેઠેલો કોઇ અધિકારી કે કર્મચારી કરે છે. તેવી સીધી ભૂલો ખેડૂતોને વચ્ચે ઘ્યાનમાં લીધા સિવાય સરકાર સુધારવા માંગે છે કે કેમ? આ પ્રશ્નની ચિંતા એટલા માટે છે કે જે અભણ ખેડૂતો છે તે સુધારા હુકમ માટે મામલતદાર કચેરીમાં જતા હોય છે અને છ–છ મહિના ધક્કા ખાય છે. ધક્કા ખાધા પછી અને વકીલો પાસે ૫૦૦–૧૦૦૦ કે ૨૦૦૦ રૂપિયા બગાડવા છતાંય તે ભૂલો સુધરતી નથી. આ ચિંતાનો વિષય છે એટલા માટે કહું છું કે જે કર્મચારી તરફથી ભૂલ થઇ હોય, ખેડૂતની કોઇ ભૂલ ન હોય તો આવા સુધારા હુકમ કરવાના થાય છે તે સીધેસીધા સુધારા હુકમ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વાર ટાઇપ મીસ્ટેકથી ભૂલ થાય છે એટલે તેમાં ખેડૂતને કોઇ નિસ્બત નથી. તેવી ભૂલો ઘ્યાનમાં આવે છે ત્યારે અમે ખેડૂતો પાસેથી કંઇ મંગાવતા નથી અને અમે સુધારીએ છીએ. હું ઓન ફલોર કહું છું અને તમે કહ્યું છે તે પ્રમાણે કોઇએ ૧૦૦૦–૨૦૦૦ રૂપિયા બગાડવાની જરૂર નથી. આ પારદર્શક વહીવટ કરનારું રાજય છે. આ કામનું અમે મોનીટરીંગ કરીએ છીએ. એટલા માટે જ કોઇપણ ખેડૂતને કયાંય પણ....

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારનો આશય ખોટો છે એવું હું નથી કહેતો. મારી વાતને તમે સમજો.

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું સમજું છું અને આપના દ્વારા માનનીય બળદેવજીને કહું છું કે જયાં ટાઇપ મીસ્ટેક થઇ છે ત્યાં અમે ખેડૂતને પૂછતા નથી. બધી ભૂલોમાં માત્ર ટાઇપ મીસ્ટેક નથી હોતી. કેટલીક વિગતો અમારે ખેડૂત પાસેથી મંગાવવી પડે છે.

અધ્યક્ષશ્રી : કહેવાનો મતલબ એટલો છે કે કર્મચારીની ભૂલના કારણે ખેડૂતને કોઇ પુરાવો આપવાનો રહેશે નહીં. સરકાર પોતે સુધારી લેશે. તે સિવાયના કોઇ પુરાવા હશે તો તેને આપવા પડશે તેવું તેમનું કહેવાનું થાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સુધારા માટે હું કમીટ છું. સુધારા માટે સરકાર કમીટેડ છે. હું ફરીવાર કહું છું કે આટલા મોટા કામમાં માત્ર એક ટકો ભૂલ છે, વધારે નહીં. આખા દેશમાં આ એક રાજય છે કે જેણે આ કામગીરી ગુજરાતના ખેડૂતો માટે કરી છે.

### ભરૂચ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો

* ૩૨૮૩૧ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(સંખ્યા)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આમોદ | ૪૦૧ | ૩૮૮ | ૭૮૯ |
| ૨ | અંકલેશ્વર | ૨૭૮૮ | ૫૧૯૩ | ૭૯૮૧ |
| ૩ | ભરૂચ | ૧૨૮૩ | ૩૨૯૦ | ૪૫૭૩ |
| ૪ | હાંસોટ | ૮૮૬ | ૦ | ૮૮૬ |
| ૫ | જંબુસર | ૨૯૬૪ | ૩૩૦૨ | ૬૨૬૬ |
| ૬ | ઝઘડીયા | ૨૧૪૪ | ૫૩૮૫ | ૭૫૨૯ |
| ૭ | નેત્રગ | ૧૫૪૫ | ૫૫૯૦ | ૭૧૩૫ |
| ૮ | વાગરા | ૧૫૫૧ | ૧૬૬૧ | ૩૨૧૨ |
| ૯ | વાલીયા | ૨૩૬૨ | ૩૧૨૦ | ૫૪૮૨ |
| | કુલ | ૧૫૯૨૪ | ૨૭૯૨૯ | ૪૩૮૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ વ્યક્તિગત શૌચાલય બનાવવાનો ખર્ચ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ વ્યક્તિગત શૌચાલય બનાવવાનો ખર્ચ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આમોદ | ૪૮.૧૨ | ૪૬.૫૬ | ૯૪.૬૮ |
| ૨ | અંકલેશ્વર | ૩૧૯.૮૧ | ૬૨૦.૧૮ | ૯૩૯.૯૯ |
| ૩ | ભરૂચ | ૧૫૩.૯૬ | ૩૯૪.૮૦ | ૫૪૮.૭૬ |
| ૪ | હાંસોટ | ૯૯.૬૭ | ૦ | ૯૯.૬૭ |
| ૫ | જંબુસર | ૩૫૫.૬૮ | ૩૯૬.૨૪ | ૭૫૧.૯૨ |
| ૬ | ઝઘડીયા | ૨૪૬.૭૬ | ૬૪૬.૨ | ૮૯૨.૯૬ |
| ૭ | નેત્રગ | ૧૮૫.૪ | ૬૭૦.૮ | ૮૫૬.૨ |
| ૮ | વાગરા | ૧૬૫.૨૭ | ૧૯૮.૮૧ | ૩૬૪.૦૮ |
| ૯ | વાલીયા | ૨૮૩.૪૪ | ૩૭૪.૪ | ૬૫૭.૮૪ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૧૮૫૮.૧૧ | ૩૩૪૭.૯૯ | ૫૨૦૬.૧ |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ૨૦૧૫ અને ૨૦૧૬માં બેઇઝ લાઇન સરવે મુજબ બનાવવામાં આવેલા વ્યક્તિગત શૌચાલયો પૈકી કેટલા બીપીએલ અને કેટલા એપીએલ કુટુંબો છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પ્રશ્ન પૂછી રહ્યા છે કે ૨૦૧૫ અને ૨૦૧૬માં દરેક તાલુકામાં બીપીએલ, એપીએલ શૌચાલયો કેટલા બનાવવામાં આવ્યા? હું પહેલા ૨૦૧૫ના આંકડા બોલું છું. પહેલા બોલું છું તે બીપીએલ કુટુંબના શૌચાલયો છે અને પછી બોલું છું તે એપીએલ કુટુંબના શૌચાલયોના આંકડા છે. આમોદ તાલુકાની અંદર ૨૯૦ બીપીએલ અને ૧૧૧ એપીએલ શૌચાલય, અંકલેશ્વર તાલુકાની અંદર ૧૦૮ બીપીએલ અને ૨૬૮૦ એપીએલ શૌચાલય, ભરૂચ તાલુકાની અંદર ૧૨૨૭ બીપીએલ અને ૫૬ એપીએલ શૌચાલય, હાંસોટ તાલુકાની અંદર ૮૮૬ બીપીએલ અને ૦(ઝીરો) એપીએલ શૌચાલય, જંબુસર તાલુકાની અંદર ૨૮૩૦ બીપીએલ અને ૧૩૪ એપીએલ શૌચાલય, ઝગડીયા તાલુકાની અંદર ૧૨૯૬ બીપીએલ અને ૮૪૮ એપીએલ શૌચાલય, નેત્રંગની તાલુકાની અંદર ૧૫૪૫ શૌચાલય, વાગરા તાલુકાની અંદર ૧૧૫૯ બીપીએલ અને ૩૯૨ એપીએલ શૌચાલય, વાલીયા તાલુકાની અંદર ૧૭૬૧ બીપીએલ અને ૬૦૧ એપીએલ શૌચાલય બનાવવામાં આવ્યા છે. આમ ૨૦૧૫ની અંદર ૧૧૧૦૨ બીપીએલ અને ૪૮૨૨ એપીએલ શૌચાલય બનાવ્યા છે. ૨૦૧૬ની સાલની અંદર આમોદ તાલુકાની અંદર  ૨૨૫ બીપીએલ, ૧૬૩ એપીએલ, અંકલેશ્વર તાલુકાની અંદર ૦૪ બીપીએલ અને ૫૧૮૯ એપીએલ શૌચાલય,  અને ભરૂચમાં ૨૯૦, હાંસોટમાં ઝીરો, જંબૂસરમાં ૩૩૦૨, ઝગડિયામાં ૨૮૨૬ અને ૨૫૫૯, નેત્રંગમાં ૫૫૯૦, વાગરામાં ૧૧૩૪ અને ૫૨૭, વાલિયામાં ૩૧૨૦ અને ઝીરો. આમ, ૨૦૧૬માં ૧૯૪૯૧ બી.પી.એલ. બનાવવામાં આવ્યા અને ૮૪૩૮ એ.પી.એલ. બનાવવામાં આવ્યા. પણ જે જિલ્લામાં હું ઝીરો બોલ્યો છું એ જિલ્લાના એ તાલુકામાં શૌચાલય બનાવવાનું બાકી નથી માટે હું ઝીરો બોલ્યો છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વ્યક્તિગત પ્રોત્સાહક સહાયના ધોરણોમાં તબક્કાવાર શું ફેરફાર કરવામાં આવ્યા? અને ભરૂચ જિલ્લાને જે લક્ષ્યાંક આપેલો છે તે પૂરો થયો છે એ વાત સાચી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નમાં જવાબ આપુ છું કે, ભરૂચ જિલ્લાનો જે લક્ષ્યાંક છે એમાં ભરૂચ જિલ્લો ઓ.ડી.એફ. જાહેર થઇ ગયો છે. સો ટકા બનાવ્યા છે પણ એનો બીજો પ્રશ્ન છે કે, આમાં ક્રમશઃ કેટલો વધારો કરવામાં આવ્યો? આ યોજના ૨૦૦૩-૨૦૦૪માં આવી ત્યારે ૬૨૫ રૂપિયા હતા પછી આ યોજનામાં ૨૦૦૬-૦૭માં વધારો થયો અને ૧૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા અને ત્યાર પછી ૨૦૦૮માં ૨૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા. આ સન્માનનીય ગૃહને મારી વિનંતી છે કે, આ વિષય પરત્વે હું એટલા માટે ધ્યાન દોરી રહ્યો છું કે, ૨૦૦૮માં ૨૨૦૦ હતા, ૨૦૧૧માં ૩૨૦૦ હતા અને એક શૌચાલય બનાવવા માટે ૨૦૧૨માં ૪૬૦૦ રૂપિયા હતા એ આ દેશના વડા પ્રધાનશ્રી દ્વારા તા.૨.૧૦.૨૦૧૪ના રોજ સીધા ૧૨૦૦૦ કરીને ગરીબોને સાચા અર્થમાં શૌચાલય બનાવવામાં ક્યાંય મુશ્કેલી ન પડે એ રીતે વધારો કરવામાં આવ્યો. માનનીય અમિતભાઇ કહેતા હતા ત્યારે આપને ધ્યાને મૂકું છું કે તમારી સરકાર જે ૪૬૦૦ રૂપિયા આપતી હતી એના અમે સીધા ૧૨૦૦૦ રૂપિયા કરી દીધા છે.

શ્રી છત્રસિંહજી પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, એમણે એમના જવાબમાં એવું કહ્યું છે કે ભરૂચ જિલ્લાના સો ટકા ગામો ઓ.ડી.એફ. થયા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અત્યાર સુધીમાં તાલુકાવાર કુલ કેટલા ગામો ઓ.ડી.એફ. થયા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાને અભિનંદન આપુ છું. સમગ્ર રાજયમાં પહેલો તાલુકો ઓ.ડી.એફ. જો જાહેર થયો હોય તો ભરૂચ જિલ્લાનો હાંસોટ તાલુકો સૌ પ્રથમ ઓ.ડી.એફ. થયો છે. સભ્યશ્રીએ જે પૂછ્યું છે એમાં જણાવું કે ૬૪૧ ગામ છે, મેં કહ્યું કે જિલ્લો આખો ઓ.ડી.એફ. થઇ ગયો છે તો તમામ ૬૪૧ ગામો ઓ.ડી.એફ. જાહેર કર્યા છે એટલે સો ટકા સિદ્ધિ મેળવી છે.

### તાપી જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૩૧૨૪૫ શ્રી કાન્તીલાલભાઇ ગામીત  (નિઝર) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા)  જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)  તા.૩૧/૧૨/૨૦૧૬ અંતિત તાપી જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે, | (૧)  તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાલોડ | ૩૫ |
| ૨ | વ્યારા | ૭૧ |
| ૩ | ડોલવણ | ૪૪ |
| ૪ | સોનગઢ | ૭૯ |
| ૫ | ઉચ્છલ | ૨૪ |

| | | |
|---|---|---|
| ૬ | નિઝર | ૨૦ |
| ૭ | કુકરમુંડા | ૧૮ |
| | કુલ | ૨૯૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો ઘર વિહોણી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ઘર વિહોણી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાલોડ | ૦૧ |
| ૨ | વ્યારા | ૦૦ |
| ૩ | ડોલવણ | ૦૩ |
| ૪ | સોનગઢ | ૦૬ |
| ૫ | ઉચ્છલ | ૦૦ |
| ૬ | નિઝર | ૦૨ |
| ૭ | કુકરમુંડા | ૦૦ |
| | કુલ | ૧૨ |

(૩) ઉક્ત પંચાયતોના પંચાયત ઘરનાં બાંધકામ માટે સરકાર કોઇ અનુદાન આપે છે કે કેમ, અને

(૩) હા.

(૪) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે?

(૪) રૂ.૧૭૬.૦૦ લાખ

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે. કહેવત છે કે, માગ્યા વગર માં પણ ન પીરસે. પણ આ ભારત માતાના સંતાનો ભારતીય જનતા પાર્ટીના છેવાડાના માનવીની ચિંતા કરે છે. મારા પ્રશ્નનો આમ તો જવાબ મળી જ ગયો છે પણ છતાં મારે જાણવું છે કે, તાપી જિલ્લાની પંચાયત ઘર વિહોણી ૧૨ ગ્રામ પંચાયતો હાલ ક્યાં બેસે છે, અને આવી પંચાયતોના પંચાયત ઘર બનાવવા માટે રાજ્ય સરકારનું આયોજન શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગ સમગ્ર રાજ્યની અંદર કોઇ પણ તાલુકાના ગામની અંદર પંચાયત ભવનની સ્પષ્ટપણે ચિંતા કરી રહ્યો છે. મારે સભ્યશ્રીને કહેવું છે કે, જે તાપી જિલ્લામાં ૧૨ ગ્રામ પંચાયતો પંચાયત ભવન વિહોણી હતી એ બારે બાર પંચાયતો માટે ૧ કરોડ ૭૬ લાખના ખર્ચે પંચાયત ભવન મંજૂર કરવામાં આવેલ છે અને સભ્યશ્રીએ બીજી ચિંતા એ કરી હતી કે, આ પંચાયતો હાલ ક્યાં બેસે છે? તો માનનીય સભ્યશ્રીને જણાવું કે, આઠ પંચાયતો પ્રાથમિક શાળામાં બેસે છે, બે પંચાયતો દૂધ મંડળીના મકાનમાં બેસે છે અને બે પંચાયતો કોમ્યુનિટી હોલમાં બેસે છે.

ખેડા અને આણંદ જિલ્લામાં ગુણોત્સવમાં નબળી અને અત્યંત નબળી શાળા

* ૩૧૦૯૫ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ ક્યા વર્ષમાં યોજવામાં આવેલ, અને

જવાબ

(૧) વર્ષ –૨૦૧૪–૧૫માં અને વર્ષ ૨૦૧૫–૧૬માં.

(૨) ઉક્ત ગુણોત્સવ કાર્યક્રમમાં ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી શાળાઓ નબળી અને અત્યંત નબળી (સી–ગ્રેડ અને ડી–ગ્રેડ) જણાઇ આવેલ છે?

(૨)

| જિલ્લો | નબળી | અતિશય નબળી |
|---|---|---|
| ખેડા | ૧૯૦ | ૭૨ |
| આણંદ | ૮૮ | ૪૧ |

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ખેડા અને આણંદ જિલ્લાની અંદર જે નબળી અને અતિશય નબળી શાળાઓની સંખ્યા આપેલી છે, તો મારે મંત્રીશ્રીને પુછવું છે કે, આ નબળી અને અતિશય નબળી રહેવાના કારણો શું છે? સી અને ડી ગ્રેડની અંદર જે સ્કૂલો આવેલી છે, એમાં શિક્ષકોની કેટલી ઘટ છે એટલે કે કેટલી ખાલી જગ્યાઓ છે? આ નબળી શાળાઓ જે બતાવી છે એમની ગુણવત્તા સુધરે તે માટે સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જે શાળાઓ નબળી છે એમાં ખેડામાં નબળી ૧૯૦, અતિશય નબળી ૭૨ છે અને આણંદ જિલ્લામાં નબળી ૮૮ અને અતિશય નબળી ૪૧ શાળાઓ છે, નબળી રહેવાનું કારણ તો સ્વાભાવિક વાત છે કે એ ગામની સામાજિક સ્થિતિ, આર્થિક સ્થિતિ આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને એની નબળાઇની સ્થિતિ રહેતી હોય છે. આ

સ્થિતિને સુધારવા માટે રાજ્ય સરકારે ગુણોત્સવનો કાર્યક્રમ કર્યો છે, પહેલાં તો આપણને ખબર જ નહોતી કે કઇ શાળા સારી છે, કઇ શાળા મધ્યમ છે અને કઇ શાળા નબળી છે. રાજ્ય સરકારે જ્યારે ગુણોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો ત્યારે આપણા ધ્યાનમાં આવ્યું કે આ શાળા સારી છે અને પેલી શાળા નબળી છે તો સારીને વધારે સારી બનાવવા માટે રાજ્ય સરકારે પ્રયત્ન કર્યા, નબળીને તે ઓછી નબળી બને તે માટેના પ્રયત્નો કર્યા. ગુણોત્સવમાં એના પરિણામો પણ આપણા ધ્યાન પર આવ્યા છે હું ઉદાહરણ સાથે જો કહું તો ૨૦૧૪–૧૫માં આણંદ જિલ્લામાં સી ગ્રેડમાં ૭૮ શાળાઓ હતી, રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે એ ૭૮માંથી બીજે વરસે માત્ર ૧૦ જ રહી અને ડી ગ્રેડની ૩૪ શાળાઓ હતી એ ૭ રહી. ખેડા જિલ્લામાં ૨૦૧૪–૧૫માં સી ગ્રેડમાં ૧૭૯ હતી, તે ૨૦૧૫–૧૬માં માત્ર ૧૧ જ રહી આટલું સારું પરિણામ છે અને ડી ગ્રેડમાં ૫૨ હતી એ ૨૦ રહી. એટલે ક્રમશઃ એમાં સુધારો કરવાનો રાજ્ય સરકાર પ્રયત્ન કરે છે. એના પરિણામો મળી રહ્યા છે. બીજી વાત થઇ શિક્ષકોની તો આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. શિક્ષકોને લીધે આ થયું છે એમ કહી શકાય નહિ એના અનેક કારણો હોય છે અને એ કારણોનો ઉપાય આ રાજ્ય સરકાર કરી રહી છે.

શ્રી અમિત અ. ચાવડા :માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં કેટલાય વરસોથી આપણી સરકારી શાળાઓની ગુણવત્તા, ભૌતિક સુવિધાઓ નબળી હોવાના કારણે ખાનગી શાળાઓ તરફ લોકોનું આકર્ષણ વધ્યું છે એ ચિંતાનો વિષય છે. અહીંયા જે કારણ આપવામાં આવ્યું કે કોઇ સામાજિક કે આર્થિક કારણોસર શિક્ષણની ગુણવત્તા નબળી રહેવાનું કોઇ માનવાને કારણ નથી, પણ ખાસ કરીને જે શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો નથી અને એને કારણે બાળકોના શિક્ષણની ગુણવત્તા નબળી થાય છે તો સરકાર આ બન્ને જિલ્લામાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની જગ્યા ખાલી છે એ જણાવે અને સાથે સાથે તાત્કાલિક આ જગ્યાઓ ક્યારે ભરવા માગો છો જેથી કરીને આ ગુણવત્તા સુધરે અને ગુણોત્સવનો જે હેતુ છે એ બર આવે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : આ પ્રશ્ન ગુણોત્સવની અંદર મેળવેલા પરિણામનો છે. મહેકમનો નથી. જો સભ્યશ્રી મહેકમનો બીજો પ્રશ્ન પુછશે તો હું જરૂર એનો જવાબ આપીશ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે એ જાણવા માગું છું કે અહીંયા નબળી અને અત્યંત નબળી શાળાઓ આણંદ જિલ્લામાં આવેલી છે તેની વિગત જણાવેલી છે અહીંયા આણંદ અને ખેડા જિલ્લાનો સવાલ છે એટલે એનો જવાબ આપેલો છે પણ રાજ્યમાં આવી ઘણી બધી શાળાઓ છે, જેમ અમીતભાઇએ કહ્યું કે ગણિત વિજ્ઞાનના શિક્ષકો, એ જ રીતે રાજ્યની અંદર જે કેળવણી નિરીક્ષકો જોઇએ એ પણ પૂરતા પ્રમાણમાં નથી. તાલુકા વિકાસ અધિકારીઓ પણ આવી શાળાઓનું રેન્ડમ ચેકીંગ કરતા હોય છે. શિક્ષકોને બીજા કામો પણ આપણે સોંપીએ છીએ એટલે મારું કહેવાનું એ છે કે શિક્ષકોને માત્ર શિક્ષણનું જ કામ સોંપવું જોઇએ એટલે આવી નબળી શાળાઓને સારી શાળાઓની હરોળમાં લાવવા માટે સરકારે શું ઠોસ પગલાં લીધાં?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જે નબળી શાળાઓ છે એને સારી શાળાઓની હરોળમાં લાવવા માટે ગુણોત્સવમાં જે આપણા ધ્યાનમાં આવ્યું કે આ શાળાઓ પ્રમાણમાં નબળી છે. તો એના ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણકાર્ય અને તેનું સુચારું અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવ્યું. વાચન, લેખન અને ગણનમાં પ્રાથમિક શાળાઓમાંથી ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવ્યા. મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે, ગુણોત્સવનો કાર્યક્રમ એ માત્ર પ્રત્યેક શાળાનું જ ગ્રેડેશન નથી કરતો. પરંતુ રાજય સરકારની ૧ થી ૮ ધોરણમાં ભણતાં પ્રાથમિક શાળાના પ્રત્યેક વિદ્યાર્થીનું ગ્રેડેશન કરવામાં આવે છે. તેમાં જે બાળક ચાર ગુણ કરતા ઓછો ગુણ ધરાવતું હોય તે બાળકને વધારાનું કેવી રીતે રેમેડિયલ શિક્ષણ આપવું તેના પણ પ્રયત્નો કરે છે. શાળાઓમાં ભૌતિક સુવિધાની ઘટનો તાત્કાલિક નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરી તેમની જરૂરિયાત અનુરૂપ પરામર્શ કરી જરૂરી સહયોગ મેળવવામાં આવે છે. દરેક શાળામાં ફરજિયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરે તેના પર ખાસ ભાર મૂકવામાં આવે છે એવી રીતે વિવિધ પગલાંઓ લઇ અને આ શાળાનો ગ્રેડ વધારે સુધરે તે માટે રાજય સરકાર પ્રયત્ન કરે છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, ગુણોત્સવની અંદર જે અધિકારીઓ જાય છે તે શિક્ષણ સાથે સંકળાયેલા હોતા નથી પણ શિક્ષણ સુધારા માટે એક આખું તંત્ર છે. ડી.પી.ઓ, ટી.પી.ઓ, બીટ નિરીક્ષક આ બધા અને શિક્ષકો તો જે ગુણોત્સવ દરમિયાન જે સી કેટગરી, બી કેટેગરીની નબળી સ્કૂલો આવી તો એ જવાબદાર શિક્ષકો અને અધિકારીઓ સામે આપ પગલા ભરવા માગો છો કે કેમ ? અને જે સી ગ્રેડની છે તેને સુધારવા માટે સરકારશ્રીએ કયા પગલાં ભર્યા છે ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની જે ગુણવત્તાઓ હોય તેમાં માત્ર એકલો શિક્ષક જવાબદાર હોતો નથી. તેમ છતાં જે જગ્યાએ એમ લાગે કે આમાં શિક્ષકની જવાબદારી છે ત્યાં આ વર્ષથી તેની નોંધપોથીની

અંદર તેનો ગ્રેડેશનનો નંબર અને ઓનલાઇન તે શાળાનું અને તે શિક્ષકની નોંધ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જેથી તેને ફિલ થાય કે મારા કારણે આ શાળાનું ગ્રેડેશન નીચે આવેલ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય લોકોને પણ મોકલવામાં આવે છે તે તો સમાજનું સદભાગ્ય છે કે આ સમાજનો કલેક્ટર, એસ.પી. એ શિક્ષણની ચિંતા કરે છે એ નરેન્દ્રભાઇએ બધાને જોતર્યા કે આ કામ, બધી બાબતોમાં રાજકીય અવલોકન ના થાય. આ કહેવામાં આવ્યું કે ડી.પી.ઓ., છે ડી.ઇ.ઓ. છે તેની સંખ્યા મર્યાદિત છે અને શાળાઓની સંખ્યા વધારે છે અને આ કામ છે તે સૌનું કામ છે અને સૌના કામમાં સૌ જોડાય એ હેતુથી નરેન્દ્રભાઇએ બધાને સામેલ કર્યા છે. અને આ સરકાર એવી સરકાર છે સમાજની માનસિકતા તમે જુઓ હું મારી ભૂલ શોધુ નહીં, આ માણસને ઇશ્વરે આપેલી દેન છે પણ આ સરકાર એવી છે કે પોતાની ભૂલ શોધવા માટે નીકળી છે. આ મારા સાથીએ કહ્યું છે તેમાં મારો આટલો ઉમેરો હતો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડા જિલ્લાનો છું એટલે મોટાભાગે પ્રશ્ન પૂછતો નથી પણ શિક્ષાને ભાવિ પેઢી સાથે સંકળાયેલું છે એટલે તેમાં રાજકારણ ના હોય. આ ગુણોત્સવ, રમતોત્સવ એ પાર્ટીના અને વ્યકિતના માર્કેટીંગ માટે છે વિદ્યાર્થીઓ માટે નહીં. અને આપ મારી સાથે આવો આપના વિસ્તારમાં કે મારા વિસ્તારમાં ૬ઠ્ઠા, ૭મા, ૮મા કે ૯મા ધોરણમાં ભણતો વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને અંગ્રેજીમાં એક શબ્દ પૂછીએ, ગણિતમાં બે ભાગાકાર,ગુણાકાર પૂછીએ અને જો સાચો જવાબ આજે પણ મળતો નથી અને ઘણાં બધા એવા હોય છે અને શિક્ષકોને શિક્ષણનું કામ તો કરવાનું જ નથી પબ્લિક ભેગી કરવાનું કામ આપણે સોંપતા હોઇએ છીએ. પ્રવાસી શિક્ષકનું નવું કયાંકથી આપે કાઢયું છે તો કમ સે કમ શિક્ષકો શિક્ષણનું જ કામ કરે ગણિત વિજ્ઞાન અને અંગ્રેજી એ તો બેઝ છે તેમાં પૂરો સ્ટાફ હોતો નથી એ તો સ્વીકારો. નાના પ્રાયમરીમાં નહીં છેક હાયર  સુધી આવી હાલત છે. પ્રમાણિકતાથી છાતી ઉપર હાથ રાખીને બજેટના વધારે રૂપિયા અહીંયા આપવા જોઇએ શિક્ષણનું સ્તર ઉપર જાય તો ભાવિ  પેઢીને તેનાથી લાભ છે એટલા માટે કમસે કમ જે કંઇ હોય એ સ્વીકારવું જોઇએ અને શિક્ષકોને શિક્ષણનું કામ કરવુ જોઇએ અને શિક્ષણનું સ્તર ઉપર આવે એવી મારી આપને વિનંતી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાએ પણ સ્વીકારવું જોઇએ કે જયારે ૨૦૦૨–૦૩માં પ્રવેશ મહોત્સવ શરૂ થયો ત્યારે આ સમાજના ૭૫ ટકા બાળકો શાળાએ જતાં હતા ૨૫ ટકા બાળકો શાળાએ જવાની ઉંમરે ખેતરમાં જતા હતા, ચાની લારી ઉપર જતા હતા, બસ સ્ટેન્ડ ઉપર જતા હતા, રેલ્વે સ્ટેશન ઉપર જતા હતા. કૉંગ્રેસના રાજમાં એ આ રાજ્ય દેન છે. અને એ રેકર્ડ ઉપર તપાસી લો. હું સ્વીકારું છું તો આપ પણ સ્વીકારો. બીજું કે અત્યારે ૭૫ ટકા નામાંકન છે. એ કાર્યક્રમો પ્રસિદ્ધિ માટે થતા નથી પણ લોકજાગૃતિ માટે થાય છે. આજે હું તમને કહું કે, એ ૭૫ ટકા નામાંકનમાંથી  આજે ૯૯ ટકા છે એ પણ આપણે સ્વીકારવું પડે. શાળાએ જતા બાળકો શાળા છોડી દે છે એ આપણી ગંભીર સમસ્યા છે. ૩૭ ટકા બાળકો ૧ થી ૭ ધોરણનો અભ્યાસ કરે એટલે છોડી દેતા હતા અને ૨૦ ટકા બાળકો ૧ થી ૫ ધોરણનો અભ્યાસ કરી શાળા છોડી દેતા હતા. (અંતરાય) એ પણ એક ગંભીર સમસ્યા છે. આવી ગંભીર સમસ્યાની વાત કરું છું ત્યારે તમે ગંભીરતાથી સાંભળી પણ શકતા નથી અને આ રેકર્ડ ઉપર છે. માનનીય અધ્યક્ષશ્રી આપ પણ તેના સાક્ષી છો. નામાંકન ૭૫ ટકા હતું જે આજે ૯૯ ટકા થઇ ગયું છે એ પણ યુ.પી.એ.ની સરકારે કબૂલ કરવું પડે કે આ કામ સારું થયું છે. મેં ૨૦ ટકા અને ૩૭ ટકાની જે વાત કરી એમાં આ કાર્યક્રમ દ્વારા જાગૃતિ આવી અને ૨૦ ટકાના આજે ૨ ટકા અને ૩૭ ટકાના ૭ ટકા થયા છે. આમાં કાંઇ છુપાવવાનું નથી. તમે રેન્ડમ Third party Inspection કરાવી શકો છો. ખોટું બોલવાનો અમારો ભાવાર્થ નથી. આખા દેશમાં કન્યા કેળવણીનો રેટ ૯ ટકા અને ગુજરાતમાં ૧૧ ટકા વધ્યો એ આ પ્રયત્નોના કારણે વધ્યો છે. આ બધા આંકડા Sourcesના આંકડા છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : મહેરબાની કરીને તમે બેસી જાવ. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કોઇ સવાલ પૂછે તો મારે જવાબ તો આપવો જ પડે. એટલે આ દેખાડો નથી, પ્રસિદ્ધિ નથી અને જે રાજ્ય સરકારના કાર્યક્રમો હોય એમાં મુખ્યમંત્રીના ફોટા ન છપાય એવું તો કાંઇ બનતું હશે. કોઇને ગમે કે ના ગમે ફોટા તો છપાય જ. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તક આપો.

અધ્યક્ષશ્રી : તમને પછી તક આપીશું. (સતત અંતરાય) પરેશભાઇ ઠાસરાનો પ્રશ્ન છે. એ જિલ્લાના લોકોને મહત્ત્વ આપીએ છીએ. તમે વિરોધપક્ષના નેતા ઊભા થયા ત્યારે પણ આપ ઊભા હતા. એ બરાબર નથી. મહેરબાની કરીને આપનું સ્થાન લો. પછી તમને તક આપીશું.

### અમદાવાદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો

* ૩૧૨૧૭ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી(રાજયકક્ષા)  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં  તાલુકાવાર કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં  નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.<br>(સંખ્યા) |

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ |
|---|---|---|---|
| ૧ | બાવળા | ૮૫૫ | ૪૪૧ |
| ૨ | દશક્રોઇ | ૧૫૮૫ | ૩૭૨૩ |
| ૩ | દેત્રોજ | ૨૮૭ | ૩૯૧૦ |
| ૪ | ધંધુકા | ૨૦૧૨ | ૧૬૧૦ |
| ૫ | ધોળકા | ૧૪૧૭ | ૧૨૫૦ |
| ૬ | માંડલ | ૧૩૪૨ | ૨૧૨૬ |
| ૭ | સાણંદ | ૧૧૮૮ | ૧૩૭૮ |
| ૮ | વિરમગામ | ૮૩૫ | ૨૭૦૯ |
| | કુલ | ૯૫૨૧ | ૧૭૧૪૭ |
| ૧ | બરવાળા | ૬૨૯ | – |
| ૨ | રાણપુર | ૮૨૯ | – |
| | કુલ | ૧૪૫૮ | – |
| | એકંદરે કુલ | ૧૦૯૭૯ | ૧૭૧૪૭ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) તે પૈકી નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(`. લાખમાં)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ |
|---|---|---|---|
| ૧ | બાવળા | ૬૭.૪૫ | ૫૨.૯૨ |
| ૨ | દશક્રોઇ | ૧૬૩.૭૪ | ૪૪૬.૬૯ |
| ૩ | દેત્રોજ | ૨૬.૪૫ | ૪૬૧.૩૬ |
| ૪ | ધંધુકા | ૨૨૫.૨૩ | ૧૯૨.૯૮ |
| ૫ | ધોળકા | ૯૦.૧૨ | ૧૫૦.૦૦ |
| ૬ | માંડલ | ૧૫૮.૨૩ | ૨૫૫.૧૨ |
| ૭ | સાણંદ | ૮૨.૭૭ | ૧૬૫.૩૬ |
| ૮ | વિરમગામ | ૮૪.૫૧ | ૩૨૫.૦૦ |
| | કુલ | ૮૯૮.૫૦ | ૨૦૪૯.૪૩ |
| ૧ | બરવાળા | ૫૧.૯૦ | – |
| ૨ | રાણપુર | ૮૩.૩૫ | – |
| | કુલ | ૧૩૫.૨૫ | – |
| | એકંદરે કુલ | ૧૦૩૩.૭૫ | ૨૦૪૯.૪૩ |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ભારતના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપવા છે. એમણે સાચા અર્થમાં સાબિત કરી બતાવ્યું છે કે મેરા દેશ બદલ રહા હૈ. આગે બઢ રહા હૈ. સ્વચ્છ ભારત મિશન દ્વારા એમણે દેશને જે આહવાન કર્યું અને એનો પડ્યો બોલ એ આખા દેશે ઝીલી લીધો. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે , ૨૦૧૫–૧૬ના વર્ષમાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. અને કેટલા એ.પી.એલ. કુટુંબોને વ્યક્તિગત શૌચાલયો આપવામાં આવ્યા છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે મનમાં વિચારીએ તો કામ નાનુ લાગે કે શૌચાલય, માનનીય અધ્યક્ષશ્રી, હું તો એમ કહું છું કે, આ દેશના વડાપ્રધાનશ્રીને મનમાં વિચાર આવ્યો અને સમગ્ર દેશની અંદર જે શૌચાલયનું કામ ઉપાડ્યું છેને સમાજ માટે અને મહિલાઓ જે સમસ્યા હતી એ સમસ્યા દૂર કરવા માટેનું ભારત સરકારે અને દેશના વડાપ્રધાને સારી કામગીરી કરી છે.

માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે, ૨૦૧૫ અને ૨૦૧૬માં બી.પી.એલ. અને એ.પી. એલ. તાલુકાવાઇઝ કેટલા બનાવવામાં આવ્યા? માનનીય અધ્યક્ષશ્રી, બાવળા તાલુકામાં બી.પી.એલ. ૧૫૮ પછી બીજો શબ્દ બોલું છું એ.પી.એલ. ૬૯૩, એ જે રીતે દશક્રોઇની અંદર ૪૩ અને ૧૪૯૮, દેત્રોજની અંદર ૧૫ અને ૨૭૨, ધંધુકાની અંદર ૭૮૬ અને

૧૨૨૬, ધોળકામાં ૨૭૩ અને ૧૧૪૪, માંડલની અંદર ૪૮૧ અને ૮૬૧, સાણંદની અંદર ૬૬ અને ૧૧૨૨, વિરમગામની અંદર ૨૯૫ અને ૫૪૦, બરવાળાની અંદર ૨૬ અને ૫૮૭, રાણપુરની અંદર ૧૦૭ અને ૭૨૨ અને ૨૦૧૬ની અંદર બાવળાની અંદર જીરો અને ૪૪૧, દશક્રોઇની અંદર ૫૪ અને ૩૬૬૯, દેત્રોજની અંદર ૨૦૫૧ અને ૧૮૫૯, ધંધુકાની અંદર ૯૯૬ અને ૬૧૪, ધોળકામાં ૫૬ અને ૧૧૯૪, માંડલની અંદર ૯૨૦ અને ૧૨૦૬, સાણંદની અંદર ૧૭૬ અને ૧૨૦૨, વિરમગામની અંદર ૧૦૬૪ અને ૧૬૪૫, એમ ટોટલ ૫૩૧૭ અને ૧૧૮૩૦ બનાવ્યા છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સારી બાબત છે કે ૨૬૬૬૮ શૌચાલય બન્યા, પણ માનનીય અધ્યક્ષશ્રી, જયારે કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર હતી ત્યારે પણ નિર્મળ ભારત યોજના હતી જ અને અત્યારે તમે વધુ ધ્યાન આપ્યું એ ગુજરાત માટે સારી બાબત છે પણ જે ગુણવત્તાસભર શૌચાલય બને એ જોવું ખૂબ જરૂરી છે અને ઓડીએફ જાહેર કરવાની ઉતાવળમાં ઘણીવાર હજી ઘણા તાલુકાઓમાં શૌચાલયો બનાવવાના બાકી છે, પણ ઓડીએફ જાહેર કરી દેવાથી બાકી રહી ગયા હોય એમને ન્યાય મળતો નથી તો બાકી રહેલાઓના શૌચાલયો બનાવવા માગો છો કે નહીં, અને ગુણવત્તા જળવાઇ રહે એના માટે ભ્રષ્ટાચાર ન થાય એના માટે તમે શું તકેદારી રાખો છો?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકો જે ગામ જે જિલ્લાને અમે ઓડીએફ જાહેર કરીએ છીએ એની અંદર એક ટીમ સો ટકા તપાસ માટે અમે સોંપી દઇએ છીએ કે કોઇ ગામમાં કે કોઇ તાલુકામાં જે બાકી હોય અને એમાં હું એવો દાવો નથી કરતો, કોઇ ગામની અંદર એક બાકી હશે. સાહેબ, અમારી એ કરવાની સંપૂર્ણ જવાબદારી છે અને જે તમામ સર્વે આવ્યા પછી એની અંદર સો ટકા અમે પરિણામ લાવવા માટે આજે સક્ષમ પણ છીએ અને સો ટકા કામગીરી કરીએ છીએ અને ભારત સરકારની એજન્સી અને બધી બાબત અમે બે વખત ચેક કરીએ છીએ. કોઇ ગામ હોય કોઇ તાલુકો હોય અમે એવું નથી કહેતા, પણ બહેન, તમે આજે મને બતાવી શકો કે આ ગામમાં બાકી છે પણ અમારી તપાસ એજન્સી હજી ત્યાં જશે અને કોઇને બાકી રાખવા માગતા જ નથી છતાંય એમ કહ્યું કે, ગુણવત્તાસભર અંગેનો બહેને સવાલ કર્યો છે તો બહેન, મારે આપને વિનંતી છે કે, કોઇ આપના ધ્યાને આવે, કોઇપણ બાબત ખરાબ થઇ હોય, ભ્રષ્ટાચાર ક્યાંય થયો હોય તો સો ટકા આ સરકાર અને માનનીય મુખ્ય મંત્રીશ્રી એમાં સક્ષમ છે અને કોઇ પણ સામે પગલાં લેતા ક્યારેય અચકાતા નથી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ટાર્ગેટ પૂર્ણ કરવા માટે આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ એ સારી બાબત છે પરંતુ જે શૌચાલય બનાવીએ છીએ એની સ્ટાન્ડર્ડ સાઇઝ નથી. ૩×૩ ફૂટ અને ૩ ફૂટનો જ ખાડો કરે છે એના લીધે પરિસ્થિતિ એ થવાની કે લાંબાગાળે ચોમાસામાં મળ અને પાણી ભેગું થવાનું અને તેનાથી ખૂબ જ રોગચાળો ફાટી નીકળશે એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જે ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ ફૂટના જ ખાડા કરે છે અને અમે આ જાતે જોયેલું છે અને એટલે કહું છું કે મારી વિનંતી છે કે આ ચેક કરાવો અને સ્ટાન્ડર્ડ સાઇઝ પ્રમાણે કરાવો એટલી મારી વિનંતીછે.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે એના પહેલાં ભારત સરકાર સંપૂર્ણ પણે અને આ શોષ ખાડા ક્યારે આવ્યા એ માનનીય સભ્યશ્રીને ખબર હશે, ભારત સરકારના ધ્યાનમાં આવ્યું કે ક્યાંયને ક્યાંય આ મળમાં બધી બાબતોમાં એક શોચ ખાડામાં મુશ્કેલી થાય છે અને એ ખાલી કરવો હોય અને ગમે તે હોય એના માટે બે શોચ ખાડાની યોજના ભારત સરકારે જાહેર કરી. અને સંપૂર્ણપણે અમે બે સોર્સ ખાડા બનાવીએ છીએ એ પછી કોઇ જગ્યાએથી ફરિયાદ નથી આવી. તેમ છતાં આપના ધ્યાનમાં કોઇ ફરિયાદ આવે તો અમને આપજો. ૩ બાય ૩ નું અમારી ડિઝાઇન મુજબનું શૌચાલય બને છે અને એ ડિઝાઇન મંજૂર કરેલ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : એક માનવતાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આ શૌચાલયો બનાવવાનું થઇ રહ્યું છે. હું મારા વિસ્તારના ગરીબ જનતાની વાત કરું, કે શ્રમજીવી પરિવારોની વાત કરું તો એમને ત્યાં શૌચાલયો બને છે એનાથી એ લોકો ખૂબ જ ખુશ છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારક છે એને શૌચાલય બનાવી આપવામાં આવે છે. પરંતુ જેની પાસે એ.પી.એલ. કે બી.પી.એલ. કાર્ડ નથી એને શૌચાલય બનાવી આપવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ શૌચાલયની યોજના ૧૨૦૦૦ રૂપિયાની છે. બી.પી.એલ. હોય કે એ.પી.એલ. માં આદિવાસી સો ટકા, દલિત સો ટકા, નાના ખેડૂતો સો ટકા, મજૂરી કરત હોય અને બિન ખાતેદાર હોય એ સો ટકા, જે પરિવારમાં ફકત મહિલા જ કમાનાર હોય એનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જે ઘરમાં કોઇ કમાનાર ન હોય એને પણ બાર હજાર રૂપિયાની સહાય આપીએ છીએ. આ રીતે મોટા ભાગનાને આપણે આવરી લીધા છે. તેમ છતાં કોઇ એ.પી.એલ. માં કે કોઇ બી.પી.એલ.માં ન આવતા હોય અને એ.પી.એલ. હોય તો એને આઠ હજાર રૂપિયાની સહાય આપીએ છીએ.

શ્રી ગોવાભાઇ હ. રબારી : સરકાર શૌચાલયો બનાવી આપે છે એ ખૂબ સારું કામ છે. પરંતુ એમાં બે ખાડા બનાવવામાં આવે છે એ ભૌગોલિક દ્રષ્ટિએ બધા વિસ્તારોમાં અનુકૂળ નથી. આપણે ડિઝાઇન બનાવીને આપી છે એ વાત સાચી છે. ત્રણ ફૂટ ખાડા બનાવીએ છીએ એ જો વ્યકિત રોજ વાપરે તો છ મહિના કે બાર મહિનામાં ભરાઇ જાય તો એને ખાલી કરવા માટે દરેક પંચાયતને વેકયુમ આપવું જોઇએ જેથી એ સાફ કરી શકે. રોજ જો ઉપયોગ કરવામાં આવે તો છ મહિના કે આઠ મહિનામાં બંને ખાડા ભરાઇ જવાના અને ગામમાં મોટો રોગચાળો ફાટી નીકળશે તેથી દરેક પંચાયતને સરકાર વેકયુમ આપવાની જોગવાઇ કરવા માંગે છે કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય સભ્યશ્રીએ વેકયુમની વાત કરી એ એમનુ સૂચન છે. હું સભ્યશ્રીનું બીજી બાબત તરફ ધ્યાન દોરીશ કે બે સોર્સ ખાડા કરવાનો ભારત સરકારનો ઉદ્દેશ એ જ હતો કે એક ખાડો ભરાઇ જાય તો બીજામાં ચાલુ થાય અને પહેલો ખાડો ખાલી કરી શકાય. મારે સભ્યશ્રીને કહેવું છે કે જે વિસ્તારમાં સોર્સ ખાડા બનાવવામાં મુશ્કેલી પડતી હોય, હાર્ડ મોરમ હોય, પથ્થર હોય ત્યાં અમારા નિયામકશ્રીને કહ્યું છે કે એવા વિસ્તારમાં વધારાનો ખર્ચો થાય તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક કમિટી બનાવી છે. પથરાળ વિસ્તારમાં વધારાના ત્રણ હજાર રૂપિયાનો ખર્ચ થાય તો એ આપવાનો રાજય સરકારે નિર્ણય લીધો છે.

### ગાંધીનગર જિલ્લામાં વિજ્ઞાન મેળાનું આયોજન

* ૩૧૪૬૪ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ વિજ્ઞાન ક્ષેત્રે પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન મેળાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા.

**પ્રશ્ન**

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત મેળાનું આયોજન ગાંધીનગર જિલ્લામાં ક્યારે કરવામાં આવેલ હતું,

**જવાબ**

(૨)

| વર્ષ | કક્ષા | સમયગાળો |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | પ્રાથમિક વિભાગ | ૦૭–૦૯/૧૦/૧૫ |
| | માધ્યમિક/ઉ. માધ્યમિક વિભાગ | ૧૪–૧૬/૧૦/૧૫ |
| ૨૦૧૬–૧૭ | પ્રાથમિક વિભાગ | ૦૪–૦૬/૧૦/૧૬ |
| | માધ્યમિક/ઉ. | ૨૪–૨૬/૧૦/૧૬ |

**પ્રશ્ન**

(૩) તેમાં જિલ્લાની કેટલી શાળાઓ એ ભાગ લીધો હતો, અને

**જવાબ**

(૩)

| વર્ષ | કક્ષા | સમયગાળો | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૫–૧૬ | પ્રાથમિક વિભાગ | ૦૭–૦૯/૧૦/૧૫ | ૪૫ |
| | માધ્યમિક/ઉ. માધ્યમિક વિભાગ | ૧૪–૧૬/૧૦/૧૫ | ૫૪ |
| | | કુલ | ૯૯ |
| ૨૦૧૬–૧૭ | પ્રાથમિક વિભાગ | ૦૪–૦૬/૧૦/૧૬ | ૪૩ |
| | માધ્યમિક/ઉ. માધ્યમિક વિભાગ | ૨૪–૨૬/૧૦/૧૬ | ૬૦ |

**પ્રશ્ન**

(૪) ઉક્ત વિજ્ઞાન મેળામાં મુખ્યત્વે કઇ બાબતોનો સમાવેશ થાય છે?

**જવાબ**

(૪)

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં સમાવેશી વિકાસ માટે વિજ્ઞાન અને ગણિત

(૨) વર્ષ ૨૦૧૬–૧૭ માં રાષ્ટ્ર નિર્માણ માટે વિજ્ઞાન, તકનિકી અને ગણિત

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવે છે. એમાં મારે જાણવું છે કે રાજયમાં વિજ્ઞાન અને ગણિતના પ્રદર્શનની શરૂઆત કયારથી કરવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાએ કેટલી કૃતિઓ પસંદ કરવામાં આવી છે. આવા પ્રદર્શનોથી વિદ્યાર્થીઓ અને અન્ય સમાજ ઉપર શું અસર થાય છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : બાળકો પોતાના શરૂઆતના જીવનથી ઇનોવેશન પ્રત્યે જાગૃત થાય અને વિજ્ઞાન અને

શિક્ષણ પ્રત્યે અભિમુખ થાય, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે એના માટે વિજ્ઞાન મેળાઓનું આયોજન કરવામાં આવે છે. સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન કર્યો કે વિજ્ઞાન મેળાની શરૂઆત કયારથી થઇ તો સૌ પ્રથમ ૧૯૬૯માં વલસાડ જિલ્લામાં આ વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. અને છેલ્લા ત્રણ–ચાર વર્ષથી રાજ્ય કક્ષાના પ્રદર્શનમાંથી ૧૦થી ૧૫ કૃતિઓ રાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શન માટે પસંદ થાય છે. તેમનો જે ત્રીજો પ્રશ્ન હતો કે સમાજ ઉપર શું અસર થાય છે? તો આ પ્રકારના પ્રદર્શનો દ્વારા જિલ્લાના વિદ્યાર્થીઓને પોતાના વિચારો રજૂ કરવાની તક પ્રાપ્ત થાય છે. અન્ય વિદ્યાર્થીઓ સાથે આદાન–પ્રદાન કરવાની તક મળે છે. મોડલ તૈયાર કરવા માટે જરૂરી સંદર્ભોનો અભ્યાસ કરવો, અન્ય વિદ્યાર્થીઓ–શિક્ષકો સાથે ચર્ચા કરવી. ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા માહિતી એકત્ર કરવી જેવી અનુભવજન્ય પરિસ્થિતિમાંથી બાળક જયારે પસાર થાય છે ત્યારે તેને કોઇને કોઇ વ્યક્તિઓ સાથે, શિક્ષકો સાથે, તેમના વાલીઓ સાથે કે તેમના મિત્રો સાથે આદાન–પ્રદાન કરવાનું થતું હોય છે એવી રીતે આની સમાજ ઉપર વ્યાપક પ્રમાણમાં અસર થતી હોય છે.

### છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં શરતભંગ કેસો

* ૩૨૨૭૩ : શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં શરતભંગના કેટલા કેસો થયા અને તે અન્વયે કેટલા ખાતેદારોની કેટલી જમીનમાં 'સરકાર' દાખલ કરવામાં આવી

(૨) ઉક્ત શરતભંગના કેટલા કેસોમાં જમીન ઉપર ઉક્ત સ્થિતિએ સરકારનો કબજો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સરકારને કબજો ન મળ્યો હોય તેવા કેટલા કેસ છે અને સરકારને કબજો ન મળવાના કારણો શું છે?

**જવાબ**

(૧)

| છોટા ઉદેપુર | વડોદરા | | |
|---|---|---|---|
| શુન્ય | શરતભંગના કેસોની સંખ્યા | ખાતેદારોની સંખ્યા | જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
| | ૧૦૮ | ૪૫૧ | ૧૧૨–૭૦– |

(૨)

| છોટા ઉદેપુર | વડોદરા |
|---|---|
| પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | ૪૮ |

(૩)

| છોટા ઉદેપુર | વડોદરા | |
|---|---|---|
| પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | કબજો મળેલ ન હોય તેવા કેસોની સંખ્યા | કારણ |
| | ૬૦ | કબજો લેવાની નિયમોનુસારની કાર્યવાહી ચાલુમાં હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો |

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વડોદરા જિલ્લાનો એને છોટા ઉદેપુર જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો હતો. છોટા ઉદેપુર જિલ્લામાં શૂન્ય બતાવ્યું છે અને વડોદરા જિલ્લામાં શરતભંગના ૧૦૮ કેસ થયેલા છે. તેમાં ખેડૂતોની સંખ્યા ૪૫૧ અને ૧૧૨ હેકટર જેવી જમીન આ શરતભંગ થયેલી છે. તેમાં ખાલી ૪૮ કેસમાં સરકારે તેનો કબજો મેળવ્યો છે. કેટલા કેસોમાં કબજો મેળવવાનો બાકી છે? આ શરતભંગનો કબજો સરકારે ન મેળવવાના કારણો છે એ જમીન માફીયાઓ છે. એટલા માટે સરકાર દ્વારા ૬૦ શરતભંગના કેસોમાં જમીન આજે પણ લેવાઇ નથી. તો એ લેવા માટે સરકાર કોઇ નક્કર આયોજન કરવા માંગે છે? કારણ કે આમાં ઘણી જમીન આદિવાસીઓની છે. તો આદિવાસીઓની જમીનમાં શરતભંગના કેસ છે તેનો વહેલામાં વહેલી તકે કબજો લેવા માંગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કોઇ પણ માફીયા હોય, એ જમીન માફીયા હોય કે ખાણ માફીયા હોય. કોઇ પણ ચમરબંધીને આ સરકાર ચલાવી લેવા માગતી નથી કે આંખ આડા કાન કરવા માગતી નથી. અહીં ૬૦ કેસોનો હિસાબ માગ્યો છે. પ્રશ્ન તેમણે ૩૧–૧૨–૧૬નો પૂછ્યો છે, પણ પ્રશ્ન પૂછાયા પછીની જે પ્રોગ્રેસ થઇ હોય તેમાં આજની સ્થિતિએ ૨૫ કેસોમાં કબજો સંભાળી લીધો છે. બાકીના ૩૫ કેસોમાં અપીલની સુનાવણી અત્યારે ચાલી રહી છે. એટલે કાર્યવાહી ચાલુ છે અને માનનીય ધારાસભ્યશ્રી કોઇ વિગત ધ્યાન ઉપર મૂકશે તો અમે તેને ગંભીરતાથી લઇને તેની કાર્યવાહી કરીશું.

## અતારાંકિત પ્રશ્નો

| | | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| | | ૩ | ૮ | ૫ | ૨ | ૩ | ૦ |
| | | ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | કુલ | ૧૦ | ૬ | ૩ | ૩ | ૦ |
| | તમામ તાલુકાઓનું | કુલ | ૯૯ | ૫૪ | ૨૦ | ૩૪ | ૦ |

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

ભાવનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી માટેની અરજીઓ

* ૩૧૪૩૩ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં ભાવનગર જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) ૧૧૧. |
| (૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૩૧.૧૬ લાખ. |

---------

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબોને વ્યક્તિગત શૌચાલય બનાવવા ગ્રાન્ટની માંગણી

* ૩૧૧૪૯ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ ધરાવતા કુટુંબોમાં | (૧) સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ડિમાન્ડ વાઇઝ ગ્રાન્ટ મળે છે. આ યોજનામાં બેઝ લાઇન સર્વે ૨૦૧૨ મુજબ નોંધાયેલ કુટુંબોને વ્યક્તિગત |

વ્યક્તિગત શૌચાલય બનાવવા રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસેથી વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,

શૌચાલયના બાંધકામ પેટે પ્રોત્સાહક સહાય ચુકવવામાં આવે છે. જેથી બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ ધરાવતા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવા ગ્રાન્ટની કોઇ માંગણી કરવામાં આવતી ન હોઇ ગ્રાન્ટ માંગણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે પૈકી વર્ષવાર કેટલી રકમની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત રકમ વણ વપરાયેલ રહી હોય તો કારણો શું ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ડાંગ જિલ્લામાં ગેમ સેન્ચુરી અને નેશનલ પાર્ક વચ્ચે જંગલનું ખેડાણ

* ૩૧૦૪૭ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં આવેલ ગેમ સેન્ચુરી અને પાર્ક વચ્ચે ૧૦ કિ.મી. ના ક્ષેત્રમાં આવેલ કેટલી જંગલ સહકારી મંડળીઓને જંગલ ખેડવાની કામગીરી અપાઇ છે ?

જવાબ

૧ (એક).

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગૌચર

* ૩૧૦૬૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલાં ગામોમાં બિલકુલ ગૌચર નથી,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બિલકુલ ગૌચર નથી તેવા ગામો નીચે મુજબ છે.

| જિલ્લો | ગૌચર વિનાના ગામોની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૧૧૬ |
| સાબરકાંઠા | ૧૮૨ |

(૨) ઉક્ત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના મુખ્યત્વે શાં કારણો છે, અને

(૨) (૧) અરવલ્લી જિલ્લાના ઉક્ત ગામોમાં ગૌચર ન હોવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

(૧) મૂળથી જ ગૌચર ન હોવાથી.

(૨) સાબરકાંઠા જિલ્લાના ઉક્ત ગામોમાં ગૌચર ન હોવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

(૧) મૂળથી જ ગૌચર ન હોવાથી.

(૩) ઉક્ત ગામોમાં ગૌચર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઇ આયોજન કર્યું છે તથા જો હા તો તેની વિગતો શી છે ?

(૩) હા, જી. ગૌચરની જમીનમાં ઘટાડો ન થાય તે માટે મહેસુલ વિભાગના તા.૧–૪–૨૦૧૫ ના ઠરાવથી ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

---------

### મામલતદાર સંવર્ગના મહેકમ બાબત

* ૩૨૯૧૫ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં મામલતદારનું મંજૂર મહેકમ કેટલું છે,

જવાબ

(૧) ૫૪૨.

(૨) ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ મહેકમ પૈકી છેલ્લા

(૨) ૧૬૩ જગ્યાઓ ભરવામાં આવેલ છે અને ૩૦૫

બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જગ્યાઓ ખાલી છે.

(૩) તે ખાલી રહેવાના શા કારણો છે ?

(૩) નામ. હાઈકોર્ટે ખાસ દિવાની અરજી ક્રમાંકઃ ૪૮૦૦/ ૨૦૧૫ અને અન્ય સંલગ્ન પીટીશનોમાં મનાઈ હુકમ આપેલ. વધુમાં તા.૧૧-૦૧-૨૦૧૭ ના હુકમથી તા.૦૭-૦૨-૨૦૧૫ ના પરિપત્રથી પ્રસિદ્ધ થયેલ નાયબ મામલતદાર સંવર્ગની પ્રવરતાયાદી રદ કરવાનો હુકમ કરી નવેસરથી પ્રવરતાયાદી બનાવવા નિર્દેશ આપતા મામલતદાર સંવર્ગમાં બઢતીની જગ્યાઓ ભરી શકાયેલ નથી. વધુમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીની પ્રક્રિયા ચાલુ હોઈ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.

---------

## જામનગર જિલ્લામાં ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય

* ૩૧૯૯૫ શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય મેળવવા માટે તાલુકાવાર આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર (સીટી) | ૪૫૪૨ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૬૩૩ |
| ૩ | ધ્રોલ | ૩૧૦ |
| ૪ | જોડિયા | ૨૪૪ |
| ૫ | કાલાવડ | ૩૩૯ |
| ૬ | જામજોધપુર | ૩૦૦ |
| ૭ | લાલપુર | ૧૮૪ |
| | કુલઃ | ૬૫૫૨ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨) જોડાણ ૧ સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને તેના શા કારણો છે, અને

(૩) જોડાણ ૨ સામેલ છે.

(૪) ઉક્ત પડતર તમામ અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે ?

(૪) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને બેંક કક્ષાએ પડતર અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવે છે.

જોડાણ-૧

| અનુ. નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ કરેલ અરજીઓ | બેન્કો દ્વારા મંજુર કરેલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચુકવેલ સહાય (રકમ રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | જામનગર (સીટી) | ૨૩૨૫ | ૮૩૯ | ૧૨૦.૬૬ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૪૦૨ | ૧૯૪ | ૫૬.૭૨ |
| ૩ | ધ્રોલ | ૧૯૩ | ૯૫ | ૩૪.૪૭ |
| ૪ | જોડિયા | ૧૫૮ | ૭૩ | ૧૯.૪૨ |
| ૫ | કાલાવડ | ૨૨૦ | ૭૯ | ૩૧.૩૯ |
| ૬ | જામજોધપુર | ૨૬૧ | ૧૦૨ | ૨૨.૬૪ |
| ૭ | લાલપુર | ૧૦૭ | ૫૦ | ૧૬.૦૩ |
| | કુલઃ | ૩૬૬૬ | ૧૪૩૨ | ૩૦૧.૩૩ |

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

જોડાણ–૨

| અનુ. નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ | બેન્કો કક્ષાએ પડતર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | જામનગર (સીટી) | ૯૦ | ૪૦૨ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૨૭ | ૯૨ |
| ૩ | ધ્રોલ | ૧૩ | ૩૦ |
| ૪ | જોડિયા | ૨૨ | ૨૫ |
| ૫ | કાલાવડ | ૩૩ | ૪૦ |
| ૬ | જામજોધપુર | ૦૪ | ૮૦ |
| ૭ | લાલપુર | ૧૦ | ૨૦ |
| | કુલઃ | ૧૯૯ | ૬૮૯ |

અરજીઓ પડતર રહેવાના કારણો :

જિલ્લા ઉદ્યોગ કેંદ્ર કક્ષાએઃ

(૧) અરજદારની અરજીની વિગતો અધૂરી હોવાથી

(૨) અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબના સાધનિક કાગળો અધૂરા હોવાથી

(૩) અરજી બે નકલમાં ઓરીજનલ સહી સાથે આપેલ ન હોવાથી

(૪) અરજી સાથે ટીન નંબરવાળા ભાવપત્રકો ન હોવાથી

(૫) અરજદાર દ્વારા અરજી સાથે બિડેલ આધારો રૂબરૂ મુલાકાત સમયે ચકાસણી અર્થે અસલ સાથે લાવેલ ન હોવાથી

બેંક કક્ષાએઃ

(૧) અરજદાર/અરજદારના કુટુંબી બેંકના બાકીદાર હોવાથી

(૨) બેંકને ધંધો આર્થિક રીતે અર્થક્ષમ ન લાગતો હોવાથી

(૩) બેંકને જરૂરી ડોક્યુમેન્ટ( આધાર–પુરાવા) પુરા પાડેલ ન હોવાથી

(૪) અરજદાર અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી

(૫) આવા પ્રકારના ધંધામાં બેંકને વસુલાત આવતી ન હોવાથી

(૬) અરજદારને માત્ર સબસીડી લેવામાં જ રસ હોવાનું જણાતા

(૭) ધંધાનું સ્થળ યોગ્ય ન હોવાથી

(૮) અરજદારને પુરતો અનુભવ ન હોવાનું ધ્યાને આવવાથી

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ

* ૩૧૨૭૩ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની, વીજળી અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સુવિધાઓ કેટલા સમયમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) તમામ શાળાઓમાં પાણી તથા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. વીજળીની સુવિધા ન હોય તેવી ભાણવડ તાલુકાની ૩ પ્રાથમિક શાળાઓ છે.

(૨) આગામી વર્ષોમાં આ સુવિધા પુરી પાડવામાં આવશે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો

* ૩૧૮૨૯ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૭ ગોડાઉનો આવેલા છે. |
| (૨) તે ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ખંડ–૧ ની વિગતે ગોડાઉનની કુલ સંગ્રહ શકિત ૩૪૫૦ મે.ટન છે. |
| (૩) તે અન્વયે સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શુ આયોજન કરેલ છે? | (૩) વેરહાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ટર ફંડ પ્રોજેકટ–૨ હેઠળ જામખંભાળીયા અને જામકલ્યાણપુર એમ બંન્ને તાલુકામાં પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૪૦૦૦ મે.ટન સંગ્રહશકિત તા.૩૧–૦૩–૨૦૧૮ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે. |

---------

### આણંદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં વારસાઈ હક્કની અરજીઓ

* ૩૧૪૪૭ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૩૩૭૫ |
| પેટલાદ | ૨૨૮૩ |
| સોજીત્રા | ૮૯૦ |
| ખંભાત | ૧૭૧૦ |
| તારાપુર | ૭૮૧ |
| બોરસદ | ૩૦૧૪ |
| આંકલાવ | ૧૭૩૪ |
| ઉમરેઠ | ૧૩૮૮ |
| આણંદ(શહેર) | ૫૨ |
| કુલ | ૧૫૨૨૭ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, અને કેટલી નોંધો ના મંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| આણંદ(ગ્રામ્ય) | ૩૩૭૫ | ૨૯૪૧ | ૩૦૬ |
| પેટલાદ | ૨૨૮૩ | ૨૦૯૮ | ૧૩૩ |
| સોજીત્રા | ૮૯૦ | ૮૩૪ | ૩૮ |
| ખંભાત | ૧૭૧૦ | ૧૬૦૧ | ૧૦૯ |
| તારાપુર | ૭૮૧ | ૬૮૪ | ૭૩ |
| બોરસદ | ૩૦૧૪ | ૨૮૦૭ | ૧૨૦ |
| આંકલાવ | ૧૭૩૪ | ૧૬૫૯ | ૭૫ |
| ઉમરેઠ | ૧૩૮૮ | ૧૩૧૦ | ૫૦ |
| આણંદ(શહેર) | ૫૨ | ૪૭ | ૪ |
| કુલ | ૧૫૨૨૭ | ૧૩૯૮૧ | ૯૦૮ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શાં છે ?

(૩) નિયમાનુસાર ન હોવાથી

---------

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં ગૌચર વિનાના ગામો

* ૩૧૩૦૬ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલાં ગામોમાં બિલકુલ ગૌચર નથી,

(૨) ઉક્ત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ગામોમાં ગૌચર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઈ આયોજન કર્યુ છે તથા જો હા, તો તેની વિગતો શી છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બિલકુલ ગૌચર નથી તેવા ગામો નીચે મુજબ છે.

| તાલુકો | ગૌચર વિનાના ગામોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૧૦ |
| વડગામ | ૦૦ |
| દાંતા | ૧૦૨ |
| અમીરગઢ | ૨૫ |
| ધાનેરા | ૧૧ |
| દાંતીવાડા | ૧૧ |
| ડીસા | ૦૨ |
| કાંકરેજ | ૦૫ |
| દિયોદર | ૦૦ |
| લાખણી | ૧૯ |
| થરાદ | ૦૪ |
| વાવ | ૦૦ |
| સુઈગામ | ૦૦ |
| ભાભર | ૦૦ |

(૨) ઉક્ત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના કારણો નીચે મુજબ છે

(૧) પ્રમોલગેશન વખતથી જ ગૌચર ન હોવાથી.

(૨)ભૌગોલિક રીતે જંગલ તથા પર્વતીય વિસ્તાર હોવાથી.

(૩) ડૂબમાં ગયેલ હોવાથી.

(૩) હા જી, ગૌચરની જમીનમાં ઘટાડો ન થાય તે માટે મહેસુલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ ના ઠરાવથી ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

---------

કચ્છ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં હક્કપત્રક નોંધનો બાકી નિકાલ

* ૩૧૪૫૦ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

જવાબ

(૧) ૫૬૫૬.

(૨) બનતી ત્વરાએ.

---------

મહિસાગર જિલ્લામાં મુખ્ય સેવિકાની ખાલી જગ્યાઓ

* ૩૨૭૭૬ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં મુખ્ય સેવિકાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૧) ૧૩.

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ. પરિવારોનો ''માં અન્નપૂર્ણા '' યોજનામાં સમાવેશ

* ૩૧૬૬૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય અન્ન,નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં કયા ગામોના કેટલા બી.પી.એલ. પરિવારોનો ''માં અન્નપૂર્ણા'' યોજનામાં સમાવેશ તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ કરવામાં આવ્યો નથી,

જવાબ

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના ગામોના જે બીપીએલ પરિવારોનો તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ માં અન્નપૂર્ણા(રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩) યોજનામાં સમાવેશ કરવામાં આવેલ નથી તેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | માં અન્નપૂર્ણા યોજનામાં સમાવેશ ન થયેલ બી.પી.એલ. પરિવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | માણાવદર | ૨૨૮(ગામવાર યાદી * પત્રક–૧ મુજબ) |
| ૨ | વંથલી | ૨૦૯(ગામવાર યાદી * પત્રક–૨ મુજબ) |
| ૩ | મેંદરડા | ૩૪૭(ગામવાર યાદી * પત્રક–૩ મુજબ) |

(૨) તેના શા કારણો છે, અને

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા) અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા માટેના સરકારશ્રીએ તા.૨૨–૦૭–૨૦૧૪ના ઠરાવથી નિયત કરેલ ધોરણો ધરાવતા ન હોવાના કારણોસર સમાવેશ થયેલ નથી.

(૩) ઉક્ત ફરિયાદનો ઉકેલ લાવવા રાજ્ય સરકારે ક્યારે આદેશ કર્યા છે ?

(૩) પાત્રતા ધરાવતી વ્યક્તિ કે કુટુંબ આ યોજનાના લાભથી વંચિત રહી ન જાય તેવા શુભ આશયથી સરકારશ્રી દ્વારા અગ્રતા ધરાવતા કુટુંબો ની યાદીમાં સમાવેશ થવા બાબતની રજુઆતોના નિકાલ માટે તા.૨૩–૦૩–૨૦૧૬ ના ઠરાવથી દ્વિસ્તરીય સમિતિની રચના કરેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

જામનગર જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો

* ૩૧૮૩૭ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી વાજબી ભાવની દુકાનો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે?

જવાબ

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ કુલ : ૪૦૨ વાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) કાર્ડધારકોને દર માસે ૧ લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬ મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઈસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરાઈઝડ ડીલીવરી ચલનના

આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા SMS થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજીયાત કરેલ છે.

---------

સુરત જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૩૧૮૭૫ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૧૮૯૭૭ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૧૮૯૧૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને તેના કારણો શાં છે ? | (૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૫૯ અરજીઓ પડતર રહેલ છે.<br>ઉક્ત અરજીઓ નીચે મુજબના કારણોથી પડતર રહેલ છે.<br>૧.અરજદારો ફિંગર પ્રિન્ટ આપવા આવેલ ન હોવાથી<br>૨.આધાર–પુરાવાના અભાવે<br>હાલની સ્થિતિએ ઉક્ત તમામ અરજીઓનો નિકાલ થયેલ છે. |

---------

મોરબી જિલ્લામાં રાહતદરે તુવેરદાળનું વિતરણ

* ૩૧૪૦૪ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૨૨.૯૦ મેટ્રિક ટન. |
| (૨) કેટલા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) ૨૨૯૦૨ કુટુંબોને. |
| (૩) ક્યા ભાવથી વિતરણ કરવામાં આવ્યું ? | (૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા. ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ.૬૦/– ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

---------

નવસારી જીલ્લામાં તોલમાપના સાધનો ખરાઈ ન કરવા બાબતે કાર્યવાહી

* ૩૧૪૧૦ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં | (૧) ૪૦૦. |

ખરાઈ ન કરાવવા બાબતોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તેમાં કેટલો દંડ કરવામાં આવ્યો ?

(૨) રૂ. ૧,૮૪,૧૦૦/- (અંકે રૂપિયા એક લાખ ચોર્યાસી હજાર એકસો પુરા) માંડવાળ ફી વસુલ કરવામાં આવી.

---------

## અમદાવાદ જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો

* ૩૧૮૫૮ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલી વ્યાજબી ભાવની દુકાનો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ કુલ : ૪૬૨ વાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) કાર્ડધારકો દર માસે ૧ લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬ મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઈસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરરાઈઝડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા એસએમએસ થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજીયાત કરેલ છે.

---------

## "વલસાડ જિલ્લામાં ખેતીની જમીનની રી-સર્વે કામગીરી"

* ૩૧૦૫૯ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તારીખ ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીનની રી-સરવેની કામગીરી કયા તબક્કે છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીનની રી સરવેની કામગીરીમાં માપણી, નકશા વહેંચણી, એડ્જ્યુડીકેશન (ત્રણ તબક્કા)ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત તાલુકાવાર માપણી પૂર્ણ થયેલ તથા પ્રમોલગેશન થયેલ ગામોની વિગત નીચે મુજબ છે.

વલસાડ જિલ્લો : કુલ ગામ ૪૬૫

| અ. નં. | તાલુકાનું નામ | માપણી પૂર્ણ થયેલ ગામો | પ્રમોલગેશન થયેલ ગામો |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૯૯ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ધરમપુર | ૧૦૮ | ૫ |
| ૪ | કપરાડા | ૧૨૭ | ૧૩ |
| ૫ | ઉમરગામ | ૫૦ | ૦ |
| ૬ | વાપી | ૨૮ | ૦ |
| | કુલ | ૪૬૫ | ૨૩ |

ઉક્ત વિગતે બાકી રહેલ ગામોના પ્રમોલગેશનની કામગીરી સત્વરે પૂર્ણ કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

---------

ગુજરાત પંચાયત ધારાની કલમ ૨૭૦ અન્વયે અધિકારીશ્રીની નિયુક્તિ

* ૩૨૫૪૦ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં પંચાયત ધારાની કલમ ૨૭૦ અન્વયે પંચાયતને મળતી નોટીસોના પ્રત્યુતર નોટીસ આપનારાઓને નિયત મુદતમાં પાઠવવામાં આવે છે કે કેમ તે નિશ્ચિત કરવા તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ અધિકારીની નિયુક્તિ કરવામાં આવી નથી તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો ઉક્ત અધિકારીની નિયુક્તિના જાહેરનામાની વિગતો શું છે ?

જવાબ

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૨૭૦ સ્ટેચ્યુટરી જોગવાઈ છે. તેથી નિયુક્તિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેસાણા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના માટે ફાળવેલ રકમ

* ૩૨૫૩૦ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના માટે તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના માટે તાલુકાવાર છેલ્લા બે નાણાકિય વર્ષમાં નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે. (જુન–૨૦૧૫માં જોટાણા તાલુકો અસ્તિત્વમાં આવેલ હોઈ સને ૨૦૧૪–૧૫ માં ફાળવેલ રકમ દર્શાવેલ નથી.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૧૬ સુધી) |
|---|---|---|---|---|
| ૧. | મહેસાણા | ૨૪૩.૫૬ | ૨૪૫.૮૯ | ૧૬૪.૧૭ |
| ૨. | કડી | ૧૯૨.૦૦ | ૨૧૭.૮૭ | ૧૩૨.૫૮ |
| ૩. | વિસનગર | ૧૩૭.૦૦ | ૧૩૩.૮૪ | ૧૦૪.૨૪ |
| ૪. | વિજાપુર | ૧૩૩.૦૪ | ૧૪૮.૪૦ | ૧૧૦.૨૫ |
| ૫. | ખેરાલુ | ૧૧૧.૫૪ | ૧૦૩.૨૪ | ૯૬.૨૭ |
| ૬. | વડનગર | ૧૨૨.૦૦ | ૧૧૭.૪૩ | ૮૧.૩૦ |
| ૭. | ઉંઝા | ૧૧૧.૯૫ | ૧૦૭.૯૦ | ૮૩.૫૦ |
| ૮. | બેચરાજી | ૮૪.૬૫ | ૯૧.૮૯ | ૬૯.૮૩ |
| ૯. | જોટાણા | – | ૪૬.૨૮ | ૪૬.૦૭ |
| ૧૦. | સતલાસણા | ૮૧.૦૧ | ૬૯.૮૭ | ૪૭.૬૦ |
| | કુલ | ૧૨૧૬.૭૫ | ૧૨૮૨.૬૧ | ૯૩૫.૮૧ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો ?

(૨) તાલુકાવાર કુલ નીચે મુજબ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૧૬ સુધી) |
|---|---|---|---|---|
| ૧. | મહેસાણા | ૪૦૧૦૦ | ૩૬૯૯૦ | ૩૧૪૦૬ |
| ૨. | કડી | ૨૯૦૮૮ | ૨૭૮૫૧ | ૨૪૮૪૫ |
| ૩. | વિસનગર | ૧૯૦૭૬ | ૧૫૮૯૧ | ૧૫૪૩૫ |
| ૪. | વિજાપુર | ૧૭૬૧૧ | ૧૬૭૩૧ | ૧૫૯૪૧ |
| ૫. | ખેરાલુ | ૨૦૩૨૦ | ૧૯૩૬૭ | ૧૮૩૮૦ |
| ૬. | વડનગર | ૧૬૪૭૫ | ૧૫૭૬૮ | ૧૪૮૧૮ |
| ૭. | ઉંઝા | ૧૪૪૪૦ | ૧૩૭૧૦ | ૧૩૨૮૮ |
| ૮. | બેચરાજી | ૧૨૯૩૬ | ૧૩૨૫૬ | ૧૩૨૫૬ |
| ૯. | જોટાણા | – | ૮૩૩૬ | ૮૭૨૮ |
| ૧૦. | સતલાસણા | ૧૪૧૦૮ | ૧૫૩૫૪ | ૧૩૩૫૨ |
| | કુલ | ૧૮૪૧૫૪ | ૧૮૩૨૫૪ | ૧૬૯૪૪૯ |

---------

અમદાવાદ જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીઓને ઉચ્ચક સહાય

* ૩૧૪૦૭ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીઓની ઉચ્ચક સહાય માટે કેટલી અરજીઓ આવી,

(૧)

| ક્રમ | કર્મચારી | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | વર્ગ–૩ | ૨૭ | ૨૩ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | કર્મચારી | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | વર્ગ–૩ | ૨૨ | ૧૧ |

(૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલી રકમની ચુકવણી કરવામાં આવી ?

(૩)

| ક્રમ | વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ૧૧૭.૦૦ |
| ૨ | ૨૦૧૬ | ૪૫.૦૦ |

---------

પંચમહાલ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૩૧૪૧૨ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પંચમહાલ જિલ્લામાં કાર્યરત છે, અને

(૧) કુલ–૧૦.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાની કેજીબીવીમાં કેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે ?

(૨) કુલ–૭૧૭ કન્યાઓ.

---------

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં આધુનિક પદ્ધતિથી શિક્ષણ કાર્યની કામગીરી

* ૩૧૪૧૮ શ્રી સુરેશભાઈ પટેલ (મણીનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળાઓમાં આધુનિક પદ્ધતિથી શિક્ષણ કાર્યની કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગેની વિગત શું છે, અને | (૨) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬માં ૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં ૧ એમ કુલ ૭ સ્માર્ટ સ્કુલો કાર્યરત છે જેમાં એલ.ઈ.ડી. ટી.વી., એલ.ઈ.ડી. પ્રોજેક્ટર, લેપટોપ, પ્રિન્ટર વિથ સ્કેનીંગ, બાયોમેટ્રીક એટેન્ડન્સ ડિવાઈસ, વાઈફાઈ ઝોન વગેરે સાધનોની મદદ લઈ શાળાઓમાં આધુનિક પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરાવવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૫૫.૧૧ લાખ. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

* ૩૧૦૮૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કેટલી આવેલી છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૬ | ૧૭ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૨૯ | ૧૦ |

(૨) ઉક્ત જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે, અને

(૨)

| ક્રમ | જિલ્લો | સંવર્ગ | મંજૂર મહેકમ માધ્યમિક | મંજુર મહેકમ ઉચ્ચતર માધ્યમિક |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | આચાર્ય | ૨૨ | ૦૦ |
| | | મદદ.શિક્ષકો | ૭૮ | ૯૫ |
| | | ઓડીટર ગ્રુપ-૧ | ૦૪ | ૦૦ |
| | | મુખ્ય કારકુન | ૦૫ | ૦૦ |
| | | શ્રેયાન કારકુન | ૧૩ | ૦૦ |
| | | જુનિયર કારકુન | ૨૪ | ૦૪ |
| | | વર્ગ-૪ | ૪૮ | ૦૦ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | આચાર્ય | ૨૯ | ૦૦ |
| | | મદદ.શિક્ષકો | ૭૫ | ૩૭ |
| | | ઓડીટર ગ્રુપ-૧ | ૦૨ | ૦ |
| | | મુખ્ય કારકુન | ૦૨ | ૦૦ |
| | | શ્રેયાન કારકુન | ૦૨ | ૦૦ |
| | | જુનિયર કારકુન | ૨૭ | ૦૦ |

(૩) તે પૈકી ઉક્ત જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩)

| ક્રમ | જિલ્લો | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | | ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|---|---|---|
| | | | માધ્ય. | ઉ.મા. | માધ્ય. | ઉ.મા. |
| ૧ | જામનગર | આચાર્ય | ૦૦ | ૦૦ | ૨૨ | ૦૦ |
| | | મદદ.શિક્ષકો | ૭૧ | ૮૩ | ૦૭ | ૧૨ |
| | | ઓડીટર ગ્રુપ-૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ |
| | | મુખ્ય કારકુન | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૦ |
| | | શ્રેયાન કારકુન | ૦૫ | ૦૦ | ૦૮ | ૦૦ |
| | | જુનિયર કારકુન | ૦૭ | ૦૦ | ૧૭ | ૦૪ |
| | | વર્ગ-૪ | ૧૯ | ૦૦ | ૨૯ | ૦૦ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | આચાર્ય | ૦૦ | ૦૦ | ૨૯ | ૦૦ |
| | | મદદ.શિક્ષકો | ૫૨ | ૨૬ | ૨૩ | ૧૧ |
| | | ઓડીટર ગ્રુપ-૧ | ૧ | ૦ | ૧ | ૦ |
| | | મુખ્ય કારકુન | ૦ | ૦ | ૨ | ૦ |
| | | શ્રેયાન કારકુન | ૧ | ૦ | ૧ | ૦ |
| | | જુનિયર કારકુન | ૧ | ૦ | ૨૯ | ૦ |

---------

વલસાડ જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી

* ૩૧૪૨૮ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) ૫૫ ચેકડેમ અને ૧૮ વન તલાવડી. |
| (૨) આ ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ચેકડેમ માટે રૂ. ૨૬૦.૦૪ લાખ અને વનતલાવડી માટે રૂ. ૨૭.૭૮ લાખ |

---------

રાજ્યમાં પુરવઠા મામલતદારની મંજૂર થયેલ જગ્યા

* ૩૨૯૩૯ ડો. અનિલ જોષિયારા (ભિલોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પુરવઠા મામલતદારની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યમાં આવી કોઈ જગ્યા મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તેમાં એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. કેટેગરીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એસ્સાર ઓઈલને જંગલની જમીનની ફાળવણી

* ૩૧૨૯૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : તા.૩૦-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૬૩૬૩ (અગ્રતા ક્રમ નં.૧૦૪)ના અનુસંધાને માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ્સાર ઓઈલ લિ. વાડીનાર, જી.દેવભૂમિ દ્વારકા ૧૫.૪૯ હેક. જંગલની જમીન ફાળવણી કરેલ છે. તે પ્રતિ. ચો.મી. શા ભાવે આપવામાં આવેલ છે, | (૧) વન વિસ્તારની જમીનની ફાળવણી પ્રતિ ચો.મી. ના ભાવે આપવામાં આવતી નથી, પરંતુ વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળ જંગલની જમીનના બિન જંગલ ઉપયોગના કિસ્સામાં જ ડાયવર્ટ થતી જંગલની જમીન માટે હેક્ટર દીઠ વળતર વનીકરણ, નેટ પ્રેઝન્ટ(NPV) વસૂલ કરવામાં આવે છે. |
| (૨) ઉક્ત જંગલની જમીન આપવાના કારણો શા હતા, | (૨) ઔદ્યોગિક હેતુ જેટી તથા મરીન ફેસેલીટી માટે. |
| (૩) ઉક્ત આપવામાં આવેલ જમીનમાં મુખ્યત્વે કયા પ્રકારના કેટલા ઝાડ હતા, અને | (૩) ઉક્ત જમીનમાં કોઈ પ્રકારના ઝાડો આવેલ ન હતા. |
| (૪) ઉક્ત આપવામાં આવેલ જમીનના બદલામાં અન્ય સ્થળે જંગલ માટે જમીન લેવામાં આવેલ હતી કે કેમ? | (૪) હા, જી. |

---------

### અમદાવાદ શહેરમાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો

* ૩૧૮૬૩ શ્રી ભુષણ ભટ્ટ (જમાલપુર-ખાડીયા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં અનાજના સંગ્રહ માટે કુલ ૬૫ ગોડાઉનો આવેલા છે, |
| (૨) તે ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ખંડ-૧ વિગતે ગોડાઉનની કુલ સંગ્રહ શક્તિ ૩૭૨૦૦ મે.ટન છે. |
| (૩) તે અન્વયે સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે? | (૩) સને ૨૦૧૭-૧૮ સુધીમાં ૧૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવાનું આયોજન છે. |

---------

### ૧૪માં નાણાપંચ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ

* ૩૨૭૮૬ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં ૧૪ માં નાણાપંચ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતને ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ અંતિત અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાઓની કુલ:૩૧૪ ગ્રામ પંચાયતોને ગ્રાંટ ફાળવવામાં આવી. |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોડાસા | ૫૯ |
| ૨ | ભિલોડા | ૭૩ |
| ૩ | બાયડ | ૬૩ |
| ૪ | ધનસુરા | ૩૪ |
| ૫ | મેઘરજ | ૪૬ |
| ૬ | માલપુર | ૩૯ |
| | કુલ: | ૩૧૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં કુલ રૂા.૩૯,૧૨,૨૬,૭૧૩/- ફાળવવામાં આવેલ. |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો? | (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા.૨૬,૪૬,૬૮,૧૯૩/- નો ખર્ચ થયેલ છે. |

અતારાંકિત પ્રશ્નો

---------

ગીર–સોમનાથ જિલ્લામાં તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૩૧૮૪૬ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર–સોમનાથ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળનાં કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૪૬.૮૦ મેટ્રિક ટન |
| (૨) કયા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે. |
| (૩) ક્યા ભાવથી કરવામાં આવ્યું? | (૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા. ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ.૬૦/–ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

---------

મહિસાગર જિલ્લામાં સફાઇ કરની વસૂલાત અંતર્ગત ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ

* ૩૨૭૭૯ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઇ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૬ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઇ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને, કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ? | (૨) મહિસાગર જિલ્લો તા.૦૩–૧–૨૦૧૫થી અસ્તિત્વમાં આવેલ હોઇ વર્ષ:૨૦૧૪–૧૫ની માહિતી શૂન્ય છે. |

છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સને:૨૦૧૪–૧૫ | | સને:૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ ગામોની સંખ્યા | ફાળવેલ રકમ રૂ઼ા. | ગ્રાન્ટ ફાળવેલ ગામોની સંખ્યા | ફાળવેલ રકમ રૂ઼ા. |
| ૧ | લુણાવાડા | ૦ | ૦ | ૧૦૭ | ૬,૭૬,૦૦૦ |
| ૨ | ખાનપુર | ૦ | ૦ | ૨૯ | ૭,૨૯,૫૦૦ |
| ૩ | સંતરામપુર | ૦ | ૦ | ૬૬ | ૧૧,૦૫,૩૦૦ |
| ૪ | કડાણા | ૦ | ૦ | ૩૭ | ૫,૭૧,૧૦૦ |
| ૫ | બાલાશિનોર | ૦ | ૦ | ૪૦ | ૬,૬૪,૭૦૦ |
| ૬ | વિરપુર | ૦ | ૦ | ૨૯ | ૫,૦૪,૪૦૦ |

---------

સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ હેઠળ રોપાનું વાવેતર

* ૩૧૪૩૨ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૭૩૬.૦૬ હેક્ટર. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૯.૭૪ કરોડ. |

---------

# તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### દાહોદ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો

* ૩૧૮૩૦ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે,

(૨) તે ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને

(૩) તે અન્વયે સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનાજના સંગ્રહ માટે કુલ ૧૯ ગોડાઉનો આવેલા છે,

(૨) ખંડ–૧ની વિગતે ગોડાઉનોની કુલ સંગ્રહ શક્તિ ૧૩૭૫૦ મે.ટન છે.

(૩) વેરહાઉસિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ–૩ હેઠળ સંજેલી તથા દેવગઢબારીયા એમ બે તાલુકા ખાતે ૨૦૦૦ મે.ટન મુજબ ૪૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ તા.૩૧–૦૩–૨૦૧૯ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે.

---------

### નર્મદા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં વારસાઈ હુકમની અરજીઓ

* ૩૧૪૪૬ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હકક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| નાંદોદ | ૧૧૨૭ |
| ગરૂડેશ્વર | ૧૧૨૩ |
| તિલકવાડા | ૭૮૩ |
| દેડીયાપાડા | ૪૯૪ |
| સાગબારા | ૨૦૨ |
| કુલ | ૩૭૨૯ |

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| નાંદોદ | ૧૧૨૭ | ૧૦૫૭ | ૩૬ |
| ગરૂડેશ્વર | ૧૧૨૩ | ૯૪૬ | ૧૧૩ |
| તિલકવાડા | ૭૮૩ | ૭૦૦ | ૨૧ |
| દેડીયાપાડા | ૪૯૪ | ૪૭૧ | ૨૩ |
| સાગબારા | ૨૦૨ | ૧૮૨ | ૨૦ |
| કુલ | ૩૭૨૯ | ૩૩૫૬ | ૨૧૩ |

(૩) નિયમાનુસાર ન હોવાથી.

---------

### તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકામાં પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડા

* ૩૧૧૨૪ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકામાં આવેલ કેટલી પ્રાથમિક શાળાઓના મકાન જર્જરીત અને તુટી પડે એવી હાલતમાં છે, અને

(૨) તે અન્વયે ઉક્ત જર્જરીત ઓરડાના સ્થાને નવા ઓરડાઓ ક્યારે બનાવી આપવામાં આવશે?

**જવાબ**

(૧)

| તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|
| તારાપુર | ૩ |
| પેટલાદ | ૧૦ |
| સોજીત્રા | ૭ |

(૨) બાકી ખૂટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

## અતારાંકિત પ્રશ્નો

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા બાબત

* ૩૩૨૭૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ખેતીથી ખેતી સારૂ નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવા માટે કેટલી અરજીઓ મળી,

(૧)

| સાબરકાંઠા | | અરવલ્લી | |
|---|---|---|---|
| તાલુકો | મળેલ અરજીઓ | તાલુકો | મળેલ અરજીઓ |
| હિંમતનગર | ૧૭ | મોડાસા | ૧૮ |
| વિજયનગર | ૩ | ધનસુરા | ૦ |
| પોશીના | ૦ | બાયડ | ૦ |
| ખેડબ્રહ્મા | ૪ | માલપુર | ૧૫ |
| ઈડર | ૨ | મેઘરજ | ૦ |
| તલોદ | ૨૩ | ભીલોડા | ૦ |
| પ્રાંતિજ | ૩૧ | કુલ | ૩૩ |
| વડાલી | ૦ | | |
| કુલ | ૮૦ | | |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ પડતર છે?

(૨)

| તાલુકો | નિકાલ અરજીઓ | પડતર અરજીઓ | તાલુકો | નિકાલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|
| હિંમતનગર | ૧૭ | ૦ | મોડાસા | ૧૮ | ૦ |
| વિજયનગર | ૩ | ૦ | ધનસુરા | ૦ | ૦ |
| પોશીના | ૦ | ૦ | બાયડ | ૦ | ૦ |
| ખેડબ્રહ્મા | ૨ | ૨ | માલપુર | ૧૫ | ૦ |
| ઈડર | ૨ | ૦ | મેઘરજ | ૦ | ૦ |
| તલોદ | ૨૩ | ૦ | ભીલોડા | ૦ | ૦ |
| પ્રાંતિજ | ૩૧ | ૦ | કુલ | ૩૩ | ૦ |
| વડાલી | ૦ | | | | |
| કુલ | ૭૮ | ૨ | | | |

(૩) તે અન્વયે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ખેડૂતોની નવી શરતની જમીનો ખેતીથી ખેતી સારુ જૂની શરતમાં ફેરવવાના ભરવાપાત્ર પટના દર ઉક્ત જિલ્લાવાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કેટલા છે,

(૩) મહેસૂલ વિભાગના તા.૦૩–૫–૨૦૧૧ના ઠરાવ મુજબ શહેરી વિસ્તારની જમીન ખેતીથી ખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા અંગે જમીનની જંત્રીના ખેતીના પિયત અથવા બિનપિયતના ભાવની ૨૫ટકા રકમ પ્રિમિયમ વસુલીને અને ગ્રામ્ય વિસ્તારમાં ખેતીથી ખેતી હેતુ માટે જુની શરતમાં ફેરવવા ‘‘શૂન્ય’’ પ્રિમિયમ હોઈ પટનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો ઉક્ત દરમાં ફેરફાર હોય તો તેના કારણો શું છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### બનાસકાંઠા જિલ્લામાં જાસોર પર્વતને પ્રવાસન સ્થળ

* ૩૨૦૧૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાના જાસોર પર્વતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા પાર્કીંગ, પાથ–વે વગેરે જન સુવિધા ઉભી કરી વિકસાવવા માટે વાઈલ્ડ બોર્ડ, ભોપાલની મંજુરી તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બાકી હતી તે હકિકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ઉપરોક્ત મંજૂરી મેળવવા તા.૩૧-૧-૨૦૧૬ પછી ક્યારે દરખાસ્ત મોકલી, અને

(૨) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ઉપરોક્ત મંજૂરી મેળવવા તા.૩૧-૧-૨૦૧૬ પછી દરખાસ્ત કરેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં તેનો વાઈલ્ડ બોર્ડ, ભોપાલ દ્વારા શો પ્રતિભાવ આપવામાં આવ્યો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને ફાળવેલ ગ્રાન્ટ

* ૩૨૭૮૭ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયાતોના સરપંચશ્રીઓને તાકીદના અને લોકો ઉપયોગ અગત્યનાં કામો માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા) | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | |
| ૧ | દહેગામ | ૯,૩૦,૦૦૦/- | ૪,૬૫,૦૦૦/- | ૧૩,૯૫,૦૦૦/- |
| ૨ | ગાંધીનગર | ૭,૩૦,૦૦૦/- | ૩,૬૫,૦૦૦/- | ૧૦,૯૫,૦૦૦/- |
| ૩ | કલોલ | ૭,૦૦,૦૦૦/- | ૩,૪૫,૦૦૦/- | ૧૦,૪૫,૦૦૦/- |
| ૪ | માણસા | ૬,૬૦,૦૦૦/- | ૩,૩૫,૦૦૦/- | ૯,૯૫,૦૦૦/- |

---------

સુરત જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં વારસાઈ હુકમની અરજીઓ

* ૩૧૪૪૮ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અડાજણ | ૩૩૫ |
| મજુરા | ૪૦૭ |
| પુણા | ૭૦ |
| કતારગામ | ૮૨ |
| ઉધના | ૧૨૪ |
| ઓલપાડ | ૨૧૬૨ |
| ચોર્યાસી | ૭૬૧ |
| કામરેજ | ૯૩૯ |
| પલસાણા | ૭૦૮ |
| માંડવી | ૧૪૭૪ |
| મહુવા | ૧૧૮૬ |
| માંગરોળ | ૧૪૧૭ |
| ઉમરપાડા | ૫૦૨ |
| બારડોલી | ૯૭૯ |
| કુલ | ૧૧૧૪૬ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં

(૨)

આવી, અને

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| અડાજણ | ૩૩૫ | ૩૧૯ | ૧૬ |
| મજુરા | ૪૦૭ | ૩૯૧ | ૧૨ |
| પુણા | ૭૦ | ૬૬ | ૩ |
| કતારગામ | ૮૨ | ૬૯ | ૬ |
| ઉધના | ૧૨૪ | ૧૨૩ | ૧ |
| ઓલપાડ | ૨૧૬૨ | ૨૧૧૫ | ૩૪ |
| ચોર્યાસી | ૭૬૧ | ૭૨૫ | ૨૮ |
| કામરેજ | ૯૩૯ | ૮૭૫ | ૬૦ |
| પલસાણા | ૭૦૮ | ૬૯૪ | ૧૪ |
| માંડવી | ૧૪૭૪ | ૧૪૩૯ | ૩૫ |
| મહુવા | ૧૧૮૬ | ૧૧૭૩ | ૧૧ |
| માંગરોળ | ૧૪૧૭ | ૧૩૮૦ | ૩૨ |
| ઉમરપાડા | ૫૦૨ | ૪૯૧ | ૯ |
| બારડોલી | ૯૭૯ | ૯૦૮ | ૫૮ |
| કુલ | ૧૧૧૪૬ | ૧૦૭૬૮ | ૩૧૯ |

(૩) ઉકત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) નિયમાનુસાર ન હોવાથી.

---------

ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્ત

* ૩૧૨૪૧ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોની વિભાજનની છેલ્લા એક વર્ષમાં દરખાસ્ત મળેલ છે,

(૧) કુલ–૧૦ (દસ) તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દરખાસ્તની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૧ |
| ૨ | ખેડા | ૧ |
| ૩ | મહુધા | ૧ |
| ૪ | કઠલાલ | ૧ |
| ૫ | કપડવંજ | ૬ |
| | કુલ | ૧૦ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) ૧૦ (દસ)

(૩) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્ત નામંજૂર કરવામાં આવેલ છે, અને તેના શા કારણો છે?

(૩) ૦ (શૂન્ય)

---------

ભરૂચ જિલ્લામાં માં અન્નપૂર્ણા યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૩૧૪૦૦ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ ભરૂચ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) નો અમલ રાજ્યમાં તા. ૦૧/૦૪/૨૦૧૬ થી કરવામાં આવેલ છે.

તેથી ભરૂચ જિલ્લામાં ૦૧/૦૪/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) હેઠળ અનાજના જથ્થાનું વિતરણ નીચે મુજબ કરવામાં આવેલ છેઃ–

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | યોજના | ઘઉં | ચોખા | કુલ વિતરણ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય અન્ન યોજના(AAY) | ૫૪૨૮.૩૨ | ૧૨૩૮.૦૦ | ૬૬૬૬.૩૨ |
| ૨ | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | ૨૭૨૦૪.૨૦ | ૭૧૦૨.૦૦ | ૩૪૩૦૬.૨૦ |
| | કુલ | ૩૨૬૩૨.૫૨ | ૮૩૪૦.૦૦ | ૪૦૯૭૨.૫૨ |

(૨) ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા અને પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

- એપ્રિલ-૧૬ થી સપ્ટેમ્બર-૧૬ સુધીઃ-

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | |
| | | વિતરણ-પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.-પૈસા) | વિતરણ-પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૪.૨૫૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૫.૦૦૦ | ૩.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

ઓક્ટોબર-૧૬ થી ડિસેમ્બર-૧૬ સુધીઃ-

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | |
| | | વિતરણ-પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.-પૈસા) | વિતરણ-પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.-પૈસા) |
| ૧ | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૩.૫૦૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ |

---------

મહિસાગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ગ્રાન્ટની ફાળવણી

* ૩૨૭૮૦ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહિસાગર જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાકીદનો ખર્ચ કરવા રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૨૫ ગ્રામ પંચાયતોને નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

| કુલ ગ્રામ પંચાયત | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) | |
|---|---|---|
| | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) સને ૨૦૧૫-૧૬માં રૂ.૩૨,૫૦,૦૦૦/- નો ખર્ચ થયેલ છે. સને ૨૦૧૬-૧૭માં જિલ્લા કક્ષાએથી તા.૧૨-

૦૧-૨૦૧૭થી ગ્રાન્ટ ફાળવેલ હોઈ ઉકત સ્થિતિએ ખર્ચ થયેલ નથી.

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં લેન્ડ કમીટીની બેઠક

* ૩૧૦૭૨ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં લેન્ડ કમીટીની કેટલી બેઠકો મળી, અને

(૨) ઉકત સ્થિતિએ મફત પ્લોટ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી તથા તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ બેઠકોની વિગત.

| વર્ષ | મળેલ લેન્ડ કમીટીની બેઠક | |
|---|---|---|
| | મહીસાગર | પંચમહાલ |
| ૨૦૧૫ | ૩ | ૧૩ |

(૨) મફત પ્લોટ મેળવવા માટે એકપણ અરજી મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પારડી તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૩૧૪૩૬ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે,

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી કેટલા રોપા જીવંત છે ?

જવાબ

(૧) ૫૬,૦૦૦ (છપ્પન હજાર)

(૨) રૂ.૨૩.૦૩ લાખ.

(૩) ૫૪,૦૦૦ (ચોપ્પન હજાર)

---------

તાપી અને વલસાડ જિલ્લામાં લેન્ડ કમીટીની બેઠકો

* ૩૧૦૯૧ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લામાં લેન્ડ કમીટીની કેટલી બેઠકો મળી, અને

(૨) ઉકત સ્થિતિએ મફત પ્લોટ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી તથા તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ બેઠકોની વિગત

| વર્ષ | મળેલ લેન્ડ કમીટીની બેઠક | |
|---|---|---|
| | તાપી | વલસાડ |
| ૨૦૧૫ | ૦ | ૫ |

(૨)

| વર્ષ | તાપી | | | વલસાડ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજી | મંજુર અરજી | નામંજુર અરજી | મળેલ અરજી | મંજુર અરજી | નામંજુર અરજી |
| ૨૦૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

સુરત જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડી

* ૩૧૪૨૯ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

(૧) સુરત જિલ્લામાં વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૧) ૩૧ ચેકડેમ અને ૨૯ વનતલાવડી

(૨) આ ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ચેકડેમ પાછળ રૂ.૬૭.૬૨ લાખ અને વનતલાવડી પાછળ રૂ.૨૨.૬૯ લાખ

---------

મોરબી જિલ્લામાં માં અન્નપૂર્ણા યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૩૧૪૦૨ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ મોરબી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) નો અમલ રાજ્યમાં તા.૦૧–૦૪–૨૦૧૬ થી કરવામાં આવેલ છે.

તેથી, મોરબી જિલ્લામાં તા.૦૧–૦૪–૨૦૧૬થી તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજના જથ્થાનું વિતરણ નીચે મુજબ કરવામાં આવેલ છેઃ–

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | યોજના | ઘઉં | ચોખા | કુલ વિતરણ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય અન્ન યોજના(AAY) | ૧૮૮૨.૪૦ | ૪૪૧.૫૬ | ૨૩૨૩.૯૬ |
| ૨ | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | ૧૮૫૭૦.૨૯ | ૩૮૫૦.૫૯ | ૨૨૪૨૦.૮૮ |
| | કુલ | ૨૦૪૫૨.૬૯ | ૪૨૯૨.૧૫ | ૨૪૭૪૪.૮૪ |

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા અને પ્રમાણ–ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

- એપ્રિલ–૧૬ થી સપ્ટેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ–પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રામ) | ભાવ પ્રતિ કિ.ગ્રામ (રૂ.પૈસા) | વિતરણ–પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રામ) | ભાવ પ્રતિ કિ.ગ્રામ (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૪.૨૫૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૫.૦૦૦ | ૩.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

- ઓકટોબર–૧૬ થી ડિસેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | |
| | | વિતરણ–પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રામ) | ભાવ પ્રતિ કિ.ગ્રામ (રૂ.પૈસા) | વિતરણ–પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રામ) | ભાવ પ્રતિ કિ.ગ્રામ (રૂ.પૈસા) |
| ૧ | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૩.૫૦૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

---------

ભાવનગર જીલ્લામાં ઓછું વજન આપતા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

* ૩૧૪૦૮ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઓછું વજન આપતા કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૪૯૬ |
| (૨) તે અન્વયે કેટલા કેસમાં ઉક્ત ગેરરીતિ જોવા મળેલ છે, અને | (૨) ૪૬ |
| (૩) ઉક્ત ગેરરીતિ અન્વયે શું દંડ કરવામાં આવેલ છે? | (૩) ઉક્ત ૪૬ એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી રૂ.૩૮,૨૫૦/-(અંકે રૂપિયા આડત્રીસ હજાર બસો પચાસ પુરા) માંડવાળ ફી વસુલ કરવામાં આવેલ છે. |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૩૧૮૪૧ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૫૧.૨૩ મેટ્રિક ટન |
| (૨) કયા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે. |
| (૩) કયા ભાવથી કરવામાં આવ્યું ? | (૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા.ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ.૬૦/-ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

---------

સાબરકાંઠા જિલ્લામાં હાથશાળ અને હસ્તકલાના કારીગરોને તાલીમ

* ૩૧૪૫૪ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના હાથશાળ અને હસ્તકલાના કારીગરો માટે તાલીમ આપવાની કોઈ યોજના છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો આ યોજનામાં છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો ? | (૨) |

| અનુ. | લાભાર્થી | સંખ્યા |
|---|---|---|
| ૧ | હાથશાળ | ૬૦૦ |
| ૨ | હસ્તકલા | ૧૭૮૫ |
| | કુલ | ૨૩૮૫ |

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં સ્માર્ટ વિલેજ યોજના

* ૩૩૨૯૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિે છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લાના કેટલા ગામોને સ્માર્ટ | (૧) સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ગામોની પસંદગીની બાબત પ્રક્રિયા હેઠળ છે. |

વિલેજ યોજના અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કયા ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કરવામાં આવ્યા, અને ઉક્ત ગામ દીઠ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં ઉમરગામ તાલુકાની મામલતદાર સેવા સદન કચેરીનું બાંધકામ

* ૩૨૪૨૨ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ઉમરગામ તાલુકાની મામલતદાર સેવા સદન કચેરીનું બાંધકામ મંજૂર કરવામાં આવેલું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બાંધકામ પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧) ના જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેમદાવાદ તથા ખેડા તાલુકાના બારકોડેડ રેશનકાર્ડમાં સુધારા

* ૩૧૩૯૩ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મહેમદાવાદ તથા ખેડા તાલુકાના પુરવઠા વિભાગમાં બારકોડેડ રેશનકાર્ડમાં સુધારા માટેની કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) તે અન્વયે રેશનકાર્ડમાં ક્ષતિઓ રહેવા અંગેના મુખ્યત્વે કારણો કયા છે, અને

(૪) ઉક્ત જિલ્લામાં એજન્સીઓ સામે સંબંધીત ઉક્ત ક્ષતિઓ માટે સરકારે ઉકત સમયગાળામાં તે અન્વયે શું પગલાં લીધેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મહેમદાવાદ તાલુકામાં ૩૧૨૨ અરજીઓ તથા ખેડા તાલુકામાં ૧૬૭૫ અરજીઓ મળી છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહેમદાવાદ તાલુકામાં ૨૯૯૩ અરજીઓ તથા ખેડા તાલુકામાં ૧૬૫૦ અરજીઓ મંજુર કરવામાં આવી છે.

(૩) બારકોડેડ રેશનકાર્ડ કોમ્પ્યુટરાઈઝ તૈયાર કરવાની કામગીરીમાં જે તે વખતે નામ, અટક વિગેરેમાં ટાઈપોગ્રાફીક ભુલો થયેલ હતી.

(૪) બારકોડેડ રેશનકાર્ડમાં ક્ષતિઓ અંગે એજન્સી વિરૂદ્ધ કોઈ રજુઆત મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તાપી જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૩૨૮૦૩ શ્રી કાંતિલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાલોડ | ૩૫ |
| ૨ | વ્યારા | ૭૧ |
| ૩ | ડોલવણ | ૪૪ |
| ૪ | સોનગઢ | ૭૯ |
| ૫ | ઉચ્છલ | ૨૪ |
| ૬ | નિઝર | ૨૦ |
| ૭ | કુકરમુંડા | ૧૮ |

| | |
|---|---|
| કુલ | ૨૯૧ |

(૨) તે પૈકી કેટલી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ઘર વિહોણી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાલોડ | ૦૧ |
| ૨ | વ્યારા | ૦૦ |
| ૩ | ડોલવણ | ૦૩ |
| ૪ | સોનગઢ | ૦૬ |
| ૫ | ઉચ્છલ | ૦૦ |
| ૬ | નિઝર | ૦૨ |
| ૭ | કુકરમુંડા | ૦૦ |
| | કુલ | ૧૨ |

(૩) ઉક્ત પંચાયતોનાં પંચાયત ઘરનાં બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭માં ઉક્ત સ્થિતિએ કોઈ અનુદાન આપેલ છે કે કેમ ?

(૩) હા, રૂા. ૫૩.૦૦ લાખ

---------

ખેડા અને આણંદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રોજગારી

* ૩૧૦૯૭ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય ગ્રામ પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા લોકોને રોજગારી પુરી પાડવામાં આવી, અને

બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરરાઈઝડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા એસએમએસ થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજીયાત કરેલ છે.

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તોલમાપ નિયંત્રક કચેરીનું મહેકમ

* ૩૧૦૮૯ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જીલ્લાવાર તોલમાપ નિયંત્રક કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| જામનગર જિલ્લો | | | |
|---|---|---|---|
| ક્રમ | સંવર્ગ | વર્ગ | મંજુર થયેલ જગ્યાઓ |
| ૧ | મદદનીશ નિયંત્રક | ૨ | ૧ |
| ૨ | સિનિયર નિરીક્ષક | ૩ | ૧ |
| ૩ | જુનિયર નિરીક્ષક | ૩ | ૭ |
| ૪ | સીનીયર કલાર્ક | ૩ | ૧ |
| ૫ | જુનિ. કલાર્ક | ૩ | ૨ |
| ૬ | મેન્યુ. આસી. | ૪ | ૩ |
| ૭ | પટાવાળા | ૪ | ૭ |
| | કુલ | –– | ૨૨ |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવું મહેકમ મંજુર થયેલ ન હોવાથી માહિતી "શુન્ય" ગણવા વિનંતી છે.

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી રહેલ જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | મદદનીશ નિયંત્રક | – | ૧ |
| ૨ | સિનિયર નિરીક્ષક | ૧ | – |
| ૩ | જુનિયર નિરીક્ષક | ૨ | ૫ |
| ૪ | સીનીયર કલાર્ક | ૧ | – |
| ૫ | જુનિ. કલાર્ક | ૨ | – |
| ૬ | મેન્યુ. આસી. | ૧ | ૨ |
| ૭ | પટાવાળા | ૬ | ૧ |
| | કુલ | ૧૩ | ૯ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) (૧) મદદનીશ નિયંત્રક, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં હોઈ કાર્યવાહી પુર્ણ થયેથી

(૨) જુનિયર નિરીક્ષક, વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ગુ.ગૌ.સે.પ.મંડળ પરામર્શમાં હોઈ કાર્યવાહી પુર્ણ થયેથી.
(૩) મેન્યુ. આસી./પટાવાળા, વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ આઉટસોર્સ એજન્સી દ્વારા ફાળવણી થયેથી.

---------

## વલસાડ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ

* ૩૧૮૧૬ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૮૯ વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી છે. |
| (૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ક્યા પ્રકારની ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) તે પૈકી ૨૨ દુકાનોમાં મુખ્યત્વે નીચે મુજબની ગેરરીતિઓ જોવા મળી.<br>(૧) ભાવ–જથ્થાની વિગતો દર્શાવતું બોર્ડ અદ્યતન નિભાવેલ નથી.<br>(૨) સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરેલ નથી.<br>(૩) આવશ્યક ચીજ વસ્તુઓના નમુના રાખવામાં આવેલ નથી.<br>(૪) ફરીયાદ બુક નિભાવેલ નથી.<br>(૫) દુકાનમાં સાફસફાઈ કરવામાં આવેલ નથી. |
| (૩) તે અન્વયે શું પગલાં લીધા ? | (૩) તે અન્વયે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.<br>(૧) રૂ. ૬૨૮૭/–ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.<br>(૨) રૂ. ૨૬૧૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.<br>(૩) ૨ (બે) પરવાના મોકુફ કરેલ છે.<br>(૪) ૧ (એક) પરવાનો રદ કરેલ છે. |

---------

## રાજ્યમાં મામલતદાર સંવર્ગની કેટેગરી મુજબની જગ્યાઓ

* ૩૨૯૪૦ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં મામલતદાર સંવર્ગની જનરલ (ઓપન), એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. કેટેગરીની કેટેગરી પ્રમાણે કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

જવાબ (૧) સરકાર દ્વારા કેટેગરી વાર જગ્યાઓ મંજૂર કરવામાં આવતી નથી. પરંતુ પ્રવર્તમાન અનામતની નિતી મુજબ મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટેગરી વાર જગ્યાઓ આ મુજબ છે.

| | |
|---|---|
| જનરલ (ઓપન) | ૨૭૭ |
| એસ. ટી. | ૮૧ |
| એસ. સી. | ૩૮ |
| ઓ. બી. સી. | ૧૪૬ |

(૨) તે અન્વયે ઉક્ત મંજુર કેટેગરી પ્રમાણે કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ (૨)

| કેટેગરી | ભરેલી | ખાલી |
|---|---|---|
| જનરલ (ઓપન) | ૧૧૭ | ૧૬૦ |
| એસ. ટી. | ૮૧ | ૦ |
| એસ. સી. | ૨૨ | ૧૬ |
| ઓ. બી. સી. | ૧૦ | ૧૩૬ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ રાજ્ય સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

જવાબ (૩) સરકાર દ્વારા નિયત થયેલ દશ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત વર્ષઃ ૨૦૧૪ અને ૨૦૧૫ની ૧૦૦ જગ્યાઓ માટે મુખ્ય પરીક્ષા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા

સપ્ટેમ્બર–૨૦૧૬માં યોજવામાં આવેલ હતી. વર્ષઃ ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮ની કુલ ૬૯ જગ્યા માટેનું માંગણા પત્રક તા. ૦૩–૦૩–૨૦૧૭ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવા માટે સામાન્ય વહીવટ વિભાગને રજુ કરેલ છે.

તા. ૦૭–૦૨–૨૦૧૫ના પરિપત્રથી પ્રસિધ્ધ થયેલ નાયબ મામલતદાર સંવર્ગની પ્રવરતાયાદી સામે નામ. હાઈકોર્ટે ખાસ દિવાની અરજી ક્રમાંકઃ ૪૮૦૦/૨૦૧૫ અને અન્ય સંલગ્ન પીટીશનોમાં મનાઈ હુકમ આપેલ. વધુમાં તા. ૧૧–૦૧–૨૦૧૭ના હુકમથી તે રદ કરવાનો હુકમ કરી નવેસરથી પ્રવરતાયાદી બનાવવા નિર્દેશ આપતા નાયબ મામલતદાર સંવર્ગની રાજ્યકક્ષાની પ્રવરતાયાદી પ્રથમ વખત સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં તૈયાર કરવામાં આવી રહી છે. જે આખરી થયા બાદ નિયમોનુસાર બઢતીથી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે.

---------

## રાજ્યની યુનિવર્સિટીઓના સત્તામંડળોમાં અનામત પ્રથા

* ૩૧૨૯૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) તા. ૩૦–૩–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * ૨૬૫૫૯ (અગ્રતા–૧૦૫)ના અનુસંધાને: માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સિન્ડીકેટ અને એકેડેમિક કાઉન્સિલ)માં એસસી/એસટી માટે અનામત પ્રથા લાગુ કરવાની થાય છે તેવો યુ.જી.સી.એ. આપેલ આદેશ રાજ્ય સરકારને તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ક્યારે મળેલ છે, | (૧) ઓગષ્ટ–૨૦૦૭માં રાજ્ય સરકારના ધ્યાને આવેલ છે. |
| (૨) તે અન્વયે રાજ્યની તમામ યુનિવર્સિટીઓના સક્ષમ સત્તામંડળોની ભલામણ મેળવવા સરકારે ક્યારે યુનિવર્સિટીઓને જાણ કરી કે પત્ર લખ્યા, અને | (૨) તા. ૦૪–૦૮–૨૦૦૭ના રોજ કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણે તથા તા. ૨૪–૦૭–૨૦૧૨ના રોજ શિક્ષણ વિભાગે યુનિવર્સિટીઓના રજીસ્ટ્રારશ્રીઓને પત્ર લખ્યા. |
| (૩) ઉક્ત સ્થિતિ સુધીમાં તે અન્વયે કઈ યુનિવર્સિટીઓના સક્ષમ સત્તામંડળો દ્વારા રાજ્ય સરકારને ભલામણ મળી અને કઈ યુનિવર્સિટીઓની ભલામણ મળવાની બાકી છે ? | (૩) યુનિવર્સિટીઓએ સંબંધિત યુનિવર્સિટી અધિનિયમ હેઠળ સક્ષમ સત્તા મંડળોમાં ઠરાવ પસાર કરીને રાજ્ય સરકારને વિધિવત દરખાસ્ત રજુ કરેલ નથી. |

---------

## ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને ગ્રાન્ટની ફાળવણી

* ૩૨૭૮૩ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાકીદનો ખર્ચ કરવા રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૫૦૭ ગ્રામ પંચાયતોને નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

| કુલ ગ્રામ પંચાયત | ફાળવેલ ગ્રાન્ટ (રૂા.) | |
|---|---|---|
| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ |
| ૫૦૭ | રૂ. | રૂ. |

પ્રશ્ન

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૨)

| થયેલ ખર્ચ | |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ |
| રૂ. ૫૦,૭૦,૦૦૦/– | રૂ. ૨૫,૩૫,૦૦૦/– |

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

---------

ગીર સોમનાથ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૩૨૮૩૬ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૨૬૮. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) |

| તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ | તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ | તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧૬ | ૬૮ | ૮૨ |

| | |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ. |

---------

સુરત જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો

* ૩૧૮૬૪ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૪૦ ગોડાઉનો આવેલા છે. |
| (૨) તે ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ખંડ–૧ ની વિગતે ગોડાઉનોની કુલ સંગ્રહ શકિત ૧૯૭૮૦ મે.ટન છે. |
| (૩) તે અન્વયે સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે? | (૩) વેરહાઉસિંગ ઇન્ફ્રાસ્ટ્રકટર ફંડ પ્રોજેકટ–૩ હેઠળ ઉમરપાડા, કામરેજ, સુરત શહેર એમ ત્રણ તાલુકામાં પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૬૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ તા.૩૧–૦૩–૨૦૧૯ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે. |

---------

દાહોદ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૩૨૮૨૦ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૨૭૦. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) |

| ાા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ | તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ | ાા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૨૩ | ૩૫ | ૪૬ |

| | |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ. |

---------

નર્મદા જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો

* ૩૧૮૩૩ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૬ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં | (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧/૧૨/૧૬ ની સ્થિતિએ |

કેટલી વાજબી ભાવની દુકાનો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે?

કુલ:૨૨૧ વાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) કાર્ડધારકોને દર માસે ૧ લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬ મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઇસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરાઈઝ્ડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા SMS થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજિયાત કરેલ છે.

---------

### તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકામાં પંચાયત ઘર બનાવવા દરખાસ્ત

* ૩૧૧૨૫ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોએ પંચાયત ઘર બનાવવા દરખાસ્ત કરેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોને પંચાયત ઘર બનાવવા કરેલ દરખાસ્તની સંખ્યા |
|---|---|---|
| ૧ | તારાપુર | ૦૧ |
| ૨ | સોજીત્રા | ૧૨ |
| ૩ | પેટલાદ | ૦૮ |
| | કુલ: | ૨૧ |

(૨) ઉક્ત સ્થિતિએ દરખાસ્તો પૈકી કેટલા પંચાયત ઘર બનાવી આપવા સરકારે મંજૂરી આપેલ છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | આપેલ મંજૂરીની સંખ્યા |
|---|---|---|
| ૧ | તારાપુર | ૦૧ |
| ૨ | સોજીત્રા | ૦૪ |
| ૩ | પેટલાદ | ૦૬ |
| | કુલ: | ૧૧ |

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં જમીન માપણીના ખેડૂતોની ફરિયાદો

* ૩૨૦૧૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર જમીન માપણીમાં ખેડૂતોની કેટલી ફરિયાદો પડતર છે,

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર જમીન માપણીમાં ખેડૂતોની નીચે મુજબ પડતર ફરિયાદો છે:

| ક્રમ | તાલુકો | બાકી નિકાલ કરવાની અરજીઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૨૩૨ |
| ૨ | થરાદ | ૪૬૪૧ |
| ૩ | સુઇગામ | ૫૯૧ |
| ૪ | દાંતા | ૭ |
| ૫ | ધાનેરા | ૧૦૧૦ |
| ૬ | દિયોદર | ૯૭૨ |
| ૭ | ડીસા | ૫ |
| ૮ | અમીરગઢ | ૬૧૨ |
| ૯ | દાંતીવાડા | ૧૮૬૧ |
| ૧૦ | વાવ | ૧૬૩૯ |
| ૧૧ | ભાભર | ૪૬૭ |
| ૧૨ | કાંકરેજ | ૨૨ |
| ૧૩ | વડગામ | ૦ |
| ૧૪ | લાખણી | ૦ |
| | કુલ | ૧૫૦૫૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો પડતર રહેવાના શા કારણો છે, અને

(૨) ૨(૧) રી સરવે પ્રમોલગેશન બાદ ક્ષતિ સુધારવા બાબતની કુલ ૧૬૩૮૫ જેટલી અરજીઓ આવેલ છે જે પૈકી ૯૦% ફરિયાદો સરવે નંબરમાં ખેડુત ખાતેદાર દ્વારા થયેલ વારસાઇ કે કૌટુંબિક વહેંચણી થકી થયેલા હિસ્સા (પોત હિસ્સા)માં અંદરો અંદરના ક્ષેત્રફળમાં તફાવતના છે

૨(૨) રી સરવે બનાસકાંઠા જિલ્લામાં પોત હિસ્સા ક્ષેત્રફળ ફેરફાર અંગેની મોટા પ્રમાણમાં ફરિયાદ છે.

૨(૩) આ ફરિયાદોનો ક્રમાનુસાર નિકાલ કરવામાં આવે છે.

૨(૪) જિલ્લામાં ઉપલબ્ધ સરવેયરની સંખ્યાની સામે કામગીરીનું ભારણ અનેકગણું વધેલ છે.

૨(૫) આવી ફરિયાદોનો નિકાલ ખાતેદારની હાજરીમાં સ્થળે પુનઃમાપણી કરી કરવામાં આવતો હોઇ તેમાં ઘણો સમય વ્યતિત થાય છે.

(૩) ઉક્ત તમામ ફરિયાદોનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે?

(૩) ઉક્ત તમામ પડતર ફરિયાદોનો નિકાલ જિલ્લાના હાલના સરવેયર દ્વારા કરવામાં આવશે. ઉપરાંત ઉપરોક્ત ખાસ કાર્યભારણનો નિકાલ કરવા રાજ્યમાં કુલ ૨૩૩ સરવેયરોના નવા કાયમી મહેકમ ઉભા કરવા અંગે વર્ષ ૨૦૧૭–૧૮ના રાજ્ય સરકારના બજેટમાં નવી સેવા તરીકે જોગવાઇ સુચવેલ છે. સુચિત મહેકમ થકી તાલુકાવાર ઇલાયદી વ્યવસ્થા ગોઠવી નિકાલ કરવામાં આવનાર છે.

---------

ફાલ્ગુન ૩૦, ૧૯૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

સુરત જિલ્લામાં તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૩૧૮૫૭ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળનાં કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૧૫૪.૩૭ મેટ્રિક ટન. |
| (૨) કયા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે. |
| (૩) કયા ભાવથી કરવામાં આવ્યું ? | (૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા.ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ.૬૦/– ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

---------

ખેડા જિલ્લામાં ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૩૧૮૨૨ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય અન્ન,નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલી ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૩૪૪૮.૮૫ |
| રીફાઇન્ડ આયોડીનયુક્ત મીઠું | ૨૨૨૭.૨૧ |

---------

ભરૂચ જિલ્લામાં તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૩૧૮૪૮ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળનાં કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૧૨૦.૫૯ મેટ્રિક ટન. |
| (૨) કયા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે. |
| (૩) કયા ભાવથી કરવામાં આવ્યું ? | (૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા.ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ.૬૦/– ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

---------

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જંગલી જાનવર અને ભૂંડના ત્રાસથી પાકનું રક્ષણ

* ૩૧૦૭૪ પ્રો હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જંગલી જાનવરો–ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાક રક્ષણ માટે તારની વાડ માટે કેટલી રકમની ફાળવણી મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કરવામાં આવી, અને

જવાબ

(૧)

| જિલ્લો | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ |
| મહીસાગર | શૂન્ય | ૭૬૪.૭૯ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા

(૨)

ખેડૂતોને તેનો લાભ અપાયો?

| જિલ્લો | લાભ અપાયેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
| મહીસાગર | ૩૯ | ૩૭૯૦ |
| પંચમહાલ | ૬૮ | ૪૭૭ |

---------

વલસાડ જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો

* ૩૧૮૩૨ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી વાજબી ભાવની દુકાનો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે ?

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ કુલઃ ૪૩૮ વ્યાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) કાર્ડધારકોને દર માસે ૧ લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬ મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઈસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરાઈઝડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા SMS થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજીયાત કરેલ છે.

---------

તાપી અને વલસાડ જિલ્લામાં રાજીવ ગાંધી ભવન કેન્દ્રો

* ૩૧૦૯૨ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રાજીવ ગાંધી ભવન કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ રાજીવ ગાંધી ભવન કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા.

| વિગત | જિલ્લો | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ |
|---|---|---|---|
| મંજુર | તાપી | ૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ગાંધી ભવન કેન્દ્રોની સંખ્યા | | | |
| | કુલ... | ૧ | ૦ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા કેન્દ્રોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને કેટલા કેન્દ્રોનું કામ બાકી છે, અને

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર પૂર્ણ થયેલ કેન્દ્રો અને બાકી કેન્દ્રોની માહિતી નીચે મુજબ છે.

| વિગત | જિલ્લો | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ |
|---|---|---|---|
| રાજીવ ગાંધી ભવન કેન્દ્રોના પૂર્ણ કામોની સંખ્યા | તાપી | ૦ | ૦ |
| | વલસાડ | ૦ | ૦ |
| | કુલ... | ૦ | ૦ |
| રાજીવ ગાંધી ભવન કેન્દ્રોના બાકી કામોની સંખ્યા | તાપી | ૧ | ૦ |
| | વલસાડ | ૦ | ૦ |

(૩) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ‘‘ સત્વરે ’’

---------

સુરત જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો

* ૩૧૮૬૦ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી વાજબી ભાવની દુકાનો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે?

જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ કુલ : ૧૦૬૧ વાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) કાર્ડધારકોને દર માસે ૧ લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬ મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઈસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરરાઈઝડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના

જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબંધિતોને મોબાઈલ દ્વારા SMS થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજીયાત કરેલ છે.

---------

મોરબી જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો

* ૩૧૮૨૦ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૨૯ વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી છે. |
| (૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ક્યા પ્રકારની ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) કોઇ ગેરરીતિઓ જોવા મળેલ નથી. |
| (૩) તે અન્વયે શું પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ભાવનગર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો

* ૩૧૮૩૧ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૧૮ ગોડાઉનો આવેલા છે. |
| (૨) તે ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ખંડ-૧ ની વિગતે ગોડાઉનની કુલ સંગ્રહ શકિત ૧૦૪૦૦ મે.ટન છે. |
| (૩) તે અન્વયે સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) (૧) વેરહાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ પ્રોજેકટ-૨ હેઠળ શિહોર, ઘોઘા, ઉમરાળા એમ ત્રણ તાલુકામાં પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૬૦૦૦ મે.ટન સંગ્રહશકિત તા.૩૧-૦૩-૨૦૧૮ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે.<br>(૨) વેરહાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ પ્રોજેકટ-૩ હેઠળ વલ્લભીપુર, ભાવનગર,જેસર એમ ત્રણ તાલુકામાં પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૬૦૦૦ મે.ટન સંગ્રહશકિત તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે. |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૩૨૭૯૮ શ્રીમતિ વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૪૫ |
| ૨ | ધાંગ્રધા | ૬૫ |
| ૩ | મુળી | ૫૩ |
| ૪ | સાયલા | ૬૨ |

| | | |
|---|---|---|
| ૫ | પાટડી | ૮૮ |
| ૬ | લખતર | ૪૨ |
| ૭ | થાનગઢ | ૨૩ |
| ૮ | ચોટીલા | ૭૪ |
| ૯ | ચુડા | ૩૬ |
| ૧૦ | લીંબડી | ૫૫ |
| | કુલ | ૫૪૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ઘર વિહોણી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૦૧ |
| ૨ | ધ્રાંગ્રધા | ૦૦ |
| ૩ | મુળી | ૦૨ |
| ૪ | સાયલા | ૦૩ |
| ૫ | પાટડી | ૦૧ |
| ૬ | લખતર | ૦૨ |
| ૭ | થાનગઢ | ૦૦ |
| ૮ | ચોટીલા | ૧૫ |
| ૯ | ચુડા | ૦૫ |
| ૧૦ | લીંબડી | ૦૩ |
| | કુલ | ૩૨ |

(૩) ઉકત પંચાયતોનાં પંચાયત ઘરનાં બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭માં ઉક્ત સ્થિતિએ કોઈ અનુદાન આપેલ છે કે કેમ ?

(૩) હા.
રૂ।.૨૦૭.૦૦ લાખ.

---------

## સાબરકાંઠા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો

* ૩૧૮૨૫ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનાજના સંગ્રહ માટે કુલ ૧૩ ગોડાઉનો આવેલા છે. |
| (૨) તે ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ખંડ-૧ ની વિગતે ગોડાઉનની કુલ સંગ્રહ શકિત ૫૨૦૦ મે.ટન છે. |
| (૩) તે અન્વયે સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) (૧) વેરહાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ પ્રોજેકટ-૨ હેઠળ વડાલી તાલુકા ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહશકિત તા.૩૧-૦૩-૨૦૧૮ સુધી ઉભી કરવાનું આયોજન છે.<br>(૨) વેરહાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ પ્રોજેકટ-૩ હેઠળ હિંમતનગર,ઈડર, પોશીના,તલોદ અને વિજયનગર એમ પાંચ તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૧૦,૦૦૦ મે.ટન સંગ્રહશકિત તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં ઉભી કરવાનું આયોજન છે. |

---------

## આણંદ અને વડોદરા જિલ્લામાં લેન્ડ કમિટીમાં મંજૂર થયેલ અરજીઓ

* ૩૩૨૯૨ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જીલ્લામાં તાલુકાવાર લેન્ડ | (૧) |

| ક્રમ | આણંદ જિલ્લો | વડોદરા જિલ્લો |
|---|---|---|

કમિટીમાં મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલાને સ્થળ ઉપર પ્લોટ ફાળવવાના બાકી છે,

| | તાલુકો | મંજૂર થયેલ અરજીઓ પૈકી સ્થળ ઉપર પ્લોટ ફાળવવાના બાકી | તાલુકો | મંજૂર થયેલ અરજીઓ પૈકી સ્થળ ઉપર પ્લોટ ફાળવવાના બાકી |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૪ | વડોદરા | ૦ |
| ૨ | ઉમરેઠ | ૦ | કરજણ | ૦ |
| ૩ | બોરસદ | ૧૫ | પાદરા | ૦ |
| ૪ | આંકલાવ | ૦ | ડભોઈ | ૦ |
| ૫ | પેટલાદ | ૦ | શિનોર | ૦ |
| ૬ | સોજીત્રા | ૦ | વાઘોડીયા | ૦ |
| ૭ | ખંભાત | ૦ | સાવલી | ૦ |
| ૮ | તારાપુર | ૦ | ડેસર | ૦ |
| | કુલ | ૬૯ | કુલ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્લોટ ન ફાળવવાના કારણો શા છે, અને

(૨) આણંદ જિલ્લામાં જમીન સમતળ કરવાની બાકી હોવાથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર અરજીઓ પૈકી કેટલાને સનદ આપવાની બાકી છે ?

(૩) આણંદ જિલ્લામાં ૬૯ સનદ આપવાની બાકી છે, જ્યારે વડોદરા જિલ્લામાં કોઇને સનદ આપવાની બાકી નથી.

---------

૨૧મી માર્ચ આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે શુભેચ્છાઓ

શ્રી ગણપતસિંહ વે.વસાવા ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહના સર્વે સભ્યશ્રીઓને જણાવતા મને આનંદ થાય છે કે આજે ૨૧મી માર્ચ છે અને યુનો દ્વારા ૨૧મી માર્ચને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. ત્યારે સમગ્ર વિશ્વ આજે આંતરરાષ્ટ્રીય વન દિવસ ઉજવી રહ્યું છે. આજે ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીએ સવારે વૃક્ષારોપણ કર્યું અને બાયસેગ દ્વારા લગભગ સમગ્ર ગુજરાતના લગભગ ૧૩ લાખ વિદ્યાર્થી મિત્રો અને શિક્ષક મિત્રો, વન સમિતિના સદસ્યો સાથે આ હરિયાળું ગુજરાત બનાવવાની અપીલ કરી. હું આ સર્વે સભ્યશ્રીઓને આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આજે પર્યાવરણ દિવસ નિમિત્તે શુભ કામનાઓ આપી અને વનની ચિંતા કરી. વન અને પર્યાવરણ એક બીજા સાથે જોડાયેલા છે. શ્રી આત્મારામભાઇ, (અંતરાય) શ્રી ગણપતભાઇ, મારા ધ્યાનમાં છે. હું આપને કહું છું. આપણે એકાદ વૃક્ષ વાવીએ કે એકાદ ઉજવણી કરીએ એની સાથોસાથ દિલની ભાવના સાથે આપણે સૌએ ત્યાં બેઠા હોઇશુ કે અહીંયાં બેઠા હોઇશું. પણ વન હશે તો પર્યાવરણ જળવાશે અને પર્યાવરણ જળવાશે તો જ આવતા દિવસોમાં ગ્લોબલ વોર્મિંગની ચિંતા સમગ્ર વિશ્વ કરે છે એની ચિંતા આપણને પણ થશે. અમારા તરફથી પૂરતો સહયોગ અને પૂરતી શુભ કામનાઓ છે. સાથોસાથ હું અપેક્ષા રાખું છું કે આજે ગુજરાતમાં આપણે જે ઔદ્યોગિકીકરણ તરફ દોટ મૂકી છે. ઉદ્યોગો હોવા જોઇએ હું એનો વિરોધી નથી. પરંતુ એની સાથોસાથ આજના દિવસે એ પણ નિર્ધાર કરીએ કે વન અને પર્યાવરણની જાળવણી થાય. ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ મોટી ઘોરાડ આપણા દેશ સાથે નામ જોડાયેલું છે એ નામશેષ થવા આવી છે. ત્યારે આજના દિવસે એની જાળવણી અને ચિંતા નહીં કરીએ તો પરિસ્થિતિ એવી થશે કે આખા વિશ્વમાં જેની સાથે આપણા દેશનું નામ જોડાયેલ છે. આજે માત્ર કચ્છમાં ૨૨ પક્ષી જ બચ્યા છે. થોડાક રાજસ્થાનમાં રહ્યા છે. જે વર્ષમાં એક જ ઇંડુ આપે છે. આની ચિંતા આપણે નહીં કરીએ તો આજે આ ગૃહમાં એક બીજાને શુભ કામનાઓ આપીને સંતોષ નહીં માની શકીએ. હું આપના મારફત વન મંત્રીશ્રીને આજના દિવસે વિનંતી કરીશ. શુભેચ્છાઓ સાથે આપણે આ બાબતમાં ગંભીરતાપૂર્વક આગળ વધીએ અને આવતા દિવસોમાં આપણું વન, આપણું પર્યાવરણ ઉત્તમ બને એવા નક્કરતાથી આપણા પ્રયત્નો રહે એવી શુભ કામનાઓ.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની

ફાલ્ગુન ૩૦, ૧૯૩૮ શાકે

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

વિનંતી કરું છું.

‘‘તાજેતરમાં દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ભૂતપગલા ગામની બે સગી બહેનો ઉપર સામૂહિક બળાત્કાર કરવામાં આવેલ છે, જેનાથી ગામના લોકોમાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં.’’

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ભૂતપગલા ગામની બે સગી બહેનો ઉપર સામૂહિક બળાત્કારનો જે બનાવ બનેલ છે તેની હકીક્ત અને લેવાયેલ પગલાંની વિગતો નીચે મુજબ છે;

આ બનાવની એફ.આઇ.આર.મુજબ તા.૧૫/૦૩/૨૦૧૭ના રોજ ફરિયાદી તથા ભોગ બનનાર તેમની બન્ને દીકરીઓ, જે ઉ.વ.૧૫ અને ઉ.વ.૧૩ છે તે ત્રણ જણ ભૂતપગલા ગામે રોડ ઉપર આવેલ તેમની દુકાન પર હાજર હતા ત્યારે સવારના ૯:૩૦વાગ્યાની આસપાસ ફાંગીયા ગામના કુમતભાઇ ફતેસીંગ, ગોપસીંગભાઇ શબુરભાઇ અને અન્ય સાત માણસો એક મેક્ષ ગાડીમાં અને ચાર માણસો બે મોટર સાયકલ ઉપર આવેલ હતા અને ફરિયાદીની બન્ને દીકરીઓને જણાવેલ કે તારો ભાઇ દારૂના ગુનામાં પકડાયો તેમાં મારુ નામ ખોલાવેલ છે, જ્યાં સુધી મારુ નામ ન કાઢે ત્યાં સુધી તમોને છોડવાના નથી, તેમ કહી બન્ને છોકરીઓને ગાડીમાં નાખેલ હતી. જેનો ફરિયાદીએ વિરોધ કરતા કુમતભાઇએ ફરિયાદીની ગરદન પકડી બે ત્રણ ઝાપટ મારી બીજા માણસો સાથે મળી ફરિયાદીને ગાડીમાં પાછળ બેસાડી દીધેલ. ગાડી ખાંડણીયા ગામ તરફ આગળ જતા ફરિયાદીની એક દીકરી પર કુમતભાઇ અને બીજા ત્રણ વ્યક્તિએ દુષ્કર્મ કરેલ અને બીજી દીકરી ઉપર પણ બે વ્યક્તિએ દુષ્કર્મ કરેલ હતું. ત્યારબાદ માંડવા ગામે કેનાલની બાજુમાં ગાડી ઉભી રાખી, તેઓએ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી રોડ ઉપર ત્રણેય જણને ઉતારી દીધેલ. આ દરમ્યાન ભૂતપગલા ગામના લોકો મોટર સાયકલ પર આવી પહોંચ્યા હતા. તેઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી, ભોગ બનનાર બન્ને છોકરીઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઇ જઇ દેવગઢબારીયા સરકારી દવાખાને દાખલ કરેલ હતી.

આ બનાવ અન્વયે તા.૧૫/૦૩/૨૦૧૭ ના રોજ ૧૩:૧૫ વાગે દેવગઢબારીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૩૬/૨૦૧૭, ઇન્ડિયન પીનલ કોડકલમ–૧૨૦બી, ૩૬૫, ૩૭૬(ડી), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોકસો એકટ (પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ) કલમ–૩,૪,૫(જી) તથા ૧૭ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

આ બનાવ અન્વયે કલેક્ટર–દાહોદ, પોલીસ અધિક્ષક–દાહોદ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ–દાહોદ, નાયબ પોલીસ અધિક્ષક–લીમખેડા, સી.પી.આઇ–દેવગઢબારીયા, પી.એસ.આઇ–દેવગઢબારીયાએ ભોગ બનનારની સરકારી હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી હતી.

પોલીસ અધિક્ષક, દાહોદે આરોપીઓને ઝડપી પાડવા માટે કોમ્બીંગનું આયોજન કરી જિલ્લા પોલીસની લોકલ ક્રાઇમ બ્રાન્ચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ અને જિલ્લાના અન્ય અધિકારીઓનો સમાવેશ કરીને કુલ–૧૦ ટીમ બનાવી, આરોપીઓ મળી આવવાના સંભવિત સ્થળો, ફાંગીયા ગામ અને સાગટાળા આઉટ પોસ્ટના જંગલ વિસ્તારમાં કોમ્બિંગ કરેલ હતું.

આ ગુનો જાહેર થયાના આશરે ૨૪ કલાકમાં મુખ્ય પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી તેમજ ગુનામાં વપરાયેલ એક મેક્ષ જીપ અને એક મોટર સાયકલ કબજે કરવામાં આવેલ છે. હાલ, આ બનાવ સાથે સંકળાયેલા તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આ ગુનાના પાંચ આરોપીઓને તા.૧૬/૦૩/૨૦૧૭ ના ૧૪.૧૫ વાગે અટક કરેલ છે. પકડાયેલ આરોપીઓને નામદાર કોર્ટમાં તા.૧૭/૦૩/૨૦૧૭ના રોજ રજૂ કરી દિન–૧૪ના રીમાન્ડ માંગતા, નામદાર કોર્ટે દિન–૭ના તા.૨૩/૦૩/૨૦૧૭ સુધીના રીમાન્ડ મંજૂર કરેલ છે.

આ ગુનાના બે આરોપીઓને તા.૧૭/૦૩/૨૦૧૭ના રોજ ૨૦:૧૫ વાગે અટક કરવામાં આવેલ છે. બન્ને આરોપીઓને નામદાર કોર્ટમાં તા.૧૮/૦૩/૨૦૧૭ના રોજ રજૂ કરી દિન–૧૪ના રીમાન્ડ માંગતા, નામદાર કોર્ટે દિન–૭ના તા.૨૪/૦૩/૨૦૧૭સુ ધીના રીમાન્ડ મંજૂર કરેલ છે.

આ ગુનાના ચાર આરોપીઓને તા.૧૯/૦૩/૨૦૧૭ના રોજ ૨૩:૧૫ વાગે અને બે આરોપીઓને તા.૨૦/૦૩/૨૦૧૭ના રોજ ૧૦:૦૦ વાગે અટક કરેલ છે. આરોપીઓને નામદાર કોર્ટમાં તા.૨૦/૦૩/૨૦૧૭ના રોજ રજૂ કરી દિન–૧૪ના રીમાન્ડ માંગતા, નામદાર કોર્ટે પાંચ આરોપીના દિન–૭ના તા.૨૭/૦૩/૨૦૧૭ સુધીના રીમાન્ડ મંજૂર કરેલ છે. જ્યારે, એક આરોપી સગીર હોઇ, તેના વિરૂધ્ધ જુવેનાઇલ જસ્ટીસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપીઓ પૈકી ૭ આરોપીઓની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરવામાં આવેલ છે.

એફ.એસ.એલ.અધિકારીએ બનાવની જગ્યાની સ્થળતપાસ કરી ગુનામાં કબ્જે લેવાયેલ એક મેક્ષ ગાડી અને એક મોટર સાઇકલની તપાસણી કરેલ છે.

આ ગુનામાં ભોગ બનનાર બન્ને સગીરાના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ મરણોન્મુખ નિવેદન અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, દેવગઢબારીયા સમક્ષ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદન લેવામાં આવેલ છે.

રાજ્ય સરકારે ભોગ બનનાર બન્ને સગીરાઓને રૂ.૩–૩ લાખ લેખે કુલ રૂ. ૬ લાખની સહાય આપેલ છે.

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

આ ગુનાની ગંભીરતા તથા સંવેદનશીલતા ધ્યાને લઇ નાયબ પોલીસ મહા નિરીક્ષક, પંચમહાલ ગોધરા વિભાગ, ગોધરાના તા.૧૮/૦૩/૨૦૧૭ના હુકમથી આ ગુનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષક, લીમખેડાને સોંપવામાં આવેલ છે.

રાજ્ય સરકારે આ કેસમાં સ્પે. પી.પી.ની નિમણૂંક કરેલ છે તેમજ આ ગુનાના ફરીયાદી અને ભોગ બનનારને પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવી છે.

આ ગુનાની તપાસ નિષ્પક્ષ રીતે કરવામાં આવી રહેલ છે અને આ બનાવ પરત્વે સરકાર દ્વારા સંવેદનશીલતા પૂર્વક ત્વરીત અને અસરકારક પગલાં લેવામાં આવેલ છે. જેથી લોકોમાં રોષ કે ભયની લાગણી ઉપસ્થિત થવાને કોઇ કારણ નથી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં અને ગાંધીજીની કર્મ ભૂમિ ઉપર અને સરદાર સાહેબના ગુજરાતમાં આજે મારું શરમથી માથું ઝૂકી જાય એવી વાત છે. પોતાના પિતાની સામે આજે બે દીકરીઓ ઉપર બળાત્કાર થયો છે. એક ૧૫ વર્ષની દીકરી છે જે અગિયારમા ધોરણમાં અભ્યાસ કરે છે. બીજી ૧૩ વર્ષની છે જે નવમા ધોરણમાં અભ્યાસ કરે છે. આજે ચાલુ ગાડીમાં આ સરકારમાં, •(×××)(અંતરાય) આજે મારા દાહોદ જિલ્લામાં (અંતરાય) એ બધાની દીકરી કહેવાય. આજે તમારી દીકરી હોય તો શું થાય? એ બધાની દીકરી છે. કોઇપણની દીકરી હોય એ આપણી જ દીકરી છે. આજે આ ગૃહમાં બેઠા છીએ ત્યારે આજે ગુલાબના ફૂલ જેવી છોકરીઓને આજે આ ભણતી છોકરીઓને બાપને અને બન્ને છોકરીઓને ગાડીમાં લઇ જઇને ચાલતી ગાડીમાં કપડા કાઢીને ફાડી નાખ્યા. એના ઉપર બળાત્કાર થાય એ એમનો બાપ જુએ તો કેવી રીતે સહન કરી શકે? આજે મારું હૃદય થંભી જાય છે. આ મારી દીકરીઓ કહેવાય. આજે હું આ બોલું છું એક મહિલા ધારાસભ્ય તરીકે (અંતરાય) આ સરકારમાં બીજું કંઇ ના હોઇ શકે. આજે આ *(×××) જે કુમુદ કરીને સરપંચનો ઘરવાળો છે. *(×××) એનાથી આ બળાત્કાર થયો છે. શુક્રવારે હું ઘરે ગઇ પછી મેં શનિવારે સિવિલ હોસ્પિટલમાં..

અધ્યક્ષશ્રી : બેન, તમને નિવેદન આપ્યું એના ઉપરથી જે પ્રશ્ન હોય તે પ્રશ્ન ઉપર આવી જાવ,

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : આવું છું સાહેબ, પ્રશ્ન ઉપર જ આવું છું.

અધ્યક્ષશ્રી : તમારું પ્રારંભિક મેં બરાબર સાંભળ્યું છે એટલે કહું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : સાહેબ, મેં આ બે છોકરીઓના ખબર અંતર પૂછયા. ત્યારે ૧૩ વર્ષની નાની બેબી છે એનું પેટ પણ ફૂલી ગયું છે. છતાંયે ગાંધીનગરથી ફોન જાય છે અને એને જબરજસ્તી રજા લેવડાવવામાં આવી છે. આ *(×××) સાહેબ આ દીકરીની આબરૂ લુંટાઇ ગઇ અને સરકારે ત્રણ–ત્રણ લાખની સહાય આપી. આ સહાય આપવાથી દીકરીની આબરૂ પાછી આવવાની નથી. આ *(×××) (અંતરાય) આ જે દારૂના અડ્ડા ..સાચી વાત છે..આજે આ દારૂની હાટડીઓ, આજે આ બહેનોનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : જે અસંસદીય શબ્દો હશે એ રદ કરવામાં આવશે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : આ બહેનોનો પ્રશ્ન છે, દીકરીઓનો પ્રશ્ન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બહેન, તમે પ્લીઝ પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક ભાઇ દારૂ વેચતો હોય, આજે દારૂની (અંતરાય) દારૂની જે દુકાન ચલાવે છે એમની વિગતવાર એને જાણ કરવામાં આવે (અંતરાય) બહેનોની ઇજ્જત લુંટવામાં આવે છે. *(×××) સાહેબ, આ દારૂ જયાં સુધી બંધ ન થાય ત્યાં સુધી આ સરકારમાં જે કાયદો લાવ્યા છે, અમારા કાયદા મંત્રીશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી જે કાયદો લાવ્યા છે....

અધ્યક્ષશ્રી : માનનીય ગૃહમંત્રીશ્રી....બહેન બહુ થયું.. બહુ થયું, મેં સાંભળ્યું.(અંતરાય) મને ખબર પડે છે ભાઇ, હું ભાષણ સાંભળવા માટે નથી બેઠો. મેં કેટલી વખત વિનંતી કરી તમે બધા નથી જાણતા? બેસો બેન પ્લીઝ, ચંદ્રિકાબેન બેસો, પ્લીઝ, મારી વિનંતી છે, આપ બેસો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દેવગઢ બારીયાના.(અંતરાય)..

અધ્યક્ષશ્રી :બહેન તમે તમારો વખત ખોઇ બેઠા. માત્ર આરોપો સિવાય તમારી પાસે કશું નથી. મેં ત્રણ વખત તમને કીધું છે કે પ્રશ્ન ઉપર આવો, તમે નથી બોલ્યા એટલે તમારો સમય પૂરો થાય છે. બેસો (અંતરાય) તમારા માણસોને ના પાડો. ડિસીપ્લીન જેવું તમારામાં કાંઇ છે કે નહીં?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ સંવેદનાનો છે. માનનીય ચંદ્રિકાબેન ક્યારેય રાજકીય આક્રોશ વ્યક્ત કરતા નથી. એમના દિલની ભાવના હતી. દારૂના કારણે આ થયું છે. માનનીય મંત્રીશ્રીને પણ મારી વિનંતી છે કે રાજકીય લેવાને બદલે આ સંદર્ભમાં દારૂના કારણે આ થયું છે, બુટલેગરો હતા એ એમનો પ્રશ્ન હતો.

અધ્યક્ષશ્રી : ચંદ્રિકાબેન પ્રશ્ન પૂછો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : કોર્ટમાં કેટલા ઇસમોએ ગુનાની કબૂલાત કરી છે અને કેટલા ઇસમોએ ગુનાની કબૂલાત કરી નથી? બીજો પ્રશ્ન છે કે પોલીસ તંત્ર દ્વારા આવા દારૂનો વેપાર કરનારા ઇસમો સામે સખતમાં સખત પગલા લઇને જિલ્લામાંથી કાયમી તડીપાર કરવા માગો છો કે કેમ?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ બનાવને સરકારે બહુ ગંભીરતાથી લીધો છે અને આ દુષ્કર્મની સાથે સંકળાયેલા બધા જ લોકોના સંદર્ભમાં તાત્કાલિક તમામ પ્રકારના પગલા લેવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં જ સૌથી પહેલા વહીવટી તંત્રની સેવા ૧૦૮ ઘટના સ્થળ ઉપર વહેલામાં વહેલી પહોંચાડી દેવામાં આવી. ત્યારબાદ દેવગઢબારિયાની હોસ્પિટલમાં આ બન્ને દીકરીઓને સારવાર માટે પહોંચાડી દેવામાં આવી. ત્યારબાદ પી.એસ.આઇ. દેવગઢબારિયા સ્થળ ઉપર પહોંચ્યા, સી.પી.આઇ. દેવગઢબારિયા પણ આ તપાસમાં જોડાયા. એસ.ટી.પી.ઓ. લીમખેડા, નાયબ પોલીસ અધિકારી એને પણ આ તપાસમાં જોડ્યા. એસ.પી., દાહોદે પણ હોસ્પિટલમાં જઇને આ બન્ને દીકરીઓની મુલાકાત લીધી. રેવન્યુના એસ.ડી.એમ., દાહોદ અને કલેકટર દાહોદ આ બન્ને જણાએ પણ સ્થળ ઉપર મુલાકાત લીધી. ઘટના બનવાની સાથે જ નાની દીકરીઓ હતી એટલે પોસ્કો એક્ટની કલમો લગાડીને ઘટનાની જાણકારી સાથે જિલ્લાના એસ.પી. દ્વારા ૧૦ જેટલી ટીમો આ ગુનેગારોને પકડવા માટે કામમાં લગાડવામાં આવી. જે કુલ ૧૧ આરોપીઓના નામ એફ.આઇ.આર. વખતે જાહેર કરવામાં આવ્યા હતા એમાં પોલીસ તંત્રની સક્રિયતા અને ફીલ્ડની ૧૦ ટીમો હતી એના કારણે તમામ આરોપીઓને પકડીને પોલીસ તંત્ર દ્વારા જેલના હવાલે કરવામાં આવેલ છે. કુલ ૧૩ જેટલા આરોપીઓ હતા. પહેલા ૨૪ કલાકમાં પણ ૭ જેટલા આરોપીઓની ધરપકડ કરી અને બાકીના આરોપીઓની ધરપકડ પૂરી થશે. આ ઘટનાની સંવેદનશીલતા જોતા બહેને પ્રશ્નને વધારે પડતો રાજકીય બનાવી દીધો છે.

અધ્યક્ષશ્રી : બહેનનો આક્રોશ મેં પણ સાંભળ્યો છે. તમે એને બાજુમાં મૂકીને આપ આપની રીતે જવાબ આપો, પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અમારા પોલીસ તંત્ર દ્વારા આ બન્ને દીકરીઓને કંઇ થાય નહીં એટલા માટે કંઇ થાય એ પહેલા એ લોકોના ડાઇંગ ડિકલેરેશન પણ લઇ લેવામાં આવ્યા છે. આખા એક્ટમાં જે પ્રોવિઝન છે એ પ્રોવિઝન અનુસાર સી.આર.પી.સી. ૧૬૪નું પણ નિવેદન લેવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ દીકરી સાથે આ પ્રમાણેની ઘટના આ ગુજરાત જેવા રાજ્યમાં આપણે કોઇ પણ હિસાબે ચલાવી લેવા માગતા નથી અને પાકુ ગુનેગારોને કન્વિટ થાય એટલા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના માધ્યમથી એના પણ જરૂરી નમૂનાઓ લઇ એની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. સ્પેશ્યલ પબ્લિક પ્રોસીક્યુટર પણ આ કેસની અંદર ક્યાંય આ ગુનેગારો છૂટી ના જાય એના માટે પહેલા દિવસથી જ સામાન્ય રીતે સ્પેશ્યલ પી.પી.ની નિમણુક મહિના, બે મહિના કે ત્રણ મહિના થતા આપણે કરતા હોઇએ છીએ. પરંતુ આની અંદર સ્પેશ્યલ પબ્લિક પ્રોસીક્યુટરની નિમણૂક કરી છે અને આ ઘટનાની જે આ પરિવાર પ્રત્યે સંવેદના દાખવીને બંન્ને દીકરીઓને ૩-૩ લાખ એટલે ૬ લાખ રૂપિયાની સહાય આપી છે. એમ માનનીય અધ્યક્ષશ્રી, ઘટનાના બનતાના પહેલાથી જ ડૉક્ટરી સહાય એને પોલીસ દ્વારા નોધણી, એને હોસ્પિટલની અંદર સહાય, એનું ટેકનીકલ ઇન્વેસ્ટીગેશન સરખી રીતે થાય અને આરોપીઓ પકડાયા અને આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડ માગ્યા અને ૧૪ દિવસના રિમાન્ડમાંથી કોર્ટે અમને ૭ દિવસના રિમાન્ડ આપ્યા. એ લોકોનું કડકમાં કડક રીતે ઇન્ટ્રોગેશન ચાલી રહ્યું છે અને હું સભાગૃહને ખાતરી આપવા માગુ છું કે આ બે દીકરીઓ સાથે તમારી, અમારી બધાની સંવેદના જોડાયેલી છે અને એ સંવેદનામાં ભૂતકાળની અંદર પણ આ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જેટલા પણ આ પ્રમાણેના બળત્કારના કેસ થયા, ગેંગરેપના કેસ થયા. પાટણની પીડિતાનો જે ગેંગરેપનો કેસ હતો. આ જ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આજીવન કેદની અંદર કર્યા છે. એ પ્રમાણે શાહીબાગ પોલીસ સ્ટેશનની અંદર થયેલા ગુના કે જૂનાગઢની અંદર થયેલા બહુ ચકચારી ગુના છે. માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ તંત્ર પણ પોતાની રૂટિન પ્રક્રિયા કરતા પણ જ્યારે આ ઘટના અંગેનું બ્રિફિંગ અને સતત એ લોકોની સાથે હું કોમ્યુનીકેશનમાં હતો. મારા ગૃહ વિભાગના અધિકારીઓ અને મારું પોલીસ તંત્ર જ્યાં આવશ્યકતા પડી ત્યાં મહિલા પોલીસ અધિકારીને આ દીકરીની સાથે રાખવામાં આવ્યા. દીકરી કોઇ પણ પ્રકારના સાયકોલોજીકલ ડીપ્રેશનમાં ના જાય એટલા માટે એનું મનોવૈજ્ઞાનિક રીતે કાઉન્સેલિંગ પણ કર્યુ છે. એમ આ બે પરિવારો વચ્ચેનો ઝઘડો અને એ ઝઘડા ભોગની અંદર આ દીકરી એમાં નિમિત્ત કરીને એના ઉપર દુષ્કૃત્ય કરવામાં આવ્યું છે એમાં સરકાર સંવેદનશીલ અને કટીબદ્ધ છે અને એમાં સરકાર રેસ્ટ એસ્યોર્ડ આ દિશાની અંદર અમે જરાય કચાસ નહિ રાખીએ.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે આ દેવગઢ બારીયાના ભૂતપગલા ગામે સગીર દીકરીઓનો બાપ એમના ગલ્લા પર સવારના ૯ થી સાંજના બેઠા હતા.

અધ્યક્ષશ્રી : વજેસિંગભાઇ આપ પ્રશ્ન ઉપર આવો. પ્લીઝ, હજી ઘણાં બાકી છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : સાહેબ, આ પ્રશ્ન ઘણો ગંભીર છે સાહેબ અને બહુ શરમની વાત છે. આ દેવગઢ બારીયા સન્માનનીય બચુભાઇ ખાબડ મંત્રી સાહેબનો વિસ્તાર છે. આ બનાવ કેમ બન્યો એનું પણ વિચારવા જેવું છે. આ બનાવ કે આ આરોપીઓ બુટલેગર અને દારૂનો ધંધો વર્ષોથી કરે છે અને પોલીસ એમને છાવરે છે એટલા માટે આ લોકો એમના ડર વગર આ બંન્ને દીકરીઓના બાપને ઉપાડી ગયા. અગાઉ પણ આ માણસોએ ૭ વર્ષની દીકરી ઉપર બળાત્કાર કર્યો હતો પણ આ દબાવવામાં આવ્યું અને છૂપાવ્યું એટલે આગળ આવ્યું નહિ. પરંતુ દુઃખની એ વાત છે કે •(×××)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : વજેસિંગભાઇ, માનનીય મંત્રીશ્રીએ એક પણ પોલિટિકલ ઓબ્ઝર્વેશન કર્યું નથી. પ્લીઝ, એમને વિનંતી કરી છે અને તમે પુનરાવર્તન ના કરો એવી વિનંતી છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : *(×××)

અધ્યક્ષશ્રી : અરે, ભાઇ અહીંયા દાહોદ ઉપર આવી જાવને દિલ્હી ઘણું દૂર છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : : બળાત્કાર થયો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પછી હું બંધ કરીશ હો. મહેરબાની કરીને પ્રશ્ન ઉપર આવો.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : *(×××)

અધ્યક્ષશ્રી : ચાલો, ભાઇ નેકસ્ટ, ગેંદાલભાઇ ડામોર.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : સાહેબ, મને પ્રશ્ન પૂછવા દો.

અધ્યક્ષશ્રી : ગેંદાલભાઇ ડામોર, તમારે કાંઇ પૂછવું છે? એમાં કાંઇ પૂછવા જેવું જ નથી. ખાલી રાજકીય ઓબજર્વેશનથી ગૃહ ના ચાલે. સંવેદનાની રૂએ વર્તાય (અંતરાય) ગેંદાલભાઇ આપ આપનું સ્થાન લો પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી, આ જે ઘટના બની, તાત્કાલિક શ્રી બચુભાઇ ખાબડનો મંત્રી તરીકે એમના મત વિસ્તાર તરીકે મારા ઉપર ફોન આવ્યો અને બચુભાઇ ખાબડ અને આપણા કેન્દ્રીય મંત્રી શ્રી જસવંતસિંહ ભાભોર અને દેવગઢ બારીયાના નગરપાલિકાના અધ્યક્ષ બહેન છે એ બધા જ લોકો આ દીકરીઓની મુલાકાત લઇ, એ પરિવારની મુલાકાત લઇ અને એને સંપૂર્ણપણે એની પડખે ઊભા રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરવામાં આવી, રેકોર્ડ સુધરી જાય એટલા માટે કહું છું. આ કુમકાભાઇ નામનો બળાત્કારી એ ભારતીય જનતા પાર્ટીનો સરપંચ નથી, એને ભારતીય જનતા પાર્ટી સાથે કોઇ લેવા દેવા નથી. બહેને જે ઉલ્લેખો કર્યા બળાત્કારી પાર્ટીના, એ આપે રેકોર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ અને હું કોંગ્રેસના આમાં કોના કયા લોકોના સાથેના સંબંધો એ જો આપ અનુમતિ આપો તો હું બધાની ચિઠ્ઠી ખોલવા માટે તૈયાર છું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ માનનીય મંત્રીશ્રી, પ્લીઝ. ગેંદાલભાઇ ડામોર(અંતરાય) અરે ભાઇ બરાબર છે. (આ તકે વિપક્ષના શ્રી શક્તિસિંહ ગોહિલે ઉભા થઇ કાંઇક કહેતાં) એક પણ પોલિટીકલ ઓબ્જર્વેશન નથી હું સાંભળું છું, બરાબર ધ્યાનથી. પ્લીઝ ગેંદાલભાઇ. વજેસિંગભાઇ બેસો, આપ બેસો. ગેંદાલભાઇ આપને કહેવાનું છે ?

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : હા સાહેબ મારે કહેવાનું છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો, પ્રશ્ન પૂછો. વજેસિંગભાઇ આપ આપનું સ્થાન લો.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ગુજરાતમાં જે બનાવો બન્યા છે અને ખાસ કરીને •(×××)

અધ્યક્ષશ્રી : નેકસ્ટ. ત્રણ નંબર, નેકસ્ટ ચાલો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ સામાન્ય વસ્તુ નથી. પુનરાવર્તન થાય છે એનો અર્થ કે આપણા કાયદાની કે સરકારની કે લો એન્ડ ઓર્ડર જે છે એની અસર નથી. વર્ષોથી આનું આ, ચાંદની પછી થવાનું હોય, આદિવાસી બહેનનું, ત્યાં કચ્છમાં થવાનું હોય અહીંયા આ થવાનું. એનો અર્થ કે આપણું પ્રેસર નથી, માનીને ચાલીએ કે, ટેકન ફોર ગ્રાન્ડેટ *(×××), થોડી મદદ કરીશું, ત્રણ લાખ રૂપિયાથી એની આબરૂ પાછી આવવાની છે, જે બન્યું એ પ્રમાણે? તો કમ સે કમ સંવેદના, આ ન બનવું જોઇએ એના માટે જે કટ્ટરતા હોવી જોઇએ એનો અભાવ છે. અને માફ કરજો મને કોંગ્રેસની ચિઠ્ઠી ખોલી શકો જેટલી ખોલવી હોય એટલી પણ આ બધી ચિઠ્ઠીઓ ભા.જ.પ.ની છે આ કચ્છ આખુ ભા.જ.પ.નું, સુરેન્દ્રનગર ભા.જ.પ.નું, આ ભા.જ.પ.નું, આદિવાસી બહેન એ બી.જે.પી.ની તાલુકાની ડેલિગેટ એટલે માફ કરજો મને, આ પબ્લિક જે કાંઇ છે એ સહન કરવાની એની હદ હોય એટલે અમે આપણી આ પદ્ધતિમાંથી વોક-આઉટ કરીએ છીએ, સિસ્ટમ બરાબર નથી. કડક આપ કરી શકો જેટલું કરવું જોઇએ એ કરો, પુનરાવર્તન ન થાય એનું એશ્યોરન્સ આવે તોય ઘણું છે. (અંતરાય) ( સતત સૂત્રોચ્ચાર)

(આ તકે વિપક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા ગૃહત્યાગ કરી ગયા)

(સભાત્યાગ કરતી વેળાએ સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને કંઇક બોલતા બોલતા સભાત્યાગ કરી ગયા.)

અધ્યક્ષશ્રી : નેકસ્ટ, નેકસ્ટ

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૪-૧૫નો ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ.

શ્રી જશાભાઇ ભા.બારડ ( રાજ્યકક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૩૦, ૧૯૩૮ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

સભ્યશ્રીને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવા બાબત

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ તાજેતરની જ ઘટના છે એટલા માટે, માનનીય મંત્રીશ્રીએ એક પણ પોલિટીકલ ઓબર્જવેશન કર્યા સિવાય જવાબ આપ્યો છે. ના પાડે છે કે અમે પોલિટીકલ નથી કરતા, સંવેદના છે, સંવેદના છે. આ રાજકીય રીતે વોક-આઉટ કરવો એ સંવેદના નથી. અમારા મંત્રીશ્રીના જવાબમાં પૂરેપૂરી સંવેદના હતી.

અને આજે બીજું શ્રી પરેશભાઇએ જે ઇનડિસિપ્લીન કરી છે એની પણ નોંધ લેવાવી જોઇએ. એ આપની સામે પણ આક્ષેપાત્મક એ શબ્દો બોલ્યા છે એની પણ નોંધ લેવાવી જોઇએ. એમને એક વાર માફ કર્યા પણ માફીને લાયક નથી એવું મને લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇ ધાનાણીએ આપની સાથે પણ અણછાજતું વર્તન કરીને ઇનડીસીપ્લીન કરી છે તેથી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

અધ્યક્ષશ્રી : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીના સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા બાબતના પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે. હું સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરું છું.

( સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)

ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

દહેજ સેઝ લિમિટેડના સન ૨૦૦૪-૦૫ થી સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) માનનીય અધ્યક્ષશ્રી, હું દહેજ સેઝ લિમિટેડના સન ૨૦૦૪-૦૫ થી ૨૦૧૪-૧૫ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદનો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદનો સભાગૃહનામેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ઇન્ફર્મેટીકસ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫ નો વાર્ષિક અહેવાલ

શ્રી આત્મારામ મ.પરમાર( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬ નો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬ નો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષક અહેવાલ

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી ગણપતસિંહ વે.વસાવા( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે પોઈન્ટ ઓફ ઓર્ડર ન હોય, કોઇ સંદર્ભ નહીં, મારું કામ પૂરું ન થાય ત્યાં સુધી બેસો. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : વાર્ષિક અહેવાલના સંદર્ભમાં વાત કરવાની છે.

અધ્યક્ષશ્રી : કોઇપણ સંદર્ભ હોય, ના, જરાય નહીં. આ પૂરું થઇ જાય પછી તમે બોલજો. પછી તમને તક આપીશ.

ગુજરાત રાજય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરસિંહ ઠા.પટેલ( રાજય કક્ષાના સહકાર મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬નો સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના વાર્ષિક વહીવટી અહેવાલો

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી ( રાજ્ય કક્ષાના રમત ગમત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સન ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના વાર્ષિક વહીવટી અહેવાલો અને ઓડિટ અહેવાલો તથા સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

સન ૨૦૧૫-૧૬ નો ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સન ૨૦૧૬-૧૭ ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા ૨૦૧૭-૧૮ ના વર્ષનું અંદાજપત્ર

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔધોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૬-૧૭ ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર અને સન ૨૦૧૭-૧૮ ના વર્ષનું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

સુધારેલ અંદાજપત્ર તથા અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬ ના ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાર્ષિક હિસાબો તથા ૨૦૧૩-૧૪ અને સન ૨૦૧૪-૧૫ ના વાર્ષિક વહીવટી અહેવાલો

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૩-૧૪ અને સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ આ બન્ને અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૬ ના સ્થાવર મિલકત(નિયમન અને વિકાસ) અધિનિયમ અન્વયેના જાહેરનામા

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬ના સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ અન્વયેના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૯-૧૦-૨૦૧૬ના,

(૧) જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬ના ૧૯૬/એમઆઇએસ/૧૦૨૦૧૬-૩૨૮૧૪૫-લ

(૨) જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬ના ૧૯૭/એમઆઇએસ/૧૦૨૦૧૬-૩૨૮૧૪૫-લ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

જાહેરનામા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

તા. ૨૭-૨-૨૦૧૭ ના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૭૫૪૦( અગ્રતાક્રમ-૮) ના અનુસંધાને માહિતી

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા ( અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૭-૨-૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી જનકભાઇ કાછડીયાના ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાની ફાળવણી'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૭૫૪૦ (અગ્રતાક્રમ-૮)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ફાલ્ગુન ૩૦, ૧૯૩૮ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

અહેવાલો સમયસર રજૂ કરવા અંગે

શ્રી<# M /શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ પુસ્તકના નિર્ણય ક્રમાંક ૫૪૮, પાના નં. ૩૯૮ તરફ આપનું ધ્યાન દોરીને મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદો ઉપસ્થિત કરવા માગું છું. હું માત્ર ગૃહનો સમય બચાવવા માટે જે રિલેવન્ટ ૫-૭ લાઇનો છે, જે પાના નં. ૩૯૯ ઉપર છે. માનનીય અધ્યક્ષશ્રીનો જે નિર્ણય છે તેની લાઇનો વાંચીશ. માનનીય મંત્રીશ્રી આપે જે કારણો જણાવ્યાં છે તે મને વ્યાજબી લાગતા નથી. I will pause here for a moment. જે તે વખતના માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહે છે કારણ એમ છે કે આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો, તેનું વર્ષ ૩૧ માર્ચ ૧૯૬૩ ના રોજ થાય છે, ત્યારપછી માનનીય સભ્યશ્રીએ જે કલમ વાંચી બતાવી એની અંદર સરકાર પાસે અહેવાલ મુકવા માટે જે સમય જણાવેલ છે, તે પ્રમાણે તા. ૩૧ જુલાઇ ૧૯૬૩ સુધીમાં આવી જવો જોઇએ. બહુ વિલંબ નહોતો થયો. માત્ર એક જ વર્ષનો વિલંબ હતો અને તો પણ જે તે વખતના માનનીય અધ્યક્ષશ્રીનો ખૂબ જ ભારપૂર્વકનો નિર્ણય અને માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું આ પહેલાં મેં સવારમાં કહ્યું હતું એનો અર્થ એમ નથી કે વહેલામાં વહેલી તકે એટલે કેટલું વહેલું? એના માટે આપને કેટલો સમય જોઇએ? હું ધારું છું કે વહેલામાં વહેલી તકનો અર્થ બે માસ કરતા વધારે ન થવો જોઇએ, એટલે એ પ્રમાણે ગણતા રિપોર્ટ સભાગૃહ સમક્ષ ૩૧ ઓક્ટોબર ૧૯૬૩ સુધીમાં કોઇપણ સંજોગોમાં આવી જવો જોઇતો હતો. તે હિસાબે ગણતરી કરીએ તો આ હિસાબ ઓછામાં ઓછો ૫ માસ મોડો છે. આ પહેલાં મેં જણાવ્યું હતું તે પ્રમાણે જ્યારે કોઇ આવી વસ્તુ હોય તો શરૂઆતમાં કાગળો સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે, અથવા ચર્ચા માટે મૂકવામાં આવે તો હું ધારું છું કે કામ સરળ થઇ જાય અને અહીયા ઔચિત્યનો મુદો ઉઠાવવાની જરૂર રહે નહીં. વારંવાર મારે પણ સૂચનાઓ કરવાની જરૂર ન પડે. આવી રીતે દરેક વખતે હું સૂચના આપું. પૅાઇન્ટ ઓફ ઓર્ડર ઉઠતા રહે તો હું ધારું છું કે આની અંદર અધ્યક્ષનું એકલાનું અપમાન નથી, પણ આખા સભાગૃહનું અપમાન થાય છે તેમ મને લાગે છે. માટે ભવિષ્યમાં આવું ન બને. આ નિર્ણય છે વૈધાનિક મંડળોના વાર્ષિક અહેવાલો, અંદાજપત્ર, ઓડિટમાં થયેલ હિસાબો પરના ઓડિટ રિપોર્ટ વિગેરે બાબતોનો. આજના ઓર્ડર ઓફ ધી ડે માં ક્રમ નં.૩ની લગભગ બધી જ બાબતો આમ ગણીએ તો, પરંતુ પેટા બાબત.૮ માં ૨૦૧૨-૧૩ના વાર્ષિક હિસાબો છે. પેલામાં માત્ર પાંચ મહિનાનો વિલંબ હતો તો પણ માનનીય અધ્યક્ષશ્રીની એ કડકાઇ હતી. આજે ૨૦૧૨-૧૩નો ઓડિટ અહેવાલ ૨૦૧૭માં રજૂ થાય ત્યારે આપનું રક્ષણ અને આપના તરફથી દુરોગામી અસર પડે તેવા નિર્ણયની અપેક્ષા સાથે વિરમું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજીએ જે વાત કરી છે ત્યારે આ સભાગૃહમાં આજે મારે સ્વ.અશોકભાઇ ભટ્ટને યાદ કરવા પડે. આ સભાગૃહમાં દસ-દસ વર્ષના રિપોર્ટ મેં પણ મૂકેલા છે. એટલા માટે માનનીય શક્તિસિંહજીની વાત સાચી છે કે, બધુ સમયસર થવું જોઇએ. તે વાતને હું પણ સ્વીકારું છું. આના માટેની જે સમિતિ કામ કરતી હોય તે સમિતિ પણ તેનું ધ્યાન દોરે. હું તાકીદ કરું છું કે બધા સમયસર પોતાનો રિપોર્ટ આપે. નેકસ્ટ.

વૈધાનિક પ્રસ્તાવ

આદિજાતિ સલાહકાર પરિષદ પર સભ્યશ્રીને ચૂંટવાનું કામ હાથ ધરવા અંગે

શ્રી ગણપતસિંહ વે.વસાવા (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ-૫ના ફકરા-૪ હેઠળ રચાયેલ આદિજાતિ સલાહકાર પરિષદ પર ગુજરાત વિધાનસભાએ ચૂંટેલા ૧૫(પંદર) સભ્યો પૈકી સભ્યશ્રી શબ્દશરણ તડવી આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી બનતાં તેઓ હોદ્દાની રૂએ પરિષદના સહ ઉપાધ્યક્ષ બને છે. તેના પરિણામે પરિષદ પર ચૂંટાયેલા ૧(એક) સભ્યનું સ્થાન ખાલી પડે છે. તેથી ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ પર ગુજરાત વિધાનસભાના અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી એક સભ્યને ચૂંટવાનું કામ આ સભાગૃહ હાથ ધરે તેવી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત વિધાનસભાની સમિતિઓ તથા આદિજાતિ સલાહકાર પરિષદ પર ખાલી પડેલ જગ્યા પર સભ્યની ચૂંટણી અંગે.

અધ્યક્ષશ્રી : હું સન ૨૦૧૬-૧૭ના વર્ષ માટેની અંદાજ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિમાં બે-બે સભ્યોની ખાલી પડેલ જગ્યાઓ તથા ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ પર ગુજરાત વિધાનસભાના અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી એક પ્રતિનિધિની ચૂંટણી માટે નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

- નામ નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમયઃ શુક્રવાર તા.૩૧-૩-૨૦૧૭ બપોરના ૧.૦૦ વાગ્યા સુધી.
- નામ નિર્દેશનપત્રોની ચકાસણી કરવાની તારીખ અને સમયઃ શનિવાર તા.૧-૪-૨૦૧૭ સાંજના ૪.૩૦ વાગ્યે નાયબ સચિવશ્રી એસ.એમ.મેમણની ચેમ્બરમાં.
- નામ નિર્દેશનપત્રો પાછા ખેંચવાની તારીખ અને સમયઃ બુધવાર તા.૫-૪-૨૦૧૭ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી.

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

- મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી માટેના નિર્દેશનપત્રો કામકાજના દિવસો દરમ્યાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલ સમિતિ શાખા-૧માંથી મળી શકશે. નેક્સ્ટ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

માગણી ક્રમાંક-૯૨

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૪૮૭ કરોડ ૨૮ લાખ ૬૧ હજારની અને મૂડી ખર્ચ માટેની રૂ.૯૦ કરોડ ૮૧ લાખ ૪૦ હજારની માગણી ક્રમાંક-૯૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૯૨ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૯૫

શ્રી આત્મારામ મ.પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા વિભાગ યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૫,૮૨,૪૨,૫૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૦,૨૧,૨૬,૮૨,૦૦૦/- ની માગણી ક્રમાંક ૯૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૯૫ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ ચાવડાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૩૦, ૧૯૩૮ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

મહિલા અને બાળ વિકાસ વિભાગ

માગણી ક્રમાંક ૧૦૫

શ્રી આત્મારામ મ.પરમાર (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ કલ્યાણ વિભાગ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૭૬,૦૭,૦૦૦/– ની માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ

માગણી ક્રમાંક–૮૯

શ્રી આત્મારામ મ.પરમાર (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી સેવાને લગતી વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચની રૂ. ૨,૪૮,૫૩,૨૪,૦૦૦/–ની માગણી ક્રમાંક–૮૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૯ રજૂ કરવામાં આવી

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૭–૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૨૧–૩–૨૦૧૭ (નવમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>માગણી નં. ૯૨ | | | | |
| ૧ | ૨૨૨૫– અનુસૂચિત....કલ્યાણ<br>૦૩ – પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૮,૬૩,૭૬4000 | ૧૦૦ | પછાત વર્ગો માટેના બોર્ડ – કોર્પોરેશન દ્વારા તેના લાભાર્થીઓને મળવાપાત્ર સહાય સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મેરામણભાઈ આહીર (કરમશીભાઈ પટેલ, જવાહરભાઈ ચાવડા) |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર. નં. ૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૧૦ થી ૧૫ | | | |
| ૨ | ,, | ૧૦૦ | પછાત વર્ગોના લાભાર્થીઓને પૂરતા લાભો મળી રહે તે માટે જીલ્લા-તાલુકા કક્ષાએ સંમેલનો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર (ગોવાભાઈ રબારી) |
| ૩ | ,, | ૧૦૦ | પછાત વર્ગની વ્યક્તિઓને જાતિના પ્રમાણપત્રો સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (ચંદ્રીકાબેન બારીયા) |
| ૪ | ,, | ૧૦૦ | પછાતવર્ગો માટે બજેટમાં દર વર્ષે ફળવાતી રકમનો પૂરેપૂરો ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (અમીત ચાવડા) |
| ૫ | ,, | ૧૦૦ | પછાત વર્ગના કલ્યાણ માટેની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રહલાદભાઈ પટેલ (ધારશીભાઈ ખાનપુરા) |
| ૬ | ,, | ૧૦૦ | પછાત વર્ગોમાં વ્યાપેલ દૂષણો નાબૂદ કરવામાં જનજાગૃતિ અભિયાન ચલાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોઈતાભાઈ પટેલ (પ્રવિણભાઈ રાઠોડ) |
| ૭ | ૨૨૨૫- અનુસૂચિત...કલ્યાણ<br>૦૪ – લઘુમતીઓનું કલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૦૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૫૪ અને ૫૫ | ૧૦૦ | લઘુમતી સમાજને બજેટમાં ફળવાતી રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૮ | ,, | ૧૦૦ | જૈન સમાજને લઘુમતી કોમ તરીકેના પ્રમાણપત્રો સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (ભોળાભાઈ ગોહેલ) |
| ૯ | ૨૨૩૫- સામાજિક....કલ્યાણ<br>૦૨ – સમાજ કલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧-S S W-૦૧<br>નિર્દેશ..વહીવટ<br>રૂ. ૭,૨૫,૭૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૭૩ અને ૭૪ | ૧૦૦ | રાજયના નારીગૃહોમાં રહેતી નારીઓને સારૂં ભોજન, સ્વચ્છતા જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ (ઈન્દ્રનિલ રાજ્યગુરૂ) |
| ૧૦ | ,, | ૧૦૦ | નારીગૃહોમાં નારીઓની સલામતી જળવાય તેવા પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી (ડૉ. અનિલ જોષિયારા) |
| ૧૧ | ,, | ૧૦૦ | અંધ અને બહેરા-મુંગાની શાળાઓને જરૂરી નાણાકીય સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઈ ભીલ (બાબુભાઈ વાજા) |
| | | માગણી નં. ૯૫ | | |
| ૧૨ | ૨૨૨૫- અનુસૂચિત....કલ્યાણ<br>૦૧- Welfare.... Tribes<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ | ૧૦૦ | દલિતો ઉપર થતા અત્યાચાર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧– સમાજ .... કચેરી<br>રૂ. ૭,૦૫,૯૮,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪ (ભાગ–૨)<br>પાના નં. ૯૭ અને ૯૮ | | | |
| ૧૩ | ,, | ૧૦૦ | દલિત પરિવારોને અલગ સ્મશાનગૃહ ફાળવવાની નીતિ રદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર |
| ૧૪ | ,, | ૧૦૦ | દલિતો પર થતા અત્યાચારના કારણે પરિવારોને કરવી પડતી હિજરત નિવારી સુલેહભર્યુ વાતાવરણ સર્જવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઈ ચાવડા |
| ૧૫ | ,, | ૧૦૦ | દલિત પરિવારોને ધાર્મિક સ્થળો પર પ્રવેશ અપાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૬ | ,, | ૧૦૦ | દલિતો માટે ફાળવેલ બજેટનો પૂરેપૂરો યોગ્ય વપરાશ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ (કામીનીબા રાઠોડ) |
| ૧૭ | ,, | ૧૦૦ | મૃત પશુઓના નિકાલનું કામ ન કરવા ઈચ્છતા દલિત પરિવારોને રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ (ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| ૧૮ | ૨૨૨૫ –અનુસૂચિત....કલ્યાણ<br>૨૮૩ – આવાસન<br>૦૧– SCW –૧૭ ડો. આંબેડકર આવાસ યોજના<br>રૂ. ૩૩,૪૦,૦૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪ (ભાગ–૨)<br>પાના નં. ૧૩૯ | ૧૦૦ | ડૉ.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં પૂરતા આવાસો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત (આનંદભાઈ ચૌધરી) |
| ૧૯ | ૨૨૫૧ –સચિવાલય....સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>રૂ. ૧,૮૪,૮૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪ (ભાગ–૨)<br>પાના નં. ૧૭૧ અને ૧૭૨ | ૧૦૦ | સચિવાલયમાં કર્મચારીઓની ઘટને કારણે કામગીરી પર પડતી વિપરિત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (સી.કે.રાઉલજી) |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ<br>માંગણી નં. ૧૦૫ | | | |
| *૨૦ | ૨૨૫૧–સચિવાલય... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૩,૫૯,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પા.નં. ૩૬ અને ૩૭ | ૧૦૦ | રાજયમાં કુપોષિત બાળકો પાછળ વ્યાપક ખર્ચ કર્યા પછી પણ સમસ્યાનું નિવારણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેશભાઈ ગરાસીયા (વજેસિંગભાઈ પણદા) |
| ૨૧ | ,, | ૧૦૦ | રાજયમાં પોષણયુકત આહારની ગુણવત્તા જળવાઈ રહે એ માટે ફકત રાજયની કંપનીઓને જ કામગીરી આપી પ્રોત્સાહન મળે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર (બાબુભાઈ વાજા) |
| ૨૨ | ,, | ૧૦૦ | આંગણવાડીઓમાં નાના ભુલકાઓને અપાતા પોષણક્ષમ આહારમાં બાળકદીઠ વધુ ખર્ચ કરવામાં તંત્રની | શ્રી ઈશ્વરભાઈ પટેલ (રામસિંહ પરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| ૨૩ | ,, | ૧૦૦ | આંગણવાડીઓમાં ફરજ બજાવતા આંગણવાડી વર્કરો/તેડાગર બહેનોનું થતું આર્થિક શોષણ અટકાવવામાં તેમજ તેમને અપાતી સેવાકીય ધમકીઓ સામે રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (અશ્વિન કોટવાલ) |
| ૨૪ | ,, | ૧૦૦ | મહિલા આયોગની કામગીરીને મહિલા સુરક્ષાની બાબતમાં સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (કાંતિભાઈ ખરાડી) |
| *૨૫ | ,, | ૧૦૦ | મહિલાઓ પર થતા અત્યાચાર-શારીરિક શોષણની બાબતમાં મહિલા આયોગની કામગીરીને અસરકારક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ (ડૉ. તેજશ્રીબેન પટેલ) |
| | | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ<br>માગણી નં. ૮૯ | | |
| ૨૬ | ૨૦૫૨- સચિવાલય...સેવાઓ<br>૦૯૦- સચિવાલય<br>રૂ. ૨,૪૮,૫૩,૨૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૩<br>પાના નં. ૫ થી ૯ | ૧૦૦ | કોમ્પ્યુટરોની મરામત અને જાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૨૭ | ,, | ૧૦૦ | જીસ્વાનની કનેકટીવીટી વારંવાર ખોટકાતી અટકાવી તેનું આધુનિકીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત (મહમદજાવીદ પીરઝાદા) |
| ૨૮ | ૨૦૫૨- સચિવાલય.... સેવાઓ<br>૦૯૦- સચિવાલય<br>રૂ. ૨,૪૮,૫૩,૨૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૩<br>પાના નં. ૫ થી ૯ | ૧૦૦ | વેબસાઈટ્સ નિયમિત રીતે અદ્યતન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (છનાભાઈ ચૌધરી) |
| ૨૯ | ,, | ૧૦૦ | વિભાગમાં જરૂરી ટેકનીકલ સ્ટાફની ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (ગૌતમભાઈ ચૌહાણ) |

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નંબર-૯૨ અને ૯૫ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી નંબર-૮૯ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ૨૫ નવેમ્બર, ૧૯૪૯ના દિવસે ભારત રત્ન અને વિશ્વ વિભૂતિ ડો.બાબાસાહેબ આંબેડકરે પાર્લામેન્ટ હાઉસમાં એક વાત કરી હતી કે,

'મૈં યહાં પર સંવિધાન કી અચ્છાઇયા ગીનાને નહિ આયા હું, ક્યૂં કી મુજે લગતા હૈ, સંવિધાન કીતના હી અચ્છા ક્યો ન હો, વો અંત તક બૂરા સાબિત હોગા, અગર ઉસે ઇસ્તમાલ મેં લાનેવાલે લોગ બૂરે હોંગે.'

ડો.બાબાસાહેબ આંબેડકરે જ્યારે આ સંવિધાન પાર્લામેન્ટ-હાઉસની સભા સમક્ષ મૂક્યું ત્યારે તેમને આ ચિંતા હતી. છેલ્લાં બાવીસ વરસથી રાજ્યની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજ કરી રહી છે અને એના ભાગરૂપે આ રાજ્યની અંદર દલિત સમાજ હોય કે આદિવાસી સમાજ હોય કે ઓ.બી.સી. સમાજ હોય એને પડતી મુશ્કેલીઓ, એને પડતી તકલીફો અને

એમની માગણીઓ એ હરહંમેશ આ સભાગૃહ સમક્ષ આવેલી છે, ડો. બાબાસાહેબ આંબેડકરે બનાવેલા બંધારણના ભાગરૂપે દરેક સમાજને આ એસ.સી. એસ.ટી. સમાજને બધી રીતનો લાભ મળે છે. સરકારો બદલાતી રહે છે. એના ભાગરૂપે મોંઘવારી બદલાતી રહે, માણસની આવક વધતી રહે એ પ્રમાણે બજેટોમાં પણ ફેરફાર થતા રહે છે. સરકાર કોઇપણ રાજકીય પાર્ટીની હોય એ તમામ રાજકીય પાર્ટી એસ.સી. એસ.ટી. કે ઓ.બી.સી.ના એ વિદ્યાર્થીઓ હોય કે એમની નોકરીની બાબતો હોય તે અંગે હરહંમેશ ચિંતા કરે છે. મારે આજે એ કહેવું છે કે સરકાર એકબાજુ વાત કરતી હોય કે દલિત સમાજની પડખે આ રાજ્ય સરકાર ઉભી છે, ઉનાનો થયેલો કાંડ અને ત્યારપછી બનેલા બનાવો એનાથી ગુજરાત ખૂબ પરિચીત છે કારણ કે પાટીદાર આંદોલન થયું અને એ પછી ઉનાનો કાંડ થયો અને એ પછી જે દલિત આંદોલન થયું અને એના કારણે સત્તા પરિવર્તન થયું અને એના ભાગરૂપે આ રાજ્યમાં પણ સત્તાનું પરિવર્તન આવ્યું. છેલ્લાં ચાર વરસથી આ રાજ્યમાં દલિત સમાજનું ખૂન હોય, બેન, દીકરીઓ પર બળાત્કાર હોય કે અપહરણના કિસ્સા હોય તેમાં દિનપ્રતિદિન વધારો થતો ગયો છે. ૨૦૧૪ની અંદર ૧૪ દલિતોના ખૂન થયા હતા, ૨૦૧૫માં ૨૫ ખૂન થયા, ૨૦૧૪માં બળાત્કારના કિસ્સાઓ ૪૬ બન્યા હતા, ૨૦૧૫માં ૬૫ બન્યા છે. આમ, ૨૦૧૪ના પ્રમાણમાં ૨૦૧૫માં દલિત સમાજ ઉપર આ પ્રમાણેના કિસ્સાઓ વધતા ગયા છે. ભારત દેશમાં ખૂનનો રેશિયો ૦.૩ ટકા હતો, જ્યારે ગુજરાતમાં ૦.૬ ટકા હતો. બળાત્કારની બાબતમાં ભારતનો દેશમાં રેશિયો ૧.૨ હતો અને ગુજરાતમાં ૧.૬ એટલે દેશ કરતાં પણ રાજ્યમાં બળાત્કારનો રેશિયો વધ્યો. ૨૦૧૪માં ૦.૪ ટકા ખૂનનો રેશિયો હતો એની સામે ૨૦૧૫માં ૦.૬ ટકા થયો. આમ જે રીતે વધારો થઇ રહ્યો છે એના ભાગરૂપે એમ કહી શકાય કે દલિત પોપ્યુલેશનના એક લાખ મુજબ ગણીએ તો ગુજરાતની અંદર ૪૦.૭ ટકાનો રેશિયો વધી ગયેલો છે. એની સામે છત્તીસગઢમાં ૩૨.૭, ઝારખંડમાં ૩૯.૯ ટકા છે અને ટોટલી રેશિયો જો ગણવા જોઇએ તો ગુજરાતના ૨૫.૭ ની સામે કર્ણાટકમાં ૨૨.૩ નો રેશિયો રહેલો છે. આ એટલા માટે કહુ છું કે આ તમામ બાબતોમાં રાજ્યમાં ૨૦૧૪ કરતાં ૨૦૧૫ દલિત સમાજ ઉપર બળાત્કારની વાત હોય, ખૂનની વાત હોય, અપહરણની વાત હોય કે અન્ય કિસ્સાઓની વાત હોય આ રાજયમાં કિસ્સાઓ વધતાં ગયા છે. રાષ્ટ્રીય આયોગ ઓફ અનુસૂચિત જાતિએ પણ સ્વીકાર્યું છે કે ૨૦૧૪ની અંદર ૨૭.૪૦ ટકા જે રેશિયો હતો ગુજરાતનો એ રેશિયો ૨૦૧૫ની અંદર વધીને ૧૬૩.૩ ટકા થયેલો છે. આમ, કહેવાય કે ગુજરાત રાજયની અંદર દલિત સમાજની અંદર ૨૦૧૪ના પ્રમાણમાં ૨૦૧૫માં ૧૩૫.૬ ટકાનો ક્રાઇમ રેશિયો વધ્યો છે એટલે આ રાજયમાં દલિત સલામત નથી એ ચોક્કસપણે કહી શકાય છે. આ રજૂઆત રાજયસભામાં પણ થયેલી હતી પરિસ્થિતિ કોર્ટોની અંદર જજો ના હોવાના કારણે એક બાજુ સરકાર એમ કહે કે અમે દલિતો માટે ચિંતા કરીએ છીએ એમના ન્યાય, એમના અધિકાર માટે અમે ઉભેલાં છીએ અને બીજી બાજુ જયારે કોર્ટોની વાત આવે ત્યારે કહેતાં એમ થાય કે છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૧૦ થી ૨૦૧૫ની અંદર એટ્રોસિટી એકટ હેઠળ જે ગુનેગારોને પકડવામાં આવ્યા હતા તેમાં ૭૬૮૧ વ્યકિતઓને નિર્દોષ છોડી દેવામાં આવ્યાં છે આ બતાવે છે કે સરકાર દલિતો માટે કેટલી ચિંતિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર સમરસતાની વાત કરે, સમાનતાની વાત કરે, હક્કની વાત કરે. એક બાજુ યુ.પી.માં ઇલેકશન જીત્યા અને રામ મંદિરની વાત થાય એ રાજકીય મુદ્દો હોઇ શકે આ રાજયની અંદર આજે ૯ જિલ્લાઓમાં ૧૩ મંદિરોમાં દલિતોને પ્રવેશ આપવામાં આવતો ના હોય અને સરકાર જો આમાં કશું ના કરતી હોય તો આ શું બતાવે છે ? આ સમાનતાની વાત, આ એકતાની વાત, આ સમરસતાની વાત ત્યારે સરકાર કેમ ભૂલી જાય છે કે દલિતોને મંદિરોમાં પ્રવેશ આપવા દેવો જોઇએ. સરકારે પહેલ કરવી જોઇએ પણ સરકાર આ અંગે પહેલ કરતી નથી. રાજયના ૧૪ જિલ્લાઓના ૫૯ ગામોમાં એ દલિત સમાજના પરિવારોનો બહિષ્કાર કરવાના બનાવો તે ભૂતકાળના વર્ષોમાં બનેલાં છે. રાજયના ૭૭ ગામોની અંદર આ દલિત સમાજે હિજરત કરવી પડી હોય એ પરિસ્થિતિ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ઉભી કરેલી છે. અને દુઃખ સાથે કહેવું પડે કે કમાન્ડો સાથે તો કોઇ પણ વ્યકિત ફરે તેને રક્ષણની જરૂર હોય પણ રાજયના ૨૭ ગામો આજે પણ એવા છે કે તે ગામોમાં દલિત પરિવારો પોલીસ રક્ષણ હેઠળ પોતાના પરિવારોનું રક્ષણ કરી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુઃખની વાત તો એ છે કે એક સર્વે થયો અમદાવાદ જિલ્લાના ૨૧ ગામોમાં જે વાણંદની દુકાન હોય, જયાં વાળ કપાતા હોય તે વાણંદની દુકાનોમાં પણ દલિતો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એવી રીતે અમદાવાદ જિલ્લાના ૧૦ ગામો આ સભાગૃહની અંદર આપણે એમ કહેતાં કે એક ચા વેંચનારો વ્યકિત આ દેશનો વડાપ્રધાન બની ગયો તેનું આપણને ગૌરવ હોય. પણ તેની સાથે અમદાવાદ જિલ્લાના ૧૦ ગામોની અંદર ચાની કિટલી ઉપર દલિતોને ચા પીવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂંક સમયમાં ગૌ હત્યા માટેનો કાયદો આવવાનો છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રી જૈન છે અને કાયદો લાવે છે આ સારી વાત છે પણ દુઃખ સાથે આ સભાગૃહના સભ્યોના કાને એક વાત મૂકવી છે કે, મહેસાણા જિલ્લાનું ખેરાલા તાલુકાનું એક નંદોલી ગામ આ ગામના જે પરિવાર રહે તેને અધિકારી સાથેની થયેલી મગજમારીમાં આ પાંચ કુટુંબોના પરિવારોનો બહિષ્કાર કર્યો અને એને અનાજ, પાણીથી ગામના લોકોએ છેટા કરી દીધા. ગામે જયારે તેનો બહિષ્કાર કર્યો ત્યારે એક વ્યકિતનો પાંચ પરિવારનો બહિષ્કાર કર્યો. આ પાંચ પરિવારની પાસે પોતાની ગાય હતી અને ગામના લોકોએ ખાલી પરિવારનો બહિષ્કાર ન કર્યો પણ ગાયને ઘાસચારો પણ ન આપવો એ રીતની વાત આ ગામની અંદર બની હતી. એટલે એમ કહેવાય કે દલિત પરિવારનો બહિષ્કાર નહિ પણ જે ગાયને માતા કહેનાર આ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે એ દલિતની ગાયને ઘાસચારો ન આપીને એ ગાય માતાને પણ આભડછેટ લાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. સરકાર એકબાજુ જે ટકાવારી પ્રમાણે ગ્રાન્ટ આપવી જોઇએ એ નથી આપતી. હું છેલ્લા ચાર વર્ષની વાત કરું છું. ૭ ટકાના રેટની

ગ્રાન્ટ આ સરકારે ન આપી હોવા છતાં જે પણ ગ્રાન્ટ આપી છે એ ગ્રાન્ટના પ્રમાણમાં છેલ્લા ચાર વર્ષમાં રૂ.૩૭૨૮ કરોડ ૬૩ લાખ વણવપરાયેલ પડી રહ્યા છે. એક બાજુ વિકાસની વાત કરે છે અને બીજી બાજુ ગ્રાન્ટ સરકાર વાપરતી નથી અને એટલે જ સામાજિક વિકાસના ક્ષેત્રમાં જે ગ્રાન્ટ વાપરવાની બાબતમાં ગુજરાત ૧૫મા નંબરે આવે છે. એટલે દુ:ખ સાથે કહેવું પડે કે સામાજિક ક્ષેત્રમાં ખર્ચ કરવાની બાબતમાં બિહાર રાજ્ય ગુજરાત રાજ્ય કરતાં આગળ છે. ખાસ અંગભૂત યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૧૩-૧૪માં ઓછો ખર્ચ કરવામાં આવ્યો છે. ખાસ અંગભૂત યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૨૭૬ કરોડ ખર્ચ કરવામાં આવ્યો હતો એ ઘટતા ઘટતા આજે ઓછો થઇ ગયો છે. એક બાજુ સરકાર ઘરના ઘરની વાત કરતી હોય છે. રાજ્ય સરકાર દ્વારા દલિત સમાજને પોતાનું આવાસ મળી રહે એ માટે ગ્રાન્ટ આપવામાં આવે છે અને એ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ.૩૪.૪૫ કરોડની આપી હતી જે ઘટીને વર્ષ ૨૦૧૪-૧૫માં ૭.૫૦ કરોડ આપી છે. આમ, છેલ્લા ચાર વર્ષમાં ફક્ત ૮૦ કરોડ રૂપિયા આવાસ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ બતાવે છે કે, દલિત સમાજને પોતાના ઘરનું ઘર મળી રહે એ માટે આ સરકાર કેટલી ચિંતિત છે. વર્ષ ૨૦૧૫-૧૬માં ફાળવેલ ગ્રાન્ટ કરતાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૮૨ કરોડ ૨૫ લાખ જેટલી ઓછી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને ગયા વર્ષ કરતાં ૧૯૪.૮૯ લાખ જેટલો ખર્ચ પણ ઓછો કરવામાં આવ્યો છે. એના અનુસંધાનમાં મારે કહેવું છે કે, રાજ્ય સરકાર શું છુપાવવા માંગે છે? જે રીતે મેં ક્રાઇમ રેશિયોની વાત કરી એમાં દલિત સમાજને આટલી બધી તકલીફો છે ત્યારે આપણા ગુજરાત રાજ્યમાં દલિત સમાજ અને અનુસૂચિત જાતિના લોકો માટે રાષ્ટ્રીય આયોગ કેમ નહિ? રાષ્ટ્રીય આયોગની વેબસાઇટ મેં ખોલીને જોયું તો મોટાભાગના રાજ્યો પાસે આયોગ છે ત્યારે ગુજરાત રાજ્યમાં આયોગ કેમ ન હોઇ શકે. હું માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરું છું કે, આવનાર દિવસોમાં આ રાજ્યમાં આયોગની સ્થાપના કરવી જોઇએ. ઘણા વખતથી હું પ્રશ્ન પૂછુ છું કે SEPT અહેવાલ ૧૮૫૯ ગામનો આભડછેટ અંગેનો અહેવાલ સરકારમાં તા.૧૭/૪/૨૦૧૩ના રોજ રજૂ થઇ ગયો છે. આજ દિન સુધી અમે સવાલ પૂછી પૂછીને થાકી ગયા પણ સરકાર વિચારણા હેઠળ છે એમ કહે છે. આ રીપોર્ટ કેમ રજૂ કરવામાં આવતો નથી. એવી જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢમાં દલિતો ઉપર થયેલ અત્યાચાર, દલિતો ઉપર થયેલ ફાયરિંગ જે તા.૧/૫/૨૦૧૩ના રોજ ગૃહ વિભાગ દ્વારા એનો રીપોર્ટ સરકારને સોંપી દેવામાં આવ્યો છે પણ આજ દિન સુધી એ રીપોર્ટ સરકાર રજૂ કરતી નથી. એ રીપોર્ટ રજૂ કરવો જોઇએ. જે રીતે કેસની મેં વાત કરી, એટ્રોસીટીના કેસની અંદર નિયમ મુજબ જે સમીક્ષા માટેની મિટિંગ છે એ મિટિંગ સમયસર ન મળવાને કારણે ઘણા પ્રોબ્લેમ થાય છે. એના કારણોસર એટ્રોસીટી એક્ટના પડતર કેસો છે એ ૮૭.૮ ટકા જેટલા કેસો થઇ ગયા છે. રાજ્ય કક્ષાની સબપ્લાન યોજના હેઠળની માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં બનેલી જે કમિટી છે એ કમિટી પણ મળતી નથી તો એ કમિટી પણ મળવી જોઇએ.

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, બેકલોગની જયારે વાત આવે ત્યારે, સરકારી નોકરીની વાત જયારે આવે ત્યારે, વર્ગ ત્રણ અને વર્ગ ચારમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમને લીધે જે દલિત સમાજને મળતી નોકરીઓ છે એ નોકરીઓ મળતી નથી. રોસ્ટર એક્ટની વાત હોય તો રોસ્ટર એક્ટ મુજબ ગુજરાત વિદ્યુત બોર્ડની વાત હોય કે વિદ્યા સહાયકની વાત હોય, હાઇકોર્ટનો હુ કમ થયા પછી પણ આવા લોકોને જયારે નોકરી મળતી નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આયોગની રચના થવી જોઇએ. થાનગઢનો રિપોર્ટ રજૂ કરવો જોઇએ. રોસ્ટર એક્ટનો અમલ થવો જોઇએ અને સેફનો રિપોર્ટ પણ રજૂ થવો જોઇએ. આટલી વાત કરીને હું મારું વક્તવ્ય પૂરું કરું છું.

શ્રી પૂનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સંવેદનશીલ મુખ્ય મંત્રીશ્રી માનનીય વિજયભાઇ રૂપાણી અને ચાણક્ય બુદ્ધિમત્તા ધરાવતા નાયબ મુખ્ય મંત્રીશ્રી માનનીય નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ચાલતી અમારી આ વિકાસશીલ, પ્રગતિશીલ સરકારમાં અમારા સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી આત્મારામભાઇ જે અનુસૂચિત જાતિ કલ્યાણની માગણીઓ લઇને આવ્યા છે તેને આવકારતાં આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે ૯૬૪ કરોડ રૂપિયાની જોગવાઇ સામે ૬૭ કરોડ રૂપિયાના વધારા સાથે ૧૦૩૨ કરોડ રૂપિયાની જોગવાઇ આ વર્ષે કરવામાં આવી છે, જે આનંદની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારનો મંત્ર છે, ગરીબોની સેવા અને દલિતોનું કલ્યાણ. ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે વીસ વર્ષથી અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટેની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. અમારા સાથી ધારાસભ્યશ્રીઓ ઘણી વાત કરવાના એટલે હું વિશેષ વાત નથી કરતો, પણ બે ત્રણ બાબતો સન્માનનીય સભાગૃહના ધ્યાને દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરિમા યોજના એ કોંગ્રેસના સમયમાં સ્વરોજગારી યોજના તરીકે ફકત ત્રણ હજારની યોજના હતી અને એમાંય બે હજારની લોન અને હજાર રૂપિયાની સહાય. માનનીય અધ્યક્ષશ્રી, આજે નમન કરવાનું મન થાય દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇને કે, એમણે આ યોજનામાં આમૂલ પરિવર્તન કરીને માનવ ગરિમા યોજના તરીકે ટુલ્સ કિટ્સ અને સાધનો ઓજાર તરીકે આપવાનો નિર્ણય કર્યો અને ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી આ યોજનાની શરૂઆત કરી, ગુજરાતની અંદર નવ તબક્કા પૂરા થયા વીસ હજાર કરોડ રૂપિયાથી વધુની સહાય અને એક કરોડથી વધારે લાભાર્થી. આપ વિચાર કરો કે, સવા છ કરોડની ગુજરાતની વસતિ એ સવા છ કરોડમાં એક કરોડથી વધારે વસતિને આ માનવ ગરિમા યોજનાનો લાભ મળતો હોય તો કોંગ્રેસ સત્તા ઉપર આવવાનું સ્વપ્નુ ક્યાંથી સેવી શકે? ગુજરાતના ગરીબોની આંતરડી ઠારીને દિલ્હીમાં વડાપ્રધાન તરીકે બેઠેલા માનનીય નરેન્દ્રભાઇને આ ગુજરાતના ગરીબોના આશીર્વાદ જયાં સુધી એમની સાથે છે ત્યાં

સુધી ગુજરાતમાં અજેય હતા અને દિલ્હીમાં પણ અજેય રહેવાના છે. પાંચ રાજ્યોની હમણાં ચૂંટણી થઇ ત્યારે મોદી સાહેબ વિશે એક કવિતા લખાઇ હતી એ હું સંભળાવું છું આ કેવી કવિતા? માનનીય અધ્યક્ષશ્રી, સાહેબે સાફ કરી નાખ્યા, નોટબંધીએ માર્યું એવું ઝાડુ, સુપડાં સાફ કરી નાખ્યાં, બોલવામાં કોઇએ બાકી ના રાખ્યું, ન બોલવાનુંય બોલી નાખ્યું, ઘોડા ગધેડાનો સમજ્યા ના ભેદ, એવી ભૂલોનું ફળ એને ચાખ્યું. છપ્પનની છાતીને માપવાની ન હોય, ગજ બધા ટૂંકા કરી નાખ્યા, સાહેબે સૂપડા સાફ કરી નાખ્યા, હાથી અને હાથ સાથે સાઇકલ થઇ ગઇ સાફ, ઠેર ઠેર કમળ ખીલ્યા સાહેબે સૂપડા સાફ કરી નાખ્યા.

કુંવરબાઇના મામેરાની યોજના આ ભારતીય જનતા પાર્ટીની સરકારની દેન છે. કોંગ્રેસની સરકારમાં બિલકુલ આમાંનુ કશું હતું જ નહિ.ભારતીય જનતા પાર્ટીની સરકારે ચાલુ બજેટમાં દસ હજારના બદલે બાર હજાર આપવાનો નિર્ણય કર્યો છે એ બદલ ગુજરાત સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

દલિત સમાજના વિવિધ નિગમો છે એમાં ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે એ માટે પણ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. દલિત સમાજના આ ગૃહમાં કુલ ૧૩ દલિત ધારાસભ્યો છે એ પૈકી અતિ પછાત સમાજનો એક માત્ર હું ધારાસભ્ય છું. અતિ પછાત સમાજમાં આવતી જ્ઞાતિઓ સેનવા, નાડીયા, તુરી, હાર્ડી, ગરો બ્રાહ્મણ, તીરગર, તીરબંધા થોરી, માતંગ, સાધુ બાવા આ નાની નાની જ્ઞાતિની વાલ્મિકી સાથે કુલ ગુજરાતમાં ૨૫ ટકાની આસપાસ થાય છે. આ સમાજોની આઝાદીથી કોઇએ ચિંતા નહોતી કરી. આ સમાજો માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે બોર્ડ બનાવ્યું એના પ્રથમ ચેરમેન તરીકે મને તક આપી. માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે અમને આ બોર્ડનું નિગમમાં રૂપાંતર કરી અંત્યોદય સમાજ જેને કહી શકાય એના વિકાસના દ્વારા ખોલ્યા. અતિ પછાત જ્ઞાતિઓ માટેનું પ્રથમ ધિરાણ જયારે ટાઉનહોલમાં થયું ત્યારે આપણા લાડીલા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની હાજર હતા. એમણે એ વખતે એવુ કહ્યું કે અતિ પછાત સમાજ એ ઉચિત શબ્દ નથી, મને એમાં અપમાનજનક શબ્દ લાગે છે.આ સમાજો માટે સન્માનજનક શબ્દ હું લાવવા માગું છું. હું મુખ્યમંત્રીને લાખ લાખ ધન્યવાદ આપુ છું કે અતિ પછાતની જગ્યાએ અંત્યોદય શબ્દ લાવીને અંત્યોદય વિકાસ નિગમ એનું નામકરણ થયું. આજે ગુજરાત પંડીત દિનદયાળ ઉપાધ્યાય કે જે અંત્યોદયના પ્રણેતા હતા એમની યાદમાં સમગ્ર ગુજરાત અને સરકાર જયારે ગરીબ કલ્યાણ વર્ષ ઉજવતી હોય ત્યારે અમને આનંદ એ વાતનો છે કે અમારા નિગમનું નામ પણ અંત્યોદય શબ્દ સાથે જોડીને રાજય સરકારે સમગ્ર ગુજરાતની અતિ પછાત સમાજો ઉપર મોટો અહેસાન કર્યો છે એવુ હું માનુ છું. એ જ પ્રમાણે ગરો બ્રાહ્મણ સમાજ, કોઇ ગરો કહેતું કોઇ ગરોડા કહેતુ, આ શબ્દમાં પણ એમને એમ લાગ્યું કે આ શબ્દ બરોબર નથી ત્યારે એમને આ નામ પણ બદલીને ગુરુ બ્રાહ્મણ જેવું સન્માનજનક નામ એમણે આપ્યું છે.

દિલ્હીથી જે નેશનલ શિડયુલ કાસ્ટ ફાઇનાન્સ કોર્પોરેશન ધિરાણ આપે છે એના માટે બલ્ક ગેરન્ટી રાજય સરકાર આપે તો જ એ ધિરાણ મળે. તો એ પ્રમાણે વર્ષ ૨૦૧૫-૧૬માં ૮ કરોડની બલ્ક ગેરન્ટી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી. એ જ પ્રમાણે સન ૨૦૧૬-૧૭માં પણ ૮.૫ કરોડની બલ્ક ગેરન્ટી ગુજરાત સરકારે આપી એના પરિણામે ૮ કરોડ અને ૬૩ લાખનુ ધિરાણ દિલ્હીથી મળ્યું અને પરિણામે અતિ પછાત સમાજો જેને અત્યારે અંત્યોદય કહીએ એ સમાજોને સીધા ધિરાણનો લાભ પ્રાપ્ત થયો.

માનનીય શૈલેષભાઇ અત્યારે આ ગૃહમાં હાજર નથી. એમણે આ સભાગૃહમાં થોડી બાબતો કહી એ વિશે હું કહેવા માગુ છું. કોંગ્રેસનું સદનશીબ છે કે એ જયારે સત્તા ઉપર હતા ત્યારે મોબાઇલ નહોતા. મોબાઇલ તમે જ ન લાવ્યા અમે લાવ્યા છીએ.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

અમે લાવ્યા અને પરિણામે ઉનાની જે ઘટના બની તેનો વિડિયો વાઇરલ થયો એ મોબાઇલના કારણે. તેના લીધે આખા દેશમાં તેની જાણ થઇ. તમારા સમયમાં તો ગરીબો રૂંધાઇને મરી જતા હતા તો પણ જાણ નહોતી થતી. માનનીય અધ્યક્ષશ્રી, બિલિયા કાંડ, ગોલાણા કાંડ, સાંબરડા કાંડ, ચિત્રોડીપુરા કાંડ, ભીમજીઅણીયારી કાંડ અસંખ્ય કાંડ કોંગ્રેસના સમયમાં થયેલા છે એના દાખલા છે. ઇતિહાસમાં કાળા અક્ષરે એ પ્રકરણો લખાઇ ગયેલા છે. એ વખતે તગેડી મૂકવામાં આવતા હતા, જે અત્યાચારો ગુજારવામાં આવતા હતા. તેના પુનર્વસનનું કામ કોંગ્રેસની સરકારો એ વખતે કરતી જ નહોતી. કોંગ્રેસની સરકારોએ જે મેં આ કાંડ કીધા એમને તગેડી મૂક્યા, અત્યાચારો કર્યા.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ધારાસભ્ય તરીકે, નબળા વર્ગના એક વ્યક્તિ તરીકે મારી પસંદગી કરી છે અને આ ગૃહમાં આજે મને જે બોલવાની તક આપી છે એ બદલ આ ગૃહના નેતા વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કાવ્ય દિવસ છે. આજે મહાભારતના રચયિતા, રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મિકી કે જેમણે રામના જન્મ પહેલાં રામાયણ લખ્યું છે અને કવિ કાલિદાસ. કાલિદાસનો એક મોટો ઇતિહાસ છે. શેક્સપીયરના શબ્દોમાં કહીએ તો કાલિદાસે સંસ્કૃતમાં ખૂબ સુંદર કાવ્યો અને શ્લોકો લખ્યા છે એ કવિઓને આજે આ સન્માનનીય ગૃહમાં યાદ કરીને પ્રણામ કરીએ છીએ.

ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન ગુજરાતના પનોતા પુત્ર આદરણીય નરેન્દ્રભાઇ અને એવા જ ગુજરાતના પનોતા પુત્ર આદરણીય અમિતભાઇ શાહ. જયારે ભારત દેશને કોઇ ઓળખતું નહોતું એવા સંજોગોમાં ભારતીય જનતા પક્ષના આપણાં સૌના આદરણીય અને આજના સ્વામી વિવેકાનંદ એવા આદરણીય નરેન્દ્રભાઇ

મોદીએ સમગ્ર દેશમાં ગુજરાતને પ્રચલિત કર્યું અને તેની નોંધ સમગ્ર દેશે લીધી. આપણાં સૌના બન્ને વડીલોએ હમણાં ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને ચાર રાજયોમાં ખૂબ સારી કામગીરી કરી તે બદલ સમગ્ર ગૃહમાં ગુજરાત અનુસૂચિત જાતિ અને સમગ્ર જ્ઞાતિઓ વતી તેમને લાખ લાખ અભિનંદન પાઠવું છું. માનનીય પુનમભાઇ મકવાણાએ ખૂબ સુંદર વાત કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અમારા દલિત સમાજને સન્માનિત શબ્દોમાં અમારી બન્ને બાબતો લીધી છે. એવી રીતે ભારતીય જનતા પક્ષના આપણાં સૌના આદરણીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી અમારા સમાજના સંતો, અમારા સમાજના અને દેશના બંધારણના ઘડવૈયા મહામાનવ. હમણાં શૈલેષભાઇ વાત કરીને જતા રહ્યા. શૈલેષભાઇને અને સામે બેઠેલા સભ્યોને અમે વાત કરીએ છીએ કે ડો. બાબાસાહેબ આંબેડકર લોકશાહી આવી એ પહેલાં જન્મી ગયા હતા. શૈલેષભાઇ, લોકશાહી આવ્યા પછી જ તેમણે બંધારણ અર્પણ કર્યું. એ બંધારણના ઘડવૈયાની કેવી દશા એ વખતની સરકારમાં થઇ છે એ આપ સૌ જાણો છો. આપણે મહિલા દિનની ઉજવણી કરતા હોઇએ ત્યારે હિંદુ કોડ બિલમાં એમણે જે મૂક્યું ત્યારે એ વખતે ન સ્વીકાર્યું એ આપ સૌ જાણો છો. મહિલા ઉદ્ધારક  અને સમગ્ર ભારતના મહિલાના મુક્તિદાતા એવા ડો. બાબાસાહેબ આંબેડકરને ભૂતકાળની સરકારોએ ક્યારેય યાદ કર્યા નથી. આપણાં સૌના અભિનંદનને પાત્ર એવા આપણાં હાલના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ડો. બાબાસાહેબ આંબેડકરના જન્મસ્થળની નોંધ લીધી. એમણે અભ્યાસ કર્યો એની નોંધ લીધી, એ વિદેશમાં ગયા એની નોંધ લીધી અને છેલ્લે વડોદરામાં જે સંકલ્પ લીધો એની પણ નોંધ લીધી એ આપણે સૌ જાણીએ છીએ. એના વિશેષમાં, એની ડિટેઇલ્સમાં પડવું નથી. ડો.બાબાસાહેબ આંબેડકરને આપણા હિન્દુ સમાજમાં આપણા જેમ શ્રી મહાદેવ પૂજાય છે, મા પાર્વતી પૂજાય છે, શ્રી ગણપતિ પૂજાય છે, શ્રી કાર્તિકેય પૂજાય છે. એવી રીતે સમગ્ર રીતે ડો.બાબાસાહેબ આંબેડકરના પરિવારની સમગ્ર ભારત અને ગુજરાતમાં જો યોજનાઓ બનાવી હોય તો ભારતીય જનતા પક્ષની સરકારે બનાવી છે. આપણા સૌના આદરણીય મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબેન પટેલે પણ ખૂબ સુંદર કામગીરી કરી છે. શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇની ટીમ પણ આજે ખૂબ સારી કામગીરી કરી રહી છે. શ્રી શૈલેષભાઇ, આપે જ્યારે ઉનાની વાત કરી છે ત્યારે મારે આપને કહેવું છે કે અમારા શ્રી પુનમભાઇએ કહ્યું એમ તમારા વખતમાં જે બનાવો બન્યા છે એના અમે તાજના સાક્ષીઓ છીએ. ક્યારેય કોઇ નોંધ ભૂતકાળની કોંગ્રેસની સરકારોએ લીધી નહોતી. ઉનાકાંડની જેવી વાત આવી કે ખબર પડી કે તરત જ એ જ દિવસે, એ જ તારીખે શ્રીમતી આનંદીબેને મને ફોન કરીને અને શ્રી જશાભાઇને ઉના મોકલ્યા. ત્યાં જઇને અમે તમામ પ્રકારની કામગીરી કરી અને ન ભૂતો ન ભવિષ્યતિ એવી કામગીરી કરીને દલિત સમાજના લોકો માટે ઇતિહાસ સર્જ્યો છે. સ્પેશિયલ કોર્ટ આપી છે. એના માટે પબ્લિક પ્રોસિક્યુટરની રચના કરી છે અને ચોક્કસ દિવસમાં એમને ન્યાય મળી જાય એની પણ ચિંતા આ ભારતીય જનતા પક્ષની સરકારે કરી છે. સામે બેઠેલા તમામ મિત્રોને મને કહેતાં દુઃખ અને આનંદ થાય છે કે તમારા વખતે પણ અમારા સંતોનો જન્મ થયો હતો. અમારા વીર મેઘમાયા કે જેમનો એક હજાર વર્ષ પહેલા પાટણમાં જન્મ થઇ ગયો હતો. અમારા સંત સવૈયાનાથનો જન્મ પણ થઇ ગયો હતો. અમારા સંત રોહિદાસનો પણ જન્મ થઇ ગયો હતો. અમારા સંત જોગલપીર વગેરે સંતો મહંતોનો જન્મ થઇ ગયો હતો. સનાતન ધર્મનો જ્યારથી ઉદય થયો છે એ વખતમાં સંત કબીર પણ હતા. પણ એ વખતની સરકારોએ ક્યારેય દલિત સમાજના મસીહા એવા અમારા કોઇપણ સંતોની યાદગીરીની ચિંતા કરી નહોતી. આ ભારતીય જનતા પક્ષની સરકારે એમના સન્માનની જગ્યાના ઉદ્ધાર માટે કરોડો રૂપિયા ફાળવ્યા છે અને આજની તારીખે વાસ્તવિકતા આપ જોઇ શકો છો. અમારા શ્રી પુનમભાઇએ કહ્યું એમ ભારતીય જનતા પક્ષની કામગીરીને સમગ્ર સૌરાષ્ટ્રના દલિત જાતિના લોકો નહીં, સમગ્ર ગુજરાતના દલિતો અને વિશ્વના દલિતોએ એની નોંધ લીધી છે. શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલ આગે બઢો અમે તમારી સાથે છીએ, શ્રી નરેન્દ્રભાઇની સાથે પણ ભારતના દલિતો છે. એટલું જ નહીં વિશ્વના દલિતો પણ તેમની સાથે છે. સૌનો સાથ અને સૌના વિકાસની જો ચિંતા કરી હોય તો આ ભારતીય જનતા પક્ષની સરકારે કરી છે. અમારી શૈક્ષણિક રીતે ચિંતા કરી હોય તો સરકારે કરી છે. શ્રી શૈલેષભાઇ, હું ગાયકવાડ સ્ટેટનો નાગરિક છું. અમારા વખતે ગાયકવાડમાં ફરજિયાત શિક્ષણ હતું. પણ લોકશાહી આવી તે પછી અને ગાયકવાડની સરકાર વખતે દલિતોની જે સ્થિતિ હતી, એ રેવન્યૂ રેકર્ડ તપાસવાની આપને બધાને સામે બેઠેલા લોકોને છૂટ છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી નં.૧૦૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા અને બાળ કલ્યાણ વિકાસની ઘડી છે. આજે આ સરકારમાં મહિલા અને બાળ કલ્યાણની વાતો કરવામાં આવે છે ત્યારે મહિલા સશક્તિકરણ જે આઠમી માર્ચે મહિલા દિન ઉજવવામાં આવે છે. પરંતુ એમાં મહિલા માટે માન સન્માનની વાત એ દિવસ પૂરતી જ હતી. આજે પણ આ સન્માનનીય ગૃહમાં એક મહિલા બોલતી હોય ત્યારે સામે પક્ષના મંત્રીઓથી માંડીને મુખ્યમંત્રી સુધીના દરેક એક મહિલાનો અવાજ દબાવવા માગતા હોય ત્યારે આજે મને કહેતા દુઃખ થાય છે. (અંતરાય) ભાઇ, બધાની દીકરીઓ છે એ આપણી જ છે. એ આપણી જ દીકરીઓ છે. શ્રીમતી ભાનુબેન, ગામડાંની કોઇપણ દીકરી હોય એ આપણી જ દીકરીઓ છે. રાજ્યભરમાં દરેક જિલ્લાઓમાં જે મહિલાઓના કાંડ બની રહ્યા છે ત્યારે હું આ સરકારને કહેવા માગું છું કે આઠમી માર્ચ એ વર્ષમાં એક જ વાર મહિલાઓનો હોય છે એટલે દુઃખ સાથે કહેવું પડે છે કે મહિલાઓની આપણને..(અંતરાય) ભાઇ બેસોને, તમે મંત્રી થઇને બોલશો તો પછી શું રહેશે? મને સમજાવવાની જરૂર નથી તમારે. બેસો, જવાબ આપજો પછી.   ગુજરાત રાજયમાં આંગણવાડી ચાલે છે એ આંગણવાડીઓમાં જે  બહેનો, એ

આંગણવાડી વર્કરો હોય, તેડાગર બહેનો હોય, એમના ઉપર લાઠીચાર્જ કરવામાં આવે, આજે ઘરે ઘરે જઇને આંગણવાડી બહેનો હોય, આશા વર્કર બહેનો હોય, તેડાગર બહેન હોય, આજે આ રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન સાહેબ, એમને દિલ્હી મોકલવાનું કામ કર્યુ હોય તો આ આ રાજયની આંગણવાડી બહેનો, આશા વર્કર બહેનો, તેડાગર બહેનોએ કર્યુ છે કારણ કે આદિવાસી ગામડાંમાં શહેરોના વિસ્તારોમાં, જે આદિવાસી આંગણવાડીઓ ચાલે છે, ઉંમરગામથી અંબાજી સુધી મારો આદિવાસી પટ્ટો છે. એની આંગણવાડીઓમાં જે બહેનોને નાના નાના ભૂલકાઓને, ૦ થી ૧૬માં જે નાના નાના ભૂલકાઓ આવે છે એને સાફસફાઇ કે જમવાનું કામ નથી કર્યુ, જયારે જયારે સરકારી પ્રોગ્રામો હોય ત્યારે મારી આંગણવાડીની બહેન, મારી આશા વર્કર બહેન, તેડાગર બહેન એ ઘરે ઘરે જઇને એમની જે ચર્ચા કરવાની હોય, એમની જે સંખ્યા લઇ જવાની હોય એ એમને સોંપવામાં આવે છે, એ સંખ્યા કરવા માટે મારી બહેન ઘરે ઘરે રખડે છે. આજે એમનો અધિકાર માગવા, એમના વેતન માટે, પગાર માટે આ સરકારમાં રસ્તા ઉપર ઉતરી છે તો કયા મોંઢાની વાત આ સરકાર કરે છે એ મને સમજણ પડતી નથી. આજે આ સરકાર નંબર-વન, બધી રીતે સરકાર નંબર-વન ગણાય છે ત્યારે આ સરકારને હું પૂછવા માગુ છું જે આદિવાસી વિસ્તારમાં બાળકો છે, માતાઓ છે એમાં ઘણા કુપોષિત બાળકો જોવા મળે છે એ શાના લીધે કુપોષિત બાળકો જોવા મળે છે? સમયસર એને નાસ્તો ના મળે, સમયસર એને પાણી ના મળે, સમયસર એને સફાઇ ના મળે એ માટે બાળક પીડાતું હોય ત્યારે આ કુપોષણ ગણાય છે. આદિવાસી વિસ્તારમાં સીકલસેલ જે ઉમરગામથી અંબાજી સુધી અમારી માતા, બહેનો, ભાઇઓને જે સીકલસેલ થાય છે એની પણ તપાસ માટે અહીંયા જે બજેટ ફાળવ્યું છે એમાં આદિવાસી વિસ્તારને અન્યાય કર્યો છે. જે આદિવાસી વિસ્તારોમાં બજેટ જે ફાળવ્યું છે, આદિવાસી વિસ્તારમાં હોય કે શહેરી વિસ્તારમાં હોય, જયાં મારો આદિવાસી વિસ્તાર વસતો હોય ત્યાં એમને અન્યાય કર્યો છે. જયારે આદિવાસીની વાત હોય, આદિવાસીનો પ્રશ્ન હોય, ત્યારે સામે બેઠેલા મંત્રીઓ ઉભા થઇ જાય તો આદિવાસીઓનો તમે વોટ લેવા માટે જ ઉપયોગ કરો છો? મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આદિવાસીઓના વોટ લેવા માટે તમે ગામડાં સુધી પહોંચી જાવ છો? અધિકાર યાત્રાઓ કાઢો છો ત્યારે તમને આદિવાસીઓ યાદ આવે છે? આદિવાસીઓનું બજેટ પૂરતા પ્રમાણમાં જે જિલ્લામાં આપવામાં આવે છે એ આદિવાસીઓનું બજેટ વપરાતું નથી અને એ અમારું બજેટ બીજા જિલ્લાઓમાં વાપરવું પડે છે. જે અમારા આદિવાસીઓના હકક છીનવ્યા છે એ માટે આ સરકારશ્રીને હું કહેવા માગુ છું કે અમારો આદિવાસી વિસ્તાર આજે એટલો બધો દુઃખી છે, હું જે વિસ્તારમાંથી આવુ છું એ વિસ્તાર ઉંડાણવાળો વિસ્તાર અને જંગલવાળો વિસ્તાર છે, ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે ફરીવાર પણ આ સરકારને હું કહેવા માગુ છું આજે આ મહિલાની વાત બોલતા જે મારો અવાજ દબાવ્યો છે, એ આજે હું મારું દુઃખ વ્યકત કરવા ઉભી થઇ છું. એ કેમ બની શકે? આજે મુખ્યમંત્રીની હાજરીમાં આજે એક મહિલાને ના બોલાવી શકયા એનું મને દુઃખ છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મહિલા અને બાળ વિકાસના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, મહિલાઓના એમ્પાવરમેન્ટ માટે કામ કરતી આ સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને ઉપમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના સહયોગથી આ બજેટ લાવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, Can u image a life without a woman? No. Like that you can not image Gujarat State Budget without women empower policies. Women empower policies વગરનું ગુજરાતનું બજેટ હોઇ જ ન શકે એવા આ ગુજરાતના બજેટની વાત. સાથે સાથે મારે કહેવું છે કે ઉત્તર પ્રદેશની અંદર અત્યારે વિધાનસભાની અંદર કુલ ૨૦ કરોડની વસતિમાં ઉત્તર પ્રદેશ દેશનું સૌથી મોટું જે રાજય છે એમાં ૩૮ મહિલા ધારાસભ્યો અત્યારે પ્રતિનિધિત્વ કરે છે અને મને ગૌરવ છે કે તેમાંથી ૩૨ જેટલી મહિલાઓ ભારતીય જનતા પાર્ટીના નિશાન ઉપર ચૂંટાઇને આવી છે. કુલ ૪૩ મહિલાઓ એ ગૃહની અંદર છે. એટલે અમારી ૩૮માંથી ૩૨ મહિલાઓ જીતી હોય તો ૭૫ ટકા મહિલાઓ સફળ થઇ છે. નરેન્દ્રભાઇ કહે છે કે, પુરુષોને મળેલ ઓપોર્ચ્યુનિટીની સામે મળેલી સકસેસ કરતા મહિલાઓને મળતી ઓપોર્ચ્યુનિટીની સામે મળતી સફળતાનો દર ઘણો બધો ઉંચો છે એ આજે ઉત્તર પ્રદેશ અને આખા દેશમાં સાબિત થઇ રહ્યું છે. નરેન્દ્રભાઇ ગુજરાતમાં હતા અને અત્યારે દેશનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે એમના સશક્તિકરણ માટે ૨૧મી સદી આઇ હૈ, બેટીઓ કા દૌર લાઇ હૈ. ૨૧મી સદીમાં મહિલાઓના સશક્તિકરણની વાત કરી છે. આજે આપણે જોઇએ છીએ કે વિધાનસભા ગૃહની અંદર પણ માતૃશક્તિના પગલાઓ થયા છે. મિત્રો, મને વિશ્વાસ છે કે ઉત્તર પ્રદેશની અંદર ૩૦૦ માતૃશક્તિઓએ વિધાનસભાની અંદર પગલા કર્યા છે એટલે ગુજરાતની અંદર ૧૫૦ ફાઇનલ છે. ગુજરાત માત્ર એવું રાજ્ય છે કે જેની અંદર જેન્ડર બજેટ આપવામાં આવે છે. જેન્ડર બજેટ એટલે કે મહિલાઓ માટે ખાસ યોજનાઓ કરતું બજેટ. દેશની અંદર ગુજરાત પહેલું રાજ્ય છે કે જેની અંદર સતત છેલ્લા ત્રણ વર્ષથી જેન્ડર બજેટ આપવામાં આવે છે. નરેન્દ્રભાઇએ ૨૦૦૧માં શાસન સંભાળ્યું ત્યારથી જ આ વિભાગ અલગ કરવામાં આવ્યો અને આનંદીબેનના શાસનમાં આવા જેન્ડર બજેટ આપવાની શરૂઆત કરવામાં આવી અને વિજયભાઇ અને નીતિનભાઇએ આ જેન્ડર બજેટની પ્રણાલી શરૂ રાખી અને વધારેને વધારે પ્રોત્સાહન આપ્યું છે. મારે કહેવું છે કે, જો હું છેલ્લા પાંચ વર્ષની વાત કરું તો મહિલાઓના જેન્ડર બજેટમાં કેટલો વધારો થતો રહ્યો છે. ૨૦૧૩-૧૪માં ૯૧૪ કરોડ રૂપિયા, ૨૦૧૪-૧૫માં ૧૮૬૮ કરોડ રૂપિયા, ૨૦૧૫-૧૬માં ૨૧૨૨ કરોડ રૂપિયા, ૨૦૧૬-૧૭માં ૨૬૧૫ કરોડ રૂપિયા અને ૨૦૧૭-૧૮માં ૨૮૦૦ કરોડ રૂપિયાનું જેન્ડર બજેટ સરકારે નક્કી કર્યું છે. કુલ બજેટની અંદર ૫૬

હજાર કરોડ કરતાં પણ વધારે જેન્ડર બજેટમાં મહિલાઓ માટે યોજનાઓ આપવામાં આવી છે અને એના દ્વારા એના ઉત્કર્ષ, એના સશક્તિકરણની અનેક યોજનાઓ છે. બીજા બધા રાજ્યો મહિલાઓની સુરક્ષાની ચિંતા કરે છે ત્યારે મારી સરકારે, મારા રાજ્યની અંદર ૫ હજાર જેટલા પોલીસોને રક્ષણની જવાબદારી આપી દીધી છે. આઇ.જી.થી શરૂ કરીને ૨૧ જેટલા ડી.વાય.એસ.પી. કક્ષાની મહિલાઓ આજે રાજ્યની અંદર રક્ષણની જવાબદારી સંભાળી રહી છે. આરોગ્યની જો વાત કરીએ તો ૨૦૧૫ની અંદર મહિલાઓના આરોગ્યની ચિંતા કરીને એના માટે પણ ખાસ બજેટ આપવામાં આવ્યું છે. બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સરના ૧૨૭.૮૧ લાખ મહિલાઓનું જ્યારે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું અને એમાંથી ૧.૧૨ લાખ જેટલી શંકાસ્પદ મહિલાઓની સારવાર આજે થઇ રહી છે. રોજગારીની વાત કરવામાં આવે છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે મારું રાજ્ય એક એવું રાજ્ય છે કે જેના બે જિલ્લાઓની અંદર મહિલા રોજગાર કચેરી અલગ છે. જામનગર અને અમદાવાદ જેવા જિલ્લાઓની અંદર પુરુષની જનરલ તો હોય જ છે પણ મહિલાઓની રોજગાર કચેરી અલગ હોય એવું મારું એક માત્ર રાજ્ય છે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : (ક્રમશ: ) મહિલા અને બાળ કલ્યાણ વિષે મારે કહેવું હશે તો આ સત્રનો આખો દિવસ મને આપવામાં આવશે તો પણ ઓછો પડશે એટલું કહી શકાય એમ છે. પરંતુ મારે ટૂંકમાં કોંગ્રેસના શાસનમાંથી મહિલાઓને શેમાંથી મુક્તિ મળી અને ભાજપે શું આપ્યું એ મારે કહેવું હોય તો હું કહીશ. •(×××) ભાજપ સરકારે મહિલાઓના ઉત્કર્ષ અને મહિલાઓના ઉત્થાન માટે કાર્ય કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, ૨૦ હજારથી પણ વધારે મિલકતો મહિલાઓના નામે થઇ છે અને ૯૯૪ કરોડ રૂપિયાની રજિસ્ટ્રેશન ફી આ સરકારે માફ કરી મિલકતો મહિલાઓના નામે કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : બેન એક મિનિટ છે. સૂત્રોમાં આપનો સમય ગયો.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે: માનનીય અધ્યક્ષશ્રી, આને ૨૪૦ મહિલા સરપંચ છે, ૧૮૭ મહિલા ગ્રામ પંચાયતો આજે સમરસ બની છે. મહાનગરપાલિકાઓમાં ૪ મેયર અને ૩૨૧ સભ્યો છે. જિલ્લા પંચાયતમાં ૧૬ પ્રમુખ ૫૨૬ આજે મહિલાઓ છે. રાજ્યની તાલુકા પંચાયતોમાં ૧૨૩ પ્રમુખ અને ૨૫૬૨ મહિલાઓ આજે છે. સત્તાની ચાવી આપી સત્તામાં ભાગીદાર બનાવી અને ગૌરવ માં શક્તિ તરીકેનું સ્વરૂપ બનીને મહિલાઓને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે સન્માન મળ્યું છે એ 'ન ભૂતો ના ભવિષ્યતિ ' મહિલાઓના ઉત્થાન માટે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇના નેતૃત્વમાં ચાલતી અમારા મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે વિપક્ષના બધા મિત્રોને વિનંતી કરું છું કે આ મહિલાઓના ઉત્થાનની વાત છે તો તમે બધા તમારી કાપદરખાસ્તો પાછી લેવાની વાત કરશો.

ઉપાધ્યક્ષશ્રી : શ્રીમતી ભાવનાબેન..

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭-૧૮ ના વર્ષની અનુદાનો માટેની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કલ્યાણ ખાતામાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ વિકાસ સૂચક આંકના ૩ માપદંડો છે સાક્ષરતા, આયુષ્ય અને માથાદીઠ ઘરેલું ઉત્પાદન. પીવાનું પાણી, વીજળી, માર્ગ, સિંચાઇ, સંદેશા વ્યવહાર જેવી રાજ્ય વ્યાપી માળખાગત સુવિધાઓ મૂડીરોકાણને આકર્ષે છે અને વિકાસને વેગ આપે છે. 'સૌનો સાથ સૌનો વિકાસ'ના સૂત્રને ચરિતાર્થ કરતા ગુજરાતમાં સર્વ સમાવિષ્ઠ અને સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા સમાજના તમામ વર્ગના લોકોને અને ભાવિ પેઢીને સામાજિક, આર્થિક ઉન્નતિમાં ભાગીદાર બનાવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિઓના વિદ્યાર્થીઓને આધુનિક સગવડો સાથે વધુ સુવિધાઓ પ્રાપ્ત કરાવી તેઓ સારી રીતે શાંતિથી વધુ અભ્યાસ કરી શકે તે હેતુથી સમરસ છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સુરત, વડોદરા, વલ્લભ વિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ અને ભાવનગર ખાતે ઉચ્ચ અભ્યસક્રમમાં ભણતા વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની ઉત્તમ સુવિધા ધરાવતા કુમારો અને કન્યાઓ માટે સમરસ છાત્રાલયોમાં ૮૧૦૩ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ રહીને અભ્યાસ કરી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૧૦માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગુજકેટ, નીટ, પી.એમ.ટી. કે જે.ઇ.ઇ.ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોર્ચીંગ સહાય માટે રૂપિયા ૨૦,૦૦૦ની યોજના શરૂ કરવામાં આવી છે. રાજ્યની આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ ઇન એઇડ હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓ માટેની માસિક નિભાવ ગ્રાન્ટમાં ૫૦ ટકાનો વધારો કરીને વિદ્યાર્થી દીઠ રૂપિયા ૧,૫૦૦ દર મહિને નિર્ધારિત કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૦ પહેલાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવાની કોઇ યોજના અમલમાં નહતી. જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૬ના ગાળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં મેડિકલ, એન્જિનિયરીંગ, કોમ્પ્યુટર, પી.એચ.ડી. તથા સંશોધન જેવા ઉચ્ચકક્ષાના અભ્યાસ માટે રૂપિયા ૧૫

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લાખની લોન આપવાની નવી યોજના શરૂ કરવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૦૦ પહેલાં પાયલોટની તાલીમ માટે માત્ર બે લાખની લોન આપવામાં આવતી હતી. જેમાં છેલ્લા ૨૦૦૧ થી ૨૦૧૬ના ગાળામાં આ લોનમાં ઉત્તરોત્તર વધારો કરીને હાલમાં કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે રૂપિયા પચીસ લાખની લોન આપવામાં આવે છે. વર્ષ ૧૯૯૦માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ, લઘુમતિ અને વિચરતી–વિમુક્ત જાતિઓ માટેની યોજનાઓના અમલ માટે રાજ્ય કક્ષાએ અલગ નિયામક કચેરી શરૂ કરવામાં આવી. વર્ષ ૧૯૯૦થી ૨૦૦૦ સુધી બક્ષીપંચ જાતિના શૈક્ષણિક ઉત્કર્ષ અને આરોગ્ય તથા વસવાટ અંગેના વિકાસ માટે રૂપિયા ૫૭૨.૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. જેની સામે ૨૦૦૧ થી ૨૦૧૬ના ગાળામાં ઉત્તરોત્તર વધારો કરીને ૫,૭૦૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે સાયકલ આપવા માટે રૂપિયા ૪૮ કરોડની જોગવાઇ કરી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અગરિયાઓની ૩૩ આદર્શ નિવાસી શાળામાં ધોરણ–૯ના વધારાના વર્ગો શરૂ કરવા માટે રૂપિયા ૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગરીબ વિદ્યાર્થીઓ માટો પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિનો દર રૂપિયા ૫૦૦માંથી વધારીને રૂપિયા ૭૫૦ કરવામાં આવ્યો છે. સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ–૯માં ભણતી પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોની ૨.૮ લાખ કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવામાં આવે છે. સમાજના પછાત વર્ગો માટેના સરકારી તથા અનુદાનિત છાત્રાલયો, આશ્રમશાળાઓ તથા નિવાસી શાળાઓમાં આ વર્ગોના અંદાજે ૨.૬૪ હજાર કરતાં પણ વધુ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે. હું માગણીઓને મારું અનુમોદન આપું છું.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ એસ.સી., એસ.ટી અને ઓ.બી.સી. લોકોને બહુ જ તકલીફોના પ્રશ્નો છે. અનુસૂચિત જાતિની જે કોઇ ગ્રાન્ટો વાપરવામાં આવે છે એ ગ્રાન્ટોની જોગવાઇ અહીંથી કરવામાં આવે છે સરકારશ્રી તરફથી પરંતુ સ્થાનિક એજન્સીઓ પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયતો આ ગ્રાન્ટ જ્યાં વાપરવાની હોય તે વિસ્તારમાં વપરાતી નથી અને બીજા વિસ્તારમાં આ ગ્રાન્ટો વાપરીને દલિત સમાજને ખૂબ મોટું નુકસાન કરે છે.

હમણાં તાજેતરમાં એક અતિ પછાત લોકો પૈકી સેનમા સમાજમાં તા.૧૮–૫–૨૦૧૫ના રોજ સેનમા સમાજના એક યુવાનને ત્રીજા માળેથી કેટલાક માથાભારે તત્વોએ ઉપાડીને નીચે ફેંકી દીધો અને તેની હત્યા કરી નાખી. આજ દિન સુધી સરકાર તેમાં કોઇપણ પગલાં ભરતી નથી. ઉના ગામમાં દલિતોનો જે પ્રશ્ન છે, થાનગઢમાં દલિતભાઇઓને તકલીફ છે. સરપંચશ્રી, સાંતલપુરમાં ત્યાં એમનું મર્ડર કરી નાખ્યું.

<u>અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને</u>

સાંતલપુરમાં હિજરત કરીને પાટણ આવી ગયા. આ બધા લોકોની જે તકલીફો છે, હું સરકારશ્રીને વિનંતી કરું કે આ બધી તકલીફો દૂર થાય એના માટે એક સ્પેશ્યલ ગ્રાન્ટ ફાળવીને એક આખું સેલ ઉભું કરવાની જરૂર છે જે બીજી કંઇ કામગીરી ન કરતા આવો કયાંય પણ પ્રશ્ન બને તો ગાંધીનગર કક્ષાએથી એક આવું યુનિટ ઉભું થાય અને જયાં પણ આવી તકલીફ ઉભી થાય ત્યારે અહીંયાથી જે આપણા માણસો જાય રાજકીય માણસો જાય કે સામાજિક માણસો જાય એના કરતા સરકારી માણસો જાય અને એની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે અને એને તાત્કાલિક અસરથી મદદ મળે એવું એક સેલ ઉભું કરવાનો સમય પાકી ગયો છે. અહીંયા બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતિનો આપણે જોરશોરથી પ્રચાર કર્યો. ભા.જ.પ. સરકાર તરફથી અનુસૂચિત જાતિઓના ગામડાંઓમાં ઠેરઠેર કેસેટ બતાવવામાં આવી, પિકચર બતાવવામાં આવ્યા એમાં આપે કદાચ જોયું હશે અમારા મિનિસ્ટર સાહેબે પણ જોયું હશે એમાં એક મુદ્દો હતો કે દલિત સમાજની, જયારે ગોળમેજી પરિષદ થઇ ત્યારે બાબા સાહેબ આંબેડકર એમ કહેતા કે દલિત સમાજના લોકોએ બે મત આપવા જોઇએ. એક દલિત સમાજનો પોતાનો એક ઉમેદવાર ચૂંટાયેલો હોવો જોઇએ અને એક મત જનરલ આપવો જોઇએ. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે કે આવી તકલીફો હોવાછતાં સામે બેઠેલા અમારા દલિત ધારાસભ્યશ્રીઓ પેલી સ્પ્રીંગની જેમ દબાઇને બેઠેલા હોય છે એમને કદાચ બોલવું હોય તો પાર્ટીના પ્રોટોકોલમાં આ લોકો કશું બોલી શકતા નથી. જો આ દલિત સમાજના મતદારોથી ચૂંટાઇને આવતા હોય અને દલિત સમાજના મતદારો જ આમને મત આપતા હોય તો મને લાગે છે કે અત્યાચારોનું પ્રમાણ ખૂબ ઓછું થઇ ગયું હોત કારણ કે આ ગૃહમાં બેઠેલા ૧૩ ધારાસભ્યો આવો કંઇ પ્રશ્ન બને તો દોડીને સૌથી પહેલા ત્યાં પહોંચી ગયા હોત અને આ બધા ઉપર ખરેખર બ્રેક લાગી હોત. અત્યારે આપણે બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં ૭૦૦૦૦ રૂપિયા આપીએ છીએ. ૭૦૦૦૦ રૂપિયામાં આજની મોંઘવારીમાં પાયા બહાર નીકળતા નથી આટલી ખરાબ પરિસ્થિતિમાં એને મકાન બનાવવાનું હોય, પાયા બહાર નીકળે નહીં પછી એના હપ્તા ના મળે, હપ્તા ના મળે એટલે એનું મકાન પાછું પડી રહે એટલે પાછળથી એનું મકાન પૂરું થાય નહીં અને એ નાનો માણસ રખડી પડે છે. આ ગૃહમાં હું સરકારશ્રીને અપીલ કરું કે આની જગ્યાએ જો દોઢ લાખ રૂપિયા કરવામાં આવે તો આ ગરીબ માણસોને મકાન બનાવવામાં ખૂબ મોટો ફાયદો થાય. મારે એક બીજી વાત પણ કરવી છે કે દલિત સમાજ આજે પણ, આપ રોડ ઉપર જોતા હશો, ગૃહના ધારાસભ્યો પણ જોતા હશે કે દલિત સમાજની બહેનો આજે પણ ખભા ઉપર થેલો મુકીને, કચરામાં સફાઇ કર્મચારીને પણ કચરો ભરવા માટે અદ્યતન સાધનો આપવામાં આવે છે એવા કચરાના ઢગલાઓમાં અમારી દલિત બહેનો કાગળ વીણવાનું કામ કરે છે. આ સરકાર જે મોટીમોટી

વાતો કરે છે અને મોટી મોટી જે બાંગ પોકારે છે દલિત વિકાસની એ આપ જુઓ તો એ બહેનો માટે કોઇપણ કામગીરી થતી નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક–૯૨ લઇને આવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું અને સામાજિક અને શૈક્ષણિક વિભાગ માટે મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાત રાજ્યના બક્ષીપંચની ભલામણ તા. ૧–૪–૧૯૭૮ થી અમલમાં આવી છે. હું બક્ષીપંચ વર્ગના ધારાસભ્ય તરીકે આવ્યો છું, ત્યારે સરકારે વિભાગ માટે જે કામગીરી કરી છે, ત્યારે સરકારને અભિનંદન આપું છું. ગુજરાત રાજ્યમાં ૧૪૪ જાતિઓનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવેશ કરવામાં આવેલ છે, ત્યારે આ જાતિના ૪ વિભાગ સરકાર દ્વારા પાડવામાં આવેલ છે. ત્યારે ચારેય બાજુથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનો વિકાસ થાય તે માટે સરકાર કટિબદ્ધ છે. અગાઉ કોંગ્રેસના શાસનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટે કોઇ યોજના ન હતી. કોંગ્રેસે વર્ષો સુધી રાજ કર્યું. કોંગ્રેસે ગરીબોના નામે મતો લીધા છે. કયાંય ગરીબીને હટાવવાનો પ્રયત્ન કરેલ નથી. બક્ષીપંચનો વર્ગ વધુમાં વધુ ગરીબ થઇ રહ્યો છે. ગરીબો માટે ઘરના ઘરની લાલચ આપી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભ્ય અને સાંસદોની ગરીબી હટી છે. ગરીબ પ્રજા ત્યાંને ત્યાં રહી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ગુજરાત રાજ્યના બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો ૭૭૫ ચાલે છે. આશ્રમશાળાઓ ૧૮૬ ચાલે છે. આદર્શ નિવાસી શાળા ૩૩ ચાલે છે, તેમાં ૬૦,૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને માટે રહેવા તથા જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ સિવાય બક્ષીપંચની અત્યાર સુધીમાં ૫ લાખ કન્યાઓને ૮૬ કરોડની સાઇકલ સહાય અને મફત ગણવેશની સહાય પૂરી પાડવામાં આવેલ છે. વલસાડમાં વર્ષોથી અમે સર્વે જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરતા આવ્યા છીએ. આ આયોજનમાં બક્ષીપંચના અને અન્ય જાતિની કન્યાઓને મામેરા પેટે ૧૦,૦૦૦ રૂપિયાની ચેકથી સહાય આપી છે. હાલમાં ૧૨૦૦૦ રૂપિયા કર્યા છે. આ માટે નીતિનભાઇ ડેપ્યુટી સી.એમ.નો આભાર માનું છું. આવી ગુજરાતમાં કુલ ૭૨,૯૯૮ કન્યાઓને ૪૦ કરોડની સહાય આપવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા સહાય આપવાની કોઇ યોજના ન હતી. જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૪ ના ગાળામાં વિદેશમાં જઇ મેડિકલ, એન્જિનિયરિંગ, કોમ્પ્યૂટર, પી.એચ.ડી., સંશોધન જેવા ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટે ૧૫ લાખની લોન સરકાર આપી રહી છે. પાઇલોટ બનવા માટે ૨૫ લાખની લોન સરકાર આપી રહી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૪૦૦ વિદ્યાર્થીઓને ૨૬ કરોડ રૂપિયાની લોન સરકારે આપી છે. આવા સંજોગોમાં ગુજરાતમાં ભાજપનું શાસન આવ્યું તેમાં પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીનું શાસન આવ્યા પછી ગુજરાતના ગરીબ, પછાત વર્ગોનો વિકાસ થયો છે. ગુજરાતના પ્રવર્તમાન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા ડેપ્યુટી મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની આગેવાની હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સતત ચિંતા કરી રહ્યા છે. બક્ષીપંચના ઇસમો માટે નાના ગૃહ ઉદ્યોગો માટે બૅન્કેબલ યોજના, કલાકારો માટે સરકાર સહાય આપે છે. સાથે સાથે આરોગ્યની દ્રષ્ટિએ આ વર્ગનો વિકાસ થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે. તેમાં ૬ પ્રકારના રોગો માટે સહાય આપવામાં આવે છે. જિલ્લા, તાલુકામાં આયોજન મારફતે પાણીની સુવિધા, રસ્તાની સુવિધા વગેરે અનેક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આવતાં વર્ષોમાં ગુજરાતની વર્તમાન સરકાર ગ્રામ્ય કક્ષાએથી, તાલુકા,જિલ્લા કક્ષા સુધી તમામ વર્ગોને સુવિધા માટે...

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમાજ કલ્યાણ વિભાગની માગણી ઉપર મારા વિચારો રજૂ કરવા આ સભાગૃહમાં ઉપસ્થિત થયો છું. વિશ્વ વિભૂતિ ડો.બાબાસાહેબ આંબેડકરે ભારતના બંધારણની અંદર અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ, ઓ.બી.સી., કચડાયેલા ગરીબ, લઘુમતી તમામ માટે એવું બંધારણ બનાવ્યું કે તેમને રક્ષણ મળી રહે અને દેશના તમામ બીજા વર્ગો સાથે રહી સમાન રીતે વિકાસ કરી શકે. પરંતુ અનુસૂચિત જાતિ માટે રકમની ફાળવણી કરવામાં આવે છે તે પૂરી વપરાતી નથી. રાજય સરકારે અનુસૂચિત જાતિઓ માટેની યોજનાઓ માટે વર્ષ ૨૦૧૫–૧૬માં ૩૯૧૫.૨૨ કરોડની નાણાંકીય ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ વર્ષ દરમ્યાન ૩૦૬૮.૫૩ કરોડની રકમનો જ ખર્ચ કરવામાં આવ્યો હતો. એટલે જોગવાઇ સામે માત્ર ૭૧.૬૪ ટકા રકમ એટલે કે ૮૪૬.૬૯ કરોડ જેટલી રકમ વાપર્યા વિના પડી રહી હતી. આ ઉપરાંત ૨૦૧૬–૧૭ દરમ્યાન અનુસૂચિત જાતિની યોજનાઓ માટે ૪૨૦૧.૪૭ કરોડની નાણાંકીય જોગવાઇ કરવામાં આવી હતી. પરંતુ સપ્ટેમ્બર ૨૦૧૬ અંતિત એટલે કે છ મહિનામાં ૧૪૬૮.૬૧ કરોડની રકમનો ખર્ચ કરવામાં આવ્યો હતો. અનુસૂચિત જાતિ વિકાસ નિગમ છે તે અનુસૂચિત જાતિના લોકોને નાના ધંધા અને રોજગાર માટે લોનની ફાળવણી કરતું હોય છે. અનુસૂચિત જાતિઓના લાભાર્થીઓને કુટિર ઉદ્યોગ ખાતા દ્વારા નિયત કરેલા ધંધા વેપાર માટે ૧ લાખ રૂપિયાની સહાય ઉદ્યોગ માટે અને ૨ લાખ રૂપિયા સુધીના યુનિટવાળા લઘુ ઉદ્યોગ વિકસાવવા માટે બેન્કેબલ યોજના માર્કેટ મની ડીપોઝીટ યોજના હેઠળ અમલમાં છે. આ બેન્કેબલ યોજના હેઠળ ૨૦૧૫–૧૬માં અનુસૂચિત જાતિના માત્ર ૨૫૫૫ લાભાર્થીઓને લાભ આપ્યો છે. તેમાં ૧૦.૩૯ કરોડનું ધિરાણ કરેલ છે. જયારે ૨૦૧૬–૧૭માં ઓકટોબર માસ સુધીમાં ૭૦૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જેમાં માત્ર ૩.૫૦ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે. આની અંદર ખાસ કરીને રિક્ષા માટે લોન આપવામાં આવે છે. અત્યારે રિક્ષાઓની સંખ્યા ઘણી વધી ગઇ છે એટલે તેની અંદર તેમને પૂરતો વેપાર મળતો નથી. તેની સાથે સાથે લોડીંગ પ્રકારના વાહનોનો સમાવેશ કરી અનુસૂચિત જાતિના લોકોને આનો લાભ આપવો જોઇએ. સૌથી વધારે આપને કહું તો વાલ્મિકી સમાજના લોકો છે તે સમગ્ર દેશમાં સફાઇનું અભિયાન ચલાવતા હોય છે. સફાઇની કામગીરી કરતા હોય છે.

પરંતુ મારા મત વિસ્તારમાં તેમની વસાહતની વાત કરું તો ત્યાં સૌથી વધારે ખરાબ પરિસ્થિતિ છે. ત્યાં પૂરતા પ્રમાણમાં પાણી નથી મળતું કે ડ્રેનેજની સુવિધા નથી મળતી. રહેવાના જે કવાર્ટર છે ત્યાં એક છત પડી જવાથી વાલ્મિકી કન્યાનું દબાઇ જવાથી મોત થયેલ. ઘણી વખત રજુઆતો કરેલ છે. સમગ્ર રાજયમાં સફાઇનું કામ કરતા હોય, આપણને સ્વચ્છ રાખતા હોય, સ્વચ્છતા અભિયાન માટે ખરેખર તે લોકો સાચ અર્થમાં કામ કરતા હોય તો તેના પર વિશેષ ધ્યાન આપવું જોઇએ. તેમના માટે કોઇ કાર્યવાહી કરવામાં નથી આવી. વાલ્મિકી સમાજના લોકો ૩૦-૩૦ વર્ષથી ડેઇલી વેજીસ પર કામ કરી રહ્યા છે. તેમને કાયમી કરવામાં આવતા નથી. વાલ્મિકી સમાજની ખાસ માગણી રહી છે કે, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૨૦૦૭ અને ૨૦૧૦ના લઘુત્તમ મહેકમ  મંજૂર કરાવ્યા બાદ જે જગ્યાઓ ખાલી રાખેલ છે તે જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ફરજ બજાવતા ડેઇલી વેજીસ વેતન ઉપર કામ કરતા કામદારો,  ફીકસ પગારના કામદારો અને કરાર આધારિત કામદારોની મહેકમની ખાલી જગ્યા ઉપર પૂરા પગારથી નિમણૂક કરવામાં આવે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ફરજ બજાવતા કામદારોને પીએફ કે કામદારોને નિવૃત્તિ બાદ પેન્શન મળતું નથી. તેથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ.૨૭૧ મુજબ તેની પેટા કલમ.આઇ મુજબ સામાન્ય સભામાં ઠરાવ કરી પેન્શન, ગ્રેજયુઇટી સહિત વિવિધ ભથ્થાઓ આપી શકે તેવા હુકમો કરવા જોઇએ. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૨૧ નગરપાલિકાઓમાં મહેકમ મંજૂર કરેલ છે. પરંતુ ઉચ્ચક પગારથી ત્યાં કામે રાખેલ છે તેમને કાયમી કરવામાં આવતા નથી. સમાન વેતનના અધિકારોનો ભંગ થયેલ છે. તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે પગાર પંચનો અમલ થાય  અને તે રીતે પગાર પંચનો લાભ આપવામાં આવે તે  જોવું જોઇએ. હાલ સાતમા પગાર પંચનો અમલ ચાલુ છે પરંતુ તેમને પાંચમા પગાર પંચ મુજબ પગાર મળી રહ્યો છે. રાજય સરકાર દ્વારા ફીકસ પગાર, કરાર આધારિત કામદાર, રોજમદાર અને પાર્ટ ટાઇમ કામ કરવાનો ઠરાવ રદ કરવા માટે જરાત હાઇકોર્ટમાં પડકારતાં ગુજરાત હાઇકોર્ટની ડીવીઝન બેન્ચ દ્વારા કાયમી જગ્યાઓ મંજૂર કરી કાયમી પગાર આપવાના હુકમ કરવામાં આવેલ છે તેનું પાલન કરવામાં આવે તેવી વિનંતી છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કામદારોની જગ્યાઓ મંજૂર કરવા માટે ૩૧-૧-૨૦૧૭ અને ૧-૬-૨૦૧૭ના ઠરાવ મુજબ લઘુત્તમ મહેકમ મંજૂર કરી તે જગ્યાઓ પર ભરતી કરીને આ વાલ્મિકી સમાજના લોકોને ન્યાય આપવામાં આવે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ફરજ બજાવતા અંશકાલીન, ફીકસ પગારદાર, કરાર આધારિત કોન્ટ્રાકટ પ્રથા અને રોજમદારોની ખાલી જગ્યાઓ મંજૂર કરી પૂરા પગારથી નિમણૂક કરવામાં આવે. વાલ્મિકી સમાજ તે અતિપછાત સમાજ છે. દલિત સમાજ છે તેના ઘણા બધા પ્રાણપ્રશ્નો રહ્યા છે. આઝાદીના ૭૦-૭૦ વર્ષ થવા છતાં હજુ વાલ્મિકી સમાજ, દલિત સમાજ વિકાસથી વંચિત રહ્યો છે. તેમના નામે રાજકારણ તો ઘણા બધા થાય છે. બધા લોકો તેમના નામે રાજકારણ કરતા હોય છે. આઝાદીના ૭૦ વર્ષ પછી પણ દલિત અને વાલ્મિકી સમાજને પૂરતો ન્યાય મળ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું લઘુમતી બાબતની થોડી વાત કરું તો માઇનોરોટી નિગમ છે તે નિગમ તરફથી જાહેરાત આપવામાં આવી હતી કે જે લોકોના બાકી લેણાં છે એ લોનની જો ભરપાઇ કરવામાં આવે તો એમને વ્યાજની માફી આપવામાં આવશે. એટલે કે લોન ભરી દો તો વ્યાજ મુકિત આપવામાં આવશે, પરંતુ જે લોકોએ આ લોનના નાણાં ભરી દીધા છે તેમને હજુ સુધી નો-ડ્યુ સર્ટીફિકેટ મળ્યું નથી અને હજુ પણ તેમની સામે વોરંટ કાઢવામાં આવે છે અને પોલીસ એમના ઘરે પકડવા માટે જાય છે. એટલે જે સરકારે વચન આપ્યું હતું કે તમે લોનના નાણાં ભરી દો તો તમારી સામે બીજી કોઇ કાર્યવાહી નહીં થાય. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જે લોકોએ લોનના નાણાં ભરી દીધા છે એમની સામે જે પગલાં લેવામાં આવી રહ્યા છે એ પગલાં રદ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાન મંત્રી યોજના હતી એ ૧૫ મુદાની યોજના હતી એ ૨૦૦૬થી સમગ્ર ભારતમાં લાગુ થઇ છે. હું માગણી કરું છું માનનીય મંત્રીશ્રી પાસે કે એનો અમલ ગુજરાત રાજયમાં કરવામાં આવે. લઘુમતી વિદ્યાર્થીઓની જે પ્રી-મેટ્રિક સ્કોલરશીપ હતી એ આ વખતે ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવી છે તો એ જે ઘટાડો કર્યો છે એમાં હું માનુ છું કે જેટલા લોકોએ ફોર્મ ભર્યા હોય એ તમામને સો ટકા સ્કોલરશીપ મળે એવી વ્યવસ્થા રાજય સરકાર અને મંત્રીશ્રી કરે. બીજું વકફ બોર્ડ છે એની પરિસ્થિતિ બહુ જ ખરાબ થઇ છે અને દયનીય છે તેમજ વકફ બોર્ડને એક રૂપિયાની પણ ગ્રાન્ટ આપવામાં આવતી નથી. વકફ બોર્ડ માટે ટ્રીબ્યુનલ બનાવવામાં આવેલ છે એની અંદર જજની નિમણૂક પણ થાય છે પણ વકફ બોર્ડના ચેરમેનની જગ્યા એક વર્ષથી ખાલી છે અને વકફ બોર્ડના નવા ચેરમન હજુ સુધી બનાવવામાં નથી આવ્યા એટલે તાત્કાલિક વકફ બોર્ડની રચના કરવી જોઇએ અને એના ચેરમેન તથા ડિરેકટરોની નિમણૂક કરવી જોઇએ અને જે ટ્રીબ્યુનલના જજીસ છે એમના માટે યોગ્ય વ્યવસ્થા એમની ઓફિસ કે એમના કાર્યાલયમાં કરવામાં આવે એવી વિનંતી હું માનનીય મંત્રીશ્રીને કરું છું. ખાસ કરીને ઓછા સમયમાં પ્રશ્નોને જે મેં વાચા આપી છે તો જે દલિત અને વાલ્મીકી સમાજ, લઘુમતી, ઓ.બી.સી. અને અમારા અનુસૂચિત જનજાતિના લોકો છે એમના માટે સરકાર વિશેષ ખ્યાલ રાખે અને એમના માટેની જે યોજનાઓ છે એનો સરસ રીતે અમલ થાય અને એનો લાભ પૂરેપૂરો એમને મળી રહે એવી હું મંત્રીશ્રીને વિનંતી કરું છું.

### કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

સમિતિની બેઠક આજરોજ મંગળવાર, તા.૨૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં અધ્યક્ષના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણ કરી છે.

બુધવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭ના રોજ સભાગૃહની પહેલી બેઠકમાં નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો તેની વિચારણા માટે હાથ ધરવા અને જરૂર જણાય તો સભાગૃહની બેઠકનો સમય વધારીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક.

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૭નું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી વિધેયક.

(૪) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૭નું ગુજરાત મેરીટાઇમ બોર્ડ (સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે અનુદાનની માગણીઓ લઇને આવ્યા છે તેમાં સમર્થન સાથે મારા વિચારો રજૂ કરી રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની સૌથી મોટી લોકશાહી એટલે આપણા ભારત દેશની લોકશાહી અને વિશ્વનું સૌથી શ્રેષ્ઠ બંધારણ એટલે આપણું ભારતીય બંધારણ અને આ ભારતીય બંધારણના ઘડવૈયા એટલે વિરલ વિશ્વ વિભૂતિ એવા ડો. બાબાસાહેબ આંબેડકર. ડો.બાબાસાહેબ આંબેડકર એ કોઇ એક સમાજ પૂરતા સીમિત નહીં પરંતુ સમગ્ર સમાજના સમગ્ર વિશ્વના એક વિરલ વિભૂતિ હતા. ડો. બાબાસાહેબ આંબેડકરે જે બંધારણ ઘડ્યું, એમાં સૌને સમાન હક્ક મળી રહે, ન્યાય મળી રહે અને કાયદારૂપી કવચ મળી રહે એ માટેની અનામતની જોગવાઇ બંધારણમાં કરવામાં આવી. કોઇપણ રાષ્ટ્ર કે રાજ્ય હોય, જો એનો શ્રેષ્ઠ વિકાસ કરવો હોય તો એ વિકાસના મુખ્ય પ્રવાહમાં આર્થિક રીતે નબળા અને પછાત વર્ગના જે લોકો હોય એને વિકાસના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા જોઇએ અને તો જ રાજ્યનો કે રાષ્ટ્રનો શ્રેષ્ઠ વિકાસ થાય અને આ કાર્ય ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર કરી રહી છે. આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, એમની નેતૃત્વવાળી સરકાર જે ચાર પાયાના આધાર ઉપર કામ કરી રહી છે, એ પ્રગતિશીલ સરકાર, પારદર્શક સરકાર, સંવેદનશીલ સરકાર અને નિર્ણાયક સરકાર, આ ચાર નેમ સાથે જ્યારે કામ કરી રહી હોય ત્યારે દરેક સમાજને કોઇ નાતજાતના ભેદભાવ વગર બધાને પૂરતો ન્યાય મળી રહે અને વિકાસના ફળ બધાને મળી રહે એ પ્રમાણે વિજયભાઇના નેતૃત્વવાળી અને આપણા ડેપ્યુટી સી.એમ. નીતિનભાઇના નેતૃત્વવાળી સરકાર કામ કરી રહી છે. આપણા કેન્દ્રના એક નેતા, એમના વિશે હું વાત કરીશ. આપણે કોઇ દલિત કે ગરીબના ઘરે રોટલો ખાવા જઇએ, પરંતુ ગરીબ–દલિતના ઘરે ફક્ત રોટલો ખાવાથી ગરીબ ગરીબીમાંથી બહાર નથી આવતો, પરંતુ એ ગરીબને ગરીબીમાંથી બહાર લાવવા માટે થઇને સાચા અર્થમાં પ્રયત્ન કરવા જોઇએ અને એમના માટે થઇને કલ્યાણકારી યોજનાઓ બનાવવી જોઇએ. થોડા સમય પહેલાં ચૂંટણીને અનુલક્ષીને યુ.પી.માં ખાટલા બેઠકો યોજવામાં આવી. એમાં ખાટલા પર બેસવાના બદલે પ્રજા સમજી ગઇ અને ખાટલા લઇને જતી રહી, પછી સાયકલમાં બેસીને ચૂંટણીઓ જીતવા નીકળ્યા તો લોકોએ શું પરિણામ બતાવ્યું એ આપણને સૌને ખબર છે અને ૩૦૦થી વધુ બેઠકો યુ.પી.માં આવી અને ગુજરાતમાં હજી બાકી છે. કોઇ ગરીબને જ્યારે આર્થિક રીતે સદ્ધર કરવો હોય તો એના માટે થઇને નક્કર યોજનાઓ હોવી જોઇએ. હું જે વિભાગની ચર્ચા કરી રહી છું એ વિભાગમાં એક એવી લાગણીસભર યોજના છે જે યોજનાની હું વાત કરું છું. વિરોધપક્ષના મિત્રો અવારનવાર સેવાસેતુના કાર્યક્રમ હોય, લોકહિત માટેના કાર્યક્રમ હોય, લોકદરબારના કાર્યક્રમ હોય અને એનો વિરોધ કરતા હોય, સામેના પક્ષેથી એક બહેન એવું કહેતા હતા કે જ્યારે સેવાસેતુ કાર્યક્રમ ચાલતો હતો ત્યારે હું એક કાર્યક્રમમાં ગઇ તો ત્યાં શું ચાલતું હતું તો બહેન ત્યાં શું હતું એ બાબતે હું આ સમગ્ર ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ગીર સોમનાથમાં આપણા સંસદિય સચિવ જેઠાભાઇ સોલંકી સેવાસેતુના કાર્યક્રમમાં ગયા હતા ત્યાં રજૂઆત થઇ અને ત્યાં બે નિરાધાર બાળકો આવ્યા અને તેમની ખૂબ નાની ઉંમર હતી, એમના માતાપિતાનું આકસ્મિક રીતે મૃત્યુ થયું હતું. બાળકોની આગળ પાછળ કોઇ નહોતું, ગામ લોકોએ રજૂઆત કરી કે આ બે બાળકો અનાથ છે એમનું કોઇ નથી ત્યારે તરત જ એ બાળકોને પાલક માતા પિતા યોજના છે એનો લાભ આપવામાં આવ્યો. એ લાભ ત્યાંથી જ ચાલુ કરી દેવામાં આવ્યો. આ જે સેવાસેતુના કાર્યક્રમ થાય છે એમાં એકદમ આર્થિક રીતે પછાત અને નબળા વર્ગના લોકો હોય એમના હિતાર્થે થતો હોય તે સારું છે. ગૃહમાં શા માટે જે લોકહિતના કાર્યક્રમો થતાં હોય એના વિરોધ થતા હોય, જે વ્યથા રજૂ કરવામાં આવે એમાં કોઇ રાજકારણ ન હોવું જોઇએ. સાચા અર્થમાં જે આર્થિક રીતે પછાત અને નબળા વર્ગના જે લોકો હોય એમની સુખાકારી માટે થઇને આપણે સૌએ સાથે મળીને મહેનત કરવી જોઇએ. અમારી ભારતીય જનતા પાર્ટીની હર હંમેશા નેમ રહી છે ''ચલો જલાયે દિપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ''. ખરેખર જયાં સફળતા માટે થઇને, વિકાસ માટે થઇને, જે સરકારના ફળ છે તે ફળ લોકો સુધી પહોંચે અને એ પહોંચાડવા માટે થઇને આપણે સૌએ સાથે મળીને સહિયારો પ્રયાસ કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોઇ ગરીબનો અવાજ આપણાં બારણે આવતો હોય, કોઇ ગરીબ આપણાં સુધી આવતો હોય કોને ખબર ઇશ્વરે તે માણસને આપણી પરીક્ષા લેવા માટે થઇને તેને આપણે દરવાજે મોકલ્યો હોય. આપણે સૌ જન પ્રતિનિધિ છીએ અને લોકોના કામ કરી રહ્યાં છીએ ત્યારે સાચા અર્થમાં સેવાનું કામ કરવું જોઇએ.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૯૨ અને ૯૫ જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો કેવી રીતે પગભર થઇ શકે તેમના માટેની બધી જ ચર્ચાઓ કરવામાં આવે, અહીંથી ભાષણ કરવામાં આવે, જેમ વાતો કરવાથી કોઇ ગરીબ માણસનું પેટ ભરાતું નથી, સારી વાતો કરવાથી ગરીબ માણસનું પેટ ભરાતું નથી ત્યારે તો આ સભાગૃહની અંદર અનેક વખત વાતો કરવામાં આવી બક્ષીપંચની, ઓ.બી.સી.ની વાતો કરવામાં આવે ત્યારે આ રાજયની અંદર આ ભારતીય જનતા પાર્ટીનું શાસન ઘણાં લાંબા સમયથી છે ત્યારે આ રાજયની અંદર એક પણ વર્ગની આ વિભાગ દ્વારા કયારેય ચિંતા કરવામાં આવી હોય તેવું મને દેખાતું નથી. જયારે બક્ષીપંચના લોકો છેવાડાની અંદર ભણતાં હોય, પોતાની સંસ્થાઓ ચલાવતાં હોય, છાત્રાલયો હોય કે આશ્રમશાળાઓ હોય આવી શિક્ષણની બાબતો હોય ત્યારે આ રાજય સરકારે કયાંય આ બજેટની અંદર પછાતોની ચિંતા કરવામાં આવી નથી, કયાંય નવી સંસ્થાઓ આપવાની વાત કરી નથી, કયાંય છાત્રાલયો આપવાની વાત કરી નથી, આશ્રમશાળાઓ આપવાની વાત કરી નથી ત્યારે પછાતોને અને બક્ષીપંચને આપણે આગળ લાવવાની વાત કરીએ છીએ ત્યારે એ માણસ જયાં સુધી આપણે શિક્ષણનો પાયો નહીં નાંખી શકીએ ત્યાં સુધી પછાતો કયારેય આગળ આવી શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ઓ.બી.સી અને બક્ષીપંચના મતો લેવાનું જ કામ કરવાનું હોય અને તેનો ઉપયોગ જ કરવાનો હોય તો એ બક્ષીપંચ અને ઓ.બી.સી.સમાજ હવે પૂરી રીતે સમજી ગયો છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર માત્ર અને માત્ર આપણો ઉપયોગ કરતી આ સરકાર અને તેના ભાગરૂપે મારે કહેવું છે કે ગુજરાત રાજયની અંદર ગરીબ કલ્યાણ મેળો યોજવામાં આવે. મોટાભાગના ઓ.બી.સી.પછાત અને બક્ષીપંચના લોકોને લઇ જવામાં આવે અને ગરીબ કલ્યાણ મેળાની અંદર આપણે કેવો લાભ આપીએ છીએ તે ગુજરાતની સૌ જનતા જાણે છે અને બક્ષીપંચ અને મારો પછાત સમાજ જાણે છે. બક્ષીપંચના લોકોને ગરીબ કલ્યાણ મેળાની અંદર તેને લઇ જવામાં આવે અને સવારથી સાંજ સુધી એસ.ટી.ત્યાં મૂકવામાં આવે અને ગરીબ કલ્યાણ મેળાની અંદર લઇ જાય ત્યારે મારો પ્રજાપતિ સમાજ ઇંટનો ધંધો કરતો હોય તેને બે તગારા અને એક પાવડો આપવામાં આવે તો એનાથી તેનો વિકાસ ના થઇ શકે. દરજી સમાજનો યુવાન જયારે કામ કરતો હોય તેને બસમાં બેસાડીને લઇ જવામાં આવે અને ગરીબ કલ્યાણ મેળાની અંદર જાય ત્યારે તેને માત્ર કાતર આપવામાં આવે અને પટ્ટી આપવામાં આવે ત્યારે બક્ષીપંચ સમાજના લોકો જયારે રાહ જોઇને બેઠાં છે કે અમને આ સરકાર કાંઇક આપશે, અમારા માટે થઇને પણ કંઇક વિચારશે પણ હું જોઉં છું ત્યાં સુધી છેવાડાનો વર્ગ જયારે જી.ઇ.બી.નું કનેકશન કાપવા આવે ત્યારે અમે જોઇએ છીએ કે ગામની અંદર છેવાડે રહેતો બક્ષીપંચનો માણસ તે જી.ઇ.બી.ના કર્મચારી હોય તે ૧૩૫ અને ૧૨૬મી કલમ દાખલ કરીને જેની મકાનની ના હોય એના કરતાં વધારે દંડ આપવાનું કામ જો કોઇ કરતી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. ત્યારે મારી વિનંતી છે કે કલમ ૧૩૫ અને ૧૨૬મી આમાંથી નાબૂદ કરવી જોઇએ અને છેવાડાના માણસોને જો પગભર કરવાની આપણે વાત કરતા હોઇએ તો એના માધ્યમથી પણ તેને લાભ આપવો જોઇએ. જયારે બક્ષીપંચના છાત્રાલયોની વાત કરવામાં આવે એમાં રસોયો કામ કરતો હોય કે ચોકીદાર કામ કરતો હોય તો એને પૂરતો પગાર આપવામાં આવતો નથી. તેને બે હજાર કરતા ઓછું વેતન આપવામાં આવે છે પણ જો તેને પૂરતું વેતન આપવામાં આવે તો હું ચોક્કસપણે માનું છું કે એ પછાત અને બક્ષીપંચના લોકો શિક્ષણનો પૂરો લાભ લઇ શકે અને તે પૂરતી અને સારી રસોઇ જમાડી શકે તો એમના માટે રાજય સરકારે વ્યવસ્થા કરવી જોઇએ. ઘણાં લાંબા સમયથી છાત્રાલયોની અંદર વર્ગ વધારા માટેની અનેક પ્રકારની ફરિયાદો પણ આવી છે અને અમારી સંસ્થાઓની પણ ફરિયાદો છે ત્યારે આ સરકાર વર્ગ વધારો પણ આપતી નથી તો મારી વિનંતી છે કે વર્ગ વધારો આપીને એવા બક્ષીપંચ અને છેવાડાની સંસ્થાઓને શૈક્ષણિક રીતે પગભર કરવાનું કામ આ રાજય સરકાર કરે એવી મારી વિનંતી છે. જ્યારે અહીંયા કહેવામાં આવ્યું એમ સામાજિક, શૈક્ષણિક અને પછાત વર્ગનો હવાલો માનનીય આત્મારામ ભાઇ પરમાર સંભાળે છે ત્યારે એમના માથે ઘણું બધું વજન આપવામાં આવ્યું છે. બક્ષીપંચ અને ઓ.બી.સી. સમાજમાંથી અમારા ઘણા બધા ધારાસભ્યો ચૂંટાયા છે. બક્ષીપંચ અને ઓ.બી.સી.નો થોડો ઘણો હવાલો એમાંથી જુદો કરીને અમારા આ ધારાસભ્યોને સોંપવામાં આવે તો એમને પણ લાગે કે અમે ધારાસભ્ય તરીકે ચૂંટાયા છીએ અને એમનો કાંઇક ઉદ્ધાર થઇ શકે. તો મારી સરકારને વિનંતી છે કે અમારા ચૂંટાયેલા ધારાસભ્યોને આ વિભાગની થોડી ઘણી જવાબદારી આપવામાં આવે તો ચોક્કસપણે સરકારમાંથી એનો લાભ લઇ શકાય. આ રાજ્યની અંદર ઘણી બધી વાતો કરવામાં આવી કે લુહાર, પ્રજાપતિ, સુથાર કે દરજી હોય એ બક્ષીપંચ સાથે જોડાયેલ નાના – નાના સમાજ છે. ક્યારેય આ સમાજના માણસની ચિંતા કરવામાં આવી નથી.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આત્મારામભાઇ પરમાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગાંધી બાપુએ કહ્યું,

## તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

'સત્યમેવ જયતે', મોદીજીએ કહ્યું, 'શ્રમેય જયતે' અને આ •(×××) 'જનસેવા એજ પ્રભુસેવા' એ જ અમારી ભારતીય જનતા પાર્ટીની નેમ છે. માનનીય મંત્રીશ્રી જ્યારે આ માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મને એવું લાગે છે કે, રાજ્ય સરકાર આ વંચિતોની વેદનાને વાચા આપી રહી છે. ''વેદ'' ને સમજવા આસાન છે પણ વંચિતોની વેદના સમજવી અતિ કઠિન છે. બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરના ત્રણ મંત્ર હતા. શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો. શિક્ષણની વાત આવે ત્યારે મારે કહેવું છે કે, ગરીબ મા–બાપના બાળકો હોંશિયાર હોય, વિદેશ ભણવા જવું હોય, આગળ વધવાની ઇચ્છા હોય, જીવન–સ્તર સુધારવાની ઇચ્છા હોય, સપના જોયા હોય પરંતુ આર્થિક મુશ્કેલીના કારણે બાળકોને ભણાવી ન શકતા હોય એ બધું ભૂતકાળમાં હતું. ક્યારેક એવી દશા હતી કે, 'કિતની બેબસ કિતની લાચાર ઇન્સાન કી જિંદગીથી ખામોશ હર કૂચા થા સહેમીસી હર ગલી થી વિશ્વાસ નહિ હોતા યે દેખકે હાલુે મુલ્ક યહી રામ, કૃષ્ણા, ગાંધી ઔર ગૌતમ કી ભૂમિ હૈ. જે . મને કહેતા આનંદ થાય છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર આ વેદના સમજી અને બાળકોને વિદેશમાં ભણવા મોકલ્યા. ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના દ્વારા ૧૫ લાખની લોન આપે છે. અત્યારે લગભગ ૯૩૨ વિદ્યાર્થીઓએ આ લોનનો લાભ લીધો છે. આ રાષ્ટ્ર નિષ્ઠા, સમાજ નિષ્ઠાથી કામ કરતી સરકાર છે. સ્વામી વિવેકાનંદે એવું કહ્યું હતું કે, તમારી મતિ, ગતિ અને પ્રગતિએ દરિદ્ર નારાયણની સેવા માટે હોવી જોઇએ અને અને એ જ પગલે અમારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની સરકાર ચાલી રહી છે. મારે કહેવું છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર રાષ્ટ્ર હિત સાથે કામ કરતી સરકાર છે પણ કેટલાક લોકોને એ પસંદ નથી. એ લોકોને તાવ આવી જાય. એમાં માણસ કાંઇપણ બોલે. મગજનો તાવ હોય, તાવ આવે ત્યારે માણસ સત્યથી વેગળી વાતો કરે. ઘણીવાર તો ખોટું બોલે. મારે કહેવું છે કે, *(×××). ભાજપ કી ૧૫૦ પ્લસ સીટ આયેગી તુમ દેખતે રહીયો. એમના શાસનમાં એમણે કાંઇ ના કર્યું. ખાલી રાષ્ટ્ર નિષ્ઠા અને પરિવાર નિષ્ઠા પર ચાલતી સરકાર હતી. આ સમાજ નબળો બની ગયો હતો અને સમાજને સંવેદનાની જરૂર હોય, બાબાસાહેબ આંબેડકર માટે ભક્તિ જોઇએ.

માનનીય શૈલેષભાઇ, હું માગણી ઉપર જ બોલું છું. (અંતરાય) સાંભળો, સાંભળો, ડિસ્ટર્બ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની સરકારની છેવાડાના માનવીની ઘણી વાતો કરી. એમની કોઇ ચિંતા નહોતું કરતું. સાહેબ, મને યાદ છે અમે જયારે નાના હતા અને આકાશમાં પ્લેન ઉડતા જોતા હતા ત્યારે જયાં સુધી પ્લેન અદ્રશ્ય ન થઇ જાય ત્યાં સુધી માથુ ઉંચકીને પ્લેન જોતા હતા. ગામમાં કોઇ અધિકારીની ગાડી આવેને તો એ ગાડી જોવા માટે આખું ગામ ભેગું થઇ જતું. એ ગાડી જોવા ગામનાં બાળકો ભેગાં થઇ જતાં હતાં. બાળકો બે કે પાંચ રૂપિયાના પ્લાસ્ટિકના પ્લેન અને ગાડીના રમકડાં લઇને રાજી થઇ જતાં. જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે આવી પરિસ્થિતિ હતી. માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર આવી અને પરિસ્થિતિએ કરવટ બદલી અને સામાજિક અને આર્થિક બદલાવ આવ્યો. આજે છેવાડાના માનવીના ઘરે દીવો પ્રગટ્યો છે ઉજાસ થયો છે એ ચાહે ઉજાલાના માધ્યમથી થયો હોય કે કાં તો શિક્ષણના માધ્યમથી થયો હોય. આજે એ જ ગામના બાળકો પાયલોટ બન્યા છે. સરકાર કોમર્શિયલ પાયલોટની તાલીમ અંતર્ગત રૂપિયા ૨૫ લાખની લોન આપે છે. અત્યાર સુધીમાં ૬૯ વિદ્યાર્થીઓને લાભ લીધો છે અને ૧૧ કરોડ રૂપિયાની લોન ચૂકવવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ વિભાગના માનનીય મંત્રીશ્રી આત્મારામભાઇ પરમારનો દીકરો હાર્દિકભાઇ પરમારે પણ આ યોજનાનો લાભ લીધો છે અને આજે ઇન્ડીગો એરલાઇન્સના પાયલોટ બન્યા છે, એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી આત્મારામભાઇ પરમાર માગણી નંબર – ૯૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રસંગે જેમણે ભારત માટે મા અદ્ભુત સંહિતાનું સર્જન કર્યું તે ભારતના બાબા ભીમરાવ આંબેડકરને નમન કરું છું. બાબા સાહેબને હું કોટિ કોટિ વંદન કરું છું. સંતશ્રી મામરી દેવીએ કહ્યું છે કે, ઓલો ધોલો આવશે, આવશે સુપરી સુલતાન, ઓલો ધોલો આવશે, આવશે સુપરી સુલતાન, આ કોંગ્રેસના સૂપડાં સાફ કરશે અમારી બેલડી નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઇ શાહ. માનનીય અધ્યક્ષશ્રી, પછી એક કવિએ કહ્યું છે કે, ઉત્તર દિશાથી એક રમતો જોગી આવશે. આ ઉત્તર પ્રદેશમાં એક રમતો જોગી આવ્યો છે અને હવે દેશના નવા નવા વિચારો અને નવી નવી યોજનાઓ લઇને આવ્યા છે અને સમાજોમાં રામ રાજય આવશે એવો ભાવ પેદા થયો છે. જય શ્રી રામ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે ગાંધીનગર ખાતે છોકરાંઓ માટે રૂપિયા ૧૨ કરોડના છાત્રાલયનું નિર્માણ કર્યું છે. નિગમો મારફતે અનુસૂચિત જાતિના લાભાર્થીઓને અને વિકસીત જાતિના લાભાર્થીઓ માટે પચીસ પચીસ કરોડ રૂપિયાનું આ સરકારે આયોજન કર્યું છે. ચૌદ તારીખે ગાંધીનગરના ટાઉનહોલમાં આપને અને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રૂપિયા ૨૮.૩૩ લાખ રૂપિયાનું અનુસૂચિત જાતિના લાભાર્થીઓને લોન પેટે વાહનોની વહેંચણી કરવામાં આવી. હમણાં માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇ કહેતા હતા કે મોટા વાહનો આપો, સારા વાહનો આપો. તો એમાં મારૂતિવાન હતું અને ટ્રાન્સપોર્ટેશન કરવા માટેના વાહન હતા, ટ્રેક્ટર હતા, રિક્ષા હતી. એવા માતબર રકમની

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લ્હાણી ૯૫૦ જેટલા લાભાર્થીઓને ૨૮. ૩૩ કરોડનો લાભ આ ચૌદ તારીખે માનનીય મુખ્ય મંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિના લાભાર્થીઓ જયારે લોન  ન ભરી શકે તો એની પણ ચિંતા રાજય સરકારે કરી છે અને વન ટાઇમ સેટલમેન્ટ યોજનામાં ૩૦૬૯૬ લાભાર્થીઓને ૫૩ કરોડ ૪૧ લાખ રૂપિયાનો લાભ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આ રાજય સરકારે આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ પરમારે અત્યાચાર બાબતે વાત કરી ત્યારે મારે કહેવું છે કે, કોંગ્રેસના શાસનમાં બિલિયા, તાલુકો– સિધ્ધપુર, જિલ્લો– પાટણના ૧૨૦ કુટુંબો પર અત્યાચાર થયો હતો. સાવરણા, તાલુકો– પાલનપુર, જિલ્લો– બનાસકાંઠામાં ૮૧ કુટુંબો પર અત્યાચાર થયો હતો. ચિત્રોડપુરા તાલુકો– સિધ્ધપુર, જિલ્લો– મહેસાણામાં  ૧૦૯ કુટુંબો ઉપર તે વખતે અત્યાચાર થયો હતો. અમદાવાદના ૬૦ દલિત કુટુંબો ઉપર અત્યાચારો થયા ત્યારે કોંગ્રેસે  એકપણ દલિતની સંભાળ લીધી નહોતી અને એક પણ પૈસાની સહાય પણ આપી નહોતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ લોકોને રહેવાના ઘર બનાવી આપ્યા, શાળા બનાવી આપી, કોમ્યુનિટી હોલ, આરોગ્ય કેન્દ્ર અને વીજળીકરણ જેવી સુવિધાઓ પૂરી પાડીને એની પાછળ પાંચ કરોડ ૫૫ લાખ રૂપિયાનો ખર્ચ આ કુટુંબો માટે કરવામાં આવ્યો હતો. આ રાજય સરકાર દલિત કુટુંબો ઉપર થતા અત્યાચાર બાબતે ખૂબ જ સંવેદનશીલ છે.ઉનાના સમઢીયાળા ગામે બનાવ બન્યો કે તરત જ માનનીય મુખ્યમંત્રીશ્રી અને સચિવોએ મુલાકાત લીધી હતી અને એ લોકોને ૨૪ લાખ જેવી માતબર રકમનો લાભ આપ્યો છે.  હમણાં ગયા શુક્રવારે હું ઘરે ગયો, અમારા ગાંધીધામ આદિપુરમાં છ મહિના પહેલા એક દલિતભાઇનું મર્ડર થયું હતું એમાં કોંગ્રેસના લોકોએ ખૂબ જ હોબાળો કર્યો હતો પરંતુ એને બીજી કોઇ મદદ કરવામાં ન આવી. આ શુક્રવારે હું ગયો ત્યારે કેન્દ્ર સરકારમાંથી ૮ લાખ ૨૫ હજારનો ચેક એની વિધવાને આપ્યો છે.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણની માગણી નંબર ૧૦૫ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

સૌ પ્રથમ તો આ ગૃહમાં ડો.બાબાસાહેબ આંબેડકરની ચર્ચા કરી. ડો. બાબાસાહેબ આંબેડકરને મારા લાખ લાખ કોટિ કોટિ વંદન, કઇ રીતે તમે ડો.બાબાસાહેબ આંબેડકરની વાત કરો છો.તમારા આર.એસ.એસ.ના માણસો જયારે આ બંધારણને દરિયામાં ફંકવા ગયા હતા ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકરની વિચારધારા કયાં ગઇ હતી?  અમારા બહેનશ્રીએ સેવા સેતુ કાર્યક્રમની રજૂઆત કરી. અમારી કોંગ્રેસે કયારેય સેવા સેતુ કાર્યક્રમો વિરોધ કર્યો નથી.મારે તમારું ધ્યાન દોરવું છે કે તમે સરકારી કચેરીની અંદર તમારા અધિકારીઓ જોડે કામ કરવામાં સક્ષમ નથી એટલા માટે તમારે સેવા સેતુના કાર્યક્રમો યોજવા પડે છે.

બીજું ગુજરાતની સાથે જયારે મહિલા બાળ કલ્યાણની માગણીઓની વાત થાય છે ત્યારે  હું ખાસ એક રજૂઆત કરીશ.  ગુજરાત રાજયની સાથે દેશભરમાં સ્ત્રી સશકિતકરણ અને મહિલાના ઉત્કર્ષની, એના હક્કની વાતો થઇ પરંતુ આ ગુજરાતમાં એની વાસ્તાવિકતા શું છે એ જણાવવા માગુ છું.  આંગણવાડીની બહેનો અને આશા વર્કર બહેનોની શું પરિસ્થિતિ છે એની વેદના આપની સમક્ષ રજૂ કરું છું.  આંગણવાડી (અંતરાય) તમે બોલવાનું બંધ કરો તમને સાચુ ન લાગે તો બહાર જઇ શકો છો. તમને બેંચ થબથબાવતા જ આવડશે બીજું નહિ આવડે.   આંગણવાડીની કાર્યકર બહેનો અને તેડાગરની વેદના હું આપની સમક્ષ રજૂ કરું છું. આંગણવાડીની કાર્યકર બહેનોને ૪૪૫૦ રૂપિયાનું વેતન અને તેડાગર બહેનોને ૨૪૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ મોંઘવારીની અંદર આટલા પૈસામાં કોઇપણ મહિલા પોતાનું ઘર કેમનું ચલાવી શકે? સાથે પોતાના પગાર વધારા માટે જયારે એણે આંદોલન કર્યું  તો આંદોનનું શું ફળ આપ્યું એણે પકડી લાઠીચાર્જ કર્યો છવટે સરકારને એમ લાગ્યું કે અમારે કંઇક આપવું પડશે તો ૧૫ ટકાનો વધારો આપ્યો.ફકત ૭૫૦ રૂપિયાના વધારા સાથે કઇ ગૃહિણી પોતાનું ઘર ચલાવી શકે એ આ ગૃહ સમક્ષ કહેવા માગું છું. આઇ.સી.ડી.એસ. યોજનાની વાત કરી. છેલ્લા ૪૦ વર્ષથી યોજના ચાલે છે છતાં આ યોજનાને કાયમી જાહેર કરી શકયા નથી. આંગણવાડીની બહેનોને જે મરીમસાલા ખરીદવાના હોય છે એનો પગાર વધારો કર્યો એટલે અત્યારે ૫૫૦૦ રૂપિયા પગાર થાય છે. મારા તાલુકાની વાત કરું તો મારી આંગણવાડીની બહેનો, કાર્યકર બહેનોને મરી મસાલા માટે પોતાના પૈસાથી ખરીદવાના. એક બાળક દીઠ ૧૮૦ ગ્રામની ખરીદી હોય છે એટલે મહિને ૨૮૦૦ થી ૩૦૦૦ રૂપિયાનું બિલ મરી મસાલા ખરીદવામાં જાય છે એના નાણાં આ સરકારમાં છ –છ મહિના સુધી મળતા નથી. બીજી ખાસ કરીને વાત કરીશ કે જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગેસના બાટલાનો ભાવ ૪૨૫ હતો. તમારી સરકારની અંદર આજે બાટલાનો ભાવ ૭૦૦ થી ૮૦૦ વચ્ચે થયો છે. દાળના ભાવો અત્યારે ૨૦૦ રૂપિયાની આસપાસ પહોંચ્યા છે ત્યારે સામે બેઠેલી બહેનોએ એની ચિંતા કરવી જોઇએ કે ગૃહિણીઓ આટલા  પૈસામાં કેમનું ઘર ચલાવે?  બીજું, આંગણવાડી વર્કરો પાસે આઇ.સી.ડી.એસ. સિવાયની કોઇ વધારાની કામગીરી નહીં કરવાની તેવો ઠરાવ કરેલો. છતાં અત્યારે તમારા સરકારી કાર્યક્રમોમાં ભીડ દેખાડવા માટે બિન ડ્રેસમાં હાજર રહેવાની ફરજ અમારી બહેનોને આપવામાં આવે છે. બીજું ખાસ કરીને તમને જો આંગણવાડી કાર્યકર અને બહેનોની ચિંતા હોય તો મારે ખાસ એક ધ્યાન દોરવું છે કે હાલના પ્રધાનમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રીએ ધોરાજી સંમેલનમાં એવી જાહેરાત કરી હતી કે અમારી આંગણવાડીની બહેનો નિવૃત્ત થશે તો તેમને પોણા બે લાખ રૂપિયા આપીશું. પોણા બે લાખની વાત તો કયાં ગઇ પણ પોણા બે રૂપિયા પણ નથી આપ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં કૂપોષણ એક જટિલ પ્રશ્ન છે, ત્યારે સૌ પ્રથમ હું આભાર માનીશ આપણાં સોનિયા ગાંધીજીનો કે જેમણે ખરેખર કૂપોષણની ચિંતા કરી. ગરીબના ઘર સુધી અનાજ પહોંચે, કૂપોષણ કઇ રીતે દૂર થાય

તેની જો ચિંતા કરી હોય તો આદરણીય અધ્યક્ષા સોનિયા ગાંધીજીએ કરી. બે રૂપિયે કિલો ઘઉં અને ચોખા આપવાનું કામ કર્યું હોય તો અમારી કોંગ્રેસની સરકાર અને આદરણીય સોનિયા ગાંધીજીએ કર્યું છે. આ યોજનાનું નામ બદલીને પ્રચાર અને પ્રસિદ્ધિ મેળવવાનું કામ તમે કરી રહ્યા છો.

માનનીય અધ્યક્ષશ્રી, હું આભાર માનીશ આદરણીય સોનિયા ગાંધીનો કે જેમણે સગર્ભા બહેનોને ૬,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી. તમને જો ખરેખર કૂપોષણની ચિંતા હોય તો વાયદા કર્યા હતા કે મહિલા સશક્તિકરણ કરીશું. પોષણયુક્ત ગુજરાત બનાવીશું. સારા સારા શબ્દોની સ્કીમો નવાજી પણ આ ગુજરાતની વાસ્તવિકતા શું? ગુજરાતમાં ૭.૨૭ લાખ જેટલા બાળકો ઓછું વજન ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું ખાસ મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આંગણવાડીમાં આપવામાં આવતા પ્રિમિક્સના પેકેટ. એ પેકેટ મેં ખુદ જોયા છે કે ચોમાસામાં પ્રી-મિક્સનું પેકેટ તમે ખોલો છો તો તેમાંથી સ્મેલ આવે છે. એ બાળકો પણ ખાઇ શકતા નથી અને તેમના માં-બાપને આપીએ તો એમ કહે છે કે આ અમારું ઢોર પણ ન ખાય.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા પર થતાં અત્યાચારની વાત કરું તો પુરુષપ્રધાન સમાજમાં મહિલાઓ પણ સંકુચિત માનસનો ભોગ બની રહી છે ત્યારે મહિલાઓ પર અત્યાચાર અને શારીરિક શોષણની બાબતમાં મહિલાઓની કામગીરી અસરકારક બની નથી. રાજયભરમાં શરૂ કરવામાં આવેલી ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન. બે વર્ષમાં મળેલ ફરિયાદના આંકડા. ફોન સતત રણક્યો અને ૨,૨૫,૧૭૫ જેટલી ફરિયાદો મળી. અંતમાં હું એટલું કહીશ કે આ સરકારમાં – * (×××)

ઉપાધ્યક્ષશ્રી : બેન જે શબ્દો બોલ્યા એ રેકર્ડ પરથી દૂર કરીએ. બેસો રાજેન્દ્રભાઇ.

શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૯૨ નંબરની માગણીઓ લઇને મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ વિભાગમાંથી જેટલી માગણીઓ આવી એ આ ગુજરાતની સાડા છ કરોડની જનતાના હિત માટે છે. મારે સરકારને અભિનંદન આપવા છે. હાલના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ સાહેબ હમણાં ગયા અઠવાડિયે મારી બનાસ નદી ઉપર ટોટાણા પુલ ખૂબ મોટી રકમથી મંજૂર કર્યો છે. અમારા કેબિનેટ મંત્રી દિલીપસિંહ ઠાકોરનો વિસ્તાર છે. મારો પાડોશ છે, આ પુલ ઉપરથી કાંકરેજ તાલુકામાં જવા માટે ખૂબ સારી સગવડ મળશે. એ માટે આ સરકારનો ખૂબ આભાર માનું છું. ત્યારના મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી બક્ષીપંચના લોકો માટે, એમના દિકરા-દીકરીઓની આંગળી પકડી શાળામાં પ્રવેશ કરાવતા હોય ત્યારે એમનો આભાર માનીએ એટલો ઓછો છે. પૂર્વ સરકારોની ઝપટમાં અમે આવી ગયા હતા. કોઇ શિક્ષણ નહીં, કોઇ શાળા નહીં, કોઇ શિક્ષક નહીં. જે તે વખતે આ લોકોએ આ બાબતની કાળજી રાખી હોત તો ત્યાં બેસવાનો વારો આવ્યો ન હોત. શ્રી કરમશીકાકા આપ વાત કરતા હતા ત્યારે આપે એ વાત આપે ધ્યાનમાં રાખવી જોઇતી હતી કે આપ તલાટી હતા અને તમને ખબર જ નહોતી કે આ વાત તમારા પગમાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે જ્યારે શ્રીમતી ઇન્દિરા ગાંધી વડાપ્રધાન હતા ત્યારે એમના સુપુત્ર રાજીવ ગાંધી પાઇલોટ હતા. મારે આજે આપને કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે પાઇલોટની ટ્રેનીંગ માટે રૂ.૨૫/- લાખની લોન આપવાનું નક્કી કર્યું છે. મારા બક્ષીપંચ સમાજના ૪૩ જેટલા બાળકો પાઇલોટ બનવાની તાલીમ લઇ રહ્યા છે. આજે બક્ષીપંચના લોકો વિમાન ઉડાડતા થશે. તો શાના માટે આપને ૨૦૧૭નું સપનું આવે છે ! હું રાધનપુરનો ધારાસભ્ય છું, ભારતીય જનતા પાર્ટીનો ધારાસભ્ય છું. આજે હું ઘોષણા કરું છું કે ભારતીય જનતા પાર્ટીની ૧૫૧ સીટો આવવાની છે. શાના માટે આપ સ્વપ્નની વાત કરો છો ! માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમને સમર્થન આપું છું, ભારત માતા કી જય.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર ૨૦૦૦થી આજ સુધીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગ થકી ગુજરાતને કેવું સમૃદ્ધ કર્યું છે અને ભારતના એન્જિન તરીકે ગુજરાતના લોકોની કેવી પ્રસંશા કરી છે એ આપ સૌ જોઇ શકો છો. વિકાસની અંદર વિજ્ઞાનનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. આદરણીય પંડિત દિન દયાળ ઉપાધ્યાયની એક વિચારધારા હતી, અંત્યોદય સુધી માનવતા મહેકે ! દરેક માનવી સુધી, નાનામાં નાનો વ્યક્તિ એનો ઉપયોગ કરી શકે. પહેલા આ જ ગૃહની અંદર ખરડા પસાર થતા હતા અને યોજનાઓ માત્ર કાગળ ઉપર રહી જતી હતી. વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ ન થતા ગરીબના માનસ સુધી આ યોજનાઓ પહોંચતી નહોતી. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી કે જેમણે ગુજરાતને વિકાસ મંત્ર આપી પૂરા વિશ્વની અંદર ગુજરાતની નામના બનાવી. ત્યારે વિજ્ઞાનની અંદર એમણે જે ક્રાંતિ કરી હતી એ ખૂબ સરાહનીય છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી કહેતા હતા કે યુવાનોના હાથની અંદર, કોમ્પ્યુટર, લેપટોપ, આઇપેડ શોભે. કોંગ્રેસની જેમ યુવાનોને ભડકાવી અને હાથમાં પત્થર લેવાની વાત કયારેય કરી ન હતી. આ ટેકનોલોજી યુગની અંદર દુનિયામાં ભારત જયારે પોતાના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ સાથે આગળ વધી રહ્યું છે, સમગ્ર ભારતના ૮૫ ટકા વિસ્તારમાં ભારતીય

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જનતા પાર્ટીનો ધ્વજ લહેરાવી રહ્યા છે ત્યારે એ રાષ્ટ્રની અંદર આજે ઇલેકટ્રોનિકસના ઉપયોગથી મતદાન જેવી પવિત્ર બાબત પર જયારે આંગળી ઉઠાવીને જૂની પદ્ધતિ, અઢારમી સદીમાં જઇ રહ્યા છે કે બેલેટ પેપર ઉપર મતદાન કરીએ. શરમજનક વાત છે, વિજ્ઞાનનો ઉપયોગ જયાં સુધી નહીં સ્વીકારીએ ત્યાં સુધી આપણો વિકાસ શકય નથી. જયારે આ વિજ્ઞાન અને ટેકનોલોજીની સરકારની સરાહનીય પ્રવૃત્તિ છે ત્યારે આ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા લાખો ભૂતીયા રેશનીંગ કાર્ડ શોધવામાં સફળતા મળી. તમામ વિભાગોમાં ટેકનોલોજીનો ઉપયોગ કર્યો. એક સમય એવો હતો માફીયાઓ, ભૂમાફીયાઓ જમીનો નામે કરી અને જમીનો પડાવી લેતા હતા ત્યારે આ સરકારે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને દસ્તાવેજોની અંદર એવી ક્રાંતિ લાવ્યા, ફીંગર પ્રિન્ટ લાવ્યા કે જેથી એક પણ ગેરકાયદેસર અને બોગસ દસ્તાવેજ ના થઇ શકે. સવા કરોડ સરવે નંબરો ગુજરાતની અંદર અમેરીકામાં બેઠા બેઠા એ જમીનના ખેડૂત કે માલિક કેનેડામાં બેઠા બેઠા એ એન.આર.આઇ. પોતાનો સાત–બારનો દાખલો એ કોમ્પ્યુટરથી પ્રિન્ટ કાઢી શકે. એ રાજય સરકાર, ગુજરાત નંબર–વન કામગીરી કરી રહેલ છે એ પ્રસંશાનેપાત્ર છે. આ ગુજરાતની અંદર બાયસેગ દ્વારા જે રીતે કામ થાય છે એનું પૂરા ભારતને આ જ અનુકરણ કરવું પડશે અને માનનીય નરેન્દ્રભાઇ મોદી દિલ્હીના દરબારની અંદર જયારે શાસન ચલાવી રહ્યા છે ત્યારે ત્યારે મને આશા અને વિશ્વાસ છે બાયસેગ દવારા પૂરા ભારતની અંદર પ્રત્યેક ભારતીય પરિવારજન ટેકનોલોજીનો ઉપયોગ કરી અને સરકારની દરેક યોજનાઓ અને દરેક લાભ આના ઉપર મેળવે છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી લઇને આવ્યા છે, દર વખતે આ માગણીઓ પરની ચર્ચાઓ ઉપર અનુસૂચિત જાતિની માગણીના જે અંદાજો કરવામાં આવે છે અને અંદાજો દર વર્ષે આ પક્ષના ધારાસભ્યો, વિપક્ષના ધારાસભ્યો એમાં વાત મૂકે છે, અવાજ રજૂ કરે છે કે બજેટમાં જે જોગવાઇઓ કરી હોય એ છ મહિના પછી સુધારેલા અંદાજ રજૂ કરવાના હોય એમાં જે મૂળ અંદાજ હોય છે એમાં જે સુધારેલા અંદાજમાં રકમ બહુ ઘટી કેમ જાય છે? છેલ્લા પાંચ વર્ષના આકડા જોતા એમ લાગે છે કે દર વર્ષે આ ખર્ચા અંદાજવામાં ઘટાડો થઇ રહ્યો છે. ઘટાડાની સાથે સાથે મારે એ પણ કહેવું છે કે જે ખર્ચની બાબત છે એ ખર્ચમાં પણ આજે છેલ્લા ૫ વર્ષમાં અનુસૂચિત જાતિની માગણીઓ ઉપરના જે ખર્ચાઓ છે એ ખર્ચામાં જ ૧૫૦૦ થી ૨૦૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચો ઓછો કરવામાં આવ્યો છે.આ બજેટમાં દરેક વિભાગની નવી બાબત રજૂ કરવામાં આવે છે. એ નવી બાબતમાં એવું હોય કે ખાસ કરીને જે સમાજ માટેની જે જોગવાઇ હોય, સામાજિક સેવાઓની જે જોગવાઇ હોય એને નવી બાબત તરીકે ગણવામાં આવે છે. પણ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની જે ખરેખર અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની યોજનાઓ છે એમાં નવી બાબત માટે કંઇક બાબત રજૂ કરવી જોઇએ. પરંતુ બજેટની બુક જોતા મને લાગ્યું કે પાંચેક વર્ષ પહેલા નવા સાત જિલ્લા બનાવ્યા છે એના નિરીક્ષકની જગ્યાઓ ઉભી કરવા માટે, સફાઇ કામદાર બોર્ડના અધ્યક્ષની નવી ગાડી લાવવા માટે આ નવી બાબતો છે. આમાં સમાજનું કલ્યાણ થતું નથી. મારે એ પણ વાત કરવી છે કે અમે અવાર નવાર મુખ્યમંત્રીશ્રી અને સમાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું છે કે અનુસૂચિત જાતિની બાળાઓને ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ માટે જે ફી ચૂકવવી પડે છે અને મેં ટ્રાયબલ વિભાગના પરિપત્ર સાથે ત્રણ લેટરો લખેલા છે અને એ વખતના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી રમણભાઇ વોરા હતા. આપે પણ નાણામંત્રીશ્રીને એની ભલામણ કરી છે કે ટ્રાયબલ વિભાગમાં જેમ ઉચ્ચ શિક્ષણ માટે કન્યાઓને ફી માફી છે એ રીતે અનુસૂચિત જાતિ માટે થવું જોઇએ. પરંતુ એ વખતે ૧૦૦–૧૫૦ કરોડની વાત હતી છતાં સૌરભભાઇએ ના પાડી હતી. આ વખતે વિજયભાઇ રૂપાણી પાસે ફાઇલ ગઇ, નીતિનભાઇ પાસે ગઇ એમાં પણ બજેટમાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મારે એ પણ જાણવું છે કે તમે દર વર્ષે આ મૂળ આયોજનના સુધારેલા અંદાજો ઘટાડો છો. પરંતુ મારે માત્ર માહિતી જોઇએ છે કે તમે ૨૦૧૪–૧૫ના બજેટના જે આશરે અંદાજો હતા એ ૨૬૩૩.૨૫ કરોડ હતા એને સુધારેલા અંદાજો દર વર્ષે તમે ઘટાડતા હતા પણ ૨૦૧૪–૧૫ના વર્ષમાં ૩૫૫૪.૬ કરોડ જેટલો વધારો કર્યો છે. એટલે ખરેખર આ કઇ બાબત માટે આ વધારો કર્યો છે એ પણ આપ આપના જવાબમાં રજૂ કરશો. ઘણી બધી ચર્ચાઓ થઇ. આમ તો ગૃહમાં અમે ૧૩ દલિત ધારાસભ્યો અનુસૂચિત જાતિના છીએ. પરંતુ સમગ્ર દલિત સમાજની એક માગણી છે કે થાનગઢનો જે હત્યાકાંડ થયો એ પછી સંજય પ્રસાદના રિપોર્ટની જે વાત થઇ અને હાઇકોર્ટમાં પિટીશન પણ થઇ છે. તે વખતે ગૃહમાં ગૃહમંત્રીશ્રીએ ખાતરી આપી હતી કે ટૂંક સમયમાં રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવશે. પરંતુ એ થયું નથી. ઉના કાંડ એ ખૂબ શરમજનક ઘટના હતી અને અહીંના તમામ સભ્યો અને આંતરરાષ્ટ્રીય લેવલે પણ એને વખોડવામાં આવ્યો છે ત્યારે આ ગૃહમાં એ બાબતે સી.આઇ.ડી. ક્રાઇમ કે જેને તપાસ સોંપી હોય એ તપાસ ક્યા સ્ટેજે છે, શું થયું, કેટલા આરોપીઓ પકડાયા, શું સજા થઇ એ પણ ગૃહની સમક્ષ મૂકવું જોઇએ. મારે એ પણ જાણવું છે કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણી નં. ૯૫ હેઠળ આ રાજ્યમાં સમરસ હોસ્ટેલો બનાવી એ આનંદની વાત છે કે સારી સુવિધાઓ મળે, અનુસૂચિત જાતિના લોકો માટે એમની માગણીમાંથી જ્યારે ખર્ચ કરવામાં આવે ત્યારે એમને સારું શિક્ષણ મળે, રહેવાની સગવડ મળે. પરંતુ માત્ર હોસ્ટેલો મળવાની છે ત્યારે એની પ્રવેશ પદ્ધત્તિ છે એમાં માત્ર જે ગ્રાન્ટ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વપરાતી હોય તો માત્રને માત્ર ૧૫ ટકા અનુસૂચિત જાતિના લોકોને પ્રવેશ આપવામાં આવે છે. એટલે આ પણ માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં સ્પષ્ટત કરશે. પુનાભાઇએ હત્યાકાંડની વાત કરી. એ બધું તો કોંગ્રેસના શાસન વખતમાં ગોલાણા હત્યાકાંડ થયેલો એ વખતે સરકારે એ દોષીઓને કડક સજા કરાવેલ. આજે પણ એ તમામ આરોપીઓ જન્મટીમની સજા ભોગવી રહ્યા છે.

સાબરડા કાંડ હોય તો બનાસકાંઠા જિલ્લાના પાલનપુર પાસે સોમાનગર આખી વસાહત ઉભી કરવામાં આવી છે અને તમામ માળખાકીય સવલતો આપવામાં આવે છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામ પરમાર સાહેબ દલિતોના હીતની જે યોજના લઇને આવ્યા છે તેમાં ગૌરવપૂર્ણ રીતે સ્વીકારી મારા હૃદયથી એને સમર્થન આપવા માટે અહીંયા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દલિત, પીડિત, શોષિત સમાજ માટે ડૉ. બાબા સાહેબ આંબેડકરે જે યોગદાન આપ્યું છે એને આપણે યાદ ના કરીએ તો નગુણા કહેવાય. મારે કહેવું છે કે –

‘અગર ભીમ દલિતો મેં પેદા ના હોતા તો દલિતો કા ગુજારા ના હોતા
રૂક જાતી દલિતોકી નૈયા અગર ભીમ નહિ આતે તો તેરા સહારા ના હોતા.’

માનનીય અધ્યક્ષશ્રી, ડૉ.બાબા સાહેબ આંબેડકરે દેશને બંધારણ આપ્યું. એ વખતે એમણે સમાનતાનો સિધ્ધાંત સ્વીકારેલો. જ્યાં સુધી દલિત સમાજની વાત છે ત્યાં સુધી સ્વામી વિવેકાનંદે દરિદ્ર નહિ દરીદ્ર નારાયણ ગણીને એની પૂજા કરવાની વાત કરી છે. મહાત્મા ગાંધીએ દરિદ્રના ઉદ્ધારને સમર્થન આપ્યું હતું. પંડિત દીન દયાળજીએ દરેક આત્માને એક વિશ્વાસત્માનો હિસ્સો ગણીને તેમને એકાત્મ માનવ વાદનો મંત્ર આપીને સમાજની અંતિમ સિડી ઉપર બેહેલો માનવી એ અમારું લક્ષ છે. હિન્દુ સમાજનું આ દલિત, પીડિત, શોષિત સમાજને લઇને ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારે બે હાથથી પૂજા કરો તેના કરતા જરૂરિયાતમંદ માણસને મદદ કરવા લંબાયેલો એક હાથ વધારે મહત્વનો હોય છે. ગુજરાતના પનોતા પૂત્ર અને હાલના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું હતું કે, ‘સૌનો સાથ અને સૌનો વિકાસ’ એની સાથે સાથે કહ્યું હતું કે તમે મારી સાથે જોડાવ આ ગરીબ લોકોના કલ્યાણ માટેની આ વાત છે, આ વંચિતોના કલ્યાણ માટેની વાત છે, આ ગામડાંના કિસાનો માટેની વાત છે, આ મહિલા અને યુવાનો માટેની વાત છે. નરેન્દ્રભાઇનું આખું જીવન પંક્તિના સ્વરૂપમાં કહું તો –

‘‘બૂઝતે દીયે કો જલાને કે લીયે જીએ,
ગીરતે હુએકો ઉઠાને કે લીયે જીએ
અપને લીયે જીએ તો ક્યા જીએ’’

શ્રી આત્મારામ મ.પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સમાજનો છેવાડાનો વર્ગ વંચિતો, પીડિતો, નિરાધાર, દિવ્યાંગો, શોષિતો, મહિલા અને બાળ–ગોપાળની સેવા કરવાની, દરિદ્ર નારાયણની પૂજા, પ્રાર્થના, વંદના અને અર્ચના કરવાનો રૂડો અવસર મને આપવા બદલ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો હું અત્યંત આભારી અને અહેસાનમંદ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ અને સાયન્સ એન્ડ ટેકનોલોજીની માગણીઓ લઇને આવ્યો છું, આમાં ૧૬ જેટલા ધારાસભ્યશ્રીઓ અને સંસદીય સચિવે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ સામાજિક ન્યાય અને અધિકારીતા, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટેની આ યોજનાઓનું ધ્યેય છે કે ગરીબો અને તવંગરો વચ્ચેની ખાઇ ઓછી કરવી અને ત્યારે આટલા વર્ષો પછી અમે કહી શકાય કે –

‘મલી માં ભોમને મુક્તિ છતાં તકરાર બાકી છે, ગરીબોને હજુ ગરીબીની વણઝાર બાકી છે
છે ગરીબોના કૂબામાં તેલ ટીપું દોહ્યલું અને અમીરોની કબર પર ઘીના દીવા થાય છે’

માનનીય અધ્યક્ષશ્રી, અમારે આ પરિસ્થિતિને પલટાવવી છે. એમાંય અમારે આ ખાઇ છે એ દૂર કરવી છે. અને એટલા માટે અમે અમારી પાર્ટીનો જે સંકલ્પ છે, " ચલો જલાયે દિપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈં". આ અંધારું દૂર કરવાનું કામ આ અમારી સરકાર કરી રહી છે ત્યારે મહિલા, બાળ કલ્યાણ, નિરાધાર, વિધવા પેન્શન, વૃદ્ધો આ બધો સમાજનો લાગણીશીલ વર્ગ જેનો છે એની સાથેની આ બધી યોજનાઓ છે. જ્યારે મહિલાની પણ વાત છે ત્યારે એમ કહેવાય કે, "કીસી કે હિસ્સે મેં ઘર આયા, કીસી કે હિસ્સે મેં દુકાન આઇ, મેં ઘર મે સબ સે છોટા થા ઓર મેંરે હિસ્સે મેં માં આઇ". આ આદ્યશક્તિ મહિલા કલ્યાણની અનેક કલ્યાણકારી યોજનાઓ પણ આપણે આજની મારી માગણીઓમાં જોઇશું ત્યારે આજે એક વસ્તુનો ઉલ્લેખ કરી લઉં. આજનો એવો દિવસ છે કે, જે બધાના ધ્યાન બહાર છે. ક્યાંક અમારા જેવાને ખબર હશે થોડા લોકોને કે, આજે ૨૧મી માર્ચે, ૧૯૭૭ના રોજ ભારતની લોકશાહીના ઇતિહાસમાં કૉંગ્રેસના શાસનમાં લાદેલી ઇમરજન્સીને ઊઠાવીને પુન: લોકશાહી સ્થાપિત કરવાનું કામ અને વિરોધપક્ષોનો વિજય એ આજનો વિજય છે, એ આજનો દિવસ છે. આ હિન્દુસ્તાને ફરી વાર લોકશાહીના શ્વાસ લીધા અને લોકશાહીના ધબકારાની ફરી બીજી વાર શરૂઆત થઇ અને આજે ચારેય બાજુ સમગ્ર ભારત દેશમાં ભા.જ.પ.નો રાષ્ટ્રવાદ, ‘‘સબ કા સાથ, સબ કા વિકાસ’’ના પ્રણેતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો જય જયકાર થાય છે. એમણે આપેલ ‘‘સબ કા સાથ, સબ કા વિકાસ’’ સુત્રને દુનિયાએ આવકાર્યુ છે. અરબસ્તાનના શેખે, બાદશાહોએ, અમેરિકાના માજી પ્રમુખશ્રી ઓબામાએ અને વર્તમાન પ્રમુખ ટ્રમ્પે તો ‘‘સબ કા સાથ, સબ કા વિકાસ’’ ના શ્લોગન સાથે નરેન્દ્ર મોદીના નામે મત માંગ્યા, ટ્રમ્પ એમ બોલ્યા હતા કે, ‘‘આઇ એમ ફેન ઓફ ઇન્ડિયા, હિન્દુ એન્ડ મોદી’’. આ પ્રકારની હસ્તી જ્યારે આ દેશમાં છે ત્યારે એના હૈયે કરોડો ગરીબોના, વંચિતોના વિકાસની વાત છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

આજે હું મારા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતિઓ અને વિચરતી–વિમુક્ત જાતિઓ સહિત બક્ષીપંચ જાતિઓના કલ્યાણ માટે ૧૧૧૮.૯૩ કરોડ, સમાજ સુરક્ષા માટે ૬૯૮.૭૦ કરોડ એમ મળીને કુલ ૬,૪૨૧.૩૨ કરોડની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું. ગત વર્ષ કરતાં અહીંયા જે ઉલ્લેખ થાય છે કે અમે ઘટાડી રહ્યા છીએ, ગત વર્ષ કરતાં રૂપિયા ૪૬૨.૩૪ કરોડનો વધારો છે. એ જ રીતે અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.સી.એસ.પી. માટે ૪,૬૦૩.૬૯ કરોડની ફાળવણી માટે માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો હું આભારી છું. આ સરકાર સામાજિક સમરસતાને વરેલી સરકાર છે અને જે કેટલાક આંકડાઓ રજૂ કરવાની મારા પરમ મિત્રએ રજૂઆત કરી, ગુજરાતમાં શાંતિ, સમૃદ્ધિ અને સલામતી, બીજા રાજ્યોની સંખ્યામાં ગયા વર્ષે જે નોંધાયેલા ૨૦૧૫–૧૬ના જે અત્યાચારના આંકડાઓ છે સાહેબ, દેશ આમાં ૪૫,૦૦૩ છે જ્યારે ગુજરાતમાં ફક્ત ૧,૦૪૬ એટલે કે, કુલ ગુનાના માત્ર ૨.૩૨ ટકા એટ્રોસિટીના ગુજરાતમાં છે. એ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કન્ટ્રોલમાં છે એનો આ ઉત્તમ પુરાવો છે. એવું નથી અમે નોંધીએ છીએ બીજી બધી જગ્યાએ તો પરિસ્થિતિ એ છે કે ત્યાં તમે ફરિયાદ આપી આવો પછી એક કમિટી હોય, બીજા બધા સ્ટેટમાં એક કમિટી તપાસ કરે અને પછી એમ લાગે કે ફરિયાદ નોંધવા જેવી છે ત્યારે થાય એટલે આમાં ભારતીય જનતા પાર્ટીને વ્યવસ્થિત રીતે દલિત વિરોધી ચિતરવાનો જે પ્રયત્ન થઇ રહયો છે એની સામે આ અમારો જવાબ છે. हम आह भी करतें है तो हो जाते है बदनाम, और वो कत्ल भी करतें है तो चर्चा नहीं होती. આ સમાજના વિવિધ દલિતો, વંચિતો, શોષિતોનો વર્ગ છે એ માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતિય સરસંચાલક પૂજ્ય ગુરુજીએ જે શબ્દો કીધા હતા એનો અહીંયા ઉલ્લેખ કરું છું બંચ ઓફ થોટસમાં લખ્યું હતું એમણે ૧૯૬૬માં કે ઈતિહાસ સાક્ષી છે કે છેલ્લા એક હજાર વર્ષના રાષ્ટ્રીય મુક્તિ સંગ્રામોમાં આ તથાકથિત અશ્પૃશ્યો, દલિતો જ આગળની હરોળમાં રહ્યા છે. એ મહારાણા પ્રતાપ હોય, ગુરુ ગોવિંદસિંહ હોય કે છત્રપતિ શિવાજીની સેનાઓમાં સર્વાધિક પરાક્રમી અને કટ્ટર યોદ્ધાઓમાં આ જ લોકો રહ્યા છે. ગુરુજીએ છેલ્લા એક હજાર વર્ષની દલિત અસ્મિતાના ત્યાગ અને બલિદાનની વાત કરી છે અને એક વાર સ્ટેપર ક્રીસ કે જેમણે બાબા સાહેબ આંબેડકરની સાથે આઝાદીના અંતિમ દિવસોમાં ખૂબ નજીકના સબંધો હતા એમણે ડોકટર બાબા સાહેબ આંબેડકરને કહ્યું કે ડો. બાબા સાહેબ આંબેડકર, શું તમારા બધા પૂર્વજો છે એ બધા વાલ્મિકી દાસ, અંગ્રેજી ઢબના રસોઇયા કે બટલર વગેરેનું જ કામ કરતા આવ્યા છે? બાબા સાહેબે ક્રિસને કહયું હતું કે નો, એવું નથી. અમારા પૂર્વજો પણ એક સમયે આ દેશના શાસક રહી ચૂકયા છે આની ચર્ચા જો આગળ સમય મળશે તો હું કરીશ. મારે જે વાત કરવી છે એ સામાજિક સમરસતાની છે. સામાજિક સમરસતા સ્થાપવી એ અમારો સંકલ્પ છે અને એટલા માટે મારે એક વાત કે ન્યૂ કન્સેપ્ટ આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ એક કલ્પના કરી હતી, સમાજમાં જે એક પ્રકારનું સામાજિક અસમાનતાનું વાતાવરણ છે એને દૂર કરવું હશે તો ગુજરાતમાં એવી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવી પડશે કે જેમાં સમાજના તમામ વર્ગના લોકો રહી શકે અને એ કન્સેપ્ટની સાથે ગુજરાતમાં ૬ સ્થળોએ સમરસ છાત્રાલયો બનાવ્યા. આજે જઇને જોઇ આવો, ફાઇવ સ્ટાર હોટલ કરતા સારી સુવિધાઓ હોય, મફત રહેવા, જમવાની સુવિધા, કોલેજના દીકરા દીકરી ભણી શકે. આ દેશને આઝાદી મળી એ પછીના ઈતિહાસમાં ૧૦૫૦૦ દલિત, ઓ.બી.સી. સવર્ણ વર્ગના દીકરા દીકરીઓ સાથે રહીને ભણે એનાથી મોટું ઉદાહરણ સામાજિક સમરસતાનું બીજું તમારે કયું જોઇએ? અને વિદ્યાર્થીદીઠ દર વર્ષે ૬૫૦૦૦ નો ખર્ચ કરીએ છીએ. આ છાત્રાલયો શરૂ થઇ ગયા છે, વિદ્યાર્થીઓ રહે છે અને નરેન્દ્રભાઇ આ બધું કરીને દિલ્હી ગયા છે. દિલ્હી ગયા પછી ગુજરાતમાં તો પીંડલુ વાળી દીધું અને દિલ્હીમાં જે નરેન્દ્રભાઇ મોદીના નામનો સુનામી અને વંટોળીયો એવો શરૂ થયો છે દેશમાં બે જગ્યાએ આપણે જમવા બેઠા હોઇએ ને થાળીમાં રોટલી, દાળ, ભાત, શાક પડેલું હોય તો પેલા અથાણાના બે ટુકડા પડયા હોયને એવા આખા દેશમાં બે ટુકડા આજે કોંગ્રેસની પાસે પડેલા છે. સંપૂર્ણ રીતે ખતમ થઇ ચૂકેલી આ એક રાજકીય પાર્ટી છે. એની અમને દયા પણ આવે છે. ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે, સ્કીલની સદી છે. મારા વિભાગ હેઠળ ફકત શૈક્ષણિક હેતુઓ માટે જ ૧૭૦૦ કરોડની જોગવાઇ છે. જાતિ, ધર્મ અને ઉંચનીચના ભેદભાવ અમે ભૂતકાળ બનાવી દેવા માગીએ છીએ. નોલેજ ઇઝ અ પાવર. અને આ એલ.પી.જી.ના જમાનામાં. એલ.પી.જી. એટલે હીરાભાઇ હું એલ.પી.જી. ગેસની વાત નથી કરતો. I am talking about liberalization, privatization and globalization. એમાં જે શક્તિશાળી હશે એ જ જીતવાનો છે. એટલા માટે અમે વધારે ખૂબ ગંભીરપણે આ સમાજને શિક્ષણની સુવિધા મળે એ માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. હવે હું અનુસૂચિત જાતિ કલ્યાણ ક્ષેત્રે નવી બાબતોની મહત્વની જાહેરાતો કરવા માગું છું. મારા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ ખૂબ સંવેદનશીલ માણસ છે. તમે નજીકથી બેસો તો એમની લાગણીનો ખ્યાલ આવે. નીતિનભાઇ પણ એ જ ટાઇપનું રુજુ હૃદય ધરાવે છે. તમને બહારથી સખત લાગે, પણ જ્યારે અમે ગઇકાલે વાત કરી કે નીતિનભાઇ, જે રીતે વર્ષોથી અહીયા રજૂઆત થાય છે કે અનુસૂચિત જાતિની દીકરીઓને, આદિજાતિ દીકરીઓને જે રીતે શિક્ષણની સુવિધા છેક કૅાલેજ સુધી મફતમાં આપવામાં આવે છે. સાહેબ, તો આ સમાજને પણ ન્યાય આપો. તેમણે ખૂબ હસતા હસતા નિખાલસતાથી નીતિનભાઇએ લાગણી સ્વીકારી અને અમે જે જોગવાઇ ચાલુ સાલથી કરવા માગીએ છીએ કે અનુસૂચિત જાતિ સમાજની જે દીકરીઓના માતા પિતાની વાર્ષિક આવક ૫ લાખ સુધીની હશે તેમની દીકરીઓએ ઉચ્ચ અભ્યાસ અર્થેની ટ્યૂશન ફી વિભાગે સૂચવ્યા પ્રમાણે ભરવાની રહેશે નહીં. એટલે રાજ્ય સરકાર તરફથી આવી દીકરીઓને ટ્યૂશન ફી પેટે આર્થિક સહાય આપવામાં આવશે. અનુસૂચિત જાતિ સમાજના જે દીકરીઓના માતા પિતા કાયમી ધોરણે સરકારી નોકરી કરતા હશે એવા લોકોને જે લોકોનો ૫ લાખ ઉપરનો પગાર હશે તેવા કર્મચારીઓની દીકરીઓને ટ્યૂશન ફી પેટે આર્થિક સહાય મળશે નહીં. ૫ લાખથી ઉપરનો પગાર

હશે તો જે તે વાલીઓએ ભોગવવાનો રહેશે. આ ખૂબ મહત્વનો નિર્ણય છે. કેટલીક નવી માગણીઓ છે. ગાંધીનગર ખાતે આપ સાહેબશ્રીએ રજૂઆત કરી હતી કે અહીંયા એક છાત્રાલય બનાવો. ૧૮.૬૦ કરોડની જોગવાઇનું છાત્રાલય બાંધવા માટે આ વર્ષે બજેટમાં ૬૨૦ લાખની જોગોવાઇ કરી છે. કડી વિધાનસભા મત વિસ્તાર અનુસૂચિત જાતિ માટે અનામત થઇ. નીતિનભાઇ એના પૂર્વ ધારાસભ્ય હતા. એ કડીથી ગયા પણ કડીને ભૂલ્યા નથી. કડી માટે એમનો પ્રેમ, લાગણી બધુ એટલું જ રહ્યું અને એ વિસ્તારની અનુસૂચિત જાતિની વસતિને ધ્યાનમાં રાખીને ૬ કરોડના છાત્રાલય માટે ચાલુ વર્ષે ૨ કરોડની ફાળવણી કરી છે. ભાજપની સરકારે કુલ ૧૮.૨૯ કરોડના ખર્ચે આંબેડકર ભવનો જિલ્લા મથકોએ બનાવ્યા છે. આ વર્ષે બોટાદના અમારા માણિયા સાહેબ અને છોટા ઉદેપુરના પ્રભારીની લાગણીને ધ્યાનમાં રાખીને બે સ્થળે અમે ૬ કરોડ રૂપિયાના ખર્ચે આંબેડકર ભવન બનાવવાના છીએ. અનુસૂચિત જાતિ માટે ૭૪ સરકારી છાત્રાલયોમાં ૪૩૮૨ વિદ્યાર્થીઓ માટે અંદાજે ૪૨.૯૭ કરોડના ખર્ચે વિનામૂલ્યે અભ્યાસ કરે એ માટે બોટાદ, પોરબંદર, ભરૂચ, મહિસાગરમાં અમારા બાબુભાઇએ કહેલું કે આત્મારામ ભાઇ કઇ આપજો એટલે બાબુભાઇને આપીએ છીએ. પોરબંદર ખાતે, ભરૂચ ખાતે, દાહોદ, અરવલ્લી અને નડિયાદ અમારા દંડક સાહેબને પણ છાત્રાલયની જોગવાઇ કરીને ૨૬૭ લાખની જોગવાઇ કરી છે. અનુસૂચિત જાતિ માટે રાજ્યમાં ૨૦ આદર્શ નિવાસી શાળાઓ છે. એમાં પણ માંડવી, ફરી પાછા બાબુભાઇ સાહેબનો પડોશી ધર્મ બજાવું છું. પોરબંદર ખાતે ફરી એક આદર્શ નિવાસી શાળા ફાળવવાની અને એના માટે ૧૩૯ લાખની જોગવાઇ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ સાથે જોડાયેલા ત્રણ નિગમો છે તેના માટે ૧૩ કરોડની જોગવાઇ ઉપરાંત બીજી ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિમાં આશ્રમશાળામાં ભણતા બાળકોના પ્રાથમિક શિક્ષણને ગુણવત્તા મળે, ગરીબ બાળકો માટે અમારી એવી માનસિકતા છે કે ગરીબ બાળક પણ આજે દુનિયા જે ભાષા સમજે, જે ભાષા દુનિયા વિચારે, દુનિયા જે ભાષામાં વાત કરી શકે તે ભાષામાં અમારો આ છેવાડાનો સમાજ વાત કરતો થાય. તેના માટે અમે આ વર્ષે સાયન્સ એન્ડ ટેકનોલોજીના યુગમાં એવો નિર્ણય લીધો છે કે આ અંગ્રેજી શિક્ષણથી કોઇ વંચિત ન રહી જાય તે માટે રાજયમાં બંધ પડેલી આશ્રમશાળાઓમાં જો કોઇ સક્ષમ કે થોડોઘણો આર્થિક ભાર વહન કરી શકે તેવી સ્વૈચ્છિક સંસ્થા દ્વારા માગણી આવશે તો ત્રણ જેટલી અંગ્રેજી માધ્યમની શાળાઓ પ્રાયોગિક ધોરણે શરૂ કરવાની આજે આ ગૃહમાં જાહેરાત કરું છું. હવે હું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત, બિન અનામત સવર્ણ, વિચરતી અને વિમુક્ત જાતિ, લઘુમતિ જાતિ અંગે વાત કરીશ. માનનીય પ્રવિણભાઇએ કહ્યું છે અને તેમને કહીશ કે આપણે ત્યાં ગુજરાતમાં કોળી સમાજ ઓબીસીમાં છે. યુ.પી. અને બીજે બધે જાઓ તો તે અનુસૂચિત જાતિમાં છે. આ તમારા જાણ માટે કહું છું. એટલે બહુ ફરક નથી પડતો. ચારેય સમૂહોની કુલ વસ્તી રાજયમાં અંદાજે ૭૦ ટકા જેટલી જાય છે. આ સમૂહ માટે ચાલુ યોજનાઓમાં ૧૦૬૮.૫૭ કરોડ અને નવી યોજનાઓ માટે ૫૦.૩૬ કરોડ મળીને ૧૧૧૮.૯૩ કરોડની જોગવાઇ કરી છે. અહીં કયાંક ને કયાંક રજુઆત દર વખતે થાય છે. લઘુમતિઓમાં અમને કંઇ નથી આપતા, કયાં ગયા ગ્યાસુદ્દીન ભાઇ? આ બધા પથરા નાંખીને પછી નાસી ગયા. મારે વાત કરવી છે કે ગુજરાતમાં અન્ય રાજયો કરતાં લઘુમતિની પરિસ્થિતિ સો ટકા સારી છે. ગુજરાતમાં સચ્ચર કમિટિનો જે રિપોર્ટ છે તેમાં એમ કહ્યું છે કે ગુજરાત એક એવું રાજય છે કે જયાં લઘુમતિ સમાજને તેની ટકાવારી પ્રમાણે નોકરી મળે છે. ૯ ટકાની વસતિ સામે સરકારી નોકરીમાં તે સમાજને ૯ ટકા નોકરી મળે છે. જરા સાંભળી લેજો ભાઇ કે બીજા રાજયોનો તે આંકડો ૨ થી ૪ ટકાનો જ છે. શિક્ષણની બાબતમાં ગુજરાતમાં લઘુમતિ સમાજ ટોપ પર છે. ગુજરાતમાં શિક્ષણમાં મુસ્લિમો ૭૫ ટકા શિક્ષિત છે. જયારે હિન્દુ સાક્ષરતાનો દર ૭૦ ટકા છે. એટલે બળદેવસિંહ પાંચ ટકા એબાઉ છે. કઇ રીતે આપણે વાત કરીએ છીએ કે તેમના પર ધ્યાન આપવામાં આવતું નથી? સચ્ચર કમિટિએ જે તપાસ કરી કે કેટલા મુસ્લિમોના બેન્ક એકાઉન્ટ છે, કેટલા લોકોના બેન્ક બેલેન્સ છે? તેમાં જે ફીગર આવ્યા છે કે સમગ્ર દેશમાં મુસ્લિમોના બેન્ક બેલેન્સ અને બેન્ક એકાઉન્ટ ગુજરાતમાં સૌથી વધારે છે. અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતનો મુસ્લિમ સુખી અને સમૃદ્ધ છે. પીરઝાદા સાહેબ આવ્યા છે એટલે એક વાત કરી લઉં. આપણે અત્યાર સુધી એમ માનતા હતા કે મુસ્લિમ સમુદાય એટલે તેમાં એક જ. બીજું કોઇ આમ તેમ નહીં. મને તો આ ખાતું જોયું પછી ખબર પડી કે આમાં શેખ, સલીમ, સૈયદ, પીર ધે આર ઓન ધી અપર કલાસ ઓફ ધી મુસ્લિમ. પીર સાહેબ તમે જાઓ એટલે સામાન્ય મુસ્લિમ તેમનો હાથ ચુમે છે. ત્યાં પણ છે જ. મારે એ વાત કરવી છે કે ગુજરાતના મુસ્લિમો સમૃદ્ધ છે. હજ ટર્મિનલની વાત કરું તો તમારું શાસન વર્ષો સુધી હતું. આ હજ ટર્મિનલ અમે અટલજીના શાસનમાં અમદાવાદ ખાતે શરૂ કર્યુ. ત્યાં સુધી કશું હતું જ નહીં. મારે હજની વાત નીકળી છે ત્યારે કહેવું છે કે કોંગ્રેસના શાસનમાં દસ વર્ષ સુધી ૪૦૦૦નો કવોટા હતો. તે વખતે માનનીય અહમદભાઇ દિલ્હીમાં ખૂબ સર્વેસર્વા હતા છતાં પણ તેઓ વધારો નહોતા કરાવી શક્યા. જયારે નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા કે તરત જ કવોટા સીધો ૭૫૦૦ કરી દીધો. ચાલુ સાલથી ૧૦૭૦૦નો હજ કવોટા ગુજરાત માટે થયો છે. એ જોતા સાબિત થાય છે કે, ગુજરાતમાં ભાજપ સરકાર આવ્યા પછી કવોટામાં અમારી સરકારે વધારો કર્યો છે. હજ એવા લોકો કરે છે જે આર્થિક રીતે સમૃદ્ધ હોય છે એ સિવાય હજ નથી કરી શકતા એ સાબિત કરે છે કે આ બધા સમૃદ્ધ છે. આમાં પરિસ્થિતિ પણ એ છે, એક રિપોર્ટનું રસપ્રદ તારણ હું અહીંયા રજૂ કરીશ, ભારતમાં જેલમાં કેદીઓની સંખ્યા છે એમાં ૪૦ ટકા જેટલી સંખ્યા લઘુમતિઓની છે અને ગુજરાતમાં આ પ્રમાણ સૌથી ઓછું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની જે શિષ્યવૃત્તિઓ છે એનો મહત્તમ લાભ લઘુમતિ સમાજને મળે છે અને સાથે સાથે SEBC માં પણ એને લાભ મળે છે. એટલે અમે કહીએ છીએ કે અમારી આસ્થા એવી છે કે અમે કોઇ રીતે કોઇ પક્ષપાતમાં

માનતા જ નથી. એટલે અમે કહીએ છીએ કે લંબે સફર કો મીલો મે મત બાટીએ, આ સફર લાંબી છે. ઇસકો મીલો મે મત બાટીએ, કોમો કે કબિલો મે મત બાટીએ સબ દરિયા હૈ અપના દેશ ઉસે નદીયા ઔર ઝીલો મેં મત બાટીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસતી જાતિના કલ્યાણની કેટલીક યોજનાઓ છે એની વાત કરું તો ગ્રાન્ટ ઇન એઇડની ૭૪૫ છાત્રાલયોમાં ૭૫ લાખના ખર્ચે બીજા ૨૫ નવા છાત્રાલયો આપવાની જાહેરાત કરું છું. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓનો વધારો ચાલુ સાલથી કરવાની જાહેરાત કરીએ છીએ અને એને માટે અમે ૨૨૫ લાખની જોગવાઇ કરી છે. એજ રીતે સરકારી ભરતીમાં પણ વિદ્યાર્થી દીઠ કોચીંગ માટે ૨૦ હજારની સહાય આપવાની નવી યોજનાની જાહેરાત કરીએ છીએ. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ના વધારાના વર્ગો આપવા માટે ૬૦.૬૧ કરોડની જોગવાઇ કરી છે. માનનીય ધારાસભ્યશ્રી જયદ્રથસિંહ, મંગુભાઇ અને આ બધાની રજુઆત હતી એટલે નિવાસી શાળાના બાંધકામ માટે પણ ફાળવણી કરી છે. વિકસતિ જાતિના પાંચેય નિગમો માટે ૭૧.૬૬ કરોડની ચાલુ જોગવાઇ ઉપરાંત બીજા ૨૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સમાજ સુરક્ષા ખાતા સંબંધી વાત કરીશ. ૨૦૧૭-૧૮ના બજેટમાં ખાતા માટે ૬૯૮.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સન ૨૦૧૬-૧૭ કરતા ૮૫.૧૭ કરોડની વધારે જોગવાઇ કરી છે. જયારે દિવ્યાંગો, નિરાધાર વૃધ્ધોની સાર સંભાળ અને જરૂરિયાતવાળા બાળકોની વાત કરીએ છીએ ત્યારે ૧૨૫ કરોડ ભારતવાસીઓના હૃદય સમ્રાટ આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એમનો જન્મ દિવસ વિકલાંગો સાથે મનાવ્યો, દિવ્યાંગો સાથે મનાવ્યો અને એટલા માટે ફકત ભારતના જ નહીં હવે તો સમગ્ર વિશ્વના નેતા બન્યા છે ત્યારે નવસારી અને વડોદરામાં એમની હાજરીમાં ૧૪ કરોડ રૂપિયાના સાધનોનું વિતરણ પણ કર્યું છે અને દિવ્યાંગો માટે માનનીય વડા પ્રધાનશ્રી ખૂજ ગંભીર છે. દિવ્યાંગો માટે Right of Persons with Disabilities Act, 2016 લોકસભા દ્વારા ૨૭-૧૨-૨૦૧૬ના રોજ પસાર કર્યો અને ૧૯ જેટલી વિવિધ પ્રકારની વિકલાંગતાને ઉમેરીને દિવ્યાંગોને આ કાયદા હેઠળ આવરી લીધા છે. સમાજ સુરક્ષાની બીજી કેટલીક જે નવી બાબતો છે એમાં ૬૦ થી ૭૯ની વયના માટે રાષ્ટ્રીય પેન્શન યોજનામાં હાલની સહાય રુ.૪૦૦ છે એ વધારીને ૫૦૦ કરી છે. વૃદ્ધોને સહાય જે ૭૦૦ આપીએ છીએ એ વધારીને ૧૦૦૦ કરી છે અને બીજું મહત્વનું એ છે કે, ૪.૮૦ લાખ વૃદ્ધો માટે વધારાની ૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ રકમ ડી.બી.ટી.દ્વારા વૃદ્ધોના ખાતામાં નિયમિતપણે જમા થઇ જશે. એટલે આ પ્રકારની યોજનાઓ સાથે સંત સુરદાસ યોજના, દિવ્યાંગ કલ્યાણ વૃદ્ધાશ્રમો, સમાજ સુરક્ષા ખાતા હસ્તક સમગ્ર રાજયમાં સંસ્થાઓ ઉપર સીધી નજર રાખી શકાય એ માટે ૧.૫૩ કરોડના ખર્ચે સી.સી.ટી.વી. મૂકવાનું પણ નક્કી કર્યું છે. એ જ રીતે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની મારી જે માગણીઓ છે એમાં હું અતિ મહત્વની એવી મહિલા અને બાળકલ્યાણ વિભાગની ૨૮૦૦ કરોડ રૂપિયાની માગણી પરત્વે સભાગૃહનું ધ્યાન દોરીશ. પૌરાણિક કાળથી નારીશકિતની પૂજા થાય છે અને એટલે કહેવાય છે કે યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે રમન્તે તત્ર દેવતા. નારી તુ નારાયણી એ પ્રકારની આપણી જે ભાવના છે અને એને આવકારીને નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રી બન્યા ગુજરાતના, ત્યારે અલગથી આ ખાતાની જાહેરાત કરી અને ૨૦૧૭-૧૮માં ૨૮૦૦ કરોડ રૂપિયાની જંગી જોગવાઇ કરી છે. અત્યારસુધી દીકરીઓને ઓશિયાળી, ઘરકૂકડી એવું કહેવાતું હતું., દીકરીને ગાય દોરે ત્યાં લઇ જાય, પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં મહિલાઓને પચાસ ટકા અનામત આપવાથી સીધી સત્તામાં મહિલાઓ ભાગીદાર બનેલ છે. એટલે આપણે એમ કહી શકીએ કે જે કર ઝુલવે પારણું, તે જગત ઉપર શાસન કરે. ૫૦ ટકા મહિલાઓ શાસકો બની ગઇ છે. માનનીય આનંદીબહેન જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે નવી જેન્ડર પોલિસી શરૂ થઇ હતી એ આપણે આ વરસે પણ ચાલુ રાખી છે. ગત વરસ કરતાં જે મહિલાલક્ષી જોગવાઇઓ હતી એમાં ૫૯૭.૩૧ કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. ૧૦૦ ટકા જેટલી મહિલાલક્ષી જોગવાઇ વાળી ૮૬ યોજનાઓનો પણ આમાં સમાવેશ થાય છે. મહિલાઓના પ્રશ્નોને વાચા આપવા માટે રાજ્ય મહિલા આયોગની પણ આપણે જાહેરાત કરી છે, જેના હેઠળ ૨૭૦ જેટલી નારી અદાલતો, ૧૮૦ જેટલી મહિલા હેલ્પલાઇન, ૨૦ લાખથી વધુ મહિલાઓ એમાં લાભાન્વિત થઇ છે. ૭૫ જેટલી કાનૂની શિબિરો થઇ છે. બીજી નવી ૧૪.૪૨ કરોડની જોગવાઇ કરી છે. તાજેતરમાં આપણા વડાપ્રધાને આઠમી માર્ચ ૨૦૧૭ના આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી માટે ગાંધીનગરની પસંદગી કરી આ ગુજરાતને ગૌરવ આપ્યું છે, એની પણ આપણે નોંધ લઇએ છીએ. આ રાજ્યની સરકારે એક લાખ બાવન હજારથી વધુ નિરાધાર વિધવાઓને રૂપિયા એક હજારની માસિક વિધવા સહાય ચૂકવી છે અને એની પાછળ વરસે ૨૪૧ કરોડ રૂપિયા જેટલી રકમનો ખર્ચો કર્યો છે. વિધવા બહેનોને પણ વિધવા તાલીમ યોજના હેઠળ ૭.૭૦ કરોડ રૂપિયાનું નવું આયોજન કર્યું છે. મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ઘરદિવડા અને મહિલાઓને આર્થિક રીતે સદ્ધર કરવા માટેની જે યોજનાઓ છે એની અમલવારી થાય છે. મહિલાઓને સલાહસૂચન, કાનૂની માર્ગદર્શન મળી રહે એ માટે લાંબાગાળાની પુનઃસ્થાપનની સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકારના ૩૦ ટકા ફાળાથી ૬૨.૮૦ લાખની નવી બાબતોની જોગવાઇ અમે કરી છે. ચાર દિવાલની બહાર નીકળેલી મહિલાઓ આર્થિક રીતે સક્ષમ થાય, પણ સીટીમાં- શહેરમાં એને નોકરી મળે ત્યારે એમના માટે રહેવાની સુવિધા ન હોય એટલે આ વરસે રાજ્ય સરકારે ચાળીસ ટકા લેખે ૩૫.૭૬ લાખ, કેન્દ્ર સરકારના સાત ટકા લેખે ૫૩.૬૪ લાખમાંથી પ્રાથમિક તબક્કે અમદાવાદ, બે પાટણ, બનાસકાંઠા અને પંચમહાલમાં એમ કુલ પાંચ મહિલા હોસ્ટેલો બનાવવાની પણ જાહેરાત કરી છે. આમ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગની સાથે બાળકોના વિકાસની પણ સંકલિત બાળ વિકાસ યોજના લોકોના દિલોદિમાગની અંદર છવાઇ ગઇ છે. આઇ.સી.ડી.એસ. એ કૂપોષણને ડામવા માટેનો સરકારનો સંનિષ્ઠ પ્રયત્ન છે. એમાં વહીવટને લીધે ક્યાંક કોઇ જગ્યાએ મુશ્કેલી ઉભી થતી હોય એવું બની શકે

છે. આખો દેશ છે અને આપણા ગુજરાતમાં અઢાર હજાર ગામડાંઓ આવેલા છે અને એ ગામડાંઓમાં યોજના છે એટલે ક્યાંક કોઇક જગ્યાએ એવું બની શકે છે, શૈલેષભાઇ હું ના નથી પાડતો. પણ એવું હશે કામિનીબહેને કહ્યું એટલે, ક્યાંક હોય પણ એ બધું સુધારવાના અમારા બધાના પ્રયત્નો રહેશે. સંકલિત બાળ વિકાસ યોજનાની સાથે સગર્ભા અને ધાત્રી માતાઓ માટેની માતૃત્વ સહયોગ યોજના, એમાં કુલ મળીને ૩૭૭.૫૧ કરોડની નવી બાબતની જોગવાઇ કરી છે અને છ હજાર રૂપિયાની સહાય મહિલાદીઠ આપવાનું આયોજન છે. સગર્ભા અને ધાત્રી માતાઓને ભોજનની સુવિધા આપવા તેમને કેલેરી, પ્રોટીન મળી રહે એ માટે હિમોગ્લોબિનની તપાસ, લોહતત્ત્વ, કેલ્શિયમની ગોળી માટે પણ ૧૨.૩૯ કરોડની નવી જોગવાઇ પાંચ જિલ્લામાં કરીને યોજનાની શરૂઆત કરી છે. ટૂંકમાં અમોએ મહિલાઓ માટે ફાઇવ–એસ નક્કી કર્યા છે. સુરક્ષિત મહિલા, સ્વસ્થ મહિલા, શિક્ષિત મહિલા, સશક્ત મહિલા અને સ્વાવલંબી મહિલા. આ પ્રમાણેની અમારી યોજના છે. હવે હું સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની માગણી તરફ આવુ છું. આ તબક્કે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગમાં ભારતના વારસાને જાળવી રાખવા માટે આપણે ત્યાં જે સી.વી.રામનથી માંડીને ડો.ભાભાથી માંડીને વિક્રમ સારાભાઇથી માંડીને સાયન્સ એન્ડ ટેકનોલોજી બાયો ટેકનોલોજીના વિભાગ અમે રાજયની તમામ કચેરીઓને આપણે ઇ–મેઇલ અને ઇન્ટરનેટથી જોડવામાં આવ્યાં છે. જીસ્વાનના ઉપયોગથી ૨૫૦૦ ગામોમાં તેનો અમલ થાય છે. સચિવાલય કેમ્પસને વાયફાઇથી આપણે સજ્જ કર્યુ છે અને રાજયની જે મહત્વની કચેરીઓ છે જિલ્લાઓમાં આવી છે તેને પણ આપણે વાઇફાઇથી જોઇન્ટ કરી છે. સાયન્સ સીટીના માધ્યમથી દસ પેવેલિયનોથી દર વર્ષે વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરીએ છીએ અને ૮ લાખ જેટલા મુલાકાતીઓ ગુજરાત સાયન્સ સીટીની મુલાકાત લે છે. મને જણાવતાં આનંદ થાય છે કે ૯મી જાન્યુઆરીના રોજ વિશ્વના ખ્યાતનામ નોબલ પારિતોષિક વિજેતાઓની હાજરીમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે આપણે નોબલ પ્રાઇઝનું પ્રદર્શન પણ ખુલ્લું મૂકયું હતું. બાયસેગના માધ્યમથી ગુજસેટ કમ નેટવર્કનો ઉપયોગ બધા વિભાગોમાં થાય છે ભારત સરકારના ડિજીટલ ઇન્ડિયા માટે બાયસેગને નોલેજ પાર્ટનર બનાવવામાં આવ્યું છે. એ જ રીતે ૨૦૦૬માં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા તે વખતે ભૂકંપ અંગેનું જે નોલેજ, ભૂકંપ અંગેની જે આગાહી તેના જાન માલના નુકસાનમાં ઘટાડો તેના કારણો સમજવા માટે આઇ.એસ.આર. ભૂકંપ નિરીક્ષણ અને ભૂકંપના જોખમ અંગેનો અભ્યાસ અહીંયાથી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ હેઠળના જુદા જુદા નોંધપાત્ર પાંચ એવોર્ડ પણ આપણને મળ્યાં છે. નવી બાબતોમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી યોજના હેઠળ ૨૦૧૭–૧૮માં ૧૨૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી ઇન્સેન્ટીવ સ્કીમ હેઠળ ૨૦૧૭માં ૪૫ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. ભૂકંપ સંશોધન માટે ૯ કરોડની વધારાની જોગવાઇ સૂચવવામાં આવી છે. ગુજરાત રાજય બાયો ટેકનોલોજી મિશન માટે ૨૫ કરોડની બજેટમાં જોગવાઇ સૂચવવામાં આવી છે. બાયસેકમાં ૨૦૧૭–૧૮ માટે ૧૭ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી માટે પણ ૮૫ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની મહત્વની જે નવી યોજના છે નગરપાલિકા વિસ્તારના નાગરિકોને આ માટે સુવિધાઓ મળે તે માટે વાયફાય માટે નવી ૩૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. રાજયની સાયન્સ કોલેજોમાં ડિઝાઇન લેબ બનાવવા માટે નવી યોજના કુલ ૨ કરોડની જોગવાઇ સૂચવી છે. બાયો ઇન્ફોર્મેશનની લેબ બનાવવા માટે ૨ કરોડની નવી જોગવાઇ પણ સૂચવવામાં આવી છે ત્યારે આ રીતે જયારે તમામ પ્રકારની મારી જે માગણીઓ છે તેમાં કાપ દરખાસ્ત મૂકનારા જે મારા મિત્રો છે તેમને હું વિનંતી કરીશ કે તેઓ તેમની કાપ દરખાસ્ત પરત ખેંચે અને આ વિભાગની પણ ૪૫૦ કરોડની માગણી છે અને અગાઉ જે મેં ત્રણ વિભાગો કહેલ તો આ તમામ માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે કારણ કે સમાજના છેવાડાના માનવી માટેની આ માગણીઓ છે, મહિલાઓની છે, બાળકોની છે, આ દેશના સાયન્સ એન્ડ ટેકનોલોજી માટેની છે એટલે એટલી વિનંતી કરીને હું મારી વાણીને વિરામ આપું છું.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે જે આ પ્રિમિક્સના પેકેટની મેં રજૂઆત કરી તો એ કઇ એજન્સી મારફતે ખરીદવામાં આવે છે ? અને બીજુ જે ગુજરાત હાઇકોર્ટનો ચૂકાદો બે વાર હતો કે ખાનગી કોન્ટ્રાકટર પાસેથી કોઇ ખરીદી કરવી નહીં તો શું તેનું પાલન કરવા માગો છો કે કરો છો કે કેમ ? અને બીજો મારો પ્રશ્ન એ હતો કે, ૧૫મી માર્ચના રોજ ૧૬૫મો પ્રશ્ન મારો હતો કે ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીની અંદર જે ભીંત ચિત્રો બનાવવામાં આવે છે તો મને જવાબ એવો આપવામાં આવ્યો હતો કે ૩૬૦ પત્રકમાં સામેલ છે એવુ બતાવવામાં આવ્યું અને ફકત મને ૧૪૨ની માહિતી આપવામાં આવી છે તો આ અધૂરી માહિતી આપવાનું કારણ શું ? અને આપ મને પૂરતી માહિતી આપવા માગો છો કે કેમ ?

શ્રી આત્મારામ મ.પરમાર : માહિતી જોઇતી હોય તો એ દલિત પ્રોવિઝન ઇન વિધાન સભાના નીતિ – નિયમોમાં છે. એનો આપ ઉપયોગ કરી શકો છો.

શ્રી શૈલેષ મ. પરમાર : બહેનને કોન્ટ્રાક્ટવાળો જવાબ તો આપો.

શ્રી આત્મારામ મ.પરમાર :માનનીય શૈલેષ ભાઇ મે કહ્યું કે આવો કોઇ બનાવ તમારા ધ્યાનમાં આવે તો મને કહેજો એટલે આપણે એના નિરાકરણના પ્રયત્નો કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને ફક્ત બે જ નાના સવાલ કરવા છે. એક તો એ કે થાનગઢનો રીપોર્ટ આ સરકાર વિધાનસભા ગૃહમાં ક્યારે રજૂ કરવા માંગે છે? અને બીજું કે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગ છે નહિ તો આ રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ આયોગની સ્થાપના કરવા માંગે છે કે કેમ?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, થાનગઢમાં તો આપણે એમની માગણી પ્રમાણે નવી તપાસ નીમી છે એટલે એ વિષય જ ના આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : બીજો જવાબ તો આપો. અનુસૂચિત જાતિ આયોગની રચના કરવા માગો છો કે કેમ?

શ્રી આત્મારામ મ.પરમાર : શૈલેષભાઇનું સૂચન સારું છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પંડિત દિનદયાળ આવસ અને આંબેડકર આવાસ યોજનામાં પ્રધાનમંત્રી આવાસ યોજના મુજબ ૧ લાખ ૨૦ હજારની સહાય કરવા માગો છો કે કેમ?

શ્રી આત્મારામ મ.પરમાર : જોઇશું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૯૨, ૯૫, ૧૦૫ અને ૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક આજ રોજ મંગળવાર તા.૨૧/૩/૨૦૧૭ના રોજ સાંજે સભાગૃહની બેઠક પૂરી થયા બાદ તુરત જ વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ સમિતિ ખંડ -૧ માં રાખવામાં આવી છે. આપ સૌને આ બેઠકમાં ઉપસ્થિત રહેવાની આગ્રહભરી વિનંતી છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૪ કલાકે પૂરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૨૨મી માર્ચ ૨૦૧૭ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭

ગુજરાત વિધાનસભા
બુધવાર , તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૧, ૧૯૩૯ શાકે
(પ્રથમ બેઠક)
સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું.
(અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને)

સરકારી વિધેયકો
સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૧
બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક.

શ્રી ગણપતસિંહ વે.વસાવા (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના લોક લાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને હું ગુજરાતના મારા ૯૦ લાખ જેટલા આદિવાસી સમાજ વતી ખૂબ ખૂબ અભિનંદન આપીને આભાર માનુ છું કે, ગુજરાતની સ્થાપનાના ૫૭ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર આદિવાસી સમાજના શિક્ષણના વિકાસ માટે આ ટ્રાયબલ યુનિવર્સિટી સ્થાપવાનો જે રાજ્ય સરકારે ઐતિહાસિક નિર્ણય કર્યો છે એ બદલ ફરી એક વાર હું રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વાંગી, સંપૂર્ણ અને સૌને લાભદાયી એવા વિકાસને વરેલી આ સરકાર માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારથી ગુજરાતને વૈશ્વિક હરિફાઇમાં ઊભુ રાખવા માટેની ક્ષમતા લાવવા અને તે માટેના બધા પ્રયત્નો આ રાજ્ય સરકારે કર્યા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે કહેતા કે, ભાઇ ગુજરાત દરેક ક્ષેત્રે ખૂબ આગળ પડતું હોય, દરેક ક્ષેત્રે નંબર વન હોય પણ જો તંદૂરસ્ત માણસનું એક પણ અંગ નબળું હોય તો એ વ્યક્તિ તંદૂરસ્ત ગણાતો નથી. તો આદિવાસી સમાજની ચિંતા કરીને તેમાં માળખાકીય સુવિધા એ પાયાની બાબતો છે અને આ માળખાકીય સુવિધાઓમાં રસ્તા, પાણી, વીજળી, આરોગ્ય અને શિક્ષણ કે જેના પરિણામે રોજગારી મળી રહેતો હોય છે. એમાં પણ સૌથી મહત્વની જે બાબત છે તો એ છે શિક્ષણ. સૌને શિક્ષણ મળે અને પ્રાથમિક બાબતોને ધ્યાનમાં રાખીને તેનો અમલ કરીને પ્રવેશ મહોત્સવથી માંડીને પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, કોલેજો અને યુનિવર્સિટી લેવલે સૌને શિક્ષણ મળે અને એ શિક્ષણ મેળવવા માટે સગવડતા મળે અને જો સગવડ ના હોય તો એ સગવડો ઊભી કરવામાં આવે. બાળક જ્યારે પ્રાથમિક શાળામાં દાખલ થાય પછી માધ્યમિકમાં આવે, ઉચ્ચતર માધ્યમિક, કોલેજો, યુનિવર્સિટી વગેરેમાં જ્યારે બાળક આવતો હોય ત્યારે આ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારે ગુજરાતમાં ૧૫ યુનિવર્સિટીઓ હતી પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીના આ ભગીરથ પ્રયત્નોના કારણે આજે ૬૨મી યુનિવર્સિટીનું આજના બિલ સાથે હું ઉમેરો કરું છું અને એક નવી યુનિવર્સિટી આ બિલ લઇને હું આવ્યો છું.

શ્રી નરેન્દ્રભાઇ જ્યારે રાજ્યમાં મુખ્યમંત્રી હતા ત્યારે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણને મહત્વ આપી શકાય એ માટે શાળા પ્રવેશોત્સવની અંદર ગામે ગામ જતા અને એમ કહેતા કે, હું ભિક્ષુક છું મને ભિક્ષામાં ભણવા માટે તમારી દીકરી આપો.આ પ્રકારનું કાર્ય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું. એનું પરિણામ પણ મળ્યું છે કે જે ડ્રોપ આઉટનો રેશીયો આદિવાસી વિસ્તારોમાં ૨૫ ટકા હતો, ૩૫ ટકા હતો, ૩૦ ટકા હતો એ ડ્રોપ આઉટનો રેશીયો ઘટીને માત્ર બે ટકા થઇ ગયો છે. હું ભૂતકાળની સરકારોની કોઇ ટીકા કરવા માગતો નથી પરંતુ ટુંકા સમયગાળામાં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના સમયગાળા દરમિયાન, માનનીય આનંદીબેન પટેલના સમયગાળા દરમિયાન અને લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના શાસન દરમિયાન જે કાર્યો થઇ રહ્યા છે. આ વનબંધુ કલ્યાણ યોજના ગુજરાતમાં જયારથી લાગુ પડી ત્યારપછી આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ખૂબ મોટા પાયે વધારો જોવા મળ્યો છે. હું માત્ર થોડા આંકડા આપીશ તો લગભગ ૪૨ જેટલા આદિવાસી

* વિધેયક તા.૧૭મી ફેબ્રુઆરી,૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તાલુકાઓની અંદર સાયન્સની શાળાઓ શરૂ કરવામાં આવી. આદિવાસી જિલ્લાઓની અંદર ૮૬ જેટલી એકલવ્ય મોડલ સ્કૂલ શરૂ કરવામાં આવી, ૧૧૨ જેટલા છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા, ૩૩ જેટલી નવી આઇ.ટી.આઇ. શરૂ કરવામાં આવી, ૩ જેટલી ઇજનેરી કોલેજો શરૂ કરવામાં આવી અને ચાર જેટલી નર્સીંગ અને ફીઝીયોથેરાપી કોલેજો શરૂ કરવામાં આવી અને સાયન્સની બે કોલેજો, કૃષિ પોલિટેકનીકની ચાર કોલેજો, અન્ય કૃષિ સંસ્થાઓ બે, આદિજાતિ વિસ્તારમાં નવી બે યુનિવર્સિટીઓ, આમ ભારતીય જનતા પાર્ટીના ટુંકાગાળાના શાસનમાં ૨૯૨ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ આદિવાસી વિસ્તારના બાળકોના હિતમાં શરૂ કરવામાં આવી છે. બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટીની વાત કરું તો જયાં આ યુનિવર્સિટી બનવાની છે એ સ્થળનું પણ અનેરું મહત્વ છે. આપણે જેને ભારતના લોખંડી પુરુષ કહીએ છીએ, જેમણે સાડા પાંચસો કરતા વધારે રજવાડાઓને ભારતમાં જોડીને અખંડ ભારતના શિલ્પી જેને ગણાવ્યા છે એવા ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા જયાં બનવાની છે એવા નર્મદા જિલ્લાની અંદર સ્ટેચ્યૂ ઓફ યુનિટીની નજીકમાં આ આદિવાસી યુનિવર્સિટીની સ્થાપના થવાની છે ત્યારે હું ચોકકસ માનું છું કે જે પ્રકારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ઉંચાઇ છે એ જ પ્રકારે મારા આદિવાસી વિદ્યાર્થીઓ પણ શિક્ષણના ઉંચા શિખરો સર કરવાના છે. આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર અને કાર્યવિસ્તાર સમગ્ર ગુજરાતમાં રહેવાનું છે તથા એના સ્થળની મેં વાત કરી. રાજય સરકારે વિચાર કર્યો કે આદિવાસી વિદ્યાર્થીઓને લગતી સેવાઓ, કૌશલ્ય વર્ધક વિકાસ, સંશોધનની યોજનાઓ, આ બધી બાબતોની સગવડ ઉભી કરવા માટે રાજય સરકારે આ યુનિવર્સિટીઓ સ્થાપવાનું નકકી કર્યું છે અને આ યુનિવર્સિટીને જે નામ આપવામાં આવ્યું છે એ નામ પણ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી છે એટલા માટે હું બિરસા મુંડાજીના નામનો ઉલ્લેખ કરી એમના જીવન ચરિત્ર વિશે થોડી વાત કરીશ કે અત્યાર સુધી સમગ્ર ભારતમાં અને ગુજરાતમાં એવી જ ધારણાઓ છે કે આઝાદીની લડત કરવા માટે અમુક જ લોકો હતા, અમુક જ વર્ગના લોકો હતા પરંતુ એવું નથી. આઝાદીની લડતમાં સૌથી વધારે કોઇએ યોગદાન આપ્યું હોય, બલિદાન આપ્યું હોય, સિંહફાળો હોય તો એ આદિવાસી સમાજે આપ્યું છે. આ ગૃહ સમક્ષ મને કહેતા આનંદ થાય છે કે આ પ્રકારની યુનિવર્સિટી મધ્યપ્રદેશમાં કરવામાં આવી. ત્યારબાદ સમગ્ર ભારતમાં ગુજરાત એવું બીજું રાજય છે કે જયાં આદિવાસીઓ માટે આ સ્વતંત્ર યુનિવર્સિટી ખોલવાનું રાજય સરકારે નકકી કર્યું છે. જેમને આપણે આ યુનિવર્સિટીનું નામકરણ કર્યું છે. ત્યારે સ્વતંત્રતાના ચળવળના ઇતિહાસમાં સુવર્ણમય પ્રદાન, યોગદાન આપનાર આદિવાસી મહાનાયક બિરસા મૂંડાના નામ સાથે જોડીને બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટી બિલ વિધેયક ૨૦૧૭ ના વિધેયકનો પ્રસ્તાવ રજૂ કરતા હું આદિવાસી સમાજ વતી ગૌરવની લાગણી અનુભવું છું. બિરસા મુંડા આદિવાસી સમાજના સ્વતંત્ર સેનાની, ધાર્મિક, સામાજિક અને પરિવર્તક નેતા હતા. તેઓનો જન્મ ૧૫મી નવેમ્બરના રોજ ૧૮૭૫ માં બિહારના ઉલીહાટૂ ખાતે થયો હતો. જે સ્થળ હાલ ઝારખંડ રાજ્યમાં ખૂટી જિલ્લામાં છે. અને શ્રી બિરસા મૂંડાનું બાળપણ એક સામાન્ય આદિવાસી બાળકની જેમ મિત્રો સાથે રેતી, ધૂળ અને જંગલોમાં રમતા એમણે વીતાવ્યું. બિરસા મૂંડાના આ સ્વતંત્ર ચળવળના બીજ વર્ષ ૧૮૮૬ થી ૧૮૯૦ દરમ્યાન ચાઇબાસા ખાતેના નિવાસ દરમ્યાન રોપાયા. બ્રિટિશ કાળના કાળા કાયદાઓ મુજબ આદિવાસીઓની જમીન પરના પરંપરાગત હક્કો માન્ય ન હતા અને ઠેકેદારો તથા જમીનદારો દ્વારા સતત આદિવાસી સમાજનું શોષણ થતું રહ્યું. આ પરિસ્થિતિનો સામનો કરવા શ્રી મૂંડા આદિવાસીઓની તેમની પરંપરાગત દેશભક્તિની લાગણી અને સંસ્કૃતિની લાજ રાખવા માટે સાથીઓને પ્રેરિત કર્યા. ૧લી ઓક્ટોબર ૧૮૯૪ ના રોજ અંગ્રેજો સામેની ચળવળની શરૂઆત કરી. બિરસા મૂંડાજીના શબ્દોમાં કહીએ તો; ‘મહારાણી રાજ ટૂંડું જાણા, ઓરો અબુહા રાજ એ તે જાણા’. મતલબ કે તેઓએ અંગ્રેજ રાણીનું રાજ ખતમ કરીને, આદિવાસીઓનું શોષણ ખતમ કરી આપણા જ દેશનું રાજ પુનઃસ્થાપિત કરવાનું આહવાન કર્યું. તેઓની સંચાલનની કુશળતાઓ તથા આદિવાસીઓને પ્રેરિત કરવાની કળા અને દેશ દાઝથી પ્રેરાઇને અનેક હજારો, લાખો આદિવાસીઓ આ ચળવળમાં જોડાયા. બિરસા મૂંડા ૩જી માર્ચ ૧૯૦૦ ના રોજ જામકુપાયના જંગલોમાંથી એની ધરપકડ થઇ. અંતે ૯મી જૂન ૧૯૦૦ ના રોજ રાંચી જેલની અંદર તેઓ શહીદ થયા. ૨૫ વર્ષની નાની ઉંમરમાં એક આદિવાસી નવ યુવાન દેશ માટે શહીદ થયો. બિરસા મૂંડાજીની દેશભક્તિ, તેમની લોકપ્રિયતા આદિવાસી સમાજ તેમને એક આદિવાસીના મસીહા તરીકે ગણવા લાગ્યો. મહાન શહીદ શ્રી બિરસા મૂંડાના શબ્દને ખરા અર્થમાં ત્યારે ચરિતાર્થ થયેલું ગણાશે જ્યારે આદિવાસીઓના જમીનના હક્કો તેમને આપવામાં આવે. તેમજ આદિવાસી સમાજમાં ઘર કરી ગયેલા દૂષણો, વ્યસનોમાંથી તેમને મુક્તિ મળે, શિક્ષણ આપવામાં આવે. આદિવાસી સમુદાય અન્ય સમુદાયની સાથે કદમ મીલાવીને ચાલી શકે, તેમને શિક્ષિત અને સક્ષમ બનાવવામાં આવે ત્યારે તેમનું સ્વપ્ન સાકાર થવાનું છે. આદિવાસી સમુદાયની પરંપરાગત લાક્ષણિકતાઓ છે, એનો સમૃદ્ધ વારસો છે, તેના મૂલ્યોનું જતન થાય અને પ્રોત્સાહન મળે તે પ્રકારનું શિક્ષણ આદિવાસી સમાજને મળે તો જ ખરા અર્થમાં મહાન શહીદ શ્રી બિરસા મૂંડાની આદિવાસી સમાજનું સ્વતંત્રતાનું સ્વપ્ન ચરિતાર્થ થતું ગણાશે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વનબંધુ કલ્યાણ યોજનાના દસ મુદાઓ હતા: જેમાં શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવેલ હતો. રાજ્યના આદિવાસી સમુદાયોની પરંપરાઓ, હસ્તકલાઓ, રોજગારી, બજાર વ્યવસ્થા, જીવન વ્યવસ્થા, વનસ્પતિ, વૈદિક જ્ઞાન, પેઇન્ટિંગની કળાઓ જેવી પરંપરાગત વિષયો તથા એકવીસમી સદીના આધુનિક વિષયો અંગેના સર્ટીફિકેટ કોર્સ અને વ્યવસાયલક્ષી સ્કીલ ડેવલપમેન્ટનો વિશેષ કોર્સ તૈયાર કરીને આદિવાસી યુવક, યુવતિઓને ઉચ્ચ અભ્યાસ માટે નર્મદા ખાતે આદિવાસી યુનિવર્સિટી શરૂ કરવા માટે ગયા વર્ષે બજેટમાં ૨ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આ વર્ષે ભારતીય જનતા પાર્ટીની સરકારે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરી છે. આર્ટસ, કોમર્સ, સાયન્સના અભ્યાસક્રમોમાં આદિજાતિ સમાજ અને તેની સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને કલા, ક્રાફ્ટ આધારિત ટેકનોલોજી સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો આ યુનિવર્સિટીમાં ચલાવવામાં આવશે. આદિવાસી સમાજની જે પરંપરા છે, જે કૌશલ્ય છે, જે વૈદકીય વનસ્પતિનું જ્ઞાન છે, સંસ્કૃતિ છે તે અંગેના સર્ટિફિકેટ અને વ્યવસાયલક્ષી સ્કીલ ડેવલપમેન્ટના કોર્સને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તે જ રીતે મહત્તમ આદિવાસી યુવાનોને રોજગારલક્ષી અભ્યાસક્રમોની તકો સાથે જોડીને આદિવાસી સંસ્કૃતિના પાયાગત મૂલ્યોને કુદરત આધારિત જીવન અને ઉપચારની પ્રણાલિકાઓ વિકસાવવાનું આ યુનિવર્સિટીમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આદિવાસી સમાજ અને તેની સંસ્કૃતિને અનુરૂપ સમાજ માનવ શાસ્ત્ર અભ્યાસક્રમોનો સમાવેશ કરી વિષયોના અધ્યાપન, સંશોધન અને તાલીમની સવલતો આ યુનિવર્સિટીના માધ્યમથી આપવામાં આવશે. એ જ પ્રકારે આદિવાસી સમાજની અંદર જે કલા વારસો પડયો છે, પરંપરા અનુરૂપ વિજ્ઞાન ટેકનોલોજીના વિશેષ પ્રશિક્ષણો દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓને શિક્ષણ, રોજગારી, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય દિશાઓ અને લાભો સાથે જોડવાનો અને વિકસાવવાનો આ યુનિવર્સિટીની સ્થાપના પાછળનો મુખ્ય ઉદ્દેશ છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આટલા વર્ષોના ઇતિહાસમાં પહેલીવાર જયારે આદિવાસી સમાજના વિદ્યાર્થઓ માટે આટલું મોટું કામ કરવા આ સરકાર જઇ રહી છે ત્યારે હું વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું કે આમાં આપના હકારાત્મક સૂચનો અમને આપજો. આદિવાસીના કલ્યાણની જયારે વાત છે ત્યારે આ બિલ વિના વિરોધે પસાર થાય તેવી મારી વિનંતી છે.

શ્રી મોતીલાલ પુ. વસાવા(દેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા આદિજાતિ વિભાગના માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સાહેબ જે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી વિધેયક લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ટ્રાયબલ યુનિવર્સિટીની જયાં સ્થાપના થવાની છે અને માનનીય મંત્રી સાહેબે તેનો થોડો ઉલ્લેખ કર્યો કે જયાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ થવાનું છે, તો હું કહીશ કે તેની સાથે સાથે ત્યાં ટ્રાયબલ રિસર્ચ સેન્ટર તથા એગ્રીકલ્ચર રિસર્ચ સેન્ટર બનવાનું છે. એવા વિવિધ વિકાસલક્ષી કાર્ય સ્ટેચ્યુ ઓફ યુનીટીની સાથે સાથે થવાના છે. ત્યાં મારા જિલ્લામાં આ ટ્રાયબલ યુનિવર્સિટીનું જે નિર્માણ થવાનું છે ત્યારે આ ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને અમારા આદિજાતિ મંત્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને મારા જિલ્લા વતી આ સરકારનો હું આભાર પણ માનું છું. ગુજરાતની અંદર લગભગ સરકારી, બિન સરકારી, ડીમ્ડ યુનિવર્સિટી એવી લગભગ ૬૦ જેટલી યુનિવર્સિટીઓ આવી છે. આજે બે યુનિવર્સિટીઓમાં બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનું બિલ પસાર થવાનું છે. બીજી એક ઓર્ગેનિક યુનિવર્સિટીનું બિલ પાસ થવાનું છે. આદરણીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ બીજી ત્રણ યુનિવર્સિટીઓના સુધારા સાથેના બિલ લઇને આવ્યા છે તે પણ પસાર થવાના છે. ત્યારે લગભગ આ બધી થઇને ૬૫ જેટલી યુનિવર્સિટીઓ આજની તારીખમાં ગુજરાતમાં કાર્યરત થવાની છે. મહત્વની બાબત એ છે કે, આ ગુજરાતમાં આખા ભારત દેશમાં ક્યાંય ના હોય એવા પ્રકારની અત્યારે વિવિધ યુનિવર્સિટીઓ ચાલુ થઇ છે. જેવી કે, ચીલ્ડ્રન યુનિવર્સિટી એમાં બાળકને નાનપણથી જ એને ટેકનિકલ શિક્ષણ, જ્ઞાન–કૌશલ્ય, હુન્નર, કળા એનો બધી રીતે વિકાસ થાય એના માટે ચીલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના પણ આ રાજયમાં કરવામાં આવી છે. એની સાથે સાથે રક્ષા યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી અને સ્પોર્ટસ યુનિવર્સિટી એવી અનેક યુનિવર્સિટીઓ આ ભારતીય જનતા પાર્ટીના રાજમાં આ ગુજરાત રાજયમાં કાર્યરત છે. અને આ ટ્રાયબલ યુનિવર્સિટી જે બનવાની છે એ પણ મને વિશ્વની ખબર નથી ભારત દેશમાં ટ્રાયબલ યુનિવર્સિટી ક્યાંય નહીં હોય, બીજી યુનિવર્સિટીમાં એકાદ બે સબ્જેક્ટના કોર્સ ચાલતા હશે અને આપણે ત્યાં ગુજરાત વિદ્યાપીઠમાં પણ એક બે વિષયનું ત્યાં શિક્ષણ મળે છે એનું રીસર્ચ કરવામાં આવે છે, એના પર નિબંધ લખવામાં આવે છે પણ ટ્રાયબલ લોકોની જે સંસ્કૃત્તિ છે, જે એમની ધાર્મિક માન્યતાઓ છે, જે એમની ખેતી પધ્ધતિ છે, જે એમની વન ઉછેર કરવાની ટેકનિક છે આ બધી વિવિધ કળા એમની અંદર રહેલી છે એનો વિકાસ કરવા માટે આ યુનિવર્સિટી ટ્રાયબલ એરિયામાં એક રોજગારલક્ષી, ઉદ્યોગલક્ષી યુનિવર્સિટી આવતા દિવસોમાં સાબિત થવાની છે. આજે ગુજરાતમાં નહીં તો પણ લગભગ પોણા બે લાખ જેટલા આદિવાસી વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ દરેક ક્ષત્રમાં અભ્યાસ કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ વિદેશમાં પણ અભ્યાસ કરે છે, કેટલાક વિદ્યાર્થીઓ અલગ અલગ સ્ટેટમાં અભ્યાસ કરે છે અને જેટલા પણ વિદેશમાં ભણતા હોય, અન્ય રાજયમાં ભણતા હોય, ગુજરાતની અંદર સારી સ્કૂલમાં ભણતા હોય આ બધાનો ખર્ચ આ આદિજાતિ વિકાસ વિભાગ અને ગુજરાત રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર ભોગવે છે. એની સાથે સાથે દરેક તાલુકામાં આજે કોલેજો ચાલુ કરવામાં આવી છે, દરેક તાલુકાની અંદર આદર્શ નિવાસી શાળાઓ છે, દરેક તાલુકામાં સાયન્સ સ્કૂલો બનાવવામાં આવી છે, દરેક તાલુકામાં મૉડેલ સ્કૂલો બનાવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ પ્રસંગે આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનીશ કારણ કે, ૨૦૦૩–૦૪માં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ચાલુ કર્યો એને લીધે અમારા આદિવાસી સમાજમાં એવો કરન્ટ આવ્યો, એવો કરન્ટ આવ્યો કે આજે અમને યુનિવર્સિટીની જરૂર પડી છે. શિક્ષણની ભૂખ આવી છે અને આ એનું પરિણામ છે. કોઇ માને કે ના માને પણ આ જે કાર્યક્રમ ચાલુ કરવામાં આવ્યો અને આ કાર્યક્રમથી સમાજની અંદર જે જાગૃકતા આવવા માંડી છે ત્યારે દેશના વડા પ્રધાન અભિનંદનને પાત્ર છે. જે યુનિવર્સિટીની અંદર અન્ય બધી યુનિવર્સિટીમાં જે વ્યવસ્થાઓ છે એના કૂલપતિ, ઉપ કૂલપતિ, એનું વ્યવસ્થાપક મંડળ એ બધી યુનિવર્સિટીઓમાં હોય એ રીતનું આખું છે પણ પ્રકરણ–૨ની અંદર કલમ–૫માં

યુનિવર્સિટીના જે ઉદેશો બતાવવામાં આવ્યા છે એના પર હું થોડીક નજર કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, આજે ઝડપી વિકાસના જમાનામાં આપણને કોઇ પણ જ્ઞાન વૈજ્ઞાનિક અને ટેકનિકલ પદ્ધતિથી મળે એ જરૂરી છે અને એ પદ્ધતિથી મળેલું જ્ઞાન એ રોજગારમાં જવું હોય, નોકરીમાં જવું હોય આપણને ઉત્તમ તકો ઉભી કરવામાં મદદરૂપ થાય છે. દાખલા તરીકે આદિવાસી કળા, આજે પણ વારલી પેઇન્ટીંગ, બામ્બુની બનાવટ, માટી કામની બનાવટ, ભરત ગુંથણ એ ટ્રાયબલનું કલ્ચર અલગ જ હોય છે, એ એની રીતે પોતે શીખ્યા હોય અને જ્યારે એ બનાવીને માર્કેટમાં લઇ જાય ત્યારે એની ઉંચામાં ઉંચી કિંમત મળે છે અને એ કળાને અમારી યુનિવર્સિટી મારફતે અમારા ટ્રાયેબલ વિદ્યાર્થીઓ અથવા બીજા સમાજના વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાં પોતાનો કળાનો વારસો જે છે એ વૈજ્ઞાનિક પદ્ધતિથી શીખે અને પછી એ તૈયાર થયેલા દીકરા–દીકરીઓ જ્યારે એ ફિલ્ડમાં કામ કરશે તો માર્કેટની અંદર પણ આવી વસ્તુઓ બહુ ઉંચા ભાવે વેચાશે. એમનામાં કલા, કૌશલ્ય અને સંગીત પણ છે. આજે આપણે વાંસળી જોઇએ છીએ એ વાંસમાંથી બને છે. અમારે ત્યાં ઘણા વડીલો કહે કે વાંસનું એક ઝુંડ હતું અને એમાં પછી ભમરીએ કાણું પાડ્યું અને પછી પવન આવે એટલે કાણામાં પવન અથડાય એટલે એકદમ સરસ સુર નીકળે એટલે કૃષ્ણ ભગવાન આપણે બધા ગોવાળ કહીએ છીએ એટલે તે વખતે એ પણ ઘેટાં–બકરા જે કંઇ ચરાવવા ગયા હશે તો એમણે આ સુર સાંભળ્યો હશે અને વિચાર્યું હશે કે આ વાંસમાંથી બહુ સરસ અવાજ આવે છે અને આ ભમરીએ બે ચાર કાણા પાડ્યા હશે એટલે એમાં આંગળીઓ મૂકી મૂકીને તાલ મેળવીને વગાડ્યું એટલે સરસ સુર આવ્યો એટલે આ વાંસળી એ આદિવાસીઓની દેન છે. તો એવી જે કળા છે સંગીતની તે માણવા જેવી હોય છે. ઘણા બધા લોકો નદીના ખિલખિલાટ અવાજ આવે એ સાંભળતા હોય છે એમાં પણ સંગીત છે, આ તો ટ્રાયેબલની સંસ્કૃતિ છે એને આ યુનિવર્સિટીમાં વિવિધ રીતે, વૈજ્ઞાનિક રીતે, ટેકનીકલ રીતે જ્યારે એને ભણાવવામાં આવશે એ પણ ખૂબ સારી રીતે એ સમાજની અંદર આખા દેશની અંદર અને બીજા સમાજમાં પણ ઉપયોગી થશે. હું ઔષધિઓની વાત કરું તો આજે પણ દેશની અંદર જેટલા પણ આદિવાસી વિસ્તાર છે એમાં ખૂબ મોટા પ્રમાણમાં ઔષધિઓ આવેલી છે. આજે આપણે બાબા રામદેવની પ્રોડક્ટ જોઇએ છીએ એ બધી હિમાચલના ડુંગર વિસ્તારમાંથી ભેગી કરેલી ઔષધિઓને વૈજ્ઞાનિક રીતે તૈયાર કરીને અને બજારમાં મૂકેલ છે અને એ પ્રોડક્ટોએ આખા ભારત અને વિશ્વના બજારને ટેઇક ઓવર કરી લીધું છે. કેટલાય લોકોને અહીંથી પોતાના વ્યવસાયો બંધ કરીને જવું પડ્યું છે. તો આ ઔષધિઓને કારણે છે. અમારા ધોરણ ૧૨ સાયન્સ પાસ થયેલા દીકરા–દીકરીઓ એને વૈજ્ઞાનિક રીતે, સારી રીતે એ યુનિવર્સિટીમાં સ્નાતક કે અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરશે અથવા એમાં નિબંધ લખશે તો એ સમાજને ખૂબ ઉપયોગી થશે. ગૌણ વન પેદાશોમાં પહેલાં એટલી બધી આવક આવતી હતી, ટીમરૂ પાનમાં આવક આવે, મહુડા, ડોડીમાં આવક આવે, આમળામાં, ધોળી મૂસળીમાં, બાવળ, ગુંદરમાં આવક આવે એવું ઘણું બધું હતું અને એ આવકના સોર્સીસ વનમાં હતા હવે એ ધીરે ધીરે નષ્ટ થઇ ગયા છે. તો આ જે આવક આપતા જંગલો છે, ત્યાંના ઝાડ છે, ઔષધિઓ છે એના માટે યુનિવર્સિટીમાં અમારા દીકરા–દીકરીઓ શીખે અને પછી એમાંથી ખૂબ સારી પ્રોડક્ટ–વસ્તુ બનાવે એટલે એ પણ સારી વાત છે. એની સાથે સાથે પેસા એક્ટ જે આ સરકારે પસાર કર્યો છે અને ગ્રામ પંચાયતોને જે સત્તા આપી છે તે સારી વાત છે અને આ યુનિવર્સિટીમાં શીખેલું ત્યાંના વિદ્યાર્થીઓને કામ લાગશે. છેલ્લે મારે એકજ વાત કહેવી છે કે, અમારે એવા આદિવાસીઓ તૈયાર કરવા છે. કોંગ્રેસે ગરીબી માટે નારો આપ્યો હતો અને ગરીબી હટાવો એવું કહેતા હતા અને ત્યારે એક સુત્ર ચાલતું હતું કે આધી રોટી ખાયેંગે કોંગ્રેસ કો લાયેંગે, આ સુત્ર જે દિવસથી મારો આદિવાસી બોલ્યો તે દિવસે કૂપોષણનો જન્મ થઇ ગયો. એ આખી રોટી ખાતો હોત તો અમારા આદિવાસીઓને કૂપોષિત ના થવું પડત. એટલે અમે આ યુનિવર્સિટી મારફતે એવા આદિવાસીઓને તૈયાર કરવા માગીએ છીએ કે જે આખી રોટી ખાય અને તંદૂરસ્ત ભારત રાષ્ટ્રનું નિર્માણ કરે. આટલું કહીને આ બિલને સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક લઇને આવ્યા છે એમાં મારું મંતવ્ય જણાવું છું. આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા પણ આદિવાસી સમાજના છે અને બિરસા મૂંડા કે જેઓ આદિવાસી સમાજ માટે એક મસીહા હતા અને એમના નામે યુનિવર્સિટી બનવા જઇ રહી છે તો આ સમગ્ર આદિવાસી સમાજ માટે ગૌરવની વાત છે. અને સરકારનો આ અભિગમ આવકારદાયક છે. આ યુનિવર્સિટી નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે બનશે અને આ નર્મદા જિલ્લો, છોટા ઉદેપુર જિલ્લો અને આસપાસના વિસ્તારો કે જે આદિવાસી વિસ્તારો અને જંગલ વિસ્તારો છે. જેમને સ્થાનિક સ્તરે આ યુનિવર્સિટીનો લાભ મળશે અને ગૌરવની વાત તો એ છે કે જે આ સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ આવેલું છે. આ પછાત અને અંતરિયાળ આદિજાતિ વિસ્તારની યુવા પેઢીને ઉચ્ચ અભ્યાસથી વંચિત ના રહેવું પડે તે હેતુથી ઘર આંગણે સ્થાનિક સ્તરે ઉચ્ચ શિક્ષણની સુવિધા પૂરી પાડવાના હેતુથી આ વિધેયક લાવવામાં આવ્યું છે અને આ યુનિવર્સિટી બનવા જઇ રહી છે. મારી લાગણી છે કે સરકારની આ માનસિકતા આદિવાસીઓ માટે ખરી ઉતરે એવી આશા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, બિરસા મુંડા કે જેઓ તે વખતના બિહારના અને ઝારખંડના રાચી જિલ્લાના ઉલીહતી ગામે બહુ જ ગરીબ અને આદિવાસી પરિવારમાં તેમનો જન્મ થયો અને તેઓ નાની વયથી જ સ્વતંત્ર સંગ્રામમાં જોડાયાં હતા. અંગ્રેજોના શાસનકાળમાં વેઠ પ્રથા અને આદિવાસીઓની જમીન પડાવી લેવાની, આદિવાસીઓનું શોષણ કરવાનું અને આવા શાસન સામે તેઓએ આંદોલનના ભાગરૂપે શાસકો સામે લડત આપી હતી. ગુજરાતના ૧૨ જિલ્લાઓ અને ૩૩ તાલુકાઓમાં જે વસતા આશરે એક કરોડ જેટલા આદિવાસી ભાઇઓના બાળકો માટે શિક્ષણની સુવિધા પૂરતી મળી રહે તે માટે આદિવાસી વિસ્તારમાં આદર્શ નિવાસી શાળાઓ, એકલવ્ય મોડેલ સ્કૂલો, અલ્પ શિક્ષણ નિવાસી શાળાઓ વગેરે સ્વરૂપે સરકારે પહેલ કરેલી છે. પણ દુઃખની

વાત તો એ છે કે, આ સ્કૂલોમાં હાલના તબક્કે, હાલના સંજોગોમાં પૂરતો સ્ટાફ નથી, રહેવાની અને જમવાની સગવડ અપૂરતી છે અને આ સ્કૂલોમાં શિક્ષણનું સ્તર પણ ઘણું કથળ્યું છે અને જળવાયું નથી. આદિવાસી બાળકોના શિક્ષણનું સ્તર આજની તારીખે નીચું ગયુ છે. આ બિરસા મુંડા યુનિવર્સિટીની દશા સ્કૂલો જેવી ના થાય તેના માટે હું સરકારનું ધ્યાન દોરું છું. આ આદિવાસી વિસ્તારમાં બનતી યુનિવર્સિટીમાં મહેકમ પૂરતું થાય, શિક્ષકો પૂરતાં રહે, સ્ટાફ પૂરતો રહે અને ત્યાં સ્થાનિક સ્તરે રહેવાની–જમવાની સગવડો મળે અને હોસ્ટેલો બને અને આ યુનિવર્સિટીમાં પૂરતી સુવિધાઓ મળે એવી હું આશા રાખું છું. સંપૂર્ણ આદિવાસી વિસ્તાર ધરાવતાં આ વિસ્તારમાં આદિવાસી યુવકોને પ્રાયોરિટીના ધોરણે આ યુનિવર્સિટી સંપૂર્ણ આદિવાસી વિસ્તારમાં બની રહી છે ત્યારે મારે સરકારનું ધ્યાન દોરવું છે કે આ આદિવાસી વિસ્તારના યુવકોને પ્રાયોરિટીના ધોરણે ત્યાં એડમિશન મળે કારણ કે હમણાં જ ત્યાં અમારા ઝાલોદમાં સાયન્સ કોલેજ આવેલી છે હમણાં જ મંત્રીશ્રીએ જે સાયન્સ કોલેજોની વાત કરી કે આદિવાસી વિસ્તારોમાં ઘણી સાયન્સ કોલેજો બનાવવામાં આવી છે અને ત્યાં આદિવાસી યુવકોને શિક્ષણ આપવામાં આવે છે. ઝાલોદની સાયન્સ કોલેજનું હું એક ઉદાહરણ આપું છું. ત્યાં ૨૦૦૯માં સાયન્સ કોલેજ બનાવવામાં આવી ત્યાં ૮ વર્ષના વહાણાં વાઇ ગયા છે પણ આજની તારીખે, હાલના સંજોગોમાં ત્યાં ફિઝિક્સના ટીચર નથી, બાયોલોજીના ટીચર નથી, ગણિતના ટીચર નથી, ત્યાંના બાળકો ૩૦ થી ૫૦ કિલોમીટર દેવગઢબારીયા,લીમખેડા અને ગોધરા સુધી પ્રેક્ટીકલ કરવા આજે પણ જઇ રહ્યાં છે. બે–બે, ત્રણ–ત્રણ મહિનાના અંતરે પ્રેક્ટીકલ માટે બહાર જવું પડે છે આ ત્યાંના સાયન્સ કોલેજની આ દશા છે. મારું મંત્રીશ્રીને આપના દ્વારા ધ્યાન દોરવું છે કે, આદિવાસી વિસ્તારમાં જયારે આ આવી યુનિવર્સિટી બનવા જઇ રહી છે ચોક્કસ અમારા આદિવાસી સમાજ માટે ગૌરવની વાત છે. આજે જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે વીસ બાવીસ વર્ષથી ત્યારથી શિક્ષણના સ્તરે જે ખાસ કરીને મેડિકલ અને એન્જીનીયરીંગની જે ઉચ્ચ અભ્યાસના સ્તરે જે ખાનગીકરણ થયુ છે, જે વ્યાપારીકરણ થયુ છે તેના લીધે આદિવાસી વિદ્યાર્થીઓને ઘણો જ અન્યાય થયો છે. આજે મેડિકલમાં એડમિશન લેવા માટે વર્ષે સાડા ચારથી પાંચ લાખની ફી ભરવી પડે છે. એમ.બી.બી.એસ. પૂરું કરવા માટે બાવીસ–બાવીસ લાખ જેટલી ફી ઉઘરાવવામાં આવે છે. પી.જી., એમ.એસ., એમ.ડી.ના કોર્ષ કરવાના હોય છે ત્યારે દોઢ કરોડ જેટલી ઉંચી ફી લેવામાં આવે છે તો આદિવાસી વિદ્યાર્થીઓ માટે આ વિસ્તારમાં યુનિવર્સિટી બને છે ત્યારે એકલા આદિવાસી વિદ્યાર્થીઓ માટે નથી પણ ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓને લાભ મળે અને આ યુનિવર્સિટીમાં પૂરતી સુવિધા મળે એવી હું આ સરકાર પાસેથી આશા રાખું છું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારોનું અનુમોદન આપું છું. આપણા ગુજરાત રાજ્યમાં અનુસૂચિત આદિજાતની વસતી ૧૪ જેટલા જિલ્લાઓમાં ફેલાયેલી છે. આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણની સુવિધાઓ મળે અને કોઇ શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારમાં આદર્શ નિવાસી શાળાઓ, એકલવ્ય મૉડેલ સ્કૂલ, અલ્પ અને શિક્ષણ નિવાસી શાળાઓ, સ્કૂલ, કૉલેજો વગેરેની સ્થાપના કરી છે. આ સ્વરૂપે ગુજરાત સરકાર ટ્રાઇબલ વસતીમાં નાનપણથી યુવા સુધી શિક્ષણથી કોઇ વંચિત ના રહે ત માટે કટિબદ્ધ છે. રાજ્ય સરકાર એવો અભિપ્રાય ધરાવે છે કે, આદિજાતિ વિસ્તારમાં જે યુવા પેઢી છે તે અભ્યાસના લાભથી વંચિત ન રહે અને આ બાબત સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર પોતાના ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણ મેળવીને યુવાધન આગળ આવે એના માટે ટ્રાયબલ યુનિવર્સિટી લાવવા માગે છે. કોઇપણ રાષ્ટ્ર, રાજ્ય કે પ્રદેશ હોય એની વિકાસ યાત્રાના પાયામાં યુવાશક્તિ રહેલ હોય છે અને વિશ્વમાં સૌથી વધુ યુવા ધન આપણા ભારતમાં છે. એમાં ૬૫ ટકા સુધીની જનસંખ્યા ૩૫ વર્ષ સુધીની યુવાશક્તિ છે. આજનો યુવાન રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે કટિબદ્ધ બને, તૈયાર થાય, એના પાયા મજબૂત બને એ માટે આદિજાતિ વિસ્તારમાં આ ટ્રાઇબલ યુનિવર્સિટી લાવવાનું આ ગુજરાત સરકારનું એક સ્વપ્ન છે. એટલેથી અટકતું નથી પણ આ રાજ્ય ટ્રાઇબલ વસતી માટે યુનિવર્સિટી લાવવાની સાથે સાથે આદિજાતિને સંલગ્ન સંસ્કૃતિને લગતા અભ્યાસક્રમોને ઉચ્ચ શિક્ષણ સાથે જોડીને, સંશાધનોની સુવિધા આપીને, તકો આપીને યુવાપેઢીમાં આ સંસ્કૃતિને જાગૃત રાખવાનું કામ પણ આ યુનિવર્સિટી કરવાની છે. પ્રાચીન આદિજાતિ સંસ્કૃતિના મૂલ્યોનું સંવર્ધન પણ આ યુનિવર્સિટી દ્વારા થશે. આજે આ સન્માનનીય ગૃહમાં બિરસા મૂંડા યુનિવર્સિટીના વિધેયક માટે મને બોલવાની તક મળી છે તે માટે મને ગૌરવની અનુભૂતિ થાય છે. એના વિશે વાત કરવા માટેની મને તક મળી છે કારણ કે, બિરસા મુંડાએ નાની વયમાં પોતાના સમાજ માટે નેતૃત્વ સંભાળીને પોતાના સમાજને અંગ્રેજોના શાસનમાંથી બચાવવા માટે પોતાનું બલિદાન આપી દીધું હતું. એમની વાત કરું તો પિતા સુગના મૂંડા અને માતા કરમી હાટુના પુત્ર બિરસા મૂંડાનો જન્મ ૧૫, નવેમ્બર ૧૮૭૫ના રોજ ઝારખંડ રાજ્યમાં આવેલ રાજવી શહેરની નજીક ઉલીહાટ ગામમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું અને ત્યારબાદ ચાઇબાસા ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં અભ્યાસ કર્યો પણ નાનપણથી જ તેમનું મન હંમેશા પોતાના સમાજ માટે બ્રિટીશ શાસકો સામે લડાઇ લડવા માટેની ઇચ્છા મનમાં વસાવી લીધી હતી. તેમના સમાજને અંગ્રેજોથી મુક્તિ મળે એના માટે પોતે નેતૃત્વ લીધું હતું અને એવી રીતે જ નવયુવાનોને નેતૃત્વના રૂપમાં બધા જ મૂંડાને એકત્રિત કરી અંગ્રેજો સામે લગાન માફ કરવા માટે પણ નાની ઉંમરમાં આંદોલન કર્યુ હતું. બિરસા મૂંડાએ પોતાના નેતૃત્વથી આદિવાસી સમાજ માટે લડાઇ વહોરી અને આજે બિહાર, ઓરિસ્સા, ઝારખંડ જેવા બધા જ આદિવાસી વિસ્તારોમાં બિરસા મૂંડાને ભગવાનની જેમ પૂજવામાં આવે છે.

બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને આ સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ટ્રાઇબલ વિદ્યાર્થીઓ માટે ઉત્તમ કક્ષાની નામાંકિત જે પ્રાઇવેટ જે સ્કૂલો હોય છે એ સ્કૂલોમાં પ્રવેશ મેળવવા માટે નાનામાં નાના જે ગરીબ કુટુંબ હોય છે ત્યારે એમણે એક વખત વિચારવું પડે છે,પણ આ ગુજરાત રાજયની સરકારે આવી જે પ્રાઇવેટ સ્કૂલો જે સારામાં સારી છે એમાં આદિજાતિ વિસ્તારના બાળકો ભણી શકે, એના માટે સુવિધા મળી શકે અને સમાજની સાથે બરોબરી કરી શકે તેવા શુભ આશયથી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ટેલેન્ટ પુલ યોજનાની શરૂઆત કરી હતી. આ ટેલેન્ટ પુલ યોજનાની ૨૦૦૮થી ૨૦૦૯ના વર્ષમાં શરૂઆત કરી હતી અને ટેલેન્ટ પુલ યોજના હેઠળ આજે ૧૨૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને આવરી લીધા છે અને આ વખતે ૭.૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરવામાં આવી છે. ટેલેન્ટ પુલ યોજના એવી યોજના છે કે, આદિવાસી વિસ્તારમાં જે બાળકોની પ્રતિભા સારી હોય, હોશિયાર હોય, વિશિષ્ટ પ્રતિભા ધરાવતા હોય તો તેવા વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી આદિજાતિ વિદ્યાર્થીઓને પરીક્ષાઓ વડે પસંદ કરીને ૧૦૦ ટકા પરિણામ મેળવતી જે પ્રતિષ્ઠિત શાળાઓ છે એ શાળાઓમાં વિદ્યાર્થીઓને અનુકૂળતા સાથે પસંદ કરવાની તક આપવામાં આવે છે. એને એડમીશન આપવામાં આવે છે અને સરકાર તરફથી દર વર્ષે રૂપિયા ૬૦ હજાર અને અતિ પ્રતિષ્ઠિત શાળા હોય તો દર વર્ષે રૂપિયા ૮૦ હજારના વાઉચર સ્વરૂપે એમને આપવામાં આવે છે અને ધોરણ બાર સુધીનો એમનો અભ્યાસક્રમ પૂરો થાય ત્યાં સુધી વિદ્યાર્થીને પ્રતિ વર્ષ આ વાઉચરનો લાભ પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દીધા પછી પણ સરકારશ્રીએ ચિંતા કરી છે કે, એ સ્કૂલમાં એમને સારામાં સારી સુવિધાની સાથે ઉચ્ચ ટેકનીકલની પ્રયોગશાળાઓ મળે, પુસ્તકાલય મળે, રહેવાની સુવિધા મળે, રમત ગમતનું મેદાન મળે એ માટે વિદ્યાર્થીનો જે સર્વાંગી વિકાસ છે એ વિકાસ આ સ્કૂલ દ્વારા થાય એ માટેની ચિંતા કરી છે ત્યારે આજે મારે કહેવું છે કે, સરકારશ્રીના વનબંધુ કલ્યાણ યોજનાના જે દસ મુદ્દા છે એ દસ મુદ્દાને આવરતા ચાહે સૌના માટે આરોગ્ય હોય, સૌના માટે ઘર હોય, સૌના માટે પીવાના પાણીની સુવિધા હોય કે સૌના માટે શિક્ષણ હોય ત્યારે નર્મદા જિલ્લામાં આ રાજયના સપૂત એવા સરદાર વલ્લભભાઇ પટેલની દેશની જયારે સૌથી ઉંચી પ્રતિમા બનવાની છે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ થઇ રહ્યું છે ત્યારે નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે રાજય સરકાર દ્વારા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ શિક્ષણમાં સૌથી ઉંચામાં ઉંચા શિખરો સર કરે અને પોતાની સંસ્કૃતિ સાથે જોડાઇને આ ટ્રાઇબલ યુનિવર્સિટી થકી આ સૌ સમાજમાં સામસામે બેસીને વાત કરી શકે અને ઉંચા આયામો સર કરે એના માટે આ યુનિવર્સિટી જયારે લાવ્યા છે ત્યારે મને ખરેખર ગૌરવ થાય છે અને મને વિશ્વાસ છે કે આ યુનિવર્સિટી ફકત ચીલાચાલુ શિક્ષણ નહીં પણ સાચા અર્થમાં જીવનલક્ષી અને રોજગારક્ષમ શિક્ષણ આપવામાં ઘણી જ ઉપયોગી બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે આ બિલ લઇને આવ્યા છે ત્યારે હું માનનીય ગણપતભાઇ વસાવા સાહેબને મારું પૂરેપૂરું સમર્થન આપું છું અને આ યુનિવર્સિટી દ્વારા દરેક ટ્રાઇબલ જે જિલ્લાઓ છે એ જિલ્લાઓ થકી બધાને લાભ મળવાનો છે અને આ યુનિવર્સિટીમાં કોઇ પણ જાતિ, પંથ કે વર્ગ, કોઇપણ ધાર્મિક માન્યતા વગર બધાને પ્રવેશ આપીને સલંગ્ન રાખીને બધાને આ યુનિવર્સિટી દ્વારા એક જ્ઞાનનો સાગર વહેવાનો છે ત્યારે આ બિલને હું સમર્થન આપું છું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આઝાદીના ૬૭-૬૮ વર્ષ પછી આદિવાસીભાઇઓ માટે એક યુનિવર્સિટીની રચના કરવામાં આવી રહી છે ત્યારે સમગ્ર આદિવાસી વિસ્તાર અંબાજીથી લઇને ઉંમરગામ સુધીના પટ્ટાની ૧૪.૭૫ ટકા વસતિ આવેલી છે. એનો સાક્ષારતાનો દર જોઇએ તો પુરુષોમાં ૭૧.૬૮ ટકા જયારે બહેનોમાં ૬૩.૧૬ ટકા છે. અંબાજીથી ઉંમરગામ સુધીનો જે ટ્રાયબલ પટ્ટો આવેલો છે એની ઘણા વર્ષો પછી પ્રગતિ થવાની છે, એમનો ઉદ્ધાર થવાનો છે.હું માનનીય મંત્રીશ્રીનુ ધ્યાન દોરીશ કે યુનિવર્સિટી સાથે દરેક તાલુકા મથકે માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની શાળાઓ થાય અને એમાં પણ ખાસ કરીને સાયન્સની શાળાઓ તથા કોલેજો હશે તો જ યુનિવર્સિટીનો લાભ મળશે. સરકારનો ઉદ્દેશ ઘણો સારો છે પરંતુ એની સાથે એની જે જરૂરિયાતો છે જેવી કે મેડિકલમાં સ્નાતકમાં કે પછી પી.જી. ની વાત કરીએ તો એમાં એક સીટ ફાળવેલ હોય એમાં રીઝર્વેશન હોય છે એને લાયક ઉમેદવાર નથી મળતા ત્યારે એને ઓપનમાં ફેરવી નાખવામાં આવે છે. આવા કિસ્સાઓ ગુજરાતમાં બને છે એના માટે આદિવાસીઓ લડત આપી રહ્યા છે માગણી કરી રહ્યા છે ત્યારે આવી બાબતો ધ્યાનમાં લેવામાં આવી મારી વિનંતી છે.

યુનિવર્સિટીમાં ખાસ કરીને શિક્ષણનું સ્તર છે એના વિશે હમણાં જ માનનીય સભ્યશ્રી નીમીષાબેન તથા માનનીય સભ્યશ્રી મોતીભાઇએ ઘણી બધી વાતો કરી છે. આદિવાસીઓની સંસ્કૃતિ જળવાઇ રહે, એને અક્ષરજ્ઞાન મળે, એમના વિસ્તારની પરિસ્થિતિ જેવી કે ડુંગર,પહાડોના ઝરણા એને આનુષાંગિક શિક્ષણ મળવાનું છે એના ઉપર નિબંધ લખવાનો છે, વિશ્લેક્ષણ થવાનું છે એના માટે ઘણી આશા રાખી રહ્યા છીએ કે આ વર્ગ સારી રીતે પ્રગતિ કરી શકે પરંતુ એના ચાન્સલેર અને વાઇસ ચાન્સલેરની નિમણૂક થાય ત્યારે એમાં કોઇ ભેદભાવ ન રહે, આદિવાસીઓને વનબંધુ બનાવી દે છે તેનું નામ ન બદલાય એવું ધ્યાન દોરવા માગું છું.

અમારો આદિવાસી વિસ્તાર છેક અંબાજીથી લઇને ઉંમરગામ સુધીનો ૬૦૦ કિલોમીટરનો વિસ્તાર છે. રાજપીપળામાં બનાવવાનું નક્કી કર્યું એ આમ તો સેન્ટરમાં છે પરંતુ ભવિષ્યમાં એવો જ લાભ પૂર્વ વિસ્તાર એટલે કે અંબાજી વિસ્તારને પણ મળે તો ઘણુ આવકાર્ય ગણાશે. હું આ તબક્કે માનનીય મંત્રીશ્રીનુ ખાસ ધ્યાન દોરીશ કે યુનિવર્સિટી બનાવી એ સારી વાત છે

પરંતુ એમાં સિન્ડિકેટ સભ્યોની નિમણૂક તથા વાઇસ ચાન્સલેરમાં ભરતી થાય છે એ મોટે ભાગે આર.એસ.એસ.ના માણસોની થાય છે એના બદલે જે એજ્યુકેશન સાથે સંકળાયેલા હોય, જે સારું કામ કરી શકે તેવા હોય જે એના નિષ્ણાત હોય એમની જ ભરતી કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક–૨૦૧૭, વિધેયક ક્રમાંક–૧૧ માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

આજે આદિવાસીઓના ક્રાંતિકારી લોકનાયક બિરસા મૂંડાના નામાભિધાન સાથે જે યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું છે એ ગૌરવની વાત છે અને માનનીય મંત્રીશ્રીને પણ અભિનંદન આપું કે આદિવાસી યુનિવર્સિટી માટેનો સ્તુત્ય પ્રયાસ થયો છે એ આ ક્ષણે યોગ્ય છે. હજારો વર્ષથી આદિવાસીઓને શિક્ષણથી વંચિત રાખવના પ્રયાસો થઇ રહ્યા છે. (અંતરાય) હજારો વર્ષની વાત છે. તમે તો ૨૦ વર્ષથી છો. વિદ્યાના અભાવે મતિ નષ્ટ થાય, મતિના અભાવે નીતિ નષ્ટ થાય, નીતિના અભાવે ગતિ નષ્ટ થાય અને ગતિના અભાવે વિત્ત નષ્ટ થાય અને વિત્તના અભાવે શૂદ્રોનું પતન થશે. એવા દૂરોગામી વિચાર સાથે આદિવાસીઓને શિક્ષણથી વંચિત રાખવાના પ્રયત્નો થઇ રહ્યા હતા. આજે બિરસા મૂંડાની સાથે મહાનાયક મહાત્મા જ્યોતિરાવ ફૂલેને પણ હું યાદ કરીશ. એ વખતના સમકાલિન સમાજના ચિંતકો, એ માનસિકતાના લોકોને કલ્પના પણ ન હોય કે આદિવાસીઓ, શૂદ્રો, અતિશૂદ્ર લોકોને શિક્ષણની ભૂખ છે અને તેને ઉજાગર કરવા માટે ૧૮૪૮માં ક્ષુદ્રો માટે ખાસ વિદ્યાલયની શરૂઆત કરી અને આ દેશમાં ક્રાંતિ થઇ. ડો. બાબા સાહેબ આંબેડકર જેમને ગુરુ માનતા હતા. તથાગત બુદ્ધ અને તેમાં જોતિરાવ ફૂલેનો ઉમેરો કરીને તેમણે તેમની આસ્થા અને શ્રદ્ધામાં વિશ્વાસ મૂક્યો હતો. એક ભાષણમાં ડો. બાબા સાહેબ આંબેડકરે કહ્યું હતું કે આ ધરતી પર જ્યોતિરાવ ફૂલે ન હોત તો ડો. બાબા સાહેબ આંબેડકરનો પણ જન્મ ન થયો હોત. એવા ક્રાંતિકારી વિચારો સાથે સમાજમાં પરિવર્તન થાય, સમાજમાં આંદોલનો થાય, શોષિત લોકોને ઉજાગર કરવા માટે દેશમાં, દુનિયામાં, સમાજમાં ક્રાંતિકારી મહામાનવો પેદા થતા હોય તેમાં આદિવાસી સમાજના બિરસા મૂંડા જેમણે ૨૫ વર્ષની યુવાન વયે આ દેશના બ્રિટીશ શાસનકર્તાઓ સામે વિદ્રોહ કરીને આ દેશને આઝાદી અપાવવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે એટલે આ યુનિવર્સિટી સાથે તેમનું નામાભિધાન થયું છે તેના માટે ફરી માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપીશ. અંબાજીથી ઉમરગામ સુધીની જે પૂર્વપટ્ટી છે. આજે લગભગ એક કરોડનો આદિવાસી સમાજ પોતાની સંસ્કૃતિ, આગવી રહેણીકરણી. મારા મુરબ્બી મોતીભાઇ કહેતા હતા કે એમની જે વંશ પરંપરાગત હસ્તકલા છે, પોતાનું જીવન, પોતાનું જંગલો સાથેનું તાદાત્મ્ય, ઓછામાં ઓછું પ્રકૃતિ પાસેથી લઇને સાદું જીવન કેવી રીતે જીવવું એ આદિવાસીની અસ્મિતા છે. હમણાં જીતુભાઇ બોલતા હતા કે આદિવાસીના સ્થાને વનબંધુ ન થાય એની કાળજી રાખજો, તો પ્રવિણભાઇ કહેતા હતા કે વનબંધુમાં વાંધો શું છે? વનબંધુમાં એટલા માટે વાંધો છે, આદિવાસીની જે અસ્મિતા છે, બંધારણમાં વનબંધુનો કયાંય ઉલ્લેખ નથી. ધારો કે આદિવાસી પૂર્વવિસ્તારમાં જે અનુસૂચિત વિસ્તારો જાહેર કરેલા છે. મારા મિત્ર હર્ષદભાઇ કાલે મને પૂછતા હતા કે બિરસા મૂંડા શું છે? એટલે આપણાં જે સમાજના આગેવાનો છે. મેં એમને કહ્યું કે યુનિવર્સિટીનું જે છે, આ પાટીદાર આંદોલનો થયા, ઠાકોર આંદોલનો થયા, દલિત આંદોલનો થયા તેના પરિપાકરૂપે આ યુનિવર્સિટી આવી છે. એટલે એમને મેં પહેલાં અભિનંદન આપ્યા. આદિવાસીઓને કેમ કરીને તેમના તરફ આકર્ષવાના પ્રયત્નો થાય. એક ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી બે વર્ષ પહેલાં થઇ છે તેમાં આજે શું પરિસ્થિતિ છે તેનો આજે આપણે ખ્યાલ રાખીએ. એ પણ નેતા હતા, એ પણ આંદોલનકારી હતા. એમાં જે રજિસ્ટ્રાર હોય, ઉપકુલપતિ હોય, બીજો સ્ટાફ છે. આજે બીજી યુનિવર્સિટીઓની જે પરિસ્થિતિ છે એમાં ૫૦ ટકા કરતાં પણ ઓછો સ્ટાફ હોય છે. એ રીતે આ યુનિવર્સિટી પણ સ્ટાફથી કુપોષિત ન રહે એની ચિંતા કરીશું. સેટેલાઇટથી જે જે વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ હોય, માધ્યમિક શાળાઓ હોય, મોડેલ સ્કૂલો હોય એમાં સ્ટાફની ભરતીમાં આદિવાસીઓની ભરતી જરૂરી છે. અત્યારે આદિવાસીઓમાં શિક્ષણની ભૂખ ઉઘડી છે. એને પૂરતું જ્ઞાન મળે, આદિવાસીઓનું પરંપરાગત જ્ઞાન મળે અને એ આદિવાસીઓની સંસ્કૃતિ જળવાઇ રહે એવી અપેક્ષા રાખું છું. યુનિવર્સિટીની સાથોસાથ ત્યાં જે જુદા જુદા વિષયે ભણાવવાના છે એમાં સાંસ્કૃતિક વિભાગ હોય જેના દ્વારા ટેકનીકલ જ્ઞાનની સાથે આદિવાસીઓનું પરંપરાગત જ્ઞાન પણ તેમને આપવું જરૂરી છે. આજે આદિવાસીઓ જેમ પછાત ગણાય છે એવું પછાતપણું આ યુનિવર્સિટીમાં ભણનાર યુવાનોમાં ન થાય એની કાળજી રાખશો તેવી અપેક્ષા સાથે માનનીય મંત્રીશ્રીને આ બિલ લાવવા બદલ અભિનંદન આપું છું.

શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક લાવ્યા છે એને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. બિરસા મૂંડા ટ્રાયબલના એક ક્રાંતિકારી નેતા હતા. એમના નામને જોડીને આ યુનિવર્સિટીને નામ આપ્યું છે એ બદલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને મંત્રીશ્રી ગણપતભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અહીંયાં બિરસા મૂંડાની કેટલીક વાતો થઇ. ૨૫ વર્ષની ઉંમરે એક આદિવાસી યુવાન વિદેશીઓ સામે લડનાર, પોતાની સંસ્કૃતિને બચાવવા માટે, દેશદાઝથી ભરેલા યુવાનના નામની યુનિવર્સિટી બને છે. ગુજરાતમાં ટ્રાયબલની ૯૦ લાખની વસ્તી છે. એમને ખૂબ આનંદ થવાનો છે. આ બિરસા મૂંડાના જન્મ સ્થળે સ્ટેચ્યુ ઓફ યુનિટિ નિમિત્તે એક ટીમ ઝારખંડ રાજ્યમાં ગઇ હતી એમાં મારે પણ જવાનું થયું હતું. ત્યારે ઝારખંડમાં બિરસા મૂંડાનું સ્મારક આખી સમિતિને જોવા મળેલ. મને કહેતા આનંદ થાય છે કે એ ટીમમાં સામેલ એવા એક અધિકારી કે જેઓ ઝારખંડના હતા એ અહીં બેઠા છે. જેઓ ટ્રાયબલ કમિશ્નર છે અને એક ઝારખંડના

આઇપીએસ અધિકારી પણ અમારી સાથે હતા. ત્યાં જઇને જ્યારે સ્મારક જોયું અને અમને વધારે આનંદ થયો. સ્મારકની સાથેસાથ ગુજરાતના તે વખતના મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલે બિરસા મૂંડા ભવન માટે રૂ.૫/- કરોડ ફાળવ્યા અને બિરસા મૂંડા ભવન બન્યું અને એનું લોકાર્પણ થયું. આટલી બધી માતબર રકમથી બનેલ આ બિરસા મૂંડા ભવન આખા ભારતમાં ફક્ત આ ગુજરાતમાં જ હશે એવું હું ચોક્કસ માનું છું. જેના માટે ભારતીય જનતા પાર્ટીને અભિનંદન આપું છું. ઘણી બધી વાતો થઇ છે અને બધા સભ્યોએ આ યુનિવર્સિટીને અનુમોદન આપ્યું છે. મને બરાબર ખ્યાલ છે અને મેં આગળ પણ પ્રવચન કર્યું છે કે ૧૯૯૦માં શિક્ષણમાં ટ્રાયબલની સ્થિતિ કેવી હતી અને ત્યાર પછી ભારતીય જનતા પાર્ટીએ શિક્ષણને વધારે મહત્ત્વ આપીને તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દસ મુદ્દામાં શિક્ષણને વધારેમાં વધારે મહત્ત્વ આપ્યું. તે વખતે ૧૯૯૦માં ૨૭ ટકા ટ્રાયબલમાં શિક્ષણ હતું. મારા મિત્રો સમજે કે આપણી સ્થિતિ તે વખતે કેવી હતી? બહેનો માટે મેં કહ્યું એમ એમનામાં ૧૭ ટકા શિક્ષણ હતું અને બનાસકાંઠામાં તો ફક્ત ૭ ટકા શિક્ષણનું પ્રમાણ હતું. આજે પુરુષોમાં ૬૩ ટકા અને બહેનોમાં ૫૨ ટકા જેટલું શિક્ષણ આવ્યું છે. એકલવ્ય મોડલ સ્કૂલની વાત થઇ છે, લો લિટરસીની વાત થઇ છે, સૈનિક શાળાની વાત થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

આ બધું ભારતીય જનતા પાર્ટીની સરકારની દેન છે. મારે ખાસ કરીને ટ્રાયબલ ધારાસભ્યોને અને આજે તો મારે મોતીભાઇને પણ અભિનંદન આપવા જોઇએ કે ટ્રાયબલની જે સંસ્કૃતિ છે એ સાંસ્કૃતિક વિશે કેટલાકને નહીં ખ્યાલ હોય કે વાંસમાંથી એક કાણું પડેલું હતું અને તેમાંથી સુર નિકળ્યો અને પછી એમાંથી બંસી બની, આ જે સંસ્કૃતિની વાત છે એ કેટલાક લોકો ઓછા જાણતા હશે. પાણીના ખડખડાટની સાથે સંગીતને જોડવાની વાત, એ તો કેટલાક કહેતા હશે પણ આ જે આદિવાસીની સંસ્કૃતિ છે એ સંસ્કૃતિ ઉજાગર કરવા માટે પણ આ યુનિવર્સિટીમાં કેટલીક વ્યવસ્થા થઇ છે. મારે એ પણ વાત કરવી છે કે એકલવ્ય મોડલની સ્કુલ છે એ જોવા ચોકકસ આપણે સાથે મળીને જવું જોઇએ, આદિવાસી દીકરા-દીકરીઓ જે સુવિધા સાથે ભણે છે, કેટલીક જગ્યાએ કયાંક થોડી ઘણી ખામી હશે ખરી, માણસ કામ કરેને તો ભૂલ થાય, કામ જ ના કરતા હોય તો ભૂલ કેવી રીતે થાય? એટલે આપણી સાથે રહીને આદિવાસી દીકરા-દીકરીઓ કેવું સરસ રીતે રહે છે, કેવું સરસ જમે છે, કેવી સ્કુલોમાં ભણે છે, પહેલા કેવી જર્જરીત હાલતમાં મકાન હતા, આજે એક એક મકાન તો જુઓ તમે, ૪૦ કરોડ, ૪૬ કરોડ, ૫૨ કરોડ, ઘણી વખત તમે સાપુતારામાં જાવ, સામે આહવા છે એમાં કુદરતી સૌંદર્ય છે જાણે ઉટીમાં કોઇ છોકરા ભણતા હોય ને એવી ત્યાં એકલવ્ય મોડલની સ્કૂલ છે, અમે તો ગયા છીએ, જોયા છે અને બાળકોને પ્રોત્સાહિત કર્યા છે. સૈનિક શાળાની વાત કરું માનનીય જોષીયારાજી તો સાબરકાંઠાના છે, સૈનિક શાળાની મારે વધારે વાત કરવી છે કે સૈનિક શાળામાં ૪૫૪ જેટલા બાળકો અભ્યાસ કરે છે, આજે તમે સાબરકાંઠા એરીયામાં જાવને, દાહોદના એરીયામાં જાવ તો કેટલીક જગ્યાએ બાળકોને જે સૈનિકની તાલીમ લેવામાં આવી રહેલ છે, એ રીતે બાળકોને પ્રોત્સાહિત થયેલા જોઇએ તો આપણને ખ્યાલ આવે આ સૈનિક શાળાની કેટલી આવશ્યકતા છે? ૫૦૦ બાળકો ગણવેશમાં જયારે પરેડ કરતા હોય, રૂટમાર્ચ કરતા હોયને ત્યારે આપણી પણ છાતી ગદગદ ફુલે કે આ આદિવાસીઓના બાળકો છે અને મારે ફરીથી આ સરકારને અભિનંદન આપવા છે કે આ વખતે બજેટમાં બે સૈનિક શાળાને પણ આમેજ કરી છે અને એવા વિસ્તારમાં એ સૈનિક શાળા થાય કે જયાં બાળકો પ્રોત્સાહિત થઇને એ સૈનિક શાળામાં ભણે અને આગળ જતા મિલેટ્રીમાં જોડાય, આગળ આપણા મંત્રીશ્રીએ આદિવાસીના નેતા બિરસા મૂંડાની વાત કરી, તમે વિચાર તો કરો ૨૫ વર્ષના જુવાનીયાનો અને એની સરખામણી કરો કે એ આદિવાસી યુવાન કેવો હતો? એટલે વારસામાં આદિવાસીને આ દેશદાઝ છે એનામાં યુદ્ધની શકિત પડેલી છે અને મને લાગે છે કે આગળ જતા આ જો સૈનિક શાળાની બરાબર વ્યવસ્થા થશે તો આજે એમ કહેવાય કે રેજીમેન્ટ જે ગણાય છે એ રેજીમેન્ટ આવતા દિવસોમાં ટ્રાયબલ રેજીમેન્ટ બને એના માટેની પણ તક ગુજરાત સરકારે જયારે આપી છે ત્યારે મારી બધા જ ધારાસભ્યોને વિનંતી છે, આગળ કહ્યું એમ કંઇને કંઇ ખામી તો હોય છે પરંતુ સાથે રહીને આદિવાસીના બાળકો કેવી રીતે વધારે પ્રોત્સાહિત થાય, આજે એમને જે સુવિધા મળી રહી છે, આજે ૧૫ યુનિવર્સિટી હતી એમાંથી આજે ૬૨ યુનિવર્સિટી થઇ છે, આની સાથે તમે ગુરૂ ગોવિંદસિંહની યુનિવર્સિટી દાહોદમાં થઇ, રાજપીપળામાં બીજી યુનિવર્સિટી થઇ છે, અને અહીંયા જેમ જણાવવામાં આવ્યું તેમ કેટલીય સંસ્કૃતિને કલાને જોડીને અને કલાની જયારે વાત આવે ત્યારે ડાંગના આદિવાસીઓને જોઉ છું તો વાંસમાંથી બનતી વસ્તુની સરકારમાંથી મળતી ટ્રેનીંગ માટે એ આસામ ગયા અને આસામમાંથી જે શીખીને લાવ્યા છે, એક એક નાની નાની કૃતિ બનાવે છે અને માલદારોના ઘરમાં એ કૃતિ જયારે જાય છે ત્યારે એ ઘરમાં જોઇને પણ થાય કે આ મારા આદિવાસી દીકરાએ બનાવેલી છે, આ મારી આદિવાસી દીકરીએ બનાવેલી છે અને ત્યારે આદિવાસીમાં કલા પડેલી છે, સંસ્કૃતિ પડેલી છે એને ઉજાગર કરવા માટે જયારે આમાં કોર્ષીસ આવવાના છે ત્યારે રોજગારલક્ષી પણ કેટલાક તાલીમ વર્ગો જયારે આવવાના છે ત્યારે મારે સરકારને અને ખાસ કરીને વિજયભાઇ, નીતિનભાઇ અને ગણપતભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપીને વિનંતી કરું કે બધા જ ટ્રાયબલ ધારાસભ્યો મનમાં એક નકકી કરો કે મારો આદિવાસી કેવી રીતે આગળ વધે. સરકાર તો જેની હશે તેની.પણ મારે એટલું ચોક્કસ કહેવું જોઇએ કે જ્યારે પણ આદિવાસીઓના વિકાસનો ઈતિહાસ લખાશે ત્યારે નરેન્દ્રભાઇ સાહેબ એના મૂળમાં આદિવાસીઓના ઉત્થાન માટેની જે કામગીરી કરી ગયા છે, ૧૦ મુદ્દા કાર્યક્રમમાં જે જમ્પ લાગ્યો છે એના માટે ચોક્કસ એટલું કહી શકાય કે ન ભૂતો ન ભવિષ્યતિ. નરેન્દ્રભાઇ ટ્રાયબલ માટે જે કરી ગયા છે એમાં અહીંયા વનબંધુ નામથી થોડી એલર્જી છે. મને એ બતાવો કે વનબંધુનો અર્થ શું થાય? વનબંધુ યોજના આવી ત્યારે ૫ વર્ષ માટે ૧૫ હજાર કરોડની યોજના હતી

એની સામે ૧૭,૮૩૨ કરોડ વપરાયા. ફેઝ–૨માં આવ્યા ત્યારે ૪૦ હજાર કરોડની વાત થઇ એની સામે ૪૨ હજાર કરોડ કરતા વધારે જ્યારે વપરાયા હોય એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસીઓ માટે આટલી યોજનાઓ બનાવીને આદિવાસીઓનો વિકાસ કેવી રીતે થાય એના માટેનો વિચાર કર્યો હોય ત્યારે ચોક્કસ આવા બિલને અનુમોદન આપીએ. આજે તો કેટલાક કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓએ પણ આને અનુમોદન આપ્યું છે પણ મારી લાગણી છે કે એક સાથે થઇને રાજકારણને બાજુ પર રાખી કેવી રીતે આદિવાસી સમાજ આગળ વધે એના માટે સહિયારો પ્રયાસ કરીએ એવી અપેક્ષા સાથે બિલને મારું અનુમોદન આપું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે યુનિવર્સિટી બિલ લઇને આવ્યા છે એમાં કોંગ્રેસ પક્ષે હંમેશા આદિવાસી સમાજમાં એમના ઘડતરથી માંડીને એમનો જ્યાં જ્યાં વિકાસ થતો હોય તો હંમેશા તૈયારી બતાવી છે. આ બિલ લઇને આવ્યા છે એને પણ અમારો સંપૂર્ણપણે ટેકો છે. મારે માત્ર એટલું જ કહેવું છે કે કદાચ આ બિલ એ માત્ર બિલ પૂરતું ન રહે, રાજકીય હેતુ પૂરતું ન રહે. ભૂતકાળમાં જે રીતે યુનિવર્સિટીઓ લાવ્યા છીએ અને આજે એ યુનિવર્સિટીઓની શું પરિસ્થિતિ છે? માનનીય મંગુભાઇ હમણા કહેતા હતા કે ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી, તો એની આજે જે સ્થિતિ છે, રક્ષા યુનિવર્સિટી હોય, બીજી યુનિવર્સિટી હોય એ માત્ર રાજકીય ન રહે પણ વાસ્તવમાં આ યુનિવર્સિટીમાં માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ સાહેબને વિનંતી કરું કે ખરેખર આદિવાસી સમાજ માટે આ બહુ જરૂરી છે, સારું કામ છે અને અમારા બધા સભ્યોનો ટેકો છે. પણ માત્ર આને સાચા અર્થમાં હેતુ રહે એવું રાજ્ય સરકાર જોવે એ અમારા બધા વતી વિનંતી છે અને આનંદભાઇ કહેતા હતા એ મુજબ આ યુનિવર્સિટીનો હેતુ સરે એ ચોક્કસ જોશે અને જલ્દીમાં જલ્દી એ કાર્યાન્વિત થાય એવી વિનંતી છે.

શ્રી ગણપતસિંહ વે.વસાવા (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટીના બિલ ઉપર આ ગૃહના સભ્યશ્રી મોતીભાઇ, નિમિષાબેન, વિપક્ષના મિત્રો શ્રી જીતુભાઇ ચૌધરી, આનંદભાઇ, બલવંતસિંહભાઇ અને અમારા વડીલ એવા શ્રી મંગુભાઇ સાહેબે ખૂબ લંબાણથી ચર્ચાઓ કરી છે. વિપક્ષના મિત્રોએ સમર્થન પણ આપવાની વાત કરી છે ત્યારે હું પણ સરકાર વતી બધાનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બહુ લાંબી વાતો હું કરીશ નહીં પણ આ ગુજરાતની અંદર આદિવાસી સમાજ એ બહુ મોટો સમુદાય છે. ૯૦ લાખ કરતાં પણ વધારે જનસંખ્યા છે. જ્યારે અમારા ડોકટર સાહેબ શિક્ષણની ચિંતા કરતા હતા એનો ખૂબ સારો જવાબ અમારા વડીલ શ્રી મંગુભાઇએ આપ્યો કે ભૂતકાળની સરકારોમાં માત્ર ૨૭ ટકા શિક્ષણ હતું. પરંતુ નરેન્દ્રભાઇ મોદી સાહેબે આદિવાસી સમાજના શિક્ષણ માટે જે ચિંતા કરી અને ત્યારબાદ જે આદિવાસી સમાજમાં શિક્ષણની ભૂખ જાગી અને જાગૃત્તિ આવી છે એના આંકડા મારે ખરેખર વિધાનસભા સમક્ષ મૂકવા જોઇએ. ૨૦૦૧ની સ્થિતિએ સમગ્ર રાજ્યનો એટલે બધા સમાજોનો જે શિક્ષણનો દર ૬૯% હતો અને આદિવાસી સમાજનો ૪૭% હતો. માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે શિક્ષણ પાછળ અનેક પ્રયત્નો કર્યા એના પરિણામે ૨૦૧૧માં જ્યારે ફરી સરવે થયો ત્યારે ગુજરાતમાં જનરલ સાક્ષરતા દર ૭૮% એ પહોંચ્યો અને આદિવાસી સમાજમાં માત્ર એક દસકામાં ૧૪%નો જમ્પ લાગ્યો અને ૬૨% એ આદિવાસી સમાજમાં શિક્ષણ પહોંચ્યું અને એમાં પણ સૌથી વધારે ગૌરવની વાત એ છે કે મહિલાઓમાં ૧૪% વધ્યો છે. આ રાજ્ય સરકારે આદિવાસી સમાજના શિક્ષણ પાછળ ખૂબ ચિંતા કરી છે, ખૂબ મહેનત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતા ગૌરવ થાય છે કે આદિવાસીના બાળકોને ભણાવવા માટે શિષ્યવૃત્તિ હોય, ફૂડ બિલ હોય, એમના છાત્રાલયનો ખર્ચ હોય કે ભણતરનો ખર્ચ હોય એક વર્ષમાં ૪૦૦ કરોડ કરતા પણ વધારે શિષ્યવૃત્તિ એ રાજ્ય સરકારે આદિવાસી સમાજ પાછળ વાપરે છે. અમારાં ડૉક્ટર સાહેબ શિક્ષકોની બહુ જ ચિંતા કરે છે કે ઘણી જગ્યા ખાલી છે. જી.પી.એસ.સી. દ્વારા શિક્ષકોની ભરતી કરવાનું અભિયાન ચાલુ જ છે અને એમાં પણ એકલવ્ય મોડલ સ્કુલોની વાત કરીએ તો રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો આભાર માનું છું કે કરાર આધારિત શિક્ષકો રદ કરીને પૂર્ણ પગારવાળા લગભગ ૭૦૦ શિક્ષકોની ભરતી કરવાની અમને મંજૂરી મળી છે. ટૂંક સમયમાં જ પૂરેપૂરા શિક્ષકો ભરાય જશે અને રહી વાત અમારા જીતુભાઇ મેડિકલ સિટોની ચિંતા કરતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતા ગૌરવ થાય છે કે, ભૂતકાળની સરકારોમાં અમારા ટ્રાયબલની ૫૦% સિટો ખાલી રહેતી હતી પણ રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે છેલ્લા ૪ વર્ષથી સો એ સો ટકા એમ.બી.બી.એસ.ની સીટો અમારી ભરાય છે. હું લાંબી વાત નહિ કરું અમારા મોતીભાઇ, આદરણીય મંગુભાઇ સાહેબ અને વિપક્ષના મિત્રો આજે સરકારની સરાહના કરી છે, એમને અભિનંદન પણ આપ્યા છે. આ ટ્રાયબલ યુનિવર્સિટીમાં જે કોર્ષિસ ચાલવાના છે એમાં ઘણી બધી વિશેષતાઓ રેહલી છે. આ યુનિવર્સિટીમાં જે આયુર્વેદિક કોર્ષ ચાલવાના છે. ભૂતકાળનો દાખલો લઇએ તો ભૂતકાળમાં રામાયણ કે મહાભારતની વાતો કરો ક્યાંય પણ ડૉક્ટરનો ઉલ્લેખ્ ન હતો બધું ઋષિમૂનિઓ અને વૈદ્યો દ્વારા દવા અને ઉપચારો કરવામાં આવતા હતા. આદિવાસી સમાજ માટે આયુર્વેદિકમાં એટલું બધું કૌશલ્ય પડેલું છે કે આજે તમે ડાંગ, દાહોદ, છોટાઉદેપુર કે નર્મદા જિલ્લામાં જાવ વનસ્પતિના જાણકાર એટલા બધા મિત્રો છે ત્યાં બે બે કલાકે તો એ દર્દીનો વારો આવે છે, એનાથી પણ આગળ વધીને વાત કરું તો અસાધ્ય રોગો જેવા કે કેન્સરના રોગની દવા વલસાડ, ડાંગ હોય ત્યાંના આયુર્વેદિક આદિવાસીભાઇઓ આપે છે અને શહેરોમાંથી મોટાભાગનાલોકો ત્યાં સારવાર લેવા પહોંચતા હોય છે. અત્યારે આપણે જોઇએ તો આજે ૧૦ વર્ષના બાળકની પણ બંને કિડની ફેલ થયેલાના દાખલા જોઇએ છીએ. એ કોઇ વ્યસન ના કરતા હોય તો પણ કેન્સરની બિમારી જોવા મળે છે. ૨૦ વર્ષના યુવાનને એટેક આવે છે આ બધું જ અત્યારની જે શાકભાજી અને ભોજન છે,

અત્યારની જે ખાણીપીણી છે એના કારણે આ બધું થાય છે. આજે પણ આદિવાસી ગામડાઓમાં આપણે જોઇએ તો આદિવાસી સમાજનો ભાઇ જાતે હળથી ખેતર ખેડે છે. વાડો બાળે, કોઇ રાસાયણિક ખાતર નહીં, પોતાના ઘરના જાનવરોનું જે ખાતર છે એ દેશી ખાતર નાખીને કોઇ પણ બિયારણમાં અન્ય કોઇ રાસાયણ નહીં નાખીને આજે પણ આ ઓર્ગેનિક અનાજ પકવે છે. મને કહેતા આનંદ થાય કે, અહીંયા બેઠેલા મને ખ્યાલ નથી કે કેટલા લોકોએ તમે ક્યારેક ડાંગની નાગલીનો રોટલો ખાજો, ડાંગની જે નાગલી છે એના બિસ્કિટ, ચોકલેટ. સાહેબ એમાં એટલા બધા વિટામીન આવેલા છે આપણને કોઇને ખબર નથી. એજ પ્રમાણે ગામડાની અંદર જે દેશી ચોખા આવેલા છે, જેને આપણે ભાત કહીએ છીએ, એ ભાત તૈયાર થતો હોય અને કોઇ ઘરમાં બને ને તો એની સુવાસ ચાર ઘરો સુધી ફેલાતી હોય છે, એટલો સુગંધીદાર આ ભાત બનતો હોય છે. એનાથી આગળ વધીને જુવારનો રોટલો, આંબાનો છૂંદો, કાંદાનો છૂંદો, બાફેલી તુવેર, નદીમાં ઊગેલી લીલી ભાજી, મકાઇનો રોટલો, શેકેલા લીલા ચણા આ બધામાં એટલું બધું વિટામીન હોય છે કે, વાત કરતાં કરતાં બધાના મોં ની અંદર પાણી આવે છે અને એ બધા કોર્ષો અહીંયા ચાલવાના છે. સાહેબ, હમણાં અમદાવાદમાં ફ્લાવર શો થયો તો ગામડાના જંગલ વિસ્તારમાં જે ઓર્ગેનિક અનાજ જે પાક્યું છે એના સ્ટોલ લગાડ્યા તો એક મહિનામાં લાખ્ખો રૂપિયાનું આ આદિવાસીઓનું અનાજ વેચાયું અને મેં મુલાકાત લીધી તો ત્યાં અનાજની ખૂબ ઘટ પડી ગઇ હતી. તો આવનારા દિવસોમાં આ ઓર્ગેનિક અનાજની પણ ડિમાન્ડ વધશે, આદિવાસીઓને આના કારણે રોજગારી પણ મળવાની છે.

એ પ્રમાણે અહીંયા કલાકારોને પણ મહત્વ આપવાની વાત કરી છે આ યુનિવર્સિટીમાં. અમારું કોઇ નૃત્ય હોય, અમારો કોઇ હોળીનો ડાન્સ હોય તો એમાં પણ વિજ્ઞાન છુપાયેલું છે. ઘણી બધી બિમારીઓ એમાંથી પણ દૂર થઇ જતી હોય છે, એના શરીરને કસરત મળતી હોય છે. એજ રીતે રમત–ગમતને પણ મહત્વ આપવામાં આવે તો આદિવાસી સમાજને કુદરતે આપેલી ભેટ જે વારસામાં મળી છે કે ઓછી મહેનતે અમે ખેલાડીઓ ઊભા કરી શકીશું. આજે ડાંગની એક્સપ્રેસ કહેવાય એવો "મુરલી ગાવિત" જે આપણું ગુજરાતનું આજે ગૌરવ છે. આદિવાસી સમાજ માટે ઘણા એમ કહે કે, ઝૂંપડામાં રહે, કાચા ઘરમાં રહે. સિમેન્ટ કરતાં પણ કાચા ઘરોનું મહત્વ છે, એની પાછળ પણ સાયન્સ છે. અમારા કાચા ઘરોની માટી એનું જે છાણનું લિંપણ છે એ તમે જો ભર ઊનાળે આવો તો તમને એ.સી. જેવી ઠંડક મળે. એવા બધા કોર્ષિસ આમાં અમે ચલાવવા માગીએ છીએ. ત્યારે વિશેષ વાત ન કરતાં આદિવાસીની ચિંતાઓ જે કરી છે એમાં કુલપતિની નિમણૂકની પણ માનનીય જીતુભાઇએ ચિંતા કરી છે. આની અંદર અધિનિયમમાં જોગવાઇઓ કરી છે કે, પી.એચ.ડી. થયેલા, પ્રાધ્યાપક તરીકે દસ વર્ષનો અનુભવ ધરાવતા હોય, શિક્ષણ ક્ષેત્રે બાર વર્ષનો અનુભવ ધરાવતા હોય અને આ બધી જ લાયકાત ધરાવનાર કોઇ આદિવાસી ઉમેદવાર પણ આવશે તો એમાં બિલમાં જોગવાઇ કરી છે કે, એને પહેલા પ્રાયોરિટી આપવામાં આવશે. એજ પ્રમાણે સંચાલક મંડળમાં અમે વિશેષ ધ્યાન રાખ્યું છે, ૩૩ ટકા મહિલા અનામત, એજ પ્રમાણે સંચાલક મંડળમાં ૩૩ ટકા આદિવાસી રિઝર્વ સીટો પણ રાખવામાં આવી છે, એજ પ્રમાણે કારોબારીમાં પણ ૩૩ ટકા મહિલા અનામત અને ૩૩ ટકા આદિવાસી સમાજને પ્રતિનિધિત્વ મળવાનું છે. એટલે મારી ગૃહના બધા જ સભ્યશ્રીઓને વિનંતી છે કે, આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકાર અમારા શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે અને અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આદિવાસી સમાજના હિતમાં આટલું મોટું કદમ ઊઠાવ્યું છે ત્યારે આજે સવારથી જ અમારા વિપક્ષના મિત્રો અમારા ઉપર રાજી હોય, અમારા ઉપર અભિનંદન વરસાવતા હોય એવું એમના પ્રવચનો ઉપરથી લાગી રહ્યું છે ત્યારે હું આ ગૃહના બધા જ મિત્રોને અપીલ કરું છું કે, આ બિલ વિના વિરોધે પાસ કરે એવી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક – ૧૧, સન ૨૦૧૭ના બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે પસાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૬૭, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૧૭ના બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે પસાર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૧૭ના બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના બધા સભ્યશ્રીઓનો હું આભાર માનું છું કે પહેલું બિલ મારું સર્વાનુમતે મંજૂર કર્યું અને આ પણ આદિવાસી સમાજના હિતનું બહુ મોટું કાર્ય કરવા જઇ રહ્યું છે એવું બીજુ બિલ છે.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૧૦

ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી ગણપતસિંહ વે.વસાવા (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૧૭ના ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૧૭ના ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જ વાત થઇ કે ગુજરાતની અંદર પૂર્વપટ્ટીમાં આદિવાસી સમાજનો વસવાટ છે અને ૧૪ જિલ્લા, ૫૦ તાલુકા, ૪૦૦૦ કરતા પણ વધારે ગામડાંઓમાં એનો વસવાટ છે. આદિવાસી સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન છે. આ સિવાય ગૌણ વન પેદાશ એકત્રીકરણ, મત્સ્ય ઉદ્યોગ તેમજ કુટિર ઉદ્યોગના વ્યવસાય સાથે આ સમાજ જોડાયેલો છે. આદિવાસીઓના ઝડપી સર્વાંગી વિકાસ માટે આઝાદી પછી સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા ખાસ પ્રયત્નો કરવામાં આવેલ છે અને રાજયની અંદર અંતરિયાળ વિસ્તારમાં વસતા આદિવાસીઓ જે વિકાસથી વંચિત હતા તે લાંબા સમયથી વંચિત રહેલા આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આ પ્રકારનું કોરપોરેશન સ્થાપવું જરૂરી હતું એટલા માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન એક વૈધાનિક સંસ્થા છે જેની સ્થાપના ૧૯૭૨માં કરવામાં આવી . રાજયમાં વસતા આદિજાતિના લોકોને સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની કોરપોરેશનની પ્રાથમિક ફરજ છે જે અનુસાર નિગમ કૃષિ વિકાસ કાર્યક્રમ, માર્કેટીંગ પ્રક્રિયા, ખેતીના ઉત્પાદકતાના સ્ટોરેજ માટેના મકાનો, ગોડાઉન બાંધકામ, ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા, રાજય સરકારના આ અર્થે મંજૂર કરે તેવી બીજી પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું કામ આ નિગમ કરે છે. આવી પ્રવૃત્તિ હાથ ધરવા માટે શેરમૂડી ભંડોળ ખૂબ જરૂરી છે અને એટલા માટે આદિજાતિ વિકાસ કોરપોરેશનની ૧૯૭૨ માં સ્થાપના થઇ. શરૂઆતમાં શેરભંડોળ ૫ કરોડ હતું. ૧૯૮૮ માં આ નિગમનુ શેર ભંડોળ ૧૫ કરોડ થયું અને ત્યારપછી ૧૯૯૫ માં ફરી ૨૦ કરોડ વધારવામાં આવ્યું. મને કહેતા ગૌરવ થાય છે કે જેમના હૈયે આદિવાસી સમાજનું હિત હતું, એવા આદરણીય નરેન્દ્રભાઇ મોદી ૨૦૦૧ માં મુખ્યમંત્રી બન્યા ત્યારે ૨૦ કરોડથી સીધો વધારો કરીને ૫૦ કરોડ જેટલું શેર ભંડોળ વધારી આપવામાં આવ્યું. હાલના સંજોગો અને જરૂરિયાતને ધ્યાનમાં લઇને યુનિટ કોસ્ટમાં વધારો થયેલ છે. હાલની મૂડી હજુ વધારે જરૂરિયાત ઊભી કરે તેવું લાગે છે. કોરપોરેશન પાસે પર્યાપ્ત પ્રમાણમાં નાણાં ન હોય તો આદિવાસી લાભાર્થીઓને આર્થિક મદદ કરી શકાય તેમાં તકલીફ ઊભી થાય છે. તો ૫૦ કરોડનું અમારું ભંડોળ છે એમાં વધારો કરીને ૬૫ કરોડ કરવા માટે આ બિલમાં એક નાનકડો સુધારો લઇને આવ્યો છું. આદિજાતિ વિકાસ કોરપોરેશન અધિનિયમ ૧૯૭૨ ની કલમ-૫ ની પેટા કલમ-૧ થી રાજ્ય સરકારને મળેલી સત્તા અનુસાર નિગમની મૂડીની ટોચ મર્યાદા ૫૦ કરોડથી વધારીને ૬૫ કરોડ રૂપિયા લઇ જઇએ તે માટેની માગણી છે. આજે અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ બેઠા છે. એમનો આભાર માનું છું કે ૫૦ કરોડના ૬૫ કરોડ કરવા માટે નાણા વિભાગે મંજૂરી આપી તે બદલ આભાર.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ કોરપોરેશન અધિનિયમ-૧૯૭૨ લઇને આવ્યા છે, તેમા મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. આ કોરપોરેશન ૧૯૭૨ એટલે ૪૫ વર્ષ પહેલાં બનેલ ત્યારે આદિવાસી પ્રજાની ખૂબ ચિંતા કરેલ. તેમનો આર્થિક વિકાસ કેવી રીતે થાય, એના માટે આ કોરપોરેશનની રચના કરેલી. જ્યારે આ કોરપોરેશનની રચના કરવામાં આવેલી ત્યારે લગભગ ૩૯ જેટલી નાની મોટી આર્થિક વિકાસની પ્રવૃત્તિ માટે આ કોરપોરેશન કામ કરતું હતું. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આ સુધારો ફક્ત એટલો છે કે કલમ-૫ ની પેટા કલમ-૧ માં ૧૫ કરોડનો સુધારો બતાવ્યો છે. કોરપોરેશનની રચના થઇ ત્યારે આદિવાસીઓની વસતિ હતી એ લગભગ ૨૦ થી ૨૫ લાખ હતી. આજે ૧ કરોડ જેટલી થવા જઇ રહી છે, ત્યારે કોરપોરેશનની મૂડી લગભગ ૨૦૦ કરોડ જેટલી હોવી જોઇએ. પરંતુ આ સુધારો મામૂલી છે. એના લીધે પરિસ્થિતિ એ થાય છે કે ઘણી બધી યોજનાઓ આજે ચાલતી નથી. આજે ફક્તને ફક્ત તમારી જાહેરાત બે જ મુદા ઉપર કોન્સટ્રેટ કરે છે: એક કોમર્શિયલ પાઇલોટ અને બીજો ફોરેન ભણવા માટેનો. આ બે જ બાબત છે. આનો અભ્યાસ કરીને જોશો તો તમે જે અભ્યાસ કરવા માટે ફક્ત ૨૨ છોકરાઓ ગયા છે. કોમર્શિયલ પાઇલોટમાં ૨૦૧૫-૧૬ માં એક જ છોકરો ગયો છે. ખર્ચો બહુ ઓછો થાય છે. એટલે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જે ખાસ કરીને કોરપોરેશન બનાવવામાં આવ્યું હતું એનો હેતુ એ હતો કે ખેડૂતોના ખેતીવિષયક ઉત્પાદન અને એનો સંગ્રહ કરવો, લે-વેચ કરવા માટે,અને એના ગોડાઉનની આપે વાત કરી. એને ટ્રેક્ટર સહાય એમ જાત જાતની સહાય માટે આ કોરપોરેશનની રચના કરવામાં આવેલ હતી. એમાં મૂડી ફાળવવા માટે ૯ થી ૧૪ ટકાના દરે લોન આપીએ છીએ. વ્યક્તિગત ૧૪ ટકા દરે અને

* વિધેયક સન ૨૦૧૭ના ફેબ્રુઆરી મહિનાની ૧૭ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સામૂહિક મંડળી દ્વારા ૧૯ ટકાના દરે લોન આપીએ છીએ. બીજું, કેન્દ્ર સરકાર એન.એસ.ટી.એફ.સી. દ્વારા લોન મળે છે એ ૫ થી ૮ ટકાના દરે આપીએ છીએ. આજે તમે જુઓ તો સમગ્ર ગુજરાતમાં ખેડૂતોને ૧ ટકાના વ્યાજે આપણે લોન આપીએ છીએ. અમારા આદિવાસીઓને ૯ થી ૧૪ ટકાના દરે લોન મેળવવી પડે છે. તો કયો આદિવાસી આ લોન મેળવી શકે? મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં સુધારો કરો. જેમ ખેડૂતોને ૧ ટકા વ્યાજના દરેક લોન મળે છે તેમ લોનની વ્યવસ્થા કરશો તો આદિવાસીઓ તેમાં ખૂબ રાજી પણ થશે અને આ યોજનાઓનો લાભ પણ લેશે. આ જે કોરપોરેશન છે તેમાં નાના મોટા ધંધા છે તેના માટે લોન આપીએ છીએ. તમે છેલ્લા ઘણા સમયથી જોઇ લો નાના મોટા ધંધા માટે કોઇ લોન આપવામાં આવતી નથી. જયારે આ કોરપોરેશનની શરૂઆત કરી ત્યારે આમાં અધિકારીબળ અને કર્મચારીબળ હતું તે ૧૬૫નું હતું. આજે સાહેબ ૧૦ થી ૧૨ કર્મચારીઓ છે. તેના લીધે સાહેબ પરિસ્થિતિ એ થઇ છે કે મોટા ભાગની યોજનાઓ બંધ પડી છે. ૧૯૯૮-૯૯માં આ કોરપોરેશનના જે ચેરમેન હતા તેમણે ફકત અમૂક વિસ્તારમાં લોન બહુ આપી. તેમણે સમગ્ર વિસ્તારને ધ્યાનમાં રાખીને લોન આપી હોત તો બહુ વાંધો ન હતો. તેમણે પર્ટીકયુલર એરીયાને ધ્યાનમાં રાખી લોન આપી. તેના લીધે...

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

ડો. અનિલ જોષીયારા : કેમ સાહેબ, એક મિનિટ. સાહેબ તે વખતે જે લોન આપી તે એક જ પર્ટીકયુલર વિસ્તારમાં આપી તેના લીધે આજે એવી પરિસ્થિતિ ઉભી થઇ છે કે જે મૂડી કોરપોરેશનની હતી તે પણ આજે પાછી આવી શકી નથી. આપણે જે ખર્ચ કરીએ છીએ તેમાં કાયદાના સ્નાતકો અને એમબીબીએસ ભણેલા લોકો છે તેમને વ્યકિતગત ધંધો ચાલુ કરવા માટે લોન આપીએ છીએ તે આપવાની ટકાવારી બહુ જ ઓછી છે. તેમાં મેં જોયું છે તો તેમાં આપણે ૨૦૧૫-૧૬માં ૨૩ લાખ ૩૯ હજારની જોગવાઇ કરી હતી. તેની સામે ફકત ને ફકત ૧૫.૫૦ લાખ ખર્ચી શકયા છીએ. ૨૦૧૬-૧૭માં ૨૩ લાખ ૪૦ હજારની જોગવાઇ કરી તેમાં આપણે ૧૭ લાખ ૮૪ હજારનો ખર્ચ કરી શકયા છીએ. તમે આ વખતે જોગવાઇ જ ઘટાડી દીધી છે. ૫૦ ટકા જોગવાઇ કરી નથી. ૧૧ લાખ ૭૦ હજારની જોગવાઇ કરી છે. તમે એકબાજુ એમ કહો છો કે અમે લાભ આપવા માગીએ છીએ. બીજી બાજુ તમે જોગવાઇ નથી કરતા તો કેવી રીતે આદિવાસીઓને લાભ આપવાના છો? મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ટોટલ તમારું આયોજન ૪ કરોડ ૦૨ લાખ છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી વિંછીયાભાઇ

ડો. અનિલ જોષીયારા : તેમાંથી સાહેબ ૦૨ કરોડ ૦૨ લાખ ૮૫ હજાર કર્મચારીઓ માટે છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી વિંછીયાભાઇ. આ બાજુ એક જ સભ્ય બોલવાના છે. તમારા ત્રણ સભ્યો બોલવાના છે બલવંતસિંહ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વિધાનસભામાં વિધયેકોની બાબતમાં સભ્યશ્રી સ્કોપની બહાર જાય તો માનનીય અધ્યક્ષશ્રી રોકે. આમાં સ્કોપ વિશાળ છે. વીધ ઇન સ્કોપ બોલતા હોય ત્યારે અને હું પોતે સાડાપાંચ કલાક આ ગૃહમાં બોલેલો છું. કામકાજ સલાહકાર સમિતિએ પણ નકકી કરેલું છે કે બિલો પસાર કરવાના પણ જરૂર પડે તો સમય વધારીને કરવાના.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહ છ બિલો છે અને એક વાગ્યે આપણે પૂરા કરવાના છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિએ જોવું જોઇએ ને? જયારે સભ્ય સ્કોપમાં બોલતા હોય ત્યારે રોકવાની પ્રથા નથી. સ્કોપની બહાર જાય તો આપ જરૂર કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં માનનીય અધ્યક્ષશ્રીની ઉપસ્થિતિમાં માનનીય દંડકશ્રી અને કોંગ્રેસ પક્ષના માનનીય બે સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં અને અમારા મુખ્યમંત્રીશ્રી સહિત સંસદીય બાબતોના મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અને બધા વચ્ચે જે ચર્ચા થઇ તેમાં નકકી કરવામાં આવ્યું છે કે આજે આ બધા જ બિલો હાથ ધરવા અને પૂરા કરવા. હું કહું શકિતસિંહજી કે આજે બે બેઠક છે. બપોરે ૨.૩૦ વાગ્યે બીજી બેઠક ચાલુ થવાની છે તો તેને ધ્યાનમાં રાખી અમે એવો નિર્ણય કર્યો છે કે બધા જ બિલો આજની સવારની બેઠકમાં વધુમાં વધુ અડધો કલાકનો સમય ઉમેરી રિસેસ એક કલાકની આપવી. એક કલાકની રિસેસ આપવી તે રીતે નકકી કરી ૨.૩૦ વાગ્યે બીજી બેઠક ચાલુ થાય તે પ્રમાણે નિર્ણય થયેલો છે. ઓન રેકર્ડ તે નિર્ણય છે. એટલે આપણે નકકી થયેલ છે કે આ માનનીય ગણપતભાઇના અને અન્ય મંત્રીશ્રીઓના જે બિલો છે તે ટેકનિકલ પ્રકારના ઓછી ચર્ચાવાળા બિલો છે એટલે તેમાં મર્યાદિત રીતે વાત મૂકી આ બધા બિલો આજે પૂરા થાય તેવો નિર્ણય થયેલો છે. કામકાજ સલાહકાર સમિતિમાં થયેલો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં જે રીતે નક્કી થયું હતું અને એજ કામકાજ સલાહકાર સમિતિના અહેવાલનું વાચન પણ થયું છે, આપ કોપી મંગાવીને જોઇ શકો છો એમાં સ્પષ્ટ લખ્યું છે કે, જરૂર પડે તો સમય વધારવો, પણ અડધો કલાક કે રીશેષ એવી કોઇ વાત થઇ નથી. આપ કોપી જોઇ શકો છો અને રહી વાત સમયની કે સરકાર જ્યારે એ ચિંતા કરે છે ત્યારે હમણા એક બિલ આવ્યું એ ૧૦ વાગ્યા સુધી ચાલ્યું એટલે કે એ બિલમાં દોઢ કલાક કરતા વધારે સમય ગયો એમાં અમારા સભ્યો માત્ર ૧૬ મિનિટ બોલ્યા છે અને સામે નીતિનભાઇ સાહેબ ૧ કલાકને ૫ મિનિટ બોલ્યા છે તો એવું નહીં કરશો કે જેના કારણે અમને પેલું એ થાય.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં કોંગ્રેસના પણ ત્રણ સભ્યો હાજર હતા અને સર્વાનુમતે નિર્ણય કર્યો છે અને એ પ્રસ્તાવ પણ આ ગૃહમાં સર્વાનુમતે પસાર કર્યો છે. એટલે આપણે ગૃહ બંધાયેલું છે

કે આપણે બપોર પછીનું જે ૨.૩૦ થી બીજી બેઠક શરૂ થવાની છે એ પહેલા આપણે કામ પૂરું કરવાનું અને અડધો કલાકની રીશેષ રાખવાની છે, આ સર્વાનુમતે નક્કી થયેલું છે. અમે ઓછું બોલીશું.

સભાપતિશ્રી : ડો. જોષીયારા, એક મિનિટમાં પૂરું કરો.

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યો ઘટાડી દીધા છે અને આ બિલ ઉપર અમારા તરફથી એક જ સભ્ય બોલવાના છે બીજા વધારે કોઇ બોલવાના નથી, આપ બોલો.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ કોરપોરેશનની જોગવાઈની વાત હતી એ ગયા વખતે જે જોગવાઇ કરી હતી ૨૦૧૬-૧૭ એ ૪,૦૨,૮૫,૦૦૦ રૂપિયા હતી એમાંથી જે વહીવટી ખર્ચ થયો એ ૨,૦૨,૮૫,૦૦૦ રૂપિયા થયો છે એટલે શેરમૂડી ફાળા માટે ૨ કરોડ જ રહ્યા. આખા ગુજરાતની વસતિ છે ૧ કરોડની વસતિ એના માટે ફકત ૨ કરોડ રૂપિયા રહ્યા તો શું ભાગે આવે? અને આ વખતે જે જોગવાઇ કરી છે એ બહુ જ ઓછી કરી છે એ રૂપિયા ૩,૭૧,૪૩,૦૦૦ની જ કરી છે એટલે બજેટ આપ ઘટાડતા જાવ છો અને એના લીધે મને જે શંકા છે કે આદિવાસીઓને જે લાભ મળવો જોઇએ એ લાભ નહીં મળી શકે એની મને ચિંતા છે એટલે

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા(લીમખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઇ પટેલ તથા અમારા આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ગણપતભાઇ વસાવા સાહેબ આ સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપુ છું અને ગુજરાતના એક કરોડ જેટલા આદિજાતિના લોકો જંગલો અને પહાડોમાં રહેતા વન સાથે જોડાયેલા લોકોની આ ગાથા છે એ ગાથાનું જ્યારે વિધેયક પસાર થતું હોય ત્યારે આદિવાસી વિસ્તારના માનનીય ધારસભ્યશ્રીઓએ આદિવાસી વિસ્તાર ઉપર પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી વિસ્તારના લોકો માટે જે આ વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે આદિવાસી ખેડૂતો માટે વાહન-વ્યવહાર માટે એમાં ટેમ્પો, રીક્ષા કે બીજા અન્ય વાહનો ખરીદવા માટે આદિજાતિ કોરપોરેશન આ ધિરાણો આપે છે અને તે ઓછા વ્યાજથી આ ધિરાણ મળતા હોય છે. જયારે આદિવાસીના બાળકોને શિક્ષણ માટેની જરૂરિયાત હોય ત્યારે આ આદિજાતિ કોરપોરેશન આદિવાસીના દીકરાને અને દીકરીને પયલોટ બનવા માટે વિદેશ ભણવા જવાની પણ સહાય પણ આપે છે. આદિવાસી વિસ્તારની અંદર આદિવાસીઓના બાળકો ભણતા હોય અને ધોરણ ૧થી ૧૨નું શિક્ષણ પૂરું કરીને તેને પૂરા વિશ્વની અંદર તાલ મિલાવવા માટે અને અનેક જાતિઓની સાથે એનો સમન્વય કરવા માટે હરહંમેશને માટે આજની પેઢીને ખૂબ તાલાવેલી છે ત્યારે હું આ વિધેયકને ખૂબ સમર્થન આપું છું. આ દેશની અંદર આદિકાળથી આદિવાસી વસતો આવેલો છે. જંગલો અને પહાડોની અંદર રહે છે. વનબંધુ એટલે કે વન સાથે જોડાયેલી દરેક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરે છે. આ દેશમાં આદિકાળથી વસતા આદિવાસીની ગાથા છે. રામાયણના સમયની અંદર ભગવાન રામ અને લક્ષ્મણની સાથે યુદ્ધમાં પણ અમારો આદિવાસી હતો. લંકાના રાવણનું દહન કરીને સીતાને પાછી લાવનાર પણ આ દેશનો આદિવાસી છે. ત્યારે મારી આપ સર્વ સભ્યોને વિનંતી છે કે આ વિધેયક મંજૂર કરે. મારે આ વિધેયક ઉપર વધારે કંઇ પ્રકાશ પાડવો નથી, અમારા આદિવાસીઓના ગુરૂ, અમારા ગુરૂગોવિંદે અંગ્રેજો સાથે લડતા લડતા ૧૫૦૭ જેટલા આદિવાસીઓએ શહીદી આપી હતી. આ ગુજરાતની અંદર હમણાં જ બિરસા-મૂંડા ભવનની વાત થઇ એ પણ અમારા નેતા હતા અને ૨૫ વરસની ઉંમરે લડતા લડતા પોતાની શહીદી વહોરેલી છે. આ દેશની અંદર અને ગુજરાતની અંદર વસતા આદિવાસીઓ પાસે જંગલો અને વનસ્પતિના માધ્યમથી ખૂબ ઔષધિ છે, જ્યારે લક્ષ્મણજીને મૂર્છા આવી ત્યારે હનુમાનજી વનસ્પતિની જડીબૂટ્ટી લાવીને એનો ઉપયોગ કરીને જીવિત કર્યા હતા. એવા જ અમારા આદિવાસી સમાજના સુધારક દાદપુરીની અંદર જ્યોતિષ મહારાજ છે એમણે પણ અમારા આદિવાસી વિસ્તારોની અંદર ખૂબ સહાય કરી છે અને આદિવાસી સમાજમાં ખૂબ સુધારો કર્યો છે એટલે મારે વધારે કંઇ કહેવું નથી પણ આદિવાસીઓના કલ્યાણ માટેનું આ વિધેયક છે ત્યારે સર્વ સભ્યો આ વિધેયકને સર્વ સંમતિથી પસાર કરે આટલું જ વકતવ્ય કહીને મારી વાત પૂરી કરુ છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. પહેલું જે બિલ હતું એમાં પણ મારે કહેવું હતું, પરંતુ મને સમય ન મળવાના કારણે એમાં હું બોલી શક્યો નહિ. બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી માટેનું જે બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા તેમાં હું પણ મારો સુર પુરાવું છું અને તેના માટે હું તેમનો આભાર પણ માનું છું. પણ બિરસા મૂંડા નામની જે ઓફિસ ટ્રાયેબલ માટે બનાવવામાં આવેલી છે એમાં તમામ કચેરીઓ આદિવાસીઓની ચાલે છે. પણ ગુજરાતના ૫૮૮૪ જેટલા આદિવાસી ગામોના આદિવાસીઓને રહેવા માટે વિશ્રામગૃહ બનાવ્યું એ વિશ્રામગૃહમાં એક પણ આદિવાસીને આજ સુધી રાખવામાં આવ્યો છે ખરો? બિરસા-મૂંડા ભવન વિશ્રામગૃહ જે કરોડો રૂપિયાનું બન્યું પણ એમાં એકપણ આદિવાસીને રહેવા દેતા નથી. મને દુઃખ એટલું જ છે. એક પણ અમારો માણસ ત્યાં રહેતો હોતો નથી. હું પચાસ વરસથી ધારાસભ્ય છું. અમારી એક પણ વ્યકિતને ત્યાં કોઇને પ્રવેશ કે રાત રહેવા માટેની મંજૂરી આપી નથી. (અંતરાય) આ જનતા માટેની વાત છે. અમારા છોટા ઉદેપુરમાં કેટલીક કોલેજો પણ છે, સાયન્સ કોલેજો પણ છે. મારી છોટા ઉદેપુરમાં પોલીટેકનિક કોલેજ છે તેમાં જે આદિવાસીઓ અભ્યાસ કરે છે તેમને ૧૫ લાખ રૂપિયાની શિષ્યવૃત્તિની રકમ આજ સુધી મળી નથી એટલે એ પણ જો અપાવવામાં આવે તો હું માનનીય મંત્રીશ્રીનો ઘણો આભાર માનીશ. માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ વાત એટલી જ કરવી છે કે ૧૯૭૨માં ગુજરાતના આદિવાસીઓની વસતિ કેટલી હતી ? અને તે વખતે આ આદિવાસીઓ

માટે આદિજાતિ વિકાસ કોરપૉરેશન બનાવવા માટે નિર્ણય કરેલો અને આ આદિવાસી કોર્પ◌ૅારેશન તે વખતે આ જે લોન ૫૦ લાખ રૂપિયા સુધીની રહેશે તે કોરપૉરેશન બનાવવાનો નિર્ણય જે તે વખતે થયો હતો તે વખતે આદિવાસીઓની વસતિ ઘણી ઓછી હતી. આજે ૪૭ વર્ષ પછી આદિવાસીઓની વસતિ ૯૮ લાખ જેવી છે પણ ખરેખર અત્યારે ૧ કરોડથી વધારે વસતિ છે. અને આ કોરપૉરેશન જયારે બનાવ્યું ત્યારે આદિવાસી ખેડૂતોની વધારાના ખેત પેદાશોનું ખરીદ વેચાણ, ગૌણ વન પેદાશ, લિફ્ટ ઈરીગેશન યોજના, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ, દૂધાળા ઢોર, ઓઈલ એન્જીન, બળદ, ઈલેકટ્રિક મોટર, મરઘાં, માછલી, બાયોગેસ વગેરેની ખરીદી, વૃક્ષારોપણ, રીક્ષા ખરીદવા માટે માર્જીન મની, ટ્રેકટર વગેરે ખરીદવા માટે ધિરાણ, વાહન, ડેરી યુનિક ઓઈલ એન્જીન, ઈલેકટ્રિક મોટર એવી ૩૯ પ્રકારની પ્રવૃત્તિઓ ૧૯૭૨માં નક્કી કરેલી કે આના માટે આદિજાતિ કોરપૉરેશનમાંથી આદિવાસીઓને આ લોન સહાય મળશે. તે વખતે નક્કી થયા પ્રમાણે અને તે વખતે આદિવાસી કોરપૉરેશન બનાવ્યું ત્યારે કર્મચારીઓની સંખ્યા ૧૧૩ની હતી ૧૧૩ કર્મચારીઓ દ્વારા આ કોરપૉરેશનનો વહીવટ ચાલતો હતો. આજે કોરપૉરેશનમાં લગભગ ૧૩ કે ૬ વ્યકિત છે. હવે આ ૬ વ્યકિતથી આ કોરપૉરેશનનો વહીવટ કેવો ચાલે તે તો આપણે સૌએ નક્કી કરી લેવું પડશે ? જે પ્રાયોજના કચેરીઓ ૧૨ જેટલી ગુજરાત રાજયમાં ચાલતી હતી તે તમામ પ્રાયોજના કચેરીમાં ૩૭ માણસોનો સ્ટાફ હતો આજની તારીખે આ તમામ કચેરીઓમાં જે સ્ટાફની સંખ્યા છે તે ખાલી ૭–૭ કર્મચારીઓ છે. એટલે જે રકમ અહીંયાથી ફાળવવામાં આવે ટ્રાયબલ વિસ્તારની કોઇ પણ યોજનાઓ માટે પછી તે ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ કે ૨૦૧૬–૧૭ની હોય પણ આ સ્ટાફ ન હોવાના કારણે અને આ આદિજાતિ કોરપૉરેશનની યોજનાનો અમલ કરવા માટે દરેક પ્રાયોજના વહીવટદારની કચેરીમાં પહેલાં એક આસિસ્ટન્ટ મેનેજર અને એક કલાર્કની નિમણૂક કરવામાં આવેલી હતી એ પણ જગ્યાઓ બંધ થઇ ગઇ છે. તો આજે આદિજાતિ વિકાસ કોરપૉરેશનની યોજનાઓમાં કોઇને ફૉર્મ ભરવું હોય, કોઇને દરખાસ્ત કરવી હોય, કોઇને લાભ આપવો હોય તો આ પ્રાયોજના કચેરીમાં જે બે post નક્કી કરેલ એ post પણ બંધ થઇ ગઇ છે. એટલે માનનીય મંત્રીશ્રીને હું એટલું ધ્યાન દોરવા માગું છું કે, આદિવાસીઓનો વિકાસ કરવો હશે તો આ કોરપૉરેશન અને પ્રાયોજના કચેરીમાં જે જગ્યાઓ ખાલી છે તે જેમ બને તેમ જલદી યુદ્ધના ધોરણે ભરાય તો જ પૂરેપૂરા પૈસા પણ ખર્ચાશે. આદિવાસી વિસ્તારની સિંચાઇની યોજના હોય કે બાંધકામના કામ હોય કે ૨૫૦ માણસની વસતીએ રોડ બનાવવાનું કામ હોય એ તમામ કામો આ સ્ટાફ પૂરેપૂરો ભરાશે તો જ આ યોજનાનો પણ અમલ થશે. અત્યારે વિદેશ અભ્યાસ માટે નાણાકીય ધિરાણની યોજના, કોમર્શીયલ પયલોટ લાયસન્સની તાલીમ, વકીલ સહાયની યોજના, કાયદાના સ્નાતક, શિક્ષિત બેરોજગાર યુવાન, પેટ્રોલ પંપ, કેરોસીન, મેડિકલ ડીગ્રી એવી ૧૧ જેટલી યોજાનો ચાલે છે પણ પહેલા ૩૯ યોજનાઓ નક્કી કરી હતી. એ યોજનાઓ પ્રમાણે ટ્રાઇબલ વિસ્તારના તમામ શિક્ષિત બેરોજગારો જે આદિવાસીઓ છે તેમને આ યોજનાનો લાભ મળે એવું કરવા માટે મારી વિનંતી છે. આ બજેટમાં પહેલેથી ૫૦ કરોડનું ભંડોળ આ નિગમને આપેલ છે અને ૧૫ કરોડ વધારે આપવામાં આવ્યા છે એટલે કુલ ૬૫ કરોડ થશે પણ માનનીય મંત્રીશ્રી આનાથી વધારે રકમ માગશે તો પણ સર્વાનુમતે મંજૂર કરવાની અમારી લાગણી છે.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ કોરપૉરેશનનું સુધારા વિધેયક લઇને આવ્યા છે. એમાં મારો સુર પુરાવું છું અને એમાં જે કાંઇ ખોટું કર્યુ છે એ સુધારવા માટે મારા સૂચનો કરું છું. આ કોરપૉરેશનની સ્થાપના ૪૫ વર્ષ પહેલા કરવામાં આવી હતી. સને ૧૯૭૨માં આદિવાસીઓને કોઇ જગ્યાએ ધિરાણ ન મળે, કોઇ લાભ ન મળતો હોય તો એ મળી રહે એટલા માટે આ કોરપૉરેશનની સ્થાપના કરવામાં આવી હતી. છેવાડાનો માનવી એનો લાભ લઇ શકે તે માટે તેની હેડ ઓફિસ ગાંધીનગરની કોરપૉરેશનની ઓફિસમાં રાખવામાં આવી હતી અને દરેક જિલ્લાની પ્રાયોજના કચેરીઓમાં આસીસ્ટન્ટ મેનેજર અને કલાર્કની બે–બે પોસ્ટ ઉભી કરવામાં આવી હતી અને તેથી કરીને સરળ રીતે આ કોરપૉરેશનનો વહીવટ ચાલતો હતો. હું ચોક્કસ કહીશ કે ૧૯૯૨–૯૩ના વર્ષમાં જે લોનની વ્યવસ્થા હતી એમાં એક ચેનલાઇઝ એજન્સી હતી અને ભારત સરકાર, ગુજરાત સરકાર અને આ સંસ્થા મારફતે આ કોરપૉરેશનનો વહીવટ ચાલતો હતો. સને ૧૯૯૨, ૧૯૯૩, ૧૯૯૪માં નાનો ખેડૂત હોય, મોટો ખેડૂત હોય કે છેવાડાનો કોઇપણ માણસ હોય એને ટ્રેક્ટર, ટેમ્પા કે જીપ માટે લોનની જરૂર પડે તો તેને આ લોન આપવામાં આવતી હતી. ત્યારપછી આ કોરપૉરેશનની પ્રગતિ વધતી ગઇ પણ ખેડૂતને અપાતું ધિરાણ બંધ કરી દેવામાં આવ્યું. મારે દુ:ખ સાથે કહેવું પડે કે આ કોરપૉરેશનની જગ્યાઓ ભરવાની હતી એના બદલે દિવસે દિવસે આ જગ્યાઓ ખાલી થતી ગઇ અને ૨૦૦૮માં ભારત સરકારે ખેડૂતોના દેવા માફ કર્યા ત્યારે કોરપૉરેશનમાંથી જે ખેડૂતોએ લોન લીધી હતી. એ ખેડૂતોની લોનની દરખાસ્ત ભારત સરકારમાં મોકલવાની હતી એ ન મોકલવાને કારણે આજે પણ આ ખેડૂતો દેવાના ડુંગર નીચે દબાઇ ગયા છે. એનાથી આગળ જઇને વાત કરું તો, આ ખેડૂતોને લોન કેટલા વ્યાજે આપવામાં આવે છે? તો આમાં ૧૪ ટકા વ્યાજ આજે પણ ગણવામાં આવે છે. સરકાર ઘણી બધી જાહેરાતો કરે છે કે ખેડૂતોએ અમે એક ટકે વ્યાજે લોન આપીશું તો મને એ વાતની ચિંતા છે કે, આદિવાસીઓ માટે ૧૪ ટકા છે? ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આવા ટ્રેક્ટરોની લોન હોય, જીપ માટે આવી લોન લીધેલી હોય, ખેડૂતલક્ષી ધિરાણ લીધેલું હોય અને હમણાં જાહેરાતો બીજાં રાજયોમાં થાય છે કે, ખેડૂતોનાં દેવા માફ તો આદિવાસીઓને જો સાથે રાખવા હોય તો આદિવાસીઓનું આ કોરપૉરેશનનું દેવુ છે એ જો સંપૂર્ણ માફ કરી દેવામાં આવે તો અમે તમારા બિલમાં સાથે છીએ, તો આ જે જાહેરાતો થાય છે એમાં મારે કહેવું પડે છે કે, આવા કોરપૉરેશનમાંથી જે લોન આપે છે એમાં અમે તમારા સાથે છીએ. એની હું આગળ જઇને કહું તો, જે ૩૯ હેતુઓ માટે લોન આપવામાં આવી છે તો હું હમણાં ટી.વી.માં જોયા કરું છું કારણ કે અમારા

## ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭

અગાઉના આદિજાતી મંત્રી સાહેબનો મેં ફોટો જોયો, માનનીય મુખ્ય મંત્રી સાહેબનો ફોટો જોયો, અને એમાં અમે આ રીતે વિકાસમાં પાયલોટ બનાવવાની વાત કરી છે. તો એ પાયલોટ માટે જે લોન આપી છે એ કેટલા ટકાએ આપી છે? બેંકો જો છોકરાઓ માટે ચાર ટકાએ લોન આપતી હોય તો ત્યારે આપણું જ કોરપોરેશન હોય અને આપણા જ કોરપોરેશનમાં આપણા જ બાળકોને લોન આપતા હોય તો ચાર ટકા નહીં પણ એક ટકાએ લોન બેંકો આપે છે તો આપણે કોરપોરેશનમાં ના આપીએ અને આટલી મોટી જાહેરાતો કરો છો કે અમે આદિવાસી વિદ્યાર્થીઓને આ આપીશું, લોન આપીશું તો સાહેબ ખાલી જાહેરાતો કરવામાં જ પૈસા જાય છે. એથી પણ આગળ જઇને વાત કરું તો, હમણાં એમ.બી.એ. ગ્રેજ્યુએટ માટેની લોન આપી છે તો એમાં ૧૪ ટકા વ્યાજ ગણવામાં આવે છે. ગેસ એજન્સી કે પેટ્રોલ પંપ માટે આદિવાસી શિક્ષિત જે બેરોજગાર છે એને લોન આપવાની વાત જયારે કરે છે તો એમાં લોન કેટલી? લોન બે લાખ રૂપિયા અને એનું વ્યાજ કેટલું? તો ૧૪ ટકા અને દર ત્રીજા મહિને એનું વ્યાજ જમા કરાવવાનું હોય છે તો સાહેબ, આ આદિવાસીઓના ઉત્થાન માટેનું આ કોરપોરેશન છે? જો આપણે આટલું બધું ભંડોળ જયારે ઉભું કરતા હોઇએ ત્યારે એક આદિવાસી કે જે છેવાડાનો માણસ છે એ જો આપણા કોરપોરેશનમાં જો લોન લેવા આવે તો જયારે બેંક એક ટકાએ લોન આપે છે એ રીતે જો આપણા કોરપોરેશમાંથી આપવામાં આવશે તો આ કોરપોરેશનમાં હું આજે એમ માનું છું કે, અમારું સો ટકા સમર્થન હશે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અમારા સાહેબ બિરસા મૂંડા ભવનની વાત કરતા હતા. સાહેબ, આ કોરપોરેશન ત્યાં ચાલતું હતું. જૂના સચિવાલયમાં બ્લોક નંબર દસમાં ચાલતું હતું. આજે એ કોરપોરેશન અહીંયાં ચાલવાથી ગામડાનો છેવાડાનો માણસ આ કોરપોરેશનમાં આવે ત્યારે એ જૂના સચિવાલાયમાં જાય ત્યારે એને આ કોરપોરેશન તરત મળી જતું હતું. આ કોરપોરેશન પણ ત્યાં લઇ જવામાં આવ્યું છે, તો જયારે આટલા બધા બિલ્ડીંગ જૂના સચિવાલયમાં છે, નવા સચિવાલયમાં પણ ઘણા બિલ્ડીંગ છે. તો આ કોરપોરેશન એ ટ્રાઇબલ માટેનું છે અને કયું કોરપોરેશન બહાર ગયું છે? બીજા અન્ય કોરપોરેશન છે એ બધા જ જૂના સચિવાલયમાં ચાલે છે પણ આપણું આ આદિવાસીઓ માટેનું કોરપોરેશન છે એને તમે એક આદિવાસી ભવન બનાવેલું, આદિવાસીઓને રહેવા માટે બનાવેલું અને આ કોરપોરશન હાલ ત્યાં કરી નાખ્યું છે અને સાહેબ, અમે આજે કોરપોરેશનમાં જઇએ છીએ તો એનો સ્ટાફ કેટલો? આનું કુલ મહેકમ ૧૬૨ છે ત્યારે આજે એમાં સ્ટાફ કેટલો છે? ફકત સાત જ જગ્યાઓ ભરેલી છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, જો આ કોરપોરેશનને આગળ લાવવું હશે તો આનું જે મહેકમ છે એ મહેકમ વહેલામાં વહેલીતકે ભરો અને પ્રાયોજના કચેરીમાં જે ૧૪ પ્રાયોજના કચેરીઓ છે ત્યાં પણ આ કોરપોરેશનના જે અધિકારીઓ છે એમની વહેલામાં વહેલી તકે નિમણૂક કરો તો છેવાડાનો માણસને આ કોરપોરેશન સરળતાથી લોન મળી શકશે એટલા માટે આજે જે બિલ લઇને આવ્યા છે એમાં માનનીય મંત્રી સાહેબ થોડોક સુધારો કરીને વહેલુ મહેકમ ભરવાની જો સો ટકા ખાતરી આજે આપે તો અમે સો ટકા આને માટે સમર્થન પણ આપી દઇશું.

શ્રી ગણપતસિંહ વે.વસાવા (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલમાં માત્ર એક જ કલમ ઉપરનો સુધારો લઇને આવ્યો છું. આ બિલ ઉપર માનનીય સભ્ય ડો. અનિલભાઇ જોષીયારાજી, માનનીય સભ્યશ્રી વીછીયાભાઇ, માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઇ તથા માનનીય સભ્યશ્રી ધીરુભાઇએ ખૂબ સારા સૂચનો કર્યા છે. માનનીય સભ્યશ્રી વીછીયાભાઇએ રાજય સરકારની કામગીરી પોતાના પ્રવચનમાં દર્શાવી છે એટલે વધારે વાત નહિ કરું.

આદિવાસી સમાજના વિકાસ માટે આ કોરપોરેશન ખૂબ જ મહત્વનું છે. અમારા જોષીયારાજીએ કહ્યું કે ઓછામાં ઓછુ ૨૦૦ કરોડ રૂપિયાનું શેરભંડોળ હોવુ જોઇએ. મારે માનનીય સભ્યશ્રીને એટલુ કહેવુ છે કે જયારે આ કોરપોરેશન શરું થયું ત્યારે કોની સરકાર હતી એ કહેવાની મારે જરૂર નથી પરંતુ ગુજરાતના આદિવાસી સમાજ માટે પાંચ કરોડ રૂપિયાનું શેર ભંડોળ આપવામાં આવેલ હતું એટલી વાત હું એમના ધ્યાન ઉપર મૂકીશ. એમણે બીજી વાત કરીને નાના મોટા વ્યવસાયો માટે લોન આપવામાં આવતી નથી. હું એમની વાત સાથે એટલા માટે સહમત થઇ શકતો નથી કે જે લાભો મળે છે એનો ઉલ્લેખ અહીંયા કરવામાં આવ્યો નથી. માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઇએ વિશ્રામગૃહની વાત કરી છે.આ વિશ્રામગૃહમાં અત્યાર સુધીમાં ત્રણ હજાર જેટલા આદિવાસી લાભાર્થીઓએ ત્યાં રાત્રી રોકાણ કરેલ છે. ૨૫૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ પ્રવાસે આવેલ હોય તેઓ પણ રોકાયલા છે. આ વિશ્રામગૃહના રીનોવેશન પાછળ ૮૦ લાખ રૂપિયાનો ખર્ચ કરીને એ ફરી ચાલુ રહેવાનું છે.

હું ટૂંકમાં વાત કરીશ. અહીંયા કહેવામાં આવ્યું કે આ નિગમ કંઇ કામ કરતું નથી આ પ્રકારના વિરોધપક્ષના મિત્રોએ આક્ષેપો કર્યા છે ત્યારે હું એમને ચોક્કસ એટલુ કહીશ કે છેલ્લા ટૂંકા વર્ષમાં આદિવાસી મહિલાઓનુ સશકિતકરણ કરવા માટે આ નિગમ દ્ધારા ૧ લાખ દૂધાળા પશુ અને ૨૦ કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. એનાથી આગળ વાત કરું તો નાના મોટા રોજગારો મળતા નથી. અનાજ કરિયાણાની દુકાન હોય, માલ વાહક રીક્ષા,બ્યુટી પાર્લરનો વ્યવસાય હોય એના માટે સન ૨૦૧૬-૧૭માં ૫૩૨ લાભાર્થીઓને છ ટકા વ્યાજે ૧૭ કરોડ રૂપિયાનું ધિરાણ કરવામાં આવેલ છે. એનાથી આગળ વાત કરીએ તો જે આદિવાસી એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓ હતા એમની સો ટકા સિદ્ધિ થઇ એમાં નિગમનો પણ મોટો ફાળો છે. ૧૮૭ વિદ્યાર્થીઓ વિદેશમાં ભણવા ગયા એમને ૧૮ કરોડ રૂપિયાની લોન નિગમમાંથી આપવામાં આવી છે.પાયલોટ માટેની વાત થઇ ગઇ એની ચર્ચામાં પડતો નથી. એનાથી આગળ વાત કરું તો એમ.બી.બી.એસ.માં સો ટકા સીટો ભરાય એમાં નિગમનો મોટો સિંહ ફાળો છે. એમાં ફી ભરવાની હોય છે એ રાજય સરકાર લોન તરીકે આપે છે અને ૮ કરોડ રૂપિયાનું ધિરાણ મેડિકલના એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓને આપ્યું છે. આ રીતે આદિવાસી સમાજ માટે ખૂબ કામ કરનાર આ નિગમ છે અને આવનાર

દિવસોમાં જયાં જરૂર પડશે ત્યાં આ નિગમને મજબૂત કરવામાં આવશે. આટલો મહત્વનો નિર્ણય આ સરકાર આદિવાસી સમાજના હિતમાં લઇને આવે છે ત્યારે વિરોધપક્ષના મિત્રો તથા સાથી મિત્રોને વિનંતી છે કે એ આ બિલને સર્વાનુમતે મંજૂર કરે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૭ના ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૭ના ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૭ના ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

(વિરામ સવારના ૧૦–૩૭ થી ૧૧–૦૦)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫

<# B /ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭

<#S B /ગુજરાત રાજ્યમાં ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ સાયન્સ (જૈવિક કૃષિવિષયક વિજ્ઞાન)ના વિકાસ માટે યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત વિધેયક

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા (કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક દાખલ કરું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયકના ટાઇટલમાં એક ટાઇપીંગ મિસ્ટેક થયેલ છે. ''એગ્રીકલ્ચર'' ટાઇપ થયું છે એના બદલે '' એગ્રિકલ્ચરલ'' સુધારવામાં આવે તેવી મારી વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : ઉક્ત સુધારો દાખલ કરવામાં આવે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની સરકાર ખેડૂતોના કલ્યાણ, આર્થિક, સામાજિક ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યના કૃષિકારો, કૃષિ વ્યવસાય થકી વધુને વધુ સમૃદ્ધ અને સદ્ધર થાય તેવી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી રહ્યા છે. જેના થકી રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષથી સરેરાશ ૧૦થી વધુ કૃષિ વિકાસ દર હાંસલ કરેલ છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ ૧૯૬૯ની જોગવાઇ અન્વયે તા.૧–૬–૧૯૭૨થી રાજ્યમાં કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ એમ ત્રિવિધ કાર્યના મુખ્ય હેતુ સાથે સરદાર કૃષિનગરને મુખ્ય મથક રાખી ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ. જેમાં આણંદ, જૂનાગઢ, નવસારી અને દાંતીવાડા એમ ચાર ઝોનમાં કેમ્પસ કાર્યરત કરવામાં આવેલ. ગુજરાત કૃષિ યુનિવર્સિટી હસ્તક કૃષિ, પશુપાલન, કૃષિ ઇજનેરી, ગૃહ વિજ્ઞાન, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાન જેવી જુદી જુદી પાંચ વિદ્યાશાખાઓ અંતર્ગત ૧૧ કોલેજો દ્વારા સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. કક્ષાનું શિક્ષણ આપવામાં આવતું હતું. દેશના વડાપ્રધાનશ્રી અને તત્કાલિન રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ–૨૦૦૪થી રાજ્યના વિસ્તારોની જુદી જુદી હવામાનની પરિસ્થિતિને અનુરૂપ કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓને વેગ આપી શકાય તેમજ કૃષિ વિકાસ દરમાં વધારો કરી શકાય તે હેતુ ધ્યાને લઇ ગુજરાત કૃષિ યુનિવર્સિટીને

* વિધેયક તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિભાજીત કરી ચાર કેમ્પસને અલગ અલગ ચાર કૃષિ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવેલ. તેના અનુસંધાને આણંદ, જુનાગઢ, નવસારી અને સરદાર કૃષિનગર દાંતીવાડા એમ ચાર કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના તા.૧-૪-૨૦૦૫થી કરવામાં આવેલ. ચાર કૃષિ યુનિવર્સિટીની સ્થાપના તારીખ ૧-૪-૦૫થી કરવામાં આવેલ. હાલ રાજયમાં આવેલ ચાર કૃષિ યુનિવર્સિટી દ્વારા સેન્દ્રીય ખેતી સંબંધી સંશોધન કરવામાં આવી રહેલ છે. પરંતુ સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિસ્તરણ, શિક્ષણ, સંશોધન ક્ષેત્રે તમામ અને સેન્દ્રીય ખેતી નીતિના નિયમો અને ઉદ્દેશોને પાર પાડી શકે તે માટે સ્વાયત્ત સંસ્થાની આવશ્યકતા છે. સેન્દ્રીય કાર્બન પદાર્થની વાત કરીએ તો જમીન એ જીવંત એકમ છે, પાક ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયાને જમીનમાં રહેલ સૂક્ષ્મ જીવો અને બેકટેરીયા અને ફૂગ, અળસીયા, કરોળીયા, દેડકા, સાપ, પંખી જેવા અનેક સજીવોનો ફાળો રહેલો છે. જમીનમાં રહેલા ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓનો ખોરાક કાર્બન છે અને ધરતીની જીવંતતાના મહત્વના ઘટક સેન્દ્રીય કાર્બન છે અને કાર્બન કુદરતી રીતે ગુણોત્તર જમીનમાં જળવાવો ખૂબ જરૂરી છે. સેન્દ્રીય ખાતરના સ્ત્રોતની વાત કરીએ તો છાણીયું ખાતર, કમ્પોસ્ટ, લીલો પડવાસ, ખોળ, જૈવિક ખાતર, પાક અવશેષો અને વર્મી કમ્પોસ્ટ અને વર્મી વોશ વગેરેનો સમાવેશ થાય છે. સંકલિત ખાતરમાં કુદરતમાં, જીવો જીવસ્ય ભોજનમનું ચક્ર રહેલ છે. મિત્રો, અગાઉ સામાન્ય રીતે ખેતરોમાં ઇયળો આવે ત્યારે પક્ષીઓ હોવાના કારણે તેનું નિયંત્રણ થતું હતું. ખેતરમાં ખેડ સમયે ઘણા પક્ષીઓ પાછળ ચાલતા હોય છે અને કોસેટો ખાઇ જાય છે. ફુગના નિયંત્રણ માટે ટ્રાઇકોર્ડરનો ઉપયોગ થાય છે. ટ્રાઇકોર્ડરનો ફુગ, ઇયળના ઇંડાનો નાશ અને ભમરીના નિયંત્રણ માટે ઉપયોગ કરવામાં આવે છે. જીવાત નિયંત્રણ માટે લીમડો, કરંજ, સીતાફળના પાનના રસનો ઉપયોગ પણ કરવામાં આવે છે. સેન્દ્રીય ખેતીમાં રોગ જીવાતોના નિયંત્રણ માટે કુદરતી પદાર્થો અને પદ્ધતિઓનો અમલ પણ કરવામાં આવે છે આ ઉપરાંત જૈવિક જંતુનાશક દવાનો ઉપયોગ પણ કરવામાં આવે છે. ખેતીના વિવિધ રાસાયણીક ખાતરો, જંતુનાશક દવાઓથી થતી આડઅસર અને પર્યાવરણને થતું નુકસાન અટકાવવા માટે સજીવ ખેતી, સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે અને એવા સમયે રાજય સરકાર દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી ભરોસાબંધ સેન્દ્રીય ઉત્પાદન થાય, યોગ્ય બજાર વ્યવસ્થા ઉભી કરી અને ખેડુતોની આવક વધે અને ગ્રાહકોને ખાતરીબંધ સેન્દ્રીય ઉત્પાદનો મળી રહે તેવી વ્યવસ્થા ઉભી થાય અને આગામી ૫ વર્ષમાં સેન્દ્રીય ખેતી હેઠળ વાવેતર વિસ્તાર વધારવા અંગેનો ખૂબ મોટો હેતુ સમાયેલો છે. સંયુકત રાષ્ટ્ર સંઘની મહાસભાએ ૨૨મી માર્ચ, ૧૯૯૩ના રોજ દરેક વર્ષની ૨૨મી માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવાનું નકકી કર્યુ છે ત્યારે આપના માધ્યમથી સન્માનનીય ગૃહ અને ગુજરાતની સમગ્ર પ્રજાને આજના દિવસે વિશ્વ જળ દિવસની હું ખુબ ખુબ શુભેચ્છા પાઠવું છું. ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરના અભ્યાસની વિવિધ શાખાઓમાં ગુણવત્તાયુકત માનવ સાધન-સંપત્તિ વિકસાવવાની દિશામાં શિક્ષણ આપવું, સંશોધનમાં અધ્યયન અને સંચાલનમાં પ્રગતિ, પરંપરાગત અને પ્રાચિન જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેને આધુનિક વૈજ્ઞાનિક સાધનોથી મઠારવું, વિસ્તરણ, શિક્ષણ અને તાલીમ હાથ ધરવી અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા સાથેના ભાગીદારો અને જોડાણોને પ્રોત્સાહન આપવું અને રાજયના ખેડૂતોને સેન્દ્રીય ખેતીના સર્ટીફીકેશનમાં સરળતા રહે તે માટે વર્ષ ૨૦૧૫-૧૬માં ગુજરાત ઓર્ગેનીક પ્રોડકશન સર્ટીફીકેશન એજન્સી ગોપકાની સ્થાપના કરવામાં આવેલ. સેન્દ્રીય ખેતીની વિવિધ ખેત પદ્ધત્તિ ખાતરીબદ્ધ કેન્દ્રીય ખેત સામગ્રી, પાક પોષણ અને તેને સંલગ્ન વિવિધ પદ્ધત્તિ, બજાર વ્યવસ્થા, શિક્ષણ અને સંશોધન માટે રાજ્ય સરકારને જરૂરિયાત જણાતા ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના કરવા નક્કી કરાયેલ. રાજ્ય સરકાર દ્વારા સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવા માટે પ્રયત્નોમાં એક વધુ યશસ્વી પગલું ભરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા સમગ્ર દેશમાં પ્રથમ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના માટેની ઘોષણા કરી હતી તે માટે બિલ રજૂ કરેલ છે. હાલમાં ખેતીમાં રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, પ્રદૂષિત પાણીનો વપરાશ વધતો ગયો છે. જેથી આડ અસર ઉભી થવાનો ખતરો ઉભો થયો છે. આ આડ અસરોના નિવારણ માટે પરંપરાગત ખેતીનું રૂપાંતર કરી આધુનિકતા સાથે સંશોધન કૃષિ અને વિસ્તરણનો સમન્વય કરી આવતી પેઢીનું અને માનવ જાતનું આરોગ્ય સુધારવા સરકારી બિલ લઇને આવ્યો છું. આપના માધ્યમથી સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરીશ કે આપણે સૌ ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છીએ અને ખેડૂતો જો સમૃદ્ધ હશે તો ગામડું સમૃદ્ધ બનશે અને ગામ સમૃદ્ધ બનશે તો રાજ્ય અને દેશ સમૃદ્ધ થશે. આને ધ્યાને રાખીને તમામ સભ્યશ્રીઓને વિનંતી કે ઓર્ગેનિક યુનિવર્સિટીના આ બિલને સર્વાનુમતે મંજૂર કરે તેવી મારે વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ બાબતે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોડે મોડે પણ ગુજરાત સરકાર જાગી. હવે એમ લાગ્યું કે ખેડૂતોના હિત માટેની ચિંતા કરીએ. મને એટલા માટે કહેવાનું મન થાય કે ૨૦૦૦ના વર્ષમાં કેન્દ્રમાં જે સરકાર હતી, યુ.પી.એ.ની સરકાર હતી એણે ખેતી માટેનો નેશનલ પ્રોગ્રામ જાહેર કરેલો અને એ વખતે ચિંતા કરેલી. સરકાર ખેતી માટેની, જમીન માટેની ચિંતા કરે એ જરૂરી છે. એક જમાનો હતો કે જ્યારે કોંગ્રેસે શાસન સંભાળ્યું ત્યારે આ દેશમાં લાલ ઘઉં લાવીને આપણે ખાતા હતા. ધીમે ધીમે આ દેશ ૪૦૦ લાખ ટન એક્સપોર્ટ કરે એવો શકિતશાળી બનાવવાનું કાર્ય દરેક ક્ષેત્રે કર્યું હોય, તો કોંગ્રેસ પક્ષે કર્યું છે. છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં જે સિસ્ટમ થઇ કે આ બિલ એટલા માટે લાવવું પડ્યું કે આપણે એક્સપોર્ટ ચોક્કસ વધાર્યું પણ રાસાયણિક ખાતરોનું પ્રમાણ વધાર્યું એનાથી ગુણવત્તા બગડી. પહેલાના જમાનામાં એક વીઘે ૫ મણ અનાજ પેદા થતું હતું એ વધીને ૩૫ થી ૪૦ મણ સુધી આપણે પહોંચ્યા. પણ કોઇપણ વસ્તુ જોઇએ તો એમ કહેવાય કે એની ક્વોલિટી બગાડી. હવે ચોક્કસપણે આજે ચિંતા

કરવાનો સમય પાકી ગયો છે. છેલ્લા કેટલાક સમયથી આપણે જોઇએ છીએ, તમે ફોરેનમાં જુઓ, બીજે જુઓ તો આજે આપણે ત્યાં એમ કહેવાતુ આવ્યું છે કે છાણીયા ખાતરમાંથી ઉત્પન્ન થયેલ અને કઢાઇ ઉપર ગેસ કરતાં ચૂલામાં બનાવેલ બાજરીનો રોટલો અને એની મીઠાશ ધીમે ધીમે જતી રહી છે. તમે ડૉક્ટર પાસે જશે તો ફળફળાદીમાં એમ કહેવામાં આવે કે તમે વાડીની ફળફળાદી ખાજો. જો ભૂલથી ય ત્યાંથી લાવ્યાં તો ત્યાં આગળ જે કોથળીઓનું કેમિકલ નાખવામાં આવે છે તેના કારણે તરત ફળ મોટું થઇ જાય અને એના કારણે શરીરને મોટું નુકસાન થાય છે. સરકાર આ બિલ લઇને આવી છે અમને આનંદ છે. અમે આપને ચોક્કસ સપોર્ટ કરી શકવાના છીએ પણ જે સ્થિતિ ગુજરાતની થઇ છે એની ચિંતા ચોક્કસ કરવી પડે. સરકાર મોડે જાગે તો અમારે કહેવું પડે કે સરકાર ૨૨-૨૫ વર્ષથી આ ગુજરાતમાં શાસન કરી રહી છ. ૨૫ વર્ષમાં શું શું ગુમાવ્યું? અને ચૂંટણી આવે એ તાકડે જાગવાનું મન થાય. એટલે અમને એટલા માટે કહેવાનું મન થાય કે આ પહેલા બિલ લાવ્યા હોત તો પણ અમે સપોર્ટ કરવાના હતા પણ માત્ર આપણે જુદી જુદી ૧૯ યુનિવર્સિટીઓ બનાવી. મારી પાસે એનું લિસ્ટ છે પણ યુનિવર્સિટીમાં એવું ના થાય કે માત્ર ઇલેકશન પુરતું હોય. યુનિવર્સિટી બને એની મોટી મોટી જાહેરાત થાય, એના ફાયદા થાય, અમે સપોર્ટ કરીએ અને અંતે ૫૫ થી ૬૦% જગ્યાઓ યુનિવર્સિટીમાં રજિસ્ટાર હોય, પરીક્ષા નિયામક હોય, લાયબ્રેરિયન હોય, ચીફ એકાઉન્ટન્ટ હોય, ઓફિસર હોય (અંતરાય) એમ નહિ આ યુનિવર્સિટી બને છે એટલા માટે ચિંતા કરું છું કે આવી યુનિવર્સિટી બન્યા પછી જે જગ્યાઓ ખાલી રહે અને ખરેખર એનો તાત્કાલિક અમલ થાય તો અમને આનંદ થાય કે ચોક્કસ આ યુનિવર્સિટીની અંદર ખેડૂતોના હિતમાં જે વાત થઇ છે એ ચોક્કસપણે થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જે જમીન છે અને જમીનના જે ફિગરો છે આપણી પાસે ૧ લાખ ૨૮ હજાર હેકટરમાં આપણે પાક ઉત્પન્ન કરીએ છીએ એની અંદર ૪૩% જમીન એ સિંચાઇ આધારિત છે. આજે દિન પ્રતિ દિન ગૌચરો એટલા બધા ઓછા થતા જાય છે. આપણે ગૌચરો ૧ રૂપિયે ટોકનમાં કોઇકને કેટલાય લાખો એકર જમીન કદાચ આપી શકતા હોઇએ એવી સ્થિતિ એ જ્યારે ઓછા થાય છે ત્યારે આજે ૩૫% જમીન એવી છે કે જેનું ધોવાણ સખત થઇ રહ્યું છે. ૧૪% જમીન ખારાશવાળી છે અને આ બધી જમીનની અંદર કયા પ્રકારે, કઇ રીતે ખેતી કરાય, એના માટે શું પ્લાન કરાય એના માટે આ યુનિવર્સિટી થવાની છે. મેં પહેલા પણ કહ્યું છે કે આ આનંદની વાત છે. ફોરેનની અંદર જે યુનિવર્સિટીઓ થતી હોય છે અને માનનીય ભૂપેન્દ્રસિંહ સાહેબ જાણતા હશે કે ફોરેનમાં ૫ વર્ષ પહેલા કયા એરિયામાં શું વરસાદ પડવાનો છે. એ વરસાદના ફિગર પર ૫ વર્ષમાં આપણે કયો કયો પાક કરવાનો અને પાક ઉપર આજે મને ઉદ્યોગપતિ તરીકે ખ્યાલ છે કે ૫-૫ વર્ષના વેપાર થતા હોય છે અને એના ઉપરથી ખેડૂતને એ ખબર પડતી હોય છે કે આવનાર સમયમાં મારે વિશ્વમાં કયા ક્ષેત્રમાં કયો પાક વધતો-ઓછો થવાનો છે. આપણે ત્યાં કદાચ કોઇને એવું લાગે કે ભારત આટલો મોટો દેશ પણ અમેરિકામાં ૧૦% પણ આઘુંપાછું થાય ત્યારે અમારે તેલિબિયામાં આખું ને આખું બજેટ બદલાઇ જતું હોય છે. આપણા કરતા ૧૦૦% ત્યાં આગળ એક પ્રકારનું સેટઅપ થતું હોય છે ત્યારે આવી યુનિવર્સિટીની અંદર ખરેખર એક અદ્યતન વ્યવસ્થા થાય, આપણા ખેડૂતોને સૌથી મોટો ફાયદો થાય અને આપણા વિદ્યાર્થીઓ તૈયાર થાય એની સાથે સાથે આ પ્રકારની વ્યવસ્થા ગોઠવાય. ત્યાં આગળ એવી પણ વ્યવસ્થા છે કે ૩૩% ખેડૂત આપે, ૩૩% સરકાર આપે સરકાર ૧૦૦% નહિ ૩૩% જ આપે છે અને ૩૩% ઉદ્યોગપતિઓ આપે છે પણ એની પડતર કોસ્ટથી માંડીને ૧૦ વર્ષ સુધી કઇ પ્રકારની આજે વસ્તુ છે એની અંદર સૌથી પહેલા ક્વોલિટી, ક્વોલિટીની સાથે આપણે જે ઇચ્છીએ છીએ તેવી વસ્તુ અને લોકોને ખાદ્યા ખોરાકમાં કેવી રીતે ઉપયોગી થાય.

ઉપાધ્યક્ષશ્રી : બલવંતસિંહ પૂરું કરો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે ટાઇમની કોઇ લિમિટ છે નહિ. મારે વાત થઇ ગઇ છે. પ્લીઝ.

ઉપાધ્યક્ષશ્રી : ગૃહ મારે ચલાવવાનું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : વાત થઇ ગઇ છે. કેવી રીતે કરવાનું છે એ નક્કી છે. મારે દંડક સાહેબ જોડે વાત થઇ ગયેલી છે. પ્લીઝ, કેવી રીતે સેટ કરવાનું છે એનો ખ્યાલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારે એ જ કહેવું છે કે, આજે યુનિવર્સિટીમાં જે ગુજરાતના ખેડૂતોની આજે સ્થિતિ છે. પક્ષાપક્ષી સિવાય આપ એટલું ચોક્કસપણે જાણી શકો છો કે આજે ખેડૂતોને પડતર ભાવ પણ મળતા નથી, દિન-પ્રતિદિન ગુજરાતના ખેડૂતની સ્થિતિ એવી થવા માંડી છે કે, ગુજરાતના ખેડૂતોની સંખ્યા આજે ઓછી થતી જાય છે. આજે ખેડૂતો એટલા બધા ઓછા થતા જાય છે, લોકો ખેતી તરફ જવાનું ટાળે છે. અમારી બાજુ તો એવું કહેવામાં આવે છે કે, હવે ખેતી કરતા હોય અને ખેતીના કારણે પશુપાલનનો ધંધો કરતા હોય તો અમુક સમાજમાં તો દીકરી પરણાવવા કોઇ તૈયાર થતું નથી. એવી પણ સ્થિતિ આજે ગુજરાતની પેદા થઇ ગઇ છે, એવી વાસ્તવિકતા આજે ગુજરાતમાં છે. માટે સરકાર એ બાબતે ચિંતા કરે કે, આવનાર સમય એ ખેતીલક્ષી થાય. કોઇ પણ દેશ, કોઇ પણ રાજ્ય એનો ખેડૂત મજબૂત હશે તો જ આગળ વધી શકાય. માત્ર વાતો કરવાથી કે મોટી મોટી જાહેરાતો કરવાથી ખેડૂત સુખી કદાપી ના થાય. ખેડૂતને સાચી દ્રષ્ટિથી સુખી કરવો હોય, સાચા પ્લાનીંગથી સુખી કરવો હોય તો નાનામાં નાની વસ્તુ સરકારે વિચારવી પડશે અને આવનાર સમયમાં વિશ્વ સાથે જ્યારે આપણે હરિફાઇ કરવાની હોય ત્યારે વિશ્વના તમામ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને જો આપણે કરીશું તો ચોક્કસપણે આગળ જઇ શકાય. આ યુનિવર્સિટીમાં બે-ત્રણ-ચાર વસ્તુ એવી છે કે, જેમાં એમ કહેવામાં આવ્યું છે કે, ઓડિટ એ પોતે કરવાના છે. મારે સરકારને એમ કહેવું છે કે, આ નાણાકીય ફંડ છે તો ઓડિટ એ નાણાકીય રીતે કરવું જોઇએ. ગઇ વખતે આપણે ૨૦૦૪માં જ્યારે નિયામક એગ્રીકલ્ચર યુનિવર્સિટી એક્ટ બનાવ્યો ત્યારે પણ કહ્યું હતું કે,

ધારાસભ્યશ્રીને આપણે મૂકીશું. આજે ૨૦૦૪થી માંડીને આજ દિન સુધી કોઇ ધારાસભ્યને મૂકવામાં પણ આવતા નથી અને અગાઉ જે યુનિવર્સિટીઓ બની છે એમાં અમુક લોકો પોતાનો પગદંડો જમાવી દે છે અને માત્ર પોતાના હિતો માટેનું જ ધ્યાનમાં રાખી, સગા સબંધીઓને ગોઠવીને એ યુનિવર્સિટીઓનો ગુજરાતને જે ફાયદો થવો જોઇએ એ ફાયદો નથી થવા દેતા. તો એ પણ સરકાર આ બાબતનું ધ્યાન રાખે અને જલદીમાં જલદી ભૂતકાળમાં જે યુનિવર્સિટીઓનો અનુભવ છે એવો આ યુનિવર્સિટીમાં ના થાય એવી સરકારશ્રીને મારી વિનંતી છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી વિધેયક–૨૦૧૭ લઇને આવ્યા છે, તેમાં સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

અત્યારે બે પરસ્પર વિરોધી પરિસ્થિતિ પેદા થઇ છે. જન સંખ્યા વધવાને કારણે વસતિની માગને પૂરી કરવા માટે ઉત્પાદન વધારવાની પણ જરૂર છે અને સાથે સાથે ઉત્પાદન વધારવા માટે જે પ્રકારે ખેડૂતો ખાતર, જંતુનાશક દવાઓ વગેરેનો જે પ્રકારે ઉપયોગ કરે છે એના લીધે જમીનની તંદુરસ્તી અને એના ઉત્પાદનના અન્ય સ્ત્રોતોની ઉત્પાદન ક્ષમતા પણ પુષ્કળ પ્રમાણમાં ઘટી છે. એના લીધે એ પ્રકારની જરૂરિયાત અત્યારે ઊભી થઇ કે, ઉત્પાદન પણ સારું થવું જોઇએ અને સાથે સાથે આ જમીનની ફળદ્રુપતા પણ ઘટી  ના જાય એની પણ ચિંતા તમામ ખેડૂતોએ કરવી પડશે. આપણને બધાને ખબર છે કે, પંજાબની અંદર ખૂબ ઉત્પાદન થતુ હતું અને એના કારણે એવું જાણવા મળ્યું કે, દેશની અઢી ટકા જમીન એમની પાસે હતી પરંતુ ખાતરના વપરાશના દેશનું બાર ટકા ખાતર એ પંજાબ દ્વારા વાપરવામાં આવતું હતું. એવી જ રીતે જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ દેશના કુલ ઉપયોગના સત્તર ટકા જેટલી દવાનો ઉપયોગ આ પંજાબ દ્વારા કરવામાં આવવાના કારણે આજે જે પ્રકારની પંજાબની અંદર પરિસ્થિતિ પેદા થઇ અને એના લીધે સમગ્ર ભારત દેશના તમામ રાજ્યોએ આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે આજે ચિંતા કરવાની જરૂર ઊભી થઇ છે. સમાજ જીવનની અંદર પણ આજે રોજબરોજની જિંદગીમાં લોકો એ કોલેસ્ટરોલ હોય, પોતાનું સુગર, બ્લડ પ્રેશર અને ફેટ એ બધા માટે ચિંતા કરે છે કે ભાઇ, આ બધી પરિસ્થિતિ ના થાય એના માટે દરેક જ્ગ્યાએ કાળજી રાખે છે પણ જેટલી વિકટ પરિસ્થિતિ આપણે રોજબરોજના જીવનની અંદર ખોરાકમાં જે  ખોરાકનો ઉપયોગ કરીએ છીએ એના કારણે આજે ધીમું ઝેર એકે એક વ્યક્તિના પેટમાં જઇ રહ્યું છે. આ ખબર હોતી નથી પરંતુ જાગૃતિ ન હોવાના કારણે,  પરંતુ જાગૃતિ ન હોવાને કારણે આજે આપણે બધા હમણા જ અમારા ગણપતભાઇ સાહેબ વાત કરતા હતા કે વ્યસન હોવાને કારણે કેન્સર જેવી બિમારી થાય, સ્વાભાવિક બાબત છે પરંતુ કોઇ દીકરી, કોઇ બહેન કે નાના બાળકો જેણે જિંદગીમાં કયારેય પણ વ્યસન ન કર્યું હોય અને છતાં પણ   બિમારી થાય એનું એક માત્ર કારણ એ છે કે આવો ખોરાક, કેમિકલ યુકત ખોરાક એના પેટમાં જવાના કારણે આવો રોગ થાય છે. હમણા જ વાત થઇ એમ કે ૨૦૦૦ ની સાલમાં કોંગ્રેસે આની ચિંતા કરી હતી પણ ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ગુજરાત સરકાર દ્વારા  પણ  ગુજરાત સેન્દ્રીય ખેતી નીતિ ૨૦૧૫ની સાલમાં જાહેર કરવામાં આવી હતી અને આજે આટલા વર્ષોથી આ સમગ્ર દેશ ઓર્ગેનીક ખેતી માટે ચિંતા કરતો હોય એવા સંજોગોની અંદર આ ગુજરાત વિધાનસભાની અંદર સમગ્ર ભારતનું પહેલું બિલ કે વિધેયક ઓર્ગેનીક યુનિવર્સિટી માટે આવે એ આપણા બધા માટે ગૌરવપૂર્ણ બાબત છે અને આવનાર પેઢીની અંદર આખો દેશ આ માટે આપણને બધાને યાદ કરવાનો છે. આ ખેડૂતની બાબત છે, આ લોકોના આરોગ્યની બાબત છે. આને રાજકીય રીતે ન લો આ ખૂબ અગત્યની બાબત છે. આજે આ વિષય કોઇને ખબર ન હોવાને કારણે, આજે કોઇપણ વ્યક્તિ મહેનત કરે પરંતુ એ ખોરાક એના બાળકોને, એના પરિવારને કેમિકલયુકત ખવડાવવાનું થયું છે એમાંથી બહાર કાઢવાની  આપણે બધાએ જરૂર છે. ૨૦૧૫ની અંદર કેરળ, આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ,  સિક્કિમ,  મિઝોરમ,  મધ્યપ્રદેશ, નાગાલેન્ડ અને ગુજરાત એ નવમું રાજય આજે આ સેન્દ્રીય ખાતર માટે બન્યું હતું અને એ બધા માટે ખૂબ પ્રયત્નો થયા છે. ઓર્ગેનીક ખેતી કરવી એ સરળ બાબત નથી. આ એક રાતોરાત કોઇ કેમિકલ નાખી દે અને કાલે સવારે ઓર્ગેનીક ફાર્મીંગ તૈયાર થઇ જાય એવી બાબત આ ન હોવાને કારણે આજે એને સતત ત્રણ વર્ષ સુધી એ જમીનની માવજત કરવામાં આવે એ જમીનમાં કોઇપણ પ્રકારનું કેમિકલ કે રાસાયણિક ખાતર, જંતુનાશક દવા ન નાખવામાં આવે ત્યારે આ ઓર્ગેનીક ફુડ એની અંદરથી પેદા થઇ શકે છે એ પ્રકારની ખૂબ લાંબી પ્રક્રિયા આજે જયારે અમલમાં છે ત્યારે આપણે પણ એના માટે ચિંતા કરવા માટે આ સરકાર જયારે ઓર્ગેનીક યુનિવર્સિટી બનાવવાનું  વિધેયક લઇને આવી છે એના લીધે ઓર્ગેનીક યુનિવર્સિટી બનવાને કારણે આજે એના માટેના સંશોધનો થશે અને જે પ્રકારની પરિસ્થિતિ છે કે સેન્દ્રીય પદ્ધતિ અપનાવવાને કારણે ઉત્પાદન ઘટે છે એવું લોકોને મગજમાં છે. આજે કોઇ નાનો મોટો રોગ આવે તો જંતુનાશક દવા ન નાખવાને કારણે એનો પાક ખલાસ થઇ જાય એ પ્રકારની પરિસ્થિતિ જયારે ખેડૂત પોતે સમજે છે ત્યારે એમાંથી એને બહાર કાઢવા માટે સમગ્ર લોકો ચિંતા કરશે તો જ  આ ખેડૂત એના માટે જાગૃત થશે કારણ કે આ પદ્ધતિ અપનાવવાને કારણે આજે એને જે નાની મોટી તકલીફ પડે અને એના માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉકેલ કઇ પ્રકારે લાવી શકાય એના માટે ઓર્ગેનીક યુનિવર્સિટી જયારે બનવાની છે ત્યારે આવનાર દિવસની અંદર સમગ્ર ગુજરાતના લોકોને, સમગ્ર દેશના લોકોને ખૂબ મોટો લાભ થવાનો છે, એનું આરોગ્ય પણ ખૂબ સારું બનશે અને એની શરૂઆત જયારે આજે ગુજરાતમાંથી થઇ રહી છે ત્યારે આ ઓર્ગેનીક યુનિવર્સિટીને હું સમર્થન આપું છું અને આપ બધાને વિનંતી કરું છું સારા કાર્યમાં આપ બધા સહકાર આપો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી ગુજરાત ઓર્ગેનીક એગ્રીકલ્ચર યુનિવર્સિટી વિધેયક –૧૫ લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ઓર્ગેનીક એગ્રીકલ્ચર યુનિવર્સિટી થાય તો સારું, લોકોના આરોગ્ય માટે સારૂં પણ ખરેખર જો ઓર્ગેનીક ઉત્પાદન કરવું હોય તો એમાં સરકાર પણ ઓર્ગેનીક જોઇએ કારણ

કે સરકાર એટલા માટે ઓર્ગેનીક જોઇએ કે અત્યારે આપ જોઇ રહ્યા છો વિદેશી કંપનીઓ ગુજરાતમાં કે આખા દેશની વાત કરું છું એની પેસ્ટીસાઇટ દવાઓ, એટલી બધી કંપનીઓ આ સરકાર ગુજરાતમાં લાવી છે પણ એગ્રીકલ્ચરમાં થોડું સારું કહેવાય કે તમે દેશી ઉપર આવ્યા છો. મોટા ભાગની પેસ્ટીસાઇડ દવાઓ વિદેશની હોય છે. પહેલાં આપણાં ગુજરાતનાં સ્થાનિક રીસર્ચ સેન્ટરો હતાં. જે દવાઓ હતી તે હવે વિદેશોથી આવવા લાગી છે. આવી દવાઓથી લોકોના આરોગ્યથી લઇને ખેતીમાં ખૂબ મોટું નુકસાન થાય છે. આપણા વડીલોને પૂછીએ તો એ કહેશે કે પહેલાં ખેતીમાં રક્ષક જીવાતો હતી. દા.ત. પહેલાં દાળિયા આવતા, મગફળીમાં જીવાત આવતી. એ ઝીણી ઝીણી જીવાતો ખાઇ જતા. પછી અળસિયા આવતા હતા તો એ જમીન પોચી કરી નાખે. પછી ચકલા આવતા એ ચકલા ઉડતી જીવાતોને પકડે. પછી કરોળિયા એ પણ ઉડતી જીવાતો એના ઝાળામાં ફસાઇ જાય એટલે એને પકડે. પછી વાણિયા આવતા. ઘણા બધાને ખબર હશે કે તે હેલિકોપ્ટરની જેમ ઉડતા હોય એનું નામ વાણિયા. એ ઝીણી ઝીણી જીવાતોને ખાઇ જાય. આ રક્ષકોથી ખેત ઉત્પાદનમાં આપણને ફાયદો હતો. અત્યારે પેસ્ટીસાઇડ દવાથી આ રક્ષકો મૃત્યુ પામે છે. અત્યારે તમે જુઓ કપાસની અંદર મીલીબાગ નામની જીવાત આવી છે. એ દવાઓથી કન્ટ્રોલ નથી થતી. પહેલાં કાઇ નહોતું હવે થ્રીપ્સ આવી છે. જે ઝીણા ઝીણા પ્રકારના ચુસિયા પોપડાની અંદર હોય. એમાં પેસ્ટીસાઇડ દવાઓ છાંટવી પડે. જમીનમાં મૂંડો આવે. આ મૂંડો એવો રોગ હોય છે કે છોડના મૂળિયા ખાય છે. સૈ ારાષ્ટ્રમાં મગફળીમાં આવ્યો, તુવેરમાં પણ આવ્યો. આ રોગ માટે આપણા ડિપાર્ટમેન્ટે પણ ખેડૂતોને પૂછે આ રોગ આવ્યો છે જે સંપૂર્ણ જમીન ઉત્પાદનનો નાશ કરે છે. મૂળિયા ખાઇ જાય છે. છોડનો ગ્રોથ અટકી જાય છે. આના માટે અધિકારીઓ દ્વારા એમ કહેવામાં આવે કે ક્લોરોપાયરીફોસ તમે પાણીમાં આપો. પાણીમાં આપવાથી જમીનમાં મૂંડાનું નિયંત્રણ નથી કરી શકતા. જમીનની અંદર રક્ષક જીવાતો હતી તે મૃત્યુ પામી છે. જમીનની ફળદ્રુપતા ઘટી છે. ઓર્ગેનિક ખેતી એ બિલ લાવ્યા છે, પણ એ બહુ અઘરી વાત છે. ઓર્ગેનિક કોને કહેવાય? સંપૂર્ણ ઓર્ગેનિક ઉત્પાદન આપણે લેવું હોય તો ૫ વર્ષ સુધી એની અંદર કોઇ પેસ્ટીસાઇડ દવાનો છંટકાવ ન થવો જોઇએ, રાસાયણિક ખાતર ન નાખ્યું હોય તો ઓર્ગેનિક લાવી શકીએ અને વિદેશોમાં એક્ષપોર્ટ કરી શકીએ. અત્યારે ઓર્ગેનિક કરવા નીકળીએ તો ખેડૂતો જે ઉત્પાદન કરે એનો ભાવ ન આવે. ખેડૂતોને ઉત્પાદન કરવામાં બહુ મુશ્કેલી પડે છે. પણ આના માટે આપણે યુનિવર્સિટી કરીએ કે જેથી કરીને ખેડૂતોને સલાહ-સૂચન મળે. ખેડૂતોને ખબર છે કે સલાહ-સૂચનની કોઇ જરૂર નથી. એને ખબર છે કે ઓર્ગેનિક કેમ પકવવું. ખેડૂતો પોતે વૈજ્ઞાનિક છે. એને સહાયની જરૂર છે. ઓર્ગેનિક કરવામાં સહાય જોઇએ. ઉત્પાદન ઓછું આવે. સંજભાઇ કહેતા હતા, પરંતુ જે ખેડૂત ઓર્ગેનિક કરે તેનું ઉત્પાદન બહુ ઓછું આવે છે. માટે સરકારે કયાંકને કયાંક મદદ કરવી પડે. વળતર આપવું પડે. આપણા યુનિવર્સિટીના અધિકારીઓ, વૈજ્ઞાનિકો ખેડૂતો પાસે જશે કે તમે ઓર્ગેનિક કરો. ગામડાની અંદર મીટિંગ રાખશે. ઓર્ગેનિક કરવામાં એમ કહેવું પડશે કે ૫ વર્ષ સુધી આમાં સેંદ્રીય ખાતર નાખવું પડશે. પેસ્ટીસાઇડ દવાઓ નહીં છાંટવાની તો ઓર્ગેનિક પાસ કરીને આપણે વિદેશમાં મોકલી શકીશું. ખેડૂત બિચારો આ ઓર્ગેનિક વાવ્યું, કંપલીટ કર્યુ, ઉત્પાદન લાવ્યા અને પાંચ વર્ષ મહેનત કરી અને છઠ્ઠા વર્ષે તેનું ઉત્પાદન પાસ ન થયું અને ભાવ ન આવ્યા તો સાતમા વર્ષે તે ખેડૂત પાછો ઓર્ગેનિક ખેતીમાં આવવાનો નથી તે તમારે સમજી લેવું જોઇએ. સાતમા વર્ષે તે ખેડૂત પાછો ઓર્ગેનિક ખેતી કરવાનો નથી માટે તેના માટે સરકાર અગાઉથી કંઇક વ્યવસ્થા કરે. મેં સાંભળ્યું છે કે કોરીયાની અંદર ૭૦ ટકા ખેડૂતો ઓર્ગેનિક ખેતી કરે છે. ત્યાં સરકાર તેને સંપૂર્ણ મદદ કરે છે. કારણ કે તે લોકોને ઓર્ગેનિક ખાવું છે. લોકોને ખવડાવવું છે. સરકાર પણ સમજે છે. અમે પણ સમજીએ છીએ કે, આજે આ જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરોથી આરોગ્યને નુકસાન થાય છે. જયારે ઓર્ગેનિક ખાવું હોય તો આના માટે ખેડૂતોને કયાંકને કયાંક મદદ કરવી પડે. કોઇએ ઓર્ગેનિક જોવું હોય તો મારા વિસ્તારમાં આવજો. ગીર બોર્ડર ઉપર ખાંભા ગામ છે તે ગાય આધારિત આખું ગામ ખેતી કરે છે. ગાયના ગૌમૂત્ર, છાણમાંથી દવા બનાવીને છંટકાવ કરે છે. લીમડાના પાનને ગરમ કરી તેની દવા બનાવી તેનો છંટકાવ કરે છે. તેમાં ખેડૂતોને ખૂબ મહેનત પડે છે ત્યારે ઓર્ગેનિક ખેતી થઇ શકે છે. તે ગામના ખેડૂતો પોતે જ તેમનો પાક વેચે છે. આમાં ઉત્પાદન બહુ ઓછું આવે છે. શાકભાજી, અનાજ અને કઠોળ..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ આપ પૂરું કરો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, થોડુંક જ બાકી છે. શાકભાજીની અંદર ખેડૂતોને મદદ કરીએ અને ઓર્ગેનિક શાકભાજી ખાવામાં આવે. અમારા દંડકશ્રીએ વાત કરી તેમ આપણે વર્ષો પહેલાં દેશી તૂરીયા, ટામેટા, કોબી ખાતા તો તેની અંદરથી સુગંદ આવતી અને સ્વાદ આવતો. આજનું શાકભાજી તમે ખાજો તમને ખબર જ નહીં પડે કે આપણે શું ખાઇએ છીએ. તમે વાત બરાબર કરી છે. બિલ લાવ્યા છો તે બરાબર છે અને તે વાત મને ગમી છે. લોકોના આરોગ્ય માટે સારુ છે. તેમાં ઘટતી વસ્તુ છે તે તમે પૂરી કરજો તો જ આપણી આ યુનિવર્સિટી ચાલશે નહીંતર તેને તાળાં લાગી જશે એટલું કહી મારી વાત પૂરી કરું છું.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી અધિનિયમ ૨૦૧૭નું બિલ વિધાનસભામાં રજૂ કરેલ છે. જે અંગે ગુજરાતમાં સજીવ ખેતીના આયામો વિશે મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણમાં કૃષિ દ્વારા ફેલાતા પ્રદૂષણમાં રસાયણો થકી ઉદ્ભવેલી આડઅસરોએ આજે પર્યાવરણની સમતુલા સામે પ્રશ્નાર્થ ઉભો કર્યો છે. પર્યાવરણીય સમતુલા જાળવી રાખવા માટે આપણે સજીવ ખેતી તરફ પ્રયાણ કર્યુ છે ત્યારે પાકને નુકસાન કરતા જીવાતોનું નિયંત્રણ સૌથી અગત્યનું પાસું છે. આજે આખુ વિશ્વ ઓર્ગેનિક ખેતી તરફ વળ્યું છે ત્યારે ગુજરાતના ધરતીપુત્રો માટે ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપતી નીતિ રાજય સરકારે ઘડી છે. આંતર રાષ્ટ્રીય બજારમાં

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭

સજીવ ખેત ઉત્પાદનની માંગ વધારે હોવાને લીધે લોકો સજીવ ખેતીનો અભિગમ સમજતા થયા છે. ભારતમાં અને ખાસ કરીને ગુજરાત રાજયના ઘણા વિસ્તારોમાં સજીવ ખેતીની વિપુલ તકો રહેલી છે. છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન વધુને વધુ નિકાસ થઇ શકે તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. આમ આપણે જયારે નિકાસ દ્વારા વિકાસના સિદ્ધાંતને મૂર્તિમંત કરવાની દિશામાં આગળ વધી રહ્યા હોઇએ ત્યારે ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદન હોવું જરૂરી છે.  જે માટે સજીવ ખેત ઉત્પાદન ઉત્તમ વિકલ્પ છે. આપણે ત્યાં ઓર્ગેનિક ફાર્મિંગની હાલ હજુ પોલીસી બની રહી છે ત્યારે જડીબુટ્ટી અને ઔષધિનો ભંડાર ગણાતા પૂર્વતર રાજય સિક્કીમમાં રાસાયણિક દવાઓ તથા ખાતરોને તિલાંજલિ આપવા ૧૦ વરસથી પ્રયાસો ચાલી રહ્યા છે. ૬.૫ લાખની વસતિ ધરાવતા રાજયમાં ૫૦ હજાર હેકટર જમીનમાં ડાંગર, ઇલાયચી, આદુ શાકભાજી અને ફળફળાદીનો પાક લહેરાઇ રહ્યો છે. દેશના કેટલાક રાજયો આજે પણ ઑર્ગેનિક ખેતી અપનાવવી કે નહીં તે હજુ પણ ઢચૂંપચૂં વલણ અપનાવી રહ્યા છે ત્યારે સિક્કીમે સાબિત કર્યું છે કે, સજીવ ખેતી એ ખોટનો ખાડો નથી પરંતુ પર્યાવરણ બચાવવાનો ટકાઉ વિકલ્પ છે. આ નાનકડા રાજયની ૬ હજાર હેકટર જમીનમાં વનસ્પતિજન્ય ખાતર અને અળસિયા–જૈવિક ખાતરોના ઉત્પાદન માટે સેંકડો એકમો લગાવવામાં આવ્યા છે. વર્મિ કમ્પોઝ જેવા ખાતરો તથા લીમડા જેવી કડવી વનસ્પતિમાંથી કુદરતી દવાઓનું સિંચન કરીને ખેડૂતોને ફાયદો થયો છે અને ખેડૂતોના હબ ગણાતા દક્ષિણ સિક્કીમમાં ૩ હજાર ટન ઇલાઇચી અને ૩ હજાર ટન આદુ પાકે છે. આપણે સજીવ કૃષિ પેદાશની વિશ્વ બજારની વાત કરીએ તો ઓર્ગેનિક મોનિટરીંગ ટીમના અંદાજ અનુસાર સજીવ કૃષિ પેદાશની માગ ૨૦૦૩માં ૨૫ અબજ ડોલરની હતી તે વધીને ૨૦૧૩માં ૭૨ અબજ ડોલર સુધી વધી છે તેમાં ૮૭ ટકા માગ અમેરિકા અને યુરોપના દેશોમાં છે. જયારે એશિયા, લેટિન અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સારા ઉત્પાદકો અને નિકાસ કરતા દેશો છે. રાજયમાં ૨૦ હજાર હેકટર સહિત સમગ્ર દેશમાં ૫ લાખ હેકટરમાં ખેડૂતો સજીવ ખેતી કરતા થયા છે. ઓર્ગેનિક ફૂડની વિશ્વમાં ૭૨ અબજ ડોલરની માગ છે અને દુનિયાભરમાં ૪૩ મિલિયન હેકટરમાં ઓર્ગેનિક ખેતી થાય છે. ભારતમાં પણ હજારો ખેડૂતો જોડાયા છે અને વિશ્વમાં ઉત્પાન થતા ફૂડ પૈકીનું એકલું અમેરિકા ૪૩ ટકા ઓર્ગેનિક ફૂડ વાપરે છે. વિશ્વમાં ૨૦ લાખ ખેડૂતો સજીવ ખેતી કરી રહ્યા છે જેમાં એકલા ભારતમાં ૬.૫૦ લાખ ખેડૂતો સજીવ ખેતી તરફ વળ્યા છે. ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને તેમના ખાદ્ય પદાર્થોના વેચાણ માટે જરૂરી બજાર મળી રહે તે માટે પણ સરકારે આયોજન કર્યું છે. રાજયમાં સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન મળે તે માટે અસરકારક રોગો દૂર કરી શકાયા તે માટેની પધ્ધતિઓનું સઘન સંશોધન થાય તે માટે ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટીની સ્થાપના માટે રાજય સરકારશ્રી દ્વારા લાવવામાં આવેલ ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી અધિનિયમ ૨૦૧૭ માટેનું  બિલ માનનીય મંત્રીશ્રીએ વિધાનસભામાં રજૂ કરેલ છે તેને હું મારું સમર્થન આપુ છું.

શ્રી મેરામણભાઇ મા. આહીર(ખંભાળિયા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં હાલ પોરબંદર અને ઘેડ વિસ્તાર જેવા વિસ્તારમાં બિન પિયત જુવાર, ચણા જેવા પાકો થાય છે, એ વિસ્તારમાં પરંપરાગત રીતે ખેતીને પ્રોત્સાહન આપવામાં આવે તો ઓર્ગેનિક ચણા અને જુવાર પકાવી શકીએ તેમ છીએ. એજ રીતે સુરેન્દ્રનગર જિલ્લાના ભાલ વિસ્તારમાં બિન પિયત ઘઉં અને ચણા તેમજ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના આમરણ ચોવીસી વિસ્તારના બિન પિયત ઘઉં અને ચણાના પાકની ખેતીને પ્રોત્સાહન આપવામાં આવે તો ઓર્ગેનિક પાક મળી શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે બાગાયત પાકો છે એમાં વલસાડ જિલ્લાની હાફૂસ કેરી તથા ગીર સોમનાથ જિલ્લાની કેસર કેરીના પાક માટે પણ ઓર્ગેનિક ખેતીના પ્રયોગ કરીને રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓના બદલે પરંપરાગત રીતે નીમ ઓઇલ તથા ગૌ મૂત્રના પ્રયોગથી જીવાતો આવતી અટકાવી શકાય તેમ છે અને તેનો ઉપયોગ કરનાર ખેડૂતને હાલની ખેત બજારની વ્યવસ્થા માર્કેટમાં પૂરી પાડવામાં આવે તો ઓર્ગેનિક કેરી બજારમાં પૂરી પાડી શકાય તેમ છે અને તેના ભાવ પણ વધારે મળી શકે તેમ છે.  આદિવાસી વિસ્તારમાં રાજ્યના અનેક ભાગોમાં તુણા, ધાન્ય જેવા કે નાગલી, બાજરી તથા જુવારના પાકના માર્કેટ માટે રાજ્યની માર્કેટયાર્ડોમાં પ્રોત્સાહિત પગલાં ભરી તેનું ઉત્પાદન અને વેચાણ કરે તે માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે મારી ખાસ વિનંતી છે. અમદાવાદ જિલ્લાના વિરમગામથી સુરેન્દ્રનગર થઇ જામનગરના જોડિયા સુધીના વિસ્તારમાં થતાં બિનપાચી કપાસિયાનું તેલ બનાવી વપરાશ થાય તો જંતુનાશક દવાના ઉપયોગ વગર ઓર્ગેનિક કપાસ તેલ મળી શકે તેમ છે તેથી તેને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આ માટે અલગ યુનિવર્સિટી બનાવવાથી ઓર્ગેનિક ખેતીનો પ્રશ્ન હલ થાય તેમ નથી. ઉપરથી આ પ્રકારની યુનિવર્સિટી કરવાથી ગુજરાત સરકારના ખર્ચમાં વધારો થાય તેમ છે. એના બદલે રાજ્યમાં ચાલતી કૃષિ યુનિવર્સિટીમાં ખેતીનું જે શિક્ષણ આપવામાં આવે છે તેની સાથે સાથે ઓર્ગેનિક ખેતી માટેનું શિક્ષણ આપવું જોઇએ જેથી સરકારનો ખોટો ખર્ચ બનાવી શકાય અને ખેડૂતો પોષણક્ષમ ખેતી કરી શકે. ઘણી જગ્યાએ રાસાયણિક ખેતી જે ખેડૂતો કરે છે એ લોકો વધારે પાક ઉત્પન્ન કરે છે ત્યારે ઘણી વખત આપણે રોગને આમંત્રણ પણ આપીએ છીએ. દા.ત. અમારા વિસ્તારમાં બકાલું વવાય છે ત્યારે એ રીંગણ જેટલું થાય ત્યારે એમાં દવા નાંખે છે અને એ દવા નાંખ્યા પછી બીજે દિવસે એ રીંગણ માર્કેટયાર્ડમાં રમતું હોય છે. તો એવી રાસાયણિક દવાઓનો વધારે વપરાશ બંધ કરવો જોઇએ અને ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા જોઇએ એટલા જ મારા વિચારો વ્યક્ત કરીને હું વિરમું છું.

ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭

પ્રો હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક ક્રમાંક–૧૫ લઇને આવ્યા છે એ અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છે. સજીવ ખેતી, ઓર્ગેનિક ખેતી એ આપણા દેશ માટે કોઇ નવી ચીજ નથી. છેક એશિયનકાળથી ચાલી આવતી આ પદ્ધતિ છે. પચાસ વરસોને બાદ કરતાં આપણો ભૂતકાળ વિચારીએ તો લગભગ સમગ્ર દેશમાં માત્રને માત્ર ઓર્ગેનિક એટલે કે સજીવ ખેતી જ ખેડૂતો કરતા હતા. મને બરાબર યાદ છે કે જ્યારે આ ફર્ટિલાઇઝર કંપનીઓ આવી ત્યારે પોતાનું ખાતર વેચવા માટે રાત્રીના સમયે જ્યારે ખેડૂતો નવરાશમાં હોય ત્યારે જઇને એના ફાયદાઓની વાતો કરતા હતા. એ ગામમાંથી નીકળી જાય પછી ખેડૂતો એકલા બેસીને વાત કરે કે આ ફર્ટિલાઇઝર વાપરવું નહિ, એનાથી જમીનની તંદુરસ્તી બગડશે અને આપણું આરોગ્ય પણ બગડશે એટલે જે પકવીએ છીએ એ જ ખાવું એમાં કોઇ આવા રાસાયણિક દ્રવ્યો કે ખાતરો વાપરવા નહિ અને નાકે દમ આવી ગયો ત્યારે આ રાસાયણિક ખાતરોનું ઉત્પાદન કરતી કંપનીઓના જે પ્રચારકો હતા એમને એનો લાભ મળ્યો. ઓર્ગેનિક ખેતીનો ખાતરના સંદર્ભમાં અર્થ કરવો હોય તો સેન્દ્રીય ખાતર–કુદરતી ખાતર કે જે લીલો પડવાસ, શણ, ઇકડ, છાણીયા ખાતર, અળસીયાનું ખાતર, ખોળ, કમ્પોઝ ખાતર, ઘેટાં –બકરા, ઉંટ જેવા પશુઓ–પ્રાણીઓને જમીન ઉપર રાત્રીના સમયે બેસાડવાથી મળ મુત્ર દ્વારા મળતું સેન્દ્રીય ખાતર. આ ખાતરથી અત્યાર સુધી આ પચાસ વરસોને બાદ કરતાં ભારતમાં ખેતી થઇ છે ત્યારે આ ઓર્ગેનિક ખેતી માટેનો વિચાર શા માટે વિચારવામાં આવ્યો? તેના પણ બહુ ચોક્કસ કારણો છે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે તેનો આશય માત્ર વધુ ઉત્પાદન મેળવી અને વધુ કમાણી કરવી એની સાથે સાથે આ જંતુનાશક દવા પશુ–પક્ષી અથવા મનુષ્યો તેનો સીધો ઉપયોગ કરે તો જીવ ગુમાવવો પડે છે ત્યારે આ દવાઓ દ્વારા તૈયાર થતો પાક અને તેનો વપરાશ આપણે ખોરાક તરીકે કરીએ તો બધા જ સજીવો ઉપર આવા ધાન્ય પાકોનો ઉપયોગ કરનારના જીવન પર પ્રત્યક્ષ અથવા પરોક્ષ જે અસરો પડતી હોય છે અને વધારે ઉત્પાદન આપતી જે જાતો છે તેનો બિયારણ તરીકે ઉપયોગ કરવાથી ખાદ્ય પેદાશોની જે ગુણવત્તા છે તેની ઉપર પણ અસર થતી હોય છે ગુણવત્તા ઘટતી હોય છે. વિવિધ પ્રમાણમાં જોઇતા તત્વોનું સપ્રમાણ જળવાતું નથી અને તેની પણ પ્રતિકૂળ અસર પડતી હોય છે. વધુ ઉત્પાદન મેળવવા માટે, ઉત્પાદકતા વધારવા માટે અને તેના દ્વારા વધુ કમાણી કરવા માટે વિવિધ પ્રકારના કેમિકલ્સ અને ઇન્જેકશનોનો પણ ઉપયોગ કરવામાં આવે છે જેના લીધે સજીવ સૃષ્ટિ ઉપર ઘણી મોટી પ્રતિકૂળ અસરો પડતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, છોડને ખબર નથી હોતી કે આ ઓર્ગેનિક છે કે ઇનઓર્ગેનિક છે એ તો બન્નેનું સેવન કરે છે અને તેમાં એની પેદાશનો ઉપયોગ મનુષ્ય કરે ત્યારે તેના જીવન ઉપર તેની પ્રતિકૂળ અસરો પડતી હોય છે. આ ઇકો ફ્રેન્ડલી જે ખેતી છે તેના અનેક ફાયદાઓ છે. જમીનની તબિયત સુધરે છે, તંદૂરસ્ત પાક, સારું ઉત્પાદન, નુકસાનકારક પદાર્થો સિવાયનું ખાતરીપૂર્વકનું ઉત્પાદન થઇ શકે, લાંબેગાળે ઉત્પાદનમાં વધારો થાય, વસતિ વધતી જાય છે વધુ ખાદ્ય ચીજોની જરૂરિયાત પણ છે અને સાથે સાથે માણસની તંદુરસ્તી પણ જળવાવી જોઇએ. જમીનમાં રહેલાં મદદરૂપ થતાં જીવાણુંઓ બચી જવાથી જમીન સુધારણામાં તે લાંબાગાળે તે લાભદાયી થશે. વોટર પોલ્યુશન અટકશે અને આ દરેક જંતુનાશક અને બધી દવાઓનો ઉપયોગ કરવાથી રાસાયણિક ખાતરોનો ઉપયોગ એ બધુ કરવાની આને અટકાવવાથી વોટર પોલ્યુશન અટકી જતું હોય છે. ઉત્પાદનની ગુણવત્તામાં પણ સુધારો થાય છે. પોષણની ગુણવત્તાની દ્રષ્ટિએ વધતાં માણસો અને પશુઓનું આરોગ્ય સુધરે છે. કુદરતી સ્વાદ અને સુગંધ આનાથી જળવાશે. જીવાત અને રોગોનું પ્રમાણ લાંબાગાળે ઘટશે. રસાયણોનો વપરાશ ઘટવાથી વીષમુકત ઢોર માટેનો ચારો મળે અને આપણને અનાજ પણ મળે. અત્યારે જે ઢોરોનો ચારો છે તે પણ વિષવાળો હોય છે અને તેનું દૂધ માણસ પીવે તો એના આરોગ્ય ઉપર પણ તેની પ્રતિકૂળ અસર પડે છે તે પણ આમાં ઘટાડી શકાશે. ખેડૂતોને તેમની પેદાશોના વધુ મળી શકે છે. નિકાસો વધી શકે છે, હુંડિયામણ મેળવી શકાય છે, વિદેશોમાં ઓર્ગેનિક ખેતપેદાશોની ડિમાન્ડ પણ મોટા પ્રમાણમાં દિવસે અને દિવસે વધતી જાય છે એનો લાભ પણ આપણે મેળવી શકીએ. રાસાયણિક દવાઓ ના વાપરવાથી આપણે એને ઘરમાં રાખીએ નહીં અને ઘણી વખત આ દેશની અંદર એવા ઘણાં બનાવો બન્યાં છે કે કોઇને કોઇ કારણોસર કોઇને મનદુઃખ થાય તો આ દવાનો ઉપયોગ કરે છે અને આત્મહત્યા કરે છે. તો એવા કેસો પણ આ દવાઓનો ઉપયોગ જ ના કરીએ તો આવા મૃત્યુદર પણ ઘટાડી શકાય. પાકમાં નવી જીવાત ઉત્પન્ન ન થાય લાભકારક જીવાત નુકસાનકારક જીવાતોનું રક્ષણ કરે છે પછી નવી જીવાત ઉત્પન્ન થતી નથી. જીવાતની રાસાયણિક દવા સામે પ્રતિકારક શકિત વધતી નથી. વાતાવરણમાં જે પરિબળો હોય તેને હાનિ ના કરે બીજા વનસ્પતિ, પ્રાણી, પશુ–પક્ષી કોઇને નુકસાન ન કરે, છોડ ઉપર ફાયદાકારક અને નુકસાનકારક બન્ને જીવાત હોય છે. અને ફાયદાકારક અને નુકસાનકારક ન થાય અને નુકસાનકારકને દૂર ન કરી શકાય અને આનુ નિયંત્રણ કરનારને પણ કોઇ નુકસાન થાય નહીં. કારણ કે કેટલીક વખત આની દવાની અસર થતી હોય છે અને એના કારણે પણ ઘણાં માણસો મૃત્યુ પામતા હોય છે. આ બધાને આમાં નિવારી શકાય. લઇ જવામાં હેન્ડલિંગ ચાર્જ પણ આમાં નહિવત આવે છે. નાના અને સીમાંત ખેડૂતોને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ કરતાં ઓર્ગેનિક ફાર્મિંગમાં ઉત્પાદન ખર્ચમાં ફાયદો થાય છે અને એનું નિયંત્રણ સારી રીતે કરી શકે છે. તેને પોતાના ઉત્પાદનના ભાવ સારા મળે છે તેથી તેનો જીવન નિર્વાહ પણ સારી રીતે થઇ શકે છે. ખેતીને જાળવી રાખવા માટે આ પદ્ધતિ અત્યંત ઉપયોગી છે. ઉત્પાદકતા ઘટે તે સંજોગોમાં અન્નની વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થાય છે. ઉત્પાદનનો એક નિયમ છે. સતત તમે રાસાયણિક પ્રયોગો કરી અને વધુને વધુ ઉત્પાદન લઇ શકો છો. ઉત્પાદકતા વધે, ઉત્પાદન વધે પણ એના માટે પ્રયત્નો કરવા પડે પણ લાંબા ગાળે ઘટતાં મળતરનો નિયમ હંમેશા દરેક ઉત્પાદન ક્ષેત્રમાં લાગુ પડે છે અને એ જ નિયમ ખેતીના ક્ષેત્રમાં પણ લાગુ પડે છે એને નિવારી શકાય છે. એટલે એ એક ફાયદો પણ મળે છે અને

આટલો ફાયદો હોવા છતાં આ ઓર્ગેનિક ફાર્મિંગ (સજીવ ખેતી) કરવી એ એટલું સરળ નથી. આપણા દેશની અંદર ૧૨૫ કરોડની વસતી છે. એને ખાવા માટે પૂરતુ અન્ન મળવું જોઇએ અને દર વર્ષે ખેતી લાયક જમીન ઉત્તરોત્તર ઘટતી જાય છે. માણસનું જીવન ધોરણ ઊંચુ જતુ જાય છે. એટલે ભવિષ્યમાં પણ સારા અને વધુ અનાજની જરૂરિયાત ઊભી થશે. એ પણ એક મોટો પડકાર છે. પેસ્ટીસાઇડ્સ ઉદ્યોગ ઘટે, ખેતીને લગતા રાસાયણિક ઉદ્યોગો પણ ઓછા થાય, એનું ઉત્પાદન ઘટે, ખેતપેદાશોનો વપરાશ ઘટવાથી રોજગારી પણ ઘટે, આપણો જી.ડી.પી.નો દર પણ ઘટે. આવી પ્રતિકૂળ અસરો પડવાની પણ શક્યતાઓ છે. ઓર્ગેનિક ખેતી કર્યા પછી જે ઉત્પાદન થાય એના માટે સરકારે સર્ટીફીકેટ આપવું પડે અને સર્ટીફીકેટ આપ્યા પછી પણ જે પાક તૈયાર થાય છે તેમાં ભેળસેળ થાય, ભળતું પેકીંગ થઇ શકે છે. આ બધા પર નિયંત્રણ કરવાનું કામ આપણે માનીએ છીએ તેટલું સહેલું નથી. અલબત્ત કાળજી રાખીએ તો સફળતા મળે. અત્યારે જે જમીનમાં રાસાયણિક ખાતરો અને પદાર્થો ઉમેરેલા હોય એનું પ્રમાણ એકદમ ઘટાડી દઇએ તો બે–ત્રણ વર્ષમાં જમીન એની ઓરીજીનલ સ્થિતિમાં આવી શકતી નથી. ચાર–પાંચ વર્ષ જેટલો સમય એમાં લાગે છે અને અત્યારે જે વધુ ઉત્પાદન જાતો (હાઇબ્રીડ બિયારણો) છે એમાં રાસાયણિક ખાતરો, પિયત અને એની માવજત માટે જંતુનાશક દવાઓ સહિતનો આપણે ઉપયોગ કરીએ તો જ એ વધારે ઉત્પાદન આપે. ઓર્ગેનિક ફાર્મિંગમાં આવી જાતો વધારે ઉત્પાદન આપશે નહિ. જેથી વધારે ઉત્પાદન મેળવવા માટે જે ઉદ્દેશો આપણે રાખીએ છીએ તેમાં એક જોખમ છે. કોઇપણ પેદાશની ગુણવત્તા ચકાસવાની વ્યવસ્થાનો અભાવ એ પણ એમાં અસર કરે છે. માત્ર જંતુનાશક દવાઓના અવશેષો ચકાસવાની પદ્ધતિ આપણે ત્યાં છે. એ સિવાયની બીજી પદ્ધતિ આપણે વિકસાવવી પડે અને છેલ્લે કેરી, ચીકુ, કેળા, આમળા જેવી ઉપજમાં આપણે ઓર્ગેનિક સર્ટી આપીએ છીએ અને તેમ છતાં એ જ માલ એક્ષપોર્ટ થતો હોય છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૫– સન ૨૦૧૭નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટીનું વિધેયક લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં જ માનનીય કૃષિ મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું કે, ગુજરાતની અંદર બનાસકાંઠાની અંદર સરદાર કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી અને એમણે જાતે કબૂલ્યું કે, એમના ભારતીય જનતા પાર્ટીના શાસન દરમિયાન એ કૃષિ યુનિવર્સિટીનું વિભાજન કરવામાં આવ્યું અને એના ચાર ભાગ કર્યા. કોંગ્રેસની સરકારમાં ઇન્દિરાજી વડા પ્રધાન હતા એ વખતે શ્રેષ્ઠ યુનિવર્સિટીની ભેટ ગુજરાતને કોંગ્રેસે આપેલી અને ખાસ કરીને બનાસકાંઠા જિલ્લો જે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે અને એકાંતરે વર્ષે તે દુષ્કાળમાં સપડાતો જિલ્લો છે એ વિસ્તારના અને ગુજરાતના ભલા માટે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. મારે દુઃખ સાથે કહેવું છે કે, અહીયાં ઓર્ગેનિક ખેતીનું બિલ લઇને આવ્યા છે એમાં ખેડૂતોનું અને જનતાનું સૌનું ભલું થવાનું છે પણ અહીંયાં દાંતીવાડા ખાતે હોર્ટીકલ્ચર કોલેજ ચાલતી હતી એ કોલેજ ત્યાંથી લઇ અને મહેસાણામાં જગુદણ લઇ ગયા. માનનીય સાપરિયા સાહેબ, અત્યારે આપ અહીંયાં હર્ષથી કહેતા હતા કે, બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ઘેલાભાઇને રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો પણ એ તો એની મહેનતના લીધે મળ્યો અને હોર્ટી કલ્ચરની કોલેજ આપ ત્યાં લઇ ગયા તો ભલે લઇ ગયા પણ અમને બીજી હોર્ટીકલ્ચર કોલેજ ત્યાં આપો કારણ કે આખા ગુજરાતની અંદર સૌથી વધારે જો દાડમની ખેતી થતી હોય અને માનનીય સાપરિયા સાહેબ, આપ સરવે કરાવો તો બનાસકાંઠા જિલ્લાની અંદર થાય છે. આપના દિલમાં ખેડૂતોનું ભલુ કરવાનું હોય તો અમને હોર્ટીકલ્ચર કોલેજ આપો. હું દાવા સાથે કહેવા માગું છું કે, આપ ઓર્ગેનિક ખેતીનું બિલ લઇને આવ્યા છો તો એની શક્યતા બધે છે ખેડૂતો મહેનત કરે તો, નથી એવું નથી પણ બનાસકાંઠા જિલ્લામાં ખાસ કરીને વિશેષ શક્યતા છે. કેવી રીતે? તો પશ્ચિમના અમારા જે તાલુકાઓ બનાસકાંઠા જિલ્લાના છે, વાવ છે વાવમાંથી હવે ત્રણ તાલુકા થયા. થરાદ છે, ધાનેરા છે, વગેરે તાલકાઓ છે ત્યાં ચોમાસાની ખેતી વરસાદ ઓછો આવે છે અને તેના કારણે ખેડૂતો ચોમાસાની ખેતી કરે છે એમાં રાસાયણિક ખાતરો નાખતા નથી. આપને જો ખ્યાલ ન હોય તો હું આપું કે, વાવ અને થરાદમાં પુષ્કળ પ્રમાણમાં મગ અને કઠોળનું ઉત્પાદન થાય છે અને ગુજરાતના અને બહારના માણસો ઓર્ગેનિક તરીકે પ્રખ્યાત હોઇ મગ અને કઠોળ ખાસ કરીને ચાહીને મંગાવે છે અને મગ ખાસ કરીને આપ માનનીય પરબતભાઇને કહેજો, માનનીય શંકરભાઇ સાહેબને એમના વિસ્તારમાંથી એકાદ કટ્ટુ આપને પહોંચાડે અને આપ ટેસ્ટ કરો અને ચાખો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખૂબ દુઃખ સાથે કહેવાનું છે કે, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની અંદર ડેરી ટેકનોલોજી કોલેજ, ઘલબાભાઇની નામે ચાલે છે એમાં બનાસકાંઠાના ખેડૂતોએ પણ પાંચ કરોડ રૂપિયા આપ્યા છતાં પણ ખૂબ દુઃખ સાથે મારે વાંરવાર કહેવું પડે છે કે, કોઇ પણ ડેરી ટેકનોલોજી કરેલો માણસ જયારે ઇન્ટર્વ્યુમાં જાય ત્યારે ઇન્ટર્વ્યુ લેનારા અધિકારીઓ છે એ જૂએ છે કે એણે ક્યાં ડીગ્રી લીધી છે. તો કહે કે દાંતીવાડા, તો એની પસંદગી નથી થતી પણ જૂનાગઢના હોય, આણંદના હોય કે નવસારીના હોય એની થાય છે કારણ કે ત્યાં સ્ટાફ જ નથી અને સ્ટાફ ન હોય તો એમનું જે ભણતર હોવું જોઇએ એ ભણતર પૂરેપૂરું મળતું નથી. એવું જ વેટરનરી કોલેજમાં છે, એવું જ એગ્રીકલ્ચર કોલેજમાં છે. અત્યારે વિશાળ તકો બનાસકાંઠા જિલ્લાની ખેતીનો વિકાસ કરવા માટેની મોજૂદ છે. ( અંતરાય) સાહેબ, હું તરત જ પૂરું કરું છું, એકાદ મિનિટમાં પૂરું કરું છું. ત્યાં કોંગ્રેસના વખતની ઓઇલ મિલ ૫૦૦ ટનની કેપેસીટીની ઉપલબ્ધ છે એ મિલની અંદર રાયડો પીલવાનું કામ થાય છે. એરંડા વધારેમાં વધારે બનાસકાંઠા જિલ્લામાં ઉત્પન્ન થાય છે. તો ઉચ્ચ ગુણવત્તાવાળુ ટેસ્ટર હોય

ઉત્પાદન કરવાનું કામ સરકારમાં દ્રષ્ટિ હોય તો મિલ તૈયાર પડી છે એ મિલ ખેડૂતોના હિત ખાતર ચાલુ કરે અને બટાટાનો પ્રોજેકટ પણ ચાલુ કરે તો જ તમારી દ્રષ્ટિ ખેડૂતો માટેની છે એવું સાબિત થશે અને આ બિલને હું સમર્થન આપું છું.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા બિલ ઉપર માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇ, હર્ષદભાઇ રીબડીયા, મેરામણભાઇ, હીરાભાઇ, સંજયભાઇ પટેલ, ભરતભાઇ પટેલે અને સભ્યશ્રી જોઇતાભાઇ પટેલે ખૂબ સારા સૂચનો કર્યા છે અને બિલને સમર્થન આપ્યું છે. માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇએ કહ્યું એમ કે રાજય સરકારે ઓર્ગેનિક યુનિવર્સિટી અંગેનો ખૂબ મોડો વિચાર કર્યો, સમયસર વિચાર કરવાની આવશ્યકતા હતી ત્યારે આપના માધ્યમથી સન્માનનીય ગૃહને મારે જણાવવું છે કે રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી તરીકે કામ કરતા હતા ત્યારે વર્ષ ૨૦૦૫ની અંદર જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકાએથી કૃષિ મહોત્સવની શરૂઆત કરી. કૃષિ મહોત્સવની શરૂઆત કરી ત્યારે રાજયની અંદર રાજયના ખેડૂતોનું ખેત ઉત્પાદન નવ હજાર કરોડ રૂપિયા હતું અને ધીમે ધીમે કરતાં આજે લગભગ ૧ લાખ ૨૬ હજાર કરોડ સુધી પહોંચ્યું છે. એનું જો કોઇ કારણ હોય તો કૃષિ મહોત્સવની અંદર વૈજ્ઞાનિકો ગામડે ગામડે જઇને માર્ગદર્શન આપ્યું અને માર્ગદર્શનની અંદર વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેડૂત ખેતી કરતો થાય એનું માર્ગદર્શન આપ્યું અને ઓર્ગેનિક ઉત્પાદન થાય એ અંગેનું માર્ગદર્શન આપ્યું અને ખેડૂતની મહેનત થકી ખૂબ સારું ઉત્પાદન મળ્યું છે એનો આપણને સૌને આનંદ અને ગૌરવ છે.

બીજું માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇએ વાત કરી કે ખેતી વિસ્તાર ઘટયો છે. ત્યારે મારે સભ્યશ્રીને જણાવવું છે કે ખેતીના પાકોમાં વાવેતર વિસ્તાર ૪.૩૪ લાખ હેકટરનો વધારો થયો છે. ઉત્પાદનની અંદર ૨૧૫.૬૭ લાખ મેટ્રીક ટનનો પણ વધારો થયો છે. રાજયની અંદર જે ટેકનોલોજી અને વિજ્ઞાનનો ઉપયોગ કરીને ખેડૂતો આજે કૃષિ ઉત્પાદનની અંદર ખૂબ આગળ વધ્યા છે. બીજી ખૂબ અગત્યની ચિંતા બળવંતસિંહભાઇએ કરી કે અમારા વિસ્તારની અંદર ખેતીના વ્યવસાયની અંદર જોડાયેલા છે એવા દીકરાને દીકરી અમુક સમાજ દેવા સહમત નથી. આ વાત ભૂતકાળ બની ગઇ છે અને એટલા માટે ભૂતકાળ બની ગઇ છે કે ૨૦૦૫ પછી કૃષિની અંદર ખૂબ સારું ઉત્પાદન મળવાના કારણે ખેડૂતની આવકમાં વધારો થયો છે અને એ આવક વ્યવસાય બનતો જોવા મળ્યો છે અને સાથે સાથે આજના યુવાનો જે કૃષિ અભ્યાસ કરીને ટેકનોલોજીનો ઉપયોગ કરીને કૃષિના વ્યવસાયની અંદર જોડાયા છે ત્યારે આજનો યુવાન એ નોકરી કે ધંધા કરતા પણ સ્વતંત્ર બીઝનેશ તરીકે કૃષિને સ્વીકારીને આગળ વધે છે ત્યારે હવે આવનારા દિવસોની અંદર એ સ્થિતિનો સામનો કરવો નહિ પડે. માનનીય જોઇતાભાઇએ ખૂબ સરસ સૂચનો કર્યા.મેરામણભાઇ, હર્ષદભાઇએ પણ ખૂબ સારા સૂચનો કર્યા.મારે સમયના અભાવે વિશેષ વાત નથી કરવી પણ હર્ષદભાઇએ કહ્યું એમ ઓર્ગેનિક ખેતી અંગે સરકારે ચિંતા કરવી જોઇશે. ત્યારે હું એટલું ચોક્કસ કહીશ કે ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન માટે વિભાગની ઘણી સહાય યોજનાઓ આજે અમલમાં છે. રજીસ્ટ્રેશન ફીમાં ૭૫ ટકા સહાય આપવામાં આવે છે. સેન્દ્રીય ખેતીમાં ખેતી સામગ્રી માટે પાંચ હજાર પ્રતિ હેકટર સહાય આપવામાં આવે છે. ટેન્ટ હાઉસ બનાવવા માટે રૂપિયા ચાર લાખ સહાય આપવામાં આવે છે. સેન્દ્રીય ખેતીના નિર્દેશન માટે દસ હજાર સહાય આપવામાં આવે છે. ખેતી ઉત્પાદનમાં રાસાયણીક અવશેષોની ચકાસણી માટે રૂપિયા દસ હજાર પ્રતિ નમૂના દીઠ સહાય આપવામાં આવે છે. ખેડૂતો માટે એક દિવસીય તાલીમ માટે રૂપિયા દસ હજાર સહાય પણ આપવામાં આવે છે. આ બધી જ બાબતોની આપણે ચિંતા કરીએ છીએ ત્યારે વિપક્ષના મિત્રોએ પણ વાસ્તાવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ બિલને સંપૂર્ણપણે સહયોગ આપ્યો છે ત્યારે હું એમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીશ. ત્યારે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીશ, પણ આ સન્માનનીય ગૃહને આપના માધ્યમથી મારે જણાવવું છે કે વધુ પડતા કેમિકલથી, ખાતરના ઉપયોગથી પંજાબ જેવી સ્થિતિ ગુજરાતમાં ન થાય તે આપણે સૌએ ચિંતા કરવાની આવશ્યકતા છે. પંજાબના ભટીંડાથી જોધપુર. જોધપુર છે એ રાજસ્થાનનું છે અને ભટીંડા એ પંજાબનું છે. એ પેસેન્જર ટ્રેન તરીકે જે તે વખતે ટ્રેન શરૂ કરવામાં આવેલી. વધારે પડતા જંતુનાશક દવા અને ખાતરના ઉપયોગના કારણે તે વિસ્તારની અંદર કેન્સરના દર્દીઓમાં ખૂબ વધારો થયો અને તેના કારણે વધુ સારવાર લેવા માટે મોટા ભાગના કેન્સરના દર્દીઓ એ ટ્રેનમાં મુસાફરી કરવાના કારણે તે ટ્રેનનું નામ કેન્સર ટ્રેન તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે એ પરિસ્થિતિ આપણાં ગુજરાતમાં ન આવે તેની પણ આપણે સૌએ સાથે મળીને આ તકે ચિંતા કરવાની આવશ્યકતા છે. તેના આધાર ઉપર વિપક્ષના મારા તમામ મિત્રોએ પણ સમર્થન આપ્યું છે. આ યુનિવર્સિટી દેશની પ્રથમ ઓર્ગેનિક યુનિવર્સિટી બનશે. જે રાજય અને દેશના વિકાસને વધુ વેગવંતો બનાવશે અને લાંબા ગાળે ગુજરાતના લોકોનું સ્વાસ્થ્ય સુધરશે. ખેડૂતો પણ સમૃદ્ધ બનશે. એવા આ ઓર્ગેનિક યુનિવર્સિટીના બિલને સર્વાનુમતે મંજૂર કરો એવી વિનંતી સાથે મારી વાતને વિરામ આપું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭ના ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૭૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૭

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭ના ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયકને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭ના ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૬

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૬, સન–૨૦૧૭ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૬, સન–૨૦૧૭ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સવારથી આપણે આદિજાતિ કલ્યાણ પછી કૃષિ કલ્યાણ અને હવે શિક્ષણ કલ્યાણની વાત કરવામાં આવે છે. દરેક બાબતમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની દૂરંદેશીના દર્શન થાય છે. સમાજમાં હરિફાઇ થાય અને હરિફાઇ દ્વારા ગુણવત્તા વધે એ મુખ્ય આશય સાથે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સરકારની જે યુનિવર્સિટીઓ છે એની સાથોસાથ ખાનગી યુનિવર્સિટીઓને પણ ૨૦૦૯થી બિલ પસાર કરીને પરવાનગી આપી. ગુજરાત મહાજનોનું રાજ્ય છે. ગુજરાતમાં ભાગીદારી અને લોકભાગીદારી એ એનો સ્વભાવ છે. એટલે શિક્ષણ જગતમાં સારું કામ કરનાર લોકો છે, જેમણે વર્ષોથી સારું કામ કર્યું છે, પ્રામાણિકતાથી કર્યું છે, નિષ્ઠાથી કર્યું છે. એવા લોકો આજે વૈશ્વિક હરિફાઇમાં જઇ રહ્યા છે. એવા સંજોગોમાં વિશ્વના દેશોમાં જે વિષયો ભણાવવામાં આવે છે એને લઇને ગુજરાતના વિદ્યાર્થીઓને આગળ લાવવા માટે તેઓ પ્રયત્ન કરતા હોય તો રાજ્ય સરકારે એમને તક આપવી જોઇએ. રાજ્ય સરકારે એમને સારું કામ કરવાની તક આપી છે અને વિદ્યાર્થીઓને પસંદગીની તક આપી છે. એના પરિણામે જન ભાગીદારીથી આ યુનિવર્સિટીઓનો વિકાસ થઇ રહ્યો છે, એનું ગુજરાત મોડલ બન્યું છે. સરકારી યુનિવર્સિટીઓ પણ સારું કામ કરે એની સાથોસાથ ખાનગી યુનિવર્સિટીઓ પણ તંદૂરસ્ત હરિફાઇ કરે અને એનો સીધો લાભ સમાજને મળવાનો છે. આવતા દિવસોમાં એનો લાભ વિદ્યાર્થીઓને પણ મળવાનો છે. ગુજરાતના વિદ્યાર્થીઓ વૈશ્વિક હરિફાઇમાં સીધા દાખલ થાય અને આગળ વધે એવા હેતુ અને આશય સાથે હું આ બિલ લઇને આવ્યો છું. આ બિલની અંદર ચાર નવી યુનિવર્સિટીઓ– સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી, અડાલજ, જિ.ગાંધીનગર., પી.પી.સવાણી યુનિવર્સિટી, માંગરોળ, એ આદિવાસી વિસ્તારમાં છે. ઇન્દ્રશિલ યુનિવર્સિટી, ધોલેરા, તા.ધંધૂકા અને કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ મુકામે શરૂ થનાર છે. માત્રને માત્ર એકલી સરકારી યુનિવર્સિટીઓ હોય તો ક્યારેય હરિફાઇ ન થાય પણ સરકારે ખાનગી યુનિવર્સિટીઓ આપ્યા પછી સરકારી યુનિવર્સિટીઓમાં હરિફાઇનું તત્વ ઉમેરાયું. આ તંદૂરસ્ત હરિફાઇના કારણે એમ.એસ. યુનિવર્સિટીને એ ગ્રેડ મળ્યો, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી ઉત્તર ગુજરાતને એ ગ્રેડ મળ્યો, વીર નર્મદ યુનિવર્સિટીને એ ગ્રેડ મળ્યો અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પણ એ ગ્રેડ મળ્યો છે. આ બધી સરકારી યુનિવર્સિટીઓ છે. આ ખાનગી યુનિવર્સિટીઓ આવ્યા પછી ગ્રેડ મળેલા છે. હમણાં અમેરિકાની સંસ્થા ટાઇમ્સ હાયર એજયુકેશન દ્વારા બહાર પાડેલા રેન્કીંગ મુજબ એમ.એસ. યુનિવર્સિટીએ એશીયાની ૩૦૦ યુનિવર્સિટીમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. હું કાયમ માટે મારા અધ્યાપકો, શિક્ષકો અને શિક્ષણ જગતના શ્રેષ્ઠીઓ સાથે વાત કરતો હોઉ ત્યારે હંમેશા વાત કરું કે આવડું મોટું ભારત અને એશીયામાં કે વર્લ્ડની ૨૦૦–૩૦૦ યુનિવર્સિટીમાં એક પણ યુનિવર્સિટી ના હોય તો એ આપણા માટે ક્ષોભજનક છે. મિત્રો, આ વાત કરતા મને ખૂબ આનંદ અને ગૌરવ છે કે આપણી એમ.એસ. યુનિવર્સિટીએ એમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. નરેન્દ્રભાઇની દૂરંદેશી અને દીર્ઘદર્ષ્ટિ સવારમાં બલવંતસિંહ અને બીજા મિત્રો કહેતા હતા પણ આ બધી યુનિવર્સિટીઓ જે નરેન્દ્રભાઇએ પ્રાયવેટ કરી કે સરકારી કરી એ બધી દેશમાં કદાચ ન હોય એવી કરી છે. ટીચર્સ યુનિવર્સિટી, દાખલ થાય એટલે એ ઉદ્દેશ સાથે કે મારે શિક્ષક બનવાનું છે, સમાજમાં કેટલીકવાર એવું બનતું હોય છે કે બે વિદ્યા સહાયકો ૨–૫ વર્ષ પછી ભેગા થઇ જાય તો પછી એમ કહે કે ભઇ, તું તો ઇજનેર બનવાની વાત કરતો હતો ને? તો કહે કે હા. તું મેડિકલમાં જવાની વાત કરતો હતોને? તો કહે કે હા. કેમ ના થયું? અરે શું કરું યાર, ૨ માર્ક ખુટયા એટલે ઇજનેરીમાં ના ગયો,

* વિધેયક તા. ૧૮મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૨ માર્ક ખુટ્યા એટલે મેડિકલમાં ના ગયો. એની ઇચ્છા મેડિકલ અને ઇજનેરની હતી પછી શું કરું એટલે બી.એડ કરી નાખ્યું. મિત્રો, સમાજ માટે આ ચિંતાનો વિષય છે. કંઇ ન થયુ એટલા માટે બી.એડ કર્યુ? એના કરતાં મારે તો શિક્ષક જ થવું છે એ હેતુથી ભણે એ માટે ટીચર્સ યુનિવર્સિટીની સ્થાપના કરી અને એના ખુબ સારા પરિણામો પણ છે. ચિલ્ડ્રન યુનિવર્સિટી, એની પણ દુરદંશી, એનું પણ કામ, સમાજમાં આજકાલ હેલ્થ અવેરનેસ આવી છે. એ હેલ્થ અવેરનેસમાં માર્ગદર્શન એ સાચું મળે એ હેતુથી આની સ્થાપના થાય, આજે પીડિત માણસ કોઇપણ એમ કહે કે તને હું યોગ શીખવાડું છું, પ્રાણાયમ શીખવાડું છું, અને એજ જો એકસપર્ટ ના હોય તો નરેન્દ્રભાઇએ યોગ નકુલેશ યોગ દિવસની સ્થાપના કરી કે જે જાણકાર, સમાજને યોગ્ય માર્ગદર્શન આપી શકે એવા લોકો બહાર પડે, રક્ષાશકિત યુનિવર્સિટી, લો યુનિવર્સિટી, સ્કીલ યુનિવર્સિટી, સમાજને ફાયદો થયો છે એવી સ્પોર્ટસ યુનિવર્સિટી, કીડની યુનિવર્સિટી, પબ્લીક હેલ્થ યુનિવર્સિટી, ફોરેન્સીક યુનિવર્સિટી, આજે આખા દેશના લોકો ફોરેન્સીક ટેસ્ટ માટે ગુજરાતમાં આવે છે. આ બધી યુનિવર્સિટીની સાથે સાથે હરીફાઇમાં આ બધી ખાનગી યુનિવર્સિટીઓ પણ આવી છે. ખાસ વિષય ઉપર કેન્દ્ર સ્થાન રાખીને બધી યુનિવર્સિટીઓ કામ કરતી થઇ છે અને એમાં પણ અત્યારે હું જે સ્ટાર્ટ અપ યુનિવર્સિટીની વાત લઇને આવ્યો છું, આવતા સમયમાં આપણો યુવાન એ ઇનોવેટીવ વિચાર સાથે આગળ વધે, ગરીબ અને મધ્યમ વર્ગનો વિદ્યાર્થી છે એની પાસે કોઇ આઇડીયા પણ છે, સમાજની સમસ્યાના ઉકેલ માટેનો કોઇ આઇડીયા છે પણ એને ઇન્ટ્રોડયુસ કરવા માટે પૈસા નથી. આ યુનિવર્સિટીએ આ કામ હાથમાં લીધું છે એ પહેલા ગુજરાત યુનિવર્સિટી અને બાકીની બધી યુનિવર્સિટીને પણ મેં શિક્ષણ મંત્રી તરીકે મેં બધાને સૂચના કરી છે કે સ્ટાર્ટ અપ માટે કોઇ એન્ટર પ્રીન્યોર આવે તો એને ચર્ચા માટે કોઇ વ્યવસ્થા પૂરી પાડવી. આ આખી યુનિવર્સિટી સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેટીવ કામ માટે આવી રહી છે અને નવા વિચારને હકીકતના સ્વરૂપમાં બદલવા માટે આ યુનિવર્સિટી કામ કરવાની છે.સ્ટાર્ટ–અપની સાથે સાથે પી.પી. સવાણી, મારા સાથીઓ અને બધા લોકો જાણે છે કે વર્ષોથી સુરતમાં શિક્ષણનું ઉત્તમ કામ કરનારા, પોતે અન્ય વ્યવસાયમાંથી કમાયા હોય તો સમાજ સેવામાં શિક્ષણને ઉત્તમ સાધન માનીને આવતીકાલની સારી પેઢી તૈયાર થાય એ હેતુથી એમણે આ પી.પી.સવાણી ઇન્સ્ટટ્યૂટ શરૂ કરી છે. આ બધા જ નવા આવનારા લોકો આવતીકાલના જરૂરી નવા વિષયો લઇને આવે છે. કોઇ સ્ટાર્ટ–અપ, કોઇ બાયો ટેકનોલોજી. અન્યોન્ય સમાજની જરૂરિયાતના વિષયો છે. પી.પી. સવાણી યુનિવર્સિટી વિશે કહેતા મને આનંદ થાય છે કે આદિવાસી વિસ્તારમાં એ શરૂ થવાની છે. ગુજરાતમાં આપણને બધાને ખબર છે કે કેડીલા મોટું નામ છે. ફાર્માશ્યુટીકલ ક્ષેત્રમાં એમણે વર્ષોથી ખૂબ મોટું કામ કર્યું છે અને બાયો ટેકનોલોજીમાં ઉત્તમ પ્રકારનું કામ જ્યારે એમણે કર્યું હોય ત્યારે એ વધારે સારું કામ કરી શકે અને વધારે સારા કામનો સીધો લાભ સમાજને મળે. નવું સંશોધન કરે અને સંશોધનમાં ગુજરાતના યુવાનો જોડાય, એ યુવાન સંશોધનના ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપે એ માટે કેડીલા ફાર્માશ્યુટીકલે પણ ધંધુકા તાલુકામાં રતનપુર ગામમાં પ્રપોઝલ કરી છે અને એ શરૂ કરવા જઇ રહ્યા છે. આની સાથોસાથ અમદાવાદમાં વર્ષોથી કામ કરનારા કર્ણાવતી મેડિકલ એજ્યુકેશન એન્ડ ટ્રસ્ટ, ઉંવારસદ એ બી.ડી.એસ. એમ.ડી.એસ., બી.બી.એ., એલ.એલ.બી., અનેક પ્રકારના કોર્ષ કે જેમાં સંશોધન થાય, જેમાં ડીગ્રી પણ આપવામાં આવે અને ઉત્તમ પ્રકારના સાધનો સાથે આ બધું કરવામાં આવે, ઉત્તમ પ્રકારના અધ્યાપકોની પસંદગી કરીને આ ૪ યુનિવર્સિટીઓ ઉમેરવા માટેનું બિલ લઇને આવ્યો છું. સુધારેલ બિલ છે. આ સુધારા બિલ અંગે આપ સૌને વિનંતી કરું છું કે સૌ મારા સાથીઓ એમના વિચારો રજૂ કરે અને સર્વાનુમતે મંજૂર કરે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ૧૯ સરકારી યુનિવર્સિટીઓ અને ૨૧ ખાનગી યુનિવર્સિટીઓ છે ત્યારે માનનીય મંત્રીશ્રી બીજી ૪ ખાનગી યુનિવર્સિટીઓ ઉમેરવાની વાત લઇને આવ્યા છે. એરકન્ડીશન્ડ રૂમમાં ચાર દિવાલ વચ્ચે ઉચ્ચ શિક્ષણની વાતો કરવી એ ખૂબ સહેલું છે. પરંતુ તાજેતરમાં જ બે દિવસ પહેલા આવેલા રિઝલ્ટ ઉપરથી ખ્યાલ આવશે કે ઉચ્ચ શિક્ષણની શું દશા આપણા ગુજરાતમાં થઇ છે? બી.કો.ના સેમેસ્ટર–૧માં ૩૨ હજાર વિદ્યાર્થીઓ નાપાસ થયા, સેમેસ્ટર–૩માં ૨૮ હજાર અને સેમેસ્ટર–૫માં ૨૩ હજાર. બે દિવસ પહેલા જ રિઝલ્ટ આવ્યું છે. એક લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓ બી.કોમમાં નાપાસ થયા છે. વિઝિટીંગ લેકચરર હોય એ પ્રશ્નપત્ર ન કાઢી શકે એવો નિયમ હોય છે. અહીં તો પ્રશ્નપત્ર કાઢવાથી માંડીને ઉત્તરવહીની ચકાસણી સુધીની કામગીરી સરકારમાં નિયમોનું ઉલ્લંઘન કરીને કરવામાં આવતી હોય છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જે સરકારી યુનિવર્સિટીઓ છે, જે સરકારી કોલેજો આપણે ત્યાં છે એનો પાયો આપણે સુદ્રઢ કરવાની વધારે જરૂર છે. ત્યાર પછી ખાનગી યુનિવર્સિટીઓને તમે મંજૂરી આપો તો એ વધારે યોગ્ય ગણાય. આ ૧૩મી વિધાનસભાના ૧૦માં સત્રમાં ગઇકાલે જ મારા એક પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલું કે ઓગષ્ટ ૨૦૦૭માં યુ.જી.સી.એ આપેલા આદેશ અનુસાર રાજ્ય સરકારે રાજ્યમાં આવેલી તમામ યુનિવર્સિટીના સત્તા મંડળોને એસ.સી. અને એસ.ટી. માટે અનામત પ્રથા લાગુ કરવી જોઇએ અને એનો ઠરાવ કરવો જોઇએ તો ૫ વર્ષ પછી તા.૨૪–૭–૨૦૧૨ એ શિક્ષણ વિભાગે યુનિવર્સિટીને કાગળ લખ્યો. આજે એ વાતને ૧૦ વર્ષ થઇ ગયા પણ આ યુનિવર્સિટીઓના સંબંધિત યુનિવર્સિટી અધિનિયમ હેઠળ સત્તા મંડળોએ આ ઠરાવ પસાર કરીને આજ સુધી ગુજરાત સરકારને આપ્યો નથી અને સરકાર પોતે કબૂલ કરે છે કે ત્યારે આપણે ત્યાં હમણાં જ આદિવાસી ઉત્કર્ષની અને એસ.સી., એસ.ટી.ની વાતો થઇ એટલા માટે થઇને મારે કહેવું પડે છે કે આ માટે કોઇ પણ સમાજ હોય, કોઇ પણ જ્ઞાતિ હોય એના વિદ્યાર્થીઓ ભણે અને કોમ્પિટિશનમાં રહે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૭

વૈશ્વિક સ્તરે કોમ્પિટિશન કરે એ જોવું ખૂબ જરૂરી છે ત્યારે રાજકારણની બહાર રહીને વાતો કરનારા મોટી મોટી વાતો કરતા હોય છે. ખાલી વાત કરવી ખૂબ સહેલી હોય છે પણ સત્તામાં રહીને શિક્ષણનું સ્તર સુધારવું એ એટલું જ જરૂરી છે. સરકાર યુનિવર્સિટીના માળખા તાડીને ખાનગી યુનિવર્સિટીને માન્યતાઓ આપી દે છે અને ખાનગી યુનિવર્સિટીઓને કમાવા દેવાનો પરવાનો આપવામાં આવે છે એ આ સરકારની શિક્ષણ નીતિના અનુભવો આપણે કરી ચૂક્યા છીએ. શિક્ષણને વેપાર બનાવી દીધો છે. વિદ્યાર્થી એ કસ્ટમર નથી એ જીવતું જાગતું બાળક છે. મા-બાપ પેટે પાટા બાંધીને ભણાવે, ઉંચી ફી ભરે, ડોનેશન આપે અને આ કોમ્પિટિશનના જમાનામાં એમ પણ જ્યારે વિદ્યાર્થી ટ્રેસમાં જીવતો હોય આટલી ઉંચી ફી ભરીને, ડોનેશન આપીને જ્યારે એડમિશન લે અને એમાં પાછા પ્રશ્ન પેપરો ફૂટે ત્યારે ડીપ્રેસ થઇ જાય છે અને નપાસ થવાના દિવસો આવે તમે જોયું કે ૧ લાખ વિદ્યાર્થીઓ નપાસ થયા છે ત્યારે આ વિદ્યાર્થી ડીપ્રેસ થઇને આત્મહત્યા કરતો હોય છે. સરકારે લાગણીશીલ થવાની જરૂર છે, સંવેદનાથી વિચારવાની જરૂર છે. તમે ખાનગી યુનિવર્સિટીઓને પરમિશન ભલે આપો અમે કદાચ તમને સમર્થન આપીએ પણ જે ડોનેશન લેવાય છે એના પર રોક-ટોક રાખો. ફીના ધોરણ જે કંટ્રોલ વગર લેવાય છે એની સત્તા સરકારના હાથમાં રાખો અને એમનું નિયંત્રણ સરકારના હાથમાં રાખો અને સરકારી કોલેજોના અને યુનિવર્સિટીઓના માળખા સૃદઢ કરો. આજે ગુજરાતની એન્જિનિયરીંગ કોલેજની વાત મંત્રીશ્રીએ કરી. વાત ખૂબ સારી લાગે છે પણ આચાર્યની ૧૬ જગ્યાઓમાંથી ૧૦ જગ્યા ખાલી છે. પ્રોફેસરો ૨૦૩માંથી ૧૭૮ જગ્યા ખાલી છે. આસિસ્ટન્ટ પ્રોફેસર ૪૧૦માંથી ૧૯૪ની જગ્યા ખાલી છે અને એસોસિએટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસર ૧૭૨૪ માં ૬૮૯ જગ્યા ખાલી છે ૫૦%થી વધારે જગ્યાઓ ખાલી છે. ગુજરાતની પોલિટેકનીક કોલેજોમાં ૩૦ આચાર્ય હોવા જોઇએ એની જગ્યાએ ૨૭માં નથી એટલે કે ૯૦%માં નથી. જેમ માનનીય મંત્રીશ્રી લિસ્ટ લઇને આવ્યા એમ મારી પાસે પણ બહુ લાંબુ લિસ્ટ છે એટલે વધારે નહિ કહેતા આ સરકારી કોલેજોમાં રજિસ્ટાર નથી એવી કેટલી બધી કોલેજો છે કે જ્યાં૧૦-૧૦ વર્ષથી નથી. પરીક્ષા નિયામકો, લાબ્રેરીયન, અધ્યાપકો અને ચીફ એકાઉન્ટન્ટ ઓફિસરો નથી. આ બધી વ્યવસ્થાઓ સરકારે કરવી જોઇએ. ખાનગી યુનિવર્સિટીઓ નવી બનાવો એની ના નાહોઇ શકે. પરંતુ યુનિવર્સિટીઓમાં જે કાગળો ઉપરની યુનિવર્સિટીઓ હોય છે. ખરેખર બિલ્ડિંગો ય પૂરા નથી હોતા, વર્ગખંડો પૂરા નથી હોતા, સ્ટાફ નથી હોતો, રજિસ્ટાર નથી હોતા, પરીક્ષા નિયામકો નથી હોતા, એકાઉન્ટન્ટ ઓફિસરો નથી હોતા એટલે યુ.જી.સી.ના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવે છે. નિયમોને તો એ પ્રાઇવેટ યુનિવર્સિટીવાળા ઘોળીને પી જતા હોય ત્યારે સરકારે સાવચેત થઇને આંખે પાટા બાંધ્યા વગર ધૃતરાષ્ટ્રની ભૂમિકામાંથી બહાર નીકળીને ખરેખર આ યુનિવર્સિટીઓને નોટિસો આપીને પાલન કરે એવી ફરજ પાડવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તા સભર શિક્ષણ મળે એ જરૂરી છે પણ ખાનગીકરણ કરીને મનફાવે તેવી ફી ઉઘરાવે શકે તેવી સત્તા ન હોવી જોઇએ, ધારા ધોરણો નક્કી કરવા જોઇએ. ગરીબ માણસો, ગરીબ બાળકો વિદ્યાર્થીઓ અને વાલીઓ આજે સરેઆમ લૂંટાઇ છે ત્યારે માનવતા નેવે મૂકીને આ વિદ્યાર્થીના ભવિષ્ય સાથે ખિલવાડ ન થવી જોઇએ. રાજ્ય સરકારે સંપૂર્ણપણે જવાબદારીપૂર્વક વર્તવું જોઇએ. અને મેડિકલ યુનિવર્સિટીની આમાં જ્યારે વાત છે ત્યારે મારે તમને કહેવું છે કે, પારૂલ યુનિવર્સિટી અને સુમનદીપ યુનિવર્સિટી જેવી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓને જ્યારે લૂંટવામાં આવે છે, આખું ગુજરાત જાણે છે અને આ ફિલ્ડ સાથે જોડાયેલા તો તમામ લોકો જાણતા હતા કે બેરોકટોક ફી લેવાય છે. એમાં હાજરી માટે, પાસ થવા માટે અને એડમિશન માટે જ્યારે લાખ્ખો-કરોડો રૂપિયા લેવાતા હોય, જ્યારે એ.સી.બી. રેડ પાડે, જ્યારે મિડિયા આ વાતને ચગાવે ત્યારે જ તમને ખબર પડે છે કે, આ યુનિવર્સિટીઓમાં આવુ ચાલે છે? અને ત્યારે અહીંથી એવું બોલવામાં આવે કે કોઇ ચમરબંધીને છોડવામાં નહીં આવે પણ તમે પકડો તો ખરા ? પછી છોડવાની વાત છે. જ્યારે પણ કોઇ ઇન્સીડન્સ બને વિધાનસભા ચાલુ હોય ત્યારે જ ઝડપથી કાર્યવાહી થાય એવું ન હોવું જોઇએ, હંમેશા તત્પર રહેવું જોઇએ. ૨૦૧૫-૧૬માં નાણામંત્રીશ્રીએ કહેલું કે, દરેક તાલુકાઓમાં કોલેજ શરૂ કરીશું, હજી સુધી થઇ નથી. ૨૦૧૬-૧૭માં કહેલું કે, ૩૧ નવી કોલેજો શરૂ કરીશું, આ નાણામંત્રીશ્રીએ બજેટમાં કહેલું, હજી સુધી થઇ નથી. ગુજરાતમાં શૈક્ષણિક રીતે પછાત વીસ જિલ્લાઓ છે કે જ્યાં મૉડેલ ડિગ્રી કોલેજ સ્થાપવામાં સરકાર નિષ્ફળ રહી છે. આજે પણ રાજ્યના બાર જિલ્લાઓ એવી છે કે, જ્યાં વિજ્ઞાન પ્રવાહની સરકારી એક પણ કોલેજો નથી, બહુ દુ:ખ થાય છે. ગુજરાત સરકારની બાવીસ વર્ષની શિક્ષણની નીતિ, પાયો કાચો હોય તો ઇમારત મજબૂત ક્યાંથી હોઇ શકે? એના લીધે આજે આટલી બધી હરિફાઇમાં જ્યારે બાળકોનો ભણવાનો આટલો મોટો વિષય ગંભીર ચિંતાનો હોય ત્યારે આજે પાટીદાર સમાજ અને બીજી બિનઅનામત જ્ઞાતિઓને આજે રોડ ઉપર ઉતરી આવવું પડ્યું છે અને તેમ છતાંય હજી તમારે ખાનગી યુનિવર્સિટીઓને પરમીશન આપવી છે? જ્યારે આટલો ગંભીર ચિંતાનો વિષય હોય ત્યારે ખાનગી યુનિવર્સિટીઓને તમે મંજૂરી આપો પરંતુ યુ.જી.સી.ની ગાઇડ લાઇન પ્રમાણે આ સરકારી અને પ્રાઇવેટ યુનિવર્સિટીઓ ઓલરેડી જે અસ્તિત્વમાં જે એના માળખાકીય સુધારો કરો, એમાં મહેકમમાં સુધારો કરો એટલી જ હું વિનંતી કરવા માગુ છું. આ બધી ખાનગીકરણના લીધે અને બેરોકટોક ટ્યૂશન પ્રથા અને અતિશય પૈસાનું જે પ્રમાણે શિક્ષણનું વેપારીકરણ થયું એના લીધે આવી ગુજરાતની દશા બની છે તો માનનીય શિક્ષણમંત્રીશ્રી જે પણ કાંઇ કરે એ સમજી વિચારી અને વિધેયક લાવી અને નિયમો બનાવે અને આ બધી યુનિવર્સિટીઓ ઉપર સ્ટ્રીક કંટ્રોલ રાખે તો અમે એમની સાથે સંમત છીએ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક-૨૦૧૭ને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું. આ સન્માનનીય ગૃહે ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક ૨૦૦૯ પસાર

કર્યો છે અને એ અંતર્ગત ૨૧ જેટલી યુનિવર્સિટીઓ, ખાનગી યુનિવર્સિટી તરીકે કાર્યરત છે. બહેનની જ્યારે વાત સાંભળતો હતો ત્યારે મારે પૂછવાનું મન થાય છે કે, ૧૯૯૫ પહેલાં ગુજરાતમાં કેટલી યુનિવર્સિટીઓ હતી અને આજે કેટલી યુનિવર્સિટીઓ છે? તમને જો આટલી બધી ઉચ્ચ શિક્ષણની ચિંતા હતી તો એ વખતે કાંઇ કર્યું નહી. અત્યારે ગુજરાતની અંદર ૧,૦૫૯ કોલેજો જેમાં ૧૦૬ કોલેજો સરકારી છે, બધું ખાનગી નથી. ૧૦૬ સીધી સરકાર હસ્તક કોલેજો છે. ૩૫૬ જેટલી કોલેજોને રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે અને એ કોલેજો ચાલે છે. રાજ્યની અંદર ૬૦૫ જેટલી સ્વનિર્ભર કોલેજો છે. મારે જણાવવું છે કે અગાઉ ૧૬ યુનિવર્સિટીઓ હતી આજે બે યુનિવર્સિટી સાથે ૬૭ યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવી છે એટલે જે લોકો અત્યારે ઉચ્ચ શિક્ષણ માટે ચિંતા કરે છે એ લોકોએ ધ્યાન રાખવું જોઇએ કે રાજય સરકાર, એમાં ખાસ કરીને આપણા દેશના વડાપ્રધાનશ્રીનું જે વિઝન હતું એ પ્રમાણે ખાનગી યુનિવર્સિટીઓને પણ સરકારી યુનિવર્સિટીઓની સાથેસાથે માન્યતા આપવામાં આવી છે. કેડીલાની માનનીય મંત્રીશ્રીએ વાત કરી. આ સંસ્થા જે  છે એ અત્યારે ૨૦૦૯થી એને ઇન્ડસ્ટ્રીયલ ઇન્સ્ટીટયૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી છેલ્લા સાત વર્ષથી કાર્યરત છે અને એ પોતે ધોલેરા ખાતે ૧૧૫ એકર જમીનની અંદર કાર્યરત થવાની છે અને આપણે ગુજરાતના વિદ્યાર્થીઓની ચિંતા કરીએ છીએ ત્યારે મારે જણાવવું છે કે આગામી ૧૦ વર્ષમાં આ યુનિવર્સિટી ૧૨૭૭૦ જેટલા વિદ્યાર્થીઓને ૭૯ જેટલા અભ્યાસક્રમો મારફતે શિક્ષણ આપવાની છે એવી જ રીતે ઉવારસદ ખાતે ગાંધીનગર જિલ્લામાં આવેલી કર્ણાવતી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત જે સંસ્થા છે એણે ફોરેન યુનિવર્સિટી સાથે કોલાબ્રેશન કર્યું છે અને સેટેલાઇટ મારફતે પણ શિક્ષણ ઉપલબ્ધ કરાવવા માટે પ્રયત્નશીલ છે અને હાલમાં બી.ડી.એસ., એમ.ડી.એસ., બી.બી.એ., એલ.એલ.બી. વગેરે કોર્સો ત્યાં ચાલે છે. ૨૦૧૬-૧૭ની અંદર  અત્યારે ૬૫૦ વિદ્યાર્થીઓ કાર્યરત છે અને સંસ્થાએ પોતે ખૂબ સારું નામ કમાયું છે. આજે ખાનગી યુનિવર્સિટીમાં જે ચાર સંસ્થાઓને ખાનગી યુનિવર્સિટી જાહેર કરવા માટે માનનીય મંત્રીશ્રી દરખાસ્ત લાવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬ ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરું છું. અહીંયા ઘણીબધી વાતો કરવામાં આવી. ગુજરાતમાં એક જ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી હતી અને ત્યારપછી સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગર, આણંદ, એના પછી એમ.એસ. યુનિવર્સિટી વડોદરા અને હમણા જ અહીંયા દક્ષિણ ગુજરાતમાં નર્મદ યુનિવર્સિટી બની. ઉત્તર ગુજરાતમાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી બની અને પછી સૌરાષ્ટ્રમાં બની. હું જયારથી આ ગૃહમાં બેસું છું ભલે ભા.જ.પ.ની સરકાર શિક્ષણનું સારું કાર્ય કરે તો અમને આનંદ છે અને કરવું જ જોઇએ પણ અહીંયા જે કહેવામાં આવ્યું કે ખરેખર યુનિવર્સિટીઓ ઉપર સરકારનો અંકુશ હોવો જોઇએ. અહીંયા બહેને કીધું એમ કે આજે શિક્ષણનું વ્યાપારીકરણ થઇ ગયું છે. અહીંયા ૨૧ તો ખાનગી યુનિવર્સિટીઓ છે જ અને બીજી ચાર એ અનુસૂચિમાં ઉમેરાવા માટે જઇ રહી છે. અહીંયા માનનીય શિક્ષણ મંત્રી કહેતા હતા બહુ સારી વાત મને લાગી પણ એમાં બધા સંચાલકો એવા નથી હોતા કે જે આ ગુજરાતના બાળકોને, વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર ઉચ્ચશિક્ષણ આપી શકે. અહીંયા આ બધું બનતું હોય તો સરકારનો એના ઉપર અંકુશ અથવા તો કન્ટ્રોલ હોવો જોઇએ, રાખવો જોઇએ. આજે યુનિવર્સિટીઓમાં પૂરો સ્ટાફ નથી, પૂરા અધ્યાપકો નથી અને અધ્યાપકો હોય ખાનગી યુનિવર્સિટીમાં તો એમનો ૩૫૦૦૦ પગાર હોય અને ૧૦૦૦૦ આપવામાં આવે. આવું અધ્યાપકોનું શોષણ થાય છે એ પણ જોવું જોઇએ અને સાથેસાથે અહીંયા જે નવી ચાર યુનિવર્સિટીની મંજૂરી આપવા સરકાર જઇ રહી છે ત્યારે એમાં પણ અહીંયા એમણે કીધું કે આવા પછાત વિસ્તાર, આદિવાસી વિસ્તારમાં આવી યુનિવર્સિટી કરવામાં આવી છે પી.પી. સવાણી તો આપણે બાળકોની ચિંતા કરવી જોઇએ કેમકે બાળકો, વિદ્યાર્થીઓ આપણી મૂડી છે અને એ દેશના ભાવિ નાગરિકો છે એમને જો ઉચ્ચશિક્ષણ, સારું શિક્ષણ, ગુણવત્તાસભર શિક્ષણ આપવું હશે અને એમને સારી તકો આપવી હશે તો સરકારનો અહીંયા પૂરેપૂરો કન્ટ્રોલ હોવો જોઇએ. અહીંયા સુમનદીપ યુનિવર્સિટીનું આપણે જોયું.  એમાં તમે કહેશો કે ડાયરેક્ટ દિલ્હીથી એની મંજૂરી આપેલી. એ યુનિવર્સિટીની અંદર બાળકો, વિદ્ધાર્થીઓને પાસ કરવા માટે ૨૦-૨૦ લાખ રૂપિયા જેટલી લાંચ લેવામાં આવતી હતી. બીજી, અહીયા પારૂલ યુનિવર્સિટીની વાત પણ છે. તો તેની અંદર પણ મારા ખ્યાલ મુજબ શરૂઆતમાં એક ડૅાક્ટર ૧૫૦ રૂપિયા ફી લેતા અને આજે એ સુમનદીપ યુનિવર્સિટીના ૧૫,૦૦૦ કરોડના માલિક બન્યા છે. આજે ૩૦,૦૦૦ જેટલા વિદ્ધાર્થીઓ કૅમ્પસમાં અભ્યાસ કરી રહ્યા છે. આવી જે યુનિવર્સિટીઓ છે, ઘણા મંડળો છે, ટ્રસ્ટો છે, જે ખરેખર સાચા, સારા હશે, પણ કેટલાક ટ્રસ્ટો એવા છે કે શિક્ષણને વ્યવસાય બનાવી દેતા હોય છે, ત્યારે સરકારે પૂરેપૂરી તકેદારી, કાળજી રાખવી જોઇએ. અહીંયા એડમીશનની અંદર ઘણી સારી ખાનગી યુનિવર્સિટીઓ છે. મારો જાત અનુભવ કરેલ છે. ત્યાં મેરિટ પ્રમાણે જ એડમીશન મળે છે. કેટલીક યુનિવર્સિટી એવી છે કે ૪૫-૫૦ ટકાવાળા વિદ્યાર્થીઓને એડમીશન આપી દે છે. એક બાજુ ગુણવત્તાયુક્ત શિક્ષણની વાત કરીએ અને બીજી બાજુ આવું બનતું હોય છે, એટલે સરકારે આ યુનિવર્સિટી ભલે નવી આપે. ૨૧ ખાનગી છે અને બીજી ૪ નવી આપી રહ્યા છે, ત્યારે સરકારે એના ઉપર અંકુશ રાખવો જોઇએ. એના ઉપર મોનીટરિંગ કરવું જોઇએ તે દેખાતું નથી. ખાનગી યુનિવર્સિટી સમાજને ઉપયોગી બનવી જોઇએ, પણ વ્યાપારીકરણ થતું હોય, વિદ્યાર્થી લૂંટાતા હોય ત્યારે સરકારે ખૂબ કાળજી રાખવી પડશે. અહીંયા અમારા જિલ્લામાં અમે ખેડા જિલ્લામાં હતા. નવા જિલ્લા બનતા અમને મહિસાગર જિલ્લામાં મૂક્યા.  અને એમાં પંચમહાલ, ગોધરા ખાતે ગુરુગોવિંદ યુનિવર્સિટી બનાવવામાં આવી. છેલ્લાં ૨ વર્ષ પહેલાં આની મુલાકાત લીધેલી. તો ફકત ૨ નો જ સ્ટાફ હતો.  આજે ખરેખર જે આશયથી સરકારે આવી યુનિવર્સિટી બનાવી તો એનો હેતું બર આવવો જોઇએ તે આવતો નથી. ત્યાં આગળ પૂરતો સ્ટાફ હોતો નથી, ત્યાં પૂરા રજિસ્ટ્રાર હોતા નથી. આવી

યુનિવર્સિટીઓ બનાવ્યા પછી એ ચાલવી જોઇએ અને શિક્ષણનો હેતુ બર આવવો જોઇએ. આ રીતે રાજ્યની અંદર જે સરકારી યુનિવર્સિટીઓ છે, જે ગુજરાત યુનિવર્સિટી,ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોય એ સારી રીતે ચાલતી હોય. બાળકોને સારું શિક્ષણ આપતી હોય તો એની કમ્પેરિઝન થવી જોઇએ, અથવા એ યુનિવર્સિટી કરતા આ ખાનગી યુનિવર્સિટીનું શિક્ષણ ખરેખર સારું હોવું જોઇએ. આ રીતે ગુજરાતની અંદર સરકારની વિચારણા મારી દ્રષ્ટિએ બરાબર હોય, પણ સરકારે શિક્ષણનું વ્યાપારીકરણ ન થાય તે જોવું જોઇએ. આવી ખાનગી યુનિવર્સિટીઓ ઉપર અંકુશ હોવો જોઇએ કે જેથી કરીને ત્યાંનો સ્ટાફ અને પ્રોફેસરો પૂરેપૂરા ભરાય, રજિસ્ટ્રાર હોય અને એની માળખાકીય સુવિધાઓથી સજ્જ આવી યુનિવર્સિટીઓ બનવી જોઇએ. અસ્તુ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક નં.૧૬ સને ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

મા સરસ્વતીના સાધકો માટે આવનારી સદીમાં સ્પર્ધાત્મક યુગમાં સરળતા અને સાનુકૂળતાના પ્રયત્નો વડે આવનારી પેઢીને શિક્ષણ ક્ષેત્રમાં સફળતાના શિખરો સર કરવા માટે અમારી ભારતીય જનતા પાર્ટી સરકારની એક નેમ છે. આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી એવા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણા દેશને ટૂંકા સમયની અંદર દેશના શાસનમાં આખા દેશને વિશ્વના ફલક ઉપર મૂકવાનું આગવું કામ કર્યુ છે. જેમણે ગુજરાતને વિકાસશીલ મોડલ તરીકે આખા દેશમાં આગવું સ્થાન અપાવ્યું છે. જેમણે સૌનો સાથ સૌનો વિકાસ તે મંત્રને ચરિતાર્થ કરવા માટેનો અભિગમ અપનાવ્યો તેવા માનનીય મોદી સાહેબ તથા શિક્ષણ જગતમાં ગુજરાતને આગવું સ્થાન અપાવ્યું તેવા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ દેશ આઝાદ થયો તે પછી રાજયોની સ્થાપના થઇ. આપણા ગુજરાત રાજયનો મહારાષ્ટ્ર રાજયની અંદર સમાવેશ થતો હતો. તે વખતે શિક્ષણ જગતની અંદર આપણા વિસ્તારની અંદર યુનિવર્સિટીઓ સ્થાપવા માટે વિચાર શરૂ થયો હતો. સૌથી પહેલાં ૧૯૪૯માં ગુજરાત યુનિવર્સિટી, તે પછી એમ.એસ.યુનિવર્સિટી, તે પછી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શિક્ષણ જગત માટે સ્થાપના કરવામાં આવી. સમયાંતરે ૧૯૬૦ પછી ગુજરાત એક અલગ રાજય બન્યું. તે પછી શિક્ષણની ભૂખ દિવસે દિવસે વધતી ગઇ. ૧૯૬૦ થી ૧૯૯૫ સુધીમાં આપણે બધા તેના સાક્ષી છીએ કે આપણા પરિવારમાં આ સમયમાં ઉચ્ચ અભ્યાસ કરીને કોઇને એન્જિનિયર થવું હોય, ફાર્માસીસ્ટ થવું હોય તો ગુજરાત નહીં પણ તેના પડોશી રાજયો જેવા કે મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજયોમાં આપણા દીકરા દીકરીને ઉચ્ચ અભ્યાસ માટે મોકલતા હતા. ત્યાં મોકલવા માટે પૈસા પણ ખર્ચવાના અને પરિવારથી પણ દૂર રહેવાનું આવો અભિગમ હતો. ૧૯૯૫ પછી આ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. આપણા દીકરા દીકરીને ઉચ્ચ અભ્યાસ માટે બીજા પ્રદેશમાં ન જવું પડે તેના માટે શિક્ષણમાં ખૂબ અગ્રતાક્રમે આવી યોજનાઓનો અમલ કરવામાં આવ્યો. તે વખતે ગુજરાતની અંદર અનેક સામાજિક સંસ્થાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓ થકી વડીલોએ જોળી ફેલાવીને દાનની સરવાણી ઉભી કરી. સમાજના અનેક વ્યક્તિઓએ, મોભીઓએ અનેક સંસ્થાઓનું નિર્માણ કર્યુ છે. એક-બે વાત મારે આપની સમક્ષ કરવી છે. ઉત્તર ગુજરાતની વાત કરું તો પૂજ્ય છગનભાએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના કરી છે. તે કેળવણી મંડળના આધારે આજે આ સભાગૃહને કહેતાં આનંદ થાય છે કે અમારી આ સરકારે આ સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો હતો. આજે આ સંસ્થા ગ્રીનીસ બુકની અંદર તેનો રેકર્ડ પ્રસ્થાપિત કરવા માટે પ્રથમ હરોળની કક્ષામાં તેનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તેવી બીજી ગણપત યુનિવર્સિટી હોય અને તેની સાથે સાથે ઔદ્યોગિક ગૃહોમાં જોઇએ તો નિરમા કોલેજને આ સરકારે ૨૦૦૩ની અંદર યુનિવર્સિટી તરીકેનું સ્થાન આપ્યું. આ નિરમા યુનિવર્સિટીમાં પણ....

પ્રો હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. આજની તારીખે આ સભાગૃહની અંદર છ જેટલી નવી યુનિવર્સિટીઓમાં જોઇએ તો બે સરકારી અને ચાર ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી મળશે. આ પહેલા ગુજરાતની અંદર ૨૧ જેટલી ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી મળી ચૂકી છે અને સરકારી યુનિવર્સિટીઓ સાથે ૬૨ જેટલી યુનિવર્સિટીઓની સંખ્યા થઇ અને એમાં આ ૬નો ઉમેરો થશે. યુનિવર્સિટીઓની સંખ્યા વધતી જાય એનો વાંધો નથી પણ આશય મંત્રીશ્રીનો અને સરકારશ્રીનો સારો હોય કે સ્પર્ધાત્મક શિક્ષણની વ્યવસ્થા ઉભી થાય, ગુણાત્મક શિક્ષણની વ્યવસ્થા ઉભી થાય અને એની સાથે સાથે ઇનોવેટિવ અને સ્ટાર્ટઅપના ખ્યાલ સાથેની શિક્ષણની પદ્ધતિ વિકસે અને જે કોઇ યુવાનો તૈયાર થાય એ બજારની સ્પર્ધામાં ઉભા રહી શકે તે પ્રમાણેનું શિક્ષણ એમને પ્રાપ્ત થાય એવો સારો ઉદેશ રાખીને આને મંજૂરી આપવામાં આવે એની સામે વિચારોની દૃષ્ટિએ વાંધો હોઇ શકે નહીં. પણ થોડા સમય પહેલા ગુજરાતમાં જે ઘટનાઓ બની એમાં પારુલ યુનિવર્સિટી હોય કે સુમનદીપ હોય..(અંતરાય)

સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ સવારની બેઠકનો સમય આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ તમામ બિલો પૂરાં થાય ત્યાં સુધી લંબાવવામાં આવે તેવી મારી દરખાસ્ત છે.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૭

ઉપાધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ તમામ બિલો પૂરાં થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઘટનાઓ બહાર આવી એ ઘટનાઓ બહાર આવવાના કારણો જુદા હતા. સુમન વાળો ૨૦ લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપાયો અને પારુલની અંદર જે બળાત્કાર થયો અને ત્યાર પછી સરકારશ્રીએ આની ઉંડી તપાસ કરી તો કૌભાંડોનો કોઇ પાર નહીં. નિયત પગાર ધોરણ જેટલો પગાર નહીં આપવો, પરીક્ષામાં પાસ કરવા માટેનું ઉઘરાણું કરવા માટેના માણસો રાખવામાં આવેલ, જે પગાર આપવામાં આવે એમાંથી ડોનેશનના રૂપમાં નાણાં એડવાન્સ ચેક લઇને પાછા લઇ લેવા આવી વિવિધ પ્રકારની તરકીબો આ લોકો અજમાવતા હોય છે. સારા માણસો અને હમણા ભાઇ વાત કરતા હતા નિરમાની, નિરમા જેવી યુનિવર્સિટીઓ આ રાજયમાં સ્થપાય તો એનો વિરોધ કરવાનું કોઇ કારણ નથી. શિક્ષણ સારું મળે, સ્પર્ધાત્મક મળે, ગુણાત્મક મળે અને નિયમો પ્રમાણેનું સંચાલન થાય તો એની સામે કોઇ વાંધો હોઇ શકે નહીં. પણ આ બધી યુનિવર્સિટીઓ છે એના ચાન્સેલર હોય, વાઇસ ચાન્સેલર હોય, એના રજીસ્ટ્રાર હોય, એનું વ્યવસ્થાપક મંડળ હોય આ બધું ઘરના ભૂવા અને ઘરના ડાકલા હોય છે બીજા કોઇ હોતા જ નથી. આમાં મોટા ભાગના ઘરના જ માણસો કામ કરતા હોય છે પછી તેને શિક્ષણનું જ્ઞાન હોય કે ન હોય, એની પાછળનો એક માત્ર આશય હોય છે કે કમાણી વધુ કરવી. હમણા માનનીય સભ્યશ્રીએ સવાણી સાહેબની વાત કરી, કેડિલાની વાત થઇ, કોઇ સારા ઔદ્યોગિક ગૃહો આવે તો સારી વાત છે પણ આમને આમ ચાલશે તો યુનિવર્સિટીનો ગુજરાતમાં કોઇ પાર જ નહીં રહે. સરકાર જે ઝડપથી ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપતી જાય છે અને એ જ ઝડપે એની પ્રગતિ ચાલુ રહે તો એનો કોઇ અંત નહીં આવે અને આ દેશમાં ઘણી બોગસ યુનિવર્સિટીઓ છે, ગુજરાતમાં નથી અત્યાર સુધી એ આપણું સદભાગ્ય છે. લૂંટારું છે પણ બોગસ નથી અને દેશની અંદર અને દુનિયામાં પણ આવી અસંખ્ય બોગસ યુનિવર્સિટીઓ છે. અને મેં જોયું કે ત્યાંથી સર્ટીફિકેટ કોઇ બી.એડનું લઇ આવે, કોઇ ગ્રેજ્યુએશનનું લઇ આવે અને પછી ઇન્કવાયરી કરીએ તો આવી કોઇ કોલેજ કે સંસ્થા જ ન હોય. એમનને એમ જ મળે પૈસા આપો એટલે સર્ટીફિકેટ મળી જાય. હમણાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ચાર યુનિવર્સિટી બરોડા, સુરત, અમદાવાદ અને ઉત્તર ગુજરાત આ ચારેયને એ ગ્રેડ મળ્યો છે. બહુ આનંદની વાત છે. પણ આ યુનિવર્સિટીઓની નીચે જે સંલગ્ન  ગ્રાન્ટેડ સંસ્થાઓ છે, કોલેજો છે, ત્યાં પૂરતો સ્ટાફ આપવામાં આવતો નથી. ટીચીંગ સ્ટાફ પણ નહિ અને નોન ટીચીંગ સ્ટાફ પણ નહિ. ૯૮ પછી કોઇ નોન ટીચીંગ સ્ટાફની ભરતી કરવામાં આવેલ નથી અને ૧૯૮૨-૮૪ના સમયગાળા દરમિયાન જે ફીના અને બીજા બધા ધોરણો નક્કી કર્યા ગ્રાન્ટના એ ધોરણોમાં સરકાર કોઇ ફેરફાર કરવા માગતી જ નથી. ગ્રાન્ટ ઇન એઇડ જે સંસ્થાઓ છે એના ગળે ટૂંપો દેવાનું કામ સરકાર કરી રહી છે. ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ ગ્રાન્ટ ઇન એઇડ જે સંસ્થાઓ છે એનું સંચાલન કરનાર માણસો હવે તંગ આવી ગયા છે, તો એને પૂરતો સ્ટાફ આપવામાં આવે. નોન ટીચીંગ, ચોથા વર્ગના કર્મચારી હોય એ તમામ પ્રકારના સ્ટાફ આપવામાં આવે તો એ ચાલી શકશે, પણ મને એમ લાગે છે કે, પણ સરકારની આ સંસ્થાઓ બંધ થઇ જાય એવી નીતિ છે એનું કારણ કહું તો, જ્યાં ગ્રાન્ટ ઇન એઇડ સાયન્સ કોલેજ છે ત્યાં બીજી ખાનગી સાયન્સ કોલેજને મંજૂરી આપવાની. એમની પાસે કોઇ સાધન પણ ના હોય. ઇવન સરકારે પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર ત્યાં આવી ચાર સાયન્સ કોલેજો કરી છે જ્યાં કોઇ સ્ટાફ નહિ. એક કારકૂનથી કોલેજ ચાલે. કોલેજનું કોઇ મકાન ના હોય, પ્રેકટીકલની કોઇ વ્યવસ્થા ના હોય. કોઇ અધ્યાપકો ના હોય, શિક્ષણનું કોઇ કાર્ય જ ન ચાલતું હોય અને આપણે કહીએ કે આદિવાસીઓ અને તેમના બાળકોનું ઉત્થાન થાય એટલા માટે સરકારે આદિવાસી વિસ્તારની અંદર ગુરૂ ગોવિંદસિંહ યુનિવર્સિટી કરી, ત્યાં આટલી બધી કોલેજો  કરી પણ વ્યવસ્થા શું? ગુરૂ ગોવિંદસિંહ યુનિવર્સિટીને બે વરસ થયાં અને ઝાલોદની કોલેજને નવ વરસ થયા, લીમખેડાની કોલેજને ત્રણ વરસ થયા, મોરવા-હડફની કોલેજને બે વરસ થયા, ત્યાં કોઇ વ્યવસ્થા જેવું છે જ નહિ અને આ સરકારી કોલેજો છે. ત્યારે મારી વિનંતી છે કે, હરિફાઇ તંદૂરસ્ત હોવી જોઇએ. સરકારી સંસ્થાઓ શિક્ષણની હોય અને ખાનગી શિક્ષણની સંસ્થાઓ હોય એ બન્નેની વચ્ચે તંદૂરસ્ત હરિફાઇ થાય એવો પ્રયત્ન સરકારશ્રીએ સ્વયં કરવો જોઇએ એટલું કહી મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, તેજશ્રીબેન, આર.એમ. પટેલ, માનસિંહભાઇ, અરવિંદભાઇ અને હીરાભાઇએ આ બિલની ચર્ચામાં ભાગ લીધો છે એ બધાનો હું આભાર માનું છું. બહેને કહ્યું કે પેપર ફૂટે છે તો એ બાબતમાં જણાવું કે હવે એ ભૂતકાળ થઇ ગયો છે, એક પણ પેપર ફૂટતું નથી. કોઇપણ લેવલે એક પણ પેપર ફૂટ્યું હોય તો મને કહેજો. અમે એના  માટે ચૂસ્ત વ્યવસ્થા કરી છે. ફુલપ્રુફ વ્યવસ્થા કરી છે કે કોઇપણ સ્તરે પેપર ન જ ફૂટે. અને પહેલાં જ દિવસે એવા સમાચાર આવ્યા હતા તો પેપર ચાલુ થયાની પંદરમી મિનિટે મિડિયા સમક્ષ સાચું અને ખોટું શું છે તે હું બતાવી આવ્યો હતો એટલે ક્યાંય પેપર ફૂટવાની વાત નથી અને ફૂટશે પણ નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, ફી નિયમન કમિટી બનાવી છે અને એ સ્મૂધલી ચાલે છે. એ ફી નિયમન કમિટી બધાને બોલાવે છે, એનું વાજબીપણું ચકાસે છે અને એ ચકાસ્યા પછી જ નક્કી થાય છે અને એમાં હાઇકોર્ટના નિવૃત્ત જજ છે એટલે એમાં આપણે કોઇ શંકા કરીએ એ પણ વાજબી નથી. આપણે વૈશ્વિકરણની વાતો કરવી છે, જવું પણ છે કારણ કે હવે વૈશ્વિકરણ વગર ચાલે તેમ નથી તો આપણે નવી હવાને આવવા જ ન દઇએ તો કેમ ચાલે? નવી હવા આવે તો જ કંઇક વૈશ્વિકરણની વાત થાય અને હીરાભાઇ, નિરમા જેવી યુનિવર્સિટી આપણે કરવી છે તો કોઇકને તક તો આપવી પડેને? અમે આ તક આપીએ છીએ અને ગુજરાતમાં એક પણ બોગસ યુનિવર્સિટી નથી. પારૂલ અને સુમનદીપની વાત કરો છો તો એ ચોક્કસ સરકાર માટે ચિંતાનો

વિષય છે. પણ એ એકલી સરકાર માટે નહીં પણ આપણાં બધા માટે ચિંતાનો વિષય છે અને સમાજ માટે પણ ચિંતાનો વિષય છે. અને એમાં જે કંઇ પગલાં ખબર પડી અને તરતજ કોઇને બચાવ્યા સિવાય અમે સંપૂર્ણપણે નિયમાનુસાર, કાયદેસરના પગલાં ભર્યા છે જ. આચાર્યની પર અને અધ્યાપકોની ૫૫૭ જગ્યા ભરવા માટેની પ્રોસીઝર ચાલે છે તે નજીકના ભવિષ્યમાં જ પૂર્ણ થશે. બહેને પાયો કાચો છે તેની વાત કરી Education is slow and long process. આજના નિર્ણયની અસર પાંચ, દસ વર્ષે થાય. ૨૦૦૯માં તમારી સરકારે આર.ટી.ઇ. કાયદાનો અમલ શરૂ કર્યો અને તેમાં એવુ કહ્યું કે વિદ્યાર્થી પહેલા ધોરણમાં બેસે તેને નપાસ નહીં કરવાનો અને સીધો તે આઠમા ધોરણમાંથી નવમા ધોરણમાં આવી જાય. તમારે સ્વીકારવુ પડશે, સમાજે સ્વીકારવુ પડશે બધાએ સ્વીકારવું પડશે કે આ નિર્ણયથી શિક્ષણ જગતમાં ખૂબ માઠાં પરિણામો આવ્યાં. આ પાયો કાચો છે તેનો હું આ ખુલાસો કરું છું અને ના મા–બાપને ચિંતા, ના વિદ્યાર્થીને ચિંતા, ના શિક્ષકને ચિંતા હવે એ લીધેલાં નિર્ણયની તમે અત્યારે મારી ટીકા કરો છો ત્યારે અસર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે હવે અમે નક્કી કર્યું છે કે ત્રીજા, પાંચમા અને આઠમા ધોરણમાં બપોર પછી મારે કહેવાનું જ છે એટલે શકિતસિંહ મને ટોકે તે પહેલાં, આ આપણે સ્વીકારવુ પડે. અને હવે સ્વીકાર્યા પછી સુધારવુ પણ પડે અને તે સુધારવામાં આપણે સંયુકત રીતે આ વિભાગ કોઇ પણ સરકારનો હોય પણ શિક્ષણ તે એવો વિષય છે કે જે બધાને લાગુ પડે છે. શિક્ષણ સારું હોય તો ઉદ્યોગ સારો, શિક્ષણ સારું હોય તો ખેતી સારી, શિક્ષણ સારું હોય તો સંસ્કારયુકત તો માણસ સારો એટલે આ આપણાં સૌની ચિંતા છે. અમે સારામાં સારુ ગુણવત્તાયુકત શિક્ષણ આ રાજયને મળે, ભાવિ પેઢી સારામાં સારી તૈયાર થાય અને વિશ્વની હરિફાઇમાં આજનો વિદ્યાર્થી ઉભો રહી અને આગળ નીકળી શકે તે હેતુથી આ ચાર નવી યુનિવર્સિટીઓને અમે તક આપીએ છીએ. મારી આપ સૌને વિનંતી છે કે, આપ સૌ સમર્થન આપીને નિર્વિરોધ મારું બિલ પસાર કરશો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૬, સન –૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકના ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૬, સન–૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રીઃ સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૬, સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વાનુમતે બિલ પસાર કરવા બદલ મારા વિપક્ષના સાથીઓનો હું આભાર માનુ છું.

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨

ગુજરાત મેરીટાઇમ બોર્ડ(સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, • રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૨, સન–૨૦૧૭ના ગુજરાત મેરીટાઇમ બોર્ડ(સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સુધારા વિધેયક લઇને હું આવ્યો છું. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૭નું ગુજરાત મેરીટાઇમ બોર્ડ (સુધારા) વિધેયક નું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એક સુધારા વિધેયક લઇને આજે વિધાનસભાની અંદર હું આવ્યો છું. બહુ મોટો વિષય નથી. એક નાનકડો સુધારો ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ–૧૯૮૧ની કલમ –૨૨ (ક)ની પેટા કલમ – ૩થી ફરમાવેલ છે કે, રાજ્ય સરકાર દ્વારા લેવાપાત્ર રાજ્ય વેરાના ૧૫ ટકાના દરે ગણતરી કરેલ વહીવટી ખર્ચ રાજ્ય સરકારે ગુજરાત મેરીટાઇમ બોર્ડને ચૂકવવાનો રહે છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ કે જેની માલિકી અને નિયંત્રણ રાજ્ય સરકાર ધરાવે છે. તેને રોરો પ્રોજેક્ટ, સાગરમાલા જેવા મોટા પ્રોજેકટો કે જે બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે છે. તેના અમલીકરણમાં ફન્ડ પૂરું

• વિધેયક તા.૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પાડીને રાજ્ય સરકાર મદદ કરે છે અને બોર્ડ પણ દર વર્ષે કોઇ વિશિષ્ટ મોટું પ્લાનિંગ શરૂ કરવાનું હોય ત્યારે રાજ્ય સરકાર એમાં પણ એને મદદ કરતી હોય છે. અમારો વિષય એવો છે કે, મેરીટાઇમ બોર્ડ દ્વારા ત્યાં જે વાહન આવતા હોય તેની પર અલગ – અલગ ટેક્ષ લેવામાં આવતા હોય છે. એમાં એક બંદરીય ટેક્ષ છે એ પરમેનેન્ટ મેરીટાઇમ બોર્ડ જે કામ કરે છે તેના માટેના છે અને બીજા રાજ્યના ચાર્જીસ છે. તો એમાં બોર્ડ લેન્ડીંગ ફી, શીપીંગ ફી, વોટર ફંડ રોયલ્ટી, લાઇટીંગ ચાર્જીસ, લાઇસન્સ ફી અને વોટર ફંડ ફી જેવી જુદી જુદી ફી ઉઘરાવવામાં આવે છે એમાંથી એક હિસ્સો મેરીટાઇમ બોર્ડને આપવા માટે જોગવાઇ હતી તો કાયદા દ્વારા આપણે ૧૫ ટકા જેટલો ચાર્જ છે. એમાંથી જે આવે એ મેરીટાઇમ બોર્ડને આપવાની વાત હતી. હવે અહીંયા સુધારો એટલો કરવામાં આવે છે કે ૧૫ ટકા ને બદલે રાજ્ય સરકાર જે વખતો વખત નક્કી કરે એ પ્રમાણે ચાર્જીસ લેશે. આ એટલા માટે કે રાજ્ય સરકારનો જે ચાર્જ છે એ દર વર્ષે વધતો જઇ રહ્યો છે. એમાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૩૬૦ કરોડ હતો, વર્ષ ૨૦૧૪–૧૫માં ૭૪૨ કરોડ, વર્ષ ૨૦૧૫–૧૬માં ૯૨૨ કરોડ અને વર્ષ ૨૦૧૬–૧૭માં ફેબ્રુઆરી માસના અંતે ૮૦૭ કરોડ જેટલો ચાર્જ થયો છે. સામે મેરીટાઇમ બોર્ડ અલગથી કામ કરે છે એના અલગથી જે ચાર્જીસ લે છે એમાં પોર્ટ, ઇન્ફ્રાસ્ટક્ચર ફેસીલીટી, મરીન સર્વિસીસ, એજન્ટ નિમવા માટેની લાઇસન્સ ફી, ગોડાઉન માટેના પ્લોટનું ભાડું, ક્રેન અને નાની બોટ માટેનું ભાડું, શીપીંગ બિલ્ડીંગ યાર્ડ, શીપ રીસાયકલીંગ યાર્ડ એ સિવાયની ફાયનાન્સીયલ સર્વીસ એ સહિતની જે આવક મેરીટાઇમ બોર્ડને થાય છે તે પણ છેલ્લા બે – ત્રણ વર્ષોમાં જોઇએ તો ૧૩–૧૪માં ૪૭૨ કરોડ હતી. વર્ષ ૨૦૧૪–૧૫માં ૫૦૪ કરોડ અને વર્ષ ૨૦૧૫–૧૬માં ૫૭૭ કરોડ હતી. આ વર્ષની અંદર પણ ફેબ્રુઆરી માસ સુધી ૫૭૦ કરોડ જેટલી આવક થઇ છે. કામ વધ્યું છે, કાર્ગો પણ વધ્યો છે એટલે આવક પણ વધી છે. એટલે મેરીટાઇમ બોર્ડની ઇન્કમ તો દર વર્ષે ૫૦૦ કરોડ કરતાં વધુ આવે જ છે. પરંતુ સરકારના જે ચાર્જીસ લેવાના છે એમાંથી અત્યાર સુધી કાયદા દ્વારા ૧૫ ટકામાંથી વધારે પણ ન કરી શકાય અને ઓછા પણ ન કરી શકાય તેવી જોગવાઇ હતી. આ વર્ષના બજેટની જોગવાઇમાં સાગરમાળા પ્રોજેક્ટ માટે, નર્મદા પરિક્રમા માટેની નાણાકીય જોગવાઇ કરી તો ચાલુ વર્ષની અંદર એને જરૂર ન હોય તો ન આપીએ અથવા ઓછા આપીએ પરંતુ બીજા વર્ષે જો એને વધારેની જરૂર હોય તો રાજ્ય સરકાર એને વધારે પણ આપી શકે. તો કાયદાની અંદર સરળતા રહે એ માટે સરકારના ચાર્જીસના ભાગમાંથી ૮૫ ટકા પોતાની પાસે રહે અને ૧૫ ટકા જે મેરીટાઇમ બોર્ડને આપવાના હતા એની અંદર ફ્લેક્સીબીલીટી રહે, સરળતા રહે વધારવા હોય તો પણ ચાર્જ વધારીને બોર્ડને આપી શકાય અને ઓછા કરવા હોય તો પણ રાજ્ય સરકાર કરી શકે તેટલો સુધારો લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યો છું.

શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે. માનનીય મંત્રીશ્રીના કહેવા પ્રમાણે ખૂબ નાનો સુધારો છે પરંતુ એની દૂરોગામી અસર પડવાની છે. મેરી ટાઇમ બોર્ડની પ્રવૃત્તિ પર આ સુધારો એ ઘાતક સાબિત થશે. માનનીય મંત્રીશ્રી બિલના પ્રભારી માનનીય શંકરભાઇ જરૂર એ વાતને ગહનતાથી સમજી શકે. માનું છું કે કદાચ માનનીય નાણા મંત્રીશ્રીએ આ વિભાગને આ બિલ લાવવા માટેનો આગ્રહ રાખ્યો હોય એટલે સ્વાભાવિક છે કે, આપ નાનો સુધારો કહો પણ માનનીય નીતિનભાઇ પણ માનનીય શંકરભાઇના આ નિગમ માટે કોથળામાં પાંચશેરી સાબિત થવાની છે. બહુ જ એની ખરાબ અસરો ઉભી થશે. જયારે આ કાયદો બન્યો ત્યારે ભારતીય જનતા પાર્ટી આ તરફ હતી અને સંવાદનો સેતુ કેવો હતો. સ્વ. માનનીય વિજયદાસજી મહંત આ બિલ લઇને આવ્યા એ પહેલાં ભારતીય જનતા પાર્ટીના સિનિયર સભ્યશ્રીઓએ એમના સાથે પરામર્શ કરીને કેટલીક જોગવાઇઓ હોવી જોઇએ એવો આગ્રહ રાખ્યો અને પ્રભારી મંત્રીશ્રી એ સુધારા સાથે આવ્યા અને વિધાનસભા ગૃહમાં માનનીય ધારાસભ્યશ્રીઓએ જે સુધારાઓ રજૂ કરેલા હતા એ સુધારાઓ ભારતીય જનતા પાર્ટીના સભ્યશ્રીઓએ પાછા ખેંચ્યા અને વિના વિરોધે આ મેરી ટાઇમ બોર્ડની સ્થાપના અંગેનું વિધેયક પસાર થયું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપ જે સુધારો લઇને આવો છો ને એ સુધારો વાજબી એટલા માટે નથી એ હું કહું છું. સૌથી પહેલું પાયાનું કારણ જયારે આ બિલ બન્યું ત્યારે સ્વ. માનનીય અશોકભાઇ ભટ્ટે આગ્રહ રાખ્યો હતો કે આ નિગમે જે કામ કરવાનું છે એમાં રાજ્ય સરકારને થતી આવકમાંથી આપ પંદર ટકા આપો છો. સ્વ. અશોકભાઇ આ વિધાનસભા ગૃહમાં ૧૫ જુલાઇ, ૧૯૮૧ના રોજ બોલેલા હતા અને કેટલીક વાતો કરી હતી. એમણે જી.એસ. એફ. સી., જી. આઇ. આઇ. સી., ગુજરાત હાઉસિંગ બોર્ડને ટાંકીને કહ્યું હતું કે એમને વહીવટી ખર્ચ માટે ૧૫ ટકા અને ૨૦ ટકા આપવા પડે છે અને એમણે એ પણ આગ્રહ રાખ્યો કે, આ વિભાગમાં ટેકનીકલ નિષ્ણાત લોકોની તમે ભરતી કરો. સરકાર આવક લઇ લે એના બદલે ચોક્કસ રકમ તમે ત્યાં ફાળવો. માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રીએ જે વાત ઘોઘા દહેજ ફેરી સર્વિસની કરી, ૧૯૮૧માં માનનીય સ્વ. અશોકભાઇના શબ્દો, મેં એમ પણ કહ્યું છે કે ગુજરાતમાં દહેજ અને ઘોઘા વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવાનું કામ આ બોર્ડ તાત્કાલિક સંભાળી લે, સ્વાયતતા આપો, પૂરા પૈસા આપો અને જે અંતર ઓછું થાય તે અંતરથી રાજયને લાભ થવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, નેવલ ઇન્સ્ટિટ્યુટ પણ બનાવો. આ બોર્ડમાં અન્ય પ્રવૃત્તિની સાથે એમણે વિકાસની કેટલીક વાતો, ટેકનીકલ જ્ઞાનવાળા અધિકારીઓ, આઇ.એ.એસ.ની ભરતીથી ન અટકો, નિષ્ણાતોને મૂકો અને આપ જે સુધારો લઇને આવ્યા છો એના સંદર્ભમાં એમનો કહેવાનો મતલબ એ જ હતો કે થયેલી આવક રાજ્ય સરકાર લઇને બીજે વાપરે એમ નહીં, મોટો હિસ્સો આ બોર્ડ પાસે હશે તો મેરી ટાઇમ બોર્ડ એની પ્રવૃત્તિ વધારે સુચારૂ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો વાંધો એ છે કે, આ વિધાનસભા ગૃહ એ સર્વોપરી ગૃહ છે. સરકાર આવે ને જાય, પાર્ટી આવે ને જાય પણ વિધાનસભા ગૃહ એ કાયમી છે. કયો પક્ષ આ પક્ષે છે કે આ પક્ષે એવું નહીં અને કેટલાક મૂળભૂત

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત મેરીટાઇમ બોર્ડ(સુધારા) વિધેયક, ૨૦૧૭

અધિકારો સરકાર ગમે તેની હોય આ વિધાનસભા ગૃહે હંમેશાં પોતાની પાસે રાખ્યા છે. છેલ્લા થોડાક સમયથી આ જે બાબત બને છે જેનો હું સખત વિરોધી રહ્યો છું. કે વિધાનસભા ગૃહના અધિકારો કોઇપણ સરકારે લેવાના પ્રયત્નો નહિ કરવા જોઇએ.આ વિધાનસભા ગૃહે કાયદો બનાવ્યો ત્યારે એ અધિકાર પોતાની પાસે રાખ્યો. આ પક્ષે બેઠેલાએ પણ સહમતી સુધારા પાછા ખેંચીને એ વાત ગ્રાહ્ય રાખી છે એટલે સરકારે પણ ગ્રાહ્ય રાખી છે. આજે તમે સ્પેસિફિક કરો કે આવક થશે એમાંથી કેટલા ટકા નિગમને આપશે? આ વિધાનસભા ગૃહે કાયદામાં જોગવાઇ કરી કે આવકના ૧૫ ટકા અમે મેરી ટાઇમ બોર્ડને આપીશું, મને એમાં વાંધો નહોતો. કદાચ આજે સરકાર ખુલ્લા હાથે આવી હોત અને કહ્યું હોત કે બે ટકા વધારે આવક અમારી તિજોરીમાં આવે અમારે કંઇક બે છેડા ભેગા કરવા અમારે બીજી આવક કરવી છે, આ વર્ષ ચૂંટણીનું છે. અમારે પૈસાની આવકની જરૂર છે. ૧૫ ટકા નહિ અમે ૧૩ ટકા કરીશું અને બે ટકા એમના ઓછા કરીશું.અમે પાંચ ટકા કરીશું અને ત્રણ ટકા ઓછા કરીશું. તો આ વિધાનસભા ગૃહને એ મંજૂરી આપવા વખતે ખબર હોત કે અમે આવકના કેટલા ટકા મેરી ટાઇમ બોર્ડને સરકાર આપે છે એની એક ચોક્કસ વાતને અમે જાણીએ છીએ,આ ગૃહ જાણે છે અને આ ગૃહ કાયદાકીય એને મંજૂરી આપે છે. આપનો સુધારો શું છે? આપનો સુધારો છે કે કલમ-૨માં રાજ્ય સરકારે લીધેલા રાજ્ય ચાર્જના ૧૫ ટકાની ગણતરીએ કરેલું એ શબ્દના બદલે રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા દર. આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહીશ કે આના કારણે શું થાય. એક ખુલ્લો દોર સરકારને મળશે. કાયદો ચિરંજીવી છે, આપણે કોઇ ચિરંજીવી નથી.કાલે સરકાર આવે એ સરકારને ઠીક લાગે તેવું નિર્દિષ્ટ કરીને કરશે એને આ વિધાનસભા ગૃહમાં આવવાનું નહિ રહે એના કરતાં હજી હું કહીશ આ બિલ પ્રવર સમિતિને સોંપો.હું કેટલાક મુદ્દા બતાવીશ કે આપ ઘટાડો છો એ શા માટે વાજબી છે? પ્રવર સમિતિને અભ્યાસ કરવા દો પાંચ ટકા કે ૧૩ ટકા કે ૧૧ ટકા અથવા પ્રવર સમિતિ કહે કે ૨૦ ટકા તો એ પાંચ ટકા વધારો એના બિલ સાથે આવો અમે એને સમર્થન આપીને વિના વિરોધે બિલ પસાર કરાવવાની અમારી તૈયારી છે.પરંતુ આ જે પદ્ધતિ છે એમાં વિધાનસભાનો અધિકાર છે,ગૃહનો અધિકાર છે એ જતો રહેવાનો છે.

હું મેરી ટાઇમ બોર્ડનો ૩૩મો વહીવટી અહેવાલ વાચતો હતો.આપના ઉદ્દેશ અને કારણો ખૂબ ગહન છે. આપે દરિયાકાંઠાના લાભો ગુજરાતના બંદરની વ્યુહાત્મક રચનાઓ,જહાજ માલની ભૂમિકા વધુ સંગીન બનાવવાની, ગુજરાતમાં બંદરોનો વિકાસ કરવાનો, રોરો ટર્મિનલ, જેટી, સમૃદ્ર પ્રવાસન, સમુદ્ર બંદરો ખૂબ કરવાનું છે અને આ બધું કરવા માટે જો આપને આપના ૧૫ ટકા પણ પૂરા નહોતા પડતા તો હવે આ રકમ આપ ઘટાડશો એનાથી ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો ધરાવનાર ગુજરાતના વિકાસને વિપરીત અસર પડશે અને એટલા માટે હું કહું છું કે આપે આ નહિ કરવું જોઇએ.

મારો બીજો મુદ્દો છે કે આપની કલમ-૨૦(૧) (એફ) એ એમ કહે છે કે આપના મેરી ટાઇમ બોર્ડના કર્મચારીઓ એ રાજ્ય સરકારના કર્મચારીને સમકક્ષ છે, કાયદાકીય જોગવાઇ આપે કરી છે અને એટલા માટે જયારે આપ રાજયના કર્મચારીઓને સાતમું પગાર પંચ આપો છો ત્યારે આપે આપના મેરી ટાઇમ બોર્ડના કર્મચારીઓને પણ સાતમું પગાર પંચ આપવું પડશે. બોર્ડનું નિયમિત મહેકમ ૧૪૭૫નું જે જયારે પેન્શનરો ૩૨૦૦ જેટલા છે, સાતમું પગાર પંચ મળે એના લીધે ૧૮ કરોડ જેવો આપને વધારાનો ખર્ચ આવવાનો છો.આપ ૧૫ ટકા કાપ મૂકશો પણ એમને તો પૈસા આપવા પડશે.આખરે પાઘડીનો વળ છેડે એમ સરવાળે રોકાશે કયાં તો વિકાસને વિપરીત અસર પડશે. માનનીય અધ્યક્ષશ્રી, અલંગનું શીપ બ્રેકીંગ યાર્ડ છે. એશિયાનું લાર્જેસ્ટ શીપ બ્રેકીંગ યાર્ડ છે. આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી મેરીટાઇમ બોર્ડની છે. આપના ૧૫ ટકા પૂરા પડતા હોત, પૈસા હોત તેમના પાસે તો આંતર માળખાકીય સુવિધાઓથી સમૃદ્ધ બનાવ્યું હોત. આપણે એ નથી આપી શક્યા. નામદાર હાઇકોર્ટે કહ્યું, ત્યાંના મજૂરો માટેની સુવિધા. સ્વ. હરૂભાઇ મહેતા કમિટીની ભલામણો હતી એ ભલામણોને આધારિત આપણે માળખાકીય સુવિધાઓ આપી શક્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શીપ મધદરિયેથી આવીને શીપ બ્રેકીંગ યાર્ડમાં જયારે લાંગરે છે ત્યાં સુધી અનેક વિઘ્નો વચ્ચેથી પસાર થાય છે. તેને મદદરૂપ થવાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેરીટાઇમ બોર્ડની જવાબદારી છે. આપણે નથી આપી શક્યા. શીપ એક ફૂટ આગળ રહી જાય તો તેના બ્રેકીંગમાં કેટલી મુશ્કેલી અને કેટલું નુકસાન આવે છે એનો આપણે વિચાર કરી શકતા નથી. કારણ કે આપણી પાસે પૈસાની મુશ્કેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી એ પણ ચિંતા છે કે ખાનગી બંદરો ધમધમે અને સરકારી બંદરો છે તેની મુશ્કેલીઓ આનાથી વધશે. આપણે ત્યાં તેની વિપરીત અસર પડશે. મારે માત્ર બે વાત કરીને મારી વાત પૂરી કરવી છે. હું જોતો હતો આપનો વહીવટી અહેવાલ. નવલખી બંદર ૨૦૧૩-૧૪માં ૭ લાખ ટન મીઠાની નિકાસ કરતું હતું એ ઘટીને ૨૦૧૫-૧૬માં ૬ લાખ ટન આપની નિકાસ થઇ ગઇ. વિકાસ ન થયો. ભાવનગર એ બારમાસી બંદર છે. બારમાસી બર્થીંગ બંદર. જૂના જમાનામાં લોકગેઇટ બનાવીને અંદર સુધી શીપ આવે એવી વ્યવસ્થાવાળું બંદર. આજે આપણે તેને કઇ હાલતમાં લઇ ગયા છીએ? કેપ્ટીવ જેટી કે ખાનગી જેટીને વિકસાવવાની જવાબદારી મેરીટાઇમ બોર્ડની છે. મને દુઃખ છે કે ભાવનગરમાં એક પણ કેપ્ટીવ જેટી, એક પણ ખાનગી જેટી આ સરકાર વિકસાવી શકી નથી. બંદરને ડિશીલ્ટીંગ કરવું જોઇએ. આપણે કરાવી શક્યા નથી. મારે માત્ર એક આંકડો આપીને મારી વાત આપણાં સૌના માટે, માનનીય મંત્રીશ્રીને પણ કહીશ કે આમાં પોલિટીકલ ઓબ્ઝર્વેશન ન લે. ભાવનગરના બંદરની ચિંતાનો વિષય લઇને આપ આને લેજો. જે આંકડા છે આપની સરકારે આપેલા. ૨૦૧૨-૧૩માં ભાવનગર બંદરથી ૦.૫૫ લાખ ટન નિકાસ થતી હતી. ૨૦૧૩-૧૪માં આ ઘટીને ૦.૨૭ લાખ ટન નિકાસ થઇ. એ પછી ૨૦૧૪-૧૫માં ૦.૦૨ લાખ ટન નિકાસ થઇ. નહિવત્ થઇ ગઇ. ભાવનગરનું બંદર મૃતઃપ્રાય થઇ ગયું. આની

ચિંતા આપ કયારે કરી શકશો? જો આપની પાસે આ ૧૫ ટકા કરતા પણ વધારે નાણાં હશે તો. મુંદ્રાનું આપનું સરકારી બંદર છે. કેટલાક ખાનગી લોકોની એના પર નજર છે. આપના મારફત મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે રાજય સરકારનું આવું એક પણ બંદર ખાનગી લોકો ગમે તેવો ડોળો રાખતા હોય એને નહીં આપતા. કમાઉ બંદરો થઇ શકે, આપ પૈસા વધારે નાખો. ઇન્ફ્રાસ્ટ્રક્ચર આપો અને

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

બંદરોનો વિકાસ થાય એ દિશામાં આપ, માનનીય નાણામંત્રીશ્રી તો કહેશે પરંતુ બંદર વિભાગની ચિંતા બંદર વિભાગના માનનીય મંત્રીશ્રીએ કરવાની છે ત્યારે હું અપેક્ષા રાખું છું કે આજનો જે આ સુધારો છે, સુધારો દેખીતો નજીવો કે નાજુક લાગે પરંતુ એ મેરીટાઇમ બોર્ડ માટે ઘાતક રહેશે. ક્યારે કેટલા નાણાં ઘટાડવા એ આ વિધાનસભા ગૃહના હાથમાં નથી રહેતું, સરકારના હાથમાં જાય છે. એ સંજોગોમાં આ બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે, પુનઃ વિચાર કરવામાં આવે અને એ પછી જ આ વિધાનસભા ગૃહમાં આવે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (રા.ક.ના બંદરો પ્રભાગના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી સાથે તેમનો પ્રેમ સ્વાભાવિક છે. માનનીય સભ્યશ્રી શક્તિસિંહભાઇ એક અભ્યાસુ ધારાસભ્ય તરીકે ઘણા બધા નવા વિષયોની જાણકારી લઇને આવતા હોય છે. હું માનું છું કે વિધાનસભાની અને સંસદીય પ્રણાલિકા માટે એ સારી બાબત છે. એમણે બે–ચાર બાબતો કહી એમાં મારે આજે સભાગૃહના ઘ્યાન ઉપર મૂકવું છે. એક તો આવક જે કહેવાય એ બોર્ડની દર વખતે કાર્ગો વધવાને કારણે આવક વધી છે. બીજી વાત એમણે કહી કે આ મેરી ટાઇમ બોર્ડ માટે આ સુધારો નુકસાનકારક થશે કે ઘાતક થશે. એવું કાંઇ થવાનું નથી. આજની સ્થિતિ એવી છે કે મેરી ટાઇમ બોર્ડની પાસે પૈસા ઓછા છે એના કારણે નહીં, સરકાર પાસે બે છેડા ભેગા કરવાની એમણે વાત કરી તો બજેટ નાણામંત્રીશ્રીએ મૂક્યું એના ઉપરથી માનનીય શક્તિસિંહભાઇને બજેટની સ્થિતિ ખબર હશે કે આવડું મોટું બજેટ, જેની કોઇ કલ્પના ન કરી શકે, કોઇ મોટા દેશનું બજેટ હોય એવું બજેટ લઇને આવ્યા છે એટલે એ વિષયની અંદર કાંઇ કહેવાનો પ્રશ્ન રહેતો નથી.

અધ્યક્ષશ્રી : એમને આવું કહેવું જ પડે અને એ કશું જ સમજતા નથી એમ સમજીને આખા ગૃહને બધાને સમજાવો. એટલે એમને ખબર પડે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બીજો વિષય માનનીય શક્તિસિંહભાઇએ કહ્યો કે મેરી ટાઇમ બોર્ડ પાસે આવક ઓછી થશે. એવું નથી. આજે પણ રૂ.૫૦૦/– કરોડ કરતાં વધારાનું ભંડોળ પડ્યું છે. ટેક્સ તરીકે કેટલાક નાણા બહાર ચૂકવવા પડે એટલે ભારત સરકારને ચૂકવવા પડે એવી સ્થિતિ છે. એના કારણે કોઇ મુશ્કેલી છે કે નાણા ઓછા થઇ જશે એવું નથી. નવું ડેવલપ કરવા માટે મેરી ટાઇમ બોર્ડની જે ઇન્કમ છે એ છે જ. એનું ભંડોળ પણ પડ્યું છે. ડેવલપ કંઇક કરવું હોય તો નાણા પણ પૂરતા છે. આ વખતે ભારત સરકાર અને રાજ્ય સરકાર બન્ને જે ઘોઘા દહેજ ફેરી રોરો ફેરીની વાત કરી. એના માટે પણ નાણા ફાળવ્યા છે. અને મેં હમણાં કહ્યું એ પ્રમાણે નર્મદા પરિક્રમા માટે પણ નાણા ફાળવ્યા છે. કાર્ગો પણ દર વર્ષે વધતો જઇ રહ્યો છે. એટલે હવે ઇન્કમ ઓછી થાય એવો કોઇ પ્રશ્ન જ રહેતો નથી. ઇન્કમ વધી ગઇ છે અને ભંડોળ પણ મોટા પ્રમાણમાં વધી રહ્યું છે. એટલે ભંડોળ વધીને એની ટેક્સ તરીકે ત્યાં મૂકવા પડે એવી સ્થિતિ છે. આપણી વ્યવસ્થા છે. એટલે ભંડોળ જે છે એ રહે જ્યારે વધુ ભંડોળ હોય એ વખતે ઓછું પણ કરી શકાય અને જ્યારે ભંડોળ ઓછું હોય અથવા તો જરૂરિયાત લાગે તો રાજ્યના બજેટમાંથી પણ આપી શકાય અને અહીંથી પણ સરકારનો ચાર્જ છે એમાંથી પણ વધારે નાણા આપી શકાય. એટલે સંપૂર્ણ શુદ્ધ ઇરાદા સાથે વહીવટી સરળતા માટેનો આ સુધારો અમે લઇને આવ્યા છીએ. આના કારણે વિધાનસભાના અધિકારો નીકળી જશે એવું નથી. વિધાનસભાના અધિકાર તો છે જ છે જ. વિધાનસભા તો સર્વોપરી છે. માત્ર વહીવટી સરળતા રહે, નાણાકીય જ્યારે જરૂરિયાત હોય ત્યારે વધારે આપી શકાય, જ્યારે જરૂરિયાત ઓછી હોય ત્યારે ઓછી આપી શકાય એટલો જ આના કારણે પ્રશ્ન હતો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એક કેપ્ટીવ જેટી માટેની એમણે વાત કરી છે. ભાવનગરમાં કોઇ જેટી આ પ્રમાણેની ડેવલપ થાય. પર્શનલ બહારથી કોઇએ કોલસો લાવવો હોય, બહારથી કોઇએ ઓઇલની વ્યવસ્થા કરવી હોય અને પોતાના માટે જ વાપરવું હોય, એવું જે કામ કરતી હોય એવી જેટીને કેપ્ટીવ જેટી કહે છે. આ પ્રમાણે કોઇ પ્રપોઝલ કે ડેવલપ થતું હોય તો રાજ્ય સરકાર એના માટે ઉદારતાપૂર્વક નવી જેટી માટે, નવા બંદરો માટે નવી પોલીસી ડિકલેર કર્યા પછી દેશ આખાની અંદર સૌથી સરળ કહેવાય અને ડેવલપમેન્ટ માટે ફ્રેન્ડલી કહેવાય એવી પોલીસી રાજ્ય સરકાર લાવી છે અને એના અંતર્ગત એ પણ કરી શકાશે. આપણો સમુદ્ર કિનારો છે એ કિનારાથી ગુજરાતના વિકાસ માટેનું હબ બને એના માટે આ ૧૬૦૦ કિ.મી.ના દરિયા કિનારાના માઘ્યમથી ગુજરાતની ઇકોનોમી વધે તે માટે આપણે કામ કરી રહ્યા છીએ. આજની તારીખે પણ જોઇએ તો દેશનો ટોટલી જે માઇનોર અને મેજર પોર્ટો બન્નેનો ભેગો કરીને કાર્ગો જોઇએ તો ૩૫ ટકા જેટલો કાર્ગો એ માત્ર ગુજરાતના બંદરો ઉપરથી થઇ રહ્યો છે. નવી પોલીસી આપણી આ સરકાર લાવી એ પીપલ ફ્રેન્ડલી કહેવાય, બિઝનેશ ફ્રેન્ડલી કહેવાય એવી પોલીસી છે. એના કારણે નવું ડેવલપ કરવું હશે તો ચોક્કસ કરી શકાશે. ઇન્કમની દ્રષ્ટિથી જોઇએ તો વધુ ઇન્કમ મેરી ટાઇમ બોર્ડ અને બાકી રાજ્ય સરકારને જે ચાર્જીસ આવે છે એમાં મોટા ચાર્જીસ લઇ રહ્યા છીએ. એટલે મારી માનનીય સભ્યશ્રીને વિનંતી એટલી જ હતી કે આમાં ચિંતા કરવા જેવું કોઇ કારણ લાગતું નથી. માત્ર વહીવટની અંદર સરળતા રહે એટલા જ પૂરતો જ આ પ્રશ્ન છે એટલે આ બિલને બધા સર્વાનુમતે મંજૂરી આપે એવી વિનંતી છે.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ નાણામંત્રી તરીકે આ વાતનો ઉલ્લેખ કર્યો એટલે હું માનનીય સદસ્યોને આ બિલ લાવવાનો થોડો હેતુ માનનીય શંકરભાઇએ જે રીતે મૂકયો છે એને વધુ સ્પષ્ટ કરવા માગુ છું. ગુજરાત સરકારની અનેક કંપનીઓ એ ખૂબ સારી રીતે નફાકારક રીતે કામ કરી રહી છે, જે રીતે માનનીય શંકરભાઇએ અત્યારે કીધું કે સમગ્ર દેશમાં આયાત અને નિકાસ માટે ગુજરાત એ ખૂબ અગત્યનું રાજય છે. કાર્ગો લોકોની જરૂરિયાત વધતી જાય, વસ્તી વધતી જાય, વેપાર ધંધા ઉદ્યોગ વધતા જાય એ રીતે આપણી મેરીટાઇમ બોર્ડની આવક પણ વધતી જાય છે એના કારણે મંત્રીશ્રીએ કહ્યું જ છે કે ભારત સરકારને આપણે ટેકસ ભરવા પડતા હતા. અગાઉ ભૂતકાળમાં જયારે આ બોર્ડને ગુજરાત સરકાર મદદ આપે એ વસ્તુ એટલા માટે નિર્માણ કરવી પડેલી કે એ વખતે મેરીટાઇમ બોર્ડની શરૂઆત હતી, એને પગભર કરવા મદદ કરીને એને ઝડપથી આગળ વધે એ રીતે કરવાનું હતું. હવે જયારે બોર્ડ ખુબ શકિતશાળી આર્થિક રીતે સક્ષમ બની ગયું છે, જે રીતે મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે ૫૦૦ કરોડ રૂપિયા કરતા તો વધુ આપણી પાસે ફંડ જમા છે એટલે સ્વાભાવિક છે કે ભારત સરકારને આપણે મોટા પ્રમાણમાં ઈન્કમટેકસ ચૂકવવો પડતો હતો. એક બાજુ ગુજરાત સરકાર મદદ કરે, એ જ રકમ ઈન્કમટેકસમાં ભરવી પડે. આવું ન થાય એટલે નાણાકીય સક્ષમતા ઉપરથી વધુ પ્રાપ્ત કરવા માટે આપણી ગુજરાત સરકારની રકમ ગુજરાતના વિકાસમાં વપરાય અને મેરીટાઇમ બોર્ડના ધંધાનું કામ વધતું જાય છે અને સક્ષમ છે માટે એને હવે મદદની જરૂર નથી માટે આ કાયદો લાવી અને હવે જે ૧૫ ટકા મદદ કરતા હતા એને આપણે નિયંત્રીત કરીશું એ રાજયના હિતમાં છે. આપણી આવક ઈન્કમટેકસમાં ભરી દેવી પડતી હતી એ ના ભરવી પડે એટલા માટે આપણે આ સુધારો લાવ્યા છીએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુંછું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૭નું ગુજરાત મેરીટાઇમ બોર્ડ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિના વિરોધે વિધેયકનો ભાગ બની.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુંછું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૭નું ગુજરાત મેરીટાઇમ બોર્ડ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૭નું ગુજરાત મેરીટાઇમ બોર્ડ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી વાત કરે એ પહેલા બિલો ઉપર સામાન્ય રીતે સમયની મર્યાદા હોતી નથી એ આપણે બધા જાણતા હોઇએ છીએ પણ કામકાજ સલાહકાર સમિતિની અંડરસ્ટેન્ડીંગ એવી હતી કે અડધી કલાક રાખવું પણ એમાં કંઇ સ્પેસીફાય કરવાની જરૂરિયાત નહોતી એવી ચર્ચા થઇ હતી, સમય પણ થયો છે એટલે જેટલું પણ સીમીત થાય એટલું કરો એવી મારી વિનંતી છે કારણ કે પછી રિસેસ પછી બીજું કામ છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સીધો ઉદ્દેશ ઉપર આવી જઉ છું જેથી વિધાનસભાનો સમય પણ બચે અને ટુ ધી પોઇન્ટ લઉ છું. રાજય સરકારે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩માં સમાવિષ્ટ અમુક બાબતોના સંબંધમાં એકરૂપતા લાવવા માટે તથા સ્થાનિક મંડળોનો વહીવટ સરળતાથી ચાલે એ

* વિધેયક તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માટે સદરહુ અધિનિયમમાં સુધારો કરવા માટે સ્થાનિક સત્તામંડળ કાયદા સુધારા અધિનિયમ ૨૦૧૫ અધિનિયમિત કર્યો છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા સુધારા અધિનિયમ ૨૦૧૫ની બીજી બાબતોની સાથે સાથે સ્થાયી સમિતિ, વાહન વ્યવહાર સમિતિ અને કોરપોરેશનની ખાસ સમિતિના સભ્યોની મુદ્દત અઢી વર્ષની રાખવાની જોગવાઇ કરી છે. એવી પણ જોગવાઇ કરી છે કે ૨૦૧૫ના સદરહુ સુધારા અધિનિયમની આરંભની તારીખ પછી યોજાયેલ કોરપોરેશનની ચૂંટણી સામાન્ય ચૂંટણીથી નવી સ્થાયી સમિતિ, વાહન વ્યવહાર સમિતિ અથવા યથાપ્રસંગ ખાસ સમિતિની રચના કરવામાં આવે ત્યાં સુધી જાણે કે સન ૨૦૧૫ના સુધારા અધિનિયમની આવી સંબંધિત જોગવાઇઓ કમી કરવામાં આવી ન હોઇ તેમ સન ૨૦૧૫નો સુધારા અધિનિયમ અમલમાં આવે તે પહેલા અમલમાં હોય તેવી સંબંધિત જોગવાઇઓ અનુસાર સ્થાયી સમિતિ, વાહન વ્યવહાર સમિતિ તથા ખાસ સમિતિના વિદ્યમાન સભ્યોની મુદ્દત નિયમન કરવાનું રહેશે. આ કર્યા પછી સરકારના ધ્યાન ઉપર આવ્યું કે, આ જે મુદ્દત આપણે ૨૦૧૫ની કરી હતી એ પહેલા જુનાગઢમાં જુનાગઢ મ્યુનિસિપલ કોરપોરેશનના કિસ્સામાં સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૫ના સુધારા અધિનિયમના આરંભની તારીખ પહેલા યોજવામાં આવી હતી. તેથી જુનાગઢ મ્યુનિસિપલ કોરપોરેશનની સ્થાયી સમિતિ, વાહન વ્યવહાર સમિતિ અથવા ખાસ સમિતિના સભ્યોની મુદ્દત નિયમન સન ૨૦૧૫ના સુધારા અધિનિયમના આરંભની તારીખે અમલમાં હોય તેવી સંબંધિત જોગવાઇઓથી થવાનું ચાલુ રહ્યું છે. તેથી રાજ્યના તમામ કોર્પોરેશનોની સદરહુ સમિતિઓના સભ્યોની મુદ્દતમાં એકરૂપતા લાવવા માટે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૨૦, ૨૧, ૨૫ અને ૨૭માં અમુક સુધારા કરવાની જરૂર જણાઇ છે. એટલે એક વિષય મુખ્ય હતો એ હતો કે આખા રાજ્યમાં વાહન વ્યવહાર સમિતિ અથવા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનો માટેની મુદ્દત આ કાયદામાં નક્કી કરી હતી. જુનાગઢ આમાંથી બાકાત રહેતું હતું. એ બાકાત ન રહી જાય અને આખા રાજ્યમાં એકસરખી મુદ્દત થાય તે માટેનો આ સુધારો કરવામાં આવ્યો છે. સાથોસાથ એક સુધારો એ પણ કરવામાં આવ્યો છે કે રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત રાજ્યના અને કેન્દ્રના બજેટની જોગવાઇઓ જે પ્રમાણે થઇ છે અને નગરો અને મહાનગરો જે પ્રમાણે ડેવલપ થઇ રહ્યા છે તે પ્રમાણે સારા અધિકારીઓની પણ જરૂરિયાત ઉભી થાય અને એ માટે એક સુધારો એ કહ્યો છે કે રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની એજન્સીઓ સાથે વધુ સારુ સંકલન સાધવા, અમલીકરણમાં પણ અસરકારકતા આવે તેમજ સરકારના જુદા જુદા વિભાગોની બહોળી જાણકારી અને અનુભવ ધરાવતા રાજ્ય સેવાઓમાના અધિકારીઓની મ્યુનિસિપલ કોરપોરેશનમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર, મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અને એવા બીજા અધિકારીઓની જગ્યા ઉપર નીમવાનું જરૂરી બન્યું છે. તેથી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૪૫ અને ૫૩માં સુધારા કરવાનો આની અંદર સુધારો સૂચવ્યો છે. પ્રશ્ન એટલો જ છે કે અત્યારે પણ કમિશનર અને ડેપ્યુટી કમિશનરની નિમણૂંક તો ત્યાંથી માગણી કરે અને અહીંથી કરતા હોઇએ છીએ. પરંતુ કયારેક કોઇ કોર્ટ મેટર થતી હોય છે જેના કારણે મહાનગરનો વિકાસ જે થવો જોઇએ એ અટકી થતો હોય છે. તો આવું ના થાય, આવો વિવાદ ના થાય, સરળતા થાય એટલા માટે આટલી જોગવાઇ બંને વિષયની કરીએ છીએ. એક સ્ટેન્ડિંગ કમિટીના વિષયે એક વાહનવ્યવહાર કમિટીનું અને આ બંને કમિટીઓના સભ્યશ્રીઓની અને બીજું આ મહાનગરની અંદર સરકારી અધિકારીઓ જે કહેવાય એની આ નિમણૂકની જે પ્રક્રિયા છે આટલો સુધારો આ બે બાબતમાં સુધારો કરવા માટે હું લઇને આવ્યો છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મ્યુનિસિપલ કોરપોરેશન વિધેયક ક્રમાંક-૧૭ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી લઇને આવ્યા છે એની ઉપર બહુ ટૂંકમાં હું મારા વિચારો રજૂ કરવા અહીં ઉપસ્થિત થયો છું. સારી બાબત છે એમાં બહુ વિચાર કરવા જેવું છે નહિ. આ સુધારાથી સ્થાનિક સત્તા મંડળના વહીવટમાં એક સૂત્રતા આવશે. મ્યુનિસિપલ કોરપોરેશનના નાયબ કમિશ્નર કે મદદનીશ કમિશ્નર જેવા અધિકારીઓની બહોળી જાણકારીનો રાજ્ય સરકારની સેવામાં લાભ મળશે. બહુ સારી બાબત છે કે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનોની પણ મુદત વધવાનીછે, અનુભવી અધિકારીઓ પણ આપણે લેવાનાછે અને એની સેવાનો લાભ મળશે. હું માનું છું કે આની અંદર આ અનુભવનો લાભ શહેરી વિસ્તારોની અંદર પણ સારી રીતે મળે અને જે જગ્યાએ વિકાસ થયો છે. આજે અમદાવાદમાં ૨૨૦૦૦ની આસપાસ ખાળકુવા છે. ૨૦% વિસ્તારની અંદર નેટવર્ક નથી. આપણે જોઇએ તો ડ્રેનેજ લાઇનનું નેટવર્ક છે એ પણ ઘણી જગ્યાએ નથી થો મારું ખાસ કહેવું છે કે સૌથી વિશેષ આપણા જે ઉત્તર ઝોન, પૂર્વ ઝોનના વિસ્તારોને એની અંદર વિશેષ કરીને કોટ વિસ્તાર જે મારો અને ભૂષણભાઇનો વિસ્તાર છે એ વિસ્તારમાં પોલ્યુશનવાળું પાણી આવવાની સમસ્યા બહુ જ વધતી રહે છે. કોરપોરેશને પોલ્યુશન પ્લાન બનાવ્યો છે, મંત્રીશ્રી પ્રભારી પણ છે. હું એમને એટલી વિનંતી કરું કે આ જે પછાત વિસ્તારો છે એ વિસ્તારોની અંદર ફ્લાય ઓવર કે આધુનિક બાગ-બગીચા કે એરકન્ડીશન જીમ કે એવું કાંઇ નથી માગતા. અમે તો ફક્ત ટેકસ ભરનારા લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે, ડ્રેનેજની સમસ્યાનું નિરાકરણ થાય અને પ્રાથમિક સુવિધાઓ જે જરૂરી છે અને જે આપણા માટે ફરજિયાત પણ છે એ સુવધાઓ એમને મળતી રહે. કેમ કે, સાહેબ, કહું કે જે જુહાપુરા વિસ્તાર છે, રામોલ, નારોલ, વટવા, દાણીલીમડા, બહેરામપુરા અને વિશેષ કરીને દરિયાપુર, શાહપુરના વિસ્તારો છે એની અંદર વિશેષ કરીને મંત્રીશ્રી મ્યુનિસિપલ કમિશ્નર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને સૂચના આપીને પોલ્યુશન એકશન અંતર્ગતના જે કામો છે એ કામો કરાવીને પોલ્યુશનથી અમને મુક્તિ અપાવે, ફક્ત અમને શુદ્ધ પાણી મળે અને આજના વિષયમાં મારે લાંબુ નથી કહેવું પણ મારે એટલું જ કહેવું છે કે અમને પીવાનું ચોખ્ખું પાણી આપો. જે પ્રાથમિક સુવિધાઓથી વંચિત છીએ એ અમને પુરતી મળી રહે એમાં કોઇ જાતનો ભેદભાવ ના રહે અને શહેરના જે વિસ્તાર ગરીબ, પછાત, દલિત, શોષિતો અને માયનોરિટીનો વિસ્તાર છે ત્યાં પ્રાથમિક સુવિધાઓ તમામને

મળી રહે એટલી હું વાત કરું છું અને વિશેષ આવાત કરીને આને હું સમર્થન આપું છું કે આમાં સુધારો થવાનો હોય અને પ્રક્રિયાને ગતિ મળવાની હોય તો આ બિલ લાવ્યા છે એ બાબત બહુ સારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, એક સારી બાબતની પણ હું સરાહના કરવા માગુ છું કે, આપણા જે ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે ધોળકાની એક મુસલિમ મહિલાને સાઉદીની અંદર ગોંધી રાખવામાં આવી હતી એના માટે એમણે વિશેષ તકેદારી રાખીને ચુડાસમા સાહેબે ફોરેન મિનિસ્ટ્રીમાં વાત કરીને એ બહેનને પાછી લાવવાના જે પ્રયાસ કર્યા છે અને ખરેખર જેને કહેવાય કે 'સૌનો સાથ સૌનો વિકાસ' એ તમામની ચિંતા કરી છે, મતની નહિ પણ મનથી, અંતર આત્માથી અને હંમેશા એમનો જે એટીટ્યુડ છે એ પોઝિટીવ રહ્યો છે. આ જે એટિટ્યુડ છે એના માટે હું ખાસ કરીને કહું છું કે આત્મારામભાઇ અને બીપીનભાઇને કહું કે એ પ્રમાણેની પરિસ્થિતિ હતી ત્યારે સાહેબ જેમાં માનતા હોઇએ. પરંતુ આપણે પ્રેમથી અને જ્યાં પણ તકલીફ અને પરેશાની હોય એ બધાની દૂર કરીએ અને ફરીથી હું એકવાર ભુપેન્દ્રસિંહભાઇને બહુ જ મારા દિલથી અને મારા સમાજ વતી અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આપણા સમગ્ર ગૃહ વતીથી માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને આપણે અભિનંદન આપીએ છીએ. ખૂબ સારું કામ એમણે કર્યુ છે અને એના માટે ગ્યાસુદ્દીનભાઇએ જે કહ્યું તેમાં હું અહીંયા સીટ ઉપરથી પણ આભાર વ્યક્ત કરું છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્ય કક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૭-૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક જે લઇને આવ્યા છે એમાં મારા સમર્થન અને મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત વાત કરી છે અને સુધારા અંગે પણ વાત કરી છે. આપણે સૌ જાણીએ છીએ કે, અગાઉ મેયરની મુદત હોય, ડેપ્યુટી મેયરની મુદત હોય, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની મુદત હોય, બાકીની કમિટીઓની મુદત હોય એ એક વર્ષ, બે વર્ષ, એક વર્ષ, બે વર્ષ, ગુજરાતના આઠ મહાનગરપાલિકાઓમાં લગભગ મહિનો બે મહિના થાય ત્યાં ક્યાંક મેયર બદલવાના આવે, ક્યાંક ડેપ્યુટી મેયર બદલવાના આવે, ક્યાંક સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન બદલવાના આવે, જેના કારણે એક સૂત્રતા જળવાતી નહતી.

મારે કહેવું પડે કે, સમગ્ર ગુજરાતની આઠેય મહાનગરપાલિકાઓની અંદર મેયર હોય, ડેપ્યુટી મેયર હોય, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હોય કોઇ પણ પ્રકારની કમિટીના ચેરમેન હોય એ સમજે-વિચારે એ કામની શરૂઆત કરી ત્યાં એને નીચે ઉતરવાનો વારો આવે આવી પરિસ્થિતિનું નિર્માણ હતું. જેના કારણે સમગ્ર ગુજરાતની અંદર એક સૂત્રતા જાળવવા માટેનો આ જે પ્રયત્ન છે એ ખૂબ સરાહનીય છે અને એના કારણે આજે વાત કરીએ કે, ગુજરાતની અંદર જે શહેરીકરણ વધતું ગયું છે, એ શહેરીકરણની અંદર રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર એ આવનાર દિવસોની અંદર ખૂબ ગ્રાન્ટ કે પૈસા આપીને કામ કરાવવાની હોય ત્યારે એમણે બીજી એક ઉદાહરણની અંદર જે વાત કરી છે, મદદનીશ કમિશનર કે ડેપ્યુટી મદદનીશ કમિશનર પણ રાજ્ય સરકારમાંથી મૂકવામાં આવે. ખૂબ સાચી વાત કરી કે, આ નહીં મૂકવાના કારણે, નીચેથી આવવાના કારણે ક્યાંય એક સૂત્રતા જળવાતી ન હતી. ક્યાંક કામો જે પડ્યા રહેતા હતા, કામો જે અવળી દિશામાં જતા રહેતા હતા જે શ્રી ગ્યાસુદ્દીનભાઇએ વાત કરી કે, પાણીનો પ્રશ્ન થાય કે પોલ્યુશનનો પ્રશ્ન થાય તો આવું બનવાની શક્યતાઓ વધતી હતી અને એટલા માટે મારે કહેવું પડે કે, આજથી દસ-પંદર વર્ષ પહેલાં અમદાવાદ કોરપોરેશનની વાત કરું તો એનું આખા વર્ષનું અંદાજપત્ર કે બજેટ એ ૨,૫૦૦ કે ૩,૦૦૦ કરોડનું હતું. આજે એ વધીને અમદાવાદ શહેરના કોરપોરેશનનો ૪૬૬ કિલોમીટર વિસ્તારની પેરીફેરી હોય અને એ વિસ્તાર જ્યારે વધ્યો હોય ત્યારે ૬,૫૦૦ કરોડ જેટલુ, એક નાના રાજ્ય જેટલુ અંદાજપત્ર એનું હોય અને એની અંદર રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર તરફથી જે સહાયો આવનારા દિવસોમાં મળવાની હોય પછી એ સ્માર્ટ સિટી તરફથી હોય કે અમૃત યોજના અંતર્ગત હોય, એ બી.આર.ટી.એસ. હોય કે મેટ્રો રેલ હોય, આવા અનેક પ્રોજેક્ટો એ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગ્રાન્ટથી અને સીધે સીધા માર્ગદર્શન હેઠળ થવાના હોઇ ગુજરાતના શહેરો વિકાસ તરફ જ્યારે દોડી રહ્યા હોય ત્યારે બહુ લાંબી વાત નહીં કરતા આ સુધારાથી એક સૂત્રતા જળવાઇ રહે તે અંગે હું મારા સાથી પક્ષના સભ્યોને પણ વિનંતી કરું કે, એને સમર્થન આપી અને આ બિલને સર્વાનુમતે મંજૂર કરે એ જ અભ્યર્થના સાથે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો શહેરી વિકાસ મંત્રાલય જે આ બિલ લઇને આવ્યો છે, ક્યાંક એમનો સુધારો વાજબી લાગ્યો હશે એટલે લઇને આવ્યા હશે. આજે પણ હું એવી અપેક્ષા રાખું કે, આ સુધારો થઇ રહ્યો છે એ પૂર્ણ પરિપકવતાથી થઇ રહ્યો હશે. કારણ કે, આની પહેલા આપણે જે ટી.પી.નું બિલ લઇ આવ્યા, મારા ખ્યાલમાં બે જ વર્ષમાં એ સુધારો. બે-બે વર્ષે સુધારો લઇ આવવો પડે, મારી દ્રષ્ટિએ એ ક્યાંક આપણી દિર્ઘ દ્રષ્ટિ અથવા તો વિચાર શક્તિની મર્યાદા દેખાડતું હોય છે. ત્યારે આમાં નીચે જે રીતના કોરપોરેશનોને સત્તા આપી છે.ડેપ્યુટી કમિશ્નર, જોઇન્ટ કમિશ્નર એનું સિલેકશન કરી અને મૂકી દેવાના એ સારી બાબત ફકત એટલા માટે છે કેમ કે એમની નિમણૂકો પૂર્તતા સાથે રાજ્ય સરકારમાંથી થતી નહોતી. જો રાજ્ય સરકારમાંથી એમનો નિમણૂક પામેલો ડેપ્યુટી કમિશ્નર હોય તો એ ખૂબ જરૂરી હોય છે કે ત્યાં થોડું નિયંત્રણ વધારે સારું ચાલે. કોર્પોરેશનોમાં એવું બને છે કે અધિકારીઓથી લઇ બધા ત્યાંના નિમણૂક પામેલા હોય તો એટલા બધા પેધી જતા હોય છે કમિશ્નરને બદલે ત્યાંના રાજકીય વાતાવરણના અનુસંધાનમાં કામ કરતા થઇ જતા હોય છે ત્યારે સરકારી અહીંયાથી મુકાય અને એ ૨-૨, ૩-૩ વર્ષે બદલાય એ વધારે સારી વ્યવસ્થા મારી દ્રષ્ટિએ છે.

છતાંય જો સરકાર ન જ દેવાની હોય અને આ કોરપોરેશન ઉપર નાખી દેવાનું હોય એ માટે આ બિલ લઇને આવ્યા હોય એવું મને દેખાઇ રહ્યું છે. આપણે આ ફેરફારો કરીશું એનાથી ફેર નહીં પડે. સ્થિતિ એ થાય છે કે અમારે રાજકોટ મ્યુનિસિપલ કોરપોરેશનમાં ૨૭ લોકોને નિમણૂક આપવામાં આવી, આડેધડ દેવામાં આવી અને પછી હાઇકોર્ટે એ નિમણૂક રદ કરી એટલે નીચે હજી જયાં મ્યુનિસિપલ કોરપોરેશનમાં જયાં આજે પણ સત્તાઓ ભા.જ.પ.ની છે અને ઘણા વર્ષોથી છે તો ત્યાં આવી બધી ઘટનાઓ ખૂબ બનતી હોય છે. મને લાગે છે કે એને વધારે તમે સત્તા આપશો તમે વધારે જાણતા હશો કે તમારા લોકો ત્યાં પરિપકવ કેટલા છે અને એને આવી સત્તા દેવાનું યોગ્ય છે કે નહીં? એનો ખ્યાલ તો તમને બધાને છે જ. આ શહેરના વિકાસ માટે સાથે સાથે જે વાતો જરૂરી છે. રૂડાના ચેરમેનની નિમણૂક રાજકીય દ્રષ્ટિએ ઘણા ટાઇમથી થતી નથી જેના લીધે અમારા શહેરોનો વિકાસ અટકયો છે. ટી.પી. સ્કીમો પૂરી ન થાય એને લઇને, આવા ફેરફારોથી કોઇ મોટો ફરક ત્યાં નથી પડી જવાનો. આપણી નિષ્ઠાથી અને જે કરવાનું થતું હોય અને રાજકીય દખલગીરી વગર. બે દિવસ આપણને જિલ્લા પંચાયતમાં આપણી સત્તા નથી તો ત્યાં આવા નિયમો, આવા કાયદા કરો. રાજકીય હેતુસર જ વિધાનસભાના કાયદાઓ જો આવે તો મને લાગે છે કે લાંબાગાળા માટે ગુજરાતના હિતમાં નથી અને આ સંપૂર્ણ રીતે એ રીતે હું જોઇ રહ્યો છું કે વર્ષ માટે હશે તો વધારે સચવાશે, અઢી વર્ષ માટે હશે તો હવે પ્રોબ્લેમ થાય છે એ સોલ્વ થઇ જશે. પક્ષના પ્રોબ્લેમ સોલ્વ કરાવવા માટે વિધાનસભા એ ફલોર નથી.

અધ્યક્ષશ્રી : કાયમી ધોરણે આ બધા જ લોકો ૨૦–૨૫ કયાં સુધી રહેશે?

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : આ તો કોરપોરેશનમાં હું ત્યાં જોઉં છું.

અધ્યક્ષશ્રી : ના, એટલે આ કયાં સુધી રહેશે? ૨૦–૨૫ કેટલા વર્ષ?

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : અને આ કોરપોરેશનમાં ત્યાં લોકલ પ્રશ્નો ભા.જ.પ.માં ઉભા થાય છે. એનું પ્રતિબિંબ હું અહીંયા જોઉં છું એટલા માટે મારે આ કહેવું પડે છે.

અધ્યક્ષશ્રી : એટલે જ કહું છું કયાં સુધી આ બધું?

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ: હા, પણ એ તો વડીલોએ વિચારવાનું ને સાહેબ? હું તો (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બોર્ડ માર્યા એટલે મેં ટી.વી.માં જોયા આવી રહ્યા છે, આવી રહ્યા છે. હું ૨૫ વર્ષનું કહું છું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : હું તો જુનિયર સભ્ય છું. આપ કોઇ પણ મારા વડીલને પૂછી લેજો. હું તો ખૂબ જુનિયર માણસ છું.

અધ્યક્ષશ્રી : તો ય હોંશિયાર છો અને સારી વાત કરો છો એટલા માટે મેં કહ્યું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : ત્યાં જે વાસ્તવિકતા થતી હોય એ રજૂ કરવી એ મારી ફરજ છે એટલે હું પ્રયત્ન કરતો હોઉં છું.

અધ્યક્ષશ્રી : કરવી જ જોઇએ.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : ખાસ કરીને શહેરોના વિકાસમાં ઘણીબધી બાબતો અટકતી હોય છે એના ઉપર પણ થોડું ઘ્યાન દેવામાં આવે છે. ખાલી કોરપોરેશનના સુધારાથી નહીં થાય, શહેરોના વિકાસમાં કમનસીબે આપણે બધું કરીએ છીએ, નિયમો બનાવીએ છીએ પણ અધિકારીને સાવ છૂટછાટમાં મૂકી દઇએ છીએ. હમણા ટી.પી. સ્કીમમાં અધિકારી ટાઇમમાં ન પૂરું કરે તો એનો વાંધો નહીં એવો નિયમ આપણે બનાવી નાખ્યો. આપણે નિયમો બનાવીએ, અધિકારીઓ એનું અમલીકરણ કરે એ બહુ જરૂરી હોય છે. આપણે હમણા દારૂનું બિલ લઇ આવ્યા. તમને કહું કે એક ઘંટેશ્વરમાં પાયલભાઇ છે, એક જંગલેશ્વરમાં રમાબેન છે અને એક હડાળામાં કિરીટભાઇ છે. આપણે દારૂનો નિયમ લઇ આવ્યા, કાયદો લઇ આવ્યા. એ પછી આ ૩ વ્યક્તિ આ ૩ કલબને જુગાર અને દારૂના અડ્ડા ખોલવાની મંજૂરી ત્યાંથી અનઓફિશિયલી મળી છે અને અત્યારે આજના દિવસે ચાલુ છે. તપાસ કરાવો એટલે ત્યાંથી મળશે. આપણે કાયદા બનાવીએ, પણ કાયદાનું અમલીકરણ સરખું નહિ કરાવીએ, તો એનો કોઇ અર્થ રહેતો નથી. હું કંઇ દારૂની વાત કરું ત્યારે બાપુને મજા આવતી હોય છે. બાપુને સમ ખાઇને પૂછું કે તમે કોઇ દિવસ લો છો કે નહિ? મારે આમાં કાંઇ વિશેષ કહેવાનું નથી રહેતું. આમાં વિરોધ કે તરફેણ કરવાનો મતલબ નથી. એ હું કાઇ કરતો નથી. અમે આમ બેઠા છીએ. એટલે સાચી વાતનો કે ખોટી વાતનો મતલબ નથી. એટલે વિરોધ કે તરફેણ કરવાનો અર્થ નથી એટલે એ પણ નથી કરવું. હું સરકાર પાસે એવી અપેક્ષા રાખું અને આ બધી કલબ ચાલે એ હું મુખ્યમંત્રીના ગામની વાત કરું છું તો કમ સે કમ ત્યાં બંધ કરાવી દો. એટલે કડક અમલીકરણ કરાવો, એવી આપ સૌ પાસે અપેક્ષા રાખું છું. આમાં બને તો કોર્પોરેશનોને જાણ કરજો કે લાગતા વળગતાઓની નિમણૂક ન કરી દે. પગાર આપવા માટે, કોઇકને સાચવવા માટે કોઇ રાજકીય હેતુસર કરે ત્યારે લાંબાગાળે શહેરો ઉપર ખૂબ અસરો થતી હોય છે. એવી કોઇ વ્યવસ્થા કરે. અથવા તો અહીયા એમના જ કોરપોરેશન છે, સૂચના આપે એટલું કરશે તો યોગ્ય થશે. ખૂબ આભાર, જય હિંદ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં ભૂમિકા મૂકી હતી કે આનો ઉદેશ એવો નથી કે રાજ્યગુરુભાઇ વાત કરતા હતા કે નગરપાલિકાઓને નીચે નિમણૂક કરવાના અધિકાર આપી દેશે અને પછી લાગતા વળગતાને મૂકી દેશે. આવો વિષય નથી. કદાચ બિલ વાંચ્યું હોત તો આપના ધ્યાનમાં આવત. એક વખત વાંચશો અથવા ફરી એક વખત રિપીટ કરું છું. આજે વિશ્વ જળ દિવસ છે. જળને બચાવવાની જવાબદારી આપણી બધાની છે, એટલે વિધાનસભા ગૃહને પણ વિનંતી કરું છું કે આવનારી સદીને જે કુદરતે જળ આપેલ છે, તેને બચાવવા પ્રયત્ન કરીએ. અને એકમત બનીને જળ બચાવવા એક થઇએ છીએ, તેમ આ વિધેયકની અંદર બધા એક થાય તેવી વિનંતી. અહીથી સરકાર જે મૂકે છે સરકારી અધિકારીઓ તેવો

## ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭

વિષય છે. આમાં કયાંય એવો ઉલ્લેખ અમે આ સુધારા વિધેયકની અંદર નથી કર્યો કે નીચે અધિકાર આપી દઇએ છીએ અને એમણે નિમણૂક કરવાની છે. અહીથી સરકારી અધિકારીઓને મૂકવાનો વિષય જે છે, અને મુકીએ છીએ. એને પરમેનન્ટ કાયદાની અંદર સંવિધાન પ્રમાણેની જોગવાઇ કરવાની છે. બીજી વાત બંને કમિટીઓની વાત કરી હતી એની અંદર જૂનાગઢ બાકી રહેતું હતું કાયદો બનાવ્યો એ પહેલાં એની ચૂંટણી થઇ ગયેલી હતી, એને ઠીક કરવાનું આટલી આ બંને બાબતો છે. આ વિધેયકની અંદર કોઇ પક્ષાપક્ષીનો વિષય નથી. સર્વાનુમતે એનું સમર્થન કરો તો બધા ભોજન માટે પણ જઇ શકે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન ( દ્વિતીય સુધારા ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન ( દ્વિતીય સુધારા ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન ( દ્વિતીય સુધારા ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨–૦૫ વાગ્યે પૂરું થતા અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૩–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૧, ૧૯૩૮ શાકે
બીજી બેઠક
(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

તારાંકિત પ્રશ્નો

ગાંધીનગર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ

* ૩૧૫૫૭ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અને અનુસૂચિત જાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલો આપવામાં આવી, અને | (૧) ૬,૫૮૨ વિદ્યાર્થીનીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ એક સાયકલની કિંમત કેટલી થાય છે ? | (૨) |

| | |
|---|---|
| ૨૦૧૫–૧૬ | રૂ.૨૭૪૪.૮૬ |
| ૨૦૧૬–૧૭ | રૂ.૨૭૯૩.૭૪ |

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ગાંધીનગર જિલ્લાની અંદર અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓને જે સાઇકલ આપવામાં આવી તેની અંદર કેસરી કલરની સાઇકલ આપવામાં આવે છે. તો આ કન્યાઓ વારંવાર રજૂઆત કરતી હોય છે કે દરેક વસ્તુમાં પ્રચાર અને પ્રસાર હોય, પણ જો વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવામાં આવતી હોય તેને પણ આપણે પ્રચાર અને પ્રસારનું માધ્યમ બનાવતા હોઇએ તો આ સાઇકલનો કલર તમે બદલવા માગો છો કે કેમ? આ જે સાઇકલ બનાવવામાં આવે છે તે કઇ કંપની દ્વારા બનાવવામાં આવે છે અને તેની ગુણવત્તા કેટલી સારી હોય છે?

અધ્યક્ષશ્રી : કામિનીબા ૨૦૦૭માં હું શિક્ષણમંત્રી હતો ત્યારનો આ પ્રશ્ન ચાલે છે. હજુ આનો ઉકેલ આવ્યો નથી.

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ કલરમાં નહીં પડો તો સારું. આ કલરમાં પડવામાં ને પડવામાં તો આખું યુ.પી. અને ઉત્તરાખંડ સાફ થઇ ગયું. તેમાંથી બહાર નીકળો. હવે આખો દેશ કેસરી થઇ ગયો છે. ઉત્તરપ્રદેશ તો થયું પણ ગઇકાલે મેં કહ્યું ને તે પ્રમાણે જમવા બેઠા હોય અને થાળીમાં અથાણું અને કચુંબર બચ્યું હોય તેટલું તમારી પાસે આખા દેશમાં કોંગ્રેસનું શાસન બચ્યું છે.

અધ્યક્ષશ્રી : અલ્યા ભાઇ આ સાયકલમાં કયાં આખો દેશ આવી ગયો?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન છે કે કઇ કઇ કંપનીની સાઇકલ આપીએ છીએ. આ સાઇકલોની પસંદગીની પ્રક્રિયાનું કામ અમે ગ્રીમકોને સોંપ્યું છે. ગયા વર્ષે રાજયમાં જે સાયકલો પૂરી પાડી તેમાં ગ્રીમકો દ્વારા જે કંપનીઓ નકકી થયેલ છે તેમાં એસ.કે.બાઇક કંપની, વિશાલ કંપની, એટલાસ સાઇકલ કંપની, હીરો ઇકો ટેક કંપની છે. એક સાઇકલની કિંમત ૨૭૯૩.૭૪ પૈસા હતી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કામિનીબાએ જે કેસરી કલરની વાત કરી. અત્યારે આખો દેશ હોળીના લીધે કેસરીયા રંગે રંગાયો છે. કામિનીબેનને હોળીના કેસરીયા રંગની શુભકામનાઓ. ગાંધીનગર જિલ્લામાં ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અનુસૂચિત જાતિની બાળાઓ માટે સાઇકલની કેટલી અરજીઓ મળી, તેમાંથી કેટલી અરજીઓ મંજૂર થઇ અને નામંજૂર કેટલી થઇ. આ દીકરીઓને કેટલી સાયકલો આપી તે માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ દીકરીઓને સાઇકલ આપવાની યોજના છે તેની પાછળનો સરકારનો કન્સેપ્ટ એ છે કે દીકરીઓ ભણે અને ભણીને આગળ વધે, તેના ઘરકામમાં મા–બાપને મદદ કર્યા પછી જે સમય મળે તેમાં મુસાફરીમાં વધારે સમય ન જાય એટલા માટે આ સરસ્વતી સાધના યોજના હેઠળ સાઇકલ આપીએ છીએ. તેમની માગણી છે તે પ્રમાણે અનુસૂચિત જાતિની કન્યાઓ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર અને કેટલી નામંજુર થઇ? તો ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકા આવે છે. દહેગામ તાલુકો છે તેમાં વર્ષ ૨૦૧૫–૧૬ માં ૫૧ અરજી મળી, મંજૂર ૫૧ કરી અને તમામ સાઇકલોનું વિતરણ કરી દીધું છે, કોઇ નામંજૂર નથી કોઇનું વિતરણ બાકી નથી. એ જ રીતે દહેગામમાં ૨૦૧૬–૧૭માં ૫૯ અરજીઓ મળી બધી જ અરજીઓ મંજૂર કરી અને તમામ સાઇકલોનું વિતરણ અનુસૂચિત જાતિની કન્યાઓમાં થઇ ગયું છે. એજ રીતે ગાંધીનગરમાં ૨૦૧૫–૧૬માં ૧૩૨ અરજીઓ મળી અને તમામ સાઇકલોનું વિતરણ થઇ ગયું છે, ૨૦૧૬–૧૭માં ૧૪૯ અરજીઓ આવી તમામ અરજીઓ મંજૂર કરી, કોઇ

સાઇકલનું વિતરણ બાકી નથી. કલોલ તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૧૮૧ અરજીઓ આવી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તમામને સાઇકલોનું વિતરણ કરી દેવામાં આવેલ છે. કલોલમાં જ ૨૦૧૬-૧૭માં ૧૯૦ અરજીઓ આવી, તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને કોઇ સાઇકલનું વિતરણ બાકી નથી. માણસામાં ૨૦૧૫-૧૬માં ૬૯ અરજીઓ આવી બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તમામનું વિતરણ કરવામાં આવેલ છે એટલે કોઇ સાઇકલનું વિતરણ બાકી નથી. ૨૦૧૬-૧૭માં માણસામાં ૯૫ અરજીઓ મળી, તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તમામ વિદ્યાર્થિનીઓને સાઇકલ આપી દેવામાં આવેલ છે. આમ ૨૦૧૫-૧૬માં કુલ ૪૩૩ અરજીઓ આવી તમામ મંજૂર કરવામાં આવી છે, ૨૦૧૬-૧૭માં ૪૯૩ અરજીઓ આવી અને તમામ મંજૂર કરવામાં આવી છે. અનુસૂચિત જાતિમાં કોઇ પણ દીકરીને સાઇકલનું વિતરણ કરવાનું બાકી નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લો અનુસૂચિત જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ૭૦ ટકા વસતિનો આ જિલ્લો છે. ૬૫૮૨ દીકરીઓને સાઇકલો આપવામાં આવી ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી ફકત એટલું જ જાણવું છે કે, આ સાઇકલ આપવા માટે આવકનું ધોરણ શું નક્કી કરેલ છે?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સાઇકલ આપવા માટે આવકની મર્યાદા ૪૦,૦૦૦ અને ૬૮,૦૦૦ની છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓની સાઇકલ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને, તેમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જયારે જવાબ રજૂ કર્યો ત્યાર પછીથી જે સમયગાળો હતો એમાં તમામ સાઇકલો વિદ્યાર્થિનીઓને પહોંચાડવામાં આવી છે. દહેગામ તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૧૧૫૨ અરજીઓ મળી હતી, તમામ મંજૂર કરવામાં આવી છે અને તમામને આજની તારીખ વિતરણ કરી દેવામાં આવેલ છે. ૨૦૧૬-૧૭માં ૧૨૯૨ અરજીઓ મળી એ પૈકી જે તે વખતે ૯૨૦ અરજીઓ મંજૂર કરી હતી પણ આજની તારીખે જે બાકી વિતરણ માટેની હતી એ ૩૭૨ સાઇકલોનું પણ વિતરણ કરી દેવામાં આવેલ છે. ગાંધીનગરમાં ૨૦૧૫-૧૬માં ૮૫૬ અરજીઓ આવી હતી અને ૨ અરજીઓ નામંજૂર કરી હતી અને જે અરજીઓ મંજૂર કરી હતી એ તમામને વિતરણ કરી દેવામાં આવેલ છે. ૨૦૧૬-૧૭માં ૯૬૩ અરજીઓ આવી હતી અને આજની તારીખે તમામ સાઇકલોનું વિતરણ થઇ ગયું છે. એજ રીતે કલોલમાં ૬૫૪ અને ૮૩૯ અરજીઓ આવી હતી, માણસામાં ૬૫૫ અને ૬૩૬ અરજીઓ આવી હતી એ તમામને સાઇકલનું વિતરણ કરી દેવામાં આવેલ છે. આમ કુલ ૭૦૫૨ અરજીઓ મળી હતી એ બધી જ મંજૂર કરવામાં આવેલ છે અને તમામને સાઇકલનું વિતરણ કરી દેવામાં આવેલ છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ સાયકલો ખરીદવા માટે કઇ કઇ કંપનીના ટેન્ડર આવ્યા હતા અને કઇ કંપનીનું ઓછાં ભાવ વાળું ટેન્ડર હતું અને તે ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે કે કેમ તેની મને વિગતવાર માહિતી આપે.

શ્રી આત્મારામ મ.પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રશ્નમાં પુછ્યું હતું કે કોઇ આવક મર્યાદા છે કે કેમ? તો એના જવાબમાં જણાવવાનું કે અંતરની મર્યાદા પહેલાં જે હતી તે આપણે દૂર કરી છે પણ આવકની મર્યાદા જે ૪૭,૦૦૦ અને ૬૮૦૦૦ની એ ચાલુ છે, કરમશીભાઇએ ટેન્ડરની વાત કરી તો આ સાયકલની ખરીદીનું કામ ગ્રીમકો કરે છે એટલે કેટલા ટેન્ડર આવ્યા? કોના આવ્યા? શું આવ્યા એ અમારો વિષય નથી. અમે કહી દઇએ કે આટલી સાયકલ જોઇએ છીએ, એટલે ગ્રીમકો એની રીતે ટેન્ડર બહાર પાડે છે અને કંપનીઓની પસંદગી પણ એ લોકો જ કરે છે. સાયકલોની ડીલીવરી પણ એ જ મોકલાવે છે ગ્રીમકો જે ડીલીવરી આપે છે એ પ્રમાણે અમે દીકરીઓને સાયકલ પહોંચાડીએ છીએ.

અધ્યક્ષશ્રી : ગ્રીમકો એ આપણી સરકારી સંસ્થા જ છે. એટલે એટલો ઉમેરો કરવાનો થાય. (અંતરાય) એ એમની ભૂલ હતી ગ્રામ્ય વિસ્તારમાં ૪૭,૦૦૦ છે અને શહેરી વિસ્તારમાં ૬૮૦૦૦ આવક છે એ એમની ભૂલ એમણે સુધારી લીધી છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં હમણાં કહ્યું કે ગ્રીમકો સાયકલ ખરીદે છે. આ સાયકલો જ્યારે તમે વિતરણનો પ્રોગ્રામ કરો છો ત્યારે જ સારી હોય છે અને પછી લાંબો સમય ટકતી નથી, એટલે એની ક્વોલિટી સારી નથી હોતી. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ સાયકલોના સ્પેર પાર્ટ્સ સારા હોય અને લાંબો સમય સુધી ટકે, બારમા ધોરણ સુધી દીકરી આવે ત્યાં સુધી ટકે તે માટે શું આયોજન કરવા માગો છો અને સ્ટાન્ડર્ડ કંપનીની સાયકલો ખરીદવા માટેનું કોઇ તમારું આયોજન છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ સાયકલો હીરો અથવા એટલાસ સારી કંપનીની જ હોય છે અને કંપનીના લોકો જ આ કરતા હોય છે મંત્રીશ્રી મેં આ કહ્યું એ સિવાય તમારે બીજું કંઇ કહેવું હોય તો કહી શકો છો.

શ્રી આત્મારામ મ.પરમાર :બરાબર છે માનનીય અધ્યક્ષશ્રી, આવી ગયું આમાં બધું.

## તારાંકિત પ્રશ્નો

### જુનાગઢ જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ

* ૩૧૫૯૨ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) ૧૪૨૬. |
| (૨) તે અન્વયે જિલ્લામાં કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને | (૨) ૯૧૯ આંગણવાડીઓને પોતાના મકાનો છે અને ૫૦૭ આંગણવાડીઓને પોતાના મકાનો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને પોતાનું મકાન કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ? | (૩) બનતી ત્વરાએ. |

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને આ જવાબમાં જણાવવામાં આવ્યું છે કે ૧૪૨૬ આંગણવાડીઓ કાર્યરત છે અને તેમાંથી ૯૧૯ આંગણવાડીઓને પોતાના મકાન છે અને ૫૦૭ આંગણવાડીઓને પોતાના મકાનો નથી, મારે દુઃખ સાથે કહેવું પડે કે આ નાના એવા જિલ્લાની અંદર ૧૪૨૬માંથી ૫૦૭ આંગણવાડીઓને તો પોતાના મકાન નથી, આ ગતિશીલ ગુજરાતની વાતો કરતી સરકારની કાચબાની ગતિ થઇ ગઇ છે એનું કારણ શું છે? મારો પ્રશ્ન એ છે કે, જવાબમાં આપ્યું છે કે, ૫૦૭ આંગણવાડીઓના મકાનો છે જ નહિ તો હું એ પુછવા માગું છું કે હાલ ૫૦૭ આંગણવાડીઓના મકાનો ન હોવાથી એ આંગણવાડીઓના બાળકો ક્યાં બેસે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, હાલ મકાનમાં કઇ કઇ સગવડ આપવામાં આવે છે અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, ભાડાના મકાન જે છે તે મકાનમાં એક મકાન દીઠ કેટલું ભાડું આપવામાં આવે છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રીમતી નિર્માલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ જે વાત થઇ કે, ૯૧૯ આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે અને ભાડાના મકાનમાં ૪૩૭ છે અને અન્ય સરકારી મકાનોમાં પણ ૭૦ છે અને ભાડાની રકમની જોગવાઇ જણાવું તો ગ્રામીણ આદિજાતિ વિસ્તાર માટે કેન્દ્ર દીઠ પ્રતિ માસ ૭૫૦ રૂપિયા આપવામાં આવે છે અને અર્બન અને શહેરી વિસ્તાર માટે કેન્દ્ર દીઠ રૂપિયા ૩૦૦૦ પ્રતિ માસ આપવામાં આવે છે અને મેટ્રોપોલિટન વિસ્તાર માટે રૂપિયા ૫,૦૦૦ પ્રતિ માસ આપવામાં આવે છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ આંગણવાડી કેન્દ્રો જુનાગઢ જિલ્લાના એક ગામમાં એક કરતા વધારે કેટલા છે? આ આંગણવાડી કેન્દ્રો માટે પંચાયતો જમીનો ફાળવતી ના હોય, ફાળવી શકતી ન હોય તો એ જમીન ફાળવવા માટે સરકાર કંઇ કરવા માગે છે કે કેમ?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે ૫૦૭નો બ્રેકઅપ હું કહેવા માગુ છું કે જે ભાડાના મકાનમાં છે તે પૈકી ૩૬૭ માં આયોજન કરી લીધેલ છે. આમાં ૧૦૨માં કામ પ્રગતિમાં છે અને ૨માં કામ અધૂરાં છે, ૯૧માં કામ ચાલુ નથી થયુ અને ૯૩માં જમીનનો પ્રશ્ન છે અને ૭૯માં તાંત્રિક મંજૂરી આપેલ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ભાડાના મકાનમાં રહેવા માટે ૭૫૦/– રૂપિયા માસિક ભાડુ આપે છે. આટલા ભાડાની અંદર ગ્રામ્ય વિસ્તારમાં નાનો એવો રૂમ જોઇતો હોય તો પણ મળતો નથી તેના કારણે આંગણવાડી કાર્યકર્તા બહેને ગમે તેવા પ્રકારનો રૂમ હોય તો એ ચલાવીને આંગણવાડી ચલાવે છે અને બાળકોની સ્થિતિ બહુ ખરાબ હોય છે. એવા સંજોગોની અંદર આ મકાનના ભાડામાં આપણે વધારો કરવા માગીએ છીએ કે કેમ ? અને બીજો મુદ્દો ૧૦૨ આંગણવાડીના રૂમોનું કામ પ્રગતિમાં છે તો આ પ્રગતિના કામો કયારે શરૂ કરવામાં આવેલ હતા ? અને તેની ટાઇમ લિમિટ કેટલી હતી ? અને કેટલાં સમયમાં આ પૂર્ણ કરવા માગો છો ?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે તેમનો પહેલો પ્રશ્ન હતો એ તો એમનું સૂચન છે અને બીજો જે ૧૦૨ કહ્યું પ્રગતિમાં છે તેનો વધારે બ્રેકઅપ મારી પાસે નથી તેઓ પછી જુદી નોટિસ આપશે તો હું તેની વિગત આપીશ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તેમાંથી જ મેં આ સવાલ ઉપસ્થિત કર્યો છે. મંત્રીશ્રીએ ૧૦૨ પ્રગતિમાં છે એવો જવાબ આપ્યો છે એટલે મેં જાણવા માગ્યુ છે કે આ પ્રગતિમાં છે તો તેનો વર્ક ઓર્ડર કયારે આપ્યો ? તેની ટાઇમ લિમિટ કેટલી હતી ? અને કેટલા સમયમાં પૂર્ણ કરવા માગે છે ? તેમની પાસે જવાબ ના હોય તો એ ટેબલ ઉપર મૂકે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૦૨ આંગણવાડીઓનો વિષય છે. એટલે તબક્કાવાર કોઇકની કયારે અલગથી અપાઇ હોય અને દરેકની તારીખો જુદી હશે, કામમાં પણ એ તારીખો જુદી હશે એટલા માટે તેમણે કહ્યું છે કે ટેબલ ઉપર મૂકશે.

### સોમનાથ યાત્રાધામનો વિકાસ

* ૩૧૫૧૩ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં સોમનાથ જ્યોતિર્લીંગના વિકાસ અર્થે શું કામગીરી કરવામાં આવી છે, અને

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોમનાથ જ્યોતિર્લીંગના વિકાસ અર્થે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.

- ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન મુકાવવાની કામગીરી થયેલ છે.
- મંદિર પરિસરમાં લાઇટ અને સાઉન્ડ શોની કામગીરી કરવાની પ્રક્રિયા ચાલુ છે.
- સોમનાથ ગુફા અને મ્યુઝિયમના કન્સ્ટ્રકશન અને વિકાસ માટે તેમજ ભાલકા તીર્થના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે કામગીરી કરવામાં આવી રહેલ છે.

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | કરેલ કામગીરી | કરેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| (૧) | ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન મુકાવવાની કામગીરી | ૧૩.૩૨ |
| (૨) | લાઇટ અને સાઉન્ડ શોની કામગીરી | ૧૮૦.૧૭ |
| (૩) | સોમનાથ ગુફા અને મ્યુઝિયમના કન્સ્ટ્રકશન અને વિકાસની કામગીરી | ૭૩૧.૦૦ |
| (૪) | ભાલકા તીર્થના ઇન્ફ્રાસ્ટ્રકચર માટેની કામગીરી | ૭૨૧.૦૦ |

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું નસીબદાર કહેવાઉં કે મારો સોમનાથનો પ્રશ્ન ડ્રોમાં લાગ્યો અને આ દેશના વડાપ્રધાન, અમારી પાર્ટીના પ્રમુખ અમિતભાઇ, અડવાણીજી, કેશુભાઇ એવા એના ટ્રસ્ટીઓ હોય અને એ સોમનાથ માટે માત્ર નરેન્દ્રભાઇ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા એના આધારે કચ્છમાં બધાય આવવા લાગ્યા. તો આ જે સોમનાથ છે તેમાં લાઇટસ અને સાઉન્ડ શો માટે શું કરવા માગે છે ? અને જે સીસ્ટમ ગોઠવવાની છે તેમાં જેનો અવાજ આવે તે અમિતાભભાઇનો અવાજ આવ્યો હતો કે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા, તો એવી કોઇક કામગીરી કરવા માગે છે કે નહીં ?

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, લાઇટ એન્ડ સાઉન્ડ શોમાં શું કામગીરી કરવાની છે તે બાબતમાં સોમનાથ મંદિર ખાતે ૪ કરોડ ૭૪ લાખના ખર્ચે script, display, voice over, 3-D projection, hardware installation, control cable, software parts વિગેરે કામગીરી કરવાની રહે છે અને આદરણીય સભ્યશ્રીએ પૂછયું છે કે આ કામગીરી પૂરી કયારે થશે અને કયો વોઇસ રાખવો ? આ દેશમાં બે જ અવાજ મહત્વના છે એક તો કલા નાયક અને વિશ્વ નાયક છે. કલા નાયક અમિતાભ બચ્ચન અને બીજું નામ આપણે બધા જ જાણીએ છીએ આદરણીય વડાપ્રધાન મોદીજી. તો આ કલા નાયક બચ્ચનજીનો અવાજ આ લાઇટ એન્ડ સાઉન્ડ શોમાં આપણે રાખવાના છીએ અને કામગીરી કયારે પૂર્ણ થશે તો એ બાબતમાં જણાવું તો ૨૦૧૭માં આ બધું પૂરું કરી નાંખીશું.

શ્રી ગોવિંદભાઇ વ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથ ગુફા અને ભાલકા તીર્થ ખાતે સરકારશ્રીએ વિકાસના કામો કયા કયા લીધાં છે ? અને તેમાં કેટલો ખર્ચ થશે ?

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આદરણીય સભ્યશ્રીને જણાવવાનું કે, સોમનાથ ગુફાના કામો માટે ૧૨ કરોડ ૮૦ લાખના ખર્ચે કામો લીધાં છે. ૨ પ્લાઝા અર્ધ ચંદ્રાકાર અને ચંદ્ર મંડળની થીમ ઉપર આધારિત ડિઝાઇન તથા નક્ષત્રવાર રોપાઓનું વાવેતર, amphitheatre, પ્લેટફોર્મ અને બેઠક વ્યવસ્થા, કાફેટેરિયા ગાર્ડનીંગ તો ખરું જ કમ્પાઉન્ડ વોલ તથા સિકયુરીટી કેબિન, ટોઇલેટ બ્લોક તથા પીવાના પાણીની સુવિધા અને પાર્કીંગ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સોમનાથ મંદિરના વિકાસ અર્થે આપશ્રી તિરૂપતિ મંદિરનું જે પ્રમાણે સંચાલન થાય છે અને વિકાસ થયો છે, લોક કલ્યાણની કામગીરી થાય છે એવી કામગીરી આપ કરવા માંગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : સોમનાથનું ટ્રસ્ટ છે અને ટ્રસ્ટે આ બધી કામગીરી ઉપાડેલી જ છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારો સોમનાથ જિલ્લો તેમજ ગીર–સોમનાથ જિલ્લો એ સંતોની ભૂમિ છે. જૂનાગઢમાં ગીરનાર આવેલ છે. ૩૩ કરોડ દેવતાઓનો એની અંદર વાસ છે. માનનીય મંત્રીશ્રી હું આપની પાસેથી જાણવા માગું છું કે, ગીર–સોમનાથની અંદર તમે સોમનાથમાં યાત્રાધામ વિકાસ બોર્ડમાંથી આટલો ખર્ચો કર્યો તો અમારા જુનાગઢનો ગીરનાર હોય. વિસાવદરની આજુબાજુ પરબની જગ્યા છે તેને યાત્રાધામ વિકાસ બોર્ડમાંથી તમે કોઇ ગ્રાન્ટ ફાળવી છે કે કેમ અને અન્ય જગ્યાઓ જેવી કે સત્તાધારની જગ્યા, પરબની જગ્યાને તમે યાત્રાધામ વિકાસ બોર્ડમાં રાખવા માગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી આ પ્રશ્ન આમાંથી ઉત્પન્ન થતો નથી ને સોમનાથ જ્યોતિર્લિંગના વિકાસ માટેનો જ પ્રશ્ન છે એટલે જુદી નોટીસ આપશો તો જવાબ આપીશું.

### છોટાઉદેપુર જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૩૧૫૨૮ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૨૨૧૦.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૪૨૪ |
| ૨ | જેતપુર–પાવી | ૨૯૪ |
| ૩ | ક્વાંટ | ૫૯૮ |
| ૪ | બોડેલી | ૨૦૭ |
| ૫ | સંખેડા | ૮૩ |
| ૬ | નસવાડી | ૬૦૪ |
| | કુલ | ૨૨૧૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, અને

(૨) ૧૭૭૫.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૩૧ |
| ૨ | જેતપુર–પાવી | ૨૭૫ |
| ૩ | ક્વાંટ | ૫૧૭ |
| ૪ | બોડેલી | ૧૪૬ |
| ૫ | સંખેડા | ૩૦ |
| ૬ | નસવાડી | ૪૭૬ |
| | કુલ | ૧૭૭૫ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર થઇ અને તેના કારણો શું છે ?

(૩) ૪૩૫.

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૯૩ |
| ૨ | જેતપુર–પાવી | ૧૯ |
| ૩ | ક્વાંટ | ૮૧ |
| ૪ | બોડેલી | ૬૧ |
| ૫ | સંખેડા | ૫૩ |
| ૬ | નસવાડી | ૧૨૮ |
| | કુલ | ૪૩૫ |

મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી | ૫૮ |
| બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોર ધરાવતા ન હોવાથી | ૩૧૨ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૦૩ |
| અવસાન થવાથી | ૦૬ |

| | |
|---|---|
| પુરાવા રજૂ કરેલ ન હોવાથી | ૫૬ |
| કુલ | ૪૩૫ |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજ્યમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન સહાયની ચૂકવણી કેવી રીતે કરવામાં આવે છે અને આ યોજનામાં કેટલા લાભાર્થીઓ છે. તે પૈકી છોટા ઉદેપુર જિલ્લામાં સીધી બેંક ચૂકવણી માટે કેટલા લાભાર્થીઓ આવરી લેવામાં આવેલ છે અને છોટા ઉદેપુર તાલુકામાં તાલુકાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને નામંજૂર કરવાના કારણો શું?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છોટા ઉદેપુરનો જે તાલુકાવારનો પ્રશ્ન છે એમાં મંજૂર કરેલ લાભાર્થીઓની સંખ્યા ૩૩૧ છે અને મંજૂર કરેલ લાભાર્થીઓને ચૂકવેલ સહાયની ૧૧,૯૧,૬૦૦ રૂપિયા છે. જેતપુર-પાવી તાલુકામાં ૨૭૫ લાભાર્થીઓ છે અને એમાં ચૂકવેલ રકમ રૂ.૮,૪૬,૦૦૦ છે. કવાંટ તાલુકામાં લાભાર્થીઓની સંખ્યા ૫૧૭ છે અને એમાં ચૂકવેલ રકમ રૂ.૧૯,૫૪,૨૬૦ છે. એ રીતે બોડેલી તાલુકામાં લાભાર્થીઓની સંખ્યા ૧૪૬ છે અને ચૂકવેલ રકમ રૂ.૧,૨૪,૪૦૦ છે. સંખેડા તાલુકામાં લાભાર્થીઓની સંખ્ય ૩૦ છે જેમાં ચૂકવેલ રકમ રૂ.૫૫,૬૦૦ છે. નસવાડી તાલુકામાં લાભાર્થીઓની સંખ્યા ૪૭૬ છે જેમાં ચૂકવેલ રકમ ૧૨,૭૪,૪૦૦ છે. નામંજૂરીના કારણો પણ પૂછ્યા છે.

અધ્યક્ષશ્રી : એ આપે આપેલ જ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રશ્ન પૂછ્યો છે એ છેલ્લા એક વર્ષની ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં એક વર્ષમાં કેટલી અરજીઓ આવી તો તેનો જવાબ ૨૨૧૦ આપ્યો છે અને કેટલી અરજીઓ મંજૂર થઇ તો તેનો જવાબ ૧૭૭૫ આપેલ છે. ખરેખર તો ૧૦,૭૦૦ જેટલી અરજીઓ મંજૂર થયેલ હતી પણ એમને છેલ્લા સાત મહિનાથી ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન મળેલ નથી. એની અનેક વખત માગણી પણ કરેલ છે પણ આજ સુધી આ રકમ ચૂકવી નથી તો એ ક્યારે ચૂકવાશે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના ખરેખર તા.૫/૧૦/૨૦૧૬થી ગુજરાતમાં Direct bank transfer (DBT) એ પ્રમાણે લાભાર્થીના ખાતામાં સીધી જમા કરવાની System છે. પણ એ માટે જે લાભાર્થીઓએ વિગતો રજૂ કરવાની બાકી હોય તેઓને સહાય ચૂકવવાની સીધી બેંક એકાઉન્ટ મારફતે કરી શકાતી નથી એટલે એમને પોસ્ટ ઓફિસમાંથી જે ચૂકવણી થાય છે એટલે એમાં ક્યાંકને ક્યાંક થોડોક વિલંબ થાય છે પણ હવે આવનારા દિવસોમાં અમે જે બાકી ૬૦૬૯ જેટલા પોસ્ટ એકાઉન્ટ છે એમને પણ ડી.બી.ટી.માં કવર કરી લઇએ છીએ એટલે આવનારા દિવસોમાં આવા પ્રશ્નો માનનીય મોહનસિંહભાઇ, ઉભા થશે નહીં.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સંખેડા તાલુકામાંથી કુલ અરજીઓ ૮૩ આવી હતી એમાંથી ૩૦ મંજૂર થઇ છે અને ૫૩ નામંજૂર થઇ છે એનાં કારણો શું છે અને આ ગ્રાન્ટ જિલ્લાના હવાલે છેલ્લા છ માસથી આ વિભાગની જે ગ્રાન્ટ મળવી જોઇએ એ મળી નથી જેને લીધે તાલુકામાં પેન્શન ચૂકવવાનું બાકી છે તો જો એ વાત સાચી હોય તો કેટલા સમયમાં પેન્શન ચૂકવાશે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અત્યાર સુધી વિભાગમાંથી કલેક્ટર કચેરીમાં જાય, ત્યાંથી મામલતદારમાં જાય અને ત્યાંથી પોસ્ટ ઓફિસમાં જાય આ પ્રકારની સિસ્ટમને લીધે ચૂકવણી કયાંકને ક્યાંક વિલંબમાં પડતી હતી, પણ એનાથી સીધો રસ્તો કાઢીને સીધી લાભાર્થીના ખાતામાં જમા થાય એ પ્રકારની સિસ્ટમ ગુજરાતે શરૂ કરી છે અને લગભગ ૪,૬૫,૦૦૦ લાભાર્થીઓમાંથી ૩,૯૮,૫૦૦ લાભાર્થીઓ એમાં રજીસ્ટર થઇ ગયા છે એટલે આવનારા દિવસોમાં એ વિષય રહેવાનો નથી, અને બીજું, આપે નામંજૂરીના કારણો માગ્યા છે તો સાહેબે કહ્યું એ પ્રમાણે જવાબમાં જ નામંજૂરના કારણો જણાવી દીધાં છે એટલે હું એ જણાવતો નથી છતાં આપ વિશેષ કહેતા હોય તો વાંચું, બાકી એ કારણો સવાલના જવાબમાં છે.

આણંદ જિલ્લામાં વિધવા સહાય

* ૩૧૪૭૧ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે, | (૧) ૧૩૫૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને | (૨) ૧૦૯૫ મંજૂર અને ૧૯૫ અરજીઓ નામંજૂર થઇ. |
| (૩) ઉક્ત અજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શાં છે ? | (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.<br>(૧) અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી.<br>(૨) પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>(૩) વાર્ષિક આવક વધુ હોવાથી. |

(૪) અન્ય કારણોસર.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાજય સરકાર દ્વારા વિધવા સહાય ચૂકવવામાં આવે છે એમાં આણંદ જિલ્લામાં ગત વર્ષમાં ૧૦૯૫ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ યોજના હેઠળ તાલુકાવાર આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓ છે અને એ વિધવા બહેનોને સહાય સમયસર મળે એના માટે સરકાર દ્વારા કયા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં તાલુકાવાર લાભાર્થીઓની વિગત જોતાં આણંદ શહેરી વિસ્તારમાં કુલ લાભાર્થીઓ ૩૭૮, આણંદ ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૩૦, ઉમરેઠ તાલુકામાં ૪૬૬, આંકલાવમાં ૨૦૬, પેટલાદમાં ૬૦૪ અને બોરસદ તાલુકામાં ૮૩૦, સોજિત્રા તાલુકામાં ૨૬૯, ખંભાત તાલુકામાં ૩૭, તારાપુરમાં ૨૦૨ એમ કુલ ૪૫૨૨ લાભાર્થીઓ છે અને આપણે લાભાર્થીઓને કેવી રીતે આપીએ છીએ તો એમના ખાતા પોસ્ટ ઓફિસમાં હોય તો ડાયરેકટ બેનીફીશીયરી તરીકે પોસ્ટ ઓફિસ દ્વારા એ ચૂકવવામાં આવે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૫ અરજીઓ પૂરતા પૂરાવા ન હોવાના કારણ નામંજૂર કરવામાં આવી છે તો કોઇ પૂરાવો રહી ગયો હોય અને પાછળથી એ પૂરાવો રજૂ કરે તો એ જ ફોર્મ મંજૂર કરશે કે નવું ફોર્મ ભરવું પડશે?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જે વિગત હતી એ તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ હતી કે ૬૩ પડતર હતી પણ અત્યારે તા. ૩૧-૧-૨૦૧૭ સુધીમાં તમામ અરજીઓનો નિકાસ કરવામાં આવ્યો હતો અને આમાં ૬૨ અરજીઓ મંજૂર કરેલ છે અને એક અરજી નામંજૂર કરી છે અને એમ આપણે ગણીએ તો છેલ્લા એક વર્ષમાં ટોટલ ૧૩૫૨ અરજીઓ પૈકી ૧૧૫૭ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે, એને જૂનુ ફોર્મ ચાલશે કે નવું ફોર્મ ભરવું પડશે ?

અધ્યક્ષશ્રી : ૧૯૫ ઓલરેડી નામંજૂર થઇ ગઇ છે એવું કહેવું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થી પાછળથી પૂરાવો રજૂ કરે તો એમની જૂની અરજી છે એ રિવાઇઝ થશે કે નવું ફોર્મ ભરવું પડશે એટલો જ એમનો સવાલ છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ છે કે જેના પૂરાવાઓ બાકી છે, વિગતો અધૂરી છે એ પાછળથી પૂરી પાડે તો એવી અરજીઓ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી આત્મારામ મ. પરમાર : ખૂટતા પૂરાવા હોય એની પૂર્તતા માગીએ છીએ. પૂરાવા આવી જાય એ અરજી મંજૂર કરવામાં આવે છે. એકવાર અરજી નામંજૂર કર્યા પછી એપ્લાય થાય તો ફરીથી બધા પૂરાવા આપવા પડે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : આ વિધવા બહેનો છે એને કેટલીયે જગ્યાએ સહી સિક્કા કરાવવા જવું પડે છે, પૂરાવા લેવા જવું પડે છે.

અધ્યક્ષશ્રી : વિગતો અધૂરી છે એના તો પૂરાવા મેળવવા જ પડે અને એ આપે પછી મંજૂર કરવી પડે. એકવાર નામંજૂર થયેલી ફરીથી મંજૂર થાય નહિ. અધૂરી વિગતો હોય, પૂરાવા બાકી હોય તો એને ફરીથી મંજૂર કરવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : વિધવા સહાય પેન્શન યોજનામાં મામલતદાર કચેરીએ અરજી મંજૂર કરતા હોય છે. ડાયરેક્ટ પોસ્ટમાં સમાજ સુરક્ષા વિભાગ તરફથી પૈસા જમા થતા હોય છે. ઘણીવાર પૈસા ચાર-છ મહિના સુધી ન આવે ત્યારે અરજદાર ફરિયાદ લઇને મામલતદાર કચેરીએ જતો હોય છે, પરંતુ મામલતદાર કચેરીએ આની ગ્રાન્ટ બાબતે કે કયા માસ સુધી પૈસા જમા થયા એની માહિતી હોતી નથી. તો આપણે એવી વ્યવસ્થા કરવા માગીએ છીએ કે જેથી કરીને પૈસા જમા થયા કે નથી થયા એની માહિતી મામલતદાર કચેરીએથી મળી રહે? બીજું ડાયરેક બેનિફિટ ટ્રાન્સફર યોજના નીચે હવે પોસ્ટ ઓફિસને બદલે બેંકમાં જમા કરાવવા માગીએ છીએ કે કેમ? આ જે લાભાર્થીઓ છે એને કયા માસ સુધીની સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય સભ્યશ્રીનો પહેલો પ્રશ્ન છે કે આવા જે લાભાર્થીઓ છે એના બેંક ખાતામા રકમ જમા થાય એના માટેની વિભાગે શરૂઆત કરી દીધી છે અને આવનાર દિવસોમાં વિભાગ દ્વારા વિધવા બહેનોને સીધી રકમ જમા થશે એ પ્રકારની સિસ્ટમ આપણે ડેવલપ કરી રહ્યા છીએ. અમે પણ ઇચ્છીએ છીએ કે પહેલી તારીખે બધાનો પગાર જમા થઇ જતો હોય છે એ રીતે વિધવા બહેનોના ખાતામાં પેન્શનની રકમ જમા થાય તેવો આ સરકારનો પ્રયત્ન છે. આવતા દિવસોમાં પરિણામ લાવીશું.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : નિરાધાર વિધવા પેન્શનની અરજીઓની ચકાસણીમાં કઇ કઇ છે એમાં કઇ કઇ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : જે વિધવા બહેન છે એની ઉંમર અને તેની સાથે રહેતા બાળકોની ઉંમરની ચકાસણી કરવામાં આવે છે. શાળાનું પ્રમાણપત્ર, રેશનકાર્ડ અથવા ચૂંટણી કાર્ડમાં દર્શાવેલ ઉંમરના આધારે તેમજ જન્મના પૂપ્રમાણપત્ર ઉપરથી બીજું આ પુરવા ન મળે તો મ્યુનિસિપલ કે સરકારના મેડીકલ ઓફિસરનો ઉંમર અંગેનો દાખલો ગ્રાહ્ય રાખવામાં આવે છે. આવકની ચકાસણી માટે કુટુંબના કમાનાર સભ્યોની માહિતીની ખરાઇ કરવામાં આવે છે જેમાં ખેતીની આવક દર્શાવેલી હોય તો ગામ નમૂના નંબર ૭/૧૨ ના ઉતારા પરથી ખરાઇ કરવામાં આવે છે તેમજ મામલતદાર અથવા ટી.ડી.ઓ.એ આપેલ

આવકનો દાખલો રજૂ કરવાનો રહે છે. અને સ્થાવર અને જંગલ મિલકત છે અને પુખ્ય વયના પુત્રની બાબતમાં પંચોની રૂબરૂમાં નામની ખરાઇ કરવામાં આવે છે. અને વિધવા હોવા અંગે એના પતિના મૃત્યુનો દાખલો રજૂ કરવાનો રહે છે.

વડોદરા જિલ્લામાં વિધવાઓને સહાય

* ૩૧૯૦૯ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઇ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે, | (૧) ૧૯૭૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને | (૨) ૧૫૪૭ મંજૂર અને ૩૨૪ નામંજૂર થઇ. |
| (૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શાં છે ? | (૩) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.<br>(૧) પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>(૨) અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી.<br>(૩) વાર્ષિક આવક વધુ હોવાથી.<br>(૪) અન્ય કારણોસર. |

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : વડોદરા જિલ્લાના તાલુકા વાઇઝ વિધવા સહાયની કેટલી સંખ્યા છે અને કેટલી સહાય ચૂકવવામાં આવે છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : વડોદરા જિલ્લામાં તાલુકાવાર જે લાભાર્થીઓ છે એ વડોદરા પૂર્વમાં ૭૦૦, વડોદરા પશ્ચિમમાં ૩૨૬, વડોદરા ઉત્તરમાં૧૭૫, વડોદરા દક્ષિણમાં ૩૮૩, વડોદરા ગ્રામ્યમાં ૧૨૨, પાદરામાં ૮૪૨, કરજણમાં ૪૬૯, સાવલીમાં ૩૪૫, દેશરમાં ૧૬૨, ડભોઇમાં ૭૦૭, સિનોરમાં ૧૬૫, વાઘોડીયામાં ૩૦૩ એમ કરીને ટોટલ આપણે ૪૬૯૯ લાભાર્થીઓ છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : વિધવા સહાય યોજના કયારથી અમલમાં છે, આ યોજના હેઠળ સહાયના શું ધોરણો હતા અને તેમજ નિરાધાર વિધવા સહાયના ધોરણોમાં કયારે કયારે વધારો કરવામાં આવેલ છે તેમજ હાલમાં વિધવા સહાયના શું ધોરણો છે?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સમાજમાં મહિલા આર્થિક રીતે પતિ પર નિર્ભર હોય છે અને મહિલાઓ વિધવા થાય તો સામાજીક સુરક્ષા માટે સરકારે આર્થિક સહાય આપવા માટે જૂન ૧૯૭૯થી આ યોજના અમલમાં મૂકેલ છે. યોજનાની શરૂઆતમાં તા. ૧–૮–૧૯૮૦માં વિધવા મહિલાને રૂ. ૩૦ અને બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ રૂ. ૨૫ માસિક સહાય આપવામાં આવતી હતી. ત્યાર બાદ ૧ એપ્રિલ–૧૯૮૭માં વધારો કરીને વિધવાને ૬૦ રૂ. અને પ્રતિબાળક ૫૦ રૂપિયા આપવામાં આવતા હતા. તા. ૧–૮–૯૦માં વધારો કરીને ૧૦૦ રૂપિયા અને બાળક દીઠ ૮૦ રૂપિયા આપવામાં આવતા હતા. ૧ જુલાઇ ૧૯૯૫. જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યાર પછી વિધવા સહાયમાં ૨૦૦ રૂપિયા અને બાળક દીઠ ૮૦ રૂપિયા.

અધ્યક્ષશ્રી : ૩૦ રૂપિયાથી શરૂ કરીને ૯૫૦એ પહોંચ્યા છીએ.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : અત્યારે ૧૯ ઓકટોબર ૨૦૧૬ના ઠરાવથી સહાયતાના ધોરણો સુધારીને તા. ૧–૧૧–૨૦૧૬થી દરેક લાભાર્થીને ૧૦૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે અને માત્ર ૧૨ દિવસના સમયગાળામાં આ અમલવારી કરવામાં આવી છે.

જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં સબલા યોજના

* ૩૧૪૮૦ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં સબલા યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં સબલા યોજના વર્ષ ૨૦૧૦ થી અમલમાં છે. |
| (૨) વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સબલા યોજના હેઠળ ઉક્ત જિલ્લાઓમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) જામનગર જિલ્લામાં ૨૩૪૦૯ અને બનાસકાંઠા જિલ્લામાં ૯૪૩૬૯ લાભાર્થીઓ આવરી લેવામાં આવેલ છે. |

## તારાંકિત પ્રશ્નો

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં કેટલા ઘટકોમાં સબળા યોજના અમલી બની છે? જામનગર તથા બનાસકાંઠા જિલ્લામાં સબળા યોજના હેઠળ પૂરક પોષણ મેળવતા લાભાર્થીઓની તાલુકાવાર સંખ્યા કેટલી?

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં કુલ ૭ ઘટકમાં સબળા યોજના અમલી છે. જેમાં ઘટકવાર પૂરક પોષણના લાભાર્થીની વિગતો આ રીતે છે. જામજોધપુરમાં ૩,૫૨૫, લાલપુરમાં ૪,૩૨૪, કાલાવડમાં ૩,૬૩૮, ધ્રોળમાં ૨,૩૪૪, જોડિયામાં ૨,૨૪૮, જામનગર–૧માં ૩,૧૯૫ અને જામનગર–૨માં ૪,૧૩૫ આમ કરીને કુલ ૨૩,૪૦૯ લાભાર્થીએ પૂરક પોષણ મેળવેલ છે અને બનાસકાંઠામાં કુલ ૧૮ ઘટકોમાં સબળા યોજના અમલી છે જેમાં ઘટકવાર લાભાર્થીઓની વિગત જોઇએ તો દાંતામાં ૬,૫૮૮, વાવ–૧માં ૪,૭૬૬, થરાદ–૧માં ૪,૮૭૮, દિયોદરમાં ૫,૩૬૪, શિહોરીમાં ૬,૭૩૦, ધાનેરામાં ૫,૯૦૪, ડીસા–૧માં ૬,૩૧૦, પાલનપુર–૧માં ૪,૫૩૬, એમ કુલ ગણીએ તો ૯૪,૩૬૯ લાભાર્થી પૂરક પોષણ મેળવે છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સબળા યોજનામાં નાણાકીય જોગવાઇ શું હોય છે અને એમાં રાજ્ય સરકારનો ફાળો કેટલો હોય છે?

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : માનનીય અધ્યક્ષશ્રી, સબળા યોજના હેઠળ પૂરક પોષણ માટે કિશોરી દીઠ કેન્દ્ર સરકાર દ્વારા ૨.૫ અને રાજય સરકાર દ્વારા ૨.૫ એમ કરીને ૫૦–૫૦ ટકા છે અને આ ઉપરાંત રાજય સરકાર વધારાના ખર્ચ પેટે લાભાર્થી દીઠ બે રૂપિયા વધારે ભોગવે છે. એમ કરીને કુલ ૭ રૂપિયા ભોગવવામાં આવે છે. બીજો એક નોન ન્યુટ્રિશનલ કમ્પોનન્ટ છે તેમાં ઘટક દીઠ ૩.૮ લાખ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા દ્વારા સંપૂર્ણપણે આપવામાં આવે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સબળા યોજનાના લાભ માટે લાભાર્થીએ પોતે અરજી કરવાની હોય છે કે વિભાગે જાતે જઇને લાભાર્થીની ઓળખ કરીને સરકાર આપે છે. અમારી વિનંતી એવી છે કે ગ્રામ્ય વિસ્તારમાં જયાં પછાત વિસ્તાર છે, અભણ વિસ્તાર છે ત્યાં સરકાર સામેથી જઇને ઓળખીને, શોધીને આ લાભ આપવા માગે છે કે કેમ?

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : આમાં આંગણવાડી વર્કરો અને હેલ્પર બેન સરવે કરીને પોપ્યુલેશન એનરોલ કરે છે અને જે લાભાર્થી છે તેને સબળા યોજના માટે મોટીવેટ પણ કરે છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બનાસકાંઠા જિલ્લામાં ૯૪૩૬૯ને લાભ આપ્યો છે. એમાં કેટલી આંગણવાડીઓ મારફત જિલ્લામાંથી તાલુકાવાઇઝ કેટલી સંખ્યા આવી હતી અને એમાંથી કેટલાને લાભ આપ્યો છે અને કેટલાને આપવામાં આવ્યો નથી?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાઘવાણી : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડીઓમાં જેટલી કિશોરી બહેનો આવી છે એ બધાને લાભ આપવામાં આવ્યો છે.

### આણંદ અને વડોદરા જિલ્લામાં આંગણવાડીઓમાં મહેકમ

* ૩૩૫૭૪ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં અને વડોદરા જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર જગ્યાઓ પૈકી કેટલી ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં ૧૯૯૩
વડોદરા જિલ્લામાં ૧૪૭૬.

(૨) આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં નીચે મુજબ સંવર્ગવાર મંજુર જગ્યાઓ પૈકી ભરેલી છે અને જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | મંજુર જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| આંગણવાડી કાર્યકર | ૧૯૯૩ | ૧૯૫૪ | ૩૯ |
| આંગણવાડી તેડાગર | ૧૯૮૦ | ૧૯૧૧ | ૬૯ |

વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં નીચે મુજબ સંવર્ગવાર મંજુર જગ્યાઓ પૈકી ભરેલી છે અને જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | મંજુર જગ્યા | ભરેલ જગ્યા | ખાલી |
|---|---|---|---|

| | | | જગ્યા |
|---|---|---|---|
| આંગણવાડી કાર્યકર | ૧૪૭૬ | ૧૪૪૨ | ૩૪ |
| આંગણવાડી તેડાગર | ૧૩૮૬ | ૧૩૨૬ | ૬૦ |

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની આંગણવાડી વર્કર બહેનો અને તેડાગર બહેનોએ પોતાના પગાર વધારા માટે, પેન્શનના હક્ક માટે અને રજાના પ્રશ્નોની માગણી સાથે હડતાળ પાડી, આંદોલનો કર્યો અને લાઠીઓ પણ ખાધી. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમની લાગણીઓ અને માગણીઓ સાથે સંમત થઇ એમના હક્કો આપવા માગો છો કે કેમ? અને અહીં જે ખાલી જગ્યાઓ બતાવવામાં આવી છે એમાં છેલ્લા એક વર્ષ કરતાં વધારે કેટલા સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે?

અધ્યક્ષશ્રી : પહેલા શું આપતા હતા અને એમાં શું વધારો કર્યો?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી: માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી બહેનોને પહેલા રૂ. ૪૭૫૦/- આપવામાં આવતા હતા એમાં રૂ. ૭૫૦/-નો વધારો કરીને હવે રૂ. ૫૫૦૦/- આપવામાં આવે છે. જે અંદાજે ૧૫ ટકા થાય છે. એવી જ રીતે તેડાગર બહેનોને રૂ. ૨૪૦૦/- આપવામાં આવતા હતા એમાં રૂ. ૪૦૦/-નો વધારો કરીને હવે રૂ. ૨૮૦૦/- આપવામાં આવે છે. મીની આંગણવાડી વર્કર હતી એમને રૂ. ૨૮૦૦/- આપવામાં આવતા હતા એમાં રૂ. ૪૦૦/- નો વધારો કરીને રૂ. ૩૨૦૦/- આપવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પૂછ્યું કે આ ખાલી જગ્યાઓ છે એમાં છેલ્લા એક વર્ષ જેટલા સમયથી કેટલી ખાલી જગ્યાઓ છે. એમાં આંગણવાડી વર્કર અને તેડાગર બહેનો બન્નેની ખાલી જગ્યા હોય એવી કેટલી જગ્યાઓ છે?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગે દરેક જગ્યાએ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેન બન્નેની એક સાથે ખાલી જગ્યા નથી. આમાં મોટા ભાગે જે ખાલી જગ્યાઓ છે એમાં એમનું રિટાયર્ડમેન્ટ હોય, એમણે સ્વૈચ્છિક રીતે રાજીનામું આપ્યું હોય કે અકસ્માતે તેમનું મૃત્યુ થયું હોય, એ વિસ્તારમાં નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર મળતા ન હોય તો, કોઇના ઉપર શિસ્તભંગના પગલા લેવામાં આવ્યા હોય તો અને લગભગ ૨ ટકા જેટલી બહેનોની અછત છે છતાં એની ભરતી પ્રક્રિયા ચાલુ જ છે અને બધી જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવેલ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કાર્યકરો મોટાભાગે તો બહેનો હોય છે. આ બહેનોના લગ્ન થાય ત્યારે જિલ્લા બહાર અને તાલુકા બહાર ક્યારેક લગ્ન થતા હોય છે ત્યારે આવા લગ્નના કિસ્સામાં જિલ્લા ફેર કે તાલુકા ફેરની મંજૂરી આપવા માગો છો કે કેમ?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેરેજ થાય છે ત્યારે એ દૂર જતા હોય છે. પરંતુ ભરતી પ્રક્રિયાના રૂલ્સ પ્રમાણે તેઓ લોકલ વિસ્તારના હોવા જોઇએ. મેરેજ માટે અત્યારે રૂલ્સ નથી પણ એમનું સૂચન છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોની કામગીરીનો સમય કેટલો હોય છે?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોની કામગીરીનો સમય સવારના ૯.૩૦થી બપોરના ૩.૩૦ વાગ્યા સુધીનો નિયત થયેલો છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ઘટકવાર કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયા છે અને એમાંથી કેટલા કાર્યરત છે?

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ખંભાત ઘટક-૧માં નવીન આંગણવાડી કેન્દ્ર ૧ મંજૂર થયેલ છે અને ૧ કાર્યરત છે, પેટલાદમાં ઘટક-૧માં નવીન ૫ મંજૂર થયા છે અને ૫ કાર્યરત છે, બોરસદમાં ઘટક-૧માં ૬ મંજૂર થયા છે અને ૬ કાર્યરત છે. બોરસદ ઘટક-૨માં નવીન આંગણવાડી કેન્દ્રની મંજૂરી ૨ આપવામાં આવી અને ૨ કાર્યરત છે. આંકલાવમાં ૫ કેન્દ્ર મંજૂર થયા છે અને ૫ કાર્યરત છે. આણંદ ઘટક-૨માં ૪ મંજૂર થયા છે અને ૪ કાર્યરત છે. ઉમરેઠમાં ૩ મંજૂર થયા છે અને ૩ કાર્યરત છે. તારાપુરમાં ૩ મંજૂર થયા છે અને ૩ કાર્યરત છે. આમ કુલ ૨૯ મંજૂર થયા છે અને બધી જ આંગણવાડીઓ કાર્યાન્વિત છે. એટલે કે સો ટકા કામગીરી થયેલ છે અને વડોદરા જિલ્લામાં ડભોઇ તાલુકામાં નવીન આંગણવાડી મંજૂર-૬, કાર્યવાન્વિત-૬, કરજણમાં આંગણવાડી મંજૂર-૨૩, કાર્યવાન્વિત ૨૩, પાદરા ઘટક-૧માં નવીન આંગણવાડી મંજૂર ૫, કાર્યવાન્વિત ૫, પાદરા ઘટક-૨માં નવીન આંગણવાડી મંજૂર ૧, કાર્યવાન્વિત ૧, સાવલી ઘટકમાં નવીન આંગણવાડી મંજૂર ૧૭, કાર્યવાન્વિત ૧૭, સાવલી ઘટક-૨માં નવીન આંગણવાડી મંજૂર ૪૧, કાર્યવાન્વિત ૪૧, વડોદરા ગ્રામ્ય ઘટક-૧માં નવીન આંગણવાડી મંજૂર ૪, કાર્યવાન્વિત ૪, વડોદરા ગ્રામ્ય ઘટક-૨માં નવીન આંગણવાડી

મંજૂર ૧૪ કાર્યવાન્વિત ૧૪, વાઘોડીયા ઘટકમાં મંજૂર ૨૧ અને કાર્યવાન્વિત ૨૧. એમ વડોદરા જિલ્લામાં ઘટકવાર કુલ ૧૩૨ આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ છે, અને બધા જ આંગણવાડી કેન્દ્રો કાર્યવાન્વિત છે. સો ટકા કામગીરી કરાઇ છે.

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તાલીમાર્થીઓને ટેબલેટ

* ૩૧૬૧૧ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આઇ.ટી.આઇ. ના છ માસથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્ષ પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની યોજના તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અમલમાં છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવ્યા ? | (૨) |

| જિલ્લો | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ |
|---|---|---|
| પાટણ | ૦૦ | ૦૦ |
| બનાસકાંઠા | ૦૧ | ૦૦ |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૨૦૧૪માં તત્કાલિન નાણામંત્રી એ વખતના સૌરભભાઇ પટેલ સાહેબે અંદાજપત્રમાં આઇ.ટી.આઇ.ના ૬ માસથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્ષ પાસ થનાર તાલીમાર્થી માટે ટેબલેટ આપવાની જાહેરાત કરેલી. શ્રમ રોજગાર વિભાગે પણ ૩૦–૮–૨૦૧૪ના રોજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, આઇ.ટી.આઇ.માં ચાલતા કુલ ૮ સંકલન જે છે એના માટે ટેબ્લેટ આપવાની વાત કરેલી. મેં મારા પાટણ જિલ્લામાં જોયું તો ઝીરો ઝીરો, આખો આવડો મોટો બનાસકાંઠા જિલ્લો એમાં માત્ર એક આપ્યું છે. સરકાર જાહેરાત મોટી મોટી કરે છે પણ જયારે આપવાનો વારો આવે ત્યારે આજે પણ સરકાર આપતી નથી માટે પૂછવું છે કે પાટણ અને બનાસકાંઠા બન્ને જિલ્લામાં કોમ્પ્યુટર સંલગ્ન અભ્યાસની તાલીમ મેળવેલા એવા કેટલા વિદ્યાર્થીઓ હતા એ પૈકી માત્ર એક જ જણાને ટેબ્લેટ આપ્યું છે તો બાકી જે ટેબ્લેટ છે એ નહીં આપવાના કારણો શું, અને આ ટેબ્લેટ કયાં સુધીમાં આપવામાં આવશે? એની ૯ હજાર રૂપિયાની રકમ આપે ફીકસ કરી છે. આપ કહો છો કે ૯ હજાર રૂપિયાથી વધારે અથવા ઓછું ગમે ત્યારે લાવી શકાય તે પણ સંકલન થતું નથી તો સરકાર માત્ર જાહેરાતમાં નહીં પણ રીઆલીટીમાં આપવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે જવાબ લેખિતમાં આપ્યો છે એ તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિનો આપ્યો છે. આપણે સૌ જાણીએ છીએ એક કરોડ પચ્ચીસ લાખ જનતાના લોકનાયક, આપણા સૌના લોકલાડીલા માનનીય નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસ ઉપર એક સ્વાવલંબન યોજનાની ગુજરાત સરકારે જાહેરાત કરી અને આ ટેબલેટ આપવાની આ સ્વાવલંબન યોજના અંતર્ગત આઇ.ટી.આઇ.માં તાલીમ લેતા તાલીમાર્થીઓને ટેબલેટ આપવા માટે જાહેર કરવામાં આવ્યું. માનનીય બળવંતસિંહભાઇએ ખૂબ ચિંતા વ્યકત કરી છે, અમે એનાથી વધારે ચિંતા વ્યકત કરીએ છીએ. જયારે પહેલી વાર યોજના મૂકી, ૨૦૧૪ની અંદર આ યોજના મૂકવામાં આવેલ. આ યોજના મૂકી ત્યારે ૬ હજારનું ટેબ્લેટ ખરીદ કરીને આપવાની યોજના મૂકવામાં આવેલી. વિલંબ થવાના પણ કેટલાક કારણો છે એટલે હું બધા જ કારણો આપના મારફત આપવા માગુ છું, એ વખતે એવું નકકી કરવામાં આવ્યું હતું કે કોમ્પ્યુટર કોર્ષ કરતો તાલીમાર્થી એ પરીક્ષામાં પાસ ન થાય તો ટેબ્લેટ પરત લેવું. આની પણ વિદ્યાર્થીઓ મારફત રજૂઆતો આવી હતી અને આ સંવેદનશીલ સરકારે રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ બધી બાબતોની ખૂબ ચિંતા કરી, આ વિદ્યાર્થીઓની રજૂઆત ધ્યાને લેવામાં આવી. ૬ હજાર રૂપિયાનું ટેબ્લેટ આપવાની આપણે વાત કરી હતી. કેટલીક રજૂઆત એવી મળી કે અત્યારે રોજે રોજ નવી લેટેસ્ટ ટેકનોલોજી આપણી વચ્ચે આવતી હોય છે તો લેટેસ્ટ ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને સારા વર્ઝનનું ટેબ્લેટ મળે, પારદર્શક રીતે ખરીદાય, આ બધી બાબતોને ધ્યાનમાં લેતા વારંવાર એના પરિપત્રો અને નિયમો પણ બદલવા પડ્યા. (અંતરાય) માનનીય બલવંતસિંહભાઇ, આપે પૂછયું છે એટલો જ જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારી વાત સાચી છે. લાંબુ થાય છે. ૬ હજારની મર્યાદા હતી. સી.એસ.પી.ઓ.ની કમિટીના કારણે ડીલે થયું છે. ટૂંકમાં વાત કરી દો.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : વિલંબના કારણો પણ આપી દઉં. આ બધા કારણોને કારણે વિલંબ થયો. કિંમતમાં વધારો કરવાની બાબત આવી. અત્યારે બજારમાં મળતા ટેબ્લેટો જોતાં આપણે એવું નક્કી કર્યું કે જે ટેબ્લેટ ૬ હજારના ખરીદીએ છીએ એના બદલે ૯ હજાર આપવાનું નક્કી કરવામાં આવ્યું. એમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું કે વિદ્યાર્થીઓને જે અનુકૂળ આવે એ ખરીદી લે. અમારે માત્ર ૯ હજાર રૂપિયા એમને આપવા. આપણે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે માન્ય કરેલા ટેબ્લેટ ખરીદે, એ ૧૨ હજારનું ખરીદે તો પણ અમારે ૯ હજાર રૂપિયા આપવાના અને ૭ હજારનું ખરીદે તો અમારે એને ૭ હજાર રૂપિયા આપી દેવાના. આ નિર્ણય સરકારમાંથી કરવામાં આવ્યો. માનનીય બલવંતસિંહભાઇને કહીશ કે પાટણ અને બનાસકાંઠામાં ૨૦૧૪માં ૪૫૬ તાલીમાર્થીઓ હતા, પાટણમાં ઓગષ્ટ ૨૦૧૫માં ૪૭૦ તાલીમાર્થીઓ હતા. પાટણમાં ૯૨૬

તાલીમાર્થીઓ તાલીમ લેતા હતા. એવી જ રીતે બનાસકાંઠામાં ઓગષ્ટ ૨૦૧૫માં ૬૩૮ અને ૬૬૪ એમ કુલ મળીને ૧૩૦૨ તાલીમાર્થીઓ અને કુલ મળીને ૨૨૨૮ તાલીમાર્થીઓ તાલીમ લેતા હતા.

અધ્યક્ષશ્રી : કોમ્પ્યુટર ટ્રેડવાળાને જે ટેબ્લેટ આપવાના હતા એની કિંમત અને સંખ્યા કહી દો.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ૯ હજાર કિંમત હતી. કેટલાને આપ્યા છે એ કહી દઉં (અંતરાય) તમે પ્રશ્ન એવડો પૂછયો છે. (અંતરાય) સંખ્યાનો જવાબ આપું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારો જવાબ બાકી રહેશે. બોલો, બલવંતસિંહ..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી જ હતી કે માત્ર પ્રગતિશીલ સરકાર ક્યાં છે? બે વર્ષ સુધીનો સમય માત્ર નિર્ણય લેવામાં ગયો છે. આપે જોયું ૧૩૦૦ જણને આ વર્ષ માટે મળવાપાત્ર હતા. મેં પ્રશ્ન પૂછયો પછી ૧૩૦૦ જણને મળ્યા છે. સરકારે આ વિલંબ કર્યો છે. ૬ હજારના ૯ હજાર કર્યા, સારી વાત છે. આમાં ઝડપી નિર્ણય કરવો જોઇએ. માનનીય મંત્રીશ્રી અમારા જિલ્લાના જ છે.

અધ્યક્ષશ્રી : આખા રાજ્યમાં આપી દીધા, તમારા જિલ્લામાં થોડા બાકી રહી ગયા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બિલકુલ ઝીરો છે, એકેય આપ્યા નથી.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ઝીરો નથી. એમણે પ્રશ્ન પૂછયો છે એટલે લંબાણપૂર્વક જવાબ આપવો પડ્યો છે. એમને સંતોષ થાય એટલા માટે તારીખવાર જવાબ આપતો હતો. એમને હજી સંતોષ ન થાય તો મારી ઓફિસમાં આવશે તો હું તારીખવાર એમને જવાબ આપીશ. એ પણ મારા જિલ્લાના છે. ૨૨૨૯ પૈકી ૨૦૧૭માં બે વર્ષના અભ્યાસક્રમમાં દાખલ થયેલ ૫૯ તાલીમાર્થીઓ પૈકી ૩૬, પાટણના ૨૯ અને બનાસકાંઠાના ૭ એમ કુલ ૩૬ તાલીમાર્થીઓએ અરજી કરી અને જે ટેબલેટ ખરીદ્યા, બિલ આઇ.ટી.આઇ.માં રજૂ કર્યા એમાં અમે પેમેન્ટ પણ બી.બી.ટી.ના ધોરણે આપવા માગીએ છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જ્યારે કોઇપણ જાહેરાત કરે, ગમે તેના જન્મદિન કે ગમે તે કારણે આપણે કરતા હોઇએ પરંતુ જાહેરાત કરીએ ત્યારે વાસ્તવિક પરિસ્થિતિ સમજીને આપણે કરીએ તો માત્ર જાહેરાત એ જાહેરાત ન રહે. આમાં પરિસ્થિતિ એવી થઇ કે આપની જાહેરાત ૯ હજાર આપવાની ન હતી. આપની જાહેરાત ટેબ્લેટ આપવાની હતી. ૬૦૦૦ રૂપિયામાં એક સ્માર્ટ ફોન પણ ના મળે તો ટેબ્લેટ ૬૦૦૦ રૂપિયામાં ક્યાંથી કેવું આવે? આપે ૬૦૦૦ કેવી રીતે નક્કી કર્યા? ૬૦૦૦ નક્કી કર્યા પછી આપે સ્વીકાર્યું કે ૬૦૦૦ શક્ય નથી, ૯૦૦૦ પણ શક્ય નથી અને માન્ય કરેલામાં ય ૧૨૦૦૦ થાય છે. હવે આપ કહો છો કે બિલ રજૂ કરે ત્યારે ૯૦૦૦. વાસ્તવિકતા એ છે કે માનનીય બલવંતસિંહજીએ એક જાગૃત ધારાસભ્ય તરીકે પ્રશ્ન પૂછ્યો અને આપે લેખિત જવાબ આપ્યો ત્યાં સુધીમાં માત્ર એક જણાને, માત્ર એક વ્યકિતને એટલે બે વર્ષમાં એક વ્યકિત અને લખેલો જવાબ આવી ગયો અને અહીંયા પ્રાયોરિટીમાં ચર્ચામાં આવ્યો એના વચ્ચે આંકડો ફરી ગયો. આટલા દિવસમાં જાગૃતતા આવી. ખરા અર્થમાં આપે જ્યારે યોજના જાહેર કરી ત્યારે આ કોણે ૬૦૦૦ નક્કી કરીને આપને આપ્યા હતા કે ૬૦૦૦માં ટેબલેટ મળશે એ અધિકારી સામે પગલા લેવા માગો છો કે કેમ? અથવા તો આપની જાહેરાત હતી એ જાહેરાત જ વાજબી ન હતી કે ટેબલેટ આપવાની જાહેરાત કરવાની પણ ટેબલેટ મોઢાવાળી મળે, પેલી કોમ્પ્યુટરવાળી ના મળે એવી સ્થિતિનું આમાં નિર્માણ થયું છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કોઇ મોઢાવાળી ટેબલેટ આપવામાં માનતી નથી. જેટલું બોલીએ છીએ એટલું કરીએ છીએ. માનનીય શકિતસિંહભાઇ કોઇ પણ નવું કામ કરતા હોઇએ (અંતરાય) ૬૦૦૦માં પણ ટેબલેટ આવે છે. આજે ૬૦૦૦થી ઓછા પૈસાની અંદર પણ બજારમાં ટેબલેટ ઉપલબ્ધ હોય છે. પરંતુ આ વિદ્યાર્થીઓને હંમેશા કાયમી કામ લાગે લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ થઇ શકે એટલા માટે ઠરાવમાં ફેરફાર કરીને ૬૦૦૦માંથી ૯૦૦૦માં ટેબલેટ આપવામાં આવ્યા અને એટલા માટે નિર્ણય લેવામાં અમે ચોક્કસ સ્વીકારીએ છીએ કે આ નિર્ણય લેવામાં અમે લેઇટ થયા છીએ. પરંતુ લેઇટ તો લેઇટ. પરંતુ આ રાજ્યના વિદ્યાર્થીઓને ટેબલેટ મળે એ માટે અમે કામ કરવાની દિશામાં આગળ વધવા માગીએ છીએ. આ સમગ્ર રાજ્યની અંદર જે લોકોએ ટેબલેટ ખરીદ્યા છે ૧૩,૪૬૮ લોકોએ એમને મન પસંદ ટેબલેટ ખરીદયા હતા એમને અમે પૈસા પણ ચુકવી દીધા છે.

વાયબ્રન્ટ સમીટો થકી બનાસકાંઠા જિલ્લામાં રોજગારી

* ૩૨૦૧૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા.૧-૩-૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૨૫૦૦ (અગ્રતા-૧૦૩) ના અનુસંધાને માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૧ અને ૨૦૧૩ ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં બનાસકાંઠા જિલ્લાના થયેલ એમ.ઓ.યુ. પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સન ૨૦૧૧ ના ૩૬ અને સન ૨૦૧૩ ના ૨૦૧ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પ્રોજેકટમાં તા.૩૧-૧-૨૦૧૭ | (૨) |

ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૩ ના એમ.ઓ.યુ.થી સ્થાપિત ક્યા ઉદ્યોગોમાં કેટલા બેરોજગારોને રોજગારી પુરી પાડવામાં આવી છે ?

| વર્ષઃ ૨૦૧૧ ના એમ.ઓ.યુ. થી સ્થાપિત એકમોમાં સેક્ટરવાઇઝ અપાયેલ રોજગારી | | |
|---|---|---|
| ક્રમ | સેક્ટરનું નામ | અપાયેલ રોજગારી |
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૩૦ |
| ૨ | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૨૦ |
| ૩ | ટૂરીઝમ | ૨૦૦૦ |
| ૪ | માઇક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝ (MSME) | ૬૮૬ |
| વર્ષઃ ૨૦૧૩ ના એમ.ઓ.યુ. થી સ્થાપિત એકમોમાં સેક્ટરવાઇઝ અપાયેલ રોજગારી | | |
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | – |
| ૨ | એજ્યુકેશન | – |
| ૩ | રૂરલ ડેવલોપમેન્ટ | – |
| ૪ | સ્કીલ ડેવલોપમેન્ટ | – |
| ૫ | માઇક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝ (MSME) | ૨૨૧૯ |

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર સમિટ બેરોજગારોને રોજગારી પૂરી પાડવા માટે કરવામાં આવે છે. આમાં વાયબ્રન્ટ સમિટમાં એમ.ઓ.યુ. થાય અને તે ઉદ્યોગ સ્થપાય અને લક્ષ્યાંક મુજબ બેરોજગારોને રોજગારી મળે તે મુખ્ય હેતુ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૨–૨૦૧૭ની સ્થિતિએ નોંધાયેલા બેરોજગારોને રોજગારી કઇ કઇ રીતે પૂરી પાડવામાં આવે છે? આ બેરોજગાર ઉમેદવારોને રોજગારી આપવા સરકારે શું પ્રયત્નો કર્યા?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન ઉદ્યોગ વિભાગને લગતો છે. પરંતુ જ્યારે રોજગારીનું છે એટલે રોજગારીની બાબતોની મારી પાસે વિગતો છે એટલી માનનીય સભ્યશ્રીના ધ્યાન પર મૂકવા માગુ છું કે, વાયબ્રન્ટમાં એમ.ઓ.યુ. થયા એ પૈકીમાં ૨૦૧૧માં બનાસકાંઠા જિલ્લાની અંદર ૩૬ એકમોની અંદર રોજગારી આપવામાં આવી. ૨૦૧૩ની અંદર કુલ ૨૦૦ એકમોની અંદર રોજગારી આપવામાં આવી. માનનીય સભ્યશ્રી મહેશભાઇ એ પૂછ્યું કે રોજગારી આપવાની પદ્ધતિ શું છે? અમારી રોજગાર કચેરી ખાતે નોંધાયેલ રોજગાર વાચ્છુઓને રોજગારી પૂરી પાડવા માટે નોકરી દાતાઓને માગણી મુજબ નોંધાયેલ ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે. ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે ઔદ્યોગિક મેળાનું આયોજન કરવામાં આવે છે, લશ્કરી ભરતી મેળાનું પણ આયોજન કરવામાં આવે છે, સ્વરોજગારી શિબિરોનું આયોજન કરવામાં આવે છે, શાળા–કોલેજોમાં કેરિયર કોર્નરના વર્ગો દ્વારા પણ પરોક્ષ રીતે રોજગારી આપવા માટે સરકાર દ્વારા મદદરૂપ થવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે અને આવા રોજગાર વાચ્છુઓને રોજગારી મળી રહે તે માટે ઉદ્યોગમાં વધતી જતી અલગ અલગ પ્રકારની માગ મુજબની તાલીમો પણ આઇ.ટી.આઇ. સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે અને રાજ્યના યુવાનો લશ્કરમાં જોડાઇને આ દેશની સેવા કરી શકે એ માટે પણ નિવાસી લશ્કરી તાલીમો આપવાનું પણ શરૂ કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ તા.૧૩–૨–૨૦૧૭ ના રોજ મહેસાણા ખાતે યોજાયેલ મેગાજોબ ફેરમાં બનાસકાંઠાના માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૪૬ યુવાનો રોજગારી પૂરી પાડવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### બનાસકાંઠા જિલ્લામાં બાળકોમાં કુપોષણ

* ૩૧૪૭૬ શ્રી હસમુખભાઇ પટેલ (અમરાઈવાડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૪૮૯ | ૬૪ | ૫૫૩ |
| ૨ | વાવ | ૧૮૩ | ૨૯ | ૨૧૨ |
| ૩ | થરાદ | ૧૧૬૯ | ૧૦૪ | ૧૨૭૩ |
| ૪ | દિયોદર | ૧૦૩ | ૧૪ | ૧૧૭ |
| ૫ | શિહોરી | ૭૪૭ | ૧૬૩ | ૯૧૦ |
| ૬ | ધાનેરા | ૫૭૫ | ૯૬ | ૬૭૧ |
| ૭ | ડીસા | ૬૫૬ | ૯૦ | ૭૪૬ |
| ૮ | પાલનપુર | ૬૦૫ | ૧૪૩ | ૭૪૮ |
| ૯ | વડગામ | ૩૭૨ | ૭૦ | ૪૪૨ |
| ૧૦ | અમીરગઢ | ૧૫૯૮ | ૧૪૬ | ૧૭૪૪ |
| ૧૧ | ભાભર | ૫૮ | ૨૨ | ૮૦ |
| ૧૨ | દાંતીવાડા | ૧૭૨ | ૪૫ | ૨૧૭ |
| | કુલ | ૬૭૨૭ | ૯૮૬ | ૭૭૧૩ |

(૨) કેટલા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે, અને

(૨) ૭૭૧૩ બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકારે શા પગલા લીધા?

(૩) બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિર્દેશક ભોજન તરીકે બાલભોગમાંથી રાબ/ સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- દુધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાશીલ તાલુકાઓની આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મી.લી. ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને THR તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.

- વાત્સલ્ય દિવસ/ બાલદિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશેજાગૃત કરવામાં આવે છે.
- ત્રીજું ભોજનઃ ૩ – ૬ વર્ષના ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીક ઘરે લઇ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.

---------

મહેસાણા જિલ્લામાં કિશોરીશક્તિ યોજના

* ૩૧૪૮૬ શ્રી નારાયણભાઇ પટેલ (ઉંઝા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૧/૧/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં કિશોરીશક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, | (૧) ૩૯૫૯૫ (સરેરાશ પ્રતિ માસ) લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને | (૨) કુલ ૧૫૭૫૮ કિશોરીઓને તાલીમ આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) ૧૨,૫૭,૦૭૪/– (અંકે બાર લાખ સત્તાવન હજાર ચુમોતેર રૂપિયા પૂરા) ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

મોરબી જિલ્લામાં વિકલાંગોને શિષ્યવુત્તિ

* ૩૧૫૨૪ શ્રી બાવનજીભાઇ મેતલીયા (ટંકારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૫૪. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૪. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) કુલ ૮૪ લાભાર્થીઓને રૂ.૧,૦૯,૫૦૦/– (અંકે રૂપિયા એક લાખ નવ હજાર પાંચસો પુરા) ની શિષ્યવૃતિ ચુકવવામાં આવેલ છે. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના

* ૩૧૫૯૦ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓમાં નોંધાયેલા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલ બાળકોની સંખ્યા અને તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. |

જિલ્લો –સાબરકાંઠા

| ક્રમ | યોજના અંતર્ગત મંજુર તાલુકા | નોંધાયેલ બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૧૪૫૮૯ |
| ૨ | પોશીના | ૧૫૩૭૬ |
| ૩ | વિજયનગર | ૯૯૧૫ |
| | કુલ | ૩૯૮૮૦ |

| જિલ્લો –અરવલ્લી | | |
|---|---|---|
| ક્રમ | યોજના અંતર્ગત મંજુર તાલુકા | નોંધાયેલ બાળકોની સંખ્યા |
| ૧ | મેઘરજ | ૧૪૪૯૯ |
| ૨ | ભિલોડા | ૧૭૬૯૫ |
| | કુલ | ૩૨૧૯૪ |

(૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ બાળકો પૈકી દૂધ સંજીવની યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દિવસ બાળકદીઠ કેટલી માત્રામાં દૂધ આપવામાં આવેલ છે, અને

(૨) (૧) સને વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન દૂધ સંજીવની યોજનાનો અમલ થયેલ ન હોવાથી
(૨) વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાનની માહિતી નીચે મુજબ છે.
જિલ્લો –સાબરકાંઠા

| યોજના અંતર્ગત મંજુર તાલુકા | દિવસોની સંખ્યા | બાળક દીઠ આપેલ દૂધની માત્રા (મી.લી.) |
|---|---|---|
| ખેડબ્રહ્મા | ૧૭૦ | ૧૦૦ |
| પોશીના | ૧૭૦ | ૧૦૦ |
| વિજયનગર | ૧૭૦ | ૧૦૦ |

જિલ્લો –અરવલ્લી

| યોજના અંતર્ગત મંજુર તાલુકા | દિવસોની સંખ્યા | બાળક દીઠ આપેલ દૂધની માત્રા (મી.લી.) |
|---|---|---|
| મેઘરજ | ૨૦૦ | ૧૦૦ |
| ભિલોડા | ૨૦૦ | ૧૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે ઉક્ત જિલ્લાઓમાં માસવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) (૧) વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન થયેલ ખર્ચની માહિતી જિલ્લો સાબરકાંઠા
જિલ્લો– સાબરકાંઠા

| અ.નં. | માસનું નામ | ખર્ચ |
|---|---|---|
| ૧ | એપ્રિલ–૨૦૧૫ થી માર્ચ–૨૦૧૬ | નીલ |

સને વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન દૂધ સંજીવની યોજનાનો અમલ થયેલ ન હોવાથી ખર્ચની માહિતી નીલ છે.

(૨) વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન થયેલ ખર્ચની માહિતી

| અ.નં. | માસનું નામ | ખર્ચ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | એપ્રિલ–૨૦૧૬ | ૨૧૧૪૬૧૩ |
| ૨ | મે–૨૦૧૬ | ૪૦૮૧૮૮૭ |
| ૩ | જુન–૨૦૧૬ | ૨૮૮૩૮૯૭ |
| ૪ | જુલાઇ–૨૦૧૬ | ૨૦૭૯૨૭૦ |
| ૫ | ઓગષ્ટ–૨૦૧૬ | ૧૬૭૭૧૮૬ |
| ૬ | સપ્ટેમ્બર–૨૦૧૬ | ૨૦૪૫૩૦૪ |
| ૭ | ઓક્ટોમ્બર–૨૦૧૬ | ૧૬૩૮૬૩૦ |
| ૮ | નવેમ્બર–૨૦૧૬ | ૧૬૨૮૯૯૧ |
| ૯ | ડિસેમ્બર–૨૦૧૬ | ૧૯૨૩૬૬૯ |
| | કુલ | ૨૦૦૭૩૪૪૭ |

જિલ્લો –અરવલ્લી

માર્ચ ૨૦૧૬થી અમલ થયેલ છે જેનો ખર્ચ રૂ. ૨૧૭૬૧ છે.

(૨) વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન થયેલ ખર્ચની માહિતી

| અ.નં. | માસ | રૂ. |
|---|---|---|
| ૧ | એપ્રિલ-૧૬ | ૩૦૨૫૫૫૦૮ |
| ૨ | મે-૧૬ | ૫૨૨૩૭૦૦ |
| ૩ | જુન-૧૬ | ૩૨૪૧૯૧૭ |
| ૪ | જુલાઇ-૧૬ | ૩૫૯૭૪૩૦ |
| ૫ | ઓગષ્ટ-૧૬ | ૨૬૪૧૫૭૦ |
| ૬ | સપ્ટેમ્બર-૧૬ | ૩૫૮૮૧૫૦ |
| ૭ | ઓક્ટોમ્બર-૧૬ | ૩૦૬૬૪૬૨ |
| ૮ | નવેમ્બર-૧૬ | ૩૦૩૯૭૬૮ |
| ૯ | ડિસેમ્બર-૧૬ | ૩૨૪૧૯૧૭ |
| | કુલ | ૩૦૬૬૬૪૨૨ |

---------

દાહોદ એ.આર.ટી.ઓ. દ્વારા ડિટેઇન વાહનો

* ૩૧૫૪૮ શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬માં દાહોદ એ.આર.ટી.ઓ. દ્વારા કેટલા વાહનો ડિટેઇન કરવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૬માં દાહોદ એ.આર.ટી.ઓ. દ્વારા ૩૨ વાહનો ડિટેઇન કરવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી? | (૨) તે અન્વયે દંડની રૂ. ૨,૫૬,૪૦૦/- રકમ વસુલવામાં આવી. |

---------

છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં આંગણવાડી

* ૩૨૨૭૦ શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં આંગણવાડી કાર્યકરો તેમજ તેડાગર બહેનોને ગણવેશ આપવામાં આવે છે તે વાત સાચી છે અને જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે એક આંગણવાડી અને તેડાગર બહેન માટે કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને | (૧) હા, તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોને ગણવેશ માટે દર વર્ષે બે નંગ સાડી આપવામાં આવે છે જેના માટે પ્રતિ નંગ સાડી દીઠ રૂ.૩૮૫/- એમ કુલ રૂ.૭૭૦/-નો ખર્ચ કરવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોને ગણવેશ આપવાનું સરકારશ્રીનું આયોજન છે કે કેમ? | (૨) હાલના તબક્કે સરકારશ્રીનું કોઇ આયોજન નથી. |

---------

કચ્છ જિલ્લામાં આંગણવાડીઓમાં ગેસ કનેકશન

* ૩૧૮૮૨ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીઓમાં ગેસ કનેકશન છે |

| અ.નં. | તાલુકાનું નામ | ગેસ કનેકશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુન્દ્રા | ૧૦૨ |
| ૨ | અબડાસા | ૧૮૮ |
| ૩ | રાપર | ૨૬૫ |
| ૪ | ભચાઉ | ૨૧૫ |
| ૫ | ભુજ-૧ | ૨૦૨ |

| | | |
|---|---|---|
| ૬ | અંજાર | ૧૯૧ |
| ૭ | નખત્રાણા | ૧૯૮ |
| ૮ | માંડવી | ૨૩૩ |
| ૯ | ગાંધીધામ–૧ | ૧૦૦ |
| ૧૦ | લખપત | ૧૦૦ |
| ૧૧ | ભુજ–૨ | ૨૧૪ |
| ૧૨ | ગાંધીધામ–૨ | ૯૨ |
| | કુલ | ૨૧૦૦ |

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડી કેન્દ્રો નીચે મુજબ છે.

| અ.નં. | ઘટકનું નામ | ગેસ કનેકશન ન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અબડાસા | ૫ |
| ૨ | રાપર | ૯ |
| ૩ | ભુજ–૧ | ૧ |
| ૪ | લખપત | ૧ |
| ૫ | ભુજ–૨ | ૪૯ |
| | કુલ | ૬૫ |

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

અમદાવાદ ખાતે સમરસ હોસ્ટેલમાં પ્રવેશ

* ૩૨૯૭૯ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) અમદાવાદ ખાતેની સમરસ હોસ્ટેલમાં પ્રવેશ માટે કેટેગરીવાર કેટલું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે, અને

(૧) નીચે પ્રમાણે કેટેગરીવાર પ્રવેશની ટકાવારી નક્કી કરવામાં આવેલ છે.

(૧) અનુસૂચિત જાતિના ૧૫ ટકા
(૨) અનુસૂચિત જનજાતિના ૩૦ ટકા
(૩) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ૪૫ ટકા
(૪) ઇ.બી.સી માટે ૧૦ ટકા

(૨) આ મુજબ તા.૩૧–૧–૨૦૧૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટેગરીવાર કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો?

(૨) નીચે પ્રમાણે કેટેગરીવાર પ્રવેશ આપેલ છે.

| | | | (૨૧) સુઇગામ<br>(તા. ૦૭–૮–૨૦૧૫ થી આ કેન્દ્રને માંડકા ખાતે તબદીલ કરેલ છે.) |
| | | વાવ | (૨૨) માંડકા |
| | | | (૨૩) ઢીમા |
| | | | (૨૪) તિર્થગામ |
| | | વડગામ | (૨૫) કોદરમ |

(૨) સદરહુ કેન્દ્રો ચલાવનાર સંસ્થાઓ અને ફાળવાયેલ ગ્રાન્ટની વિગતો નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | કૌશલ્ય વર્ધન કેન્દ્રનું નામ | ચલાવનાર સંસ્થાનું નામ | વર્ષવાર ફાળવાયેલ ગ્રાન્ટ | |
|---|---|---|---|---|
| | | | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| ૧ | બંધવડ | આઇટીઆઇ, રાધનપુર | ૬૩૦૮૫૨ | ૫૮૬૭૧૩ |
| ૨ | બાસ્પા | આઇટીઆઇ, સમી | ૪૦૦૦૦૦ | ૩૯૪૦૦૦ |
| ૩ | બોરતવાડા | આઇટીઆઇ, હારીજ | ૧૭૯૮૯૨ | ૨૯૧૦૪૭ |
| ૪ | લાખણી<br>(તા. ૦૭–૮–૨૦૧૫ થી આ કેન્દ્રને આસેડા ખાતે તબદીલ કરેલ છે.) | આઇટીઆઇ, ડીસા | ૩૫૧૮૦૦ | – |
| ૫ | આસેડા | | –– | ૫૧૫૫૦૦ |
| ૬ | ભીલડી | | ૪૯૮૯૧૦ | ૫૦૦૦૦૦ |
| ૭ | ઝેરડા | | ૩૫૦૫૨૦ | ૬૦૦૦૦૦ |
| ૮ | ભડથ | | ૨૩૩૮૦૦ | ૭૮૦૦૧૦ |
| ૯ | આગથળા | | ૩૩૪૮૧૦ | ૨૩૦૫૮૦ |
| ૧૦ | વિરમપુર | આઇટીઆઇ, અમીરગઢ | ૯૧૩૫૦૦ | ૧૨૪૫૨૦૦ |
| ૧૧ | જડીયા | આઇટીઆઇ, ધાનેરા | ૯૮૩૬૪૧ | ૧૦૪૧૪૬૫ |
| ૧૨ | કુવાળા | આઇટીઆઇ, ભાભર | ૭૧૪૨૦૦ | ૧૦૮૦૬૦૦ |
| ૧૩ | મીઠા | | ૬૮૦૭૦૦ | ૯૧૮૪૦૦ |
| ૧૪ | હડાદ | આઇટીઆઇ, કુંભારીયા | ૧૮૭૦૦૦૦ | ૧૮૫૨૧૦૦ |
| ૧૫ | નવાવાસ | | ૧૦૨૩૬૦૦ | ૧૨૨૯૮૦૦ |
| ૧૬ | મોરથલ | આઇટીઆઇ, થરાદ | ૧૨૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ |
| ૧ | ડુઆ | | ૧૨૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ |
| ૧૮ | રાહ | | ૧૨૦૦૦૦૦ | ૧૨૦૦૦૦૦ |
| ૧૯ | લવાણા | આઇટીઆઇ, દિયોદર | ૬૯૭૦૦૦ | ૮૧૦૦૦૦ |
| ૨૦ | રાંટીલા | | ૫૩૮૦૦૦ | ૫૫૨૦૦૦ |
| ૨૧ | ચીભડા | | ૭૩૦૦૦૦ | ૬૫૦૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ભરડવા | આઇટીઆઇ, વાવ | ૧૨૦૦૦૦૦ | ૧૨૦૦૦૦૦ |
| ૨૩ | બેણપ | | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| ૨૪ | સુઇગામ (તા. ૦૭-૮-૨૦૧૫ થી આ કેન્દ્રને માંડકા ખાતે તબદીલ કરેલ છે.) | | ૧૧૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ |
| ૨૫ | માંડકા | | --- | ૬૦૦૦૦૦ |
| ૨૬ | ઢીમા | | ૧૨૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ |
| ૨૭ | તિર્થગામ | | ૧૧૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ |
| ૨૮ | કોદરમ | આઇટીઆઇ, વડગામ | ૧૬૮૯૦૦૦ | ૧૭૨૭૦૦ |

--------

## મોરબી પાસે ઘુટુ રોડ ખાતેની ફેકટરીમાં રેડ થકી મુકત બાળ મજૂરો

અતારાંકિતઃ ૭૯૯૮ (૧૮-૦૭-૨૦૧૬)શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) મોરબી પાસે ઘુટુ રોડ પર આવેલી એક ફેકટરીમાં તા. ૩-૬-૨૦૧૬ના રોજ રેડ પાડી એકસો અગિયાર બાળ મજૂરોનેમુકત કરાયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત કેસોમાં કેટલા ઇસમો સામે શી કાર્યવાહી થઇ છે, અને

(૩) ઉકત કેસમાં મુકત થયેલ બાળકોના પુનઃ સ્થાપન માટે શી વ્યવસ્થા થઇ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ (૦૧-૦૯-૨૦૧૬)

(૧) ના, જી.
બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળની બાળ શ્રમિકની વ્યાખ્યા મુજબ ચાર બાળ શ્રમિકોને મુકત કરાવવામાં આવેલ છે.

(૨)

- સંસ્થા તથા સંસ્થાના જવાબદાર વ્યક્તિ સામે જુવેનાઇલ જસ્ટીસ એકટ એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એકટ, ૨૦૧૫ની કલમ-૭૯ હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે. સંસ્થાના જવાબદાર વ્યક્તિની પોલીસ તંત્ર દ્વારા ધરપકડ કરવામાં આવેલ હતી.
- શ્રમ આયુકતશ્રીની કચેરીના અધિકારીઓ દ્વારા લઘુતમ વેતન ધારા હેઠળ જવાબદાર સામે ફોજદારી કેસ નં. ૨૯૩૫, ૨૯૩૬ અને ૨૯૩૭/૨૦૧૬ થી ત્રણ કેસો દાખલ કરવામાં આવેલ છે.
- કારખાના તંત્ર દ્વારા કારખાના ધારા, ૧૯૪૮ ની કલમ-૬૭ હેઠળ ચાર ફોજદારી કેસો અને કારખાના ધારા, ૧૯૪૮ ની કલમ-૬૮ હેઠળ ૧૪ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

(૩) ચાર બાળશ્રમિકને જિલ્લા સમાજ સુરક્ષા હેઠળના વિકાસ વિદ્યાલયમાં લાવવામાં આવેલ હતા અને તેઓનો હાલમાં શાળામાં અભ્યાસ ચાલુ છે.

------------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મનરેગા યોજનામાં ગેરરિતીની ફરિયાદો

અતારાંકિતઃ ૭૨૬૭ (૨૪-૦૬-૨૦૧૬)શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલિયા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન-૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં "મનરેગા યોજના" માં કયા પ્રકારની કેટલી ફરીયાદો મનરેગા લોકપાલને મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો,

(૩) જવાબદારો સામે શાં પગલા લેવાયા, અને

(૪) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પડતર રહેલી ફરિયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રીઃ(રાજ્યકક્ષા) (૦૭-૦૯-૨૦૧૬)

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન–૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં "મનરેગા યોજના" માં મનરેગા લોકપાલને એકપણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

———————————

એચ–૨૦૭૩–૭

## દેવભુમિ દ્વારકા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવા બાબત

અતારાંકિતઃ ૭૨૬૮ (૨૪–૦૬–૨૦૧૬)શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલિયા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૨, ૨૦13 અને ૨૦૧૪માં તાલુકાવાર કયા ગામોમાં "મનરેગા યોજના" હેઠળ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં આવી નથી, અને

(૨) તેના શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૭–૦૯–૨૦૧૬)

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪માં તાલુકાવાર જે ગામોમાં મનરેગા યોજનાહેઠળ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં આવી નથી તે નીચેની વિગતે છે.

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાવાર જે ગામોમાં મનરેગા યોજના હેઠળ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં આવી નથી તેવા ગામોના નામ | | |
|---|---|---|---|---|
| | | સન ૨૦૧૨ | સન ૨૦૧૩ | સન ૨૦૧૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ભાણવડ | (૧) આબલીયારા<br>(૨) ભાનગોર<br>(૩) ભવનેશ્વર<br>(૪) બોડકી<br>(૫) ચાદવડ<br>(૬) દુધાળા<br>(૭) ધરાગર<br>(૮) જારેરા<br>(૯) કસનગઢ<br>(૧૦) મોખાણા<br>(૧૧) પાછતર<br>(૧૨) રાણપર<br>(૧૩) રુંપામોરા<br>(૧૪) રોજડા<br>(૧૫) રોજીવાડા<br>(૧૬) સેવક<br>(૧૭) ખેવરિયા<br>(૧૮) શિવા<br>(૧૯) શેઢાંખાઇ<br>(૨૦) વાનાવડ<br>(૨૧) વેરાડ<br>(૨૨) વિજયપુર | (૧) આબલીયારા<br>(૨) આબરડી<br>(૩) ભેનકવડ<br>(૪) ભરતપુર<br>(૫) ભવનેશ્વર<br>(૬) ચાદવડ<br>(૭) ધરાગર<br>(૮) દુધાળા<br>(૯) ગુદલા<br>(૧૦) જારેરા<br>(૧૧) જસાપર<br>(૧૨) કલીયાનપુર<br>(૧૩) કસનગઢ<br>(૧૪) મેવાસા<br>(૧૫) રાપરડા<br>(૧૬) રેટા કાલાવડ<br>(૧૭) કંટોલીયા<br>(૧૮) રોજડા<br>(૧૯) રોજીવાડા<br>(૨૦) સઇ દેવરિયા<br>(૨૧) સનખલા<br>(૨૨) શિવા<br>(૨૩) શેઢાંખાઇ<br>(૨૪) વાનાવડ<br>(૨૫) વેરાડ<br>(૨૬) વિજયપુર | (૧) આબરડી<br>(૨) ભેનકવડ<br>(૩) બોડકી<br>(૪) ચાદવડ<br>(૫) ધરાગર<br>(૬) દુધાળા<br>(૭) ગુંદા<br>(૮) ગુદલા<br>(૯) જસાપર<br>(૧૦) જોગરા<br>(૧૧) કાટકોલા<br>(૧૨) કસનગઢ<br>(૧૩) માંનપર<br>(૧૪) મેવાસા<br>(૧૫) મોખણા<br>(૧૬) મોરજર<br>(૧૭) નવાગામ<br>(૧૮) રાણપરડા<br>(૧૯) રેટા કાલાવડ<br>(૨૦) કંટોલીયા<br>(૨૧) રોજડા<br>(૨૨) રોજીવાડા<br>(૨૩) સઇ દેવરિયા<br>(૨૪) સનખલા<br>(૨૫) સેવક દેવરિયા<br>(૨૬) શિવા<br>(૨૭) વાનાવડ<br>(૨૮) વેરાડ<br>(૨૯) વિજયપુર |
| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાવાર જે ગામોમાં મનરેગા યોજના હેઠળ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં આવી નથી તેવા ગામોના નામ | | |
| | | સન ૨૦૧૨ | સન ૨૦૧૩ | સન ૨૦૧૪ |
| ૨ | કલ્યાણપુર | (૧) આસીયાવદર-જેપુર<br>(૨) બામણાસા<br>(૩) ભાટવડીયા<br>(૪) ભોપલકા<br>(૫) ચંદ્રાવાડા<br>(૬) ચુર<br>(૭) ડાંગરવડ<br>(૮) દુધીયા<br>(૯) ધુમથર<br>(૧૦) ગાંગડી<br>(૧૧) ગોજીનેશ<br>(૧૨) ગોરાણા<br>(૧૩) કેશવપુર-બાંકોડી<br>(૧૪) ખીજદળ<br>(૧૫) ખીરસરા | (૧) ભાટવડીયા,<br>(૨) ધુમથર<br>(૩) ગોજીનેશ<br>(૪) ગોરાણા<br>(૫) કેશવપુર-બાંકોડી<br>(૬) ખીજદળ<br>(૭) માડી<br>(૮) માંગરીયા<br>(૯) કાનપર શેરડી<br>(૧૦) નગડીયા<br>(૧૧) નાવદ્રા<br>(૧૨) પાનેલી<br>(૧૩) પીંડરા<br>(૧૪) રાજપરા<br>(૧૫) રાણપરડા | (૧) ભાટવડીયા<br>(૨) ચુર<br>(૩) ડાંગરવડ<br>(૪) ગોજીનેશ<br>(૫) ગોરાણા<br>(૬) હરીપર<br>(૭) કેશવપુર-બાંકોડી<br>(૮) ખીજદળ<br>(૯) ખીરસરા<br>(૧૦) માડી<br>(૧૧) માંગરીયા<br>(૧૨) કાનપર શેરડી<br>(૧૩) નગડીયા<br>(૧૪) નાવદ્રા<br>(૧૫) પાનેલી |

| | | | | |
|---|---|---|---|---|
| | | (૧૬) માડી<br>(૧૭) માંગરીયા<br>(૧૮) મહાદેવીયા<br>(૧૯) મણીપર હાબરડી<br>(૨૦) કાનપર શેરડી<br>(૨૧) નગડીયા<br>(૨૨) રાજપરા<br>(૨૩) રણજીતપુર<br>(૨૪) રાણપરડા<br>(૨૫) સણોસરી–પ્રેમસર<br>(૨૬) સીદસરા–માનપરા<br>(૨૭) વીરપુર | (૧૬) સીદસરા–માનપરા<br>(૧૭) વીરપુર | (૧૬) રાજપરા<br>(૧૭) રાણપરડા<br>(૧૮) સીદસરા–માનપરા<br>(૧૯) વીરપુર |
| ૩ | ખંભાલિયા | (૧) ભણ ખોખરી<br>(૨) ભટગામ<br>(૩) ગો. શેરડી<br>(૪) ગોઈંજ<br>(૫) ગોકલપર<br>(૬) કબર વિસોત્રી<br>(૭) કંચનપુર<br>(૮) કેશોદ<br>(૯) કાઠી દેવળિયા<br>(૧૦) કો. વોશોત્રી<br>(૧૧) કોટાળીયા<br>(૧૨) કુવાડિયા<br>(૧૩) લાલપરડા<br>(૧૪) લાલિયા<br>(૧૫) માધુપુર<br>(૧૬) માંજા<br>(૧૭) મોટા આંબાલા<br>(૧૮) નાના આંબાલા<br>(૧૯) નવા તાથીયા<br>(૨૦) પરોડીયા<br>(૨૧) પીપળીયા<br>(૨૨) સખપર<br>(૨૩) સંઢા ભાડથર<br>(૨૪) શીદ્દપુર<br>(૨૫) સોઢા તરઘડી<br>(૨૬) તથીયા<br>(૨૭) ટીબડી | (૧) આ. સિહણ<br>(૨) ભણ ખોખરી<br>(૩) ભરાના<br>(૪) ચુડેશ્વર<br>(૫) ધરમપુર<br>(૬) ગગુસર<br>(૭) ગો. શેરડી<br>(૮) ગોઈંજ<br>(૯) ગોકલપર<br>(૧૦) હાપા લાખાસર<br>(૧૧) હરીપર<br>(૧૨) હંસ્થળ<br>(૧૩) જૂની ફોટ<br>(૧૪) કા. સિહણ<br>(૧૫) ક. સીમાણી<br>(૧૬) કબર વિસોત્રી<br>(૧૭) કંચનપુર<br>(૧૮) કાડોરાણા<br>(૧૯) ખજુરીયા<br>(૨૦) કાઠી દેવળિયા<br>(૨૧) કો. વિસોત્રી<br>(૨૨) કોટાળીયા<br>(૨૩) કુવાડિયા<br>(૨૪) લાલપરડા<br>(૨૫) મહાદેવીયા<br>(૨૬) માંજા<br>(૨૭) મોટા માંઢાં<br>(૨૮) નાગડા<br>(૨૯) નાના આંબલા<br>(૩૦) નવા તથીયા<br>(૩૧) નવી ફલટ<br>(૩૨) પરોઢિયા<br>(૩૩) પીપળીયા<br>(૩૪) સખપર<br>(૩૫) સેઢા ભાડથર<br>(૩૬) સોડસલા | (૧) આંબરડી<br>(૨) આ. સિહણ<br>(૩) ભંડારિયા<br>(૪) સગારિયા<br>(૫) ભટગામ<br>(૬) ચુડેશ્વર<br>(૭) ગગુસર<br>(૮) ગો. શેરડી<br>(૯) હાપા લાખાસર<br>(૧૦) હરીપર<br>(૧૧) હંસ્થળ<br>(૧૨) જૂની ફોટ<br>(૧૩) કા. સિહણ<br>(૧૪) કબર વિસોત્રી<br>(૧૫) કંચનપુર<br>(૧૬) કજુરડા<br>(૧૭) કાઠી દેવળિયા<br>(૧૮) કોટડીયા<br>(૧૯) લલિયા<br>(૨૦) મહાદેવીયા<br>(૨૧) માંજા<br>(૨૨) મોટા માંઢાં<br>(૨૩) નવા તથીયા<br>(૨૪) નવી ફોટ<br>(૨૫) પરોઢિયા<br>(૨૬) પીપળીયા<br>(૨૭) સખપર<br>(૨૮) સોઢા તરઘડી<br>(૨૯) સોડસલા<br>(૩૦) સુમરા તરઘડી<br>(૩૧) તથીયા<br>(૩૨) ટીબડી<br>(૩૩) વાડીનાર<br>(૩૪) વ. સિહણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | (૩૭) સોનારડી<br>(૩૮) તથીયા<br>(૩૯) ટીબડી<br>(૪૦) વાડીનાર<br>(૪૧) વિરમદળ<br>(૪૨) વિઝલ્પર<br>(૪૩) ઝાકશીયા | |
| ૪ | ઓખામંડલ | (૧) અણીયારી<br>(૨) ઓખામઢી<br>(૩) બરડિયા<br>(૪) જૂની દ્રેવાડ<br>(૫) કરંગ્ગા<br>(૬) લોવરલિ<br>(૭) મેરીપુર<br>(૮) મુલવેલ<br>(૯) નાગેશ્વર<br>(૧૦) પડલી<br>(૧૧) શિવરાજપુર<br>(૧૨) ટોબર<br>(૧૩) તુંપણી<br>(૧૪) બેટ | (૧) ઓખામઢી<br>(૨) ધ્રાસણવેલ<br>(૩) ધીણકી<br>(૪) ખાતુંમ્બા<br>(૫) લોવરલિ<br>(૬) મોટા ભવાડા<br>(૭) નાના ભવાડા<br>(૮) નવી ધ્રવાડ<br>(૯) પડલી<br>(૧૦) રાજપરા<br>(૧૧) ટોબર<br>(૧૨) બેટ | (૧) અણીયારી<br>(૨) ઓખામઢી<br>(૩) રાંગાસર<br>(૪) રાજપરા<br>(૫) બેટ |

(૨) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાહેંધરી અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રમિકની રોજગારીની માંગણી થયે રોજગારી પૂરી પાડવાની જોગવાઇ હોઇ, ઉપરોક્ત ગામોમાંથી શ્રમિકોની રોજગારીની માંગણી આવેલ ન હોઇ, આ ગામોમાં રોજગારી પૂરી પડાયેલી નથી.

-----------

## જિલ્લા પંચાયતોને મળતી ગ્રાન્ટમાંથી નવા કામો હાથ ન ધરવા બાબત

અતારાંકિતઃ ૭૨૭૪ (૨૪–૦૬–૨૦૧૬)શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૪–૨–૨૦૧૬ના રોજ વિકાસ કમિશનરશ્રી ગાંધીનગરે જિલ્લા પંચાયતોને મળતી સ્ટેમ્પ ડ્યુટી અને રેતી–કંકરની ગ્રાન્ટમાંથી નવા કામો હાથ ન ધરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સુચના આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જિલ્લા પંચાયતો પરથી આ પ્રતિબંધ ઉઠાવી લેવા માર્ગદર્શિકા કયાં સુધીમાં તૈયાર કરવામાં આવનાર છે, અને

(૩) તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૨૪–૦૮–૨૦૧૬)

(૧) હા, જી.
(૨) પ્રગતિમાં છે.
(૩) સમિતિની રચના કરવામાં આવેલ છે.

-----------

## રૂર્બન ગુજરાત પ્રોજેક્ટ હેઠળ કરેલ ખર્ચ

અતારાંકિતઃ ૭૪૯૨ (૨૪–૦૬–૨૦૧૬)શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રૂર્બન ગુજરાત પ્રોજેક્ટ હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી રકમના ખર્ચ કરવાનો નાણાકીય અંદાજ રાખવામાં આવ્યો હતો, અને,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી રકમનો નાણાકીય ખર્ચ કરવામાં આવ્યો, અને કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા ?

(૩) તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૩૧-૦૮-૨૦૧૬)

(૧)

| વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૪- ૧૫ | ૧૮૫૩૦.૦૦ |
| ૨૦૧૫ – ૧૬ | ૨૫૦૩૫.૫૮ |

(૨)

| વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૪- ૧૫ | ૧૧૪૦૦.૬૩ |
| ૨૦૧૫ – ૧૬ | ૨૪૮૫૪.૧૮ |

રૂર્બન યોજનામાં શૌચાલય બનાવવામાં આવતાં નથી.

-----------

## પોરબંદર, ગીર-સોમનાથ અને કચ્છ જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૫૮ (૭-૭-૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી, (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર પોરબંદર, ગીર – સોમનાથ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૭-૦૯-૨૦૧૬)

(૧) ૩૧-૦૩- ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૩૧૧૯.૮૩ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર પોરબંદર, ગીર-સોમનાથ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | પોરબંદર | ગીર-સોમનાથ | કચ્છ |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૧૬૯.૮૫ | – | ૫૭૨૨.૯૬ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૧૫૭.૪૨ | – | ૩૭૮૩.૬૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૭૬૧.૮૪ | – | ૩૦૮૧.૭૯ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૩૪૪.૦૨ | ૯૯૮.૬૭ | ૬૯૨.૫૮ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૫૪૩.૮૧ | ૯૧૯.૨૮ | ૮૬૫.૫૦ |

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | પોરબંદર | ગીર–સોમનાથ | કચ્છ |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૨૩૧.૪૫ | – | ૨૬૪૩.૫૪ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૫૨૩.૧૨ | – | ૯૨૧.૫૭ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૪૬૪.૫૮ | – | ૩૦૪૮.૭૮ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૩૪૪.૭ | ૯૯૮.૬૭ | ૬૮૩.૯૨ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૫૪૦.૭૩ | ૯૧૯.૨૮ | ૮૬૫.૫૦ |

-------------

## ભાવનગર, મોરબી અને બોટાદ જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૫૯ (૭–૭–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર ભાવનગર, મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૭–૦૯–૨૦૧૬)

(૧) ૩૧–૦૩– ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૩૧૧૯.૮૩ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર ભાવનગર,મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | ભાવનગર | મોરબી | બોટાદ |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૫૫૩.૯૫ | – | – |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૫૧૧.૧૪ | – | – |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૧૧૩૮.૪૮ | – | – |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૫૨૩.૪૩ | ૧૭૩.૦૯ | ૨૮૨.૮૮ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૫૫૫.૯૫ | ૧૪૩.૨૮ | ૬૫૭.૭૬ |

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | ભાવનગર | મોરબી | બોટાદ |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૬૦૧.૯૯ | – | – |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૫૧૧.૧૪ | – | – |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૧૧૩૮.૪૮ | – | – |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૫૨૩.૪૩ | ૧૭૩.૦૯ | ૨૮૨.૮૮ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૫૫૫.૯૫ | ૧૪૩.૨૮ | ૬૫૭.૭૬ |

-------------

## સુરેન્દ્રનગર , દ્વારકા અને જામનગરજિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૬૦ (૭–૭–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર સુરેન્દ્રનગર, દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૭–૦૯–૨૦૧૬)

(૧) ૩૧–૦૩– ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૩૧૧૯.૮૩ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર સુરેન્દ્રનગર,દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | સુરેન્દ્રનગર | દ્વારકા | જામનગર |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૨૨૯૭.૦૦ | – | ૯૦૦.૦૦ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૨૦૪૪.૦૦ | – | ૭૨૦.૦૦ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૧૧૭૭.૪૭ | – | ૧૪૫૨.૩૨ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૧૩૮૭.૬૬ | ૯૬૨.૩૯ | ૫૧૮.૬૪ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૮૪૮.૫૮ | ૧૦૪૯.૬૬ | ૬૫૮.૯૧ |

(૩) તૈ પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | સુરેન્દ્રનગર | દ્વારકા | જામનગર |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૩૬૦૬.૦૦ | – | ૯૦૦.૦૦ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૧૪૯૯.૦૦ | – | ૭૨૦.૦૦ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૧૧૭૭.૪૭ | – | ૧૪૫૨.૩૨ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૧૩૮૭.૬૬ | ૯૬૨.૩૯ | ૫૧૮.૬૪ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૮૪૮.૫૮ | ૧૦૪૯.૬૬ | ૬૫૮.૯૧ |

-------------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

## બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૬૧ (૭–૭–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણજિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૭–૦૯–૨૦૧૬)

(૧) ૩૧–૦૩– ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૩૧૧૯.૮૩ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | બનાસકાંઠા | સાબરકાંઠા | પાટણ |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૪૬૫૬.૭૫ | ૮૬૮૩.૨૪ | ૧૦૯૮.૬૫ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૭૬૫૧.૨૧ | ૪૬૫૬.૯૭ | ૨૩૬૩.૦૧ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૪૩૭૧.૨૮ | ૫૫૮.૦૦ | ૧૧૯૦.૧૧ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૧૮૪૮.૪૫ | ૨૩૩૦.૯૦ | ૧૪૪૨.૪૧ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૦૨૨.૬૩ | ૧૦૮૯.૪૩ | ૧૯૮૨.૭૩ |

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | બનાસકાંઠા | સાબરકાંઠા | પાટણ |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૬૪૯૩.૨૪ | ૯૩૦૦.૭૧ | ૨૧૫૦.૫૭ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૮૧૪૭.૦૯ | ૩૯૯૯.૨૮ | ૨૩૬૧.૨૧ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૫૬૩૪.૩૬ | ૧૦૫૪.૮૫ | ૧૧૯૦.૧૧ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૧૮૭૭.૮૭ | ૨૬૫૪.૮૬ | ૧૪૪૨.૪૧ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૨૫૯૦.૬૮ | ૧૧૨૧.૯૨ | ૧૯૮૨.૭૩ |

------------

એચ–૨૦૭૩–૯

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

## ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૬૨ (૭–૭–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર ગાંધીનગર,અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૭–૦૯–૨૦૧૬)

(૧) ૩૧–૦૩– ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૩૧૧૯.૮૩ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | ગાંધીનગર | અમદાવાદ | મહેસાણા |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૪૧૭.૨૦ | ૩૬૦.૦૦ | ૧૪૦૧.૨૦ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૮૨૧.૭૪ | – | ૧૫૫૧.૪૩ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૬૨૮.૫૬ | ૩૬૦.૦૦ | ૧૮૯૬.૧૬ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૫૭૦.૪૦ | ૩૩૬.૬૨ | ૧૨૧૩.૩૮ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૧૯.૭૨ | ૪૨૭.૨૨ | ૧૪૭૧.૯૩ |

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | ગાંધીનગર | અમદાવાદ | મહેસાણા |
| ૧ | ૨૦૧૧ – ૧૨ | ૮૯૫.૧૮ | ૧૨૧૧.૫૫ | ૧૩૩૭.૦૧ |
| ૨ | ૨૦૧૨ – ૧૩ | ૯૯૦.૦૯ | ૭૬૫.૨૪ | ૧૧૯૧.૪૨ |
| ૩ | ૨૦૧૩ – ૧૪ | ૮૦૮.૩૮ | ૬૧૦.૨૩ | ૧૨૫૯.૪૩ |
| ૪ | ૨૦૧૪ – ૧૫ | ૫૬૯.૩૧ | ૭૭૮.૮૭ | ૧૨૦૯.૩૭ |
| ૫ | ૨૦૧૫ – ૧૬ | ૪૨૨.૯૫ | ૪૨૧.૯૦ | ૧૪૬૮.૩૪ |

————————————

## ખેડા, ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૬૪ (૦૭–૦૭–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉકત વર્ષવાર ખેડા, ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને
(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) (૦૭–૦૯–૨૦૧૬)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૪૩૧૧૯.૮૩ |

૨. તે પૈકી ઉક્ત વર્ષવાર ખેડા, ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | ખેડા | ભરૂચ | છોટાઉદેપુર |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૩૩.૩૩ | ૭૪૨.૪૫ | – |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૨૧૩૩.૬૫ | ૧૨૬૯.૫૧ | – |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૧૦૧૯.૭૮ | ૧૫૯.૩૭ | – |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૧૮૬૨.૧૦ | ૧૧૯૬.૯૩ | ૨૦૨૩.૨૭ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૧૦૭૫.૩૦ | ૫૪૨.૯૨ | ૧૩૯૫.૭૦ |

૩. તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | ખેડા | ભરૂચ | છોટાઉદેપુર |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૩૩.૩૩ | ૮૨૬.૪૧ | – |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૨૧૩૩.૬૫ | ૯૫૨.૫૭ | – |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૧૦૧૯.૭૮ | ૮૦૨.૨૩ | – |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૧૮૬૨.૧૦ | ૧૧૫૧.૩૮ | ૨૦૨૩.૨૭ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૧૦૭૫.૩૦ | ૩૪૦.૧૩ | ૧૩૯૫.૭૦ |

–––––––––––––––

## દાહોદ, પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૬૫ (૦૭–૦૭–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી)ઃમાનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર દાહોદ, પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) (૦૭–૦૯–૨૦૧૬)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૪૩૧૧૯.૮૩ |

૨. તે પૈકી ઉક્ત વર્ષવાર દાહોદ, પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | દાહોદ | પંચમહાલ | અરવલ્લી |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૫૧૩૧.૨૦ | ૬૧૩૬.૭૫ | ૩૫૩૦.૦૦ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૩૩૫૬.૮૨ | ૬૬૧૯.૫૦ | ૨૨૩૫.૦૦ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૧૫૦૦.૦૦ | ૩૬૫૯.૮૫ | ૫૭૪૧.૧૮ |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૩૦૧૨.૫૧ | ૨૦૮૫.૯૬ | ૧૬૧૭.૩૧ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૧૫૨૭.૦૬ | ૧૧૩૯.૪૫ | ૧૪૯૨.૪૧ |

૩. તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | દાહોદ | પંચમહાલ | અરવલ્લી |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૫૬૭૨.૦૪ | ૬૧૩૬.૭૫ | ૩૬૬૫.૯૬ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૪૨૧૪.૫૯ | ૬૬૧૯.૫૦ | ૨૨૦૯.૫૦ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૫૨૮.૫૬ | ૩૬૫૯.૮૨ | ૬૪૨૪.૭૮ |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૩૧૩૪.૯૮ | ૨૦૮૫.૯૬ | ૧૬૬૩.૨૩ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૧૩૪૬.૯૦ | ૧૧૩૯.૪૫ | ૧૪૮૩.૩૧ |

---------

## સુરત, નર્મદા અને નવસારી જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૬૬ (૦૭–૦૭–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી)ઃમાનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉકત વર્ષવાર સુરત, નર્મદા અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) (૦૭-૦૯-૨૦૧૬)
અચ-૨૦૭૩-૧૦

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
| ૧ | ૨૦૧૧-૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫-૧૬ | ૪૩૧૧૯.૮૩ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર સુરત, નર્મદા અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | સુરત | નર્મદા | નવસારી |
| ૧ | ૨૦૧૧-૧૨ | ૧૫૯૮.૨૨ | ૪૧૬૩.૮૦ | ૮૧૦.૦૦ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૧૭૨૧.૬૦ | ૪૧૩૦.૦૮ | ૪૧૮૭.૨૦ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૧૨૭૬.૨૦ | ૫૦૪૩.૪૧ | ૮૧૦.૦૦ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૧૩૦૪.૭૯ | ૩૧૦૧.૪૧ | ૨૦૯૨.૪૫ |
| ૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૪.૯૩ | ૨૪૬૭.૬૮ | ૧૮૭૭.૩૨ |

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | સુરત | નર્મદા | નવસારી |
| ૧ | ૨૦૧૧-૧૨ | ૧૫૯૮.૨૨ | ૪૨૬૪.૭૪ | ૧૮૯૯.૪૬ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૧૭૨૧.૬૦ | ૪૦૩૭.૬૫ | ૨૪૧૬.૦૮ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૧૨૭૬.૨૦ | ૫૦૩૭.૭૫ | ૨૨૪૬.૯૧ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૧૩૦૪.૭૯ | ૩૧૩૯.૧૯ | ૨૩૧૫.૬૭ |
| ૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૪.૯૩ | ૨૪૬૬.૨૪ | ૨૦૯૩.૨૬ |

## વલસાડ, તાપી અને ડાંગ જિલ્લામાં મનરેગા યોજના

અતારાંકિતઃ ૭૮૬૭ (૦૭-૦૭-૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી ઉકત વર્ષવાર વલસાડ, તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) (૦૭-૦૯-૨૦૧૬)

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચે મુજબ રકમ મળેલ છે.

| જવાબ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૪૭૪૪૧.૭૬ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૩૩૫૩૦.૦૨ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૩૫૪૪૨.૯૩ |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૩૦૫૯૮.૭૨ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૪૩૧૧૯.૮૩ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર વલસાડ, તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | વલસાડ | તાપી | ડાંગ |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૭૫૦.૦૦ | ૩૬૨૬.૫૦ | ૧૨૫૨.૦૦ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૧૦૮૨.૨૭ | ૩૭૦૨.૬૯ | ૧૮૦૫.૦૦ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૧૧૮૩.૯૯ | ૩૪૮૭.૦૭ | ૫૭૭.૦૦ |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૯૩૮.૩૪ | ૪૪૬૨.૨૪ | ૧૭૮૪.૦૦ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૧૩૮૧.૪૧ | ૪૪૯૩.૮૧ | ૧૧૫૯.૦૦ |

(૩) તે પૈકી વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | વલસાડ | તાપી | ડાંગ |
| ૧ | ૨૦૧૧–૧૨ | ૧૨૭૨.૦૭ | ૪૦૧૨.૪૦ | ૧૫૬૨.૦૦ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૧૦૮૨.૨૭ | ૪૬૦૧.૧૧ | ૧૫૩૨.૦૦ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૧૧૮૩.૯૯ | ૩૪૦૯.૭૮ | ૯૩૩.૦૦ |
| ૪ | ૨૦૧૪–૧૫ | ૯૩૮.૩૪ | ૪૪૪૭.૬૫ | ૧૭૫૦.૦૦ |
| ૫ | ૨૦૧૫–૧૬ | ૧૩૮૧.૪૧ | ૪૩૬૦.૪૨ | ૧૧૦૨.૦૦ |

---------

## જુનાગઢ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટી પેટે જિલ્લા પંચાયતને મળવાપાત્ર રકમ

અતારાંકિતઃ ૭૫૦૧ (૨૪–૦૬–૨૦૧૬)શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય મહેસૂલ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ જિલ્લામાં સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં સ્ટેમ્પ ડ્યુટી પેટે સરકારે રકમ વસુલ રકમમાંથી કેટલી રકમ મળવાપાત્ર હતી.

(૨) તે પૈકી કેટલી રકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ઉક્ત જિલ્લાને ફાળવવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ ફાળવવાની બાકી હોય તો તેના શાં કારણો છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રકમ ક્યાં સુધી ફાળવવામાં આવનાર છે ?

મહેસૂલ મંત્રીશ્રીઃ (૧૨–૦૯–૨૦૧૬)

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) જુનાગઢ જિલ્લામાં સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં સ્ટેમ્પ ડ્યુટી પેટે સરકારે રકમ વસુલ કરેલ છે તેમાંથી પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ–૨૦૭ અને ૨૦૯ અન્વયે જિલ્લા પંચાયતને સને ૨૦૧૩–૧૪ માં રૂ.૧૦૦૭૬૮૦૯/– તેમજ ૨૦૧૪–૧૫ માં રૂ.૫૫૫૮૧૫૫/– મળવાપાત્ર હતી.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાને સને ૨૦૧૩–૧૪ ની મળવાપાત્ર રકમ પૈકી રૂ.૬૨૫૧૫૯૦/– ફાળવવામાં આવેલ છે.

(૩) સદર ગ્રાંટ જે તે વર્ષની મંજુર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં જિલ્લાઓને ફાળવવામાં આવેલ છે. નાણાં વિભાગના તા. ૨૩–૦૯–૨૦૧૫ ના પત્રથી મળેલ સુચના અન્વયે નવી નિતી નક્કી થયા પછી ગ્રાંટ ફાળવવાની સુચના થયેલ. જેથી ઉપરોક્ત ફાળવવાપાત્ર ગ્રાંટની ફાળવણી બાકી રાખવામાં આવેલ.

(૪) તા. ૩૧–૦૩–૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાને વર્ષ ૨૦૧૩–૧૪ ની બાકી રહેતી રૂ.૩૮૨૫૨૧૯/– ની રકમ ફાળવવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૪–૧૫ ની ફાળવણી સરકાર દ્વારા નવી નીતિ નક્કી થયેથી ફાળવવામાં આવશે.

----------

## લઘુમતિ જાહેર થતા જૈન સમાજને મળવાપાત્ર લાભો

અતારાંકિતઃ ૮૦૧૬ (૨૮–૦૬–૨૦૧૬)શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

જવાબ

(૧) ગુજરાતમાં જૈન સમાજને તા. ૦૭–૦૫–૨૦૧૬ ના રોજ “ધાર્મિક લઘુમતિ” જાહેર કરવામાં આવ્યા છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો “ધાર્મિક લઘુમતિ” જાહેર કરવાથી જૈન સમાજને ક્યા ક્યા લાભ મળવાપાત્ર થાય છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ (૦૬–૦૯–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) ખાતા દ્વારા લઘુમતિઓ માટે અમલીત વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ પૈકી શિષ્યવૃત્તિ બેંકેબલ યોજના હેઠળ સબસીડી, માનવ ગરિમા યોજના હેઠળ પાયાના ધંધા/વ્યવસાય માટે કીટ્સ વગેરે લાભો મળવાપાત્ર છે.

---------

## વિકલાંગ વ્યક્તિઓ માટેની ડીમ્ડ સિવિલ કોર્ટમાં પડતર કેસો

અતારાંકિતઃ ૮૦૬૮ (૧૬–૦૭–૨૦૧૬)શ્રી શક્તિસિંહ ગોહિલ (અબડાસા):માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરને વિકલાંગ સમાન તકો–અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી અધિનિયમ–૧૯૯૫ ની જોગવાઈ અનુસાર ડીમ્ડ સિવીલ કોર્ટની સત્તાઓ અપાઈ છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત અદાલત દ્વારા સન ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં કેટલી ફરિયાદોનો નિકાલ કરી ચુકાદા આપ્યા,

(૩) તા. ૩૧ મે ૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત અદાલતમાં કેટલા કેસો પડતર છે, અને

(૪) ઉક્ત પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ (૦૭–૦૯–૨૦૧૬)

(૧) હા, જી.

(૨)

| વર્ષ | નિકાલ |
|---|---|
| ૨૦૧૪ | ૦૭ |
| ૨૦૧૫ | ૧૭ |

(૩) ૩૩

(૪) સત્વરે

----------

## યુનિટ ફ્યુઅલ ચાર્જ અને સરકારી કર લેવા બાબત.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિતઃ ૭૨૭૯ (૨૦-૦૬-૨૦૧૬)શ્રી બલવંતિસંહ રાજપૂત (સિધ્ધપુર):માનનીય ઊર્જા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યસરકાર દ્ધારા પ્રતિ યુનિટ ફ્યુઅલ ચાર્જ અને સરકારી કર કેટલો લેવામાં આવે છે, અને

(૨) શું ઉક્ત ચાર્જ શહેરી વિસ્તાર અને ગામડા વિસ્તારમાં અલગ અલગ છે ?

ઉર્જા મંત્રીશ્રીઃ (૦૯-૦૯-૨૦૧૬)

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્ધાર નામ. વીજ નિયંત્રક આયોગ દ્ધારા નક્કી કરાયેલ ફોમ્યુલા અનુસાર રૂ.૧.૪૨ પ્રતિ યુનિટ ફ્યુઅલ ચાર્જ (ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૫) લેવામાં આવેલ છે અને

(૨) ખેતીવાડીના ગ્રાહકો પાસેથી કોઈ ફ્યુઅલ ચાર્જ વસુલવામાં આવતો નથી, તે માટે સરકાર ખેતીવાડી ગ્રાહકો વતી વીજ વિતરણ કંપનીઓને સબસીડી ચુકવે છે.

ફ્યુઅલ સર ચાર્જ શહેરી વિસ્તાર અને ગામડા વિસ્તારમાં અલગ અલગ નથી. સરકારી વીજ કર યથામુલ્ય (Ad Valorem) ટકાવારીનાધોરણે વસુલવામાં આવે છે. જુદી જુદી કેટેગરી માટેના વીજ કરના દર નીચે મુજબ છે. વધુમાં, ખેતીવાડી ગ્રાહકો પાસેથી કોઈ વીજ કર વસુલવામાં આવતો નથી.

| ક્રમ નં. | સ્વ ઉત્પાદિત વીજળી સિવાયના વપરાશ ઉપરનો વીજ કરનો દર (વીજ વપરાશની કિંમત ઉપર ટકામાં) | | ક્રમ નં. | સ્વ ઉત્પાદિત વીજળીના વીજ વપરાશ ઉપરનો વીજ કરનો દર (પ્રતિ યુનિટ) | |
|---|---|---|---|---|---|
| | કેટેગરી | વિજકરનો દર | | કેટેગરી | વિજકરનો દર |
| ૧ | રહેણાંક અને શૈક્ષણિક | | ૧ | રહેણાંક અને શૈક્ષણિક | |
| | (ક) ગ્રામ્ય વિસ્તાર | ૭.૫૦ ટકા | | (ક) ગ્રામ્ય વિસ્તાર | ૧૦ પૈસા |
| | (ખ) શહેરી વિસ્તાર | ૧૫ ટકા | | (ખ) શહેરી વિસ્તાર | ૨૦ પૈસા |
| ૨ | વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલ | | ૨ | {ક} (૧) હોલ, (૨) પ્રેક્ષકગૃહ | ૨૫ પૈસા |
| | (ક) ગ્રામ્ય વિસ્તાર | ૭.૫૦ ટકા | | {ખ} (૧) સિનેમા ઘર, (૨) થિયેટર | |
| | (ખ) શહેરી વિસ્તાર | ૧૧.૨૫ ટકા | | | |
| ૩ | ઔદ્યોગિક એકમો | | ૩ | હોટેલ અને રેસ્ટોરન્ટ | ૩૦ પૈસા |
| | (ક) ઉચ્ચ દબાણ | ૧૫ ટકા | | | |
| | (ખ) નિમ્ન દબાણ | ૧૦ ટકા | | | |
| ૪ | ઉપરસિવાયના અન્ય (જેમાં વાણિજ્યનો પણ સમાવેશ થઈ જાય છે. | ૨૫ ટકા | ૪ | ઔદ્યોગિક એકમો | ૫૫ પૈસા |
| | | | ૫ | ઉપરસિવાયના અન્ય (જેમાં વાણિજ્યનો પણ સમાવેશ થઈ જાય છે. | ૪૦ પૈસા |

રાજ્યમાં સૂર્ય ઉર્જાની વિજ ક્ષમતા

અતારાંકિતઃ ૭૭૬૯ (૧૪-૦૭-૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય ઊર્જા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સૂર્ય ઉર્જાની સ્થાપિત વિજક્ષમતા કેટલો વધારો થયો ?

ઉર્જા મંત્રીશ્રીઃ (૦૬-૦૯-૨૦૧૬)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર સૂર્ય ઉર્જાની સ્થાપિત ક્ષમતામાં નીચે મુજબ વધારો થયેલ છે.

| અનુ. નં. | વર્ષવાર સૂર્ય ઉર્જાની સ્થાપિત વિજ ક્ષમતા | મેગાવોટ |
|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૫૫૨.૬૯ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૩૦૨.૫૭ |

| | | |
|---|---|---|
| ૩ | ૨૦૧૩-૧૪ | ૪૨.૨૮૮ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૧૦૮.૪૫૮ |
| ૫ | ૨૦૧૫-૧૬ | ૧૧૬.૯૫૭ |
| | કુલ | ૧૧૨૨.૯૯ |

---------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૪૪૬, ૭૪૪૮, ૭૪૪૯, ૭૪૭૬ | ૦૪ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૭૪૦૧ | ૦૧ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૮૧૨૦, ૮૧૬૬, ૮૯૨૩, ૯૦૪૪ | ૦૪ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૩૧૬, ૭૩૧૮, ૭૩૧૯,૭૩૨૧, ૭૩૨૫, ૭૩૨૬, ૭૩૨૮, ૭૩૨૯, ૭૩૫૬, ૮૦૦૪ | ૧૦ |
| ૫ | ગૃહ વિભાગ | ૮૦૦૫ | ૦૧ |
| ૬ | શ્રમ અને રોજગાર વિભાગ | ૭૪૧૫, ૭૪૧૭, ૭૮૦૩, ૭૮૦૪, ૭૮૦૬, ૭૮૦૭, ૭૮૦૮, ૭૮૦૯, ૭૮૧૦, ૭૮૧૧, ૭૯૨૭, ૭૯૯૮ | ૧૨ |
| ૭ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૨૬૭, ૭૨૬૮, ૭૨૭૪, ૭૪૯૨, ૭૮૫૮, ૭૮૫૯, ૭૮૬૦, ૭૮૬૧, ૭૮૬૨,૭૮૬૪, ૭૮૬૫, ૭૮૬૬, ૭૮૬૭ | ૧૩ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૭૫૦૧ | ૦૧ |
| ૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮૦૧૬, ૮૦૬૮ | ૦૨ |
| ૧૦ | ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૭૨૭૯, ૭૭૬૯ | ૦૨ |
| | | કુલ | ૫૦ |

# ચોથી અતારાંકિત યાદી

## જામનગર જિલ્લામાં બંધ પી. ટી. સી. કોલેજો

અતારાંકિતઃ ૭૩૬૯ (૨૯-૦૬-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦ જૂન-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ પી. ટી. સી. કોલેજો બંધ પડી, અને

(૨) ઉક્ત કોલેજો બંધ થવાના મુખ્યત્વે શા કારણો છે ?

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

શિક્ષણ મંત્રીશ્રી : (૧૭–૯–૨૦૧૬)

(૧) શ્રીમતિ અર્પણાબેન ત્રિવેદી અધ્યાપન મંદિર, મુ. અલીયાબાડા, તા. જી. જામનગર

(૨) પૂરતી વિદ્યાર્થીઓની સંખ્યા નહિ મળવાને કારણે.

-------

જામનગર અને સુરત જિલ્લામાં ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ

અતારાંકિતઃ ૭૩૭૩ (૫–૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલસરી એજ્યુકેશન એકટ–૨૦૦૯માં પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટયુશન કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે હકકીત સાચી છે,

(૨) જામનગર અને સુરત જિલ્લામાં આ કાનુની જવાબદારીના પાલનની જવાબદારી કોને સોંપાઈ છે,

(૩) ઉકત જિલ્લામાં આ જોગવાઈ હેઠળ તા. ૩૧ માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરતા પકડી પાડવામાં આવ્યા અને તેને શી શિક્ષા થઈ, અને

(૪) ઉકત જિલ્લામાં ઉપરોકત સ્થિતિએ હજુ કેટલા પ્રાથમિક શિક્ષકો ખાનગી ટ્યુશન કરી રહ્યા છે અને તેની સામે કયારે કાર્યવાહી કરાશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬–૯–૨૦૧૬)

(૧) હા,

(૨) નગરપાલિકા વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં શાસનધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી તેમજ જિલ્લા પંચાયત હેઠળની પ્રાથમિક શાળાઓની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સોંપાયેલ છે,

(૩) તા. ૩૧–૩–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી ટ્યુશન અંગેનો એક પણ કેસ ઘ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન થતો નથી.

(૪) ઉકત સ્થિતિએ હાલ કોઈ શિક્ષક ટ્યુશન કરતાં ઘ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન થતો નથી.

-------

B- નર્મદા અને ભરૂચ જિલ્લામાં ખાનગી ટયુશન કરવા ઉપર પ્રતિબંધ

અતારાંકિતઃ ૭૩૯૩ (૨૯–૦૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલસરી એજ્યુકેશન એકટ–૨૦૦૯માં પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટયુશન કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે હકકીત સાચી છે,

(૨) જો હા, તો નર્મદા અને ભરૂચ જિલ્લામાં આ કાનુની જવાબદારીના પાલનની જવાબદારી કોને સોંપાઈ છે,

(૩) ઉકત જિલ્લામાં આ જોગવાઈ હેઠળ તા. ૩૧ માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરતા પકડી પાડવામાં આવ્યા અને તેને શી શિક્ષા થઈ, અને

(૪) આ જિલ્લામાં ઉપરોકત સ્થિતિએ હજુ કેટલા પ્રાથમિક શિક્ષકો ખાનગી ટ્યુશન કરી રહ્યા છે અને તેની સામે કયારે કાર્યવાહી કરાશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬–૯–૨૦૧૬)

(૧) હા,

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારીને સોંપાઈ છે,

(૩) તા. ૩૧–૩–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી ટ્યુશન અંગેનો એક પણ કેસ ઘ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન થતો નથી.

(૪) ઉકત સ્થિતિએ હાલ કોઈ શિક્ષક ટ્યુશન કરતાં ઘ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતા નથી.

-------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ

અતારાંકિતઃ ૭૩૯૪ (૨૯-૦૬-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલસરી એજ્યુકેશન એકટ-૨૦૦૯માં પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે હકકીત સાચી છે,

(૨) જો હા, તો જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં આ કાનુની જવાબદારીના પાલનની જવાબદારી કોને સોંપાઈ છે,

(૩) ઉકત જિલ્લામાં આ જોગવાઈ હેઠળ તા. ૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરતા પકડી પાડવામાં આવ્યા અને તેને શી શિક્ષા થઈ, અને

(૪) આ જિલ્લામાં ઉપરોકત સ્થિતિએ હજુ કેટલા પ્રાથમિક શિક્ષકો ખાનગી ટ્યુશન કરી રહ્યા છે અને તેની સામે કયારે કાર્યવાહી કરાશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬-૯-૨૦૧૬)

(૧) હા,

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,

(૩) તા. ૩૧-૩-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી ટ્યુશન અંગેનો એક પણ કેસ ઘ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન થતો નથી.

(૪) હાલ કોઈ શિક્ષક ટ્યુશન કરતાં ઘ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ

અતારાંકિતઃ ૭૬૩૯ (૦૧-૦૭-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલસરી એજ્યુકેશન એકટ-૨૦૦૯માં પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે હકકીત સાચી છે,

(૨) જો હા, તો કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં આ કાનુની જવાબદારીના પાલનની જવાબદારી કોને સોંપાઈ છે,

(૩) ઉકત જિલ્લામાં આ જોગવાઈ હેઠળ તા. ૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રાથમિક શિક્ષકોને ખાનગી ટ્યુશન કરતા પકડી પાડવામાં આવ્યા અને તેને શી શિક્ષા થઈ, અને

(૪) આ જિલ્લામાં ઉપરોકત સ્થિતિએ હજુ કેટલા પ્રાથમિક શિક્ષકો ખાનગી ટ્યુશન કરી રહ્યા છે અને તેની સામે કયારે કાર્યવાહી કરાશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬-૯-૨૦૧૬)

(૧) હા,

(૨) નગરપાલિકા વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં શાસનાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી તેમજ જિલ્લા પંચાયત હેઠળની પ્રાથમિક શાળાઓની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સોંપાયેલ છે,

(૩) તા. ૩૧-૩-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી ટ્યુશન અંગેનો એક પણ કેસ ઘ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન થતો નથી.

(૪) ઉકત સ્થિતિએ હાલ કોઈ શિક્ષક ટયુશન કરતાં ધ્યાને આવેલ નથી. જેથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ

અતારાંકિતઃ ૭૯૨૪ (૧૫–૦૭–૨૦૧૬) શ્રી મણીલાલ વાઘેલા (વડગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૦–૦૪–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો,

(૨) આ પૈકી તેમાં વિદ્યાર્થીનીઓનું પ્રમાણ કેટલા ટકા હતું, અને

(૩) ઉકત સ્થિએ છેલ્લા ત્રણ વર્ષમાં કન્યા કેળવણી ઝૂંબેશ પાછળ રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬–૯–૨૦૧૬)

(૧) તા. ૩૦–૪–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ–૫,૦૨,૮૯૭ વિદ્યાર્થીઓનું નામાંકન થયેલ હતુ. જેમાં ૨,૬૩,૭૯૨ કુમાર અને ૨,૩૯,૦૯૯ કન્યાઓનું નામાંકન થયેલ છે.

(૨) તા. ૩૦–૪–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ ૪૭.૫૪ ટકા વિદ્યાર્થીનીઓનું નામાંકન થયેલ હતુ.

| છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ખર્ચ | |
|---|---|
| વર્ષ | થયેલ કુલ ખર્ચ |
| ૨૦૧૩–૧૪ | ૧,૯૭,૮૬૨ |
| ૨૦૧૪–૧૫ | ૧,૮૫,૪૪૮ |
| ૨૦૧૫–૧૬ | ૧,૯૫,૭૬૮ |

-------

ગાંધીનગર જિલ્લામાં હરિપુરા બોરીયા ગામની સરકારી પ્રાથમિક શાળાના જર્જરીત હાલતના રૂમ

અતારાંકિતઃ ૮૦૧૭ (૧૫–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ગાંધીનગર જિલ્લાના હરિપુરા બોરીયા ગામની સરકારી પ્રથમિક શાળાના રૂમો તા. ૩૧ મે–૨૦૧૬ની સ્થિતિએ અત્યંત જર્જરીત હાલતમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત ભયજનક સ્થિતિનો ઉકેલ લાવવા ઉકત શાળાના પાકા છતવાળા ઓરડાઓ કયાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬–૦૯–૨૦૧૬)

(૧) હા જી.

(૨) ચાલુ વર્ષ ૨૦૧૬–૧૭માં પાકા છતવાળા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

-------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ભૂતીયા રેશનકાર્ડ

અતારાંકિતઃ ૮૧૬૪ (૧૧–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)): માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) આરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં કેટલાં ભૂતીયા રેશનકાર્ડ મળી આવ્યા,

(૨) ઉકત ભૂતીયા રેશનકાર્ડ ઈશ્યુ કરનાર અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) જો આવી કાર્યવાહી થઈ ન હોય તો તેના શા કારણો છે ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૧૬–૦૯–૨૦૧૬)

(૧) અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં કોઈ ભૂતીયા રેશનકાર્ડ મળી આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં રદ કરાયેલ બી. પી. એલ. કાર્ડ

અતારાંકિતઃ ૮૧૬૭ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં તાલુકાવાર કેટલાં બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા,

(૨) ઉકત બી.પી.એલ. કાર્ડ રદ કરવાના મુખ્યત્વે શા કારણો છે,

(૩) ઉકત રદ કરેલા બી.પી.એલ. કાર્ડ ફરી આપવા કેટલી અરજી મળી અને,

(૪) તા. ૩૦–૦૬–૨૦૧૬ સુધીમાં તે પૈકી કેટલા બી.પી.એલ. કાર્ડ ફરી આપવામાં આવ્યા ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૧૬–૦૯–૨૦૧૬)

(૧) જામનગર જિલ્લાના જામનગર શહેર ઝોનલ–૨માં સન ૨૦૧૪ માં ૧ અને સને ૨૦૧૫ માં ૯ બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા. જેનું તાલુકાવાર પત્રક–૧ આ સાથે સામેલ છે. વલસાડ જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં કોઈ બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા નથી. નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં સને ૨૦૧૪ માં ૧ અને સને ૨૦૧૫ માં ૧૬૨ બી.પી.એલ. કાર્ડ રદ કરવમાં આવ્યા. જેનું તાલુકાવાર પત્રક–૨ આ સાથે સામેલ છે.

(૨) જામનગર જિલ્લામાં અરજદારની અરજી અન્વયે તેઓની માંગણી મુજબ બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યો છે. વલસાડ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતાં નથી. નવસારી જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડ ધારકના બારકોડેડ રેશનકાર્ડ જે તે વખતે ઓફલાઈન પ્રોગ્રામમાં બનેલ, ફીંગર પ્રિંટ વખતે કાર્ડધારક સ્થળાંતર થવાથી ગામમાં મળી નહીં આવતા કાર્ડ રદ કરવામાં આવે છે.

(૩) જામનગર અને નવસારી જિલ્લામાં સને ૨૦૧૪ અને સને ૨૦૧૫ ના વર્ષમાં બી. પી. એલ. કાર્ડ રદ કર્યા તે પૈકી ફરી બી. પી. એલ. કાર્ડ આપવા માટે કોઈ અરજી મળેલ નથી. વલસાડ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક–૧

| તાલુકાનું નામ | સને ૨૦૧૪ | સને ૨૦૧૫ |
|---|---|---|

| | બીપીએલ કાર્ડ રદ કરેલની સંખ્યા | તે પૈકી ફરી બીપીએલ કાર્ડ મેળવવા માટે મળેલ અરજી | આપવામાં આવેલ બીપીએલ કાર્ડ | બીપીએલ કાર્ડ રદ કરેલની સંખ્યા | તે પૈકી ફરી બીપીએલ કાર્ડ મેળવવા માટે મળેલ અરજી | આપવામાં આવેલ બીપીએલ કાર્ડ |
|---|---|---|---|---|---|---|
| ઝોન–૧ જામનગર શહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઝોન–૨ જામનગર શહેર | ૧ | ૦ | ૦ | ૯ | ૦ | ૦ |
| જામનગર ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધ્રોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જોડીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કાલાવાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| લાલપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જામજોધપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ ... | ૧ | ૦ | ૦ | ૯ | ૦ | ૦ |

પત્રક–૨

| તાલુકાનું નામ | સને ૨૦૧૪ | | | સને ૨૦૧૫ | | |
|---|---|---|---|---|---|---|
| | બીપીએલ કાર્ડ રદ કરેલની સંખ્યા | તે પૈકી ફરી બીપીએલ કાર્ડ મેળવવા માટે મળેલ અરજી | આપવામાં આવેલ બીપીએલ કાર્ડ | બીપીએલ કાર્ડ રદ કરેલની સંખ્યા | તે પૈકી ફરી બીપીએલ કાર્ડ મેળવવા માટે મળેલ અરજી | આપવામાં આવેલ બીપીએલ કાર્ડ |
| નવસારી શહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નવસારી ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જલાલપોર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ગણદેવી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ચીખલી | ૧ | ૦ | ૦ | ૧૬૨ | ૦ | ૦ |
| વાંસદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેરગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ ... | ૧ | ૦ | ૦ | ૧૬૨ | ૦ | ૦ |

–––––––

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં અન્ય જિલ્લામાં રોજગારી માટે જતા બી. પી. એલ. કુટુંબોને રોમીંગ રેશનકાર્ડ

અતારાંકિતઃ ૯૨૯૫ (૧૯–૦૮–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન–૨૦૧૪માં અન્ય જિલ્લામાં રોજગારી માટે સ્થળાંતર કરી જનાર કેટલા બી. પી. એલ. કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવ્યા ?

અન્ન અને પુરવઠા મંત્રીશ્રી : (૧૬–૯–૨૦૧૬)

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન–૨૦૧૪ માં અન્ય જિલ્લામાં રોજગારી માટે સ્થળાંતર કરી જનાર બી. પી. એલ. કુટુંબોને રોમીંગ રેશનકાર્ડ આપવામાં આવ્યા નથી.

-------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર રદ કરેલ બી. પી. એલ. કાર્ડ

અતારાંકિતઃ ૯૨૯૬ (૧૯–૦૮–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૪ અને ૨૦૧૫ માં તાલુકાવાર કેટલા બી. પી. એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૨) તેના મુખ્યત્વે શાં કારણો છે ?

અન્ન અને પુરવઠા મંત્રીશ્રી : (૧૬–૯–૨૦૧૬)

(૧) કચ્છ જિલ્લામાં સને ૨૦૧૪માં ૧૯૮ અને સને ૨૦૧૫ માં ૧૦૪૩ બી. પી. એલ. રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા. જેનું તાલુકાવાર પત્રક–૧ આ સાથે સામેલ છે. ભાવનગર જિલ્લામાં સને ૨૦૧૪ માં ૧૪૫ અને સને ૨૦૧૫ માં ૨૯૮ બી. પી. એલ. રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા. જેનું તાલુકાવાર પત્રક–૨ આ સાથે સામેલ છે. ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૧૪ માં ૩૭ અને સને ૨૦૧૫ માં ૪ બી. પી. એલ. રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા. જેનું તાલુકાવાર પત્રક–૩ આ સાથે સામેલ છે.

(૨) બી. પી. એલ. રેશન કાર્ડ રદ કરવાના કારણો નીચે મુજબ છે.

– ફીંગર પ્રિન્ટ આપવા ન આવવાના કારણસર

– રેશનકાર્ડ ધારકનું મૃત્યુ થવાથી

– બી. પી. એલ. ની પાત્રતા ધરાવતા ન હોવાના કારણસર

– સ્થળાંતર થયેલ હોવાથી

પત્રક–૧

| અ. નં. | તાલુકાનું નામ | સને ૨૦૧૪ | સને ૨૦૧૫ |
|---|---|---|---|
| | | બી. પી. એલ.રેશન કાર્ડ રદ કરેલની સંખ્યા | બી. પી. એલ. રેશન કાર્ડ રદ કરેલની સંખ્યા |
| ૧ | ભુજ | ૨ | ૩૮૩ |
| ૨ | ખાવડા | ૦ | ૧ |
| ૩ | માંડવી | ૫૫ | ૦ |
| ૪ | મુંદરા | ૫ | ૭ |
| ૫ | અંજાર | ૦ | ૦ |
| ૬ | ગાંધીધામ | ૪૮ | ૫૭ |
| ૭ | ભચાઉ | ૧૧ | ૨૦ |
| ૮ | રાપર | ૨ | ૮ |
| ૯ | નખત્રાણા | ૫૬ | ૨૪ |
| ૧૦ | અબડાસા | ૧૮ | ૫૪૦ |
| ૧૧ | લખપત | ૧ | ૩ |

| | | | |
|---|---|---|---|
| | કુલ... | ૧૯૮ | ૧૦૪૩ |

પત્રક–૨

| અ. નં. | તાલુકાનું નામ | સને ૨૦૧૪ | સને ૨૦૧૫ |
|---|---|---|---|
| | | બી. પી. એલ.રેશન કાર્ડ રદ કરેલની સંખ્યા | બી. પી. એલ. રેશન કાર્ડ રદ કરેલની સંખ્યા |
| ૧ | ભાવનગર ગ્રામ્ય | ૧૪ | ૯ |
| ૨ | શિહોર | ૦ | ૦ |
| ૩ | વલ્લભીપુર | ૧૫ | ૪ |
| ૪ | ગારીયાધાર | ૦ | ૧૨ |
| ૫ | ઉમરાળા | ૩૬ | ૩૬ |
| ૬ | પાલીતાણા | ૦ | ૧૮ |
| ૭ | જેસર | ૦ | ૧૩ |
| ૮ | મહુવા | ૨૦ | ૧૨૬ |
| ૯ | તળાજા | ૩૦ | ૩૦ |
| ૧૦ | ઘોઘા | ૦ | ૦ |
| ૧૧ | ઝોનલ–૧ | ૦ | ૦ |
| ૧૨ | ઝોનલ–૨ | ૩૦ | ૧૬ |
| ૧૩ | ઝોનલ–૩ | ૦ | ૩૪ |
| | કુલ... | ૧૪૫ | ૨૯૮ |

પત્રક–૩

| અ. નં. | તાલુકાનું નામ | સને ૨૦૧૪ | સને ૨૦૧૫ |
|---|---|---|---|
| | | બી. પી. એલ.રેશન કાર્ડ રદ કરેલની સંખ્યા | બી. પી. એલ. રેશન કાર્ડ રદ કરેલની સંખ્યા |
| ૧ | કલોલ | ૧૯ | ૨ |
| ૨ | માણસા | ૦ | ૦ |
| ૩ | ગાંધીનગર | ૧ | ૦ |
| ૪ | ગાંધીનગર ઝોનલ | ૧૬ | ૦ |
| ૫ | દહેગામ | ૧ | ૨ |
| | કુલ... | ૩૭ | ૪ |

–––––––

વિસાવદર તાલુકાના જૂની ચાવંડ ગામે ખેતરના ખુલ્લા કુવામાં દીપડીનું પડી જતાં મોત

અતારાંકિતઃ ૭૩૩૧ (૨૦–૦૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર)**:** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે **:**–

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) વિસાવદર તાલુકાના જૂની ચાવંડ ગામે ખેતરના ખુલ્લા કુવામાં માર્ચ–૨૦૧૬ માં છ વર્ષની રક્ષિત દીપડી પડી જતાં તેનું મોત થયું હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મથાળા વિનાના (પેરાપેટ વોલ) ખુલ્લા કુવો રાખનારા ઈસમ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૧૬–૦૯–૨૦૧૬)

(૧) હા જી.

(૨) આ બનાવ રેવન્યુ વિસ્તારમાં પામેલ હતો. ખેડૂતો દ્વારા પોતાના ખેતરની અંદર ગાળવામાં આવતા કુવાઓ ખુલ્લા રાખવામાં આવતા હોય છે. આવા ખુલ્લા કુવાઓમાં વન્ય પ્રાણી પડી જવાથી મૃત્યુના બનવો બને છે. ખુલ્લા કુવાઓ રેવન્યુ વિસ્તારોમાં હોય જેથી કોઈ ઈસમો સામે વન વિભાગ દ્વારા કોઈ સીધી કાનૂની કાર્યવાહી કરવામાં આવી નથી.

–––––––

રાજ્યમાં હાથીના ઓનરશીપ સર્ટીફીકેટ

અતારાંકિતઃ ૭૩૩૯ (૨૨–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) રાજ્યમાં તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા હાથીના ઓનરશીપ સર્ટીફીકેટો વનખાતાએ છેલ્લા પાંચ વર્ષમં આપ્યા છે,

(૨) કેટલા હાથીના ઓનરશીપ સર્ટીફીકેટ તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ આપવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં આપવામાં આવનાર છે ?

વન મંત્રીશ્રી : (૧૬–૦૯–૨૦૧૬)

(૧) ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ હાથીના ઓનરશીપ સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

| અનું. | વર્ષ | જિલ્લાનું નામ | આપવામાં આવેલ ઓનરશીપ સર્ટીફીકેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૧ | – | ૦૦ |
| ૨ | ૨૦૧૨ | અમદાવાદ | ૦૨ |
| ૩ | ૨૦૧૩ | – | ૦૦ |
| ૪ | ૨૦૧૪ | – | ૦૦ |
| ૫ | ૨૦૧૫ | – | ૦૦ |

(૨) ૭

(૩) સાત હાથી પૈકીના પાંચ હાથીઓના ઓનરશીપ સર્ટીફીકેટ વર્ષ–૨૦૧૬ માં આપવામાં આવેલ છે. જ્યારે બે હાથીઓના ઓરીજનલ દસ્તાવેજ તથા અન્ય પુરાવા જેવા સાધનિક કાગળો માંગવામાં આવેલ છે. તે મળ્યેથી ઓનરશીપ સર્ટીફીકેટો અંગેની કાર્યવાહી કરી શકાશે.

–––––––

કચ્છ અને ભાવનગર જિલ્લામાં ગુન્હાઓમાં વપરાયેલ વાહનોનો કબજો

અતારાંકિતઃ ૭૯૪૭ (૨૨–૦૭–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) કચ્છ અને ભાવનગર જિલ્લામાં સને-૨૦૧૪ અને ૨૦૧૫ માં જંગલ ચોરીના ગુન્હાઓમાં વપરાયેલા કેટલા વાહનો કબજે લેવાયેલા છે,

(૨) આ કબજે કરાયેલા વાહનોનો નિકાલ કેવી રીતે કરવામાં આવે છે ? અને

(૩) જંગલ ચોરીના ગુન્હામાં નિયંત્રણ રાખવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

વન મંત્રીશ્રી : (૧૬-૦૯-૨૦૧૬)

(૧) કચ્છ અને ભાવનગર જિલ્લામાં સને ૨૦૧૪ અને ૨૦૧૫ માં નીચે મુજબના વાહનો જંગલ ચોરીના ગુન્હાઓમાં વપરાયેલ અને કબજો લેવાયેલ છે.

| અ. નં. | જિલ્લો | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૦ | ૩ | ૩ |
| ૨ | કચ્છ | ૧૧૫ | ૩૩ | ૧૪૮ |
| | કુલ... | ૧૧૫ | ૩૬ | ૧૫૧ |

(૨) આ કબજે કરાયેલા વાહનોને ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ મુજબ કાયદેસરની કાર્યવાહીના અંતે દંડ/નુકશાની વળતરની રકમ વસુલ લેવામાં આવે છે તેમજ વાહનો ખાલસા કરી તેનો જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવે છે.

(૩) જંગલ ચોરીના ગુન્હામાં નિયંત્રણ રાખવા વન વિભાગ દ્વારા મોબાઈલ સ્કવોર્ડ તથા ક્ષેત્રીય સ્ટાફ દ્વારા સતત ફેરણું અને નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે. ગુનામાં સંડોવાયેલા વાહનોને અટકમાં લેવામાં આવે છે તથા ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ મુજબ વન ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

-------

જામનગરની સિવિલ હોસ્પિટલમાં બંધ મેડીકલ સાધનો બાબતે

અતારાંકિતઃ ૭૩૦૫ (૨૭-૦૬-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગરની સિવિલ હોસ્પિટલમાં તા. ૩૧ માર્ચ ૨૦૧૬ ની સ્થિતિએ ક્યા મેડીકલ સાધનો/મશીનો બંધ હાલતમાં પડયા છે,

(૨) તે બંધ રહેવાના શા કારણો છે,

(૩) ઉક્ત બંધ મશીનોને પુનઃકાર્યરત કરવા કોને જવાબદારી સોંપાઈ છે, અને

(૪) ઉક્ત તમામ બંધ સાધનો કયા સુધીમાં પુનઃ કાર્યરત કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૧૬-૦૯-૨૦૧૬)

(૧) જામનગરની સિવિલ હોસ્પિટલમાં તા. ૩૧ માર્ચ ૨૦૧૬ ની સ્થિતિએ કુલ-૫ મેડીકલ સાધનો/મશીનો બંધ હાલતમાં હતા.

| ક્રમ | મશીનનું નામ |
|---|---|
| ૧ | ઈ.ઈ.જી. મશીન |
| ૨ | કોટરી મશીન |

| | |
|---|---|
| ૩ | પેન્સિલ બિમ ડેન્સિટોમીટર |
| ૪ | બેબી લોગ વેન્ટીલેટર |
| ૫ | કોટરી મશીન |

(૨) અને (૩) ઉકત કુલ–૫ મશીનો સ્પેર પાર્ટ ખરાબ થઈ જવાના કારણે બંધ હાલતમાં હતા, અને આ બંધ મશીનોને પુનઃ કાર્યરત કરવાની કામગીરી જી. જી. હોસ્પિટલ જામનગર ખાતેના બાયો મેડીકલ એન્જીનીયરની દેખરેખ હેઠળ કરવામાં આવેલ. ઉક્ત તમામ બંધ સાધનો નીચે દર્શાવેલ તારીખથી રીપેરીંગ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

B-

| ક્રમ | મશીનનું નામ | સાધન રીપેરીંગ થયા તારીખ |
|---|---|---|
| ૧ | ઈ.ઈ.જી. મશીન | ૦૪–૦૪–૨૦૧૬ |
| ૨ | કોટરી મશીન | ૦૬–૦૪–૨૦૧૬ |
| ૩ | પેન્સિલ બિમ ડેન્સિટોમીટર | ૧૩–૦૪–૨૦૧૬ |
(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

સુરત, સુરેન્દ્રનગર અને તાપી જિલ્લામાં રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૧ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર સુરત, સુરેન્દ્રનગર અને તાપી જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સ્પેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૦-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ``મુજબ

(૨) જિલ્લાનું નામ આ સાથે સામેલ પરિશિષ્ટ પ્રમાણે

| | |
|---|---|
| સુરત | ૧ થી ૭ પ્રમાણે |
| તાપી | ૧ થી ૪ પ્રમાણે |
| સુરેન્દ્રનગર | ૧ થી ૪ પ્રમાણે |

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૨ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સ્પેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૦-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ``મુજબ

(૨) જિલ્લાનું નામ આ સાથે સામેલ પરિશિષ્ટ પ્રમાણે

| | |
|---|---|
| પાટણ | ૧ થી ૪ પ્રમાણે |
| પોરબંદર | ૧ થી ૪ પ્રમાણે |
| રાજકોટ | ૧ થી ૪ પ્રમાણે |
| સાબરકાંઠા | ૧ થી ૫ પ્રમાણે |

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

મોરબી, નર્મદા, નવસારી અને પંચમહાલ જિલ્લામાં રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૩ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર મોરબી, નર્મદા, નવસારી અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સપેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૧-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ``મુજબ

(૨) જિલ્લાનું નામ આ સાથે સામેલ પરિશિષ્ટ પ્રમાણે

| | |
|---|---|
| મોરબી | ૧ થી ૫ પ્રમાણે |
| નર્મદા | ૧ થી ૭ પ્રમાણે |
| નવસારી | ૧ થી ૭ પ્રમાણે |
| પંચમહાલ | ૧ થી ૬ પ્રમાણે |

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

કચ્છ, ખેડા, મહીસાગર અને મહેસાણા જિલ્લામાં રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૪ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કચ્છ, ખેડા, મહીસાગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સપેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૦-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ`` મુજબ

(૨) જિલ્લાનું નામ આ સાથે સામેલ પરિશિષ્ટ પ્રમાણે

| | |
|---|---|
| કચ્છ | ૧ થી ૭ પ્રમાણે |
| ખેડા | ૧ થી ૪ પ્રમાણે |
| મહીસાગર | ૧ થી ૫ પ્રમાણે |
| મહેસાણા | ૧ થી ૪ પ્રમાણે |

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૫ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સપેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૧-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ`` મુજબ

(૨) જિલ્લાનું નામ પરિશિષ્ટ ૧ થી ૫ પ્રમાણે

| | |
|---|---|
| ગાંધીનગર | ૧ થી ૪ પ્રમાણે |
| ગીર સોમનાથ | ૧ થી ૪ પ્રમાણે |

જામનગર ૧ થી ૪ પ્રમાણે

જુનાગઢ ૧ થી ૫ પ્રમાણે

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૬ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સપેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૦-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ``મુજબ

(૨) જિલ્લાનું નામ આ સાથે સામેલ પરિશિષ્ટ પ્રમાણે

છોટા ઉદેપુર ૧ થી ૭ પ્રમાણે

દાહોદ ૧ થી ૪ પ્રમાણે

ડાંગ ૧ થી ૪ પ્રમાણે

દેવભૂમિ દ્વારકા ૧ થી ૪ પ્રમાણે

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

અમદાવાદ, અમરેલી, આણંદ અને અરવલ્લી જિલ્લામાં રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૭ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર અમદાવાદ, અમરેલી, આણંદ અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સપેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૦-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ`` મુજબ

(૨) જિલ્લાનું નામ આ સાથે સામેલ પરિશિષ્ટ પ્રમાણે

| | |
|---|---|
| અમદાવાદ | ૧ થી ૭ પ્રમાણે |
| અમરેલી | ૧ થી ૫ પ્રમાણે |
| આણંદ | ૧ થી ૪ પ્રમાણે |
| અરવલ્લી | ૧ થી ૫ પ્રમાણે |

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર અને બોટાદ જિલ્લામાં રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરની તપાસ

અતારાંકિતઃ ૬૩૬૮ (૨૧-૧૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર રેવન્યુ ઈન્સપેક્શન કમિશ્નરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ/ઈન્સપેક્શન કરવામાં આવી,

(૨) ઈન્સપેક્શન દરમ્યાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) કઈ કચેરીમાં કયા પ્રકારની ગેરરીતીઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શા પગલાં ભરવામાં આવ્યા ?

મહેસૂલ મંત્રીશ્રી: (૨૦-૯-૨૦૧૬)

(૧) આ સાથે સામેલ *પત્રક ``અ`` મુજબ

(૨) જિલ્લાનું નામ આ સાથે સામેલ પરિશિષ્ટ પ્રમાણે

| | |
|---|---|
| બનાસકાંઠા | ૧ થી ૭ પ્રમાણે |
| ભરૂચ | ૧ થી ૫ પ્રમાણે |
| ભાવનગર | ૧ થી ૫ પ્રમાણે |
| બોટાદ | ૧ થી ૫ પ્રમાણે |

(૩) ગેરરીતીઓ ધ્યાને આવેલ નથી પરંતુ કેટલીક વહીવટી ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીનની માપણીનાં પડતર કેસ

અતારાંકિતઃ ૯૧૯૦ (૩૦-૦૮-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર જમીનની માપણી અંગેના કેટલા કેસો પડતર છે ?

(૨) ઉકત કેસો પડતર રહેવાનાં મુખ્યત્વે કારણો શા છે, અને

(૩) ઉકત તમામ પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

મહેસૂલ મંત્રીશ્રી : (૦૭-૧૧-૧૬)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર જમીનની માપણી અંગેના પડતર કેસો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | પડતર કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાળિયા | ૪૯ |
| ૨ | કલ્યાણપુર | ૫૬ |
| ૩ | ભાણવડ | ૧૪ |
| ૪ | દ્વારકા | ૦૭ |
| | કુલ | ૧૨૬ |

(૨) ડી.આઈ.એલ.આર. કચેરીના કર્મચારી (સર્વેયરો) રી-સર્વે ક્ષતિ સુધારણા કામગીરી, પ્રમોલગેશન થયેલ ગામોમાં ચકાસણીની કામગીરી, ધાર્મિક સ્થળોના દબાણવાળા વિસ્તારની માપણી કામગીરી તથા ખનીજ ચોરીવાળા વિસ્તારની લિઝની માપણી કામગીરીમાં રોકાયેલ હોવાના કારણે કેસો પડતર રહેલ છે.

(૩) ઉકત પડતર કેસો પૈકી ૭૧ કેસોનો નિકાલ થયેલ છે. જ્યારે બાકી રહેલ ૫૫ કેસોના નિકાલની કામગીરી ચાલુ છે.

-------

### બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

અતારાંકિતઃ ૮૭૦૧ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦-૯-૧૬)

(૧) રાજ્ય સરકારની "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ ગૃહ વપરાશના વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણની સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૧૪ | ૧૪૬૫ |
| | ૨૦૧૫ | ૨૫૮૨ |

| | | |
|---|---|---|
| સાબરકાંઠા | ૨૦૧૪ | ૨૭૯૯ |
| | ૨૦૧૫ | ૧૯૦૧ |

-------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ વિજ જોડાણો

અતારાંકિતઃ ૮૭૦૩ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૧૪, ૨૦૧૫માં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વિજ જોડાણો આપવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦-૯-૧૬)

રાજ્ય સરકારની “ઝુંપડા વીજળીકરણ યોજના” અંતર્ગત રાજકોટ મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ ગૃહ વપરાશના વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ | ૨૦૧૪ | ૫૦૩૦ |
| | ૨૦૧૫ | ૪૨૦૦ |
| મોરબી | ૨૦૧૪ | ૧૧૯૩ |
| | ૨૦૧૫ | ૧૧૨૨ |
| સુરેન્દ્રનગર | ૨૦૧૪ | ૨૭૬૧ |
| | ૨૦૧૫ | ૧૭૧૬ |

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

અતારાંકિતઃ ૮૭૪૪ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦-૯-૨૦૧૬)

રાજ્ય સરકારની "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત પંચમહાલ અને દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ ગૃહ વપરાશના વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|
| પંચમહાલ | ૨૦૧૪ | ૫૨૦ |
| | ૨૦૧૫ | ૧૧૪૬ |

| | | |
|---|---|---|
| દાહોદ | ૨૦૧૪ | ૩૭૬ |
| | ૨૦૧૫ | ૧૭૧૧ |

-------

અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

અતારાંકિતઃ ૮૭૪૫ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦-૯-૨૦૧૬)

રાજ્ય સરકારની "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ ગૃહ વપરાશના વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|
| અરવલ્લી | ૨૦૧૪ | ૬૮૧ |
| | ૨૦૧૫ | ૮૪૦ |
| મહીસાગર | ૨૦૧૪ | ૧૦૭૪ |
| | ૨૦૧૫ | ૫૬૮ |

-------

આણંદ અને ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

અતારાંકિતઃ ૮૭૪૮ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

આણંદ અને ખેડા જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦-૯-૨૦૧૬)

રાજ્ય સરકારની "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત આણંદ અને ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ ગૃહ વપરાશના વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|
| આણંદ | ૨૦૧૪ | ૧૪૫૧ |
| | ૨૦૧૫ | ૧૬૧૭ |

| | | |
|---|---|---|
| ખેડા | ૨૦૧૪ | ૧૬૪૩ |
| | ૨૦૧૫ | ૧૭૭૯ |

-------

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

અતારાંકિતઃ ૮૭૪૯ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦-૯-૨૦૧૬)

રાજ્ય સરકારની "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ ગૃહ વપરાશના વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|
| વડોદરા | ૨૦૧૪ | ૧૪૮૯ |
| | ૨૦૧૫ | ૧૯૫૪ |
| છોટા ઉદેપુર | ૨૦૧૪ | ૭૭ |
| | ૨૦૧૫ | ૧૭૫ |

-------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

અતારાંકિતઃ ૮૭૮૧ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૪, ૨૦૧૫ માં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦-૯-૨૦૧૬)

રાજ્ય સરકારની "ઝુંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ ગૃહ વપરાશના વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

| | | |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૪ | ૫૪૧ |
| | ૨૦૧૫ | ૩૪૩ |
| સુરત | ૨૦૧૪ | ૨૪૪ |
| | ૨૦૧૫ | ૨૩૫ |
| તાપી | ૨૦૧૪ | ૨૨૭ |
| | ૨૦૧૫ | ૮૦ |

-------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગ | ૬૫૨૨, ૬૫૨૩, ૬૫૨૪, ૬૫૨૫, ૬૫૨૭, ૬૫૨૮, ૭૩૭૪, ૭૩૭૫, ૭૩૭૬, ૭૩૭૭, ૭૩૭૮, ૭૩૭૯, ૭૩૮૦, ૭૩૮૧, ૭૩૮૨, ૭૩૮૮ | ૧૬ |
| ૨ | નાણા વિભાગ | ૯૧૭૦ | ૦૧ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૮૬૯૭, ૮૭૩૯, ૮૭૮૮ | ૦૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૩૫૭ | ૦૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૮૧૭૯, ૮૧૯૮, ૮૨૧૬, ૮૨૧૭, ૮૨૪૯, ૮૨૬૪, ૮૬૯૫, ૮૭૦૦, ૮૭૩૦, ૮૭૭૭, ૮૭૭૮, ૮૭૮૦ | ૧૨ |
| ૬ | મહેસૂલ વિભાગ | ૬૩૬૦, ૬૩૬૧, ૬૩૬૨, ૬૩૬૩, ૬૩૬૪, ૬૩૬૫, ૬૩૬૬, ૬૩૬૭, ૬૩૬૮, ૯૧૯૦ | ૧૦ |
| ૭ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૮૭૦૧, ૮૭૦૩, ૮૭૪૪, ૮૭૪૫, ૮૭૪૮, ૮૭૪૯, ૮૭૮૧ | ૦૭ |
| | કુલ | | ૫૦ |

-------

અધ્યક્ષશ્રી : અતારાંકિત પ્રશ્નોની પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના એકવીસમા અહેવાલની રજૂઆત

શ્રી સતીષભાઇ મો. પટેલ ( સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો એકવીસમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ

શ્રી સતીષભાઇ મો. પટેલ ( સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન–સરકારી કામકાજ માટેની સમિતિના એકવીસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)
(શિક્ષણ વિભાગ)
માગણી ક્રમાંક : ૯

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૭,૯૬,૮૪,૧૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૭,૧૨,૮૪,૩૭,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક ૧૦

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨,૨૦,૩૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૪૦,૬૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨

(સભ્યશ્રી ગૃહની સેવામાંથી સસ્પેન્ડ થયેલ હોવાથી રજૂ થઇ શકી નહીં)

મહેસૂલ વિભાગ

માગણી નં. ૭૮

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૦૬,૧૦, ૫૭,૦૦૦ની માગણી ક્રમાંક-૭૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૭૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૩૭ રજૂ કરવામાં આવી.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૩૯ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૪૦ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભુ રાઠોડ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૪૨ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૭૯

મહેસૂલવિભાગ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધયક્ષશ્રી, હું કુદરતી આફતો અંગેની રાહત સેવા અંગેની સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૬૧૮, ૯૫,૨૯,૦૦૦ ની અને મૂડી ખર્ચ પેટે રૂ. ૧૧૬,૨૫,૪૦,૦૦૦ ની માગણી ક્રમાંક-૭૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૭૯ રજૂ થાય છે.

શ્રી રમેશભાઇમ.ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૪૪ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૯ રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઈ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૦ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૭–૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા.૨૨–૩–૨૦૧૭ (બીજી બેઠક)(દસમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શિક્ષણ વિભાગ<br>માગણી નં ૯ | | |
| ૧ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૧ – પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૯૪,૭૩,૬૨,૦૦૦<br>અ.પ્ર.નં. ૪<br>પાના નં. ૧૫ થી ૧૭ | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓમાં થતા ફી વધારા બાબતે આવી શાળાઓના વાર્ષિક હિસાબો ચકાસવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૨ | ,, | ૧૦૦ | શાળા પ્રવેશોત્સવ ઉજવાતા હોવા છતાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ જેવા પાયાના પ્રશ્નોને નિવારી કથળતા જતા શિક્ષણના સ્તરને ઉચું લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી (મહંમદજાવીદ પીરઝાદા) |
| ૩ | ,, | ૧૦૦ | ગુણોત્સવ કાર્યક્રમો પછી પણ બાળકોને લેખન–વાંચનની પડતી તકલીફો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેશભાઈ ગરાસીયા |
| *૪ | ,, | ૧૦૦ | ગ્રામીણ અને પછાત અંતરિયાળ વિસ્તારોમાં વર્ગખંડોના અભાવે બાળકોને ખુલ્લામાં અભ્યાસ કરવો પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત |
| ૫ | ,, | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓમાં વારંવાર થતા ફી વધારા પર નિયંત્રણ કરી વાલીઓ પર પડતા આર્થિક ભારણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઈ ચાવડા(મહેશકુમાર પટેલ) |
| ૬ | ,, | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓ દ્વારા થતા વારંવાર નિયમોના ઉલ્લંઘનને અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૭ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૧ – પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૯૪,૭૩,૬૨,૦૦૦<br>અ.પ્ર.નં. ૪<br>પાના નં. ૧૫ થી ૧૭ | ૧૦૦ | ગુણોત્સવના પરિણામમાં નબળી શાળાઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ’’ | ૧૦૦ | બિનતાલીમી શિક્ષકોની ભરતી બંધ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોઈતાભાઈ પટેલ |
| *૯ | ’’ | ૧૦૦ | વ્યાપક ખર્ચાઓ છતાં પણ પ્રાથમિક શાળાઓમાં પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૦ | ’’ | ૧૦૦ | શિક્ષકોની જિલ્લા ફેરબદલીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૧ | ’’ | ૧૦૦ | શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત પ્રવાસનું વલણ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રહલાદભાઈ પટેલ |
| ૧૨ | ’’ | ૧૦૦ | શાળાઓમાંથી જ ગણવેશ ખરીદવા માટે વિદ્યાર્થીઓને પડાતી ફરજ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| ૧૩ | ’’ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના શિક્ષકોની બદલીના કેમ્પોમાં થતી ગેરરીતિઓ અટકાવી જરૂરિયાતમંદ શિક્ષકોને તેનો યોગ્ય લાભ અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઈ ખાનપુરા |
| ૧૪ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૧ – પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬ – શિક્ષકો ....... સેવાઓ<br>૧૨ – E D N –૬૮– સર્વ શિક્ષા અભિયાન (કે.પુ.યો)<br>રૂ. ૧૦,૩૦,૦૩,૪૯, ૦૦૦<br>અ.પ્ર.નં. ૪<br>પાના નં.૧૯ થી ૨૧ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાન હેઠળ અપાયેલ મોટાભાગના બંધ હાલતના ઈન્ટરનેટ કનેકશનોને ચાલુ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૫ | ’’ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાનને અપાતી ગ્રાન્ટની નિયમિત ચકાસણી કરી થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૧૬ | ’’ | ૧૦૦ | શાળાના મકાનોની ખરાબ હાલતના લીધે શાળા છોડી જવા મજબૂર થતા  બાળકોની પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૭ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૨ – માધ્યમિક શિક્ષણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – માધ્યમિક....બોર્ડ<br>રૂ. ૩,૦૮,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પાના નં. ૩૦ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં દૂર–દૂર રહેલી માધ્યમિક શાળાઓને બદલે બાળકોને  અનુકૂળ પડે એવા નજીકના સ્થળે શાળાઓ શરૂ કરી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૮ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૨ – માધ્યમિક શિક્ષણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – માધ્યમિક....બોર્ડ<br>રૂ. ૩,૦૮,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પાના નં. ૩૦ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડના રોજમદાર કર્મચારીઓને નામદાર સુપ્રીમ કોર્ટના ચૂકાદા પછી પણ પગારના પૂરતા લાભોમાં ન્યાય અપાવવાની બાબતમાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૯ | ’’ | ૧૦૦ | શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર |
| ૨૦ | ’’ | ૧૦૦ | શાળાના ટ્રસ્ટીઓ દ્વારા વિવિધ ફીઓના નામે ગેરકાયદેસર રીતે લાખો રૂપિયા ઉઘરાવાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨૧ | ’’ | ૧૦૦ | શાળાઓના શિક્ષકો દ્વારા ચલાવાતા કોચિંગ કલાસીસ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૨ | ’’ | ૧૦૦ | ડોનેશન લેતી શાળાઓ સામે સખ્તાઈથી પગલા લઈ તેની માન્યતા રદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૨૩ | ’’ | ૧૦૦ | શાળાઓ દ્વારા વર્ગખંડમાં વિદ્યાર્થીઓની નિયત સંખ્યા રાખવાના નિયમનું ઉલ્લંઘન થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૨૪ | ’’ | ૧૦૦ | માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ સત્વરે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૨૫ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૨ – માધ્યમિક શિક્ષણ<br>૧૦૯ – સરકારી.......શાળાઓ<br>૦૧– E D N –૧૯ સરકારી<br>........... શાળાઓ<br>રૂ. ૧,૫૯,૧૧,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પાના.નં. ૩૭ અને ૩૮ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓના નબળા પરિણામો માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૨૬ | ’’ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ નીવારી અભ્યાસ પર થતી ગંભીર અસરો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| *૨૭ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૩ – યુનિવર્સિટી........શિક્ષણ<br>૧૦૨– યુનિવર્સિટીઓને સહાય<br>૦૪ – E D N –૩૪<br>યુનિવર્સિટીઓને અનુદાન<br>રૂ. ૩,૦૧,૮૩,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પાના નં. ૫૨ થી ૫૬ | ૧૦૦ | યુનિવર્સિટીઓને અનુદાનો આપ્યા પછી પણ ગેરરીતિની ફરિયાદો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૨૮ | ૨૨૩૬ – પોષણ<br>૦૨–પોષણ યુકત.......વિતરણ<br>૧૦૨ –મધ્યાહન ભોજન<br>(કે.પુ.યો.)<br>અં.પ્ર.નં.૪<br>રૂ. ૭,૦૪,૯૦,૩૫,૦૦૦<br>પાના નં. ૧૨૫ થી ૧૨૮ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓનું આર્થિક શોષણ થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૯ | ’’ | ૧૦૦ | મધ્યાહન ભોજનના સારા રેશનનું થતું કાળાબજાર અટકાવવામાં તેમજ બાળકોને હલકું અનાજ ખવડાવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા |

| | | | | |
|---|---|---|---|---|
| | | માગણી નં. ૧૦ | | |
| *૩૦ | ૨૨૦૫ – કલા અને સંસ્કૃતિ<br>૧૦૧ – લલિત કલા શિક્ષણ<br>૦૧ – સંગીત નાટ્ય ભારતીને અનુદાન<br>રૂ. ૬૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પાના નં. ૧૧૯ | ૧૦૦ | લલિત કલાના શિક્ષણનો સમાજમાં પ્રસાર થાય તેમજ તેને વધુ નાણાકીય સહાય મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૧ | ,, | ૧૦૦ | સંગીત–નાટ્ય અકાદમીની પ્રવૃતિઓને અનુદાનો આપવા છતાં તેનું સફળતાપૂર્વક આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઈ પરમાર |
| | | મહેસૂલ વિભાગ<br>માગણી નં. ૭૮ | | |
| *૩૨ | ૨૦૫૩ – જિલ્લા વહીવટ<br>૦૯૩ – જિલ્લા...વર્ગ<br>૦૧ – કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૮૨,૩૭,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૫૯ અને ૬૦ | ૧૦૦ | મામલતદાર કચેરીઓમાં કામ કરવા માટે આમ જનતા પાસેથી નાણા લેનાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૩૩ | ,, | ૧૦૦ | સંકલન સમિતિમાં ધારાસભ્યોએ પૂછેલા પ્રશ્નોના અયોગ્ય પ્રત્યુત્તર અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ચૌહાણ |
| *૩૪ | ,, | ૧૦૦ | કલેક્ટર કચેરીઓના જનસેવા કેન્દ્રમાં અધિકારી/કર્મચારીઓની ગેરહાજરીથી અરજદારોને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી (રાઘવજી પટેલ) |
| ૩૫ | ,, | ૧૦૦ | કલેક્ટર કચેરી હસ્તકની તાબાની કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કરમશીભાઈ પટેલ |
| *૩૬ | ,, | ૧૦૦ | મામલતદાર કચેરીઓમાં મામલતદારની ગેરહાજરીથી આમ જનતાના કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૩૭ | ૨૦૫૩ – જિલ્લા વહીવટ<br>૦૯૩ – જિલ્લા...વર્ગ<br>૦૧ – કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૮૨,૩૭,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૫૯ અને ૬૦ | ૧૦૦ | વિવિધ સરકારી કાર્યક્રમોમાં કર્મચારીઓને સાંકળતા તેમની વ્યસ્તતાને કારણે કચેરીઓના રોજિંદા કામો પર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૩૮ | ,, | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં એજન્ટો/ વચેટીયાઓ પર રોક લગાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૩૯ | ,, | ૧૦૦ | જમીનને લગતી ફાઈલોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ |
| ૪૦ | ,, | ૧૦૦ | ૭/૧૨ ના ઉતારામાં અને પાણીપત્રકમાં નિયમિત નોંધ ન લેનાર તલાટીઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષિયારા |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૧ | ,, | ૧૦૦ | ભુમાફીયાઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૪૨ | ,, | ૧૦૦ | જમીન સંપાદનના કેસમાં વ્યકિતને વિના વિલંબે વળતર ચૂકવાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| માગણી નં. ૭૯ | | | | |
| *૪૩ | ૨૨૪૫ – કુદરતી.....રાહત<br>૦૧ – અનાવૃષ્ટિ<br>૧૦૨ – પીવાના ......... પુરવઠો<br>રૂ. ૧૫,૧૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૮૭ અને ૮૮ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાનું પાણી સમયસર અને પૂરતા પ્રમાણમાં પૂરૂં પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રનિલ રાજ્યગુરૂ |
| ૪૪ | ,, | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કરો દ્બારા પૂરતા જથ્થામાં પાણી પૂરૂ પાડવામાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઈ ચાવડા |
| *૪૫ | ,, | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણી પૂરૂ પાડવામાં રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૪૬ | ,, | ૧૦૦ | ચોમાસામાં કુદરતી આફતોથી બચવા માટે નિષ્ફળ ન જાય તેવું નક્કર આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૪૭ | ૨૨૪૫ – કુદરતી.....રાહત<br>૮૦ – સામાન્ય<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૧૨૮ અને ૧૨૯ | ૧૦૦ | અછત અને અતિવૃષ્ટિથી થતા નુકશાનના આંકડા સમયસર રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ રાઠોડ |
| ૪૮ | ,, | ૧૦૦ | દુષ્કાળ અને આફત સમયે જે–તે વિસ્તારોને તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તાર જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર |
| ૪૯ | ૨૨૪૫ – કુદરતી.....રાહત<br>૮૦ – સામાન્ય<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પાના નં. ૧૨૮ અને ૧૨૯ | ૧૦૦ | અતિવૃષ્ટિ અને પૂરના પાણીનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૫૦ | ,, | ૧૦૦ | કુદરતી આફતો સમયે લાભાર્થીઓને પુરાવાના અભાવના વિકલ્પે પણ યોગ્ય સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઈ ગોહેલ (બળદેવજી ઠાકોર) |

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્ત બંને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીઓ ઉપર હું મારી પ્રથમ વાત કરીશ

**आहार,निन्द्रा,भय,मैथुन्य च सामान्य मेतत पशुभि निर्भयाणमः ,**

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭
માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**ज्ञान ही तेशो अधिको विशेष : ज्ञान हीना पशु समान :**

આપણે ત્યાં કહેવાયું છે કે આહાર, નિંદ્રા, ભય અને મૈથુન્ય એ તો જેનામાં જીવ છે એ બધા જ કરે. જ્ઞાન છે એ વિશેષ રીતે મનુષ્યને મળ્યું છે. કુદરતની દેન છે પરંતુ જો જ્ઞાન પ્રાપ્ત ન કરી શકાય તો દેખાવે મનુષ્ય લાગતો હોય એ પણ પશુ સમાન છે. જ્ઞાન કોણ આપે? જ્ઞાન આપવાનું કામ એ શિક્ષકનું છે, સરકારના શિક્ષણ વિભાગનું છે. અહીં જનરેશન, જેમ જનરેશન આવે છે એમાં મોર્ડન મેડિકલ સાયન્સ પણ કહે છે કે આજની જનરેશન, નવી પેઢી, નવા બાળકો એ બુદ્ધિમત્તામાં વધારે તેજસ્વી છે પરંતુ એનું ઘડતર કરનાર શિક્ષકોની જગ્યાઓ જ ખાલી છે. પ્રિન્સીપાલ હોય, ડેમોસ્ટ્રેટર હોય, પ્રોફેસર હોય, આસીસ્ટન્ટ પ્રોફેસર હોય , વિદ્યા સહાયક હોય કેટલી જગ્યાઓ આપની ખાલી રહે છે અને જગ્યાનું ભરતીનું કેલેન્ડર કે આપ જગ્યા બહાર પાડો છો, પહેલો જિલ્લો મળ્યો છે એનું મેરિટસ ઉંચું છે. મને વાંધો નથી એ જિલ્લાની પસંદગી માટે બીજી વખત કોશિશ કરે અને એમને આપ આપો પણ એ જે ભરતીમાં આવે ત્યારે એને નવી ભરતી આપ નહીં કહી શકો કેમ કે એ તો ઓલરેડી શિક્ષણમાં કામ કરતો હતો. પસંદગીના જિલ્લાને કારણે એ બીજે ગયો છે તો જેટલી જગ્યાની જાહેરાત બહાર પડે એ જગ્યા ભરાવી જોઇએ. નીતિ અંગ્રેજોની હતી ડીવાઇડ એન્ડ રૂલ, આપણી સરકારની લોકશાહીમાં ન હોઇ શકે. આપ ૨૦૦૬ પછીના એક ફીકસ પગારવાળાને અને ૨૦૦૬ પહેલાના ફીકસ પગારવાળાને એકને ગોળ અને એકને ખોળ આ નીતિ બરાબર નથી. જો લાભ આપીએ તો આપણે બધાને એકસરખું ધોરણ કરવું પડશે. મારા મત વિસ્તારના લખપત તાલુકામાં સરકારી કોલેજની માંગ હતી મારી. પછાત વિસ્તાર આપે જાહેરાત કરી બજેટમાં મને આનંદ થશે આપ એ જાહેરાત કરશો કે ત્યાં કેટલું ઇન્ફ્રાસ્ટ્રકચર આપ્યું. કેટલા પ્રોફેસરો આપ્યા છે અને કેટલી વ્યવસ્થા ત્યાં આપી છે? સાહેબ, કોલેજ માટેનું કોઇ ઇન્ફ્રાસ્ટ્રકચર ત્યાં ઊભું નથી થઇ શક્યું. ભાવનગરની સાયન્સ કોલેજમાંથી મેં બી.એસ.સી. કર્યુ. જ્યાં એ કોલેજની બિલ્ડિંગમાં બોર્ડ લગાવેલું છે કે મહાત્મા ગાંધી મોહનચંદ કરમચંદ આ કોલેજમાં ભણ્યા હતા એ બોર્ડ લાગેલ છે. કેટલાય સમયથી આપે ત્યાં પ્રિન્સિપાલની નિમણૂક કરી નથી. કોનો અહંકાર હતો એ? સાહેબ, આપે ઇન્ટર્વ્યૂ લીધા. ઇન્ટર્વ્યૂમાં પી.એચ.ડી. થયેલો સારો યુવાન એ પ્રિન્સિપાલ તરીકે સિલેક્ટ થયો. આપે કહ્યું કે આમાં ભ્રષ્ટાચાર થયો હોય એમ કરીને નિમણૂક રોકી દીધી. લોકાયુક્તમાં ફરિયાદ થઇ. લોકાયુક્તે કિલનચીટ આપી કે પ્રિન્સિપાલની નિમણૂકમાં કોઇ ભ્રષ્ટાચાર નથી. આ કિલનચીટ લોકાયુક્તે આપ્યા પછી ભાવનગરની સર પી.પી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલની નિમણૂક શા માટે નથી કરતા? આપના ઇન્ટર્વ્યૂ પૂરા છે, મેરીટ ઉપર આવેલ છે, લોકાયુક્તની કિલનચીટ છે. એ પ્રિન્સિપાલની તાત્કાલિક આપે નિમણૂક કરવી જોઇએ. શિક્ષક છે એને શિક્ષણનું કામ કરવા દો. શૌચાલય ગણવાનું કામ એ શિક્ષકનું નથી. આ બીજાં નાનાં મોટાં કામ એ શિક્ષકનાં નથી. એને જે કામ માટે રાખ્યાં છે, એ જ કામ એમની પાસેથી લેવું જોઇએ. ભાવનગરની સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કોલેજ છે. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાયેલ છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીના ઘણા સીધા જોડાણ ભાવનગર સાથે છે. ભાવનગર જિલ્લાના કદાચ એને ઋણી ગણીએ તો ઋણી ગણાય, કારણ કે ત્યાંની દીકરી મળ્યા પછી ભૂપેન્દ્રસિંહજીની પ્રગતિ થઇ છે. એમને હું કહીશ કે એમને પૂછજો કે ભાવનગરની એસ.એન.ડી.ટી. મહિલા કોલેજ એટલે ભાવનગરનું નાક અને ગૌરવ છે. હવે એ કોલેજમાંથી ભણેલા છે. એસ.એન.ડી.ટી. જેવી યુનિવર્સિટી સાથે સંલગ્ન છે અને વિદ્યા સહાયક માટે જાય તો એની દીકરીને ના પાડે કે એસ.એન.ડી.ટી.નું સર્ટીફિકેટ અમારા વિદ્યા સહાયકમાં ના ચાલે. તને નોકરીએ ન રાખીએ. આ કઇ પ્રકારની સરકારની નીતિ છે? એ મને સમજાતું નથી. હવે જે મુદા તરફ હું આ વિધાનસભા ગૃહનું ધ્યાન દોરવા માગું છું તે અતિશય ગંભીર છે. આ પક્ષે બેઠા હોઇએ કે આ પક્ષે બેઠા હોઇએ. હું આક્ષેપ નથી કરતો. મારી કોઇ રાજકીય વાત નથી. મારા હાથમાં આ જ સરકારના ૩ અધિકારીઓની બનેલી તપાસ સમિતિનો અહેવાલ છે.

અધ્યક્ષશ્રી : આટલું કહ્યા પછી બાપુ તમારે બોલવાનું ઓછું રાખવું પડશે. ભાવનગરનું કહ્યા પછી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હા જી. એટલે હું તપાસ અહેવાલ કહું છું. સીધો આક્ષેપ નથી કરતો. તપાસ અહેવાલ પછી હું માનનીય અધ્યક્ષશ્રી આપે કહ્યું તે પ્રમાણે ભાવનગરના જમાઇ મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખું છું કે આમાં કડકમાં કડક કામ લો. વિદ્યાર્થી મહેનત કરીને ઇન્ટર્વ્યૂ દેવા જાય, ત્યારે મહેનતકશ યુવાન છે એને હૈયે ધરપત હોવી જોઇએ કે મારી લાયકાત કુદાવીને કોઇ અવળા માર્ગે નિમણૂક નહિ લઇ જાય એની એને ધરપત હોવી જોઇએ. પરંતુ આ સરકારમાં કેવું ચાલે છે, એના દાખલા આપવા માગું છું. મારા હાથમાં આ ૩ સરકારના અધિકારીશ્રીઓનો અહેવાલ છે. અહેવાલમાં કહ્યું છે કે જે ભરતી વિદ્યા સહાયકની કરવામાં આવી એમાં કેવા ગોટાળા કરવામાં આવ્યા હતા. એક રિપોર્ટનો અહેવાલ જ વાંચું છું. કેોપી પણ આપને મોકલી આપીશ. સુશ્રી પારૂલબેન. એમના મેળવેલ ગુણ હતા ૧૧૮૭. માર્કશીટમાં ચેડાં કરીને કરી નાખ્યાં ૧૨૭૨. અને એ ચેડાવાળી માર્કશીટના આધારે એને નોકરી મળી. શ્રી ગીરીશભાઇ માર્ક હતા ૧૩૩૯. ઝેરોક્સ કે.સી.માં છેડછાડ કરીને ૧૩૯૨ કરી નાખ્યા. અને એમને વિદ્યાસહાયકની નોકરી મળી ગઇ. આપની તપાસ સમિતિનો અહેવાલ કહે છે કે વિદ્યાસહાયકોની ફોટોકોપીની નકલ ખોટી હોવાનું સાબિત થયેલ છે. પેલો સાચો માણસ હતો એને કેટલો મોટો અન્યાય થયો. આટલાથી અટકતું નથી આવા થોકબંધ છે. આ સમિતિ કહે છે કે જી.સી.આર.ટી.સી. કૅમ્પ ગાંધીનગર ખાતે રાખેલો. અહીયા પ્રમાણપત્રો ચેક કરવાની જવાબદારી અધિકારીની હતી. એની સૂચના અપાઇ હતી. પરંતુ અધિકૃત અધિકારી દ્વારા ચકાસણી જ કરવામાં આવેલ નહિ હોવાનું જણાઇ આવેલ છે. આપે શું કર્યુ એ અધિકારીનું? હું આગળ કહીશ. કુલ ૧૩૬ વિદ્યાસહાયકો. આ તો એક જિલ્લાનો

દાખલો છે. સાહેબ, તપાસ કરજો મને આવનારે કહ્યું છે કે ખોટી રીતે અમારે ત્યાં દાખલ થવા માટે માર્ક વગર વિદ્યા સહાયક બનવા માટે ૫ થી લઇને ૧૧ લાખ રૂપિયા સુધીના અમે ચુકવેલા છે. કોઇ અધિકારી એમને એમ ખોટું કરતો હતો આ? ૧૩૬ એક જિલ્લાના છે. આપ આખા રાજયનો એક વર્ષનો હિસાબ લગાવો. આપને જવાબમાં તક મળશે. આપ કહેજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે સાબિતી આપવી પડશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબદારીપૂર્વક અને સાબિતી સાથે કહું છું. આપની સમિતિના અહેવાલ સાથે કહું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે લેવડ દેવડની વાત કરી તેની આપવી પડશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, તેની પણ વાત કરીશ. તેની સમિતિમાં જ લખ્યું છે. હું આપીશ. ૧૩૬ વિદ્યાસહાયકોને સ્પોર્ટસના પ્રમાણપત્રોના આધારે નિમણૂક મળેલી, અપંગના પ્રમાણપત્રોના આધારે નિમણૂક મળેલી, સી.પી.એડ.ના આધારે નિમણૂક મળેલી, એ.ટી.ડી અને સંગીતની લાયકાતના આધારે. આની સમિતિ તપાસ કરે. સમિતિના તપાસ અહેવાલમાં છે કે નિવેદનમાં સ્પોર્ટસ પ્રમાણપત્રના આધારે લાભ નહીં લીધો હોવાનું જણાય તેઓની નિમણૂક હાલમાં જણાવેલા મેરીટ અને કચેરીના કોમ્પ્યુટર ડેટામાં સ્પોર્ટસના ગુણમાં નિમણૂક આપવામાં આવેલી. તે નિમણૂક પત્રમાં સ્પોર્ટસની સાથે જે ગુણાંકન ગણવામાં આવેલ છે અને જે ઉલ્લેખ કરવામાં આવેલ છે આમાં ચોખ્ખો વિરોધાભાસ છે અને નિમણૂકો ગેરકાયદેસર આપવામાં આવેલ છે. આ હું નથી કહેતો. આપના ત્રણ અધિકારી કહે છે. કોમ્પ્યુટરમાં જે વિગતો સેવ કરવામાં આવેલી હોય તે જ વિગતો આધારિત વિવરણ રજૂ કરેલ છે. રજૂ કરવામાં આવેલ ૨૫૭ ઉમેદવાર સિવાયના વધારાના ૬૪ ઉમેદવારનું રેકર્ડ બાળી નાંખવામાં આવે છે. તે બાળનાર માણસ છે તે સિનિયર કલાર્ક છે. જેની સામે આપે કોઇ પગલાં આજસુધી ન લીધા પરંતુ તેને ઇન્ચાર્જ ટી.ડી.ઓ. બનાવીને આપે એક તાલુકાની અંદર આજે બેસાડી રાખ્યા છે. આ પ્રકારની નીતિ છે. માનનીય મંત્રીશ્રી સમિતિએ જે કહ્યું છે કે, સમિતિના તારણ મુજબ આ સ્પોર્ટસના પ્રમાણપત્રો નોકરી મેળવવા ખાતર બોગસ પ્રમાણપત્રો રજૂ કરેલા હોવાનું જણાઇ આવે છે. આ સમિતિનો રિપોર્ટ છે, મારો આક્ષેપ નથી. માનનીય મંત્રીશ્રી કહે છે કે પૈસાની લેતીદેતી થઇ હોય તેવું તમે શેના આધારે કહો છો? વાત સાચી છે તેમની કે મારી પાસે કોઇ આધાર વગર મારે બોલાય નહીં. મારે પૂરાવા આપવા પડે. એટલા માટે મારા પૂરાવારૂપે આ સમિતિના અહેવાલની છેલ્લી બે પંક્તિ. તે કહે છે કે આવું ગોટાળા એમને એમ ન થાય. હું તો વિરોધપક્ષનો ધારાસભ્ય છું. આ સમિતિનું તારણ છે. ગેરલાભ મેળવવા માટે એક પક્ષે આતુરતા અને બીજા પક્ષે સત્તાનો દૂરુપયોગ આ મિશ્રણનું પરિણામ ચોકકસ પ્રકારે ગેરરીતિ અને ભ્રષ્ટાચારને પ્રેરનારું છે. આથી મોટો પુરાવો શક્તિસિંહ કયાંથી લાવી શકે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ અનુમાન છે. અનુમાન છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સમિતિ કહે છે હું નથી કહેતો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર થયો છે તેવું અનુમાન છે.

અધ્યક્ષશ્રી : આવી કોઇ સમિતિ બનેલી છે કે કેમ? વિષય એટલે આવ્યો છે. આવી સમિતિ બનેલી છે?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ અપેક્ષા રાખું છું કે આપના ત્રણ અધિકારીઓની સમિતિ કહે ત્યારે, અને માનનીય ભુપેન્દ્રસિંહજી છે ત્યારે સમિતિનો આટલો અહેવાલ વાંચ્યા પછી એવી અપેક્ષા રાખું કે તેઓ કહે કે વિદ્યાસહાયકોની ભરતીના સંદર્ભની તપાસ હું સી.બી.આઇ.ને સોંપું છું અથવા સીટીંગ જજ મારફત આખા ગુજરાતમાં તપાસ થાય. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. કોઇ જાતની ચિંતા નો સવાલ ન રહે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે શિક્ષણનું સ્તર, અમે ગુણાંકન કરીએ, અમે સુધારીએ. મારા હાથમાં ૯ મે, ૨૦૧૧નો એક આપનો પરિપત્ર છે. આમાં આપે સરકારી શાળાના સંદર્ભમાં કહ્યું છે કે, ધોરણ ૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક શાળા એમ બે વિભાગમાં વહેંચવામાં આવે છે. રાજયમાં કુલ ૧૩૪૫૦ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ ઘટીને ૧૦૦ કરતાં નીચા થઇ ગયા છે માટે આ ૧૩૪૫૦ શાળાઓ બીજામાં મર્જ કરીએ છીએ. ૧૩૪૫૦ સરકારી પ્રાથમિક શાળાઓ આપની બંધ થઇ છે. ખાનગી શાળાઓ વધતી ગઇ. મૂલ્યાંકન કરવા માટે આપનો કેળવણી નિરીક્ષણ કાફી છે. કેળવણી નિરીક્ષકની જગ્યાઓ હતી, શા માટે આપ કેળવણી નિરીક્ષક ભરતા નથી? એ કેળવણીનું નિરીક્ષણ કરે ગુણોત્સવ કરવાની જરૂર નહીં. હું સરકારી શાળામાં ભણ્યો છું, અહીં બેઠેલા મોટા ભાગના માનનીય મંત્રીશ્રીઓ કોંગ્રેસના શાસનની સરકારી શાળામાં ભણ્યા હશે, આજે એમના દીકરાઓ છે એ સરકારી શાળામાં નથી ભણતા. ભણે સરકારી શાળામાં, આપનું તો શિક્ષણનું સ્તર ખૂબ સારું થઇ ગયું છે ને તો પછી એને ઝેવિયર્સમાં શા માટે ભણવા માટે મૂકવા પડે? આપને પ્રાઇવેટમાં શા માટે મોકલવા પડે? મોકલોને સરકારી શાળામાં, તમે ભણ્યા હતા એમ એ ય ભણે અને સરકારી શાળાનું શિક્ષણ લે. સવાલ એ છે કે, સરકારી શાળાઓમાં શિક્ષણ સદંતર ખાડે ગયું છે. મને કહેતા દુઃખ થાય છે કે, જે જગ્યાએ ૧ થી ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હોય એવા મારા કચ્છના તાલુકાઓ આપણે ભૂપેન્દ્રસિંહજી સાથે જઇને જોઇએ અને ત્યાં ભણાવનારો શિક્ષક કાગળ ઉપર કદાચ બે કે ત્રણ હશે પણ ૧ થી ૭ ધોરણ સુધીમાં હાજર શિક્ષક માત્ર એક અને કયારેક એક પણ ન હોય એવી સ્થિતિમાં એ બાળક ભણશે ક્યાંથી, એના પાસેથી આપણે શું અપેક્ષા રાખીશું? મારે માનનીય મંત્રીશ્રીનું એક અન્ય બાબત તરફ ઘ્યાન દોરવું છે કે, આપની જે એમ.એસ. યુનિવર્સિટી છે એમાં એમ.ઇ. ઇલેકટ્રોનિકસમાં ૪ બ્રાન્ચો છે જે સક્ષમ બ્રાન્ચો છે, આપના અભ્યાસ ક્રમો સરખા છે અને છતાં

જી.પી.એસ.સી.ના આસિસ્ટન્ટ પ્રોફેસરના ડીગ્રી એન્જિનિયરીંગની જાહેરાતમાં એમના સામે પ્રશ્નાર્થ ઉભો કરવામાં આવે છે, હું આપને વિસ્તૃત વિગત મોકલી આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, અછત રાહતની માગણીઓ પણ લઇને આવ્યા છે ત્યારે મારા મત વિસ્તારમાં વારંવાર અછતનો સામનો કરવો પડે છે. ગયા વખતે થોડાક છાંટા વધારે પડ્યા પરંતુ એનાથી પૂરતું ઘાસ થયું નથી એ અબડાસા તાલુકો, લખપત તાલુકો, નાની બન્ની, પાર્ટ ઓફ નગત્રાણા અને મોટી બન્ની આ કચ્છનો એ વિસ્તાર છે જે પશુધન આધારીત છે અને એ વિસ્તારમાં તાત્કાલીક અર્ધ અછત જાહેર કરવામાં આવે, ઢોરવાડા શરૂ થાય, કેટલ કેમ્પ શરૂ થાય અને પીવાના પાણી માટે નર્મદાનું પાણી વચ્ચે ચોરાઇ છે, કયાં ચોરાઇ છે એ આપ તપાસ કરશો તો ખબર પડશે, પરંતુ આ અછતગ્રસ્ત વિસ્તારમાં પૂરા ટેન્કર, આજે ટેન્કરની મુશ્કેલી છે અને સ્થાનિક સોર્સ નથી, કચ્છી માડુ તો એવો છે કે, સ્થાનિક સોર્સ હોય તો કોઇ ફરિયાદ પણ ન કરે અને દૂર જઇને પણ પાણી મેળવી લે પણ સ્થાનિક સોર્સ નથી એવા સમયમાં એ વિસ્તારમાં પૂરતી સુવિધા થાય એ શબ્દો સાથે આ માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં આટલી વાત કહીને હું મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા અને ટીમ ભાજપની સરકાર આ જે માગણીઓ લઇને આવી છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું નહી પણ ગુજરાતના ૬ કરોડ લોકો આજે ગૌરવપૂર્વક, ખૂબ આદરપૂર્વક, ખૂબ સત્કારથી આ સરકારના કાર્યો જોઇ રહ્યા છે અને માં સરસ્વતિ, માં શારદાનું જે રીતે શિક્ષણનું સન્માન કરે છે એમાં ભૂતકાળ અને વર્તમાન, ત્રાજવાના બંને પલ્લા જોઇને, ગઇ કાલ અને આજ ગુજરાતની જનતાને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાલે નાગરજીભાઇ અહીં બેઠાં હતા અને એમના પ્રવચનમાં સભાગૃહમાં કહેતા હતા કે, હું અજ્ઞાન રહ્યો એનું કારણ જો કોઇ હોય તો આ રાજયની કોંગ્રેસની સરકાર છે. હું ના ભણી શક્યો મને દુઃખ છે. મારા પિતાને ભણવું હતું, મારા ભાઇને ભણવું હતું, મારા પરિવારને ભણવું હતું પણ એ વખતે શાળા હતી શિક્ષક ન હતા, શિક્ષક હતા તો લાઇટ ન હતી, લાઇટ હતી તો પાથરણા ન હતા, પાથરણા હતા તો બેંચ ન હતી, બેન્ચ હતી તો શૌચાલય નહોતું, શૌચાલય હતું પણ લખવા માટેના ચોક નહોતા, બોર્ડ નહોતા આવી સ્થિતિમાં આ રાજયનો શિક્ષણ વિભાગ ચાલતો હતો, આજે ચૂંટાયેલો જાહેર જીવનનો પ્રતિનિધિ આજે ગૃહની અંદર આવું કહેતો હતો તો ગુજરાતમાં અજ્ઞાન રહેલો અશિક્ષિત રહેલો નાગરિક કેવી વ્યથા અનુભવતો હશે. એ જાણતો હશે, પાંચમા ધોરણમાં ભણતો એનો દીકરો કે દીકરી કમ્પ્યુટર ચલાવતો થયો હોય તો એ આ રાજ્ય સરકારની દેન છે. પાંચમા ધોરણમાં ભણતા છોકરાના હાથમાં મોબાઇલ આપો તો ખબર પડે અને એ મોબાઇલ લે એમાંથી એ મેઇલ કરે, ગુગલમાં જાય, ગાયન વગાડે, ફોટો પાડે, ફોટો મોકલી આપે, ગેઇમ શોધી લાવે, આ બધું એને આવડે છે પણ એને જે આવડે છે એ એના માતા-પિતાને નથી આવડતું એનું કારણ કે એના સંશોધનમાં જો કોઇ જોવા જાય તો એ ભૂતકાળમાં તમે છો. આયનામાં તમે જોવા જજો. આવનારી ટેકનોલોજીનો સામનો કરવા માટે, આવનારા દસ-વીસ વરસ પછી શું આવવાનું છે એનો સામનો કરવા માટે આ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીએ પહેલી વખત ગુજરાતની અંદર પ્રવેશોત્સવ કર્યો, એને •(×××) ગણાવ્યા. મારે આ પ્રવેશોત્સવને *(×××) કહેનારા લોકોને કહેવું પડે કે એ વખતે કેટલો પ્રવેશોત્સવ થતો હતો, સિત્તેર ટકા બાળકો સ્કૂલે જતા જ નહોતા. આજે પરિસ્થિતિનું શું નિર્માણ થયું છે કે ડ્રોપ આઉટ રેશિયો એ બે ટકા સુધી આવીને ઉભો રહ્યો છે. નામાંકનનો રેશિયો એ ૭૫ ટકાથી વધીને ૯૮-૯૯ ટકા સુધી આવી ગયો છે. હું એક કન્યા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં ગયો હતો ત્યારે પાછળ બેઠેલી એની મા અને એનો પરિવાર એમ કહેતો હતો કે, જ્યારે અમે ભણતા હતા ત્યારે આવી કોઇ શૈક્ષણિક કીટ આપવાવાળું નહોતું. પ્રવેશ આપવાવાળું કોઇ નહોતું. કોઇ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાવાળું નહોતું. મારે કહેવું પડે કે એ દિવસોની અંદર એની મા કે એનો બાપ પ્રવેશોત્સવના કાર્યક્રમમાં બેઠો બેઠો આંસુ સારે અને એનું દુઃખ પ્રદર્શિત કરતો હતો. તમારા શાસનની વાત કરીએ, ભૂતકાળની વાત કરીએ, જે શક્તિભાઇએ વાત કરી ભ્રષ્ટાચારની, મારે કહેવું પડે કે ભૂતકાળની અંદર ચૂંટાયેલો પ્રતિનિધિ પહેલામાં પહેલું કામ આશ્રમશાળા લેવાનું કરે, સ્કૂલ લેવાનું કરે, ગ્રાન્ટેડ કોલેજ લેવાનું કરે, તપાસ કરાવો, અત્યાર સુધીના ચૂંટાયેલા પ્રતિનિધિઓની બાબતમાં તમે તપાસ કરાવો તો તમને ખબર પડે પણ આ રાજ્યની સરકારે, શિક્ષણનું સ્તર વધાર્યું છે અને સાક્ષરતાનો દર વધ્યો છે. આજે ૬૫-૬૫ ખાનગી યુનિવર્સિટીઓ થાય એનું કારણ જો કોઇ જોવા જાય તો એનું કારણ માત્ર એટલું જ છે કે, ગુજરાતની અંદર શિક્ષણની ભૂખ ઉઘડી છે અને જે મા કે બાપ કે એનો પરિવાર ભણ્યો નથી કે આજે એના દીકરા કે દીકરીને ભણાવવા માટેનો પ્રયત્ન કરે છે એનું કારણ જો જોવા જઇએ તો તે આ રાજ્યની દેન છે. એટલા માટે કે ગુણોત્સવનો કાર્યક્રમ હોય, એને *(×××) ગણાવે, એને ઉત્સવ ગણાવે, ગઇકાલે જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગુણોત્સવના કાર્યક્રમથી આપણને ખબર પડી કે કઇ શાળા એ ગ્રેડમાં, કઇ શાળા બી ગ્રેડમાં છે પહેલાં તો સરકારી શાળાઓમાં આ ગુણોત્સવનો કાર્યક્રમ થતો હતો. હવે ખાનગી શાળાઓમાં પણ ગુણોત્સવના કાર્યક્રમની શરૂઆત થઇ છે. આ વરસના ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં સરકારી કોલેજોને માત્ર નવીન બનાવવા માટે ૧૨૮૯.૪૯ લાખની જોગવાઇ કરી છે. મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ લાભ ન મેળવતા વિદ્યાર્થીઓને એજ્યુકેશનની લોન અને વ્યાજની સબસીડી માટે અંદાજીત પાંચ હજાર જેટલા વિદ્યાર્થીઓને લાભ મળે એના માટે પાંચ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. મારે એ પણ કહેવું પડે કે અમદાવાદ શ્રી બી.કે.મેનેજમેન્ટ કોલેજના નવિનીકરણ માટે ૫૦૦ વિદ્યાર્થીઓને લાભ માટે થઇને શિક્ષણ વિભાગમાં ૫ કરોડ રૂપિયાની જોગવાઇ આ અંદાજપત્રની અંદર કરવામાં આવી છે. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પાસ કર્યા પછી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે તે ગુજરાત સરકારની જુદી જુદી યોજનાઓ હેઠળ શિષ્યવૃત્તિના ૧૦ ટકા બેઠકો અને વાર્ષિક આવકની મર્યાદામાં વધારો કરેલ માટે આ વર્ષના અંદાજપત્રમાં ૩૨૩.૫ લાખ રૂપિયાની જોગવાઇ કરી છે. આ અન્વયે ૭ હજાર જેટલા બાળકોને લાભ મળવાનો છે ત્યારે મારે કહેવુ પડે કે ભ્રષ્ટાચારની વાત તેમણે કરી તે ભૂલી જવું જોઇએ.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ અને મહેસૂલની જે માગણીઓ લઇને આવ્યાં છે તેમના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ૧૯૪૭ પહેલાં સમગ્ર રાજયની અંદર ગોંડલ સ્ટેટના રાજવી હોય, ભાવનગર સ્ટેટના રાજવી હોય કે વડોદરાના ગાયકવાડના રાજવી હોય તે પ્રજાવત્સલ અને ઉમદા રાજવીઓને પેઢીઓની પેઢીઓ સુધી લોકો તેને યાદ કરતા હોય છે. અને ત્યારે આ રાજયની સરકાર આદરણીય રૂપાણી સાહેબના નેતૃત્વવાળી આ સરકાર અને તેમાં આદરણીય ભૂપેન્દ્રસિંહ બાપુએ જે આ મહેસૂલ વિભાગ સંભાળ્યો છે તેમાં મેં જે વાત કરી તે પ્રમાણે પ્રજા વત્સલ રાજવી જે આપણે ગોંડલ સ્ટેટ, ભાવનગર સ્ટેટ અને વડોદરા સ્ટેટને અત્યારે લોકો યાદ કરે છે. એવી જ રીતે આ છેલ્લાં ૩ મહિનામાં આ રાજયના મહેસૂલ મંત્રીએ આ રાજયના ખેડૂતોને, આ રાજયની આમ જનતાઓને નાના અને ગરીબ લોકોને જે મહેસુલી બાબતની જે અનેક અનેક મુશ્કેલીઓ હતી અને જે અંગ્રેજો સમયના અમુક કાયદાઓ હતા તેમાં અગાઉ પણ ઘણાં ફેરફારો થયેલા હતા પણ મારા મત વિસ્તારમાં અમરેલી જિલ્લામાં સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં હજારો ખેડૂતોને મુશ્કેલીઓ હતી. આ સરકારે ટોચ મર્યાદાની જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે ૧૦-૫-૨૦૦૧નો પરિપત્ર બહાર પાડયો અને આ પરિપત્રના અનુસંધાને રાજયની અંદર હજારો ખેડૂતોએ નવી શરતમાંથી જૂની શરતમાં જમીન પ્રાંત અધિકારી પાસે તેમને અધિકારો આપેલાં તે પ્રમાણે ફેરવેલી. પણ ૧૦-૫-૨૦૦૧માં તે પરિપત્રમાં થોડોક સુધારો કર્યો જેને લીધે આ કામગીરી અટકી ગઇ હતી. આદરણીય બાપુને મેં આ બાબતની રજૂઆત કરી કે આ બાબતમાં આ રાજયના ખેડૂતોને અનેક મુશ્કેલીઓ છે તો તેમણે અધિકારીઓને બોલાવી તેની ખૂબ ચર્ચા કરી અને તાત્કાલિક અસરથી ૧૭-૩-૨૦૧૭ના દિવસે એક આ પરિપત્ર બહાર પાડીને આ રાજયના હજારો, લાખો ખેડૂતોને પોતાના વેચાણ વ્યવહારો થયા હોય તે રેગ્યુલર કરવા માટેનો એક પરિપત્ર બહાર પાડીને આ રાજયના ખેડુતોને માટેની એક ઉમદા સેવાનું કામ કરેલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે મહિલાઓ વિશેની વાત કરતા હોઇએ છીએ ત્યારે રાજય સરકારે મહિલાઓનો સામાજીક દરજ્જો ઉંચો આવે અને કુટુંબ ભાવના જળવાઇ રહે તેના માટે અને તેની આર્થિક સ્થિતિ મજબૂત થાય તે માટે રાજય સરકારે એક નોંધણી ફીની માફી આપવાની યોજના આ રાજયમાં કરવામાં આવી છે. જયારથી આ નોંધણી ફીની છૂટ આપવામાં આવી છે ત્યારથી ૧૯ લાખ ૨૮ હજાર ૫૬૬ મહિલાઓ ગુજરાત રાજયમાં ૧ કરોડ ૨ લાખ ૬૩ હજાર ૩૨૮ દસ્તાવેજો મહિલાઓને નામે કરવામાં આવ્યાં છે. અને જેના લીધે ૯૫૪ કરોડ ૩૮ લાખ રૂપિયાનો આ દસ્તાવેજની નોંધણી ફી માફી આ રાજ્ય સરકારે આ રાજયની મહિલાઓને એક ઉમદા હેતુથી આ કામગીરી કરવામાં આવેલ છે. મેં જે વાત કરી એ પ્રમાણે હમણાં તા. ૧૭/૩/૨૦૧૭ના રોજ થોડા દિવસો પહેલાં જ આ રાજયની અંદર અલગ-અલગ પરિપત્રો કરવામાં આવ્યા કે જે પરિપત્રો જૂના હતા અને તેના લીધે આ રાજયના ખેડૂતોને જે બોનાફાઇડ Purchase હોય એવા ખેડૂતોને અનેક કારણોસર એના દસ્તાવેજો થઇ ગયા હોય, એની એન્ટ્રી થઇ ગઇ હોય પણે આવા ખેડૂતો જ્યારે બિનખેતી કરાવવા જાય કે બીજી કોઇ લોનના પેપર્સ કરાવવા જાય ત્યારે એનું કલીયરન્સ કરાવવાનું હોય છે ત્યારે આ રાજ્યની અંદર આવા જૂના પરિપત્રોના લીધે અનેક ખેડૂતોને મુશ્કેલી પડતી હતી. ત્યારે એક જ પરિપત્રમાં જે શુદ્ધબુદ્ધિ પૂર્વકની સમજણના કિસ્સામાં ખેતીથી ખેતી અથવા બિન ખેતી માટે જમીન જૂની શરતમાં ફેરવવા પ્રિમીયમ વસૂલ લઇ શરત ફેરવી આપવી જોઇએ. હમણાં જ એક પરિપત્ર કરવામાં આવ્યો છે કે આ રાજયના લાખો ખેડૂતોના અનેક કેસો અટવાયેલા હતા, અનેક કેસો કલેક્ટર ઓફિસમાં, પ્રાંત ઓફિસમાં, મામલતદાર ઓફિસમાં અટવાયેલા પડ્યા હતા એ તમામ કેસો આ રાજયના મહેસૂલ મંત્રીશ્રીએ હલ કર્યા છે એટલે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને આ પરિપત્રને આવકારું છું. એવી જ રીતે આ રાજયની અંદર તા. ૨૨/૧૧/૨૦૧૬ના રોજ એક પરિપત્ર કરવામાં આવેલ અને એ પરિપત્ર એવો હતો કે આ રાજયની અંદર કોઇપણ SSRD, કલેક્ટર, પ્રાંત એમાંથી જે કાંઇ હુકમ થયા અને એ હુકમની સીધી જ અસર ઓફીસમાંથી ડાયરેક્ટ પ્રાંતમાં કોમ્પ્યુટરાઇઝ દ્વારા અસર થઇ જાય એવા પરિપત્ર કરો અને એની અમલવારી તા. ૧/૪/૨૦૧૭થી કરવામાં આવશે. આ રાજયની અંદર ખેડૂતોની ચિંતા કરવા માટે જે દસ્તાવેજો થયા છે. આ દસ્તાવેજનું વિડીયો શુટીંગ થાય અને એમાં દસ્તાવેજ કરનાર અને વેચનાર તમામ સાક્ષીઓનું વિડીયો શુટીંગ થાય અને રાજયના ખેડૂતો કોઇ અસામાજિક વ્યકિત કે કોઇ હેરાન ન કરે અને કોઇ બોગસ દસ્તાવેજ ન થાય એ માટે આ રાજ્ય સરકારે આવી સરસ વ્યવસ્થા કરી છે. અંગ્રેજોના સમયમાં રાજ્યની અંદર જમીનની માપણી થઇ હતી. ફરીથી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી પહેલી વખત આ રાજ્યની અંદર જમીનની માપણીની કાર્યવાહી પૂર જોશમાં ચાલે છે. હું મંત્રીશ્રી જે ચર્ચા લઇને આવ્યા છે એમાં મારો પૂરો ટેકો જાહેર કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. બંધારણીય મુકિત, ભરપુર અને ભ્રષ્ટાચાર આ બધા ભેગા થયા છે. આપણે

બધાએ ધીરે–ધીરે ખેડૂતોની ચિંતા કરવાની જરૂર છે. દિન–પ્રતિદિન ગુજરાતમાંથી ઘણા ખેડૂતો અને ખેડૂત ખાતેદારો ઓછા થતા જાય છે. આપણે એની ચિંતા નથી કરતા. આપણે ચિંતા કરીએ છીએ ખોટી રીતે ખોટા પૂરાવા આપી અને જે ખેડૂતો બન્યા છે એવા લોકોની ચિંતા કરીએ છીએ. સાચા ખેડૂતો કઇ રીતે ઓછા થાય અને ખોટા ખેડૂતોનો કઇ રીતે વધારો થાય એનો દાખલો આપીએ તો ગુજરાતની અંદર ચીરીપાલ બંધુઓએ સદંતર પૂરાવા ન આપ્યા. ખોટા ખેડૂતો હોવા છતાં હજારો વિઘા જમીન એમણે ખરીદી છે. એની ચિંતા આ સરકાર કરે છે. કોના દ્વારા થાય છે એ મને ખબર નથી. મારા વિસ્તારની અંદર મુકેશ શેઠે ૨૦૦–૪૦૦ વીઘા જમીન ખરીદી અને ખેડૂતો સાથે છેતરપીંડી કરી અને જમીનનો વેપાર કરે. એ ખોટો ખેડૂત બને એની ચિંતા આપણે કરીએ છીએ? હું કલેકટરનો આ ઓર્ડર લાવ્યો છું. માનનીય મંત્રીશ્રીને એ જોઇતો હશે તો આપીશ. તરૂણભાઇ સંતરામભાઇ સિંધીએ સરગાસણના સરવે નંબર– ૩૭૨, ૪૧૪ છે એ ખોટો ખેડૂત છે. એ ખોટો ખેડૂત હોવા છતાં એના પર તપાસણી ચાલે છે છતાંય એની જમીન કલેકટરની અંદર એન.એ. થાય. આ પૂરાવો છે. આપણે સાચા ખેડૂતની ચિંતા નથી કરતા, તો શાના માટે આપણે ખોટા ખેડૂતોને બોનાફાઇડ પરચેઝર ગણી અને એને ખેડૂત તરીકે સમાવેશ કરીએ છીએ એનું જો એક કારણ હોય ને તો માનનીય મંત્રીશ્રી તો અમદાવાદ અને ગાંધીનગરના ૨૫ કિલોમીટરના એરિયામાં હજારો વીઘા જમીન ખરીદીને એ ખોટા ખેડૂત દાખલ થયા હશે અને આપણે સાચા ખેડૂતોને મીટાવી દેવાનો પ્રયત્ન કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે દુઃખ સાથે આ ગૃહની અંદર વાત કરવી છે કે, એક આઇ.પી.એસ. અધિકારી કે જે એક એક વર્ષ સુધી જેલમાં ગયેલા એને મારા સમાજના પચાસ થી સાઇઠ ખેડૂતોને પ્રાઇવેટ ઓફિસમાં બોલાવી અને અભણ ખેડૂતોના અંગુઠા મારી મારીને દસ્તાવેજ કરાવી લીધા છે. ડર બતાવી બતાવીને કરાવી લીધા છે. કમનસીબી છે આ ગુજરાતની કે એવા અધિકારીઓને તમે વેપારી બનાવ્યા છે. આ કોના હિસાબે બને છે અધિકારીઓ? કોના હિસાબે આ અધિકારીઓ ખોટું કરે છે અને એવા અધિકારીઓને તમે કેવી પોસ્ટિંગ આપો છો? કમનસીબી છે આ ગુજરાતની. મારા તાલુકામાં પ્રાંત અધિકારી સી.એમ. પાડલીયા, ૧૭ થી ૧૮ ખોટા ઓર્ડર કર્યા, ખોટા ઓર્ડર કરીને અમદાવાદના બિલ્ડરોને ફાયદો કરી આપ્યો. મેં આ સરકારમાં પત્ર લખ્યો છે પણ મને આજદિન સુધી જવાબ નથી મળ્યો. મંત્રીશ્રી પાસે આવેને કહે કે સાહેબ, આ અમારી ઉપર ખોટું પ્રેશર કરે છે. અમારા ગૃહ મંત્રીશ્રીને એમ કહે કે આ સભ્યશ્રીને એમની પાસે કામ કરાવવું છે. એવા અમારી ઉપર આક્ષેપ કરવામાં આવે આક્ષેપ. ત્યારે મારે તમને કહેવું છે કે, જેને ખોટા ઓર્ડર કર્યા છે અને એનો સરકારમાં મે પત્ર લખ્યો છે એના ઉપર મારા લેટરપેડ ચોરીને મારી ખોટી સહી કરીને એ કેસ માંડી વાળવા માટેના મારા લેટરપેડનો એમણે ઉપયોગ કર્યો છે. મેં સરકારને જાણ પણ કરી છે. એની તપાસ કોણ કરે છે તો મામલતદાર કક્ષાના અધિકારીઓ. એ અધિકારી તમારી પાસે આવીને એમ કહે કે અમે એમનું વ્યક્તિગત કામ કરતા નથી એટલા માટે આ મારા ઉપર આક્ષેપ કરવામાં આવે છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે તમને કહેવું છે કે, જો અમારી વાત સાચી હોય તો તપાસ કરો. અમે ક્યાંક ખોટા હોઇએ તો તમે અમને કહો અને એવા અધિકારીઓ જો ખોટા હોય તો આ સરકારમાં હિંમત હોય તો પગલાં ભરે. આ તબક્કે મારે બીજું કાંઇ કહેવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર વ્હાઇટ હાઉસ નામની એક સ્કીમ ચાલે છે. શું કરે છે આ સરકારના અધિકારીઓ એ મારે સરકારનું ધ્યાન દોરવું છે. સામાન્ય ગરીબ વર્ગના લોકોએ એ સ્કીમની અંદર ચાર પાંચ લાખ રૂપિયા ખર્ચીને ફ્લેટો ખરીદ્યા છે. એ સ્કીમની અંદર ચોવીસ ચોવીસ ગેસની પાઇપલાઇનો નીચેથી નીકળે છે. આ સરકારી રેકર્ડ ઉપરની વાત કરું છું. ચોવીસ ચોવીસ ગેસની લાઇનો નીકળતી હોવા છતાંય એના ઉપર બિલ્ડીંગો બંધાય, એને એન.એ. ની પરમીશન અપાય, એના નકશા ખોટા બનાવવામાં આવે, ચાર ચાર વર્ષથી સંકલનમાં આ પ્રશ્નો પૂછવામાં આવે પણ આજ દિન સુધી એનો કોઇ નિકાલ કરવામાં આવ્યો નથી. તમે એવા અધિકારીઓ ઉપર પગલાં ભરો અને જો ન ભરવા હોય તો અમારે ભરાવા નથી, એવા અધિકારીઓને સાચવો એની સામે વાંધો નથી. પરંતુ જે ૫૦૦ મકાનો છે એની નીચે જે એટમબોંબ નીકળે છે, ગેસની પાઇપ લાઇનો નીકળે છે એને દૂર કરવાની વાત તો કરો નહિતર કોઇક દિવસ જો એ ગેસની પાઇપ લાઇન ફાટશે તો ૪૦૦ થી ૫૦૦ ફ્લેટોવાળા સળગીને બળી મળશે એવી પરિસ્થિતિનું નિર્માણ થશે.

મારે બીજી એક બાબત તરફ પણ સરકારનુ ધ્યાન દોરવું છે. પોરબંદરની અંદર કોર્ટે કહ્યું કે આ ૧૨ કંપનીઓ પાસેથી ૧૭૧ કરોડ રૂપિયા વસુલો. કોણ વસુલવા જાય? મને સમજાવો તો ખરા કે કોર્ટનો આદેશ હોવા છતાં કોર્ટ કહેતી હોય કે આ ૧૨ કંપનીઓ પાસેથી ૧૭૧ કરોડ રૂપિયા વસુલવાના છે. એ કોણ છે એની મને ખબર નથી પરંતુ વસુલાતા પણ નથી. આવી તમામે તમામ બાબતો ધ્યાન ઉપર આવી છે.

મારે ગૃહનુ ધ્યાન દોરવું છે કે કલેકટર કચેરીમાં કોઇ કેસ ચાલતો હોય એ કેસ ચાલતો હોવા છતાં નીચે મામલતદાર હુકમ કરે આવું આ સરકારનું વહીવટીતંત્ર છે. આ સરકારી અધિકારીઓ છે, જયાં ઉદ્યોગો લાવવાના હોય એને પહેલેથી ખબર પડી જાય કે આ વિસ્તારમાં ઉદ્યોગો આવવાના છે. એટલે સરકારના કહેવાતા માણસો એની આજુબાજુની જમીનો ખરીદી લે છે, એમના કહેવાતા બિલ્ડરો જમીનો ખરીદી લે છે, ઉદ્યોગપતિઓ જમીનો ખરીદી લે છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા (પટેલ)(કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી,આજે વિશ્વ જળ દિવસ છે.સમગ્ર ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છ આ બે વિસ્તાર એવા હતા જે વર્ષોથી અતૃપ્ત હતા પાણીની અછત હતી.આ બંને ક્ષેત્રને પ્રબળ ઇચ્છાશકિત વડે મા નર્મદાના જળ ત્યાં સુધી પહોંચાડીને તૃપ્ત કર્યા છે એના માટે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપનું છું. સાથે સાથે અમારા સુરતના આદરણીય મથુરભાઇ સવાણી જેને કેન્દ્ર સરકારે પદમશ્રીથી નવાજયા છે. સૌરાષ્ટ્ર જળધાળા ટ્રસ્ટના માધ્યમથી સમગ્ર ગુજરાતમાં જળ ક્રાંતિ ક્ષેત્રે ખૂબ મોટુ કામ કર્યું છે એને યાદ કરું છું.

ચૈત્ર ૧, ૧૯૩૯ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

એક કવિતા વર્ષો પહેલા વાચી હતી.''ખારા જળનો દરિયો ભર્યો, મીઠા જળનો લોટો, તરસ્યાને તો દરિયાથીયે લોટો લાગે મોટો'' આવી રીતે જળ ક્રાંતિ ક્ષેત્રમાં સરકારે ખૂબ કામગીરી કરી છે એના માટે અભિનંદન આપું છું. આદરણીય વિજયભાઇ રૂપણીના નેતૃત્વમાં ચાલતી ભાજપની સરકાર પારદર્શકતા સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલ આ સ્તંભ ઉપર ચાલે છે. આ સરકારના યશસ્વી મહેસૂલ મંત્રી આદરણી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ આગામી વર્ષ માટેની મહેસૂલ વિભાગની અંદાજપત્રીય જોગવાઇ લઇને આવ્યા છે ત્યારે સભાગૃહની અનુમતિ મળે એના માટે ઉપસ્થિત થયો છું.

માનવી ખેતી કરતા શીખ્યો ત્યારથી ખેતીની જમીનને લગતા પ્રશ્નો ઉપસ્થિત થયા. સમય જતાં શકિતશાળી લોકો રાજા થયા અને જમીનો જીતી એના માલિક થયા. રાજયો સ્થાપ્યા, લોકોને જમીન આપી. ખેતીના બદલમાં અને ખેતીના રક્ષણ માટે ઉપજમાંથી ભાગ લેવા માંડ્યા. કેટલાક લોકોએ જમીન ખરીદી અને બીજાને ખેડવા આપી. એ રીતે ઉપજમાંથી ભાગ લેતા એની મહેસૂલ ખેડૂત ચૂકવતો. વર્ષો સુધી આ પદ્ધતિ અમલમાં રહી. જેમાં ઉપજમાંથી કેટલો ભાગ કે મહેસૂલની રકમ કેટલી આપવાની થાય તે અંગેના કોઇ ધારા ધોરણો હતા નહિ. જયારે ખેતરમાં પાક તૈયાર થાય ત્યારે ખરાવાડમાં લાવવામાં આવે જયાં બધાના ભાગ જુદા પાડવામાં આવે. રાજયનું મહેસૂલ, જમીનદારનો ભાગ એટલે કે ગણોત, ગામના અન્ય નાના નાના સમાજના નાના નાના લોકો જેને પણ ત્યાંથી અનાજ આપવામાં આવતું અને એ રીતે વહેંચણી કરવામાં આવતી. ત્યારબાદ ઉપજની ટકાવારી પ્રમાણે મહેસૂલ લેવાનું ચાલુ થયું. માનનીય અધ્યક્ષશ્રી, સમયાંતરે શાસકોએ વિવિધ પદ્ધતિઓથી મહેસૂલ ઉઘરાવ્યું. અંગ્રેજ શાસનમાં એન્ડરસને ૧૯૧૩માં હિસાબોનું મેન્યુઅલ બનાવ્યું ત્યારથી આજ સુધી તે મુજબ જ મહેસૂલના હિસાબો રાખવાની પદ્ધતિ અમલમાં છે. ત્યાર બાદ સમયાંતરે દરેક શાસકોએ અનેકવાર મહેસૂલી સુધારા કર્યા. જમીનના હિસાબની ખાતાવહીને સરવહી કહેવામાં આવતી. જેમાં ખાતા નંબર, જમીનના માલિકનું નામ, ક્ષેત્રફળ, આકાર, વિગેરે વિગતો આપવામાં આવતી. અંગ્રેજોએ આ સરવહીનું ઉચ્ચારણ ' સરવેઇ 'કર્યું. ત્યારથી ખાતા નંબરનું નામ સરવે નંબર કહેવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, અકબરના શાસનકાળમાં રાજા ટોડરમલે ૩૩ ફૂટની સાંકળથી માપણી શરૂ કરાવેલી. ત્યાર બાદ ગુજરાતમાં સર સયાજીરાવ ગાયકવાડના શાસનમાં દિવાન સર. ટી. માધવરાવે જમીન સુધારણાની મહત્વની કામગીરી આ રાજયમાં કરી.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૮૨૦માં સર થોમસ મુનરોએ ખાલસા અને રૈયતવારી પદ્ધતિ દાખલ કરીને ખેડૂતોને જમીન સીધી રીતે ખેડવા આપી. જમીન મહેસૂલ સર્વે અને આકારણી વગર પૂરેપૂરો વસૂલ થઇ શકે નહીં, તેથી અંગ્રેજ અધિકારી પ્રિંગલે સર્વેયરોના માધ્યમથી આ દેશની તસુએ તસુ જમીનને માપી. રેવન્યુ એકાઉન્ટ મેન્યુઅલનો પાયો તૈયાર કર્યો. પ્લેન ટેબલ માપણી અને કાગળની શીટ પર હાથથી બનાવેલા તે સમયના ટિપ્પણ પત્રકો આજ સુધી હયાત છે. ત્યાર બાદ આટલા ૨૦૦ વર્ષ પછી ભારતીય જનતા પાર્ટીની આ વિકાસલક્ષી અને સુધારાવાદી સરકારે રાજયની તમામ જમીનની રી-સરવેની કામગીરી શરૂ કરી છે. જેનો હેતુ પુનઃ માપણી કરીને જમીનના ધારણકર્તાના હક્કો, હદ, ક્ષેત્રફળ અને જમીનનો ઉપયોગ આખરી કરવાનો છે. તમામ પૈકી સરવે નંબરોને પણ નવા સરવે નંબરો આપવામાં આવે છે. આ રીતે રી-સરવેની કામગીરીના કારણે આધુનિક સમય પ્રમાણે કોમ્પ્યુટરાઇઝ્ડ, અદ્યતન અને ભૂલો વગરનો રેકોર્ડ પ્રજાને પ્રાપ્ત થશે અને આ તમામ રેકોર્ડ રાજયની પ્રજાને સરળતાથી પ્રાપ્ત થાય તેના માટે તમામ ડેટાનું ડીજીટાઇઝેશન કરવામાં આવી રહ્યું છે. રી-સરવેની કામગીરી રાષ્ટ્રીય સ્તરે અનુભવ ધરાવતી કુલ ૯ નિષ્ણાત એજન્સીઓ દ્વારા થઇ રહી છે. મહેસૂલી અધિકારીઓ, સરવેયરો, સતત ટેકનિકલ સુપરવિઝન, ડેટાની ચકાસણી, એડ્જયુડીકેશન અને રેકર્ડને પ્રમાણિત કરવાની કામગીરી થઇ રહેલ છે. આ માપણી પછી ખેડૂત ખાતેદારને માપણી અંગે કોઇ વાંધો કે ભૂલ હોય તો તે સુધારવા માપણી પછી પ્રમોલ્ગેશન સમયે પણ એ સુધારો આવકાર્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રી-સરવેના પ્રોજેક્ટને કારણે રાજયના જમીન ધારકોને અનેક ફાયદા થવાના છે. સમગ્ર રાજયના તમામ જિલ્લાઓમાં એક સરખા રેકોર્ડનો ઉપયોગ થશે. નાગરિક સુવિધા કેન્દ્ર અને કિઓસ્ક દ્વારા પ્રજાને રેકોર્ડની જાણકારી મળશે. ડીજીટલ રેકોર્ડ ઉપલબ્ધ થવાના કારણે ભવિષ્યમાં ફરીથી પ્રોસેસ કરી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, યુ.એલ.સી.ની વાત કરું. ઘણા વર્ષો પહેલાં ગુજરાતમાં યુ.એલ.સી.નો કાયદો અમલમાં આવ્યો. તેના કારણે શહેરોમાં, મહાનગરોમાં ખાસ કરીને મારી વિધાનસભાની વાત કરું તો યુ.એલ.સી.ના કારણે અનેક મકાનો એવા હતા જે બિન અધિકૃત રીતે યુ.એલ.સી.ના કાયદા હેઠળ બનેલા હતા. મારા વિસ્તારમાં ૧૭,૦૦૦ અને ગુજરાત રાજયમાં બીજા નંબરની વિધાનસભાનો મારો વિસ્તાર કે જયાં સૌથી વધારે યુ.એલ.સી. હેઠળ બાંધકામો બિનઅધિકૃત રીતે થયેલા હતા. આ રાજય સરકારે કાયદો લાવી અને યુ.એલ.સી. હેઠળ બાંધકામો જે વિસ્તારમાં થયેલા હતા તેને અધિકૃત કરવા માટેનું જે આ બિલ લાવ્યા છે તેના માટે પણ ખૂબ સરળ રીતે કામ થઇ રહ્યું છે આને માટે હું ખૂબ આવકાર આપું છું અને આ માગણીઓને સમર્થન કરું છું.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ શિક્ષણ વિભાગની માગણી નં. ૯ અને ૧૦ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા જીવનના સામાજીક અને આર્થિક ઉત્થાન માટે જો કોઇ શ્રેષ્ઠ માધ્યમ હોય તો તે છે શિક્ષણ. મને કહેતા ગૌરવ થાય કે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો કરીને ખૂબ સુંદર કામગીરી કરી રહી છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે ઉદ્યોગોને કુશળ માનવબળ મળી રહે, ટેકનીકલી કવોલિફાઇડ યુવાનો મળે અને યુવાનોને સારી રોજગારી મળે તે માટે માનનીય શિક્ષણમંત્રીશ્રીએ આ બજેટમાં ટેકિનકલ શિક્ષણ માટે ખૂબ સારી જોગવાઇઓ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડિજીટલ ઇન્ડિયાના અભિયાનને ધ્યાનમાં રાખીને ગુજરાતના વિદ્યાર્થીઓની ક્ષમતાને સાકાર કરવા માટે અને તેમને વૈશ્વિક જ્ઞાન સાથે જોડવા માટે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનાર યુવક અને યુવતિઓ કોલેજ અથવા પોલિટેકનીકમાં એડમિશન લે એમને આ વર્ષે રૂ.૧૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ આપવા માટેની યોજના દાખલ કરવામાં આવી છે અને આ યોજના માટે આ બજેટમાં રૂ.૨૦૦/-કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ટેબ્લેટના લીધે વિદ્યાર્થીઓને નિયમિત શિક્ષણની સાથેસાથે કોલેજમાં ઉપલબ્ધ એરિયા નેટવર્ક કે વાઇફાઇના માધ્યમથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે કોર્ષ હોય તેની પણ માહિતી મળી રહેશે. આ યોજના અંતર્ગત અંદાજીત ૩.૫૦ લાખ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને લાભ મળવાનો છે. પંચમહાલ જિલ્લા અને દાહોદ જિલ્લાના વિસ્તારમાં ખૂબ મોટા ઉત્પાદન ગૃહો આવેલા છે. ઔદ્યોગિક વિકાસ થયેલો છે. આ ઔદ્યોગિક ગૃહોને ટેકનીકલી કુશળ માનવબળ મળી રહે, યુવાનો મળી રહે એ માટે હાલોલ ખાતે સરકારી પોલિટેકનીકની સ્થાપના કરવા માટે આ બજેટમાં રૂ.૭.૦૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પોલિટેકનીકના લીધે આ જિલ્લાના યુવાનોને રહેઠાણની નજીકમાં એક સુંદર શિક્ષણ સંકુલ મળશે અને સાથેસાથે ત્યાં આવેલા ઉદ્યોગગૃહોમાં તેઓને સરળતાથી સારી રોજગારી પણ પ્રાપ્ત થશે. સ્ટાર્ટ અપ ઇન્ડિયા- આ યોજનાના અભિગમને ધ્યાનમાં રાખીને ટેકનીકલ શિક્ષણના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ પ્રત્યે રસ જાગે, એમની રૂચિ કેળવાય તે માટે સ્ટુડન્ટ ઇનોવેશન ફંડ આ માટે રૂ.૧૦/- કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. આ ફંડથી યુનિવર્સિટી અને કોલેજ કક્ષાએ ઇનોવેશન માટે યોગ્ય વાતાવરણ મળશે, યોગ્ય વ્યવસ્થા ઉભી થશે અને આ ફંડના ઉપયોગથી રિસર્ચ પ્રોજેકટના વિદ્યાર્થીઓની ભાગીદારી, પરિસંવાદ અને કાર્યશાળાના આયોજન ઉપરાંત સંશોધનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આવતા પાંચ વર્ષમાં અંદાજીત ૧૪ લાખ વિદ્યાર્થીઓને આ યોજના અંતર્ગત આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. દવાઓના ઉત્પાદન ક્ષેત્રે એટલે ફાર્મસી ક્ષેત્રે આપણું ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે. રાજ્યની યુનિવર્સિટીમાં ફાર્મસી ક્ષેત્રે નવીન અભ્યાસક્રમો તેમજ આધુનિક પ્રયોગશાળા ધરાવતા સેન્ટર ઓ એક્સલેન્સની સ્થાપના માટે રૂ.૫/- કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. આ સેન્ટર ઓફ એક્સલેન્સના માધ્યમથી ફાર્મસી ક્ષેત્રના વિદ્યાર્થીઓની કારકિર્દી માટે વધુ વિકલ્પો ઉપલબ્ધ થવાના છે અને સાથે સાથે આધુનિક પ્રયોગશાળા થકી સંશોધન અને વિકાસ તથા એડવાન્સ સ્ટડીઝ માટેની સુવિધા પણ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે. અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે પીપીપી ધોરણે ઇજનેરી અને આનુષાંગિક અભ્યાસક્રમો માટે નવી કોલેજ શરૂ કરવા માટે રૂ. ૧૭/- કરોડની જોગવાઇ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. આ સૂચિત નવી કોલેજમાં એન્જિનિયરીંગના અભ્યાસક્રમો, સ્કિલ્ડ ડેવલપમેન્ટ સ્પેશિયલાઇઝેશન સાથે શરૂ કરવામાં આવનાર છે. આના થકી વિદ્યાર્થીઓને ઉમદા તક મળશે અને ઉદ્યોગોને વિશેષ આવડત ધરાવતું માનવબળ પ્રાપ્ત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવ સાથે કહેવું પડે કે મારા મત વિસ્તાર અમરાઇવાડીમાં એક વૈશ્વિક કક્ષાની ટેકનીકલ સંસ્થા આવી છે. જેનું નામ છે આઇઆઇટી રામ. ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ. આપણા લોક લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન હતું. મારો મત વિસ્તાર મણીનગર વિધાનસભાનો એક ભાગ હતો ત્યારે આદરણીય મોદી સાહેબે સ્વપ્ન જોયું હતું કે આ વિસ્તારમાં એક સુંદર ટેકનીકલ સંસ્થા નિર્માણ પામે. મને કહેતા આનંદ થાય છે કે આઇઆઇટી રામ એમાં અનુસ્નાસ્તક અને ડોકટરેટ કક્ષાના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આઇઆઇટી રામ સંસ્થા ખાતે પીપીપી ધોરણે ચાલતું આધુનિક ઇજનેરી ક્ષેત્રનું સેન્ટર ફોર એક્સલેન્સ અન્ય રાજ્યો માટે પણ પ્રેરણાદાયી છે. આઇઆઇટી રામ સંસ્થા માટે અત્યાર સુધી કુલ રૂ. ૧૫૯.૩૪ કરોડ ઉપયોગ કરવામાં આવેલ છે. એ પૈકી રૂ. ૭૮.૩૪ કરોડ બાંધકામ માટે અને રૂ. ૮૨.૫૦ કરોડ સંચાલકીય પ્રવૃત્તિઓ માટે કરવામાં આવેલ છે. મારા મત વિસ્તારમાં શ્રમજીવી અને મધ્યમ વર્ગના લોકો રહે છે ત્યારે આ સંસ્થા એક જ્યોતિ સમાન છે અને બધાને આ સંસ્થાનો લાભ મળશે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે.

(વિરામ સાંજના ૫-૦૦થી ૫-૩૦)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણી ક્રમાંક- ૯ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું. પોતાની માન્યતાઓની તલવાર લઇને અહીં બધા લડે છે. અહીં તો બધા જ પોતાને ગમે એ જ સાચું માને છે. નવા વિચારો સામે માનવી અનેક અભેદ દિવાલો ચણે છે. આ રાજય સરકારે એવી જાહેરાત કરેલી હતી કે ફી નિયમનનો કાયદો લાવીશું. જયારે પ્રાથમિક શાળામાં એડમિશન લે છે વિદ્યાર્થીઓ ત્યારે બે-બે લાખ રૂપિયા ફી ઉઘરાવવામાં આવે છે તો બાર હજાર રૂપિયા કરી અને આ ફીઓનું નિયમન કરવું જોઇએ. રાજનીતિથી ઉપર ઉઠી અને વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરવી જોઇએ. ૨૦૦૩ અને ૦૪માં નાણામંત્રીશ્રીએ બજેટ વખતે કહ્યું હતું કે રાજયના વિકાસનો આધાર એ સમાજનો વિકાસ છે અને સમાજના વિકાસ માટે અગત્યનું એ વ્યકિતનો વિકાસ છે અને

વ્યકિતના વિકાસ માટે જ્ઞાનનો વિકાસ. પરંતુ હકીકત એ છે કે બાર વર્ષ પછી પણ ૧૪૩૬૨ પ્રાથમિક શાળાઓ એવી છે કે જયાં એક જ વર્ગખંડમાં એક થી વધારે ધોરણના વિદ્યાર્થીઓને બેસવું પડે છે. ૨૦૦૪-૦૫માં નાણામંત્રીશ્રીએ કહેલું કે એક વર્ગ, એક શિક્ષક અને એક વર્ગખંડ પણ હકીકત એ છે આજે તેર તેર વર્ષ થયા પણ શિક્ષકોની ઘટ છે, વર્ગ ખંડોની ઘટ છે અને લાઇબ્રેરીઓની પણ ઘટ છે અને પીવાનું ચોખ્ખું પાણી અને શૌચાલયો પણ નથી *(×××) દુઃખ એ વાતનું થાય કે *(×××) વિદ્યાર્થિનીઓ લંપટ શિક્ષકોનો ભોગ બને છે, શિકાર બને છે અને આ શિક્ષકો વિદ્યાર્થિનીઓને બિભત્સ મેસેજ લખે અને હેરાન કરે છે તો શું આ છે ઉડતા ગુજરાત? મારે એ કહેવું છે કે પંજાબની જે
મ તમારો સફાયો ગુજરાતમાં પણ થઇ જશે અને ૨૦૧૭માં થશે નવસર્જન ગુજરાત. હવે તો શિક્ષકો પણ એમ કહે છે કે અમને ભણાવવાનું કામ કરવા દો. રજા સિવાયના ૨૭૦ દિવસોમાંથી ૧૯૦ દિવસ કામ કરવાનું હોય છે. નિયમ મુજબ એક અઠવાડિયામાં શિક્ષકોએ ૪૫ કલાકની કામગીરી કરવાની હોય છે અને આર.ટી.ઇ.ના કેન્દ્રના નિયમ ૨૭ મુજબ શિક્ષકો પાસેથી બિન શૈક્ષણિક કામ કરાવી શકાતું નથી ત્યારે ગુજરાત સરકાર એ કેન્દ્રના કાયદાનો ભંગ કરે છે. તમે ઉત્સવો તો બહુ કર્યા, પણ શિક્ષણ મહોત્સવ તો હવે કરો. તમે વાઇબ્રન્ટ ગુજરાતમાં ૪૫૦ શિક્ષકોને ટાઇ અને કોટ પહેરાવી અને સી.ઇ.ઓ. તરીકે બેસાડી દો છો ત્યારે શિક્ષકો જોડે તો સાચું બોલવાનું કામ કરાવો. અમદાવાદ શહેરમાં ૪૫૪ શાળાઓ છે. કુલ શિક્ષકોના ૮૦ ટકા શિક્ષકો એ શિક્ષિકાઓ છે ત્યારે પ્રાર્થનાના સમયે, વ્યાયામ કરવાના સમયે, યોગા કરવાનો સમય હોય અને પ્રજ્ઞા શાળા કરીને જે શિક્ષિકાઓ પાસેથી કામ લેવામાં આવે છે એમાં શિક્ષિકાઓને નીચે બેસવાનું હોય છે અને યોગા અને વ્યાયામ પણ કરાવવાના હોય છે ત્યારે માનનીય શિક્ષણ મંત્રીને વિનંતી કરું કે તેઓ સાડીને બદલે ડ્રેસ પહેરવાની શિક્ષિકાઓને છૂટ આપે. સલવાર, કમીઝ, દુપટ્ટાની છૂટ આપે. નવી સદીમાં નવા વિચારો મૂકે તો આનંદની વાત થાય. મારે શિક્ષણ મંત્રીશ્રીને કહેવું છે કે તમે ૨૦૧૭-૧૮માં બજેટમાં કહ્યું કે ધોરણ-૧૨મા પછી પોલીટેકનિકમાં એડમીશન લેનારને ટોકન હજાર રૂપિયાના ભાવે ટેબલેટ આપીશું. તો આજના જવાબ પ્રમાણે આઇ.ટી.આઇ.માં બે વર્ષ કર્યા એવું ન કરતાં. ક્વોલિટી સારી હોય એવા ટેબ્લેટ ખરીદીને જેમ બને તેમ જલ્દી આપજો. નવેમ્બર ૨૦૧૨માં અમદાવાદ ખાતે એન.સી.ઇ.આર.ટી. નવી દિલ્હીની એન.એમ.એમ.એસ.ની પરીક્ષા હતી. ઉદ્દેશ એ હતો કે તેજસ્વી અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ૬ હજાર રૂપિયા મળે. દૂર દૂરથી ઘણા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. અમારા વિરમગામના ૪૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. ત્રણ ત્રણ વર્ષ થઇ ગયા પણ એમને શિષ્યવૃત્તિ તો ન મળી પણ એમને એક સારું સર્ટિફિકેટ આપ્યું હોત તો એમને આનંદ થાત. ૨૦૧૬-૧૭માં નાણામંત્રીશ્રીએ કહેલું કે માધ્યમિક સ્કૂલોમાં ગણિત અને વિજ્ઞાન શીખવા માટે ૭૨૩૩ પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવશે. ખરેખર તો પૂરા પગાર સાથેના શિક્ષકોની નિમણૂંક કરવાની જરૂર છે. પ્રવાસી શિક્ષકોને પણ પૂરો પગાર આપવો જોઇએ. તમે ખેલે ગુજરાતની વાત કરો છો પણ બાળકો મેદાનો વગર ક્યાંથી રમે? તમે ૨૦૧૪-૧૫માં કહ્યું કે સુરતમાં ટેક્ષટાઇલ યુનિવર્સિટી સ્થાપીશું. પરંતુ ટેક્ષટાઇલ એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ બંધ થઇ ગયો અને અટીરા સંસ્થા ગ્રાન્ટના અભાવે બંધ થઇ ગઇ. આજે મેરી ટાઇમ યુનિવર્સિટીનું બિલ લાવ્યા પરંતુ હકીકત એ છે કે, મરીન એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ ભાવનગરમાં ચાલતો હતો એ બંધ થઇ ગયો. એના કારણે વિદ્યાર્થીઓને અધૂરેથી બીજા વિદ્યાભ્યાસમાં જવું પડ્યું. વડોદરાની વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ૪૬ હજાર વિદ્યાર્થીઓ છે, ગુજરાત યુનિવર્સિટીમાં ૩ લાખ વિદ્યાર્થીઓ છે છતાં રજિસ્ટ્રારની નિમણૂંક થતી નથી. ૧૫૦૦ પ્રોફેસરો છે, આઠ આઠ વર્ષ થઇ ગયા બન્ને યુનિવર્સિટીમાં તમને રજિસ્ટ્રાર મળતા નથી.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તમ નાગરિકના ઘડતરમાં શિક્ષણનું પ્રદાન અતિ મહત્ત્વનું છે ત્યારે કોઇપણ રાજ્ય કે રાષ્ટ્રની પ્રગતિનો માપદંડ એ શિક્ષણ છે. શિક્ષણ જ સર્વાંગી વિકાસ માટેનો મુખ્ય પાયો છે. આપણી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કન્યા કેળવણીને વેગ મળે, કન્યાઓ ખૂબ આગળ વધે એ માટે ભારત સરકાર દ્વારા કસ્તુરબા ગાંધી વિદ્યાલયનો નવો કાર્યક્રમ લાવવામાં આવ્યો છે. મારા મત વિસ્તારની વાત કરું તો જ્યારે હું ચૂંટાઇને મોરવા હડફ સીટમાં ગઇ હતી ત્યારે દીકરીઓનું શિક્ષણનું સ્તર થોડું નીચું હતું. ત્યાં રજાઇતા ગામે કસ્તુરબા ગાંધી વિદ્યાલય ચાલતું હતું તેની મુલાકાત મેં લીધી. મુલાકાત દરમિયાન મને ઘણુ બધુ જાણવા અને શીખવા પણ મળ્યું. કારણ કે ગુજરાત રાજ્ય સરકારની નેમ છે કે કોઇપણ શોષિત હોય, દલિત હોય, આદિવાસી દીકરીઓ હોય કે દીકરાઓ હોય એ શિક્ષણથી વંચિત ન રહે અને ગુજરાત સરકારની એ કટિબદ્ધતા છે. જ્યારે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની મુલાકાત લીધી ત્યારે બોર્ડ ઉપર એક સરસ મજાનું સ્લોગન લખેલ હતું, ''મારી પ્રગતિનો એક જ આધાર, શિક્ષણ છે મારો અધિકાર'. સાચા અર્થમાં આ સ્લોગન એ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયે પરિપૂર્ણ કરેલ છે. જ્યારે મુલાકાત લીધી ત્યારે ગરીબી રેખા નીચેના કુટુંબોની દીકરીઓ છે અથવા જે દીકરીઓ ૮મા ધોરણ પછી પોતાનું શિક્ષણ છોડી દીધું હોય, કુટુંબની નહિવત આર્થિક પરિસ્થિતિ હોય એના કારણે શિક્ષણ છોડી દીધું હોય, અથવા કોઇ કામકાજ માટે બહાર ગયા હોય ત્યારે શિક્ષણ છોડી દીધું હોય તો ગુજરાત રાજ્ય સરકાર દ્વારા અને ભારત સરકાર દ્વારા આ ગરીબી રેખા નીચે જીવતી દીકરીઓ છે એના કુટુંબમાં જઇને એ દીકરીઓને આવી કે.જી.બી.વાળી સ્કૂલમાં એડમિશન આપીને એનો નિરંતર અભ્યાસ રહે અને એનું શિક્ષણ પૂરું કરે એ માટેની વ્યવસ્થા કરી છે. રજાઇકામાં જ્યારે કે.જી.બી. સ્કૂલની

શરૂઆત થઇ ત્યારે અને પછી પણ હાલમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા અને ભારત સરકાર દ્વારા નાગલજ ગામમાં પણ ૯૦ લાખના ખર્ચે નવી કે.જી.બી.ની સ્કૂલનું હમણાં જ મેં ખાતમૂહુર્ત કર્યું અને ત્યાં પણ અત્યારે લગભગ ૯૦ જેટલી દીકરીઓ શિક્ષણ મેળવી રહી છે. એટલું જ નહિ વિદ્યાલક્ષી યોજના દ્વારા આપણી જે લક્ષ્મી જેવી દીકરીઓ છે એના માટે ૧ થી ૮ ધોરણ નિરંતર ભણ્યા કરે અને પ્રાથમિક શિક્ષણ મેળવે એના માટે એને પ્રોત્સાહન રૂપે ૨૦૦૦ રૂપિયાના બોન્ડ આપવામાં આવે છે. એવી રીતે જ મારા મત વિસ્તારની વાત કરું તો મારો મતવિસ્તાર ટ્રાયબલ અને અંતરિયાળ છે અને પછાત વિસ્તાર છે ત્યારે ત્યાંના બાળકો પણ પૂરેપૂરું શિક્ષણ મેળવે એના માટે મોડલ સ્કૂલ આપવામાં આવી છે. મારે સામેના પક્ષના નેતાઓ છે એ બધાને કહેવું છે કે તમે એક વખત મોડલ સ્કૂલની મુલાકાત લો અને તમે જોઇ લો કે આધુનિક જે મોડલ સ્કૂલ બની છે એમાં ગરીબ કુટુંબના અને આદિવાસીઓના દીકરા–દીકરીઓ ભણે છે અને ભણતાની સાથે સાથે ઉત્તમ પ્રકારનું ભોજન પણ મેળવે છે, એની સાથે સાથે ૨૦૧૩માં બાય–ઇલેકશન થયું અને ભારતીય જનતા પાર્ટીના એક ધારાસભ્ય તરીકે જ્યારે હું ચૂંટાઇને આવી ત્યારે પહેલી નેમ જ્યારે મારી શિક્ષણની હતી, પાયો મજબૂત બનાવવાનો હતો ત્યારે અને જ્યારે હું કાર્યાલય ઉપર બેઠી હતી ત્યારે ૧૨માં ધોરણ પછી અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓને બહાર જવું પડતું હતું. તે વિદ્યાર્થીઓએ મને રજૂઆત કરી કે અહીંયા સાયન્સ અને આર્ટ્સ કોલેજ નથી અમારે બહાર જવું પડે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે કે માનનીય મંત્રીશ્રીને રજૂઆત કર્યા પછી એક સાથે એક તાલુકામાં આર્ટ્સ અને સાયન્સ કોલેજ બંને આપી દીધી અને આજે બધા છોકરાઓ ભણી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણી રથયાત્રા હોય, શાળા પ્રવેશોત્સવ હોય, વિદ્યાલક્ષ્મી બોન્ડ હોય, વિદ્યાલક્ષ્મી યોજના હોય, સ્કૂલ સેનિટેશન હોય, શાળા આરોગ્ય કાર્યક્રમ હોય, ટેકનીકલ શિક્ષણમાં નવા અભ્યાસક્રમ હોય, ગુણોત્સવ હોય, વિદ્યાદીપ યોજના હોય, વાંચે ગુજરાત હોય, વર્ગખંડોનું નવું બાંધકામ હોય આ બધા જ આયામો અને અભિગમો ગુજરાત રાજ્ય સરકાર જ્યારે કરી રહી છે ત્યારે આવતા સમયમાં અમારે એવો એકય કાર્યક્રમ નથી કરવો કે, 'ભાજપ આવે છે' જે સામેના પક્ષમાં આજે ડરી ગયા છે. યુ.પી.માં જે વાવાઝોડું આવ્યું એનાથી હવે અહીંયા આવીને 'કોંગ્રેસ આવે છે' એવા કાર્યક્રમ કરવા પડે છે. આજે જે માગણી છે એ માગણીમાં જ્યારે ગુણોત્સવ કાર્યક્રમ અમારી સરકાર દ્વારા કરવામાં આછે ત્યારે સામેના પક્ષના કાલે બેન કહેતા હતા કે તમે માત્ર પાટલીઓ થપથપાવો છો. અમારી સરકાર સારું કામ કરે છે અને સારું કામ કરવામાં એમાં શું કામ ખુટે છે એ ધ્યાનમાં રાખીને વધારે શું સારું કામ કરવું એના માટે જ્યારે મહેનત કરે છે ત્યારે મારે એટલું કહેવું છેકે માત્ર ખાલી પાટલીઓ થપથપાવતા નથી પણ ગુજરાત રાજ્ય સરકારમાં ગામડે ગામડે જ્ઞાનદીપનું જે ઝરણું વહી રહ્યું છે એમાં દરેક સમાજના વિદ્યાર્થીઓ આજે પોતાનું જ્ઞાન મેળવી રહ્યા છે. ગુણોત્સવ કાર્યક્રમ રાજ્ય સરકાર કરે છે ત્યારે માગણીને હું અનુમોદન આપું છું.

શબ્દો દૂર કરવા અંગે

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, આપના પહેલા આદરણીય શંભુજી હતા ત્યારે મેં ઉભો થઇને બે વખત પોઇન્ટ ઓફ ઓર્ડર લેવા પ્રયત્ન કર્યો હતો પણ મને રક્ષણ નહોતું મળ્યું પણ હવે હું એમ કહું છું સાહેબ, કે આદરણીય તેજશ્રીબેન એમના પ્રવચનમાં બોલતા હતા. જે વિસ્તારનું હું પ્રતિનિધત્વ કરું છું, જે જિલ્લાનું હું પ્રતિનિધિત્વ કરું છું એની સ્કૂલમાંથી •(×××)ડ્રગ્સ મળ્યું છે એ વાતના આધારભૂત કોઇ પૂરાવા નથી. આવા આધારભૂત પૂરાવા વગર આ રીતે બોલી ન શકાય તો હું એમ માનું છું કે, આ રેકોર્ડ ઉપરથી દૂર થવા જોઇએ આ શબ્દો. કારણ કે, કોઇ જાતના પૂરાવા નથી, કોઇ જાતના પૂરાવા રજૂ નથી કર્યા, અને આ રીતની વાત થઇ શકે નહીં. કોઇ ફરિયાદ નથી થઇ એટલે આ રીતની વાતો કરવી એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : એ રદ કરીએ છીએ.

સભ્યશ્રીનું સસ્પેન્શન રદ કરવા અંગેનો પ્રસ્તાવ

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિપક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારી એક વિનંતી હતી કે, કાલે પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તી સુધી સસ્પેન્ડ કર્યા છે તો સરકારશ્રીને અને આપશ્રીને વિનંતી છે કે તાત્કાલિક અસરથી સસ્પેન્શન રદ કરી અને પ્રવેશ આપવાનો નિર્ણય આપ લો એવી મારી વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દંડકશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, દરેક ધારાસભ્યને આ વિધાનસભા ગૃહમાં પોતાની વાત કરવાનો અધિકાર આપવામાં આવેલો છે. તેના ભાગરૂપે સાહેબ, આપનું વિશાળ દિલ છે, સરકારનું પણ વિશાળ દિલ છે એટલે બધા સાહેબ આજે અહીંયા છીએ કાલે ત્યાં છીએ આવું અસરપરસ ચાલ્યા કરશે એટલે અમારી સાહેબ વિનંતી છે કે, ધારાસભ્યશ્રીએ પોતાની બેન્ચ ઉપર ઊભા હતા ત્યારે જે વાત કરી હતી, જતા જતા એમણે જે વાત કરી હતી એના ભાગરૂપે એમને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે એમને ફરી પાછા સભાગૃહમાં લેવામાં આવે એવી અમે વિનંતી કરીએ છીએ. કારણ કે, ધારાસભ્ય પોતે વિધાનસભાના પ્રાંગણમાં ઊપવાસ ઉપર બેઠેલા છે. આખુ ડેલિગેશન એમને મળીને આવ્યું છે, એમને સમજાવીને આવ્યું છે. એટલે કોંગ્રેસ પાર્ટી તરફથી અમારા વિપક્ષના નેતાશ્રી પણ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એમને મળીને આવેલા છે. તો આપને વિનંતી છે કે, હાઉસના સભ્ય હાઉસમાં બેસવાની જગ્યાએ બહાર પટાંગણમાં ઊપવાસ ઉપર બેઠેલા છે, એમનું સત્ર સમાપ્તી સુધીનું સસ્પેન્શન પાછું ખેંચે એવી સરકારને અમે વિનંતી કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર આ વાત રહે અને મિડિયાના ધ્યાન ઉપર આ વાત આવે એટલા માટે હું સ્પષ્ટ અને સાચી વાત કરીશ. હમણાં અડધો કલાક પહેલાં, રિશેષ પહેલાં માનનીય દંડકશ્રી બલવંતસિંહજી, માનનીય શ્રી શૈલેષભાઇ અને માનનીય શ્રી શક્તિસિંહજી એ ત્રણેય મને બહાર બોલાવીને વાત કરી, આપને પણ પછી અમે ચેર ઉપરથી બહાર આવવા વિનંતી કરી, આપ આવ્યા. આપણે સાહેબ જે વાત થઇ કે, અગાઉ પણ આવો બનાવ બનેલો એટલે પરેશભાઇ દિલગીરી વ્યક્ત કરે તો અમારી સરકાર તરફથી સભ્યો સસ્પેન્શન પાછું ખેંચવા અમે સંમતિ આપેલી, એ વાત સાહેબ, દિલગીરી વ્યક્ત કરે તો. એ પછી માનનીય શ્રી બલવંતસિંહજી અને માનનીય શ્રી શૈલેષભાઇએ એમ કહ્યું, ઇવન સાહેબ મારે શક્તિસિંહજીને પણ અભિનંદન આપવા જોઇએ કે, એમણે એમ કહ્યું કે, હું પરેશભાઇ વતી હાઉસમાં સમગ્ર સભ્યોની, હાઉસની માફી માગીને એમના વતી દિલગીરી વ્યક્ત કરીશ, એટલે સાહેબ અમે સંમતિ આપી. મેં માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરી, માનનીય પ્રદિપસિંહ સાથે વાત કરી પણ અત્યારે જે રીતે વાત માનનીય શ્રી બલવંતસિંહજી અને માનનીય શ્રી શૈલેષભાઇ કરે છે કે, સભ્યને બોલવાનો અધિકાર છે અને બહાર બેઠા છે અને અમારું ડેલિગેશન આમ ગયું એ યોગ્ય નથી. ટૂંકી અને ટચ વાત હોવી જોઇએ દરખાસ્ત કે, પરેશભાઇ જે બોલ્યા હતા અને અમારા માટે નહીં સાહેબ, ખાસ કરીને એમણે જતા જતા આપના માટે જે રીતે ઉચ્ચારણો કર્યા, આપનું અપમાન થાય એ રીતનું વર્તન કર્યું એના કારણે માનનીય ભુપેન્દ્રસિંહજીએ આપનું સન્માન જળવાઇ રહે એ બધા સભ્યોને નોંધ થાય એટલા માટે આ દરખાસ્ત કરેલી અને ગૃહે એ સ્વીકારેલી. હવે અમે આમાં સંમત છીએ. આવું વિધાનસભામાં થતું હોય અને ભૂતકાળમાં થયેલું છે બધી વાત સાચી પણ જેણે કર્યું છે એ વ્યક્તિ આજે પાછા બહાર ધરણા ઉપર બેસે, મિડીયાને જુદાજુદા પ્રકારના બેફામ રીતેના આક્ષેપો સરકાર વિરુદ્ધના કરી અને નિવેદનો આપે આવું બધું કરે છતાં પણ, અમે એ બધું જાણીએ છીએ છતાં આપની લાગણી અને માનનીય બલવંતસિંહ, શક્તિસિંહજી અને શૈલેષભાઇની લાગણી છે એટલે અમે પાછું ખેંચવા સંમત છીએ પણ દિલગીરી વ્યકત કરે તો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇનો આભાર માનું છું પણ સભ્યશ્રી હાઉસમાં આવશે ત્યારે દિલગીરી વ્યકત કરશે પણ હું પોતે જ અમારી પાર્ટીના સભ્ય તરીકે પરેશભાઇએ જે ભૂલ કરી છે એ માટે અમારી પાર્ટી અને પરેશભાઇ વતી હું દિલગીરી વ્યકત કરું છું અને સરકારે આટલું મોટું મન કર્યું છે તો એમનું સસ્પેન્શન રદ કરવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં કાળજી રાખે. બધા સભ્યોને અહીંયા બોલવાની પૂરતી તક મળે છે. આપ ઉદારતાથી બધાને સમય આપો છો, સામેથી ઉભા કરો છો કે બોલો એટલી આપની ઉદાર કામગીરી છે ત્યારે એ બધું જોઇને આપનું માન જળવાય, આપે અમને કીધું છે અને આપે ઉદારતા રાખી છે તો અમે એ દરખાસ્ત સ્વીકારીએ છીએ.

અધ્યક્ષશ્રી : આ ગૃહના બધા સભ્યોએ પોતપોતાની વાત કરી. અહીંયા બેઠા પછી સજા જેવું પણ લાગે કે તમારા બધાની વાત મારે સાંભળવાની અને મારી વાત કોઇ ના સાંભળે તો એ ચાલી શકે નહીં. સામાન્ય રીતે ગૃહમાં બધા સભ્યોને બોલવાનો હકક અને અધિકાર છે. કયારેક કોઇક ઉશ્કેરાઇને પણ બોલતા હોય છે અને એટલા માટે જયારે કોઇ એક સભ્યને સસ્પેન્ડ કરવાના હોય તો એક દિવસ માટેનો માત્ર મને અધિકાર છે પરંતુ જયારે સત્ર સમાપ્તિ માટે કરવાના હોય ત્યારે ગૃહની મંજૂરી લેવી પડતી હોય છે આપણે બધા જાણીએ છીએ અને એટલા માટે ભાઇશ્રી પરેશભાઇએ જે કર્યું, હવે ફરીથી નહીં કરે એવી આપણે અપેક્ષા રાખીએ અને હું સમગ્ર ગૃહ સમક્ષ પ્રસ્તાવ રજૂ કરું છું કે માનનીય પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કર્યા છે, એમનું સસ્પેન્શન રદ કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીને ગૃહમાં બેસવાની મંજૂરી આપવામાં આવે છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મહેસૂલ વિભાગની પણ માગણીઓ છે. શિક્ષણની વાત કરું તો, માણસ હોય એને સંપૂર્ણ માણસ બનાવે એને શિક્ષણ કહેવાય અને એટલા માટે કહ્યું છે કે કેળવણી એ જીવનનો પાયો છે. બીજા બધા વિભાગો કરતા આ શિક્ષણ વિભાગ એ ખૂબ મહત્વનો વિભાગ છે. હું મારી દ્રષ્ટિએ માનું છું એટલા માટે કે આ શિક્ષણ એવું છે કે

ન ચોર હાર્યં, ન ચ રાજ હાર્યં, જ ભાતૃ ભાજયં, ન ચ ભારકારી,
વ્યયે કૃતે વર્ધત એવ નિત્યં, વિદ્યા ધનં સર્વ ધનં પ્રધાનમ

આ વિદ્યાધન એવું છે કે એ બધા ધનમાં શ્રેષ્ઠ છે. ભાઇઓ પણ ભાગ પડાવી શકતા નથી, ચોરો ચોરી કરી શકતા નથી, ભારરૂપ પણ નથી અને જેમ જેમ એ વાપરીએ તેમ તેમ એ વધતું જતું હોય છે. એટલા માટે વિદ્યા એ ખરેખર માણસને સંપૂર્ણ માણસ બનાવે છે. અહીંયા કેટલીક વાત કરી છે કે જે પ્રાથમિક શાળાઓ છે અને કે.જી. હોય છે, આપણે નાના બાળકોને કે.જી.માં મોકલીએ છીએ. આંગણવાડીમાં બહેનો પણ બાળકોને શિક્ષણ આપતા હોય છે, પાયાના સંસ્કાર આપતા હોય છે. અહીંયા એવા બધા પ્રશ્નો છે. મને એક દિવસ એક ભાઇએ કહ્યું કે આ આંગણવાડીની બહેનોને સારો પગાર આપવો જોઇએ,

જેથી મન મૂકીને નાનાં બાળકોને સારાં સંસ્કારો સીંચે.બાળકોને આપણે કે.જી.માં ભણવા મોકલીએ છીએ. ત્યાં ખૂબ મોટી ફી લેતા હોય છે. આમ પાયાથી જ તગડી ફી લેવાનું કામ કે.જી. થી શરૂ થતું હોય છે. અહીંયા પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત બનાવવો જોઇએ. આ ગુજરાતને દુનિયાના નકશા ઉપર મૂકવું હશે તો પ્રાથમિક શિક્ષણ એ ખૂબ જ મહત્વનું પાસું છે. પ્રાથમિક શિક્ષણમાં ઘણી બધી ક્ષતિઓ રહેલી છે. આજે આપણે જોઇએ છીએ તો દિવસે દિવસે સરકારી પ્રાથમિક શાળા છે એમાં સંખ્યા ઘટતી જાય છે. ઘણી બધી સરકારી શાળા બંધ થતી જાય છે. ખાનગી પ્રાથમિક શાળા એ તરફ આજે દરેક વાલીઓ પોતાનાં બાળકોને મોકલતા હોય છે. ભણેલા ગણેલા વાલીઓ છે એ બાળકોને આ ખાનગી પ્રાથમિક શાળામાં મોકલતા હોય છે. અને એટલા માટે થઇને જે સરકારી શાળાઓમાં જે બાળકો ભણે છે. એમની પાસે ખાનગી સ્કૂલમાં ભણવા માટેની ફી, પૈસા નથી, એટલા માટે થઇને બાળકોમાં બે ભાગ પડે છે: ગરીબ વિદ્યાર્થીઓ અને સુખી વિદ્યાર્થીઓ. એવા બે ભાગ પડે છે. એટલે અહીયા સરકારી શાળાઓ છે. સરકારે ખૂબ ધ્યાન રાખવું પડે. આનું મોનીટરિંગ કરવું જોઇએ, એટલા માટે કે પાયો મજબૂત બને તો આપણે ઇચ્છીએ તેવું ગુજરાત શક્ય છે. એટલા માટે થઇને આ પ્રાથમિક શાળાઓમાં જે શિક્ષકો જોઇએ તે શિક્ષકો આજે પૂરા નથી. મારા જિલ્લામાં ઘણી બધી શાળાઓ એવી છે કે જ્યાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો નથી. અને જે હતા એ પોતાના વિસ્તારના હતા જેઓ સૌરાષ્ટ્ર, મહેસાણા, બનાસકાંઠા એ બાજુના એમના વતનમાં પરત જતા રહ્યા. આજે એ બધી શાળાઓમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો નથી. બીજી બાજુ આપણે ગુણવત્તાયુક્ત શિક્ષણની વાત કરીએ. આપણે ગુણોત્સવ કરવાની કયાં જરૂર છે? શિક્ષકોને બીજું કામ છોડાવીને તેમને ફકત શિક્ષણ આપવાનું કામ સોંપો. તેમને અન્ય પ્રવૃત્તિમાં શા માટે જોડીએ છીએ? શિક્ષક એ શિક્ષક છે જેનામાં શિસ્ત છે, ક્ષમા છે, કળાનો ભંડાર છે. શિક્ષક એ ગુરુ કહેવાય. એમને પૂરા સમયનું એક જ કામ સોંપવું જોઇએ તો એ બાળકોનું ધ્યાન રાખી શકે. શિક્ષકો તાલુકામાં, જિલ્લામાં, કયાંક મીટિંગ હોય તો શાળામાં ત્રણ શિક્ષકોમાંથી એક શિક્ષક હાજર હોય. આવી સ્થિતિ આજે ગુજરાતમાં બધે નિર્માણ થઇ છે. અહીયા એ વાત કરીશ કે હમણા જે શિક્ષકોની ભરતી થઇ. ૫૦૦૦ શિક્ષકોની જાહેરાત પડી હતી. એમાં ૩૫૦૦ એવા શિક્ષકો હતા જે બીજે શિક્ષક તરીકે વિદ્યાસહાયકમાં લાગેલા. અને એ શિક્ષકો ફરીથી અહીયા જોડાયેલા છે. તો ખરેખર આજે એવા શિક્ષકો ભાઇ બહેનો છે કે તેઓ નોકરીની રાહ જોઇ રહ્યા છે. ૩૫૦૦ શિક્ષકો લાગી ગયા. પેલા વેઇટિંગમાં રહી ગયા. આમાંથી એવા કેટલાય શિક્ષક ભાઇ–બહેનો છે કે તેમને નોકરી મળે તો જ લગ્ન થાય. એવો આ સમાજ છે. અહીયા બીજી વાત કરીશ કે ૨૦૦૬ પછીના વિદ્યાસહાયકો હતા એમને જે લાભો આપ્યા.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર માનનીય શિક્ષણમંત્રીશ્રી જે શિક્ષણ વિભાગનું સને ૨૦૧૭–૧૮ નું બજેટ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા ઊભો થયો છું.

માનવજાતનું પાયાનું ઘડતર એટલે કે પ્રાથમિક શિક્ષણ. ત્યારથી આપણું ઘડતર શરૂ થાય અને સમગ્ર રાજ્યની પ્રગતિ અને એનું માપદંડ એ સારું શિક્ષણ હોય. જેનું હયાત પ્રમાણ આપણું આઝાદી પહેલાનું વડોદરા સ્ટેટ. તત્કાલીન રાજવીઓએ પોતાની જનતા શિક્ષિત બને તો જ રાજ્ય સમૃદ્ધ બને તેવી નેમ સાથે શિક્ષણની સારામાં સારી સવલતો આજે પણ વડોદરામાં જોઇ શકીએ છીએ. એ જ રીતે પ્રાથમિક શિક્ષણમાં છેલ્લે છેલ્લે ૨૦૦૨ થી ૨૦૧૫ સુધી અને ૨૦૧૭–૧૮નું બજેટ રજૂ કર્યું ત્યાં સુધીની જોગવાઇઓમાં જરૂરિયાત મુજબના ધરખમ ફેરફારો, નવી યોજનાઓ લાગુ કરવી અને તેની સફળ અમલવારી કરાવવી, ગુજરાતને ઉચ્ચ ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ આપવાની કામગીરી આ રાજ્ય સરકારે પંદર વર્ષમાં કરી છે. તેમાં ખાસ કરીને આઝાદી પછી છેક ૨૦૦૨ સુધી ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગના જનમાનસ ઉપર એક એવી માન્યતા હતી કે આપણે તો ગામડાંના કહેવાઇએ, આપણે ખેડૂતો છીએ એટલે આપણે મજૂરી કરવાની હોય, દીકરીઓને પારકે ઘરે મોકલવાની હોય છે એટલે દીકરીને નોકરી થોડી કરાવાય આવી ભ્રમણાઓમાંથી સમાજને બહાર લાવવાનું કામ કોણ કરે, કોની જવાબદારી કહેવાય, ગામડાંઓમાં આવા જે ભ્રમ હતા તે દૂર કરવા માટે લોકશાહીમાં લોકોમાં જાગૃતિ લાવવાની જવાબદારી આપણી આ ગુજરાતની સરકારે ઉઠાવી છે. સમગ્ર રાજયમાં જાગૃતિ લાવવાનું અભિયાન ૨૦૦૨ થી આ સરકારે ઉપાડયું છે. કન્યા કેળવણી રથ ગામડે ગામડે જાય. પ્રવેશ ઉત્સવોને ઉજવણી ભલે કહેવામાં આવે. પ્રવેશ ઉત્સવોમાં જેણે ગામડાંઓમાં ભાગ લીધો છે ને તેમાં જોઇએ તો આખું ગામ ઢોલ નગારાં વગાડે, ગાડાઓ શણગારે અને બાળકોના જીવનની અંદર ઉત્સાહ આવી જાય. તે બાળક જીવે ત્યાં સુધી યાદ રહે કે અમારા પ્રવેશ ઉત્સવ વખતે આખું ગામ જોડાયું હતું અને ફટાકડા પણ ફોડયા હતા. તેને નવી નવી કીટ મળે, પેન, પેન્સિલ, સ્લેટ, નવા દફતર, પાકીટ મળે તો તેને ઉત્સાહ આવે અને તે આખી જિંદગી યાદ રહે. તેના પરિણામના આંકડા વારંવાર દર વર્ષે આપવામાં આવે છે. ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે જાગૃતિના કાર્યક્રમો કર્યા. ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવો હોય તો વધારાની સુવિધાઓ ઉભી કરવી પડે. ગામડાંની અંદર બહેન દીકરીઓને શિક્ષણમાં જે તકલીફો છે તેના માટે સુવિધાઓ ઉભી કરાવવી પડે. તેના પ્રશિક્ષણના વધારાના વર્ગો ચાલુ કરવા પડે. ધોરણ ૫ થી ૭ માં ગામડાંની અંદર જે દીકરી ભણતી હોય તેને બોલવાની પણ સૂગ હતી. તેમના માટે સેનિટેશનની વ્યવસ્થા કરવા માટેની પહેલી નેમ આનંદીબેને ઉપાડી. સમગ્ર રાજયમાં જયાં જયાં પણ કન્યા શાળાઓ હતી ત્યાં એક વર્ષની અંદર સેનિટેશનની વ્યવસ્થા કરવાના હુકમો કર્યા અને રેકર્ડ બ્રેક કામગીરી આ વિભાગે કરી છે. વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે શાળાના જરૂરી ઓરડાઓ બનાવ્યા. શાળાના ઓરડાનું આયુષ્ય નકકી થાય. ૨૫ કે ૩૦ વર્ષે ઓરડા જર્જરિત બને અને નવા કરવા જ પડે. રાબેતા મુજબની આ કાર્યપદ્ધતિ છે. આપણે એમ કહીએ છીએ કે ચાર હજાર ઓરડા ઘટે છે. તો સાહેબ તેની સામે ચાર હજાર ઓરડા પાડવાલાયક થયા હોય તે બનતા હોય છે. દર વર્ષે એટલા શિક્ષકો નિવૃત્ત થાય અને આપણે એમ કહીએ કે આટલા શિક્ષકોની

ઘટ છે. તેની સામે સાહેબ એટલા તો નિવૃત્ત થતા હોય છે. નવા લેવા જ પડે. શાળાઓમાં વિદ્યાસહાયકોના રૂપમાં છેલ્લા વર્ષોમાં ભરતી કરી શિક્ષણની સુધારણા માટે કાળજી રાખી છે. સેનિટેશનની સુવિધાઓ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, મફત પાઠ્યપુસ્તકો, મફત ગણવેશ, મધ્યાહન ભોજન યોજના અને ગુણોત્સવ આ બધુ કર્યુ છે. આ ગુણોત્સવમાં શાળા પુરસ્કાર યોજના અમલમાં લાવીને આ રાજયની અંદર પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર સફળતા મેળવીને દરેક ક્ષેત્રે ગુણવત્તા વધે અને તેનો વ્યાપ વધે તે રીતે આગળ ધપાવવાની પ્રાથમિકતા આ સરકારના બજેટમાંથી જોવા મળે છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી માગણી નં. ૭૮ અને ૭૯ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ જળ દિવસ નિમીત્તે હું વિશ્વ જળ દિવસ છે એટલે કહું છું કે, મારા સાણંદના ખેડૂતો જળ માટે પડાપડી કરે છે અને વર્ષોથી માગણી કરે છે તેમ છતાં પાણી મળતું નથી. ખેડૂતોએ વીસ વીસ વર્ષથી રજૂઆત કરી છે અને મેં પણ વિધાનસભામાં છેલ્લા ચાર વર્ષથી રજૂઆત કરી છે કે, મારા કાંઠા વિસ્તારના ૩૧ ગામના ખેડૂતોને એમના પાકના રક્ષણ માટે પાણી આપવામાં આવે, ફતેવાડી કેનાલમાંથી આપો કે નર્મદા કેનાલમાંથી આપો પણ કોઇ જગ્યાએથી આપતા નથી એટલે આંદોલન કર્યું તો ઉપરથી એમને પાણીને બદલે ડંડા આપ્યા તો આ ખેડૂતોને ખેતી માટે પાણી આપવામાં આવે એવી નર્મદા જળ સંપતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીને વિનંતી કરું છું કે ખેડૂતોનો આ પ્રશ્ન જેમ બને તેમ વહેલી તકે પાણી આપીને ઉકેલવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મહેસૂલ વિશે પણ વાત કરવી છે. જેમ હમણા બળદેવજીએ વાત કરી કે બોગસ ખેડૂતો બની જાય છે. તો મારા સાણંદમાં પણ આવા બોગસ ખેડૂતો બની ગયા છે અને હજારો એકર જમીન હડપ કરેલી છે. હું નામ જોગ કહું છું કે, ૨.૨.૧૯૯૫ના રોજ દિશમાન ફાર્મા કંપની લિમિટેડના માલિક જન્મેજય રજનીકાંત વ્યાસ તેઓ મોડાસર ગામના એક બ્રાહ્મણ કુટુંબના કાકા ગુજરી ગયા તો કહે મારા મધર ભદ્રાબેન, વાસુદેવ શુકલના દીકરી છે એવું ખોટું અને બોગસ વારસાઇમાં નામ દાખલ કરી અને ખેડૂત બન્યા છે. મેં આની વારંવાર જિલ્લા સંકલન સમિતિમાં રજૂઆત કરી છે અને એક વર્ષથી પ્રશ્ન પૂછું છું તથા લેખિતમાં મેં માનનીય મહેસૂલ મંત્રીશ્રી, મુખ્ય મંત્રીશ્રી, અગ્ર સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ આ બધાને રજૂઆત પણ કરી છે તેમ છતાં કોણ જાણે કેમ બધા એક જ જવાબ આપે છે કે, આ તો ૨.૨.૧૯૯૫ના રોજ વારસાઇથી ખેડૂત બન્યા છે. પણ વારસાઇથી જે ખેડૂત બન્યા છે એ તો એમના માતુશ્રી મરનાર-ગુજરનાર આસામી છે એના દીકરી નથી તેમ છતાં ખોટી રીતે વારસાઇ થયેલી છે. તો ખરેખર આવા લોકોએ બોગસ ખેડૂતો બનીને આખા ગુજરાતમાં હજારો એકર જમીન ખેડૂતોની પડાવી લીધી છે.

બીજું મકરબામાં ૨૦૪ની ટી.પી. સ્કીમ આવેલી છે, ૨૦૪ ટી.પી. સ્કીમમાં R-1, R-2, અને R- 3 ઝોન આવેલા છે એમાં R-3માં તમામ ખેડૂતોની જમીનો આવેલી છે અને બાજુમાં મોટા ઉદ્યોગપતિઓની જમીનો છે તેમાં ઉદ્યોગપતિઓની એક ચોરસ મીટર જમીન પણ કાપી નથી અને ખેડૂતોની જમીનો કાપી તેમની જગ્યામાં ૫ લાખ ચોરસ મીટર જમીન ઉપર ગાર્ડન બનાવેલ છે. હવે R-3માં ફકત ૧૫ ટકા બાંધકામ મળે છે અને ૮૫ ટકા તો ખુલ્લી જમીન રહે છે તો એમાં ક્યાં ગાર્ડન બનાવવાની જરૂર હતી? તો આવી રીતે ખેડૂતોને બધી જ જગ્યાએ મારવામાં આવે છે ત્યારે ખેડૂતોને ન્યાય મળે અને ખેડૂતોના હિતમાં પગલાં ભરવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે.

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનશીલ સરકાર, નિર્ણાયક સરકાર, પ્રગતિશીલ સરકાર, સૌનો સાથ સૌનો વિકાસ આ કોઇ સ્લોગન કે સુત્રો નથી. આ ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના વિકાસ માટેના મંત્રો છે. આ મંત્રોની ઘણા સભ્યો મજાક ઉડાવે છે. મારા વિસ્તારની અંદર ૩૭-૩૮ વરસના એક યુવાનને છાતીમાં દુ:ખાવો ઉપડ્યો, એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. હોસ્પિટલમાં તપાસને અંતે ડોકટરે એવું કહ્યું કે ભાઇ આમને એટેક છે, બ્લોકેજ છે અને આમને સ્ટેન્ટ મૂકવું પડશે અને એના માટેનો ખર્ચો એક લાખ પંચોતેર હજાર રૂપિયાનો થશે. એમના પત્ની ગભરાઇ ગયા અને કહ્યું કે મારા ઘરમાં પાંચ હજાર રૂપિયા નથી તો આ એક લાખ અને પંચોતેર હજાર રૂપિયા હું કાઢીશ ક્યાંથી. અમૃતમ્ વાત્સલ્ય ''મા'' કાર્ડ માટે એમણે પ્રોસેસ શરૂ કરી અને એક દિવસની અંદર એમને કાર્ડ મળી ગયું, ઝીરો ખર્ચની અંદર સરકારની યોજનાનો લાભ આપીને એમને સ્ટેન્ટ મૂકવામાં આવ્યું. આ ઘરનો આધાર બચી ગયો આને સંવેદનશીલ સરકાર ન કહેવાય તો શું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારું સૌરાષ્ટ્રમાં ગામ છે. ત્રણ નદીથી ઘેરાયેલું ગામ છે. શેત્રુંજી, છેલ અને નાવલી વરસાદ પડે અને નદીમાં પાણી આવે ગામનો વ્યકિત બહાર ના જઇ શકે અને બહારનો વ્યકિત ગામમાં ન આવી શકે. પંદર - પંદર દિવસ, વીસ - વીસ દિવસ પાણી ના ઉતરે, કોઇને દવાખાને લઇ જવો હોય તો અમરેલી કુંડલા પહોંચી ના શકે. એને કારણે મૃત્યુ થાય તેવા બનાવો બન્યા છે. આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ત્રણે ત્રણ નદી ઉપર પુલ બનાવ્યા છે અને આજે ગમે તેટલો વરસાદ પડે માણસ અવર જવર કરી શકે આને પ્રગતિશીલ સરકાર ન કહેવાય તો શું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં સુરતમાં સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સત્તર હજાર વાર જગ્યા આ ટ્રસ્ટને આપી છે, આજે આ જગ્યાની ઉપર કિરણ હોસ્પિટલ તૈયાર થઇ રહી છે. જેમાં ૫૩૩ બેડ અને ભવિષ્યમાં ૭૫૦ બેડ થાય એવી સુવિધા થશે. આ હોસ્પિટલ

તેર માળની થવાની છે. અંદાજીત દસ લાખ ચોરસફૂટનું બાંધકામ છે. ૧૧૫ આઇ.સી.સી.યુ. બેડ, ૬૬ ઓ.પી.ડી. ૩૩ મેડિકલ વિભાગ, ૨૮ ઓપરેશન થિયેટર, ૨૨ લિફ્ટ, હેલીપેડથી સજ્જ એર એમ્બ્યુલન્સની સુવિધા પણ આ હોસ્પિટલની અંદર છે. નર્સીંગ કોલેજ પણ થશે.  દર્દીના સગાવહાલા, ડોકટર અને સ્ટાફને રહેવા માટે અને જમવા માટેની સગવડ અહીંયા થશે. ભારતીય જનતા પાર્ટીની સરકારે કરોડો રૂપિયાની જમીન આપી છે. ઉદ્યોગપતિઓએ કરોડો રૂપિયાનું દાન આપ્યું અને અતિ આધુનિક હોસ્પિટલ સુરત શહેરની અંદર બની રહી છે આને સૌનો સાથ અને સૌનો વિકાસ ન કહેવાય તો શું કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ હેઠળ હું મારા સુરત શહેરની વાત કરું તો ૯ લાખ વાર જગ્યા અને બાર હજારથી પણ વધારે કુટુંબો આ ટોચમર્યાદા અને ખાલસા થયેલી જગ્યાનો ભોગ બન્યા છે. આ ટોચમર્યાદા હેઠળની જમીનમાં ચાળીસ વરસથી લોકો રહેતા હતા તે અધ્ધર જીવે રહેતા હતા. આ સરકાર જમીન લઇ લેશે,  અમારા ઘરના ઘર જતા રહેશે, ફરીવાર અમારાથી મકાન થશે કે નહિ. આવી બીક સાથે પાંત્રીસ ચાળીસ વરસથી લોકો આ મકાનોમાં રહેતા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે હમણાં જ આ યુ.એલ.સી.નો કાયદો હટાવીને જે લોકો આમાં ફસાયેલા હતા એમને પોતાના મકાન અને મિલકતનો હક્ક મળે એના માટેના પ્રયાસ કર્યો છે. આને નિર્ણાયક સરકાર ન કહેવાય તો શું કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, સોફ્ટવેર એપ્લીકેશન દ્વારા દસ્તાવેજોની નોંધણીની પ્રક્રિયા. વર્ષોથી એક જમીનનો દસ્તાવેજ થયો હોય અને જમીન માલિક પાસેથી કોઇએ જમીન લીધી હોય અને તેનો જયારે દસ્તાવેજ કરાવે ત્યારે તેને ખબર પડે કે આના તો બીજા ત્રણ ચાર દસ્તાવેજો માર્કેટમાં ફરે છે આ પરિસ્થિતિ હતી. જમીનના માફિયાઓ જમીનના  ત્રણ–ત્રણ ચાર દસ્તાવેજો કરતા હતા, સાટાખત કરતા હતા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ દસ્તાવેજની પ્રક્રિયામાં એટલો સુધારો કર્યો કે આજે એક પણ દસ્તાવેજ ખોટો ના થાય. લોકો જે ફસાતા હતા તેમાંથી તેને બહાર કાઢવાનો પ્રયત્ન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે.  માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઇચ્છાશકિત ધરાવતી સરકાર છે. એક ચોક્કસ એજન્ડા સાથે અને ગુજરાતના વિકાસના મંત્રો સાથે કામ કરનારી સરકાર છે ત્યારે હું આ મંત્રીશ્રી જે કંઇ માગણી લઇને આવ્યાં છે તેને હું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ સન્માનનીય ગૃહની અંદર આપણે સૌએ શિક્ષકોનો આભાર માનવા જોઇએ એ ગુરુઓનો કે જેણે આપણને સૌને ભણાવ્યાં અને જયારે આજે આપણે સૌ એ શિક્ષકો, એ ગુરુઓના કારણે આજે આ સન્માનનીય ગૃહની અંદર આપણે સ્થાન શોભાવી રહ્યાં છીએ અને ગુજરાતની પ્રજાના પ્રશ્નો માટે આપણે સૌ વાચા આપી રહ્યાં છીએ. અને એ વખતે જે શિક્ષણ પ્રાપ્ત કર્યુ તે કઇ સરકારમાં ? મારી કોંગ્રેસની સરકારમાં તેનો મને ખૂબ ગર્વ છે કે આજે ખૂબ સારું શિક્ષણ પ્રાપ્ત કરી અને આ ગૃહની અંદર આપ સૌ મંત્રી તરીકે, માનનીય અધ્યક્ષ તરીકે, પત્રકાર તરીકે અને અધિકારી તરીકે આપ સૌ સ્થાન શોભાવી રહ્યાં છો.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે શિક્ષકોની અહીંયા વાત થઇ ત્યારે ખાસ કરીને હું ગૃહ સમક્ષ અને મંત્રીશ્રી સમક્ષ બે વાત મૂકવા માગુ છું કે આ સરકારની અંદર સી.આર.સી. અને બી.આર.સી.ની નિમણૂક કરવામાં આવી. જયારે મારા ધ્યાને આવ્યું કે આવા સી.આર.સી.અને બી.આર.સી.ને છૂટા કરવામાં આવ્યા. એક બાજુ સરકારે એમ કહે છે કે શિક્ષણનું સુધર્યું છે તો સી.આર.સી. અને બી.આર.સી.ને છુટા કરવાના શું કારણો હતા ? જો શિક્ષણની ગુણવત્તાનું સ્તર સુધર્યુ હોય અને કદાચ કયાંય કોઇ સરકારના આદેશ અનુસાર એવુ કંઇ આવતું હોય કે વર્ષ, બે વર્ષ કે ત્રણ વર્ષની અંદર આ સી.આર.સી. અને બી.આર.સી.ને છુટા કરવા પડે તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે વિજાપુર તાલુકાની તમામ શાળાઓ, માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે જે શાળાઓ એ પ્લસ ગ્રેડ ગુણોત્સવની અંદર આવશે તે તમામ શિક્ષકોનું, તમામ સી.આર.સી. બી.આર.સી.નું હું બહુમાન કરીશ તો આ વિજાપુર તાલુકાની અંદર તમામ શાળાઓ એ પ્લસમાં ગ્રેડમાં આવી છતાં કેમ સી.આર.સી. અને બી.આર.સી.ને આપણે છુટ્ટા કર્યા ? કાં તો સરકારે તેની બેવડી નીતિ છે તે જાહેરાત કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપની જાણ માટે કોઇને છૂટા નથી કર્યા માત્ર બદલી કરી છે.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : બદલી કરી છે પણ જે સી.આર.સી. અને બી.આર.સી. છે તેને શિક્ષકમાં મૂકયા અને જે શિક્ષક હતો તેને સી.આર.સી.માં મૂકયા તો જેની ગુણવત્તા સારી હોય તો તેને સી.આર.સી.માંથી ઉતારવાના કારણો શું ?

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ ખાસ કરીને હું આપનુ ધ્યાન દોરીશ કે શિક્ષકોની ભરતી. સરકાર એક બાજુ એમ કહે છે કે અમે પાંચેક હજાર જેટલા શિક્ષકોની ભરતી કરી. સાચી વાસ્તવિકતા તરફ માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરીશ કે જો શિક્ષકોની ભરતી થતી હોય તો ખાસ કરીને શિક્ષણની અંદર એવુ થતું હોય છે કે જે જિલ્લાફેર બદલ માટે અરજી કરતા હોય છે. અને ખાસ કરીને એ લોકો જાહેરાતની રાહ જુએ છે કે કયારે ભરતીની જાહેરાત પડે અને અમે જિલ્લાફેર બદલમાં આવીએ. પોતાની નોકરી નજીક લાવવા માટે જયારે આવી અરજીઓ પડતી હોય છે તો એ અરજી મારફતે તે જિલ્લાફેર બદલ માગે છે. વાસ્તવિકતામાં શું થાય છે જે શિક્ષક વિદ્યા સહાયક તરીકે ફરજ બજાવતો હોય છે. જયારે સરકારની જાહેરાત પડે ત્યારે એ જાહેરાતના મારફતે એનું Merit ઊંચું હોય જેના કારણે ફરી પાછા એ જ શિક્ષકો નોકરીએ લાગે છે અને બીજા જિલ્લાની અંદર શિક્ષકોની ઘટ પડે છે. એટલે આ ભરતીની પ્રક્રિયા પાણીના ગ્લાસ જેવી છે. એક ગ્લાસમાંથી પાણી ખાલી કરીને બીજા ગ્લાસમાં નાખવા જેવું છે. હું અમારા પૂર્વ મંત્રીશ્રી આદરણીય શંકરસિંહ બાપુનો આભાર માનીશ કે, જેમણે બાલગુરુ યોજના ચાલુ કરી. આ યોજના મારફત

ઘણા શિક્ષિત યુવાનો બેરોજગાર હતા તેમને નોકરી મળી અને અત્યારે આ તમામ બેરોજગાર યુવાનોને નોકરી મળી એનો શ્રેય અમારા શંકરસિંહ બાપુને જાય છે અને અમારી આ યોજનાનું નામ બદલીને તમે વિદ્યાસહાયક કર્યું છે. ખાસ કરીને શિક્ષકો તરફથી હું એક માગણી કરું છું કે, માનનીય મંત્રીશ્રીએ હમણાં એક જાહેરાત કરી કે, ૨૦૦૬ પછીના તમામ શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ અપાશે પણ હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે, ૨૦૦૬ પહેલાના જે શિક્ષકો છે એ શિક્ષકોને પણ સમાન લાભ મળવો જોઇએ. તો માનનીય મંત્રીશ્રી જો આવા શિક્ષકોને લાભ આપશે તો મને ચોક્કસ આનંદ થશે. બીજું શિક્ષણ ક્ષેત્રની અંદર જ્યારે ખાનગીકરણ થયું છે ત્યારે આપણે ખૂબ મોટી વાતો કરીએ છીએ કે, 'વાંચે ગુજરાત, ભણે ગુજરાત' 'સૌ ભણે અને સૌ આગળ આવે'. તો ખાસ કરીને માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગુ છું કે, આ સરકારની અંદર તમે જ્યારે ગુજરાતની ગાદી પર બેઠા ત્યારે શિક્ષણ માટે મા સરસ્વતીના ધામની અંદર વેપારની હાટડીઓ બની ગઇ છે. કોઇપણ વેપાર કરતાં ગુજરતમાં સૌથી મોટો વેપાર શિક્ષણનો બની ગયો છે. ત્યારે આ મુદ્દા ઉપર હું આપનું ખાસ ધ્યાન દોરવા માગુ છું કે એક ખાનગી વલ્લભ વિદ્યાનગરની એ.પી.આઇ.ડી. આર્કિટેક્ટ પ્રાઇવેટ કૉલેજમાં Inter ડીગ્રીમાં 7th semester ની અંદર ૪૨ વિદ્યાર્થીઓએ Internal પરીક્ષા આપી જેની અંદર ૬૦ marksમાંથી દરેક વિદ્યાર્થીને એક સરખા marks હોય તો આવી એ.પી.આઇ.ડી વલ્લભ વિદ્યાનગરની આર્કિટેક્ટ કૉલેજ પર આપ પગલાં ભરશો કે કેમ?

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ(લિંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આપણે સૌ વિધાનસભામાં કે જાહેરજીવનમાં ભણી-ગણીને આગળ વધ્યા હોઇએ તો કોઇ સરકારના આધારે નહિ પણ અમારા માતા-પિતા અને અમારા શિક્ષકોના હિસાબે આ ગૃહમાં આવ્યા છીએ પણ આજે જે બાળકોને શાળા પ્રવેશોત્સવના માધ્યમથી શાળામાં પ્રવેશ કરાવીએ છીએ અને કદાચ ભવિષ્યમાં કોઇ બાળક આ ગૃહમાં બેસશે તો ગર્વથી કહેશે કે મને શાળામાં પ્રવેશ કરાવવા માટે આ રાજ્યના મુખ્યમંત્રી આવ્યા છે, ધારાસભ્ય આવ્યા છે, અધિકારી આવ્યા છે, પદાધિકારી આવ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે, આજે વિધાનસભામાં યુનિવર્સિટીના શિક્ષણની બાબતે જે ચાર બીલ અહીંયા રજૂ કર્યા છે અને પાસ થઇ ગયા છે એના માટે શિક્ષણમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. સમાજ અને વ્યક્તિના વિકાસના ઘડતરમાં શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે. અમારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર શિક્ષણની સતત ચિંતા કરે છે. શિક્ષણની ગુણવત્તાની સાથે સાથે તેમાં નવિનીકરણની પણ કાળજી લે છે. ''વિદ્યા વિનયતે શોભતી'' પણ સાહેબ અહીં તો વિનય દેખાતો જ નથી. વિપક્ષની ભાષા તો વિનય વગરની ભાષા છે. મારે આ ગૃહને જણાવવું છે કે, જ્યારે અમે શાળામાં ભણતા હતા ત્યારે અમને અમારા શિક્ષક સારી-સારી વાતો ભણાવતા હતા અને અમે અમારા જીવનમાં એ સારી શિખામણોનું પાલન પણ ખૂબ સારી રીતે કરી રહ્યા છીએ. પણ સાહેબ અમુક લોકોને શિક્ષકે કહેલું એ કંઇ સમજ્યા જ નહીં હોય એવું અત્યારે આ ગૃહમાં અમુક લોકો વર્તન કરે છે પણ શું કરીએ સાહેબ? વિનાશકાળે વિપરિત બુધ્ધિ, આપ અમને સાચી બાબતનું ધ્યાન દોરી શકો છો પણ સાહેબ, ઘણા લોકો આપનાથી પણ જાણે મોટા હોય એવું વર્તન કરીને એવું કહેતા હોય છે કે, ના સાંભળવું હોય તો બહાર જતા રહો. આ તે કેવું વર્તન કહેવાય સાહેબ? ઠીક છે જવા દો સાહેબ, આદતથી મજબૂર છે સાહેબ.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં છ દાયકાથી પણ વધુ સમય માટે કોંગ્રેસે શાસન કર્યું છે અને એમને ગરીબોની ગરીબી દૂર કરવાના ફકતને ફકત નારા જ લગાવ્યા છે, પરંતુ ગરીબો માટે કોઇ ઠોસ કદમ ઉઠાવ્યા નથી એના કારણે આજે પણ આ દેશમાં ૬૬ ટકાથી ૭૦ ટકા જેટલા લોકો ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે. જેના માટે માત્રને માત્ર કોંગ્રેસ જ જવાબદાર છે. આપણા વડા પ્રધાનશ્રીએ ગરીબોની ગરીબી દૂર કરવા શિક્ષણ એ જ એક માત્ર મહત્વનો ઉપાય છે એવા સંકલ્પ સાથે એમણે શિક્ષણને ખૂબ મહત્વ આપ્યું છે. એમને પ્રાથમિક શિક્ષણથી લઇને ઉચ્ચ શિક્ષણ સુધી સરળતાથી શિક્ષણ પ્રાપ્ત કરી શકાય તેવાં પગલાં લીધાં છે. તેમણે માત્ર દીકરાઓને જ નહીં પણ દીકરીઓને પ્રાથમિક ધોરણથી પ્રવેશ મળે તેમજ સો ટકા નામાંકન થાય તે હેતુથી કન્યા કેળવણી અને પ્રવેશ ઉત્સવ જેવા આયોજન ગુજરાતમાં કર્યા છે. ગુજરાતમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય મુખ્ય મંત્રીશ્રીની આગેવાનીમાં શ્રી મોદી સાહેબે કંડારેલી કેડી ઉપર આગળ વધવાનો ફકત નિર્ણય કર્યો છે અને એના માટે સતત પ્રજાલક્ષી આયોજન કરી રહ્યા છે. રાજયના ૮૨ લાખથી વધુ વિદ્યાર્થીઓના લાભાર્થે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલી બનાવી જેમાં ફકત પાઠ્ય પુસ્તકો, ગણવેશ, ટ્યુશન ફી, ભોજન ખર્ચ અને ભાષાલક્ષી સુવિધા માટે નાણાકીય સહાય આપવામાં આવી છે અને બહેનો માટે પણ મેડિકલમાં સંપૂર્ણ ફી માફીનું આયોજન અમારી સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા સુરત શહેરની વાત કરવી છે. સુરત શહેરમાં મારો વિસ્તાર લિંબાયત વિસ્તાર છે. જે સ્લમ વિસ્તાર હોવાથી ત્યાં ધોરણ એક થી ધોરણ આઠ સુધી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ ખૂબ છે પણ ધોરણ આઠ પછી ધોરણ નવ અને ધોરણ દસ માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત એક પણ સુમન હાઇસ્કૂલ ન હતી જેના લીધે નવમા ધોરણનું એડમીશન લેવા માટે ખૂબ મોટી સંખ્યામાં બાળકો હોવાથી ત્યાં નવમા અને દસમા ધોરણની બીજી સ્કૂલની આવશ્યકતા હતી ત્યારે મેં માનનીય શિક્ષણ મંત્રીશ્રીને રજૂઆત કરીને એસએનસી સંચાલિત સુમન હાઇસ્કૂલ નંબર દસ અને અગિયાર મરાઠી માધ્યમિક સ્કૂલો ચાલુ કરાવી અને ત્યારથી મારા વિસ્તારના બધા જ બાળકોને સરળતાથી એડમીશન મળી ગયું છે. તેના માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ અને આ ગૃહમાં લોક હિતના કેટલાં નાણાં વપરાયા તેની ચર્ચા કરતા હતા ત્યારે મારે એમને કહેવું છે કે, તમારા જ એક કેન્દ્રના નેતા કહેતા હતા કે હું દિલ્હીથી એક રૂપિયો

મોકલું છું પણ નીચે સુધી પહોંચતાં પહોંચતાં ૧૫ પૈસા થઇ જાય છે તો આ ૮૫ પૈસા ક્યાં ગયા એનો કોઇ હિસાબ છે? એનો હિસાબ આ દેશની પ્રજા આપી રહી છે. યુ.પી.ની ચૂંટણીમાં શું થયું એની સૌને ખબર છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં હું માર વિચારો વ્યક્ત કરું છું.

શિક્ષણ એ કોઇ પણ રાજયનો પાયો છે. જેટલું શિક્ષણ સારૂ એટલી ત્યાંની પ્રજા સારી અને એટલી શિક્ષિત પ્રજા અને જેટલી શિક્ષિત પ્રજા હોય એ રાજયની વિકાસ ખૂબ સારી રીતે થાય આ વાતનું ધ્યાન રાખવામાં સરકાર કંઇક ઉણપ કરી હોય એવું મને લાગે છે કારણ આજે દરેક શિક્ષણ એટલું બધુ મોંઘુ થઇ ગયું છે કે પ્રાઇમરીથી લઇ છેક ઉચ્ચ શિક્ષણ સુધીનું જે શિક્ષણ છે એ ખૂબ મોંઘુ થઇ ગયું છે.
કોંગ્રેસના રાજયમાં શિક્ષણને ખૂબ મહત્વ આપવામાં આવતું હતું. અને પ્રાયમરીમાં તો કોઇપણ જાતની ફી લેવામાં આવતી નહોતી અને પૂરતા શિક્ષકો રાખવામાં આવતા હતા. જયારે માધ્યમિકની અંદર કન્યા કેળવણી તદ્દન મફત હતી બહેનો માટે કોઇ ફી લેવામાં આવતી નહોતી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને તે વખતે ખૂબ સારું શિક્ષણ આપવામાં આવતું હતું. આદરણીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી હતા ત્યારે એમણે બાળકો હોય ત્યાં શાળા, દૂર ગામડાંમાં જયાં બાળકો હોય ત્યાં તથા પરા વિસ્તાર હોય ત્યાંના બાળકો પણ સારી રીતે ભણી શકે અને સમાજના અન્ય વર્ગની જેમ શિક્ષણ લઇ શકે અને એમને છેક શહેર સુધી આવવું ન પડે દૂર સુધી જવું ન પડે એટલો બધો ખ્યાલ એમણે બાળકોનો રાખ્યો હતો. એમને બીજો ખ્યાલ એ આવેલો કે બાળકોના વાલીઓ હોય છે એ ખેતરે ગયા હોય છે એટલે કેટલાક બાળકો બપોર પછી શાળાએ આવતા નહોતા ત્યારે એમણે મધ્યાહન ભોજનનો ખ્યાલ આવ્યો અને સમગ્ર ગુજરાત તથા સારાયે દેશમાં એક સાથે બેસીને જમતા હોય તેવી વ્યવસ્થા કરી હતી. એના લીધે શાળાએ આવવાની બાળકોની સંખ્યા ખૂબ વધી હતી. દેશના વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી હતા એમણે પણ શિક્ષણ માટે ખૂબ ચિંતા કરેલી. એમણે પણ બાળકોને કોમ્પ્યુટર અને માઉસ જલદી મળે અને ટેકનિકલ રીતે અને વૈશ્વિક રીતે આજનો બાળકો નવી નવી ટેકનોલોજી જાણનારો થાય એના માટેના ખૂબ પ્રયત્નો કર્યા હતા. કોંગ્રેસે જે સંસ્થાઓ કરેલી જેવી કે આઇ.આઇ.એમ., એન.આઇ.ટી., એન.આઇ.ડી. જે વિશ્વની અંદર પ્રસિદ્ધ હતી એવી સંસ્થાઓમાં ભણેલા વિદ્યાર્થીઓને સારું પેકેજ મળતું અને સારી નોકરી મળતી. મારા ખ્યાલ પ્રમાણે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આવી કોઇ સંસ્થા આટલા સમયમાં કરી શકી નથી. એક ધારાસભ્યશ્રી અહીંયા મોર્ડન સ્કૂલની વાત કરતા હતા. ડીસાની અંદર મોર્ડન સ્કૂલ એક ભાડાના મકાનની અંદર ચાલે છે આવી દશા અત્યારે છે. તે વખતે ગામડાંના બાળકોને શહેરમાં ભણવા માટે જવું હોય તો સવાર સાંજ ગામડેથી એસ.ટી. બસની વ્યવસ્થા થતી હતી પરંતુ આજે જયારે બાળક ગામડેથી શહેરમાં ભણવા જાય તો એને જે સમયે બસની જરૂર હોય તે સમયે મળતી નથી અને જયારે ભણીને ઘેર પાછા આવવું હોય ત્યારે પણ બસની વ્યવસ્થા હોતી નથી.

આજે ગરીબ મા-બાપના બાળકો પેટે પાટા બાંધીને પોતાના બાળકોને માસ્ટર ડીગ્રી કરાવતા હોય છે. એમાં સી.પી.એડ, ડી.પી.એડ. એમ.બી.એ. બી.બી.એ. કે બીજી માસ્ટર ડીગ્રીઓ લઇને બહાર નીકળે છે ત્યારે એની દશા શું હોય છે એ તરફ ધ્યાન દોરું છું. આજે બાળક ભણી ગણીને બહાર પડે ત્યારે એને નોકરી મળતી નથી. પી.ટી.સી. કરવા માટે બહુ મોટો ખર્ચો કરે છે. આજે પી.ટી.સી. કરેલા નોકરી વગર રખડે છે એ ભૂલ સરકારની છે. જેટલા શિક્ષકો તૈયાર કરવાના હતા એની કોઇ ગણતરી ન થઇ અને આડેધડ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોને માન્યતા આપી દીધી. ટ્રસ્ટો લાયક હતા કે ન હતા એ જોયા વગર દરેક જગ્યાએ સી.પી.એડ, ડી.પી.એડ કે પી.ટી.સી.ની મંજૂરી આપી દીધી એના કારણે ગરીબ મા-બાપના બાળકો આજે બેકાર રખેડે છે.

આ તકે હું મારા મહેમદાવાદની વાત કરું તો અમારે ત્યાં ફકત એકજ સાયન્સ સ્કૂલ છે. આપણે આજે વૈશ્વિક હરોળમાં ઉભા રહેવાની વાત કરી રહ્યા છીએ ત્યારે આ બાળકો સાયન્સ નહિ ભણે, બાળકોને ગણિત વિજ્ઞાન નહિ આવડે, અંગ્રેજીનું શિક્ષણ નહિ હોય તો એ વૈશ્વિક વિચારો અથવા તો દેશના બીજા રાજયોની હરોળમાં ગુજરાતનો બાળક ટકી શકશે નહિ. આજે ગુજરાતના બાળકો આઇ.એ.એસ. કે આઇ.પી.એસ.ની પરીક્ષા આપે છે એમાં કેટલા નબળા હોય છે. અને જે સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો આ શિક્ષણની નબળાઇના કારણે આપણાં રાજયના બાળકો છે એ અન્ય રાજયોના બાળકો સામે ટકી શકતા નથી. એટલે મારી તો માનનીય શિક્ષણ મંત્રીને વિનંતી કે શિક્ષણ થોડું સોંઘુ કરો. સરળ કરો અને ભણે એને નોકરી મળે એટલો તો કમસે કમ ખ્યાલ રાખો તો પણ આપની માગણી માટે અમે બધા સંમત થઇ જઇશું. નહીં તો એક દિવસ એવો આવશે કે ભાજપ ભાગે છે અને કોંગ્રેસ આવે છે. સેલ્ફ ફાયનાન્સ કોલેજો છે તેને તાળા વાગશે એ સમય પણ આવી જવાની તૈયારી છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે અનુદાનો માટેની માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું અને શિક્ષણ વિભાગ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજય કે રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યનો આધાર શિક્ષણ છે. શિક્ષણથી મોટી કોઇ સંપત્તિ નથી અને અજ્ઞાનતા જેવી કોઇ ગરીબાઇ નથી. ઉજ્જવળ ભવિષ્ય નિર્માણમાં શિક્ષણ એ પાયાનો પથ્થર છે. શિક્ષણ એ આત્મવિશ્વાસ પેદા કરે છે. આત્મવિશ્વાસથી જ આશા જન્મે છે અને આશા શાંતિની જનની છે. એટલે કે જો રાષ્ટ્ર, રાજયમાં શાંતિનું નિર્માણ કરવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે. એટલે રાજય સરકારે શિક્ષણને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. હમણાં ગૃહમાં વાત થતી હતી કે આપણે બધા જે સરકારમાં ભણીને આવ્યા તેની વાત થતી હતી. મારે યાદ કરાવવું છે કે પહેલાંની સ્કૂલો કેવી

હતી. ૧થી ૭ ધોરણ સ્કૂલમાં હોય પરંતુ પૂરતા શિક્ષકો હતા? પૂરતા ઓરડાઓ હતા? સેનિટેશનની વ્યવસ્થા હતી? બાળકોને મધ્યાહ્ન ભોજન મળતું હતું? કોઇ વસ્તુ ત્યારે નહોતી. આપણે બધાએ જોયું છે. મને ખ્યાલ છે કે ગ્રામ્ય વિસ્તારમાં ૧થી ૭ ધોરણની એક પ્રાથમિક સ્કૂલ હોય. એક શિક્ષક હોય. શિક્ષકનો ૧૧-૦૦ વાગ્યાનો ટાઇમ હોય. એ આવે એટલે બાળકોને ચાવી આપીને સરપંચના ઘરે બેસવા જતા રહેતા હતા. બાળકોને કેવું શિક્ષણ આપ્યું છે એ આપણે બધાએ જોયું છે. આ દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સુકાન સંભાળ્યું ત્યારથી રાજયમાં પ્રવેશ ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. રાજયના કોઇ મુખ્યમંત્રી બાળકની આંગળી પકડીને સ્કૂલમાં મૂકવા આવ્યા હોય એ પહેલી વખત તેમણે શરૂઆત કરી. મુખ્યમંત્રી હોય, રાજયના મંત્રીશ્રીઓ હોય, ધારાસભ્યશ્રીઓ હોય કે આઇ.એ.એસ. કે આઇ.પી.એસ. ઓફિસરો હોય, ગામડે ગામડે જઇને શાળા ખુલતાની સાથે પ્રવેશ ઉત્સવ કાર્યક્રમમાં જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણી મહોત્સવ. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દીકરીઓના શિક્ષણ ઉપર ખૂબ જ ભાર મૂકયો હતો. આપણે બધા જાણીએ છીએ કે કોઇ પણ મુખ્યમંત્રી જે પણ કાર્યક્રમોમાં જાય છે ત્યારે તેમને અનેક ભેટ-સોગાદો મળતી હોય છે. એ ભેટ સોગાદો પોતાના માટે હોય છે પરંતુ આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એ બધી જ ભેટ-સોગાદોને જમા કરાવી. તેની લીલામી કરાવી. તેમાંથી જે આવક થઇ છે તે કન્યા કેળવણી નિધિમાં વાપરવામાં આવી છે. આવું ક્યારેય પહેલાંના મુખ્યમંત્રીશ્રીઓએ કર્યું નથી. એ આપણે એમને યાદ કરાવવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, આજે વૈશ્વિક હરિફાઇમાં ગુજરાતનો વિદ્યાર્થી એક કદમ આગળ રહે તેમજ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે કે.જી.થી લઇને પી.જી. સુધીનું સુદ્રઢ માળખું ઉભું કરવામાં આ રાજય સરકારે પહેલ કરી છે. વેકેશન ખુલતાની સાથે જ પ્રવેશ ઉત્સવ, કન્યા કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમો કરીને લોકોમાં જાગૃતિ આવે છે અને બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય એ માટેના પ્રયત્નો રાજય સરકારે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડ્રોપઆઉટ રેશિયો ઘટે એ માટેના સરકારે પ્રયત્નો કર્યા છે. રાજયનો સાક્ષરતા દર ૨૦૦૧માં ૬૯.૧૪ ટકા હતો. રાજય સરકારના જ્ઞાનસપ્તાહ, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી રથ જેવા પરિણામલક્ષી કાર્યક્રમોથી તેમાં ૧૦.૧૭ ટકાનો વધારો થતાં સાક્ષરતા દર વધીને ૭૯.૩૧ ટકા થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા દેશના વડાપ્રધાને આપણને ગુજરાતી હોવાનું ગૌરવ આખા વિશ્વમાં અપાવ્યું છે ત્યારે મારે કહેવું છે કે,

'' 68 साल पहले एक गुजराती ने इस देश को अंग्रेज से मुक्त किया था,
आज 68 साल बाद एक गुजराती ने इस देश को कॉग्रेस से मुक्त किया है ,
पहले वाला गुजराती नोटो पे छा गया था,
अभी वाला गुजराती वोटो पे छा गया,
वर्षो बाद एक नेता को अपनी मातृभाषा में बोलते देखा है,
वर्षो बाद एक नेता को संसद की मिटटी को चुमते हुए देखा है ,
वर्षो बाद एक नेता को देश के लिए रोते हुए देखा है''

આજે આપણે કહી શકીએ કે,

''पाकिस्तान को घबराते हुए देखा है,
अमेरिका को झुकते हुए देखा है,
इतने वर्षो के बाद भारत माता को खुलके हॅसते हुए देखा है,
भारत फीर से आजाद हुआ.''

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓને હું અનુમોદન આપું છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહેસૂલ મંત્રીશ્રી જે મહેસૂલ વિભાગની માગણી નં. ૭૮ અને ૭૯ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગે એવું કહેવાય અને કહેવાતું હતું કે મહેસૂલ વિભાગમાં મંત્રી કહે કે સચિવ કહે કે કલેક્ટર કહે કે મામલતદાર કહે. પણ થતું હતું એવું કે જે તલાટી કરે. તલાટી જ ઓલ એન સોલ હતો. કોઇ કંઇપણ કહે પણ તલાટી કરે એ જ થતું હતું. જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી અહીંના મુખ્યમંત્રી થયા ત્યારે આપણા લેન્ડ રેકર્ડનું કમ્પ્યુટરરાઇઝેશન કર્યું. આજે ૨૪૮ તાલુકાઓનું લેન્ડ રેકર્ડ કમ્પ્યુટરરાઇઝેશન થઇ ગયું છે. કોઇપણ વ્યક્તિ ક્યાંય પણ આખા હિન્દુસ્તાનમાં કે આખી દુનિયામાં બેસીને કઇ જમીનની કઇ પરિસ્થિતિ છે એ નકલ મેળવી શકે છે અને જાણી શકે છે. એટલે હું ઘણી વખત કહેતો હોઉં છું કે કોંગ્રેસની સોચ જ્યાં બંધ થાય છે ત્યાં આ દેશના પ્રધાનમંત્રી અને દુનિયાની સૌથી મોટી પાર્ટીના પ્રમુખશ્રી અમિતભાઇની સોચ શરૂ થાય છે. જેનું પરિણામ આ પાંચ રાજ્યોની ચૂંટણીમાં આવ્યું. બે જગ્યાએ તો આપણે જીત્યા પણ બે

જગ્યાએ જે સોચ કામ કરી– મણીપુર અને ગોવામાં એનો તાદ્દશ્ય નમુનો આપની સામે છે. ગર્વથી કહી શકું છું કે એ હાઉસનો હું સભ્ય છું કે જે હાઉસમાં આ દેશના પ્રધાનમંત્રી બેસતા હતા અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ આ હાઉસમાં બેસે છે. આ સોચની તમને વાત કરું તો ૨૦૧૨માં અમને ત્રણ યુ.પી.વાસીઓને યુ.પી.ના મુળ રહેવાસીઓને વિધાનસભાની ટિકિટ આપી અને ચૂંટાયા અને ૨૦૧૪માં યુ.પી.ની અંદર ૭૩ સીટો ભારતીય જનતા પાર્ટીની આવી. સાથે સાથે ૨૦૧૭માં ૩૧૨+૧૩ એમ કુલ ૩૨૫ સીટો આવી. આ દૂરંદેશીતા આપણા પ્રધાનમંત્રીમાં હતી. એના માટે હું ઉત્તર ભારતના જે લોકો ગુજરાતમાં વસે છે એમના વતી ભારતીય જનતા પાર્ટી, માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી, પાર્ટીના પ્રમુખ અને બધાને અભિનંદન આપું છું. સાથે સાથે ગુજરાતની પ્રજાવતી યુ.પી.ની પ્રજાને પણ અભિનંદન આપું છું કે એમણે કોણ બાહરી અને કોણ લોકલનો ભેદ બતાવીને રાષ્ટ્રવાદના નામે, વિકાસના નામે જે મત આપ્યા છે જેના કારણે આજે શ્રી આદિત્યનાથજી ત્યાં સી.એમ. તરીકે બેઠા છે. પણ એમાં જે લોકોને લપડાક પડી એમાં કેટલાક લોકો એમની સોગંદવિધિમાં પણ હાજર ન રહ્યા અને ક્યાં ગુમ થઇ ગયા છે એ પણ ખબર પડતી નથી. આ મહેસૂલ વિભાગમાં જે કામો થયા છે એની હું વાત કરું છું. આ મહેસૂલ વિભાગની અંદર મહેસૂલી વ્યવસ્થા મજબૂત કરવા માટે મહેસૂલ તલાટીઓની નિમણૂક કરવામાં આવી છે. એ ગ્રામ કક્ષાએ ૩૯૫૪ સેજાઓ અને શહેર કક્ષાએ ૫૪૩ સેજાઓમાં આ મહેસૂલી તલાટીઓની સેવા લઇને કુલ ૪૪૯૭ સેવાઓની અંદર તલાટીઓની ભરતી કરી છે. જમીન દફતર ખાતાની અંદર શહેરી વિકાસ માટે આશરે ૨૫ લાખ પ્રોપર્ટી કાર્ડ જે છે એમાંથી ૨૩ લાખ પ્રોપર્ટી કાર્ડ ઓન લાઇન થઇ ગયેલા છે. અને એની કામગીરી પૂર્ણ થયેલી છે. ખેડૂતલક્ષી જે નવી શરતની જમીનોની વાત છે,૧૫ વર્ષથી જે આપમેળે ખેતીલાયક થઇ જાય નવી શરતની જમીનો એ જૂની શરતમાં ફેરવવા અંગે ૨૯૭૩૯ જેટલા હુકમો કરવામાં આવ્યા. શહેરી વિસ્તારોની અંદર ટી.પી. સ્કીમની અંદર આવરી લેવામાં આવતી ખાનગી માલિકીની જેટલી જમીનો છે એ એક સાથે બીન ખેતીની થઇ જાય એટલે મહેસૂલ વિભાગમાં જયારે આક્ષેપો થતા હોય ત્યારે દિવસે દિવસે જે ફરિયાદો આવે, જેનો નિકાલ કરવાનો હોય કે લોકોની સુખાકારી માટે આટલા નિયમોમાં સુધારા વધારા કરવા જોઇએ એ બધા સુધારા વધારા અમે કર્યા છે. હું આને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે શકિતસિંહજીને જવાબ આપીને મારી વાત શરૂ કરવી હતી પણ એ છે નહીં, પણ રેકર્ડ ઉપર રહે એટલા માટે હું કહી દઉં. પહેલા તો હું બધા સભ્યોનો આભાર માનુ છું અને બધાનો શિક્ષણ પ્રેમ હાઉસમાં વધારે રહ્યો છે. આ બાજુ કે પેલી બાજુ અને મહેસૂલમાં બળદેવજીએ એક વ્યકિતગત આક્ષેપ સિવાય બીજી કોઇ વાત નથી કરી. શકિતસિંહભાઇએ જે વાત કરી એ ખેડા જિલ્લાની ૨૦૦૮ની વાત કરી કે જેમાં ભરતી કરતા ૬૪ ઉમેદવારોની ભરતી વધારે થઇ હતી. રમતગમતના ખોટા સર્ટીફીકેટવાળા ઉમેદવારો હતા. બધાને અમે છૂટા કરી દીધા. ૧૦૫ને છૂટા રાજય સરકારે કર્યા એ ભરતી હતી માત્ર જિલ્લા કક્ષાની અને પછી નામદાર હાઇકોર્ટે હુકમ કર્યો એટલે ૯૧ લોકોને ફરી વખત અમારે લેવા પડયા છે અને અત્યારે ચાલુ છે અને જે દોષિત હતા એની સામે અમે પગલા ભર્યા જ છે અને ખાતાકીય તપાસ અત્યારે પણ ચાલે છે. કોઇ નિમણૂકમાં, કોઇ બદલીમાં ભ્રષ્ટાચાર એ ભૂતકાળ થઇ ગયો છે આ સરકારની અંદર. નિમણૂકના અને બદલીના શું ભાવ હતા એ આપણને બધાને ખબર છે. અમને પણ ખબર છે અને તમને પણ ખબર છે અને જયારથી ૧૯૯૮માં વિદ્યા સહાયકની ભરતી મેરીટ આધારીત શરૂ કરવામાં આવી ત્યારથી કોઇ ટાંકણી મૂકી શકે એટલો પણ ભ્રષ્ટાચાર કયાંય થયો હોય એવું બન્યું જ નથી. એમણે બીજી વાત કરી હતી, એસ.એન.ડી.ટી.ની. એ જયુરીડીકશન બહાર હતી. આજે ગુજરાત યુનિવર્સિટી કોઇ જુનાગઢની કોલેજને એમ કહે કે આ અમારી કોલેજ છે એ પ્રકારે એટલે એ જ કારણથી કોઇ ગંભીર ગેરરીતિ એમાં પણ નહોતી. ઘણા મારા સાથીઓએ એમ કહ્યું કે રાજયમાં ગણિત વિજ્ઞાનના શિક્ષકોની ઘટ છે પણ હું હિસાબ આપું. ૧૮,૬૬૪ શિક્ષકો ગણિત વિજ્ઞાનમાં હાલ કાર્યરત છે. ૨,૧૬૨ની અત્યારે અમે નિમણૂક કરી છે. ૨૦,૮૨૬ ગણિત વિજ્ઞાનના શિક્ષકો ૧૮૦૦૦ કરતા વધુ ઉચ્ચ પ્રાથમિક શાળામાં કામ કરે છે એટલે કોઇ ઘટ નથી. હવે હું જવાબ આપીને વિષય ઉપર આવું. આપ સાક્ષી છો આપણને ૧૯૯૮માં વારસો કેવો મળ્યો હતો? ઘટનો વારસો મળ્યો હતો. ૧ લાખ શિક્ષકોની ઘટ અને ૬૦ હજારથી વધારે ઓરડાની ઘટનો અમને વારસો મળ્યો હતો અને એ વારસામાંથી આજે તમારી સરકારે બનાવેલ આર.ટી.ઇ. એકટ એમાં કહ્યું છે કે દસ ટકા ઘટ શિક્ષકોની ચાલે. અમે તો આદર્શ સ્થિતિમાં ગયા છીએ અને છતા અમે ૩ ટકાની અત્યારે ઘટ છે એની પૂરતી માટે અમારા પ્રયત્નો છે કે ૧૦૦ ટકા પૂરતી થાય. આર.ટી.ઇ.માં ૧૦ ટકા ચાલે, ગુજરાતમાં ૩ ટકા ઘટ છે. આવતા દિવસોમાં ૩ ટકા ઘટ પણ ન રહે એવા પ્રયત્નો છે. બધાએ વાત કરી કે સારો માણસ, સારું શિક્ષણ, સંસ્કાર પણ શરૂઆત કોણ કરશે? કેવી રીતે શરૂઆત કરશે? કલ્પના તો કરો. માણસ ગભરાટમાં હોય, ભયમાં હોય તો કેવો નિર્ણય કરી શકે? એનો વિકાસ કેવો થાય? એવા સંજોગોમાં માનનીય નરેન્દ્રભાઇએ આખી માનસિકતા ચેન્જ કરી. હું અને તમે શાળાએ ગયા હતા અને આપણને ખબર છે કે આપણે રડતા રડતા ગયા હતા, કાં તો ટીંગાટોળી કરીને લઇ ગયા હતા. ગંભીર બનીને સાંભળજો, રાજકીય વાત નથી કરતો. માનનીય નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટિ કેવી કે બાળક રડતા રડતા જાય કારણ કે એને ભય છે કે શિક્ષક કેવો હશે, ગભરાટમાં જાય કે ઓરડાની વચ્ચે શું થશે? ઘરના મુક્ત વાતાવરણમાંથી જાય એ બાળક પહેલા અને બીજા ધોરણમાં ગભરાટ અને ભયના કારણે કેવું ભણી શકે? એનું ગ્રાસ્પીંગ કેવું હોય? આવો વિચાર કરીને નરેન્દ્રભાઇએ પ્રવેશોત્સવ કર્યો. તમે આવતા હોય તો તમને ખબર હશે અને ન આવતા હોય તો આવો અને અનુભવ કરો. આજનું બાળક હસતા હસતા આવે છે એટલે અત્યારે કોઇ કહેતું હોય કે અત્યારની પેઢી હોંશિયાર હોય તો એનું કારણ એ છે કે ૨૦૦૩થી જે બાળકો પહેલા ધોરણમાં બેઠા એ પહેલા દિવસથી મુક્ત મને અને પ્રફુલ્લિત મને ગયો

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

એ જ બાળક આજે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે, કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. કારણ કે પહેલા દિવસથી એના મનમાં કોઇ ગભરાટ કે ભય ન હતો. મુક્તપણે એનું ડેવલપમેન્ટ થયું એ ગળે ન ઉતરે એવી દલીલ છે. અમે માનસશાસ્ત્રીઓને કામ સોંપ્યું હતું. એવું ન માનતા કે ગમે તે કરીએ છીએ, પ્રસિદ્ધિ માટે કરીએ છીએ. ખૂબ અભ્યાસપૂર્ણ અભ્યાસ કર્યા પછી આ પ્રવેશોત્સવો કરીએ છીએ. ગઇકાલે જ કહ્યું હતું કે ૭૫ ટકા નામાંકન એ કાંઇ ઘરના આંકડા નથી. ૨૫ ટકા બાળકો શાળાએ જવાની ઉંમરે ખેતરમાં જાય એવી તો અમને તમે ભેટ આપી હતી. શાળાએ જવાની ઉંમરે ચાની લારી ઉપર જાય એનો વિચાર ન કરીને માત્ર આક્ષેપો કરવાના? તમે જુઓ તો ૭૫ ટકા નામાંકન રેકર્ડ ઉપર છે. ૪૫ ડીગ્રી તાપમાં અધિકારીઓ કે જેઓ ઘર, ઓફિસ અને કારમાં એ.સી.માં ટેવાયેલા તેઓ ફરજિયાતપણે ગામડામાં ગયા. એમને પણ લાગ્યું કે શિક્ષણનું કામ છે, અમારું કામ છે. એનું પરિણામ છે કે ૯૯ ટકા નામાંકન થયું છે અને એમાં કોઇ ના પાડી શકે એમ નથી. ગુણવત્તામાં ૧૦૦ ટકા સુધારો થયો છે. કોઇ રાજ્યના મુખ્યમંત્રી, ગામડાના માણસને એમ થાય કે મુખ્યમંત્રી અમને અપીલ કરે છે. એકદમ ભાવાત્મક રીતે કહે કે હું ભિક્ષુક છું. તમને તો હસવું જ આવે એ સ્વભાવિક છે. તમે આવી વાતમાં હસો એ અમારા લાભમાં છે. તમને સમજ નથી પડતી પણ એ ગરીબ માણસ નરેન્દ્રભાઇને સાંભળે કે હું ભિક્ષુક છું અને ભિક્ષામાં મને શિક્ષણ આપો. એ ભાવુક થઇને મતદાન કરવા જાય છે અને કમળનું બટન દબાવે છે. તમે ચલાવ્યે રાખો. હું તમારી હારનું પેપર ફોડી રહ્યો છું. તમે હારો છો એનું કારણ આ જ છે. હજી સમજો, બાકી કોંગ્રેસ આવે છે ચૂંટણીઓ આવે છે ત્યારે અને કોંગ્રેસ ઘેર જાય છે ચૂંટણીઓ જાય છે ત્યારે. બધા એમ કહે છે કે અધિકારી સારો હોવો જોઇએ, ડોકટર સારો હોવો જોઇએ, વકીલ સારો હોવો જોઇએ, રાજકારણી સારો હોવો જોઇએ પણ એક માણસ સારો હોય બસ, માણસ સારો હોય તો ડોકટર, વકીલ કે રાજકારણી સારો હોય કે ન હોય આ બાબતે વ્યક્તિગત મારી અને શિક્ષણ વિભાગની આ કવાયત ચાલે છે કે સમાજને એક સારો માણસ આપવો છે અને મારા શિક્ષકોને કહેવું છે કે આ સારો માણસ આપવાની જવાબદારી કોઇ આર.એન્ડ બી.ની નથી, સારો માણસ આપવાની જવાબદારી કોઇ સિંચાઇ વિભાગની નથી, સારો માણસ આપવાની જવાબદારી કોઇ નાણા વિભાગની નથી આ સમાજને સારો માણસ આપવાની જવાબદારી માત્ર અને માત્ર શિક્ષણ વિભાગની છે અને એટલા માટે સંસ્કાર. માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કાર કેવી રીતે આવે? બેને કહ્યું, બીજા મિત્રોએ કહ્યું કે બાળક પરીક્ષામાં બીકના કારણે, પાસ થવાની બીકના કારણે, નપાસ થયા પછી આપઘાત કરે છે. બસ, આક્ષેપ કરી નાખ્યો. વાત પૂરી થઇ ગઇ. અમે વિચાર કર્યો છે અને અમે ઉપાય કર્યો છે. આ રોકવા માટે દેશમાં પહેલીવાર કોઇએ વિચાર કર્યો હોય તો નરેન્દ્રભાઇ હતા ત્યારથી–

'મનુષ્ય તુ બડા મહાન હૈ, તુ જો ચાહે પર્બત કો તોડ દે, તુ જો ચાહે નદીઓકે મૂખ કો મોડ દે'

આ વાતને મેં ચરિતાર્થ કરી છે અને મેં ૯, ૧૦, ૧૧, ૧૨માં મેં સિલેબસમાં દાખલ કર્યું છે. મેં મારા શિક્ષકને કહ્યું છે કે તમે ભણાવો. તમે ઘેરથી ભણીને જાવ. એક અર્ધા કલાક સુધી ભણાવો કે, 'મનુષ્ય તુ બડા મહાન હૈ' શું છે? કેવી રીતે? એ સરદાર સાહેબનો દાખલો આપે, ગાંધીજીનો દાખલો આપે, દુનિયાના નેતાઓનો દાખલો આપે કે જે નિષ્ફળ થયા પછી ધીરજ રાખીને નિષ્ફળ ગયા પછી મહાન થયા છે. એ સંસ્કાર આપવાની મિત્રો અમે શરૂઆત કરી આ શું અમે ખોટું કર્યું છે?

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં આપણે સાંભળીએ છીએ મહિલાની છેડતી. ૨૫–૩૦ વર્ષ પહેલા કોઇ આપઘાત કરે તો ...હેં! કોઇ મહિલા પર બળાત્કાર થાય તો સમાજ હલી જતો હતો. આજે આનું ઉલટાવી દઇએ છાપામાં ગેંગ રેપ. વ્યક્તિગત ગેંગ રેપ, સામૂહિક આપઘાત સમાજને શું થયું છે? કોણ ઉપાય કરશે? એ માત્ર અને માત્ર પહેલા ધોરણથી જ એને સંસ્કાર આપવામાં આવેને એનો ઉપાય એ છે કે–

'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે!' અને એ ગાનમાં લખ્યું છે કે, 'પરસ્ત્રી મા સમાન'. મને કોઇ ચેલેન્જ કરે કે પ્રાથમિક ધોરણથી કોલેજમાં આવે ત્યાં સુધી એ બાળકને પરસ્ત્રી મા સમાન, પરસ્ત્રી મા સમાન એના ઉદાહરણો આપવા પડે. ધાર્મિક, સામાજિક એના ઉદાહરણો આપીને શિક્ષક તૈયાર થઇને જાય. જીવા થકી અસત્ય ના બોલે. સારો માણસ સમાજમાં મળે કે ના મળે? મને કહો તો ખરા. ૯, ૧૦, ૧૧, ૧૨ માં 'ઇતની શક્તિ હમે દેના દાતા, ભૂલ કર ભી કોઇ ભૂલ હોના' ભૂલથી પણ ભૂલ ના થાય. તમે કલ્પના કરો આ ગીતમાં લખ્યું છે ભૂલ ના થાય. ભૂલથી પણ ભૂલ ના થાય. મિત્રો તમે ટીકા કરો છોને. માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહભાઇ તમારા કોઇ મગજમાં ના આવે. આ સંસ્કાર છે ને એ કોંગ્રેસના મગજમાં જ ના આવે અને માનનીય અધ્યક્ષશ્રી, અમે અમલ કરીને બતાવ્યો છે. 'ઇતની શક્તિ હમે દેના દાતા' ચશ્મા તમે બદલો. અમે સમાજની ચિંતા કરનારા એક જૈન મૂનિને મળવાનું થયું. મૂનિશ્રી રક્તસુંદરસિંહ મહારાજને મળ્યા. મને કહે કે, તમારે સમાજમાં તમારે વિદ્વાન જોઇએ છે કે સજ્જન જોઇએ છે? તમે કલ્પના કરો મેં કીધું કે, મારે વિદ્વાન સજ્જન જોઇએ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બે વિભાગ છે અને સમયની મર્યાદા છે એટલે વ્યક્તિગત રીતે અને મારા વિભાગ તરીકે એક સંસ્કારયુક્ત શિક્ષણ આપવાનો હું આગ્રહી રહ્યો છું એના માટે કાંઇક કવાયત કરવી પડે, કસરત કરવી પડે. હમણાં જ બે મહિના પહેલા જાણકાર લોકો. ચાલો, ભાઇ આ અમારી ભૂલ થાય છે, અમારામાં કાંઇક ખૂટે છે, કમી છે તો અમે બહારના લોકોને બોલાવ્યા જે રિટાયર્ડ શિક્ષણવિદ્ધ છે, જે લેખક છે, જે લોકો એ વર્ષો સુધી શિક્ષણમાં જિંદગી ખપાવી છે. માત્ર ને માત્ર અત્યાર સુધી દેશમાં અને વિદેશમાં જઇએને 'હાયર એજ્યુકેશન, હાયર એજ્યુકેશન' હમણાં મારે લંડન જવાનું થયું. ત્યાં પણ હાયર એજ્યુકેશન, મેં કહ્યું કે પાયો તો પ્રાથમિકનો છે. What do you think for primary education? અને માનનીય અધ્યક્ષશ્રી, મેં એનો અમલ કર્યો. મારા સાથી મંત્રીશ્રીઓ નાનુભાઇ અને જયદ્રથસિંહ સાથે બેસીને મેં અમારા સચિવો સાથે બેસીને પ્રાથમિક શિક્ષણથી આપણે શરૂઆત કરવી છે અને આખો દિવસ સુધી અને વિષય મેં કયા રાખ્યા? એની ઉપર મંથન થયું. સમાજે મંથન

કર્યુ છે. અમે મંથન નથી કર્યુ. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં શિક્ષકની જવાબદારી શું હોય? અમે ચિંતામાં છીએ. તમારી ટીકા છેને એની અમે ચિંતા કરીએ છીએ. આખો દિવસ સુધી ગ્રુપ મિટિંગ થઇ અને નક્કી કર્યુ કે શિક્ષકની જવાબદારી શું? ગુણવત્તાયુક્તમાં શિક્ષણમાં શિક્ષકની જવાબદારી શું? અને માત્ર એક માનસિકતા છે. બધું સરકાર કરે, બધું શિક્ષક કરે. હું કહું છું ના. હું થોડો વિફળ થયો છું સમાજની પણ એટલી જ જવાબદારી છે. મા-બાપની પણ એટલી જ જવાબદારી છે. હું માનું છું કે પહેલી જવાબદારી સરકારની છે પણ સાથે સાથે મા-બાપની પણ જવાબદારી છે. સમાજની પણ જવાબદારી છે. બીજો વિષય હતો સમાજની જવાબદારી, ત્રીજો વિષય હતો ટેકનોલોજીનો ઉપયોગ, શિક્ષકની સજ્જતા અને ગુણવત્તા અને ચોથો વિષય હતો તમે કોઇ નવા પ્રયોગ કર્યા છે ખરા? અમે બધાને પૂછ્યું કે પછી જે ચાલે છે એ ચીલાચાલુ જ કર્યું છે? એમાંથી ઘણી વાતો બહાર આવી. માનનીય શક્તિસિંહભાઇ તમે નહતા ત્યારે મેં થોડીક વાત કરી હતી, હવે મારે તમને બીજી એક વાત કરવી છે. બધું જ ખરાબ નથી. આપણા વિસ્તારનું તરસમીયા ગામ છે, મારો આગ્રહ છે કે, તમે જઇ આવો. તબસમીયા ગામ છે ત્યાં પ્રાથમિક શાળા છે, તમારી આખી ઇમેજ બદલાઇ જશે. એ શિક્ષકો સામૂહિક રીતે બહેન સ્વેચ્છાએ They do not enjoy Sunday, they do not enjoy vacation. મને નવાઇ લાગી કે, હું આ ન કરી શકું અને એ માત્રને માત્ર પ્રાથમિક શિક્ષણને મજબૂત બનાવવા માટે. આવી તો રાજ્યમાં હજ્જારો શાળાઓ છે. પણ ક્યાંય રાજ્યમાં બે-પાંચ ટકા હોય પણ સ્વાભાવિક છે અને એનો પાયો મજબૂત કરવા માટેનો અમારો આગ્રહ છે. ગુણોત્સવની વાત ચાલે છે, આ પણ રેકોર્ડ ઉપર છે. એનું તમને સમજવું હોય, હું ફરી વાર તમને કહું છું કે, સમજવાની કોશિષ કરો અને I welcome your suggestions. હું તમને વિધાનસભાના ગૃહમાં જવાબદાર મંત્રી તરીકે કહું છું, ચિંતા કરો છો ને તો ભાગીદાર બનો, ચલો આવો. એક વખત પ્રવેશ મહોત્સવમાં આવો અને કહો કે, આ નથી બરાબર, આમ કરવા જેવું છે. તમે ગુણોત્સવમાં આવો અને એમ કહો કે, આ નથી બરાબર, તમે જોશો તો તમને નવાઇ લાગશે. એકે એક બાળકનું પેપર, અઢાર ડિજીટ, ચોપન લાખ વિદ્યાર્થીઓની અઢાર ડિજીટ નક્કી કરીને એજ વિદ્યાર્થીને એના હાથમાં એ જ પેપર આપવામાં આવે લેખન-ગણન અને વાંચનનું, અને કોઇ મુખ્યમંત્રી, કોઇ મંત્રી આખો દિવસ સુધી કોઇ શાળામાં રોકાય, કલ્પના તો કરો? અમે તમને દેખાડવા માટે નથી કરતા, અમારા મનની આગ છે ને એ આગ સંતોષવા માટે કામ કરીએ છીએ કે આ બગાડને રોકવા માટે ઊપાય શું છે,? રાત-દિવસ ચિંતા કરીને કે આપણે મંત્રી, મુખ્યમંત્રી કે ધારાસભ્ય, અમારા કોઇ સચિવ, કલ્પના કરો. કોઇ શિક્ષકની હાજરીમાં આપણે વિદ્યાર્થીને ઊભો કરીએ કે બેટા ઊભો થા જો અને એને ન આવડે ને, સાહેબ શિક્ષકને પરસેવો વળે છે કે નથી વળતો. તો બીજા વખતે એ શિક્ષક જાગૃત થશે કે નહીં થાય? આ ગુણોત્સવની અસર છે અને ગ્રેડ નક્કી કરવા માટેના પણ ધોરણો છે. તમને જોઇશે તો હું આપીશ તમને, ૯-૧૦માં એ પ્લસની માત્ર પાંચ શાળાઓ હતી, આજે આ સંયુક્ત પ્રયત્નોના કારણે ૧,૯૬૦ એ પ્લસની શાળાઓ છે. જે નબળામાં નબળી જેને કહીએ એ ડી કેટલી હતી? ૧૪,૫૮૨ હતી આજે માત્ર ૭૬૪ રહી છે. આ પ્રયત્નોને આભારી છે. હમણાં "અસર" (Annual Status of Education Report) એ રિપોર્ટમાં ગ્રામ્ય વિસ્તારની સરકારી શાળાઓના શિક્ષણ સ્તરમાં સુધારો જણાયેલ છે. આ "અસર" ને હું ઓળખતો નથી, એ નેશનલ, ઇન્ટર નેશનલ સંસ્થા છે પણ અમે કહીએ છીએ કે સાચું છે કે કેમ? તો મિત્રો જેમ તમારી નજર હોય છે એમ નેશનલ, ઇન્ટર નેશનલ એજન્સીઓની પણ અને હવે તો શ્રી નરેન્દ્રભાઇ ગુજરાતના છે, વિશ્વ નેતા છે એટલે બધાની નજર છે એમાંની એક સંસ્થા "અસર" એણે કહ્યું કે, ગ્રામ્ય વિસ્તારનું શિક્ષણ ગુણવત્તાયુક્ત થયું છે. આ રિપોર્ટ પણ કોઇને જોઇશે તો હું આપવા તૈયાર છું. બીજું, તાજેતરમાં દિલ્હી ખાતે આયોજીત સ્પોર્ટ એવોર્ડ સમારંભમાં એક-બે નહીં પરંતુ ચાર-ચાર એવોર્ડ અમને મળ્યા છે. જે પૈકી ત્રણ પ્રાથમિક શિક્ષણ વિભાગને સુધારણા માટે અને માળખાકીય સુવિધા એક એટલે કે, કુલ ચાર પ્લેટિનિયમ કક્ષાના એવોર્ડ નક્કી થયા છે. આ નક્કી કરનારા કોઇ ભા.જ.પ.ના કે સંઘના નથી. આ બધા third party evaluation કરનારા લોકો છે અને હવે અમે આમાંથી ધીમે ધીમે કે બે વિદ્યા સહાયકો છે, એક ને એક માર્ક માટે નોકરી ન મળી સરકારમાં, એ ખાનગીમાં ગયા. પાંચ વર્ષ પછી બંનેનું evaluation કરીએ છીએ તો સરકાર પૂરો પગાર આપે છે, રક્ષણ આપે છે તો પણ આપણે જે ટીકા કરીએ છીએ કે, ભાઇ એના વિદ્યાર્થીને વાંચતા-લખતા નથી આવડતું અને જ્યારે એ ખાનગીમાં જાય છે ત્યારે એના પાંચ વર્ષના evaluation માં એના બાળકને લખતા-વાંચતા આવડે છે.સરકારે જે નામંજૂર કર્યા અને જે ભણાવે છે એક જ કારણ છે એની જવાબદારી ત્યાં નકકી કરે છે આવતીકાલથી તું ન આવીશ અને આપણે ત્યાં રક્ષણ મળે છે એટલા માટે એના ઉપાય તરીકે અમે પણ નકકી કર્યું છે કે એની સેવાપોથીમાં ખાનગી અહેવાલમાં અમે નોંધ કરવાના છીએ. ૩૧ માર્ચ પહેલા ધોરણ-૬ થી ૮ માં ૬૦૦૦ શિક્ષકોની ભરતી અમે કરવાના છીએ. નવા ૧૦૦૦ મુખ્ય શિક્ષકોની ભરતી પણ અમે કરવાના છીએ. એક કોમન લાગણીનો હું સ્વીકાર કરું છું. લગભગ બધા જે શિક્ષણ ઉપર બોલ્યા એમણે કહી છે કે જે શિક્ષક અત્યારે ચાલુ છે અને એના માર્ક છે એ વધારે છે એ બીજી જગ્યાએ જાય તો પણ સિલેકટ થઇ જાય છે. અમારી પાસે પણ ફરિયાદ આવી છે. અમે પણ વિચારીએ છીએ કે કમ સે કમ ત્રણ-ચાર વર્ષ સુધી એ એપ્લાય ન કરી શકે. આ મારી જાહેરાત પણ છે એના કારણે નવા શિક્ષકોને સ્થાન મળશે અને આવવું હોય તો ત્યાં એણે રાજીનામુ આપવું પડે. આ તો ત્યાં સલામત રહે છે અને અહીંયા પાછા આવે છે એટલે નવા શિક્ષકોને તકલીફ પડે છે એટલા માટે. બિન સરકારી અને સરકારીમાં એક થી આઠમાં અભ્યાસ કરતા બધા જ બાળકોને મફત પાઠ્યપુસ્તક આપવાની જાહેરાત અમે કરી છે. શરૂઆતમાં કહેવાનું એટલે રહી ગયું કે નાણામંત્રીશ્રીએ મને આ વખતે ૨૫૦૦૦કરોડ રૂપિયા આપ્યા છે. નાણામંત્રીશ્રીનો હું આભાર માનું છું મોડા મોડા પણ. આ બધી યોજનાઓ શરૂ થઇ એટલે મને યાદ આવ્યું. આર.ટી.ઇ. એકટ, બાળકને સારી શાળામાં ભણાવવાની ઇચ્છા હોય, ગુજરાતમાં ૬૦૦૦૦ ની જગ્યાએ

સવા લાખ અરજીઓ આવી અને એમાં અમે જે ૧૦૦૦૦ રૂપિયા આપીએ છીએ એ ઉપરાંત દેશમાં કદાચ આપતા હોય તો અમને ખબર નથી, પણ એ ઇન્ફ્યુરીટી કોમ્પ્લેક્સ ન કરે કારણકે ગરીબ, ઝુંપડાનું બાળક ત્યાં જાય છે એટલા માટે પેલાનો લંચબોક્સ હોય, પેલાના પુસ્તકો સારા હોય, પેલાના બુટ મોજા સારા હોય એટલે અમે આ વિચાર કર્યો છે. એને ઇન્ફ્યુરીટી કોમ્પ્લેક્સ ન લાગે એટલા માટે વધારાના રાજય સરકાર પ્રત્યેક બાળકદીઠ ૩૦૦૦ રૂપિયા વધારાના આપે છે. એમાંથી એ લંચબોક્સ, કપડા કે બાકી જે કંઇ ખરીદી કરવાની હોય એ કરી શકે છે. નો ડીટેન્શન પોલીસી મેં અનેકવાર કહ્યું છે. મૂળ જો કોઇ કારણ હોય, તમારી ટીકાઓનું કોઇ કારણ હોય તો તમે લીધેલો નિર્ણય જ છે. એ વખતે તમે શુદ્ધબુદ્ધિથી લીધો હશે, હું ટીકા નથી કરતો પણ હકીકત એવી સાબિત થઇ છે કે આપણે ધોરણ–૮ સુધી પરીક્ષા લેવાની જ નહીં, જો લેવાની જ નહીં તો કોને ચિંતા હોય? જરા ફેર ડીસ્કશન કરીએ તો કોને ચિંતા હોય? બાળકને ચિંતા હોય? એ તો ન જ હોય. એના માતા પિતાને ચિંતા હોય? ન હોય તો શિક્ષકને શેની ચિંતા હોય? જે સાચું હોય એનો તો સ્વીકાર કરવો જ જોઇએ આપણે. એનો અભ્યાસ કરીને નો ડીટેન્શન પોલીસીમાં હવે મેં કેન્દ્ર સરકારને ભલામણ કરી અને એમણે સ્વીકાર કર્યો છે અને ધોરણ–૩, ૫ અને ૮માં (અંતરાય)

અધ્યક્ષશ્રી : સમયની મર્યાદા છે આપના માટે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પ્રોત્સાહક યોજના માધ્યમિકમાં, અમે ૭૫૦૦ રૂપિયા આપવાની યોજના કરી છે. આ યોજનાથી ખૂબ આવકાર મળ્યો છે અને જયાં ખાલી જગ્યા હોય ત્યાં ૭૫૦૦ માં વિદ્યાર્થીઓને ભણાવવા માટેની યોગ્ય અમારી વ્યવસ્થા છે. નવી નવી યોજના છે. વિદ્યાદીપ યોજના, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, એસ.ટી. કન્સેશન પાસ, માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા અત્યારે ચાલે છે.

અધ્યક્ષશ્રી : અગિયાર મિનિટ છે તમારી પાસે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તો તો પછી ટેકન એઝ રેડ કરવું પડે અને મહેસૂલમાં તો ટીકા થઇ નથી એટલે બધાનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : હા, એ તો સ્વયંસ્પષ્ટ છે બધું.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા : મારે જે કહેવું છે એ કહી દઉં.

અધ્યક્ષશ્રી : કંઇ જાહેરાત હોય તો કરી દો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ટેકનિકલ શિક્ષણમાં રાજ્યમાં નવી ઇજનેરી કૅાલેજો અને પોલીટેકનિકની સ્થાપના સ્થાનિક ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને અમદાવાદ જિલ્લામાં અમે ધોળકા ખાતે અને પંચમહાલ જિલ્લામાં હાલોલ ખાતે કરવાના છીએ. ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે પણ અમે કટિબદ્ધ છીએ. ટેકનિકલ શિક્ષણ, ઓનલાઇન એડમિશન પ્રક્રિયા (૧૦ મિનિટ છે) આવતા દિવસોની અંદર ૩.૫ થી ૪ લાખ વિદ્યાર્થીઓને અમે ટેબ્લેટ આપવાના છીએ. આજકાલ ટેકનોલોજીનો જમાનો છે. અને દરેક વિદ્યાર્થીઓના હાથમાં આ ટેબ્લેટ હોય તો વિજ્ઞાન અને ટેકનોલોજીની દુનિયામાં ગુજરાતનો વિદ્યાર્થી કયાંય પાછળ રહી ન જાય એ માટેના અમારા પ્રયત્નો છે. ૩ લાખ ૬૦ હજાર વિદ્યાર્થીઓને અમે ટેબ્લેટ આપવાના છીએ. અને એ માટે પૂરી વ્યવસ્થા કરી છે. અને વિદ્યાર્થીના ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ બધુ કરીએ છીએ. કારણ કે હરિફાઇ કરવાની છે એ કોઇ તાલુકા, જિલ્લા, સ્ટેટની કરવાની નથી. હરિફાઇ એ વિશ્વ કક્ષાએ કરવાની હોય તો આપણા વિદ્યાર્થીને એ પ્રકારે તૈયાર કરવો જોઇએ. એને ધ્યાનમાં રાખીને આ બધી વ્યવસ્થા કરી છે. હું મારા બીજા વિભાગ ઉપર આવી જઉં. મધ્યાહન ભોજન યોજના પણ બાળકોને ધ્યાનમાં રાખીને ખૂબ સારી વ્યવસ્થા કરી છે. ભૂતકાળમાં મળતું હતું, એના કરતા પણ વિશેષ પ્રકારની યોજના અમે અમલમાં મૂકી છે. નવી સરકારી બી.એડ. કૅાલેજોને મંજૂરી આપી છે. બાયસેગના માધ્યમ દ્વારા વંદે માતરમ ગુજરાત ચૅનલ પરથી જી.સી.ઇ.આર.ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા કાર્યક્રમો નિયમિત રીતે પસાર થાય તે માટેના પ્રયાસ કર્યા છે. મને વાત કહેતા આનંદ છે કે બાયસેગમાં જે રીતે વ્યવસ્થા થઇ છે. ભૂતકાળમાં કયારેય નહોતી. પહેલાં ૨ કે ૩ ચૅનલો હતી. હવે શિક્ષણ અને શિક્ષણની ઈત્તર પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને આ બધી વ્યવસ્થા ઊભી કરી છે. માનનીય વડાપ્રધાનશ્રીની એક ઇચ્છા હતી એ અમે ગઇકાલે પૂરી કરી છે. ગુજરાત સરકારની સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની કચ્છ બ્રાન્ચ કેનાલ માટે વન અને પર્યાવરણ વિભાગે ૧૩૪ પોઇન્ટ સમથીંગ હેક્ટર જમીન ફાળવવાની મંજૂરી આપેલી. તેની સામે અબડાસા તાલુકામાં ઘોરડ પક્ષી સંરક્ષણ માટે ચોક્કસ પગલાં લેવાં જણાવેલ હતું. રાજ્ય સરકારે આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે ૨૧ માર્ચના રોજ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ પક્ષીના સંરક્ષણ માટે અબડાસા તાલુકાના ગામોની સંખ્યા ૩૭૫૨.૩૦ હેક્ટર જમીન વન અને પર્યાવરણ વિભાગને ઘોરડ પક્ષીના સંરક્ષણ માટે આપી દીધી છે. એટલે એક ખૂબ મહત્વનું કામ કરેલ છે. આપણને બધાને ખબર છે કે મહેસૂલ વિભાગમાં કેવા પ્રકારની પદ્ધતિ હતી. આજે અનેક સુધારાઓ પછી તેમાં હું માનનીય આનંદીબેનને અભિનંદન આપું છું કે જયારથી માનનીય આનંદીબેન મહેસૂલ મંત્રી બન્યા ત્યારથી તેમણે ખૂબ સુધારાઓ કર્યા હતા. આજે મારા ભાગે આવ્યું છે ત્યારથી અમે અનેક સુધારાઓ કર્યા છે. ભાવિ યોજનાઓમાં વાડાની જમીનો અમે નિયમબદ્ધ કરવાના છીએ. બધા ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રીઓ માટે ખાસ ખુશ ખબર છે. ૧૯૬૮માં જેમનો કબજો હશે તેવા ૧ લાખ ૬૦ હજાર વાડા હતા.

અધ્યક્ષશ્રી : ગોવાભાઇને તેનો લાભ મળશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હાજી, ગોવાભાઇને મળશે અને બાકીના બધાને મળશે. તેમાંથી ૧૯ હજારને રેગ્યુલરાઇઝ કરેલા. બાકીના ૧ લાખ ૭૧ હજાર વાડાની જમીનો નિયમબદ્ધ કરવા માટે અમે ઐતિહાસિક નિર્ણય લીધો છે. તેમાં શરત એટલી છે કે તેનો કબજો ૧૯૬૮માં હોવો જોઇએ. બહુ મોટો નિર્ણય છે. બીજી મારે એક જાહેરાત કરવી છે. હમણાં બનેલા બનાવના અનુસંધાનમાં મારે જાહેરાત કરવી છે. મોજે સાંતલપુર તાલુકાના પલ ગામ જિલ્લા પાટણના અનુસૂચિત જાતિના ૧૪ કુટુંબોને ગામોના લોકોએ બહિષ્કાર કરણાં તેઓએ પાટણ ખાતે સ્થળાંતર કરેલું. આ બાબતે તા.૩–૩–૨૦૧૭ના રોજ વિધાનસભામાં રજૂ થયેલ તાકીદની જાહેર અગત્યની બાબતની ચર્ચા દરમ્યાન સરકાર દ્વારા ખાતરી આપવામાં આવેલી, તે મુજબ અનુસૂચિત જાતિના ૧૪ અસરગ્રસ્ત કુટુંબોના પુનઃવસવાટ માટે રાજય સરકારે તા.૨૧–૩–૨૦૧૭ના રોજ એટલે કે ગઇકાલે ઠરાવથી મોજે બકરાદપુરા તાલુકો પાટણ ખાતે ૨૫ ચો.મી.ના પ્લોટ રહેણાંક માટે વિનામૂલ્યે આપ્યા છે. ખૂબ મોટી વાત છે. ગઇકાલે વન દિવસ હતો તેના નિમિત્તે અગાઉ મેં જાહેરાત કરી છે. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખીને કોસ્ટગાર્ડ, નેવી, એરફોર્સ, નેશનલ સિક્યોરીટી ગાર્ડને અમે જમીન ફાળવી છે. ગામદીઠ મહેસૂલી તલાટીની સેવા પૂરી પાડવામાં આવે છે તેવી જ રીતે તાલુકાદીઠ ખેડૂત ખાતેદારોના ભોગવટાની માપણી અને રેકર્ડ સુદ્રઢ કરવા માટે કાયમી મહેકમ આપી દેવાની જાહેરાત અમે કરીએ છીએ. પ્રોપર્ટી કાર્ડ, સ્માર્ટ કાર્ડ, જેનાથી ખેડૂતોના પોતાના હિસ્સાની જમીનની ચોકકસ માપણી થઇ શકે તેમજ હદ વિસ્તારના ઝઘડા નિવારી શકાય છે તે માટેના અદ્યતન રેકર્ડ ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થા કરી છે. રાજયમાં સ્થાવર મિલકતોના માલિકી હકકોની યોગ્ય જાળવણી થાય તે માટે મહેસૂલી કામગીરીનું રેકર્ડ પારદર્શક અને સલામત બને તે માટે વહીવટમાં મહત્તમ ટેકનોલોજીનો ઉપયોગ અમે શરૂ કર્યો છે. રાજયની ૩૩ જિલ્લાની ૨૮૭ સબ–રજીસ્ટાર કચેરીઓ ખાતે દસ્તાવેજ નોંધણીની કામગીરી ગરવી એપ્લીકેશનમાં આપી છે. અર્બન રેવન્યુ સિવિક સેન્ટરની વ્યવસ્થા કરી છે. મારી સભાગૃહના આપ સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે મારી આ માગણીઓને સર્વાનુમતે મંજૂર કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ઘણી સંસ્કારની વાતો કરી તેમાં હું નહીં પડું. કારણ કે આખું રાજય કોના શું સંસ્કાર કેવા છે તે જાણે છે. મારે માત્ર બે પ્રશ્નો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા છે. એક આપ એમ કહો છો કે આર.ટી.ઇ.ના એકટની કેટલીક ક્ષતિઓ છે. ૨૦૧૪ થી શરૂ કરી આપણે ૨૦૧૭માં છીએ. હવે આપને સમજાયું કે કેટલીક ક્ષતિઓ છે તો આ કાયદો જયાં ક્ષતિ લાગતી હોય તે તાત્કાલિક સુધરે તેના માટે આપ કયારે અને શું કરવા માગો છો? બીજું આર.ટી.ઇ.ના કાયદામાં સરસ જોગવાઇ છે કે પ્રાઇવેટ સ્કૂલમાં એડમિશનમાં આપવાના હોય તેમાં ડ્રો પદ્ધતિથી જ અપાય. એક સ્કૂલને ૫૦ વિદ્યાર્થીને એડમિશન આપવાના છે તો તેમણે એપ્લીકેશન મંગાવવાની હોય અને તેનો જાહેરમાં ડ્રો કરવો પડે. આપની સરકારે એવો પરિપત્ર કર્યો છે કે, કાં તો ડ્રો અથવા તો વહેલા તે પહેલા. આર.ટી.ઇ.નો કાયદો ના પાડે છે કે વહેલો તે પહેલો ન હોઇ શકે. તેના કારણે શું થાય છે કે સ્કૂલમાં મારી અરજી પહેલી ન હોય પરંતુ હું ડોનેશનના પૈસા આપું એટલે મારી અરજી પહેલી થઇ જાય. તારીખ બદલાઇ જાય. તેના બદલે માત્ર ડ્રોથી જ એડમિશનો મળે તો બધું જ દૂષણ અટકી જશે. આ માટે શું કરવા માગીએ છીએ? અને જે વિસ્તારમાં પાણી અને ઘાસની મોટી તકલીફ છે કચ્છના અબડાસા, લખપત ત્યાં બીજું કાંઇ નહીં તો પાણી અને ઘાસ પૂરું પાડવા માટે સરકાર શું કરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ઘાસચારા માટે ગયા વખતે પણ જરૂરિયાત કરતા વધારે જથ્થો આપણે આપેલો અને આ વખતે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઇને પૂર્તિ કરીશું. આર.ટી.ઇ.એકટની વાત કરી છે, રાજય સરકાર દ્વારા આનો પૂરો અભ્યાસ કરીને કોઇને પણ અન્યાય ન થાય અને કયારેય પણ અન્યાય ન થાય એ પ્રકારે વહેલો તે પહેલો પણ મેરિટ આધારીત વહેલો તે પહેલો. ગરીબ હોય એ જ પહેલો કોઇ પૈસાવાળો વચ્ચે આવી જતો હોય તો એ વચ્ચે ન આવે એ રીતે. (અંતરાય) કાયદો હશે તો એ હું તપાસ કરીશ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, વાડાઓને નિયમબદ્ધ કરવા માટે ગામતળ અને સીમતળનો પરિપત્ર સરકારના મહેસૂલ વિભાગે કર્યો છે અને આ પરિપત્ર કર્યા પછી મામલતદાર કચેરીએ કાર્યવાહી શરૂ કરી અને બીજા મહિનામાં ૮.૨.૨૦૧૭ના રોજ મહેસૂલ વિભાગે એક બીજો પરિપત્ર કર્યો કે હાલ પૂરતી આ વહીવટી પ્રક્રિયા સ્થગિત કરવી. તો હું એ જાણવા માગુ છું કે એના કારણો શું? કારણ કે કાર્યવાહી તો શરૂ કરી દેવામાં આવી હતી પણ પછી આપના વિભાગ દ્વારા ના પાડવામાં આવી એટલે સ્થાગિત કરવામાં આવી એના કારણો શું છે? અને બીજું આપે શિક્ષણ વિભાગની વાત કરી એમાં ખેડા જિલ્લાનો પ્રશ્ન છે શિક્ષકોની ભરતી અંગેનો, આપે એ વાત સ્વીકારી છે કે મંજૂરી આપ્યા કરતા વધારે જગ્યા ભરવામાં આવી છે, ખાતાકીય તપાસ ચાલે છે તો એને ૮ વરસ જેવો સમય થઇ ગયો છે તો કયાં સુધી ખાતાકીય તપાસ ચલાવવાના છો અને, એની સામે તાત્કાલીક અસરથી આપ શું કડક કાર્યવાહી કરવા માગો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ કોર્ટ કેસ છે એટલે એમાં હું નહીં પડું. પુંજાભાઇ, આપે જે બીજી વાત કરી એ બાબતે આજે મેં જાહેરાત કરી દીધી છે.

અધ્યક્ષશ્રી : એ બાબત કોર્ટમાં ચાલે છે.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના મારફત પૂછવા માગુ છું કે, ડિજિટલ ઇન્ડિયાની આપણે વાત કરી, ગુજરાતમાં ટેકનોલોજીની વાત કરી તો હું કહેવા માગુ છું કે, જે સરકારી શાળાની અંદર કોમ્પ્યુટર આપવામાં આવ્યા, એચ.સી.એલ. કંપની દ્વારા જેની નિભાવણી કરવામાં આવેલી પણ અત્યારે અચ.સી.એલ. કંપનીનો કોન્ટ્રેકટ પૂરો થઇ ગયો છે તો કોમ્પ્યુટરની નિભાવણી માટે હવે આપણે કઇ એજન્સી નીમવા માગીએ છીએ? બીજો

પ્રશ્ન છે કે, આપે કોમ્પ્યુટર તો આપ્યા પણ કોમ્પ્યુટર શીખવાડવા માટે શિક્ષક નથી આપ્યા તો ગાંધીનગર જિલ્લામાં જે જગ્યાએ આપે કોમ્પ્યુટર આપ્યા છે ત્યાં વહેલામાં વહેલી તકે આપ શિક્ષક મૂકવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન છે કે, આર.ટી.ઇ. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ૨૫ ટકા જેટલા વિદ્યાર્થીઓને પ્રાઇવેટ સ્કૂલોની અંદર પ્રવેશ આપતા હોઇએ છીએ તો મારા ધ્યાને એવું આવ્યું છે કે, જ્યારે આ ફોર્મ ફરવાનું હોય છે એની અંદર ઓછી આવકનો દાખલો બીડવાનો હોય છે અને ઓનલાઇન ફોર્મ ભરવાના હોય છે ત્યારે ઘણી વાર એવું બનતું હોય છે કે, ત્યાં સર્વર ધીમું હોવાના કારણે વિદ્યાર્થીઓને આનો લાભ નથી મળતો તો આના માટે આપ શું પગલાં ભરવા માગો છો?

અધ્યક્ષશ્રી : શિક્ષકોની જે ભરતી થાય છે એમાં કોમ્પ્યુટર જાણકાર શિક્ષકોને જ લેવામાં આવે છે એટલે અલગથી કોમ્પ્યુટર શિક્ષકની ભરતી ક્યારેય થવાની નથી. માનનીય મંત્રીશ્રી, આપનું શું કહેવું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે કહ્યું એ બરાબર છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જ્યારે અતિશય વરસાદ પડે છે ત્યારે કડીથી આવતું પાણી વિરમગામ શહેર અને તાલુકાના ગામોમાં ભરાય જાય છે ત્યારે ઘણા બધા ઘર ડૂબી જાય છે અને ઇમરજન્સી ઉભી થાય છે તો આપ કાયમી આનો ઉકેલ લાવવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિગતો મળશે તો અભ્યાસ કરીને ચોક્કસ યોગ્ય ઉપાય કરીશું.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, વાડાની તો પૂંજાભાઇએ વાત કરી, ખૂબ અરજીઓ અને ફોર્મ બધા આપ્યા અને બંધ રહ્યું એવું બે ત્રણ વખત થયું.

અધ્યક્ષશ્રી : આજે જાહેરાત કરી છે એટલે થોડીક તો આશા રાખો ને.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પુછવું છે કે, ૧૯૬૮ પહેલાંથી જેમની પાસે કબજો છે, એ માલધારી હોય કે ખેડૂત હોય, એ રેકર્ડમાં કોઇ કારણસર નથી, તો એવા માણસોને આપવા માગો છો કે કેમ? કારણ કે ઘણા ગામોમાં રેકર્ડ જ નથી ૧૯૬૮ની સાલનું. એ રેકર્ડ કે વાડા રજિસ્ટર જ નથી, તો હવે એનું રેકર્ડ ક્યાંથી લાવવું અને એવી ઘણા ગામોની સમસ્યા છે અને માલધારીઓ તો દર વરસે ફરતારામ હોય, વરસાદ આવે એટલે ત્યાં આવે એના વાડામાં, એનો કબજો, એનું પંચનામું એની ખાતરી કરીને આપવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે અત્યારે જે રિ–સરવે થાય છે એમાં લગભગ ૮૦ ટકા ખેડૂતોની જમીનમાં ક્ષતિ રહી જાય છે, એ વારંવાર અરજીઓ આપે છે, મેં પોતે પણ ત્રણ ચાર વાર જઇને અખતરા કર્યા છે પણ પાછા અધિકારી જાય એટલે હતું એમને એમ થાય છે. કોઇની એકર જમીન ઘટી ગઇ કે બે એકર વધી ગઇ એટલે આવી ઘણી બધી ક્ષતિઓ રહી છે તો એમાં નક્કર કોઇ કામ કરવા માગો છો કે કેમ અને આ ખેડૂતને રખડવું ના પડે અને એની જમીનની જે પરિસ્થિતિ હતી એ રેકર્ડ ઉપર રહે તે માટે આપ શું કરવા માગો છો?

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ, ૧૯૬૮નું તો કરવું જ જોઇએ પણ નવું દબાણ હમણાં ન થાય તે જરા જોજો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, આ કરો તો નહિ થાય પણ નહિ કરો તો થશે. આ કરી નાંખો પછી દબાણ નહિ થાય એવી ખાતરી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં પ્રશ્નનો જવાબમાં મને વિગતો આપશે તો હું તપાસી લઇશ અને વ્યવસ્થા ચોક્કસ કરાવીશ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રિ–સરવેની વાત આવી એટલે હું કહુ છું કે, રિ–સરવે અત્યારે હાલ આખા ગુજરાતમાં થઇ રહ્યું છે અને પ્રમોલગેશન પણ અમુક ગામોમાં થઇ ગયું છે. ખરેખર જુનું રેકર્ડ અને નવું લખાયેલું રિ–સરવેનું રેકર્ડ આ બન્ને રેકર્ડમાં એક પણ ભૂલ ના હોય અને ૧૦૦ ટકા સાચું હોય, ક્ષેત્રફળ, નામ, એનો આકાર એ બધું ૧૦૦ ટકા સાચું હોય ત્યારે જ રેકર્ડ પ્રમોલગેશન કરવામાં આવે છે. પાછળથી કહેવામાં આવે કે આટલી ભૂલો ૨૫ ટકા, ૫૦ ટકા કે ૮૦ ટકા, તો આ રેકર્ડનું પ્રમોલગેશન કર્યું છે તે ખોટું કર્યું છે એ ફરીથી રેકર્ડ રિ–રાઇટ કરીને અને કમ્પ્લીટલી થાય એ રીતે માનનીય મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અગાઉના કોઇ એક પ્રશ્નની ચર્ચામાં મેં કહ્યું હતું કે આટલી મોટી કામગીરી જે સો–દોઢસો વરસમાં કોઇએ નથી કરી અને અત્યારે અમે પહેલીવાર કરી છે તો એમાં આજદિન સુધી કુલ મળીને એક ટકાની ભૂલ આવી છે. મેં એ પણ જાહેરાત કરી હતી કે કોઇપણ ખેડૂતને આમાં અસંતોષ નહિ રહે, રૂબરૂ અમારા અધિકારીઓ આવશે અને કોઇએ ભૂલ કરી હશે તો એને અમે યોગ્ય શિક્ષા પણ કરીશું. પણ જ્યાંસુધી ખેડૂતને સંતોષ ન થાય કે મારી આટલી જમીન છે એમાં કોઇ વધઘટ ન થાય તે જોઇશું પણ ખેડૂતે પણ સાથે રહીને પછી એમાં સહકાર આપવો જોઇએ એટલે મારી ફરીવાર વિનંતી છે, એ દિવસે પણ મેં કહ્યું હતું અને આજે પણ કહુ છું કે ક્યાંય પણ કોઇપણ ખેડૂતને અસંતોષ નહિ રહે આ વિષયમાં.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી વિનંતી સાથે એ જાણવા માગું છું કે, ગ્રાન્ટ ઇન એઇડ વાળી જે કોલેજો છે એમાં ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની ભરતી ૧૯૯૮ પછી કરવામાં જ નથી આવી. એમાં ઘણી મુશ્કેલી પડે છે તો સરકારશ્રી આ અંગે કંઇ કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એમાં અમે ચોથા વર્ગના કર્મચારીને ત્યાં લોકલ લેવા માટેની વ્યવસ્થા કરી છે. ત્રીજા વર્ગના કર્મચારીની વ્યવસ્થા માટે અમે વિચારી રહ્યા છીએ.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી રામસિંહ પ્ર. પરમાર : અમારે ત્યાં જે ભરતી થઇ છે એ ભરતીમાં જે કર્મચારીઓ જવાબદાર છે એ કર્મચારી સામે સરકાર પગલાં ભરવા માગે છે કે કેમ? કોર્ટનો સ્ટે ફક્ત છૂટા કરે એના પર છે પણ જે ઇન્કવાયરી થઇ એમાં ચાર જણ છે અને બીજા એક જણ એમ કરીને જે પાંચ જણ છે એની સામે કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટે કહ્યું હોય તો અમે બંધાયેલા જ છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ :કોર્ટે નહિ, જે ઇન્કવાયરી થઇ છે એમાં આપના ત્રણ સિનિયર અધિકારીઓ છે એક સિનિયર કલાર્ક અને બીજા ત્રણ છે આપે માત્ર એક ડી.ઇ.ઓ. ને ચાર્જશીટ આપી છે, માનનીય રામસિંહજીની વાત એ છે કે, જે બીજા અધિકારીઓના ઇન્કવાયરી કમિટીમાં નામ છે, જેણે રેકર્ડ સાચવવું જોઇએ, નહિ સાચવીને ખોટા સર્ટીફિકેટો આપ્યા છે એમની સામે પગલાં ભરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિગતો પૂરી પાડવામાં આવશે તો હું કોઇ પણ પ્રકારના પક્ષપાત સિવાય ન્યાયથી નિર્ણય કરીશ.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧,૨,૩,૫,૬,૭,૮,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭,૧૮,૨૦,૨૧,૨૨, ૨૩,૨૪,૨૫, ૨૯,૩૧,૩૩, ૩૫,૩૭,૩૯,૪૦,૪૧,૪૨,૪૪ અને ૪૬,૪૭,૪૮,૪૯,૫૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક–૯,૧૦,૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૭–૩૧ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૧૭ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષીયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જમીન રી–સર્વે | ૫૦ |
| | ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭ | ૧૯૪ |
| | ભિલોડા તાલુકામાં શામળાજી મંદિર અને બુદ્ધ ભગવાનના સ્થળનો વિકાસ | ૨૪૪ |
| | રાજ્યમાં મામલતદાર સંવર્ગની કેટેગરી મુજબની જગ્યાઓ | ૧૪૦ |
| | રાજ્યમાં પુરવઠા મામલતદારની મંજૂર થયેલ જગ્યા | ૧૦૩ |
| અમિત ચાવડા | આણંદ અને વડોદરા જિલ્લામાં આંગણવાડીઓમાં મહેકમ | ૨૩૧ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં લેન્ડ કમિટીમાં મંજૂર થયેલ અરજીઓ | ૧૪૯ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં વાહનોમાં એચ.એસ.આર.પી. | ૨૯૧ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં સ્માર્ટ વિલેજ યોજના | ૧૧૩ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં બીન ખેતી મંજુરીની અરજીઓ | ૬૪ |
| અરૂણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો | ૬ |
| અરવિંદકુમાર પટેલ | ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક | ૨૧૨ |
| | અમદાવાદ જિલ્લામાં વાજબી ભાવની દુકાનોની તપાસ | ૫૭ |
| | મહિસાગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ગ્રાન્ટની ફાળવણી | ૧૧૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં ઉપાધ્યાય આવાસ યોજના | ૨૫૬ |
| અરવિંદભાઈ લાડાણી | જુનાગઢ જિલ્લામાં ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું વિતરણ | ૧૨૯ |
| | જુનાગઢ જિલ્લામાં પંચાયત ઘરો જર્જરીત | ૩૩ |
| | જૂનાગઢ જિલ્લામાં બાળકોમાં કૂપોષણ | ૨૫૮ |
| | જૂનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર. | ૮૬ |
| અરવિંદસિંહ રાઠોડ | પંચમહાલ જિલ્લામાં પંચાયતના નવીન મકાન માટે મંજૂરી | ૨૧ |
| | દાહોદ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને વિદ્યાસાધના યોજનામાં સાયકલ ભેટ | ૭૬ |
| | પંચમહાલ જિલ્લામાં ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ | ૧૨૧ |
| | પંચમહાલ જિલ્લામાં બાળકોમાં કૃપોષણ | ૨૬૪ |
| અશ્વિન કોટવાલ | પંચાયત એક્સટેન્શન ઓફ શીડ્યુલ એરીયા (PESA) એક્ટ અંતર્ગત વિભાગ દ્વારા નિયમો બનાવવા અંગે | ૮૬ |
| | તાપી જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં સ્ટાફની નિમણુંક | ૩૧ |
| | અન્ન નાગરિક પુરવઠા વિભાગમાં તથા તાબા હેઠળની કચેરીઓને પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના બાકી કેસો | ૧૨૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં બાળકોમાં કૂપોષણ | ૨૯૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં મુખ્ય સેવિકાઓનો નિયમિત પગાર ધોરણમાં સમાવેશ | ૨૪૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં યાત્રાધામ વિકાસ | ૩૨૪ |
| અશોકકુમાર પટેલ | ગાંધીનગર જિલ્લામાં આવેલ વ્યાજબી ભાવની દુકાનો | ૬૭ |
| | ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૪૧ |
| | ગાંધીનગર જિલ્લામાં વિજ્ઞાન મેળાનું આયોજન | ૧૩ |
| | ગાંધીનગર જિલ્લામાં વિધવાઓને સહાય | ૨૯૬ |
| | ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર થયેલ મહેકમ | ૧૧૬ |
| આત્મારામ મ.પરમાર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૭૮ |
| આનંદભાઇ ચૌધરી | સુરત અને તાપી જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ | ૭૧ |

| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
|---|---|---|
| | બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭ | ૧૯૦ |
| | સુરત અને તાપી જિલ્લામાં પોતાના મકાન વગરની ગ્રામ પંચાયતો | ૧૧૭ |
| ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરૂ | ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭ | ૨૨૦ |
| ઈશ્વરભાઈ પટેલ | વલસાડ જિલ્લામાં ધો– ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૧૩૭ |
| | "વલસાડ જિલ્લામાં ખેતીની જમીનની રી–સર્વે કામગીરી" | ૯૯ |
| | વલસાડ જિલ્લામાં માનવ ગરીમા યોજના | ૨૪૯ |
| ઈશ્વરભાઈ પરમાર | નવસારી જિલ્લામાં આંગણવાડીઓ | ૨૪૦ |
| | સુરત જિલ્લામાં આદિમજુથો માટે છ પાયાની સુવિધાઓ | ૭૩ |
| | સુરત જિલ્લામાં વિસ્તરણ અધિકારીની જગ્યાઓ | ૧૮ |
| | વલસાડ જિલ્લામાં વરસાદને કારણે થયેલ આર્થિક નુકશાન | ૪૬ |
| | સુરત જિલ્લામાં મરણોત્તર સહાય | ૨૯૬ |
| | સુરત જિલ્લામાં વિસ્તરણ અધિકારીની જગ્યાઓ | ૧૧૮ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા જિલ્લામાં આવેલ વ્યાજબી ભાવની દુકાનો | ૧૨૬ |
| | મહેસાણા જિલ્લામાં ગણવેશ સહાય | ૨૮૫ |
| | મહેસાણા જિલ્લામાં મુખ્ય સેવિકાની જગ્યાઓ | ૨૯ |
| | મહેસાણા જિલ્લામાં વિધવાઓને સહાય | ૩૧૯ |
| | વિસનગર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૮૩ |
| કેતનભાઈ ઇનામદાર | વડોદરા જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની ખરીદની કિંમત ભરાયેલ હોય તેવા કેસો | ૮૦ |
| | વડોદરા જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૨૪ |
| | વડોદરા જિલ્લામાં વાજબી ભાવની દુકાનોની તપાસ | ૧૨૪ |
| | વડોદરા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૨૬૨ |
| કનુભાઈ દેસાઈ | ડાંગ જિલ્લામાં બાળકોમાં કુપોષણ | ૨૮૦ |
| | પારડી તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૧૧૧ |
| | વલસાડ જિલ્લામાં અધિક મદદનીશ ઈજનેરની જગ્યાઓ | 61 |
| | વલસાડ જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો | 146 |
| કરમશીભાઈ વિ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૫૫ |
| | અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૭૯ |
| | અમદાવાદ અને ગાંધીનગર જીલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા જમીનની માંગણી બાબત | ૩૬ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૭ |
| | અમરેલી જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ | ૩૦૭ |
| | ભાવનગર જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો | ૧૩૧ |
| | ભાવનગર જિલ્લામાં માનવ ગરીમા યોજના | ૨૬૨ |
| | ભાવનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી માટેની અરજીઓ | ૯૧ |
| કેસરીસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં આંગણવાડીઓમાં ગેસ કનેકશન | ૩૦૩ |
| | ખેડા જિલ્લામાં ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ | ૧૪૫ |
| | ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્ત | ૧૦૯ |
| | ખેડા જિલ્લામાં પંચાયત ઘરો જર્જરીત | ૫૬ |

| પુસ્તક ૪૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | ખેડા જિલ્લામાં વિધવા સહાય | ૨૪૮ |
| કાંતિભાઈ ખરાડી | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા જમીન માંગણી દરખાસ્તો | ૪૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગૌચર વિનાના ગામો | ૯૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં વૃધ્ધોને પેન્શન | ૨૯૯ |
| | બનાસકાંઠા જિલ્લામાંથી આંગણવાડી વર્કરો અને હેલ્પરોની અરજીઓ | ૨૪૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં બાળકોને પ્રવેશ | ૧૩૪ |
| કાંતિલાલ અમૃતિયા | મોરબી જિલ્લામાં આવેલ વાજબી ભાવની દુકાનો | ૧૩૬ |
| | મોરબી જિલ્લામાં રાહતદરે તુવેરદાળનું વિતરણ | ૯૮ |
| | મોરબી જિલ્લામાં સંકટ મોચન યોજના | ૨૮૯ |
| | મોરબી જિલ્લામાં સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસૂલાત સામે ગ્રાન્ટ | ૪૫ |
| | સોમનાથ યાત્રાધામનો વિકાસ | ૨૨૫ |
| કાંતિલાલભાઈ ગામીત | તાપી જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૧૧૪ |
| | તાપી જિલ્લામાં રાહતદરે તુવેરદાળનું વિતરણ | ૬૭ |
| | તાપી જિલ્લામાં વિધવા સહાય | ૨૮૩ |
| | તાપી જિલ્લામાં ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૭ |
| કામિનીબા ભુ. રાઠોડ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૫૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૭૫ |
| | ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં સ્વચ્છતા મિશન અભિયાન હેઠળ શૌચાલયો | ૨૧ |
| | ગાંધીનગર જિલ્લામાં પકડાયેલ ઓવરલોડ વાહનો | ૨૮૯ |
| | ગાંધીનગર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ | ૨૨૩ |
| કિરીટસિંહ રાણા | સુરેન્દ્રનગર જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા | ૩૭ |
| કિશોરભાઈ શિ. કાનાણી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૫૫ |
| | તાપી જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો | ૭૮ |
| | સુરત જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ | 22 |
| કિશોરસિંહ ચૌહાણ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં નવીન એમ્પોરિયા શરૂ કરવા | ૬૭ |
| | અમદાવાદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો | ૧૦ |
| | અમદાવાદ શહેરમાં તુવેરદાળના જથ્થાનું વિતરણ | ૧૧૬ |
| | અરવલ્લી જિલ્લામાં ઉપાધ્યાય આવાસ યોજના | ૨૬૫ |
| | અરવલ્લી જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય | ૩૦૮ |
| ગણપતસિંહ વે.વસાવા | ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭ | ૧૯૪ |
| | ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશન(સુધારા) વિધેયક, ૨૦૧૭ | ૧૯૮ |
| | બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭ | ૧૮૪ |
| | બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭ | ૧૯૨ |
| ગેંદાલભાઈ ડામોર | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગ્રામપંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટરો | ૩૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આંગણવાડી વર્કર અને હેલ્પરોની પડતર અરજીઓ | ૩૧૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલીમાર્થીઓને ટેબલેટ | ૨૮૩ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર ખાદ્યમાલ પર દરોડા | ૬૮ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં વર્ગખંડની જરૂરિયાત | ૧૫ |
| | અમદાવાદ શહેર/જિલ્લામાં કેમિકલ જોનમાં ઈન્સપેકશન | ૩૨૮ |
| | બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓ માટે કેન્દ્રિય સહાય | ૩૦૮ |
| | વિવિધ વર્ગોના કલ્યાણ માટે કેન્દ્રિય ગ્રાન્ટ | ૨૬૪ |
| | ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭ | ૨૧૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૭૦ |
| ગોવાભાઈ રબારી | બનાસકાંઠા જિલ્લામાં કુમાર છાત્રાલયો | ૧૩૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ | ૯૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં યાત્રાધામ વિકાસ | ૩૨૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં વૃધ્ધોને પેન્શન | ૨૮૬ |
| | બનાસકાંઠામાં તાલુકાવાર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મહેકમ | ૩૫ |
| ગોવિંદભાઈ પટેલ | રાજકોટ જિલ્લામાં ઘાસ ગોડાઉનમાં સંગ્રહ | ૭૧ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સંકટ મોચન યોજના | ૩૦૩ |
| | રાજકોટ જિલ્લામાં વિસ્તરણ અધિકારી (સહકાર)ની જગ્યાઓ | ૧૧૭ |
| | રાજકોટ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના | ૨૪૯ |
| ગોવિંદભાઈ પરમાર | ગીર સોમનાથ જિલ્લામાં માં અન્નપૂર્ણા યોજના હેઠળ અનાજના જથ્થાનું વિતરણ | ૫૨ |
| | ગીર સોમનાથ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ | ૧૪૨ |
| | ગીર સોમનાથ જિલ્લામાં વૃધ્ધોને પેન્શન | ૨૬૧ |
| | ગીરસોમનાથ જિલ્લામાં સબલા યોજના | ૩૦૭ |
| ગૌતમભાઈ ચૌહાણ | મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં પેટ્રોલપંપો તેમજ ગેસ એજન્સીઓની તપાસ | ૬૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૫૮ |
| | ખેડા જિલ્લામાં વૃધ્ધોને પેન્શન | ૨૫૦ |
| | ડૉ. આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ખેડા જિલ્લામાં ફાળવેલ રકમ | ૩૨૫ |
| | મહેમદાવાદ અને ખેડા તાલુકામાં કુપોષિત બાળકો | ૩૦૪ |
| | મહેમદાવાદ તથા ખેડા તાલુકાના બારકોડેડ રેશનકાર્ડમાં સુધારા | ૧૧૪ |
| | મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં ખેડૂતોના ૭/૧૨ના કોમ્પ્યુટરાઈઝ રેકોર્ડમાં ભૂલો | ૪ |
| ચંદ્રિકાબેન બારીયા | ગરબાડા તાલુકામાં વોટરશેડ યોજના | ૩૩ |
| | દાહોદ જિલ્લાની ચેકપોસ્ટ પર ઓવરલોડ વાહનો | ૩૦૭ |
| | દેવગઢ બારિયા તાલુકના ભૂતપગલા ગામે બે સગી બહેનો ઉપર થયેલ બળાત્કાર બાબત | ૧૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૬૬ |
| | દાહોદ જિલ્લામાં રોજગાર ભરતી મેળા | ૨૬૨ |
| ચીમનભાઈ ધ. સાપરીયા | ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭ | ૧૯૯ |
| છત્રસિંહજી મોરી | ભરૂચ જિલ્લામાં ૧૪ માં નાણાપંચ અંતર્ગત ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાંટ | ૫૭ |
| | ભરૂચ જિલ્લામાં તુવેરદાળના જથ્થાનું વિતરણ | ૧૪૫ |
| | ભરૂચ જિલ્લામાં બાળકોમાં કૂપોષણ | ૨૪૮ |
| | ભરૂચ જિલ્લામાં માં અન્નપૂર્ણા યોજના હેઠળ અનાજનું વિતરણ | ૧૦૯ |
| છનાભાઈ ચૌધરી | નવસારી જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ લાભાર્થીઓને સનદ | ૨૩ |
| | આદિજાતિઓના વિકાસ માટે સબ પ્લાનમાં ફાળવેલ રકમ | ૭૯ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | નવસારી જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૪૨ |
| જગદીશભાઇ પંચાલ | અમદાવાદ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉન | ૫૧ |
| | અરવલ્લી જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ | ૩૦૪ |
| | ગાંધીનગર જિલ્લામાં ઉપાધ્યાય આવાસ યોજના | ૨૫૨ |
| | ૧૪માં નાણાપંચ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ | ૧૦૪ |
